13716



સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું જાણે મુમુક્ષુને સહજ થાય છે.
મુમુક્ષુ ક્યાંયે રહેવું જ નથી. એટલે
મનુષ્યના ચારિત્રનો પાયો ઉપરના
યમ પાળવા ઉપર રહ્યો છે એ યમ
સંસારી બધા જન ને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
જૂઠ ન બોલીને ચાલે, પરણેલો હોય
છતાં બ્રહ્મચર્ય પાળે, ખાતો છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહીને કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહેતો બાંધછોડ કરીએ તો
આખરે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાવ્રતોને ગ્રહણ કરી શકાય.
ઉપરનાં વ્રતો જેણે પાળ્યાં તેને બધી
ઉપાધિઓમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

REFERENCE BOOK

૩૭

# ગાંધીજીનો અક્ષરદેહ

આ પુસ્તક ૧૯૨૮ના જુલાઈથી ઑક્ટોબર ૧૯૨૮ સુધીનો ગાળો આવરી લે છે. એ દરમિયાન સાઈમન કમિશન વિરુદ્ધ એક સર્વપક્ષી મોરચો રચવાના રાજકીય આગેવાનોના પ્રયત્નો ગાંધીજી જોયા કરતા હતા અને રાષ્ટ્રનાં અરમાનો માટે જોઈતું બળ તૈયાર કરવામાં જ તેઓ મંડ્યા રહ્યા. સત્યાગ્રહે એમને આ બળ મેળવી આપ્યું. ગાંધીજીના બારડોલી ખાતેના વસવાટ દરમિયાન ઑગસ્ટની ૯મીએ, સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ચાલતા બારડોલી સત્યાગ્રહનો સમાધાનીમાં અંત આવ્યો. બારડોલી સત્યાગ્રહે "જીવંત" અથવા સાચા સ્વરાજના પાયા નાખ્યા તો ઑગસ્ટની આખરમાં લખનૌ ખાતે મળેલી સર્વપક્ષીય પરિષદ દ્વારા મંજૂર થયેલા નેહરુ રિપોર્ટથી બંધારણીય અથવા રીતસરના સ્વરાજનો માર્ગ મોકળો થયો. બે પ્રકારના સ્વરાજ વચ્ચેનો આ સંબંધ આ પુસ્તકમાં આવતી રાજકીય ઘટનાનું ધ્રુવપદ બની ગયો.

લડત સફળ થઈ ત્યારે ગાંધીજીએ મુંબઈ સરકારને, તથા લોકોને તેમ જ વલ્લભભાઈ પટેલને ધન્યવાદ આપ્યા. બારડોલીની લડતને સફળ બનાવવામાં મદદ કરનાર સ્વયંસેવકોને ગાંધીજીએ સલાહ આપી કે આપણી લડતના વિરોધીઓ તથા સરકારી અમલદારો સાથે મૈત્રી કેળવજો. બારડોલીની પ્રજા સમક્ષ તેમણે સત્યાગ્રહના એક આવશ્યક અંગ તરીકે રચનાત્મક કાર્ય ઉપર ભાર મૂક્યો.

વાછરડાના અહિંસક પ્રાણહરણમાંથી ઉદ્ભવેલા સંખ્યાબંધ લેખોમાં ગાંધીજીએ અહિંસાના નૈતિક અને વ્યવહારુ ફલિતાર્થોની છણાવટ કરી, અહિંસાની ભાવના અને તેના બાહ્ય વ્યવહારુ રૂપ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો.

આ જ પુસ્તકમાં યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલો "ઈશ્વર છે" એ લેખ પણ છે. ૧૯૩૧-માં ગાંધીજી લંડનમાં રહેતા હતા ત્યારે આ જ લેખમાંથી એમણે અમેરિકા પરનો પોતાનો સંદેશો ટેપ કરાવ્યો હતો.

Gandhi Heritage Portal

REFERENCE BOOK

તિથિપત્ર 13716

તા ૧૧.૧૨

ગાંધી સ્મારક સંગ્રહાલય

ક્રા. સં. ૪૦/૧૫૬

પ્રા. સં. 13716 વાંચવા માટે મુક્ત કર્યા તારીખ 2 MAR 1978

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦-૦૫ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

૩૭

[જુલાઈ ૧૯૨૮થી ઑક્ટોબર ૧૯૨૮]


REFERENCE BOOK

13766

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal



Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૩૭

[જુલાઈ ૧૯૨૮થી ઑક્ટોબર ૧૯૨૮]

REFERENCE BOOK

નવજીવન

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

—૩૮.156
GAN
13716

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૫

પહેલી આવૃત્તિ, જૂન ૧૯૭૫ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય
અમદાવાદ-૧૪
14 JAN 1983

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

૧૯૨૯ના આરંભથી સક્રિય રાજકારણમાંથી સ્વેચ્છાએ લીધેલી નિવૃત્તિમાંથી ગાંધીજીને ધીમે ધીમે બહાર નીકળતા આપણે આ પુસ્તકમાં જોઈએ છીએ. પુસ્તક ૧૯૨૮ના જુલાઈથી ઑક્ટોબર સુધીના ચાર મહિના આવરી લે છે. આ ગાળા દરમિયાન ગાંધીજીની આગેવાની હેઠળ બ્રિટિશ સરકાર નવેસરથી લડત આપવાની ભૂમિકા તૈયાર કરતી મહત્ત્વની ઘટનાઓ રાજકીય ક્ષેત્રે બની રહી હતી. સમસ્ત રાષ્ટ્રના અભિપ્રાયને સંપૂર્ણપણે અવગણી નિમાયેલા સાઈમન કમિશનના પડકારને ઝીલવા એક સર્વપક્ષી મોરચો રચવાના રાજકીય આગેવાનોના પ્રયત્નો ગાંધીજી સદ્ભાવથી, પણ કંઈક આશ્ચર્યથી, જોયા કરતા હતા. પરંતુ એમને આવી એકતા કરતાં પણ વધારે તો રાષ્ટ્રનાં અરમાનો માટે આવશ્યક બળ ઊભું કરવાની ચિંતા હતી, અને તેથી આગલા એપ્રિલમાં શરૂ થયેલા બારડોલી સત્યાગ્રહમાં ગાંધીજી વધારે રસ લેતા હતા, તથા રાષ્ટ્રીય લડતમાં આશ્રમ પોતાનો ભાગ યોગ્ય રીતે ભજવી શકે તે માટે આશ્રમને તૈયાર કરતા હતા. આ કામે એમના પર ભારે બોજો લાદ્યો હતો, (જુઓ, "બી. જી. હૉર્નિમનને પત્ર") (પા. ૩૫૫). પણ તે લેખે હતો. બારડોલીના વિજય પછી મોતીલાલ નેહરુને લખેલા પત્રમાં તેઓ જણાવે છે: "આશ્રમમાં જ મારે હદ બહારનું કામ રહે છે. આશ્રમ હતો તો જ બારડોલીની લડત શકય બની એ વાત તમે પામી ગયા છો કે નહીં તેની મને ખબર નથી . . . મારી ધારણા મુજબ હું આશ્રમને ઘડી શકું તો મોટા પાયા પર લડત ઉપાડવા હું તૈયાર થાઉં" (પા. ૧૮૭).

બંધારણવાદીઓની માગણીઓને બળ આપનાર જો સત્યાગ્રહ હતો તો સત્યાગ્રહના દૈવી બળનાં મૂળ આશ્રમના રચનાત્મક કાર્યમાં તેમ જ તપોમય જીવનમાં પડેલાં હતાં. આ જ બળને કારણે કેવળ બારડોલી સત્યાગ્રહ નહીં, પણ બે વર્ષ બાદ, દાંડીકૂચ અને મીઠાના અગરો પરની ધાડો શકય બન્યાં.

ગાંધીજીના બારડોલી ખાતેના ટૂંકા વસવાટ દરમિયાન જ, ઑગસ્ટની ૬ઠ્ઠીએ, સરદાર વલ્લભભાઈ પટેલના કુશળ તથા નીડર નેતૃત્વ હેઠળ ચાલતા બારડોલી સત્યાગ્રહનો સમાધાનીમાં અંત આવ્યો. આ લડત દ્વારા "જીવંત" અથવા સાચા સ્વરાજના પાયા નંખાયા, ત્યારે ઑગસ્ટની આખરમાં લખનૌ ખાતે મળેલી સર્વપક્ષીય પરિષદ દ્વારા મંજૂર થયેલા નેહરુ રિપોર્ટથી બંધારણીય અથવા રીતસરના સ્વરાજનો માર્ગ મોકળો થયો. બે પ્રકારના સ્વરાજ વચ્ચેનો આ સંબંધ આ પુસ્તકમાં આવતી રાજકીય ઘટનાનું ધ્રુવપદ બની ગયો છે. ઇન્ડિયન નેશનલ હેરલ્ડને ૨૮મી ઑગસ્ટે આપેલા સંદેશામાં ગાંધીજી લખે છે: "લખનૌમાં થતા પ્રયાસોથી બંધારણીય સ્વરાજ્ય મળી શકે, પણ સાચું સ્વરાજ્ય અર્થાત્ રામરાજ્ય તો બારડોલીના માર્ગે જવાથી જ મળી શકે" (પા. ૨૦૩). આ જ વાત નવજીવનના એક લેખમાં તેમણે ફરીથી જણાવી છે ('લખનૌ', પા. ૨૩૭-૮).

પ્રજામાં સંકલ્પબળ કેટલું છે તે કસી જોવાનો તથા બતાવવાનો મોકો બારડોલી સત્યાગ્રહે આપ્યો. આ સત્યાગ્રહના નેતા વલ્લભભાઈ પટેલ હતા, પરંતુ ગાંધીજી પોતે જ દૂર રહ્યા રહ્યા એમને દોરતા હતા. આ કારણે ગાંધીજીએ ભજવેલા ભાગ વિશે ગેરસમજ ઊભી થઈ હતી. એ

Gandhi Heritage Portal

ગેરસમજ દૂર કરવાનું એમને જરૂરી લાગ્યું (પા. ૭૮). બારડોલીની લડત વિસ્તારી તેને સમગ્ર રાષ્ટ્રનો રાજકીય પ્રશ્ન બનાવવા ગાંધીજી પર દબાણ થતું હતું, પરંતુ તેમણે મચક ન આપી. એમ ન કરવા પાછળનો તેમનો હેતુ નૈતિક અને વહેવારુ હતો. સત્યાગ્રહના સિદ્ધાંતમાં જ એ અપેક્ષિત છે કે સત્યાગ્રહીની પોતાની સત્યની પ્રતિજ્ઞા પ્રમાણે, કોઈ લડત દરમિયાન એનાથી પોતાની માગણીઓ વધારી શકાય નહીં, સિવાય કે સંજોગો એને એમ કરવા મજબૂર કરે. વળી પ્રસ્તુત બાબતમાં તો ગાંધીજીનો અનુભવ એવો જણાય છે કે દેશ આખરી જંગ માટે હજી તૈયાર થયો ન હતો. એમણે કહ્યું હતું: "મર્યાદિત સ્વરૂપના સહાનુભૂતિના સત્યાગ્રહ માટે પણ સમય આવ્યો નથી. બારડોલીએ હજી પોતાનું પાણી બતાવવાનું છે." પોતાની વાત અવ્યવહારુ છે એમ કહી ટીકાકારો એની સામે વાંધો લેશે એવી ગણતરી રાખી ગાંધીજીએ તે જ લેખમાં લખ્યું: "હકીકત એ છે કે ઈશ્વરની જાગ્રત સાક્ષી અને પ્રેરણા સિવાય સત્યાગ્રહ થઈ નથી શકતો. સત્યાગ્રહનો નેતા પોતાના બળ ઉપર ન ઝૂઝતાં ઈશ્વરના બળ ઉપર જ ઝૂઝે છે. તે અંતરાત્માના અવાજ પ્રમાણે વર્તે છે. એટલે ઘણી વાર જેને જગત વ્યવહાર કહે તે તેને માયાવત્ લાગે, જોકે અંતે તો તેનું વર્તન શુદ્ધમાં શુદ્ધ વ્યવહાર થઈ પડે છે" (પા. ૧૦૫).

પણ ગાંધીજીએ બારડોલીની લડતને વધારે વિશાળ રાજકીય પ્રશ્ન બનાવવાની ના પાડી. છતાં જેમાં પ્રજાનું સ્વમાન અને આબરૂ જાળવવાનાં હતાં એવી કોઈ પણ મુદ્દાની બાબતમાં એમણે નમતું ન જ આપ્યું; અને તેથી જ ૨૩મી જુલાઈએ મુંબઈની વિધાનસભામાં આપેલા ભાષણમાં ગવર્નરે આપેલી ધમકીની ઉપેક્ષા કરવાની એમણે પ્રજાને સલાહ આપી. (પા. ૯૧-૨ તથા ૧૨૩-૪). સરકાર અને પ્રજા વચ્ચે સમાધાન કરાવવા કેટલાક શુભેચ્છકો પ્રયત્ન કરી રહ્યા હતા, તેમને ગાંધીજીએ ચેતવ્યા કે, સત્યાગ્રહીઓની ખોટી દયા ખાઈ વચમાં ન પડશો. "સત્યાગ્રહી દયાને પાત્ર નથી, તે દયાનો ભૂખ્યો નથી, તે ન્યાયનો ભૂખ્યો છે" (પા. ૧૨૭).

લડત સફળ થઈ ત્યારે ગાંધીજીએ મુંબઈ સરકારને તથા લોકોને તેમ જ વલ્લભભાઈ પટેલને ધન્યવાદ આપ્યા. મહેસૂલ વસૂલ કરવા સરકારે જબરજસ્તી કરી હતી એવા આક્ષેપોની તપાસને બાદ કરતાં, સત્યાગ્રહીઓની બધી જ માગણીઓ મંજૂર રાખવામાં આવી હતી. વલ્લભભાઈએ મૂકેલી આ છૂટછાટ વિશે ગાંધીજીએ લખ્યું: "નુકસાન ભરપાઈ કરવા સિવાય જેનો બીજો ઈલાજ નથી એવા જૂના અન્યાયોના પોપડા ન ઉખેળવામાં જ શાણપણ છે" (પા. ૧૩૮). આ લડતને સફળ બનાવવામાં મદદ કરનાર સ્વયંસેવકોને ગાંધીજીએ એ જ ભાવનાથી પ્રેરાઈને સલાહ આપી કે આપણી લડતના વિરોધીઓ તથા સરકારી અમલદારો સાથે મૈત્રી કેળવજો (પા. ૧૫૪). બારડોલીની પ્રજા સમક્ષ તેમણે સત્યાગ્રહના એક આવશ્યક અંગ તરીકે રચનાત્મક કાર્ય પર ભાર મૂક્યો અને જનરલ સ્મટ્સ તથા જનરલ બોથાનાં દૃષ્ટાંત ટાંકી બતાવ્યાં: "આ બધા જગતના જાણીતા જનરલો હોવા છતાં રચનાત્મક કાર્યના ફાયદા સારી પેઠે સમજેલાનાં દૃષ્ટાંતો છે" (પા. ૧૫૭). લડતની ફલશ્રુતિ સમજાવતાં ગાંધીજીએ બતાવ્યું કે સરકાર અને લોકો બંનેએ આ પ્રસંગમાંથી પાઠ લેવાનો છે: "જ્યારે સત્ય પ્રજાના પક્ષે હોય છે, અને એના સમર્થનમાં પ્રજા અહિંસક સંગઠન સાધી શકે છે ત્યારે પ્રજા શક્તિમાન બને છે. એ વાત જો સરકાર સ્વીકારે તો એ સરકારે શીખવાનો પાઠ છે" (પા. ૧૭૦). લોકોએ શીખવાનો પાઠ એ છે કે, "સતત સામૂહિક આત્મશુદ્ધિની કહી શકાય એવી પ્રક્રિયામાંથી પોતે પસાર નહીં થાય તો અહિંસક સંગઠન ઊભું નહીં થઈ શકે" (પા. ૧૭૧).

Gandhi Heritage Portal

નવજીવનમાં સંખ્યાબંધ લેખો લખી ગાંધીજીએ અહિંસાના નૈતિક અને વહેવારુ ફલિતાર્થોની છણાવટ કરી, અહિંસાની ભાવના અને તેના બાહ્ય વ્યવહારુ રૂપ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો. મનુષ્યના પરમધર્મ તરીકે અહિંસાને ભારતીય પરંપરાએ સ્વીકારી હતી, પરંતુ ગાંધીજીની દૃષ્ટિમાં ધર્મ એટલે કોઈ ઉપજાવી કાઢેલી પદ્ધતિ કે પુસ્તકિયા નીતિની કોઈ જડ સંહિતા નથી. ધર્મ એટલે તો રોજેરોજ સત્યમય આચરણ માટેની શોધ, અહિંસાની સમસ્યા તરફ ગાંધીજીનું આવું પ્રયોગાત્મક વલણ હોવાથી અહિંસા વિશે લોકોમાં પ્રચલિત ખ્યાલોને ફગાવી દેતાં ગાંધીજી જરાયે ખચકાતા નહીં. ગૂજરાત વિદ્યાપીઠના એક વિદ્યાર્થીના પ્રશ્નના ઉત્તરમાં એમણે લખ્યું: "આપણામાં રહેલા ક્રોધાદિ સર્પોને આપણે દયાથી, પ્રેમથી જીત્યા નથી, છતાં આપણે સર્પાદિની હિંસાની વાતને છેડી ઉભયભ્રષ્ટ થઈએ છીએ. ક્રોધાદિને જીતતા નથી ને સર્પાદિને ન હણવાની શક્તિથી વંચિત રહી આત્મવંચના કરીએ છીએ" (પા. ૨૧૬).

સપ્ટેમ્બરમાં આશ્રમમાં એક વાછડાને દયાથી પ્રેરાઈ મારી નાખવામાં આવ્યો. આ બનાવથી અહિંસાની ચર્ચા પરાકાષ્ઠાએ પહોંચી. અમદાવાદમાં તો મોટું તોફાન જામ્યું, અને ગાંધીજીએ તેર વર્ષ અગાઉ એક હરિજન કુટુંબને આશ્રમમાં દાખલ કરેલું ત્યારે એમની નૈતિક હિંમતની જેટલી કસોટી થઈ હતી તેથી ક્યાંયે આકરી કસોટી આ વખતે થઈ. ભારે આઘાત પામેલા વાચકોના ગુસ્સાથી ભરપૂર પત્રોનો વરસાદ એમના પર વરસવા લાગ્યો. કેટલાક પત્રો તો એવા ઉગ્ર હતા કે સામાન્ય રીતે કટાક્ષ ન કરનાર ગાંધીજીએ પણ એવા પત્રલેખકો માટે લખ્યું કે, "કોઈ ગાળો કાઢીને પોતાની અહિંસા પ્રગટ કરી રહ્યા છે" (પા. ૩૧૭). આમ છતાં એક સત્યશોધક તરીકે એમણે પોતાના દૃષ્ટિબિંદુની ચર્ચા થાય એ વાત આવકારી (પા. ૩૧૮).

ગાંધીજી જાણતા હતા કે પોતાનું કામ લોકોને પસંદ નહીં પડે, પરંતુ તેઓ એ પણ સમજતા હતા કે "અહિંસા ધર્મનો પંથ એ પ્રેમપંથ છે. તે પંથે માણસને ઘણીવેળા એકાકી વિચરવું પડે છે" (પા. ૨૯૩). તથા ધર્મ અને અધર્મના નિર્ણય માટે અંતરાત્માના પ્રકાશને અનુસરવું પડે છે (પા. ૨૯૫). તેમણે લખ્યું: "છેવટમાં અહિંસાની પરીક્ષા ભાવના ઉપર આધાર રાખે છે" (પા. ૨૯૫). "જેમ દરદીના સારાને સારુ તેની વાઢકાપ કરતાં દાક્તર હિંસા નથી કરતો પણ શુદ્ધ અહિંસાધર્મ પાળે છે, તેમ જ મારતાં પણ અહિંસાનું પાલન હોઈ શકે." બંનેમાં "આત્માને દુઃખમુક્તિ કરવાની ધારણા સામાન્ય છે" (પા. ૨૯૪). અહિંસાની ચાલુ માન્યતાની ટીકા કરતાં ગાંધીજીએ લખ્યું: "મૃત્યુદંડનો જે ડર અત્યારે સમાજમાં જોવામાં આવે છે તે અહિંસાધર્મના પ્રચારમાં ભારે બાધા કરનારી વસ્તુ છે. કોઈને ગાળ દેવી, તેનું બૂરું ઇચ્છવું, તેને તાડન કરવું, તેને રિબાવવું એ બધું હિંસા જ છે. અને કેટલીક વેળા રિબાવવું એ મૃત્યુદંડના કરતાં અતિશય ઘોર હિંસા હોઈ શકે. જે મનુષ્ય પોતાના સ્વાર્થને સારુ બીજાને રિબાવે છે, તેનાં નાકકાન કાપે છે, તેને પૂરી મૂકી ખાવાનું નથી આપતો ને બીજી રીતે તેનું અપમાન કરે છે, તે મૃત્યુદંડ દેનાર કરતાં બહુ વધારે નિર્દયતા વાપરે છે" (પા. ૨૯૪).

નીતિશાસ્ત્રની દૃષ્ટિએ અહિંસક પ્રાણહરણની યોગ્યતા વિશે ગાંધીજીના મનમાં કશો સંદેહ નહોતો, પણ આશ્રમનાં ખેતરોમાં અને બાગમાં દિવસે દિવસે વધતા જતા વાંદરાઓના ઉપદ્રવમાંથી બચવાનો અહિંસક છતાં અસરકારક ઇલાજ બતાવવાનું એમને વિશેષ અટપટું લાગ્યું. "સ્વાર્થને વશ થઈને કે ક્રોધમાં કોઈ પણ જીવને દીધેલું દુઃખ કે તેનું ઇચ્છેલું અનિષ્ટ કે પ્રાણહરણ તે હિંસા" (પા. ૨૯૫). એવું સ્વીકારવા છતાં, જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી થોડી ઘણી હિંસા તો અનિવાર્ય છે જ, એવું પણ એમણે માન્ય રાખ્યું. અને કેટલી ક્ષમ્ય ગણાય એનું ધોરણ

Gandhi Heritage Portal

સમાજ પાસે હોય છે. "છતાં પ્રત્યેક જિજ્ઞાસુએ પોતાનું હિંસાક્ષેત્ર જાણી તેને નિત્ય સંકેલવાનો પ્રયત્ન કરવો રહ્યો જ છે" (પા. ૨૯૬). અહિંસાના ઉપાસકે કંઈ નહીં તો સીધી હિંસાથી — ખેતી જેવા વ્યવસાયમાં થતી સીધી હિંસાથી પણ — દૂર રહેવું જોઈએ, એવી દલીલને નિરુત્તર બનાવી દેતો તર્કસંમત જવાબ આપતાં ગાંધીજીએ લખ્યું : "ખેતી કરનારા અસંખ્ય મનુષ્યોએ અહિંસાધર્મથી વિમુખ રહેવું, અને ખેતી નહીં કરનારાં મૂઠીભર મનુષ્યો જ અહિંસાને સિદ્ધ કરી શકે, એવી સ્થિતિ મને પરમધર્મને શોભાવનારી અથવા તો તેને સિદ્ધ કરનારી નથી લાગતી." એમણે આગળ ઉમેર્યું, "ધર્મમાં સર્વવ્યાપક થવાની શક્તિ હોવી જોઈએ. એ જગતના સોમા હિસ્સાનો ઇજારો ન હોઈ શકે. ન હોવો જોઈએ." સત્ય અને અહિંસા એ જગદ્વ્યાપી ધર્મ છે એવો પોતાને દૃઢ વિશ્વાસ હોવાથી જ "તેનો અર્થ શોધવામાં જીવનને ખપાવી દેતાં હું રસને લૂંટી રહ્યો છું" (પા. ૩૯૪). એમ કહી એવા પ્રયોગો કરવા બીજાઓને આમંત્રણ આપ્યું.

આ બધા વિચારો રૂઢિચુસ્ત લોકોને ગળે સહેલાઈથી ઊતરે એવા ન હતા. આમાંના કેટલાક તો ગાંધીજી મૂર્તિમંત અહિંસા છે એવું હૃદયપૂર્વક માની એમને પૂજતા. એટલે તેઓને તો એથી ઊલટું વધારે દુઃખ થયું. વાછડા તથા વાંદરાં બાબતના પોતાના વિચારોથી આવા લોકોનો ભ્રમ ભાંગી ગયો હતો એનો ગાંધીજીને આનંદ હતો. "મહાત્માના પદ કરતાં મને સત્ય અનંતગણું પ્રિય છે" એવું જણાવી એમણે ઉમેર્યું, "મારે વિશે હું એટલો જ દાવો કરી શકું કે અહિંસાદિ મહાવ્રતોને ઓળખવાં અને તેનું સંપૂર્ણ પાલન મનથી, વચનથી અન કાયાથી કરવાનો હું સતત પ્રયત્ન કરી રહ્યો છું" (પા. ૩૮૭).

ટૉલ્સ્ટૉયના જન્મદિવસ (૧૦–૯–'૨૮)ના ભાષણમાં પોતે એમની મારફત અને ખાસ તો એમના જીવનમાંથી શું શીખ્યા તે ગાંધીજીએ સમજાવ્યું. વળી ધનગોપાળ મુકરજી ઉપરના પત્રમાં એમણે લખ્યું : "ગીતાના ઉપદેશથી મારું જીવન ઘડાયું છે એવું સામાન્ય રીતે કહેવું યથાર્થ હોવા છતાં બ્રહ્મચર્ય પાળવાના મારા નિશ્ચય પર ટૉલ્સ્ટૉયનાં લખાણ તેમ જ ઉપદેશની અસર નહોતી એવું હું ખાતરીપૂર્વક ન કહી શકું" (પા. ૨૨૯). બૉલ્શેવિઝમ વિશેના વિરલ ઉલ્લેખમાં ગાંધીજીએ આ લોકો ખાનગી મિલકત નાબૂદ કરવા માટે હિંસાનો આશ્રય લે છે તે વખોડતાં છતાં લખ્યું : "બૉલ્શેવિઝમ સાધવાની પાછળ અસંખ્ય માણસોએ પોતાનાં બલિદાન આપ્યાં છે," અને વળી ઉમેર્યું, "લેનિન જેવા પ્રૌઢ આત્માએ પોતાનું સર્વસ્વ જેની પાછળ રેડયું હતું તે મહાત્યાગ વ્યર્થ નહીં જાય" (પા. ૩૫૯). દેશની ભવિષ્યની આર્થિક રચના વિશે પૂછવામાં આવતાં ગાંધીજીએ જવાબ આપ્યો : ". . . એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહીં, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને જો આવી સ્થિતિ આખા જગતને વિશે આપણે ઇચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક મનુષ્યની પોતાની પાસે રહેવાં જોઈએ" (પા. ૩૮૯).

પોતે પોતાના બાપદાદાનો હજામતનો ધંધો ચાલુ રાખવો કે નહીં તે બાબત ગાંધીજીની સલાહ ઇચ્છતા કોઈ ગરીબ શિક્ષકથી માંડીને (પા. ૧૩૩) પોતાની જાહેર પ્રવૃત્તિઓ બાબતની અકળામણ એમની આગળ ઠાલવતા મોતીલાલ નેહરુ જેવા રાષ્ટ્રીય નેતા સુધીના લોકો ગાંધીજીને પત્રો લખતા. ગાંધીજી પોતાના એ બધા પત્રલેખકોના વિવિધ પ્રશ્નો સાથે કેવા તદાકાર થઈ શકતા તે આપણને આ પુસ્તકમાં આવતા પત્રોમાં જોવા મળે છે. મોતીલાલ પરના પત્રોમાં ગાંધીજીની એમને માટેની કૂણી લાગણી નીતરી રહી છે. વળી બંનેનાં દૃષ્ટિબિંદુઓ ભિન્ન હોવા છતાં, રાષ્ટ્રીય પ્રશ્નો પોતાની સાથે વિશ્વાસપૂર્વક અને સમાનતાને નાતે ચર્ચી શકે એવા સાથીને

Gandhi Heritage Portal

લખતા હોય એવા ભાવથી આ પત્રો લખાયા છે. બંગાળના આગેવાન ખાદી કાર્યકર સતીશચંદ્ર દાસગુપ્તા આવા બીજા સાથીદાર છે. એમના અંગત તેમ જ કૌટુંબિક જીવનમાં ગાંધીજી ઊંડો રસ લેતા. એમને તથા એમનાં પત્ની હેમપ્રભાદેવીને લખેલા લગભગ બધા જ પત્રોમાં એમને માટેની ગાંધીજીની ચિંતા તથા તેમના કામકાજમાં એમનો રસ દેખાઈ આવે છે. ગાંધીજીની નિખાલસતા તથા માનવીની નબળાઈઓ પ્રત્યેનું એમનું વલણ શૌકતઅલીને લખેલા એક પત્રમાં જોવા મળે છે. "મારે કબૂલ કરવું જોઈએ કે તમે ડૉ. અનસારી પર લખેલા પત્રોમાંથી જે એક જ પ્રશ્ન મેં વાંચેલો તે મને બિલકુલ ગમ્યો નહોતો. . . હું પોતે ઘણી વાર ભૂલો કરું છું અને મિત્રો તથા વિરોધીઓ બંને નિભાવી લે એવી અપેક્ષા મને રહે છે, પછી મારી દૃષ્ટિએ જણાતી તમારી ભૂલ માટે હું શું કામ ચિંતા કરું?" (પા. ૨૮૭).

આ જ પુસ્તકમાં યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલો "ઈશ્વર છે" એ લેખ પણ છે. ૧૯૩૧માં ગાંધીજી લંડનમાં રહેતા હતા ત્યારે આ જ લેખમાંથી એમણે અમેરિકા પરનો પોતાનો સંદેશો ટેપ કરાવ્યો હતો. ઈશ્વરના અસ્તિત્વ વિશેની પોતાની શ્રદ્ધા તથા ઈશ્વર પોતે પાપથી અલિપ્ત હોવા છતાં પાપને શા માટે નભાવે છે તે બાબતની પોતાની માન્યતા સમજાવવા ગાંધીજીએ આ સંદેશામાં પ્રયત્ન કર્યો છે. એમણે કહ્યું: "હું એવું પણ સમજું છું કે અશુભની સાથે અને તેની સામે ખુદ જીવનને જોખમે પણ ઝઘડતો ન રહું તો હું ઈશ્વરને કદી પામવાનો નથી" (પા. ૩૨૯).

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધ તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઇપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતરના કરતાં ઓછું અંતર રાખીને, છાપ્યા છે.

અંગ્રેજી અને હિંદી લખાણોનો તરજુમો અસલ લખાણને વફાદાર રહીને સરળતાથી સમજી શકાય એ રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

सत्यना प्रयोगो अथवा आत्मकथानो ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબ્લ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

આ ગ્રંથમાં મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ, ગાંધીજીએ જાતે લખેલા હોય તેવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે:

૧૧૯(૧), ૧૩૯, ૧૭૦, ૧૯૫, ૧૯૬(૧), ૨૦૩, ૨૩૨, ૩૦૭ (પેટામથાળું ૨), ૪૩૩(૧), ૪૪૬.

અંગ્રેજી ગ્રંથના પુરવણીના લેખ તારીખ પ્રમાણે ૧૯(૧) અને ૧૨૧(૧) તરીકે આપ્યા છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક અને સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય; નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય તથા નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા અને નેહરુ સ્મારક સંગ્રહાલય અને લાઇબ્રેરી, નવી દિલ્હી; શ્રી નારણદાસ ગાંધી, રાજકોટ; શ્રી ઘનશ્યામદાસ બિરલા, કલકત્તા; શ્રીમતી તેહમિનાબહેન ખંભાતા, મુંબઈ; શ્રીમતી વસુમતીબહેન પંડિત, સુરત; શ્રી હરિભાઉ ઉપાધ્યાય, અજમેર; શ્રી મહેશ પટ્ટણી, ભાવનગર; શ્રીમતી હરિઇચ્છાબહેન કામદાર, વડોદરા; શ્રીમતી મીરાંબહેન, ઇંગ્લંડ; શ્રી વાલજીભાઈ ગો. દેસાઈ, પૂના; શ્રીમતી રાધાબહેન ચૌધરી, નવી દિલ્હી; શ્રી સી. એમ. ડોક; શ્રી કનુભાઈ નાનાલાલ મશરૂવાળા, અકોલા; શ્રી નીલકંઠ મશરૂવાળા, અકોલા; શ્રી બાળકૃષ્ણ ભાવે, પૂના; શ્રી શાંતિકુમાર મોરારજી, મુંબઈ તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ : बापुना पत्रो–७ : श्री छगनलाल जोशीने, बापुना पत्रो–६ : गं. स्व. गंगाबहेनने, बापुना पत्रो–४ : मणिबहेन पटेलने, बापुना पत्रो–२ : सरदार वल्लभभाईने, बापुनी प्रसादी, पांचमा पुत्रने बापुना आशीर्वाद.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામાયિકોના પણ અમે આભારી છીએ : बोम्बे क्रोनिकल, हिन्दु, हिन्दुस्तान टाइम्स, इन्डियन रिव्यू, नवजीवन, प्रजाबंधु અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભ ગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ અફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, શ્રી પ્યારેલાલ નય્યર નવી દિલ્હી, તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી અમારા આભારને પાત્ર છે.


Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૧૦
ઋણસ્વીકાર ૧૧
૧. જલિયાંવાલા બાગ સ્મારક માટેના લખાણનો મુસદ્દો (૧–૭–૧૯૨૮) ૧
૨. કેળવણી વિશે પ્રશ્નો–૫ (૧–૭–'૨૮) ૧
૩. શુદ્ધ વહેવાર (૧–૭–'૨૮) ૪
૪. નોંધ (૧–૭–'૨૮) ૪
૫. સ્વયંસેવકની મૂંઝવણ (૧–૭–'૨૮) ૬
૬. એક સાચો સેવક (૧–૭–'૨૮) ૬
૭. ભરૂચ જિલ્લા પરિષદને સંદેશો (૧–૭–'૨૮) ૮
૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧–૭–'૨૮) ૮
૯. ગોવર્ધનભાઈ ઈ. પટેલને પત્ર (૧–૭–'૨૮) ૯
૧૦. આર. એમ. દેશમુખને પત્ર (૧–૭–'૨૮) ૯
૧૧. મુલ્કરાજને પત્ર (૧–૭–'૨૮) ૧૦
૧૨. શાહ મહમદ કાસીમને પત્ર (૧–૭–'૨૮) ૧૧
૧૩. જોધપુર રાજ્યના સેક્રેટરીને પત્ર (૧–૭–'૨૮) ૧૧
૧૪. જમનાદાસ ગાંધીને તાર (૨–૭–'૨૮) ૧૨
૧૫. બહેચર પરમારને પત્ર (૨–૭–'૨૮) ૧૨
૧૬. રામનારાયણ વિશ્વનાથ પાઠકને પત્ર (૨–૭–'૨૮) ૧૩
૧૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨–૭–'૨૮) ૧૩
૧૮. બહેરામજી ખંભાતાને પત્ર (૩–૭–'૨૮) ૧૪
૧૯. વસુમતીબહેન પંડિતને પત્ર (૩–૭–'૨૮) ૧૪
૧૯ (૧). જવાહરલાલ નેહરુને પત્ર (૩–૭–'૨૮) ૧૫
૨૦. નારાયણ મલકાનીને પત્ર (૪–૭–'૨૮) ૧૫
૨૧. શ્રીપ્રકાશને પત્ર (૪–૭–'૨૮) ૧૬
૨૨. બી. ડબ્લ્યુ. ટકરને પત્ર (૪–૭–'૨૮) ૧૬
૨૩. પ્રફુલ્લચંદ્ર ઘોષને પત્ર (૪–૭–'૨૮) ૧૮
૨૪. મસૂસ જંગ બહાદુરને પત્ર (૪–૭–'૨૮) ૧૯
૨૫. સ્વયંસિદ્ધ વાત (૫–૭–'૨૮) ૧૯
૨૬. આપણું તમાકુનું ખર્ચ (૫–૭–'૨૮) ૨૧
૨૭. એક અમેરિકનની શ્રદ્ધાંજલિ (૫–૭–'૨૮) ૨૨
૨૮. ભૂપેનને પત્ર (૫–૭–'૨૮) ૨૩
૨૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૫–૭–'૨૮) ૨૩


Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૩૦. | હિન્દુને સંદેશો (૬–૭–'૨૮) | ૨૪ |
| ૩૧. | એ. રંગસ્વામી આયંગરને પત્ર (૬–૭–'૨૮) | ૨૪ |
| ૩૨. | ઈ. સી. ડૅવિડને પત્ર (૬–૭–'૨૮) | ૨૪ |
| ૩૩. | પી. રામચંદ્ર રાવને પત્ર (૬–૭–'૨૮) | ૨૫ |
| ૩૪. | એમ. પી. શ્રીનિવાસનને પત્ર (૬–૭–'૨૮) | ૨૫ |
| ૩૫. | સમન્દલાલને પત્ર (૬–૭–'૨૮) | ૨૬ |
| ૩૬. | એમ. એમ. અસલમખાનને પત્ર (૬–૭–'૨૮) | ૨૬ |
| ૩૭. | આનંદસ્વરૂપને પત્ર (૬–૭–'૨૮) | ૨૭ |
| ૩૮. | ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૬–૭–'૨૮) | ૨૭ |
| ૩૯. | આર. એસ. કડકિયાને પત્ર (૬–૭–'૨૮) | ૨૮ |
| ૪૦. | શૌકતઅલીને પત્ર (૬–૭–'૨૮) | ૨૯ |
| ૪૧. | વસુમતીબહેન પંડિતને પત્ર (૬–૭–'૨૮) | ૨૯ |
| ૪૨. | હરિભાઉ ઉપાધ્યાયને પત્ર (૭–૭–'૨૮) | ૩૦ |
| ૪૩. | વાંદરાનો ત્રાસ (૮–૭–'૨૮) | ૩૦ |
| ૪૪. | નોંધ (૮–૭–'૨૮) | ૩૧ |
| ૪૫. | શિવદયાલ સાહનીને પત્ર (૮–૭–'૨૮) | ૩૪ |
| ૪૬. | વસુમતીબહેન પંડિતને પત્ર (૧૦–૭–'૨૮) | ૩૪ |
| ૪૭. | હાફીઝ મહમદ અબ્દુલ શકૂરને પત્ર (૧૦–૭–'૨૮) | ૩૫ |
| ૪૮. | શાહ મહમદ કાસીમને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૫ |
| ૪૯. | ઇન્ડિયન પ્રેસ લિમિટેડના મૅનેજરને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૬ |
| ૫૦. | કે. આર. ભિડેને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૬ |
| ૫૧. | બી. એમ. ટ્વીડલને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૭ |
| ૫૨. | ગોવર્ધનભાઈ ઈ. પટેલને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૭ |
| ૫૩. | ટી. પ્રકાશમને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૮ |
| ૫૪. | શંકરનને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૮ |
| ૫૫. | એસ. એ. સહસ્રબુદ્ધેને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૯ |
| ૫૬. | એમ. બી. નિયોગીને પત્ર (૧૧–૭–'૨૮) | ૩૯ |
| ૫૭. | નોંધ (૧૨–૭–'૨૮) | ૪૦ |
| ૫૮. | વિદ્યાર્થીઓમાં જાગૃતિ (૧૨–૭–'૨૮) | ૪૨ |
| ૫૯. | મિસ બાર્બરા બાઉરને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૩ |
| ૬૦. | ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૪ |
| ૬૧. | એલ. ક્રેનાને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૪ |
| ૬૨. | એડા રોઝેનગ્રીનને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૫ |
| ૬૩. | એચ. એન. મૉરિસને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૬ |
| ૬૪. | સૅમ્યુઅલ એમ. હસનને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૬ |
| ૬૫. | ડબ્લ્યુ. કોલ્ડસ્ટ્રીમને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૭ |
| ૬૬. | મિસિસ કેમ્બિસને પત્ર (૧૩–૭–'૨૮) | ૪૭ |


Gandhi Heritage Portal

૬૭. આબિદઅલી જાફરભાઈને પત્ર (૧૩–૭–'૨૮) ૪૮
૬૮. યુ. કે. ઓઝાને પત્ર (૧૪–૭–'૨૮) ૪૮
૬૯. એસ. જી. વઝેને પત્ર (૧૪–૭–'૨૮) ૪૯
૭૦. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૧૪–૭–'૨૮) ૫૦
૭૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૪–૭–'૨૮) ૫૦
૭૨. નોંધ (૧૫–૭–'૨૮) ૫૧
૭૩. સ્નાતકોના પ્રશ્નો (૧૫–૭–'૨૮) ૫૩
૭૪. કીડી ઉપર કટક? (૧૫–૭–'૨૮) ૫૫
૭૫. આલ્પ્સ કે હિમાલય? (૧૫–૭–'૨૮) ૫૭
૭૬. માનાપમાન વિશે સમતા (૧૫–૭–'૨૮) ૫૭
૭૭. મોતીલાલ નેહરુને પત્ર (૧૫–૭–'૨૮) ૫૮
૭૮. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૫–૭–'૨૮) ૫૯
૭૯. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૫–૭–'૨૮) ૫૯
૮૦. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૬–૭–'૨૮) ૬૦
૮૧. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૧૭–૭–'૨૮) ૬૧
૮૨. સી. એસ. વિશ્વનાથ આયરને પત્ર (૧૭–૭–'૨૮) ૬૧
૮૩. કે. વેંકટપૈય્યાને પત્ર (૧૮–૭–'૨૮) ૬૨
૮૪. સુભાષચંદ્ર બોઝને પત્ર (૧૮–૭–'૨૮) ૬૨
૮૫. શૌકતઅલીને પત્ર (૧૮–૭–'૨૮) ૬૩
૮૬. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૧૮–૭–'૨૮) ૬૫
૮૭. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર (૧૮–૭–'૨૮) ૬૫
૮૮. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ (૨૨–૭–'૨૮) ૬૬
૮૯. અસહકાર કે સવિનયભંગ (૧૯–૭–'૨૮) ૬૭
૯૦. સાવંતવાડીમા કાંતણ (૧૯–૭–'૨૮) ૬૮
૯૧. ખાદીનાં પરોક્ષ પરિણામો (૧૯–૭–'૨૮) ૬૮
૯૨. ટી. આર. ફૂકનને પત્ર (૧૯–૭–'૨૮) ૬૯
૯૩. ટી. પ્રકાશમને પત્ર (૨૦–૭–'૨૮) ૭૦
૯૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૦–૭–'૨૮) ૭૧
૯૫. બારડોલી અંગે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત (૨૦–૭–'૨૮) ૭૧
૯૬. શંકરનને પત્ર (૨૧–૭–'૨૮) ૭૨
૯૭. જી. વી. સુબ્બારાવને પત્ર (૨૧–૭–'૨૮) ૭૩
૯૮. અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટને પત્ર (૨૧–૭–'૨૮) ૭૪
૯૯. રાજેન્દ્રપ્રસાદને કેબલ (૨૧–૭–'૨૮ કે તે પછી) ૭૫
૧૦૦. રેશમનો નિષેધ (૨૨–૭–'૨૮) ૭૫
૧૦૧. સરકારની કુબુદ્ધિ (૨૨–૭–'૨૮) ૭૬
૧૦૨. નોંધ (૨૨–૭–'૨૮) ૭૮
૧૦૩. વસુમતીબહેન પંડિતને પત્ર (૨૨–૭–'૨૮) ૭૯


Gandhi Heritage Portal

૧૦૪. એક પત્ર (૨૨–૭–'૨૮) ૮૦
૧૦૫. સરકારને અપીલ (૨૩–૭–'૨૮) ૮૧
૧૦૬. મોતીલાલ નેહરુને તાર (૨૩–૭–'૨૮) ૮૨
૧૦૭. સુભાષચંદ્ર બોઝને તાર (૨૩–૭–'૨૮) ૮૩
૧૦૮. વલ્લભભાઈ પટેલને પત્ર (૨૪–૭–'૨૮) ૮૩
૧૦૯. નોંધ (૨૬–૭–'૨૮) ૮૪
૧૧૦. નોંધ (૨૬–૭–'૨૮) ૮૫
૧૧૧. અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટને પત્ર (૨૬–૭–'૨૮) ૮૮
૧૧૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૭–૭–'૨૮ પહેલાં) ૮૯
૧૧૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૭–૭–'૨૮) ૮૯
૧૧૪. જી. વી. સુબ્બારાવને પત્ર (૨૭–૭–'૨૮) ૯૦
૧૧૫. વસુમતીબહેન પંડિતને પત્ર (૨૭–૭–'૨૮) ૯૦
૧૧૬. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૭–૭–'૨૮) ૯૧
૧૧૭. ગવર્નરની ડરામણી (૨૯–૭–'૨૮) ૯૧
૧૧૮. નોંધ (૨૯–૭–'૨૮) ૯૩
૧૧૯. બહિષ્કાર કે અસહકાર? (૨૯–૭–'૨૮) ૯૩
૧૧૯(૧). ગોસેવા સંઘ (૨૯–૭–'૨૮) ૯૫
૧૨૦. જેઠાલાલ જોશીને પત્ર (૨૯–૭–'૨૮) ૯૭
૧૨૧. વસુમતીબહેન પંડિતને પત્ર (૨૯–૭–'૨૮) ૯૭
૧૨૧(૧). જવાહરલાલ નેહરુને પત્ર (૨૯–૭–'૨૮) ૯૮
૧૨૨. છગનલાલ જોશીને પત્ર (૩૦–૭–'૨૮) ૯૮
૧૨૩. વલ્લભભાઈ પટેલને પત્ર (૩૦–૭–'૨૮) ૯૯
૧૨૪. સી. એફ. ઍન્ડ્રૂઝને કેબલ (૩૦–૭–'૨૮ કે તે પછી) ૧૦૦
૧૨૫. વલ્લભભાઈ પટેલને પત્ર (૩૧–૭–'૨૮) ૧૦૦
૧૨૬. વસુમતીબહેન પંડિતને પત્ર (૧–૮–'૨૮) ૧૦૧
૧૨૭. હરિઇચ્છાબહેન દેસાઈને પત્ર (૧–૮–'૨૮) ૧૦૨
૧૨૮. નારણદાસ ગાંધીને પત્ર (૧–૮–'૨૮) ૧૦૨
૧૨૯. ગોસેવા સંઘ [જુઓ લેખ નં. ૧૧૯(૧)] ૧૦૩
૧૩૦. સ્વાશ્રય એટલે સ્વમાન (૨–૮–'૨૮) ૧૦૩
૧૩૧. સત્યાગ્રહની મર્યાદા (૨–૮–'૨૮) ૧૦૪
૧૩૨. નોંધ (૨–૮–'૨૮) ૧૦૬
૧૩૩. મીરાંબહેનને પત્ર (૨–૮–'૨૮) ૧૦૭
૧૩૪. વાલજી ગો. દેસાઈને પત્ર (૨–૮–'૨૮) ૧૦૮
૧૩૫. સંતોકબહેન ગાંધીને પત્ર (૨–૮–'૨૮) ૧૦૮
૧૩૬. કુસુમબહેન દેસાઈને પત્ર (૨–૮–'૨૮) ૧૦૯
૧૩૭. ગંગાબહેન વૈદ્યને પત્ર (૨–૮–'૨૮) ૧૦૯
૧૩૮. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૨–૮–'૨૮) ૧૧૦

Gandhi Heritage Portal

૧૩૯. બારડોલીમાં ચર્ચા (૨–૮–'૨૮) ૧૧૦
૧૪૦. સ્પષ્ટ ચેતવણી (૩–૮–'૨૮) ૧૧૧
૧૪૧. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર (૩–૮–'૨૮) ૧૧૨
૧૪૨. ડી. એફ. મૅકક્લિલૅન્ડને પત્ર (૩–૮–'૨૮) ૧૧૩
૧૪૩. શૌકતઅલીને પત્ર (૩–૮–'૨૮) ૧૧૪
૧૪૪. જયરામદાસ દોલતરામને પત્ર (૪–૮–'૨૮) ૧૧૪
૧૪૫. ચિરંજીવલાલ મિશ્રાને પત્ર (૪–૮–'૨૮) ૧૧૫
૧૪૬. વિશ્વનાથસિંગને પત્ર (૪–૮–'૨૮) ૧૧૫
૧૪૭. અબ્દુલ કયૂમને પત્ર (૪–૮–'૨૮) ૧૧૬
૧૪૮. ભૂપેન્દ્રનાથ ઘોષને પત્ર (૪–૮–'૨૮) ૧૧૬
૧૪૯. જી. રામચંદ્રનને પત્ર (૪–૮–'૨૮) ૧૧૭
૧૫૦. ચૌધરી મુખ્તારસિંગને પત્ર (૪–૮–'૨૮) ૧૧૭
૧૫૧. ડી. સી. રાજગોપાલાચારીને પત્ર (૪–૮–'૨૮) ૧૧૮
૧૫૨. ગિરિવરધરને પત્ર (૪–૮–'૨૮) ૧૧૮
૧૫૩. વિશ્વનાથ ટિકૂને પત્ર (૪–૮–'૨૮) ૧૧૯
૧૫૪. પ્યારેલાલ ચોપરાને પત્ર (૪–૮–'૨૮) ૧૧૯
૧૫૫. મથુરાપ્રસાદને પત્ર (૪–૮–'૨૮) ૧૨૦
૧૫૬. એક પત્ર (૪–૮–'૨૮) ૧૨૦
૧૫૭. ટી. કે. માધવનને પત્ર (૪–૮–'૨૮) ૧૨૧
૧૫૮. અબ્બાસ તૈયબજીને પત્ર (૪–૮–'૨૮) ૧૨૧
૧૫૯. એક પત્ર (૪–૮–'૨૮) ૧૨૨
૧૬૦. વસુમતીબહેન પંડિતને પત્ર (૪–૮–'૨૮) ૧૨૨
૧૬૧. કુસુમબહેન દેસાઈને પત્ર (૪–૮–'૨૮) ૧૨૩
૧૬૨. સરભોણનું ભાષણ (૪–૮–'૨૮) ૧૨૩
૧૬૩. મણિબહેન પટેલને પત્ર (૪–૮–'૨૮) ૧૨૫
૧૬૪. મગનકાકા (૫–૮–'૨૮) ૧૨૫
૧૬૫. રૂનો અભાવ કે ઉદ્યમનો? (૫–૮–'૨૮) ૧૨૬
૧૬૬. સમાધાની કે જંગ? (૫–૮–'૨૮) ૧૨૬
૧૬૭. મીરાંબહેનને પત્ર (૫–૮–'૨૮) ૧૨૭
૧૬૮. વસુમતીબહેન પંડિતને પત્ર (૫–૮–'૨૮) ૧૨૮
૧૬૯. કુસુમબહેન દેસાઈને પત્ર (૫–૮–'૨૮) ૧૨૮
૧૭૦. રાયમમાં શિસ્ત વિશે ભાષણ (૫–૮–'૨૮) ૧૨૯
૧૭૧. જમનાલાલ બજાજને તાર (૬–૮–'૨૮) ૧૨૯
૧૭૨. મીરાંબહેનને પત્ર (૬–૮–'૨૮) ૧૩૦
૧૭૩. આશ્રમની બહેનોને પત્ર (૬–૮–'૨૮) ૧૩૦
૧૭૪. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૬–૮–'૨૮) ૧૩૧
૧૭૫. વસુમતીબહેન પંડિતને પત્ર (૬–૮–'૨૮) ૧૩૨

Gandhi Heritage Portal

13716


૧૭૬. કુસુમબહેન દેસાઈને પત્ર (૬-૮-'૨૮) ૧૩૨
૧૭૭. રૈહાનાબહેન તૈયબજીને પત્ર (૬-૮-'૨૮) ૧૩૩
૧૭૮. બહેચર પરમારને પત્ર (૬-૮-'૨૮) ૧૩૩
૧૭૯. મૂલચંદ અગ્રવાલને પત્ર (૬-૮-'૨૮) ૧૩૪
૧૮૦. પ્રભાવતીબહેનને પત્ર (૬-૮-'૨૮) ૧૩૪
૧૮૧. મીરાંબહેનને પત્ર (૭-૮-'૨૮) ૧૩૫
૧૮૨. કુસુમબહેન દેસાઈને પત્ર (૭-૮-'૨૮) ૧૩૫
૧૮૩. વસુમતીબહેન પંડિતને પત્ર (૭-૮-'૨૮) ૧૩૬
૧૮૪. ગંગાબહેન વૈદ્યને પત્ર (૭-૮-'૨૮) ૧૩૬
૧૮૫. મીરાંબહેનને પત્ર (૮-૮-'૨૮) ૧૩૭
૧૮૬. કુસુમબહેન દેસાઈને પત્ર (૮-૮-'૨૮) ૧૩૮
૧૮૭. બધી રીતે સારું (૯-૮-'૨૮) ૧૩૮
૧૮૮. નોંધ (૯-૮-'૨૮) ૧૩૯
૧૮૯. વસુમતીબહેન પંડિતને પત્ર (૯-૮-'૨૮) ૧૪૦
૧૯૦. મીરાંબહેનને પત્ર (૧૦-૮-'૨૮) ૧૪૧
૧૯૧. રૉબર્ટ ફ્રેઝરને પત્ર (૧૦-૮-'૨૮) ૧૪૨
૧૯૨. ચાર્લ્સ ફ્રેડરિક વેલરને પત્ર (૧૦-૮-'૨૮) ૧૪૨
૧૯૩. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૦-૮-'૨૮) ૧૪૩
૧૯૪. ઑલિવ ડોકને પત્ર (૧૧-૮-'૨૮) ૧૪૩
૧૯૫. વાલોડમાં ભાષણ (૧૧-૮-'૨૮) ૧૪૪
૧૯૬. "નિર્બલ કે બલ રામ" (૧૨-૮-'૨૮) ૧૪૪
૧૯૬(૧). દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્રો (૧૨-૮-'૨૮) ૧૪૬
૧૯૭. નોંધ (૧૨-૮-'૨૮) ૧૪૯
૧૯૮. આપણી જડતા (૧૨-૮-'૨૮) ૧૫૦
૧૯૯. યંત્રોના ઉપયોગ વિશે (૧૨-૮-'૨૮) ૧૫૧
૨૦૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૨-૮-'૨૮) ૧૫૩
૨૦૧. બારડોલીમાં ભાષણ (૧૨-૮-'૨૮) ૧૫૩
૨૦૨. બારડોલીના સ્વયંસેવકો સમક્ષ ભાષણ (૧૨-૮-'૨૮) ૧૫૫
૨૦૩. સુરતનું ભાષણ (૧૨-૮-'૨૮) ૧૬૦
૨૦૪. પ્રભાવતીબહેનને પત્ર (૧૩-૮-'૨૮ પહેલાં) ૧૬૩
૨૦૫. નાનાભાઈ ઈ. મશરૂવાળાને તાર (૧૩-૮-'૨૮) ૧૬૩
૨૦૬. કિશોરલાલ મશરૂવાળાને પત્ર (૧૩-૮-'૨૮) ૧૬૪
૨૦૭. નીલકંઠ મશરૂવાળાને પત્ર (૧૩-૮-'૨૮) ૧૬૪
૨૦૮. સુભાષચંદ્ર બોઝને પત્ર (૧૪-૮-'૨૮) ૧૬૫
૨૦૯. ડૉ. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર (૧૪-૮-'૨૮) ૧૬૫
૨૧૦. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૪-૮-'૨૮) ૧૬૬


REFERENCE BOOK
ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય અમદાવાદ-૧૩.
13716
ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય અમદાવાદ-૧૩.
7 JAN 1983
Gandhi Heritage Portal

૨૧૧. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૧૪–૮–'૨૮) ૧૬૬
૨૧૨. ગિરધારીલાલને પત્ર (૧૫–૮–'૨૮) ૧૬૭
૨૧૩. જેઠાલાલ જોશીને પત્ર (૧૫–૮–'૨૮) ૧૬૮
૨૧૪. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૫–૮–'૨૮) ૧૬૮
૨૧૫. બહેચર પરમારને પત્ર (૧૫–૮–'૨૮) ૧૬૯
૨૧૬. તુલસી મહેરને પત્ર (૧૫–૮–'૨૮) ૧૬૯
૨૧૭. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્રો (જુઓ લેખ ૧૯૬(૧) ૧૭૦
૨૧૮. કાળની એંધાણી (૧૬–૮–'૨૮) ૧૭૦
૨૧૯. નેહરુ રિપોર્ટ (૧૬–૮–'૨૮) ૧૭૧
૨૨૦. નોંધ (૧૬–૮–'૨૮) ૧૭૩
૨૨૧. આપણી જેલો (૧૬–૮–'૨૮) ૧૭૪
૨૨૨. મોતીલાલ નેહરુને પત્ર (૧૬–૮–'૨૮) ૧૭૫
૨૨૩. નાનાભાઈ ઇ. મશરૂવાળાને પત્ર (૧૬–૮–'૨૮) ૧૭૬
૨૨૪. અમદાવાદમાં ભાષણ (૧૬–૮–'૨૮) ૧૭૬
૨૨૫. રાજેન્દ્રપ્રસાદને કેબલ (૧૬–૮–'૨૮ કે તે પછી) ૧૭૮
૨૨૬. સી. એ. ઍલેકઝાન્ડરને પત્ર (૧૮–૮–'૨૮) ૧૭૮
૨૨૭. ઊર્મિલાદેવીને પત્ર (૧૮–૮–'૨૮) ૧૭૯
૨૨૮. ધર્મને નામે અધર્મ (૧૯–૮–'૨૮) ૧૭૯
૨૨૯. 'શાસ્ત્રને અનુકૂળ' (૧૯–૮–'૨૮) ૧૮૦
૨૩૦. એક અદૃશ્ય સેવકનો દેહાંત (૧૯–૮–'૨૮) ૧૮૧
૨૩૧. રાજસત્તા વિ. લોકસત્તા (૧૯–૮–'૨૮) ૧૮૧
૨૩૨. હિંદુ ધર્મની બ્રહ્મસમાજે કરેલી સેવા (૨૦–૮–'૨૮) ૧૮૨
૨૩૩. મોતીલાલ નેહરુને પત્ર (૨૧–૮–'૨૮) ૧૮૬
૨૩૪. બહેરામજી ખંભાતાને પત્ર (૨૧–૮–'૨૮) ૧૮૭
૨૩૫. "સાચી અને ખોટી મૂડી" (૨૩–૮–'૨૮) ૧૮૮
૨૩૬. બધાંની નજર લખનૌ પર (૨૩–૮–'૨૮) ૧૮૮
૨૩૭. નોંધ (૨૩–૮–'૨૮) ૧૮૯
૨૩૮. ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડને પત્ર (૨૪–૮–'૨૮) ૧૯૧
૨૩૯. બિ. દ. લિગ્ટને પત્ર (૨૪–૮–'૨૮) ૧૯૧
૨૪૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૪–૮–'૨૮) ૧૯૨
૨૪૧. સર ડૅનિયલ હૅમિલ્ટનને પત્ર (૨૪–૮–'૨૮) ૧૯૩
૨૪૨. વિલિયમ એચ. ડૅનફોર્થને પત્ર (૨૪–૮–'૨૮) ૧૯૩
૨૪૩. વસુમતીબહેન પંડિતને પત્ર (૨૫–૮–'૨૮) ૧૯૪
૨૪૪. છગનલાલ જોશીને પત્ર (૨૫–૮–'૨૮) ૧૯૪
૨૪૫. સત્યાગ્રહનો ઉપયોગ (૨૬–૮–'૨૮) ૧૯૫
૨૪૬. નોંધ (૨૬–૮–'૨૮) ૧૯૭


Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૨૪૭. | ટી. પ્રકાશમને પત્ર (૨૬–૮–'૨૮) | ૧૯૮ |
| ૨૪૮. | ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૨૬–૮–'૨૮) | ૧૯૮ |
| ૨૪૯. | જેઠાલાલ જોશીને પત્ર (૨૬–૮–'૨૮) | ૧૯૯ |
| ૨૫૦. | મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૨૭–૮–'૨૮) | ૧૯૯ |
| ૨૫૧. | વસુમતીબહેન પંડિતને પત્ર (૨૭–૮–'૨૮) | ૨૦૦ |
| ૨૫૨. | પેરિનબહેન કેપ્ટનને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૦ |
| ૨૫૩. | એમા. હાર્કરને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૧ |
| ૨૫૪. | એન. સી. બારદોલાઈને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૧ |
| ૨૫૫. | વરદાચારીને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૨ |
| ૨૫૬. | આર. દોરાઈસ્વામીને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૨ |
| ૨૫૭. | બી. જી. હૉર્નિમનને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૩ |
| ૨૫૮. | સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૪ |
| ૨૫૯. | કે. એસ. કરન્થને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૪ |
| ૨૬૦. | રોહિણીબહેન પૂર્વૈયાને પત્ર (૨૮–૮–'૨૮) | ૨૦૫ |
| ૨૬૧. | યુરોપ જનારા ચેતે (૩૦–૮–'૨૮) | ૨૦૫ |
| ૨૬૨. | નોંધ (૩૦–૮–'૨૮) | ૨૦૮ |
| ૨૬૩. | મોતીલાલ નેહરુને તાર (૩૧–૮–'૨૮) | ૨૧૧ |
| ૨૬૪. | હરદયાળ નાગન પત્ર (૩૧–૮–'૨૮) | ૨૧૨ |
| ૨૬૫. | વસુમતીબહેન પંડિતને પત્ર (૩૧–૮–'૨૮) | ૨૧૨ |
| ૨૬૬. | મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૩૧–૮–'૨૮ પછી) | ૨૧૩ |
| ૨૬૭. | જુગલકિશોરને પત્ર (૧–૯–'૨૮) | ૨૧૪ |
| ૨૬૮. | બી. ડબ્લ્યુ. ટકરને પત્ર (૧–૯–'૨૮) | ૨૧૪ |
| ૨૬૯. | અહિંસા કોને કહેવી? (૨–૯–'૨૮) | ૨૧૬ |
| ૨૭૦. | નોંધ (૨–૯–'૨૮) | ૨૧૮ |
| ૨૭૧. | ગ્રામ્ય કેળવણીને લગતી યોજના (૨–૯–'૨૮) | ૨૧૯ |
| ૨૭૨. | મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૨–૯–'૨૮) | ૨૨૦ |
| ૨૭૩. | બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૨–૯–'૨૮) | ૨૨૧ |
| ૨૭૪. | ઉત્કલની વહારે આવો (૬–૯–'૨૮) | ૨૨૧ |
| ૨૭૫. | લખનૌ પછી (૬–૯–'૨૮) | ૨૨૩ |
| ૨૭૬. | આપણી ગરીબાઈ (૬–૯–'૨૮) | ૨૨૪ |
| ૨૭૭. | જૉન હેન્સ હોમ્સને પત્ર (૭–૯–'૨૮) | ૨૨૬ |
| ૨૭૮. | સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૭–૯–'૨૮) | ૨૨૭ |
| ૨૭૯. | સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૭–૯–'૨૮) | ૨૨૮ |
| ૨૮૦. | કે. સદાશિવરાવને પત્ર (૭–૯–'૨૮) | ૨૨૯ |
| ૨૮૧. | ધનગોપાળ મુકરજીને પત્ર (૭–૯–'૨૮) | ૨૨૯ |
| ૨૮૨. | એચ. એસ. એલ. પોલાકને પત્ર (૭–૯–'૨૮) | ૨૩૦ |


Gandhi Heritage Portal

૨૮૩. બહેરાં-મૂંગાંની શાળાના ખાતમુહૂર્ત પ્રસંગે ભાષણ (૮–૯–'૨૮) ૨૩૦
૨૮૪. મૌલાના ઝફરુલમુલ્કને પત્ર (૮–૯–'૨૮) ૨૩૧
૨૮૫. શ્રદ્ધા ચૈતન્ય બ્રહ્મચારીને પત્ર (૮–૯–'૨૮) ૨૩૨
૨૮૬. આર. ડી. પ્રભુને પત્ર (૮–૯–'૨૮) ૨૩૩
૨૮૭. પી. એ. વાડિયાને પત્ર (૮–૯–'૨૮) ૨૩૩
૨૮૮. ખાદી વિજયને સંદેશો (૮–૯–'૨૮) ૨૩૪
૨૮૯. ગંગાધરરાવને પત્ર (૮–૯–'૨૮) ૨૩૪
૨૯૦. ચિંતામણિ બ. ખાદિલકરને પત્ર (૮–૯–'૨૮) ૨૩૫
૨૯૧. બાળકો શું સમજે? (૯–૯–'૨૮) ૨૩૫
૨૯૨. લખનૌ (૯–૯–'૨૮) ૨૩૭
૨૯૩. સુરત જિલ્લામાં મદ્યપાન નિષેધ (૯–૯–'૨૮) ૨૩૮
૨૯૪. રાષ્ટ્રીય છાત્રાલયોમાં પંક્તિભેદ? (૯–૯–'૨૮) ૨૩૯
૨૯૫. નોંધ (૯–૯–'૨૮) ૨૪૦
૨૯૬. ધાર્મિક કેળવણી (૯–૯–'૨૮) ૨૪૧
૨૯૭. જયરામદાસ દોલતરામને પત્ર (૯–૯–'૨૮) ૨૪૨
૨૯૮. જી. રામચંદ્રનને પત્ર (૯–૯–'૨૮) ૨૪૩
૨૯૯. હ્યુગો બુશરને પત્ર (૯–૯–'૨૮) ૨૪૩
૩૦૦. કૃષ્ણદાસને પત્ર (૧૦–૯–'૨૮) ૨૪૪
૩૦૧. બાળકૃષ્ણ ભાવેને પત્ર (૧૦–૯–'૨૮) ૨૪૪
૩૦૨. ટૉલ્સ્ટૉય શતાબ્દી (૧૦–૯–'૨૮) ૨૪૬
૩૦૩. છગનલાલ જોશીને પત્ર (૧૦–૯–'૨૮ પછી) ૨૫૩
૩૦૪. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૧૨–૯–'૨૮) ૨૫૩
૩૦૫. યુદ્ધ વિશે મારું વલણ (૧૩–૯–'૨૮) ૨૫૪
૩૦૬. દક્ષિણ આફ્રિકામાં માફી પ્રદાન (૧૩–૯–'૨૮) ૨૫૬
૩૦૭. નોંધ (૧૩–૯–'૨૮) ૨૫૬
૩૦૮. ચ. રાજગોપાલાચારીને પત્ર (૧૪–૯–'૨૮) ૨૫૮
૩૦૯. નિરંજન પટનાયકને પત્ર (૧૪–૯–'૨૮) ૨૫૮
૩૧૦. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર (૧૪–૯–'૨૮) ૨૫૯
૩૧૧. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર (૧૪–૯–'૨૮) ૨૫૯
૩૧૨. કર્બી પેજને પત્ર (૧૪–૯–'૨૮) ૨૬૦
૩૧૩. બી. દ. લિગ્ટને પત્ર (૧૪–૯–'૨૮) ૨૬૧
૩૧૪. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૧૫–૯–'૨૮) ૨૬૧
૩૧૫. મૂંગાં-બહેરાં અને અમદાવાદ (૧૬–૯–'૨૮) ૨૬૨
૩૧૬. ખાદીપ્રચાર ફાળો (૧૬–૯–'૨૮) ૨૬૩
૩૧૭. નોંધ (૧૬–૯–'૨૮) ૨૬૩
૩૧૮. અંધશ્રદ્ધા (૧૬–૯–'૨૮) ૨૬૫


Gandhi Heritage Portal

૩૧૯. તહેવાર કેમ ઊજવાય? (૧૬–૯–'૨૮) ૨૬૬
૩૨૦. વલ્લભભાઈ પટેલને તાર (૧૭–૯–'૨૮) ૨૬૭
૩૨૧. પંજાબ રાજકીય પરિષદના સેક્રેટરીને તાર (૧૮–૯–'૨૮) ૨૬૭
૩૨૨. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૮–૯–'૨૮) ૨૬૮
૩૨૩. કેદીઓ પ્રત્યેનું વર્તન (૨૦–૯–'૨૮) ૨૬૮
૩૨૪. રેંટિયો કેમ લાધ્યો? (૨૦–૯–'૨૮) ૨૭૦
૩૨૫. ગોરક્ષા, સાચી અને ખોટી (૨૦–૯–'૨૮) ૨૭૩
૩૨૬. નોંધ (૨૦–૯–'૨૮) ૨૭૩
૩૨૭. અમૃતલાલ ઠક્કરને તાર (૨૦–૯–'૨૮) ૨૭૪
૩૨૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ (૨૦–૯–'૨૮) ૨૭૪
૩૨૯. ઉમર ઝવેરીને કેબલ (૨૦–૯–'૨૮) ૨૭૪
૩૩૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૫
૩૩૧. એમ. આર. જયકરને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૬
૩૩૨. ઈ. સી. ડેવિકને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૬
૩૩૩. ચોઈથરામ પી. ગિદવાણીને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૭
૩૩૪. ધન્વંતરિને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૭
૩૩૫. કૃષ્ણદાસને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૮
૩૩૬. એમી. ટરટોરને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૮
૩૩૭. જેઠાલાલ જોશીને પત્ર (૨૧–૯–'૨૮) ૨૭૯
૩૩૮. જે. એસ. અર્કર્ટને પત્ર (૨૨–૯–'૨૮) ૨૭૯
૩૩૯. એન. લક્ષ્મીને પત્ર (૨૨–૯–'૨૮) ૨૮૦
૩૪૦. રામાનંદ ચેટરજીને પત્ર (૨૨–૯–'૨૮) ૨૮૦
૩૪૧. ભોગીલાલને પત્ર (૨૨–૯–'૨૮) ૨૮૧
૩૪૨. અમલનો જુલમ (૨૩–૯–'૨૮) ૨૮૨
૩૪૩. ખાદીની સ્વાવલંબન પદ્ધતિ (૨૩–૯–'૨૮) ૨૮૩
૩૪૪. મુંબઈની રાષ્ટ્રીય શાળા (૨૩–૯–'૨૮) ૨૮૪
૩૪૫. સીમંત ઈત્યાદિના વરા (૨૩–૯–'૨૮) ૨૮૫
૩૪૬. નાનાભાઈ ઈ. મશરૂવાળાને પત્ર (૨૩–૯–'૨૮) ૨૮૬
૩૪૭. શૌકતઅલીને પત્ર (૨૪–૯–'૨૮) ૨૮૬
૩૪૮. શ્યામનારાયણને તાર (૨૫–૯–'૨૮) ૨૮૭
૩૪૯. ચોઈથરામ પી. ગિદવાણીને તાર (૨૫–૯–'૨૮) ૨૮૮
૩૫૦. "ભડકામણા નિર્ણયો" (૨૭–૯–'૨૮) ૨૮૮
૩૫૧. બિજોલિયામાં ખાદીકામ (૨૭–૯–'૨૮) ૨૯૧
૩૫૨. અભય આશ્રમ (૨૭–૯–'૨૮) ૨૯૧
૩૫૩. મીરાંબહેનને પત્ર (૨૮–૯–'૨૮) ૨૯૨
૩૫૪. પાવકની જ્વાળા (૩૦–૯–'૨૮) ૨૯૩


Gandhi Heritage Portal

૩૫૫. કામરોગનું નિવારણ (૩૦-૯-'૨૮) ૨૯૭
૩૫૬. ગુજરાતમાં સંગીત (૩૦-૯-'૨૮) ૨૯૯
૩૫૭. મોતીલાલ નેહરુને પત્ર (૩૦-૯-'૨૮) ૨૯૯
૩૫૮. ડબ્લ્યુ. ડબ્લ્યુ. હૉલને આપેલી મુલાકાત (ઑક્ટોબર, '૨૮ પહેલાં) ૩૦૦
૩૫૯. એની બેસંટના જન્મદિને અમદાવાદમાં ભાષણ (૧-૧૦-'૨૮) ૩૦૧
૩૬૦. શ્રીપ્રકાશને પત્ર (૨-૧૦-'૨૮) ૩૦૨
૩૬૧. ડૉ. પી. સી. રાયને પત્ર (૨-૧૦-'૨૮) ૩૦૩
૩૬૨. નાનકચંદને પત્ર (૨-૧૦-'૨૮) ૩૦૩
૩૬૩. એની બેસંટને પત્ર (૨-૧૦-'૨૮) ૩૦૪
૩૬૪. કલ્યાણજી મહેતા અને કાંતિને પત્ર (૨-૧૦-'૨૮) ૩૦૪
૩૬૫. કલ્યાણજી મહેતાને લખેલા પત્રનો અંશ (૩-૧૦-'૨૮ કે તે પહેલાં) ૩૦૫
૩૬૬. મીરાંબહેનને પત્ર (૩-૧૦-'૨૮) ૩૦૫
૩૬૭. બબન ગોખલેને પત્ર (૩-૧૦-'૨૮) ૩૦૬
૩૬૮. ફૂલસિંહને પત્ર (૩-૧૦-'૨૮) ૩૦૭
૩૬૯. ખોટી દયા? (૪-૧૦-'૨૮) ૩૦૭
૩૭૦. પ્રાચીન ભારતમાં કાંતણ (૪-૧૦-'૨૮) ૩૧૧
૩૭૧. એન. આર. મલકાનીને પત્ર (૪-૧૦-'૨૮) ૩૧૨
૩૭૨. ડી. બી. કૃષ્ણમ્માને પત્ર (૪-૧૦-'૨૮) ૩૧૩
૩૭૩. લાહોર વિદ્યાર્થી પરિષદને સંદેશો (જુઓ લે. નં. ૩૩૪) ૩૧૩
૩૭૪. એની બેસંટને તાર (૫-૧૦-'૨૮) ૩૧૩
૩૭૫. મોતીલાલ નેહરુને તાર (૬-૧૦-'૨૮) ૩૧૪
૩૭૬. ટી. આર. ફૂકનને તાર (૬-૧૦-'૨૮) ૩૧૪
૩૭૭. 'અમારે શું કરવું?' (૭-૧૦-'૨૮) ૩૧૫
૩૭૮. અહિંસાનું કોકડું (૭-૧૦-'૨૮) ૩૧૭
૩૭૯. જી. કે. દેવધરને પત્ર (૭-૧૦-'૨૮) ૩૧૯
૩૮૦. રોલંડ જે. વાઈલ્ડને પત્ર (૭-૧૦-'૨૮) ૩૨૦
૩૮૧. મીરાંબહેનને પત્ર (૮-૧૦-'૨૮) ૩૨૦
૩૮૨. મીરાંબહેનને પત્ર (૮-૧૦-'૨૮) ૩૨૧
૩૮૩. વી. એ. સુન્દરમને પત્ર (૮-૧૦-'૨૮) ૩૨૨
૩૮૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૮-૧૦-'૨૮) ૩૨૨
૩૮૫. છોટાલાલ તેજપાળને પત્ર (૯-૧૦-'૨૮) ૩૨૩
૩૮૬. રૈહાનાબહેન તૈયબજીને પત્ર (૧૦-૧૦-'૨૮) ૩૨૪
૩૮૭. ગિરધારીલાલને પત્ર (૧૦-૧૦-'૨૮) ૩૨૪
૩૮૮. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૧૦-૧૦-'૨૮) ૩૨૫
૩૮૯. ઈશ્વર છે (૧૧-૧૦-'૨૮) ૩૨૬
૩૯૦. ખુરશેદબહેન નવરોજીને પત્ર (૧૧-૧૦-'૨૮) ૩૩૦


Gandhi Heritage Portal

૩૯૧. જુગલકિશોરને પત્ર (૧૧-૧૦-'૨૮) ૩૩૦
૩૯૨. મોતીલાલ નેહરુને તાર (૧૨-૧૦-'૨૮) ૩૩૧
૩૯૩. વલ્લભભાઈ પટેલને તાર (૧૨-૧૦-'૨૮) ૩૩૧
૩૯૪. મેરઠની રાજકીય પરિષદને તાર (૧૨-૧૦-'૨૮) ૩૩૨
૩૯૫. ઈલિઝાબેથ નૂડસનને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૨
૩૯૬. સર એમ. વી. જોશીને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૩
૩૯૭. રૂપનારાયણ શ્રીવાસ્તવને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૩
૩૯૮. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૪
૩૯૯. આઈઝક સંત્રાને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૪
૪૦૦. મીરાંબહેનને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૫
૪૦૧. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૫
૪૦૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૭
૪૦૩. સરોજિની નાયડુને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૭
૪૦૪. એસ્થર મેનનને પત્ર (૧૨-૧૦-'૨૮) ૩૩૮
૪૦૫. ઘાતકી રિવાજ (૧૪-૧૦-'૨૮) ૩૩૮
૪૦૬. બારડોલીની ગાય (૧૪-૧૦-'૨૮) ૩૩૯
૪૦૭. બેહાલ (૧૪-૧૦-'૨૮) ૩૩૯
૪૦૮. એક કોયડો (૧૪-૧૦-'૨૮) ૩૪૦
૪૦૯. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૪-૧૦-'૨૮) ૩૪૧
૪૧૦. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર (૧૫-૧૦-'૨૮) ૩૪૩
૪૧૧. વિપિનવિહારી વર્માને પત્ર (૧૫-૧૦-'૨૮) ૩૪૪
૪૧૨. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૧૫-૧૦-'૨૮) ૩૪૪
૪૧૩. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૧૫-૧૦-'૨૮) ૩૪૫
૪૧૪. કરીમ ગુલામઅલીને પત્ર (૧૬-૧૦-'૨૮) ૩૪૫
૪૧૫. ડૉ. સી. મુથુને પત્ર (૧૬-૧૦-'૨૮) ૩૪૬
૪૧૬. રૉય હૉપકિન્સને પત્ર (૧૬-૧૦-'૨૮) ૩૪૬
૪૧૭. રુકિમણીબહેન ગાંધીને પત્ર (૧૬-૧૦-'૨૮) ૩૪૭
૪૧૮. શાસ્ત્રીનું કાર્ય (૧૮-૧૦-'૨૮) ૩૪૮
૪૧૯. ન. ચિં. કેળકરને તાર (૧૮-૧૦-'૨૮) ૩૪૯
૪૨૦. પેરીનબહેન કૅપ્ટનને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૪૯
૪૨૧. એલ. વી. પટનાયકને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૦
૪૨૨. યજ્ઞેશ્વરપ્રસાદને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૧
૪૨૩. વીણાબહેન દાસને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૧
૪૨૪. ઊર્મિલાદેવીને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૨
૪૨૫. ટી. આર. ફૂકનને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૨
૪૨૬. નાભાના મહારાજાને પત્ર (૧૮-૧૦-'૨૮) ૩૫૩


Gandhi Heritage Portal

૪૨૭. મોતીલાલ નેહરુને પત્ર (૧૮–૧૦–'૨૮) ૩૫૩
૪૨૮. મીરાંબહેનને પત્ર (૧૯–૧૦–'૨૮) ૩૫૪
૪૨૯. મીરાંબહેનને તાર (૧૯–૧૦–'૨૮) ૩૫૪
૪૩૦. બી. જી. હૉર્નિમનને પત્ર (૨૦–૧૦–'૨૮) ૩૫૫
૪૩૧. "ઋષિઓનું આશ્રમ" (૨૧–૧૦–'૨૮) ૩૫૫
૪૩૨. ભોળા મજૂરો (૨૧–૧૦–'૨૮) ૩૫૭
૪૩૩. નોંધ (૨૧–૧૦–'૨૮) ૩૫૮
૪૩૩(૧). લીલોતરી કેમ ખાવી? (૨૧–૧૦–'૨૮) ૩૬૦
૪૩૪. જૈની અહિંસા? (૨૧–૧૦–'૨૮) ૩૬૧
૪૩૫. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૨૧–૧૦–'૨૮) ૩૬૫
૪૩૬. રામદાસ ગાંધીને પત્ર (૨૨–૧૦–'૨૮) ૩૬૫
૪૩૭. નાનાભાઈ ઇ. મશરૂવાળાને પત્ર (૨૨–૧૦–'૨૮) ૩૬૬
૪૩૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૨૩–૧૦–'૨૮) ૩૬૬
૪૩૯. મીરાંબહેનને પત્ર (૨૩–૧૦–'૨૮) ૩૬૭
૪૪૦. વિ. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૨૩–૧૦–'૨૮) ૩૬૮
૪૪૧. પેરીનબહેન કૅપ્ટનને પત્ર (૨૪–૧૦–'૨૮) ૩૬૮
૪૪૨. પ્રતાપ દયાળદાસને પત્ર (૨૪–૧૦–'૨૮) ૩૬૯
૪૪૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૪–૧૦–'૨૮) ૩૬૯
૪૪૪. "મરણ આરામ છે" (૪–૧૧–'૨૮) ૩૭૦
૪૪૫. દક્ષિણમાં દુકાળ (૨૫–૧૦–'૨૮) ૩૭૨
૪૪૬. દિવાળી કેમ ઊજવવી? (૨૮–૧૦–'૨૮) ૩૭૩
૪૪૭. આપણે હિંદુસ્તાન કેમ ખોયું? (૨૫–૧૦–'૨૮) ૩૭૪
૪૪૮. इकनॉमिक्स ऑफ खद्दर (૨૫–૧૦–'૨૮) ૩૭૬
૪૪૯. નવમી ગુજરાતી સાહિત્ય પરિષદને સંદેશો (૨૬–૧૦–'૨૮) ૩૭૬
૪૫૦. સ્વેન્સ્કા કિર્કન્સને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૬
૪૫૧. એફ. બી. ફિશરને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૭
૪૫૨. હૅરિયટ ઍશબ્રૂકને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૭
૪૫૩. હૉરેસ હૉલ્બીને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૮
૪૫૪. જે. બી. પૅનિંગ્ટનને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૮
૪૫૫. ડૅનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૯
૪૫૬. ડબ્લ્યુ. એચ. પિટને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૭૯
૪૫૭. એસ. ગણેસનને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૮૦
૪૫૮. મીઠુબહેન પિટીટને પત્ર (૨૬–૧૦–'૨૮) ૩૮૦
૪૫૯. શ્રીમતી એસ. આર. દાસને તાર (૨૬–૧૦–'૨૮ કે તે પછી) ૩૮૧
૪૬૦. મીરાંબહેનને પત્ર (૨૭–૧૦–'૨૮) ૩૮૧
૪૬૧. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર (૨૭–૧૦–'૨૮) ૩૮૨


Gandhi Heritage Portal

૪૬૨. ડી. એન. બહાદુરજીને પત્ર (૨૭–૧૦–'૨૮) ૩૮૩
૪૬૩. કલ્યાણજી મહેતાને પત્ર (૨૭–૧૦–'૨૮) ૩૮૩
૪૬૪. રામદાસ ગાંધીને પત્ર (૨૭–૧૦–'૨૮) ૩૮૪
૪૬૫. દક્ષિણમાં દુષ્કાળ (૨૮–૧૦–'૨૮) ૩૮૫
૪૬૬. ગૂજરાત વિદ્યાપીઠ (૨૮–૧૦–'૨૮) ૩૮૫
૪૬૭. વૌઠાનો મેળો (૨૮–૧૦–'૨૮) ૩૮૬
૪૬૮. અહિંસા પ્રકરણ (૨૮–૧૦–'૨૮) ૩૮૭
૪૬૯. વિદ્યાર્થીઓની પ્રશ્નાવલી (૨૮–૧૦–'૨૮) ૩૮૯
૪૭૦. નવી ગુજરાતી શાળાના વાર્ષિક ઉત્સવમાં ભાષણ (૨૮–૧૦–'૨૮) ૩૯૦
૪૭૧. શાંતિકુમાર મોરારજીને પત્ર (૨૯–૧૦–'૨૮ કે તે પહેલાં) ૩૯૨
૪૭૨. મીરાંબહેનને પત્ર (૨૯–૧૦–'૨૮) ૩૯૨
૪૭૩. મહાદેવ દેસાઈને પત્ર (૨૯–૧૦–'૨૮) ૩૯૩
૪૭૪. ઘનશ્યામદાસ બિરલાને તાર (૩૦–૧૦–'૨૮) ૩૯૪
૪૭૫. મીરાંબહેનને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૪
૪૭૬. આર. કૃષ્ણય્યરને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૫
૪૭૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૬
૪૭૮. જે. યેસુથાસનને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૬
૪૭૯. ઈ. સી. ડેવિકને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૭
૪૮૦. એન. કે. એસ. નવલખાને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૭
૪૮૧. જેકબ સૉરિસને પત્ર (૩૧–૧૦–'૨૮) ૩૯૮

પરિશિષ્ટો :

૧. બારડોલીનો રિપોર્ટ ૩૯૯
૨. સમાધાનીનો પત્રવ્યવહાર ૪૦૦
૩. દક્ષિણ આફ્રિકાએ આપેલી માફી ૪૦૨
૪. સાચી ગોરક્ષા ૪૦૩

આધારરૂપ સાહિત્ય ૪૦૭
તારીખવાર વૃત્તાંત ૪૦૮
સૂચિ ૪૧૦

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

## ૧. જલિયાંવાલા બાગ સ્મારક માટેના લખાણનો મુસદ્દો[1]

૧૯૧૯ના એપ્રિલની ૧૩મીએ અંગ્રેજોની ગોળીથી શહીદ થયેલા પંદરસો નિર્દોષ હિંદુઓ, મુસ્લિમો અને શીખોનાં ભેગાં રક્તથી છંટાઈ આ ભૂમિ પાવન થઈ હતી. જાહેર ફાળો કરીને આ જમીન તેના મૂળ માલિકો પાસેથી ખરીદવામાં આવી હતી.

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૫૩૬૯

## ૨. કેળવણી વિશે પ્રશ્નો–૫[2]

૧૪. જ્યારથી આપે હિંદુસ્તાનના જાહેર જીવનમાં પ્રવેશ કર્યો છે ત્યારથી શાસ્ત્રાર્થના ચુકાદા આપની પાસે માગવાની પ્રથા દાખલ થઈ છે. અમુક પ્રસંગે અમુક વસ્તુ યોગ્ય છે કે નહીં એ આપની પાસેથી જાણવાને લોકો ઇંતેજાર રહે છે. એ વસ્તુસ્થિતિ બતાવે છે કે આપની હિલચાલ ધાર્મિક સ્વરૂપની છે. આપની ગેરહાજરીમાં આવા ચુકાદા મંડળો બહુમતીથી આપે એ યોગ્ય ગણાય ખરું? અને જો યોગ્ય ન હોય તો ધર્મવિદ્ લોકોની પરંપરા ઊભી કરવી ન પડે?

મારી પાસેથી શાસ્ત્રાર્થના ચુકાદા માગવામાં આવે છે એને હું સંતોષકારક સ્થિતિ નથી ગણતો. મારી એક પણ હિલચાલ એવી નથી કે જેનું સ્વરૂપ ગમે તેવું દેખાય, એમ છતાં એ પોતે ધાર્મિક ન હોય. પણ મારી પાસેથી દરેક વસ્તુને વિશે ચુકાદા માગવામાં આવે છે તેથી હું એમ જોઉં છું કે જે સિદ્ધાંતોને અનુસરીને ચાલવાનો હું પ્રયત્ન કરું છું તે સિદ્ધાંતો કાં તો સમજાતા નથી, અથવા તે સિદ્ધાંતોની યોગ્યતાને વિશે શંકા રહેલી હોય છે, અને હું મહાત્મા કહેવાયો એટલે, અથવા સારો માણસ મનાયો તેથી, અને આપણા લોકો શ્રદ્ધાળુ રહ્યા અને વિચાર કરવામાં કંજૂસ રહ્યા તેથી, મને પ્રશ્નો પુછાયા કરે છે. આથી મારું અભિમાન ભલે સંતોષાતું હોય, મારું કામ પણ કંઈ ભલે ઉકેલાતું હોય, પણ પ્રજાને કે પૂછનારને તેથી બહુ લાભ મળતો હોય એવું મને ભાસતું નથી. ઘણી વખતે મને એમ થઈ આવે છે કે હું જો ફતવાઓ આપવાનું બંધ કરી દઉં અને મૂંગે મોઢે મને સૂઝે અને આવડે તે કામ જ કર્યા કરું તો કેવું સારું! પણ એમ કરું તો જે છાપાંઓ હું ચલાવી રહ્યો છું તે બંધ કરવાં જોઈએ. ઘણો પત્રવ્યવહાર સંકેલવો જોઈએ. પણ એટલી હિંમત હજુ મને આવી નથી. તે આવે ત્યારે જુદી વાત. અને જો એવી હિંમત નહીં જ આવે તો સૌનો પરમમિત્ર યમરાજ મોતની ભેટ મોકલી આપી મારી અનિચ્છાએ પણ ફતવા બંધ કરશે. મારી ગેરહાજરીમાં અને હાજરીમાં પણ મારા સિદ્ધાંતોનો સ્વીકાર કરનાર મંડળ બહુમતીથી ચુકાદા આપે એમાં હું કંઈ અયોગ્ય ન જોઉં. પણ જેમ વ્યક્તિમાં તેમ મંડળોમાં ધર્મની ભાવના હોવી જોઈએ.

૧. આ મુસદ્દો "મુલ્કરાજને પત્ર", ૧–૭–૧૯૨૮, સાથે બીડવામાં આવ્યો હતો.

૨. આ લેખમાળાની અગાઉની પ્રશ્નોત્તરી માટે જુઓ પુસ્તક ૩૬ લેખ ૪૩૭, ૪૬૫, ૪૯૦ અને ૫૨૩.



Gandhi Heritage Portal

૧૫. વિદ્યાપીઠમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ, એવી કેળવણીની ત્રણ કક્ષાઓ છે, એને જ અનુક્રમે ગામડાની કેળવણી, શહેરી કેળવણી અને સમાજસેવકોની કેળવણી એવાં નામ આપીએ તો તે કેટલે દરજ્જે બરાબર થશે?

મને તો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણીનો આ પ્રશ્નમાં સૂચવેલો અર્થ મુદ્લ રુચતો નથી. ગામડાના લોકો પ્રાથમિક કેળવણી લઈને શાંત થઈ જાય એમ આપણે કેમ ઇચ્છીએ? માધ્યમિક અને ઉચ્ચ કેળવણી તેમનામાંથી પણ જેઓ લેવા ધારે તેમને તે લેવાનો અધિકાર છે. શહેરના લોકોનાં બાળકોને પ્રાથમિક કેળવણી વિના ચાલે નહીં. ત્રણેનું ધ્યેય ગામડાંઓની વૃદ્ધિ હોવું જોઈએ.

૧૬. કયા ઉદ્દેશથી આપ સંગીતને હમેશ આટલું બધું મહત્ત્વ આપો છો?

એ દુ:ખની વાત છે કે આપણા દેશમાં અત્યારે સામાન્ય રીતે સંગીતની અવગણના થાય છે. સંગીત વિના બધી કેળવણી મને તો અધૂરી જ લાગે. સંગીત વ્યક્તિગત અને સામાજિક જીવનને માધુર્ય આપે છે. શ્વાસને નિયમનમાં લાવવાને સારુ જેમ પ્રાણાયામની આવશ્યકતા છે તેમ કંઠને સંગીતની છે. જો સામાજિક સંગીતનો પ્રચાર લોકોમાં બહુ થાય તો સભાઓમાં કોલાહલ થાય છે તે શાંત કરવામાં સંગીત બહુ મદદગાર થઈ પડે. સંગીત ક્રોધને શાંત કરાવે છે અને તેનો સદુપયોગ ઈશ્વરનું દર્શન કરાવવામાં બહુ સહાય આપે છે. સંગીત એટલે રાગડા તાણતાં શીખવું અથવા નાટકનાં ગીતો ગાવાં એવો અર્થ કદી નહીં. સંગીતનો સામાન્ય અર્થ તો ઉપર કહ્યો, પણ તેનો ઊંડો અર્થ તો એ છે કે આપણું આખું જીવન સંગીતમય, સૂરીલું હોવું જોઈએ. સત્યાદિ ગુણોની આરાધના વિના જીવન એવું બને જ નહીં. જીવનને સંગીતમય કરવું એટલે તેને ઈશ્વરની સાથે એકતાર કરવું. જેણે રાગદ્વેષાદિને શમાવ્યા નથી, જેણે સેવારસ ચાખ્યો નથી, એ આ દિવ્ય સંગીતને ઓળખતો જ નથી. જે સંગીતની કેળવણીમાં આ ગૂઢ અર્થનો સમાવેશ ન હોય તે સંગીતની કિંમત મારી પાસે બહુ ઓછી અથવા કંઈ જ નથી.

૧૭. ચિત્રકળા એટલે ચિત્રકારના હૃદયમાં ઊઠતી ઊર્મિઓનું કાવ્ય, રેખા અને રંગ દ્વારા વ્યક્ત કરવું તે. એ નવી વ્યાખ્યા જો સ્વીકારીએ તો એ જાતની ચિત્રકળાને આપ રાષ્ટ્રીય કેળવણીમાં સાર્વત્રિક અને આવશ્યક સ્થાન આપો ખરા?

ચિત્રકળાને મેં કદી વખોડી નથી. પણ ચિત્રકળાને નામે પ્રચલિત ધાબાંને હમેશાં અવગણ્યાં છે. પ્રશ્નમાંની વ્યાખ્યા પ્રમાણેની ચિત્રકળા સાર્વત્રિક થઈ શકે એ વિશે મને શંકા છે. સંગીત અને ચિત્રકળાનો આ મોટો ભેદ છે — ચિત્રકળા કોઈ વિશેષ વ્યક્તિ જ પામી શકે; જ્યારે સંગીત સાર્વત્રિક હોવું જોઈએ અને હોઈ શકે. ચિત્રકળાના અંગમાં રહેલી સીધી લીટીઓ વગેરે કાઢવાની, સ્થાવર-જંગમ વસ્તુઓના નમૂના આલેખવાની કળા બધાને શીખવી શકાય. તેની આવશ્યકતા છે અને તેનો હું દરેક બાળકને અક્ષરકળા શીખવ્યા પહેલાં શીખવવાનો લોભ રાખું.

૧૮. વ્યાકરણ, ચક્રવૃદ્ધિ વ્યાજ, ઉચ્ચ ભૂમિતિ વગેરે જે વિષયો આગળ જતાં ભુલાઈ જવાના છે તે રાષ્ટ્રીય કેળવણીમાં રાખવા જ નહીં એવી ભલામણ કેટલાક લોકો કરે છે. આપ પણ એમાં સંમત હશો. તેમ હોય તો ઉર્દૂને પણ એ જ કોટીમાં કેમ ન નાખીએ? હિંદુમુસલમાન જ્યારે એકબીજાના પરિચયમાં આવવા ઇંતેજાર હશે અને એકબીજાની સંસ્કૃતિઓ સમજવાની ઇંતેજારી હશે ત્યારે જ સંસ્કૃત કે ઉર્દૂનું જ્ઞાન કામ આવવાનું ને ટકવાનું. આજનો અનુભવ પણ એવો જ છે કે વિદ્યાર્થીઓ ઉર્દૂ થોડુંક શીખે છે ને ભૂલી જાય છે. ઉર્દૂ મારફતે વ્યક્ત થતી સંસ્કૃતિ

Gandhi Heritage Portal

પ્રત્યે આદર અને શિષ્યભાવ કેળવાય ત્યારે જ ઉર્દૂનું જ્ઞાન વપરાશમાં રહેશે ને વધશે. ત્યાં સુધી તો એ ગણેશપૂજા જેવો એક ધાર્મિક વિધિ જ રહેશે.

વ્યાકરણ, ચક્રવૃદ્ધિ વ્યાજ અને ઉચ્ચ ભૂમિતિ એ ત્રણ સાથે કેમ મુકાયાં છે એ હું સમજ્યો નથી. ભાષાના જ્ઞાનને સારુ વ્યાકરણ અત્યાવશ્યક છે એમ હું માનતો આવ્યો છું, અને વ્યાકરણ તેમ જ ઉચ્ચ ભૂમિતિ બહુ રસિક વિષયો છે. બંને બુદ્ધિના નિર્દોષ વિનોદો છે, તેથી ઉચ્ચ કેળવણી લેનારને સારુ, ભાષાશાસ્ત્ર જાણનારને સારુ, આ બંને વસ્તુને હું રાષ્ટ્રીય કેળવણીમાં સ્થાન આપું. જેને હિસાબો વગેરે જાણવા હોય તેને ચક્રવૃદ્ધિ વ્યાજ વિના તો નહીં જ ચાલતું હોય, એટલે પ્રશ્નોમાં સૂચવેલી ત્રણ વસ્તુને રાષ્ટ્રીય કેળવણીમાં પોતપોતાની જગ્યામાં સ્થાન તો હોય જ. આ ઉપરથી એમ ઘટાવી શકાય ખરું કે કેટલીક વસ્તુ તો આખા જગતમાં કેળવણીને સારુ સામાન્ય હોવી જોઈએ, અને એમ જ છે. અત્યારે રાષ્ટ્રીય અને સરકારી કેળવણી એવા બે ભેદ પાડવા પડે છે, કેમ કે સરકારી કેળવણીનું વલણ રાષ્ટ્રના વિકાસનું વિઘાતક છે. પણ સરકારી શાળામાં ઘણુંયે એવું છે કે જે આપણી શાળામાંયે હોય અને હોવું જોઈએ. એમ છતાં એ શાળાઓનું વાતાવરણ પરાધીનતાનું પોષક છે અને આણીને સમયે તેનો ઉપયોગ રાષ્ટ્રને દબાવવામાં કરવામાં આવે છે તેથી તે સર્વથા ત્યાજ્ય છે. અને તેમાં કેટલુંક શિક્ષણ તો કેવળ અનાવશ્યક અને કેટલુંક બોજારૂપ છે એ તો આપણે જોઈ ગયા છીએ. પણ હું અપ્રસ્તુત વિષયમાં ઊતરી ગયો. આ પ્રશ્નની પાછળ શું રહ્યું છે એ કદાચ હું સમજ્યો નથી એ ભયથી આટલી સમજૂતી કરવી એ યોગ્ય ધાર્યું છે.

ઉર્દૂને ઉપલા ત્રણ વિષયોની સાથે ન જ સરખાવાય. હિંદુમુસલમાનને જ્યારે એકઠા થવું હશે ત્યારે થશે, પણ રાષ્ટ્રીય શાળાઓમાં તો આપણે એકબીજા પ્રત્યે પ્રેમને પોષવો જોઈએ. તેમ કરવા સારુ એકબીજાના ધર્મનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. વિદ્યાર્થીઓ ઉર્દૂ થોડુંક શીખીને ભૂલી જતા હોય તો તેઓ વેઠ ઉતારે છે, પણ એ તો હિંદીને સારુ પણ કહેવાય. હિંદી અથવા ઉર્દૂને વિશે કેમ રસ ઉત્પન્ન કરી શકાય એ તો દૈવ જાણે, પણ રાષ્ટ્રવૃદ્ધિને સારુ એનું જ્ઞાન અત્યાવશ્યક છે એને વિશે મારા મનમાં મુદ્દલ શંકા નથી.

૧૯. વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય સંપૂર્ણ રીતે જળવાય અને વિદ્યાર્થીના સ્વાભાવિક વલણમાં કોઈ પણ જાતની રુકાવટ ન થાય એટલા માટે શિક્ષકોએ તટસ્થ, નિરાગ્રહી રહેવું ઘટે છે; કોઈ પણ નિયમ, ટેવ, સિદ્ધાંત કે સદ્ગુણનો આગ્રહ ન રાખતાં જાણે પોતે જ તહોમતદાર હોય અને પોતાની તટસ્થતા સાબિત કરવા બંધાયેલો હોય એવી રીતે એણે કેળવણી આપવી જોઈએ; એવો આદર્શ કેટલેક ઠેકાણે બંધાતો જાય છે. એ આદર્શ આપ ક્યાં સુધી સ્વીકારો છો?

આ પ્રશ્નમાં કહ્યું છે એનું સમર્થન તેમ જ એનો વિરોધ બંને થઈ શકે. જો મૂળ વાત ન સચવાય તો પ્રશ્નમાં રહેલી વસ્તુનો વિરોધ કરવો જ જોઈએ અને મૂળ વાત સચવાય તો વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય ભલે સોએ સો ટકા સચવાય, અને શિક્ષક એટલો તટસ્થ રહે કે વર્ગમાં આવીને સૂઈ જાય, વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય જાળવનાર સ્વતંત્ર શિક્ષક વિદ્યાર્થીમાં ઓતપ્રોત થઈ જવાની શરતે ઇચ્છામાં આવે તેમ વર્તે. શિક્ષકને અખાની ભાષામાં કહું :

'સુતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે.

આદર્શ શિક્ષકની પાસે કોઈ દહાડો આ સિવાય બીજો આદર્શ હતો નહીં, હોવો જોઈએ નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧-૭-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩. શુદ્ધ વહેવાર

ભાઈ વિઠ્ઠલદાસ જેરાજાણી લખે છે :[1]

આવાં દૃષ્ટાંતો ઘણાં આપી શકાય. આવા વ્યવહારથી છેવટે વેપારીને ફાયદો જ થાય છે, એમ સિદ્ધ કરી શકાય. છતાં ઘણા વેપારીઓ અનીતિને માર્ગે જ ધસે છે, તેનું કારણ ધન મેળવવાની અધીરાઈ સિવાય બીજું કંઈ જ નથી. પણ ખાદીસેવકે કે ખાદી વેચનારે તો અખૂટ ધીરજ સાચવવાની છે. ખાદીને સત્ય, ધીરજ અને શ્રદ્ધા સિવાય બીજો ટેકો જ નથી, એટલે ખાદીભંડારોએ ભાઈ જેરાજાણીની સૂચનાની નોંધ લેવી ઘટે છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧–૭–૧૯૨૮

## ૪. નોંધ

### વ્યાખ્યાની પૂરણી

એક વાંચનાર, સત્યાગ્રહ આશ્રમની નિયમાવલિની[2] ટીકા મોકલતાં અહિંસાની નીચેની વ્યાખ્યા સૂચવે છે :

> અહિંસા — અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને પરમાત્મા સુધીના હર કોઈને દુ:ખી નહીં કરવાની ભાવના. નવજીવનમાં પ્રગટ થયેલા અર્થ કરતાં ઉપલો અર્થ વધુ વિશાળ રૂપમાં છે. કેમ કે પરમાત્માને અયોગ્ય વર્તન-વિચારથી દુ:ખી કરવો, તે પણ હિંસા — મહાહિંસા છે, ને અનેક અહિંસાધારીઓ એ વાતને વીસરી જાય છે.
>
> વળી આત્મઘાત–આપઘાત–તે પણ મહાહિંસા છે. છતાં આપણી આસપાસ આપઘાતના હૃદયવેધક બનાવો વારંવાર બને છે. કદાપિ તેઓ એમ સમજ્યા હશે કે આપઘાતમાં સ્વતંત્રતા છે ને તેમાં ગુના જેવું કંઈ નથી અથવા આવી પડેલા અન્યાય કે દુ:ખને ધીરજથી સહન કરવાની ઊણપને લીધે એવા બનાવો બનતા હશે. માટે અહિંસાના નિયમમાં આપઘાત વિશે સ્પષ્ટ ઉલ્લેખ થાય તો જનસમાજનું વધુ હિત થવા આશા છે.

અને જાતમહેનતને વિશે નીચે પ્રમાણે સૂચવે છે.

> જાતમહેનત — ‘બીજાની સેવા વિનાકારણ ન લેવી જોઈએ.’ એ સાથે એમ પણ ઉમેરવું જોઈએ કે ‘બીજાને વિનાકારણ સેવા આપવી નહીં.’ જો એ સૂત્ર હિંદુસ્તાન બરાબર સમજી જાય, તો કામ વગર રઝળતા ભિખારીને મરી જવું પડે.

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે એવી માહિતી આપી છે કે એક મરાઠા મજૂરભાઈએ ટૂંકી બાંયનું ખાદીનું પહેરણ ખરીદ્યું હતું. પણ મહિનામાં ફાટી જવાથી પાછા આવ્યા હતા. અને એમને બદલામાં તરત નવું પહેરણ આપવામાં આવ્યું હતું. આ પછી એમણે ખાદીનો ડગલો પણ ખરીદ્યો હતો.

૨. જુઓ પુસ્તક ૩૬, લેખ ૪૭૮.

Gandhi Heritage Portal

અહિંસાની વ્યાખ્યા વિચારવા યોગ્ય છે. અને જાતમહેનતને વિશે જે સૂચવ્યું છે તે જોકે પ્રસ્તુત નથી છતાં સમયને જોઈને યોગ્ય છે. બીજાને વિનાકારણ સેવા આપવાની ઈચ્છા થોડાને જ થાય છે, ને એવા પ્રસંગો પણ બહુ આવતા નથી. છતાં જ્યાં ધર્મભાવનાને વશ થઈને અનેક જાતનાં દાનો પુણ્યને નામે અપાય છે તે અને એવી ખોટી સેવા અટકાવવાનો અહીં આશય છે, ને તે યોગ્ય લાગે છે.

## પ્રોફેસરનું બાળલગ્ન

એક વાંચનાર લખે છે:[1]

આ પ્રોફેસર મહાશયનાં નામઠામ — વગેરે લખનારે મને મોકલ્યાં છે. આ સુધારો સહેલો નથી. ભણેલ અભણ વગેરેનો ભેદ પાડ્યા વિના જ્યાં જ્યાં લાગ ફાવે ત્યાં ત્યાં સુધારકે દૃઢતાપૂર્વક વાતાવરણને સુધારવાનો પ્રયત્ન કરવો રહ્યો છે. ભણેલ ન સમજે ત્યાં લગી આપણે અભણને વિશે ઉદાસીન ન થઈએ. જેટલે અંશે અને જ્યાં જ્યાં બાળલગ્ન વિશે લોકમત જાગ્રત કરી શકાય ત્યાં ત્યાં કરવો ઘટે છે. આપણી આજકાલની કેળવણી આત્મવિકાસની સાથે બહુ ઓછો સંબંધ રાખે છે, એ આપણે આવા દાખલા ઉપરથી રોજ જોતા જઈએ છીએ. અને વધારે ઊંડા ઊતરતાં આપણે એમ પણ જોઈએ છીએ કે આવી બાબતમાં લોકમત શિથિલ છે, અને કેટલેક અંશે આવા નઠારા રિવાજો પસંદ પણ કરે છે. જો તેમ ન હોય તો પોતાની દીકરી થવા લાયક બાળાને પરણી આવનારને કોઈ સંસ્થા સંઘરે જ કેમ? પ્રોફેસર કેમ બનાવે? તેવા પ્રોફેસર નીચે વિદ્યાર્થીઓ ભણે જ કેમ? એક જ વિદ્યાર્થીનું અપમાન કરનાર પ્રોફેસરનો વિદ્યાર્થીઓએ બહિષ્કાર કર્યાના દાખલા છે. જે પ્રોફેસર બાળલગ્ન કરી લાવે એ તો વિદ્યાર્થીનું અને પોતાના સમાજનું અપમાન કરે છે. પણ આ અપમાનને પ્રજા, વિદ્યાર્થી વગેરે બધા સાંખે છે. જે પાપને સમાજ સાંખવા તૈયાર નથી તે પાપ કરવું લગભગ અશક્ય થઈ પડે છે. એટલે બાળલગ્નાદિ દુષ્ટ રિવાજોની સામે ધીરજપૂર્વક લોકમત કેળવવો ને જ્યાં શાંત બહિષ્કાર સંભવે ત્યાં તે શસ્ત્રનો ઉપયોગ કરી પ્રજામતની જાગૃતિ કરવી ઘટે છે, અને આ કાર્યો કરવામાં યુવક-વર્ગ જો પોતે શુદ્ધ અને સંયમી હોય કે થાય તો મોટો ફાળો આપી શકે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧–૭–૧૯૨૮

૧. આ પત્ર અહીં આપ્યો નથી. એક પરણેલી પુત્રી સહિત પાંચ સંતાનો હોવા છતાં ૪૫ વર્ષના એક વિધુર પ્રોફેસરે ૧૪ વર્ષની એક બાળા સાથે લગ્ન કરેલાં તેનો પત્રમાં ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

## ૫. સ્વયંસેવકની મૂંઝવણ

બારડોલી સત્યાગ્રહ છાવણીથી એક ભાઈ લખે છે :[1]

આ ભાઈની જેવી સ્થિતિ છે એમ જણાય છે તેવી આ દેશમાં ઘણાની થાય છે. ન્યાય તો એ છે કે જેણે સેવાને ધર્મ માન્યો છે એ કુટુંબનું તેને ખાતર બલિદાન આપશે. પણ આમ શુદ્ધ ન્યાય જાણતાં છતાં હમેશાં આપણને વર્તનને સારુ સીધી લીટી જડી નથી રહેતી. સામાન્ય રીતે મનુષ્ય કુટુંબધર્મ અને દેશધર્મ વચ્ચે ઝૂલ્યા કરે છે. આદર્શ સ્થિતિમાં આ બે ધર્મ વિરોધી નથી હોતા, પણ ચાલુ સ્થિતિમાં તો ઘણી વાર બે વચ્ચે વિરોધ જ જોવામાં આવે છે. કેમ કે કુટુંબપ્રેમ સ્વાર્થની ઉપર રચાયેલો હોય છે, કુટુંબીજન સ્વાર્થને પૂજનારા હોય છે, એટલે સામાન્ય વર્તન એ સૂઝવી શકાય કે કુટુંબની સાધારણ, એટલે હિંદુસ્તાનની કંગાલિયતમાં પોષાય એવી હાજતો પૂરી પાડીને જ દેશસેવામાં ઝંપલાવાય. કુટુંબને રઝળતું મૂકીને કોઈ દેશસેવા નથી કરી શકતું, પણ કુટુંબ કોને કહેવું? તેમાં પણ કોનો નિર્વાહ કરવાપણું હોય? એક ગોત્રનાં બધાંને કુટુંબ ગણીને જે મનને ભોળવે તેને સારુ આ લખાણ નથી. નથી આ લખાણ તેને સારુ જે કુટુંબના સશક્ત લોકોને ઘેર બેઠાં ખવરાવવાની અભિલાષા રાખે. જે દેશસેવા કરવા ધારે છે એ તો આવી બાબતોમાં અણિશુદ્ધ રહીને પોતાનું વર્તન ચલાવશે. મારો અનુભવ એવો છે કે એવાનાં કુટુંબોને ભૂખે નથી મરવું પડતું. રાષ્ટ્રસેવામાં રોકાયેલાને પોતાની ખરી હાજતો પૂરતું મેળવવાનો અધિકાર છે, ને એ અધિકાર પરત્વે સેંકડો સેવકો પોતાનું ને પોતાનાં આશ્રિતોનું પોષણ કરે છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧–૭–૧૯૨૮

## ૬. એક સાચો સેવક[2]

પંડિત ગોપબંધુ દાસના સ્વર્ગવાસથી હિંદુસ્તાને અને વિશેષ કરીને ઉત્કલે એક સાચો અને શુદ્ધ સેવક ખોયો છે. એ ઓરિસ્સાનું એક રત્ન હતા. શ્રી અમૃતલાલ ઠક્કર જ્યારે દશ વર્ષ પહેલાં ઉત્કલમાં પડેલા દુષ્કાળ વખતે મદદ કરવા ગયા હતા ત્યારે તે મને ગોપબંધુબાબુનાં ચારિત્ર, અથાગ ઉદ્યમ અને લોક પ્રત્યેના પ્રેમ વિશે વખતોવખત લખતા. અસહકારના યુગમાં ગોપબંધુબાબુ ધારાસભાના સભ્ય હતા અને વકીલાત કરતા. વકીલાતમાંથી ધન એકઠું કરવાને બદલે તેમણે સાખીગોપાલમાં એક નિશાળ સ્થાપી. એ લોકપ્રિય હતી, પણ સરકારની સાથે સંબંધ રાખનારી હતી. અસહકારનું તત્ત્વ તેઓ બરાબર સમજ્યા ને સરકાર સાથેનો સંબંધ છોડ્યો. વકીલાત છોડી, સાવ ગરીબી ધારણ કરી. ધારાસભા છોડી. આ બેનો ત્યાગ તેમને સારુ ભારે નહોતો,

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પોતે વગર વેતને રાષ્ટ્રીય કામ સ્વીકારે અથવા સત્યાગ્રહ લડતમાં જોડાય, તો પોતાના ઘરનાંનું શું થાય એ પત્રલેખકની મૂંઝવણ હતી. બારડોલી પ્રશ્નના સારાંશ માટે જુઓ પુસ્તક ૩૬, પરિશિષ્ટ ૩.

૨. જુઓ પુસ્તક ૩૬, લેખ ૫૧૦, પેટામથાળું 'એક ઉમદા આત્મા ચાલ્યો ગયો.'

Gandhi Heritage Portal

પણ મિત્રોની ચેતવણીની દરકાર કર્યા વિના પોતાની વહાલામાં વહાલી વસ્તુ સત્યબાદી નિશાળને સરકારી સંબંધમાંથી લઈને તેની હસ્તીને જ જોખમમાં મૂકવી, એ ત્યાગ બહુ ભારે હતો. એમ છતાં એમણે કોઈ દિવસે પોતાના કાર્યને વિશે પશ્ચાત્તાપ કર્યો હોય એવું હું જાણતો નથી. એક વખત જ્યારે નિશાળમાંથી લગભગ વિદ્યાર્થીઓ ખાલી થઈ ગયા હતા ત્યારે મિત્રોના દબાણથી તેમને નબળાઈ આવી ગઈ હતી. સરકારમાં નિશાળને ફરી જોડવાની અરજી કરી, પણ જ્યારે સરકારે અણછાજતી શરત કરી ત્યારે તેમણે તરત અરજી કરવાની નબળાઈને સારુ પશ્ચાત્તાપ કર્યો, અને સરકારે શરતો કરી પોતાની અયોગ્યતા સિદ્ધ કરીને ગોપબંધુબાબુને અયોગ્ય સંબંધમાંથી બચાવી લીધા, તેને સારુ તેમણે પ્રભુનો પાડ માન્યો. સરળ અને શુદ્ધ હૃદયના માણસોની નબળાઈ પણ કેટલીક વેળા સબળાઈ રૂપે જોવામાં આવે છે, એવું ગોપબંધુબાબુની આ નબળાઈ વિશે લાગ્યું. આ વિશે જ્યારે તેમણે મને વાત કરી ત્યારે એક તરફથી તેમના વચનમાં અને તેમની આંખમાં હું તેમની વહાલી નિશાળ વિશે પ્રેમ જોઈ રહ્યો હતો, અને બીજી તરફથી નબળાઈની અતિશય સરળતાથી કરેલી કબૂલાત જોતો હતો. આ મિશ્રણ ગોપબંધુબાબુને શોભાવતું લાગ્યું, અને જ્યારે ગયે વર્ષે ઉત્કલના ભ્રમણમાં મને તેઓ સાખીગોપાલ લઈ ગયા ત્યારે આ એક સુંદર કુંજમાં આવેલી નિશાળનાં મોટાં મકાનોને ખંડેર જોઈ મને દુ:ખ થયું. પણ ગોપબંધુબાબુને કોઈ પ્રકારની ગ્લાનિ હતી એમ મેં ન જોયું. તેમણે છેલ્લાં ચાર વર્ષોમાં ઉત્કલની કંગાળ સ્થિતિ મટાડવામાં ખાદીની ભારે કિંમત ઓળખી લીધી હતી. તેઓ ખાદીનું કામ કરી રહ્યા હતા, અને તેમાં ઘણી વૃદ્ધિ કરવાની મસલત મારી સાથે ચલાવી રહ્યા હતા. ગોપબંધુબાબુ લાલાજીના સેવા મંડળમાં જોડાયા હતા અને તેમાં તે ઉપપ્રમુખ હતા. ગોપબંધુબાબુનું કામ ઉત્કલમાં સ્વયંસેવકો ઉઠાવી લેશે એવી આપણે આશા રાખીએ. સાધુપુરુષો મરતાં છતાં જીવે છે, અસાધુ જીવતા છતાં મૂએલા સમાન છે. ગોપબંધુબાબુ જેવા સાધુપુરુષના શારીરિક ક્ષયનું આપણને સ્વાર્થને વશ થઈને દુ:ખ લાગે જ, પણ શુદ્ધ દૃષ્ટિએ જોતાં ઈશ્વર નિર્દય નથી પણ ન્યાયી છે, એમ જાણનારને આવા વિયોગો દુ:ખકર ન હોવા જોઈએ. તેમની પવિત્રતાનું અનુકરણ તેમના જીવતાં આપણે નથી કરી શકતા પણ તે કરવાની શક્તિ તેમના ગુણના ખરા સ્મરણથી આપણામાં આવવી જોઈએ. અસંખ્ય દૃષ્ટાંતોમાં એમ થતું જોઈએ છીએ, તેથી જ મૂર્છારહિત સ્થિતિમાં આપણે મોતનો શોક અને ડર છોડીએ છીએ, ને આત્માનું અમરત્વ સિદ્ધ કરીએ છીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧–૭–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૭. ભરૂચ જિલ્લા પરિષદને સંદેશો[1]

[જુલાઈ ૧, ૧૯૨૮]

જેઓ બારડોલીને મદદ કરે છે તેઓ પોતાની જાતને મદદ કરે છે.

[મૂળ અંગ્રેજી]
बॉम्बे क्रॉनिकल, ૩–૭–૧૯૨૮

## ૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળ મળ્યા છે. કાગળ લખવાની લાયકાત નથી એમ સુશીલા માને છે. એમ ખરેખર જે પોતાની નાલાયકીનો સ્વીકાર કરે તે લાયક થવાને પૂરેપૂરો પ્રયત્ન કરે. તમે અહીંના લેણા વિશે લખ્યું તે જ અઠવાડિયે અહીંથી મારો ઠપકો ગયો હશે[2] એમ લાગે છે. હું તો જે લખવું જોઈતું હતું તે લખી ચૂક્યો હતો. તમે સાવધાન થાઓ એમ ઇચ્છું છું. સામાન્ય માણસ પણ અમુક મર્યાદાઓનું પાલન કરે જ.

અહીં બધાની તબિયત ઠીક છે.

આ કાગળ સવારે ચાર વાગ્યે લખાવ્યો હતો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૭૪૦

૧. પરિષદ જુલાઈની પહેલીએ મળી હતી. શ્રી ખુરશેદ એફ. નરીમાન પ્રમુખ હતા. વલ્લભભાઈ પટેલ, જમનાલાલ બજાજ, અબ્બાસ તૈયબજી અને એચ. જે. અમીન પણ હાજર હતા. પરિષદનો અહેવાલ ઉમેરે છે: "પરિષદે ઘણા ઠરાવો પસાર કર્યા. જેવા કે બારડોલીની લડતને ટેકો આપતો ઠરાવ; પોતે જેને સિદ્ધાંત માન્યો તેને ખાતર ભારે લડત આપવા માટે એ તાલુકાની પ્રજાને અભિનંદન આપતો ઠરાવ; સરકારે જપ્ત કરેલી કોઈ પણ જમીન નહીં ખરીદવા ભરૂચ જિલ્લાના લોકોને આદેશ આપતો ઠરાવ; મુંબઈ વિધાનસભામાંથી બારડોલીના પ્રશ્ન પર રાજીનામું આપી છૂટા થયેલા સભ્યોને બિરદાવતો ઠરાવ, તથા માનનીય દી. બ. હરિલાલ દેસાઈ, માનનીય શ્રી દહેલવી, માનનીય સર ચૂનીલાલ મહેતા અને કેરવાડાના ઠાકોરસાહેબને રાજીનામું આપવાની હાકલ કરતો ઠરાવ.

૨. ૧૯ જૂને. જુઓ પુ. ૩૬, પત્ર ૫૦૩.

Gandhi Heritage Portal

## ૯. ગોવર્ધનભાઈ ઈ. પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

પ્રિય ગોવર્ધનભાઈ,

તમારો પત્ર મળ્યો.[1] મેં કોઈ નવી શરત ઉમેરી હોય એવું સાચે જ મને લાગતું નથી. મેં તો તમને કહ્યું જ છે કે તમે તમારા કાગળમાં લખી છે તે જ વાત મારા શબ્દોમાં નવેસરથી લખી શકાય. જો દાતાઓ એમ ઇચ્છતા હોય કે ઇન્સ્પેકશન કમિટી પાસે બધી જ સત્તા[2] રહેવી જોઈએ તો તેનો મને બિલકુલ વાંધો નથી.

શ્રી ગોવર્ધનભાઈ ઈ. પટેલ,
લાલાવસાની પોળ, સાંકડીશેરી, અમદાવાદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૪૯

## ૧૦. આર. એમ. દેશમુખને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો ૨૩ જૂનનો પત્ર મળ્યો.

તમારું સૂચન[3] મને વ્યવહારુ લાગતું નથી. ખાદી કાર્યકર્તાઓને અનુભવથી શીખવા મળ્યું છે કે હાથ-કંતામણની વ્યવસ્થા નિષ્ણાતો દ્વારા ન થાય તો તે સફળ થવાનું નથી. ચરખાસંઘ એની પાસે લાવવામાં આવતું ગમે તેવું સૂતર ન જ ખરીદી શકે. જે સૂતર યોગ્ય કસનું હોય, એકસરખું હોય અને જેની આંટી સૂચના મુજબ બનાવવામાં આવી હોય તેવું સૂતર જ સંઘ સ્વીકારી શકે. આ શરતો મુજબનું સૂતર તમે સંઘને પૂરું પાડી શકો એવું મને લાગતું નથી. એટલું જ નહીં, છૂટાછવાયા પ્રચાર કે પ્રયત્નથી તમે હાથ-કાંતણ લોકપ્રિય બનાવવાની આશા રાખશો તો ફાવશો નહીં. તેથી મારી તો તમને સલાહ છે કે મૈસૂરમાં આ કામ કેવી પરિસ્થિતિ હેઠળ

૧. ૨૯ જૂનનો, ગાંધીજીના ૨૭ જૂનના પત્રના જવાબમાં એ લખાયો હતો. જુઓ પુસ્તક ૩૬, પત્ર ૫૩૩.

૨. ગોવર્ધનભાઈએ લખ્યું હતું : "પોતાનાં સૂચનો વગેરેને અમલમાં મૂકવાનો મજૂર મહાજનને આદેશ આપતાં પહેલાં આ સૂચનો દાતાઓ સમક્ષ રજૂ કરવાનું (મજૂર શાળાઓની ઇન્સ્પેક્શન) કમિટી માટે ફરજિયાત નહીં રહે. . . ." (એસ. એન. ૧૩૪૪૨)

૩. હાથે કાંતેલું સૂતર વેચવામાં નડતી મુશ્કેલીઓ સમજાવતા પોતાના પત્ર (એસ. એન. ૧૩૬૨૭)માં શ્રી દેશમુખે સૂચવ્યું હતું કે, સરકારી ખાતું મધ્યપ્રાંતમાં હાથકાંતણને સહાયક ઉદ્યોગ બનાવી શકે એટલા માટે સરકારી સોસાયટીઓના સભ્યોએ કાંતેલું સૂતર કેન્દ્રીય બૅન્કો દ્વારા નહીં પરંતુ અખિલ હિંદ ચરખા સંઘ દ્વારા ખરીદાવું જોઈએ.

Gandhi Heritage Portal

ગોઠવાઈ રહ્યું છે તે તમે તપાસો અને એ ઢબે તમારે ત્યાં કાંતણકામ શરૂ કરો. મૈસૂરના સંગઠનની વિશેષતા એ છે કે અમુક એક જિલ્લો ચરખાસંઘને સંગઠન માટે સોંપી દેવામાં આવ્યો છે. તેની આર્થિક જવાબદારી મૈસૂર રાજ્યે સ્વીકારી છે. તમારા તરફથી સંઘ આગળ આવી કોઈ દરખાસ્ત મૂકવામાં આવે તો સંઘ તે સ્વીકારી શકે કે નહીં એ પ્રશ્નનો હજી મેં વિચાર કર્યો નથી, તેમ તમારા તરફથી વિગતવાર દરખાસ્ત ન આવે ત્યાં સુધી એનો વિચાર કરવાની જરૂર પણ નથી.

તમારો
સહૃદયી

માનનીય આર. એમ. દેશમુખ
કૃષિમંત્રી, મધ્યપ્રાંત, નાગપુર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૩૧ એ

## ૧૧. મુલ્કરાજને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

પ્રિય લાલા મુલ્કરાજ,

તમારા બંને પત્રો મળ્યા. એમાંનો એક તો શીખો અને કમિટી[1] વચ્ચે ઊભી થયેલી ગેરસમજ[2] અંગે તમે પંડિત માલવિયાજીને લખેલા પત્રની નકલ છે. આ વાતનો તાબડતોબ અને છેવટનો ઉકેલ લાવવાની મારી તમને સલાહ છે. વળી મને નથી લાગતું કે માત્ર વાડ[3] કરવાથી આ પ્રશ્ન ઊકલી જાય, જોકે મને પણ વાડની જરૂર તો લાગે છે. શીખો અને કમિટી વચ્ચે આ બાબતનો યોગ્ય અને સંતોષકારક નિકાલ આવી જવો જોઈએ.

તમારા બીજા પત્ર અંગે જણાવવાનું કે સ્મારકની તકતી પર મૂકવાના લખાણનો મેં ઘડેલો મુસદ્દો[4] આ સાથે બીડ્યો છે.

તમારો
સહૃદયી

શ્રી લાલા મુલ્કરાજ
સેક્રેટરી, જલિયાંવાલા બાગ સ્મારક ફંડ
અમૃતસર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૫૩૬૯

૧. જલિયાંવાલા બાગ સ્મારક ફંડ કમિટી.
૨. હદની બાબતમાં.
૩. કમિટીએ પહેલાં નાખેલી વાંસનાં ખપાટિયાંની વાડ કેટલાક અકાલીઓ તથા બીજાઓએ મળી જબરજસ્તીથી ખસેડી નાખી હતી તેની જગાએ લોખંડની વાડ નાખવાની વાત છે. (એસ. એન. ૧૫૩૬૭)
૪. જુઓ “જલિયાંવાલા બાગ સ્મારક માટેના લખાણનો મુસદ્દો”, ૧–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૨. શાહ મહમદ કાસીમને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. હકીકતની તપાસ કર્યા વિના તમારા પત્રની યંગ ઇન્ડિયામાં નોંધ લેવાનું મારાથી બની ન શકે. આ અંગે હું તપાસ કરી રહ્યો છું,[2] ને મને લાગશે કે તમારો પત્ર પ્રસિદ્ધ કરવાથી અથવા એને વિશે કોઈ બીજી રીતે લખવાથી કોઈ ઉપયોગી હેતુ સરે એમ છે તો હું જરૂર લખીશ.[3]

તમારો
સહૃદયી

શાહ મહમદ કાસીમસાહેબ
સૈયદ મહમદ હુસેનને ત્યાં, પોસ્ટ નરહટ (ગયા)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૩૯૫ એ

## ૧૩. જોધપુર રાજ્યના સેક્રેટરીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧, ૧૯૨૮

ભાઈશ્રી,

આ સાથે બીડેલો પત્ર[4] મારા પર પ્રસિદ્ધિ માટે મોકલવામાં આવ્યો છે, પણ તેને પ્રસિદ્ધ કરતાં પહેલાં રાજ્ય તરફથી એનો જવાબ મેળવવાની મારી ઉમેદ છે. આપ એનો ટૂંકાણમાં જવાબ આપશો તો હું આભારી થઈશ.[5]

૧. ઈદને દિવસે જોધપુરના મુસ્લિમોને બકરીની કુરબાની કરવાની છૂટ ન હતી તે અંગે ફરિયાદ કરતાં તેમના ૯ જૂન ૧૯૨૮ના પત્રના જવાબમાં.

૨. જુઓ આ પછીનો પત્ર.

૩. જુઓ "શાહ મહમદ કાસીમને પત્ર", ૧૧-૭-૧૯૨૮.

૪. જુઓ આ પાન પરની પાદટીપ ૧.

૫. ૫ જુલાઈ ૧૯૨૮ના પોતાના પત્રમાં સેક્રેટરીએ લખ્યું: "રાજ્યના કાયમી હુકમની વિરુદ્ધ જઈ બે ત્રણ મુસલમાનો એક બકરાને હલાલ કરવા જનવાણી હિંદુઓના લત્તામાંથી ખુલ્લે આમ લઈ જતા હતા. હવે રાજ્યના હિંદુઓમાં ચાલી આવેલી એવી પ્રથા છે કે આવી રીતે કોઈ બકરાઓને એમના મહોલ્લામાંથી કુરબાની માટે લઈ જવાતા હોય તો તેમનો કબજો લઈ, તેના કાનમાં લોખંડની કડી પહેરાવી તેમને અમર બનાવી દેવા અને પછી તે જીવે ત્યાં સુધી પાળવા. પેલા બકરાને પણ આ જ રીતે

Gandhi Heritage Portal

મારા પત્રની પહોંચ લખો ત્યારે બીડેલો પત્ર પરત કરવા કૃપા કરશો.

આપનો સહૃદયી

બિડાણ: દસ પાનાં

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૩૯૬

## ૧૪. જમનાદાસ ગાંધીને તાર

સાબરમતી,
જુલાઈ ૨, ૧૯૨૮

જમનાદાસ ગાંધી
મિડલ સ્કૂલ સામે, રાજકોટ

બે દિવસ માટે તત્કાળ આવો.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ તાર પરથી: સી. ડબલ્યુ. ૮૬૯૮; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

## ૧૫. બહેચર પરમારને પત્ર

જુલાઈ ૨, ૧૯૨૮

ભાઈશ્રી ૫ બહેચર પરમાર,

તમે જે દોષ વાળંદના ધંધાને વળગવા વિશે માનો છો તે તો કદાચ બધામાં આવે. પણ સહુ પોતપોતાના ધંધાને વળગી આજીવિકા મેળવે તો ઓછામાં ઓછું ઘર્ષણ થાય.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૫૫૬૭

કબજે લઈ હિંદુઓએ અમર બનાવી દીધો હતો. હિંદુઓના આ ધાર્મિક કૃત્યથી મુસલમાનો ઉશ્કેરાઈ ગયા એટલે હિંદુઓએ પેલા બકરાને રક્ષણ માટે પોલીસને સોંપી દીધો. શહેરના પોલીસ થાણામાં પોલીસોએ આ બકરો રાખ્યો હતો, પણ આશરે ત્રણેક હજાર મુસ્લિમોનું ટોળું જમા થઈ ગયું અને પોલીસથાણાને ઘેરી લઈ ગુનાહિત બળપ્રદર્શન કરી બકરો પાછો માગવા લાગ્યું. હુમલાખોરો હાથમાં લાઠીઓ અને તલવાર લઈ થાણાની દીવાલો પર ચડી ગયા અને પોલીસ પર હુમલો કરવા જતા હતા, એટલામાં લશ્કર બોલાવવામાં આવ્યું જેણે તેમને વિખેરી નાખ્યા. કોઈનું પણ મરણ થયું ન હતું." [એસ. એન. ૧૨૩૯૭-એ]

Gandhi Heritage Portal

## ૧૬. રામનારાયણ વિશ્વનાથ પાઠકને પત્ર

જુલાઈ ૨, ૧૯૨૮

ભાઈ રામનારાયણ,

જરાક વખત મળ્યે તમને કાગળ લખવાના ઈરાદાથી તમારો ૧૮મી એપ્રિલનો કાગળ આજ લગી સાચવ્યો. તમે વિદ્યાપીઠ[1] છોડી તેથી મને દુઃખ તો જરૂર થયું, પણ તમે સીધો સંબંધ છોડ્યો છે છતાં જે સંસ્થાને તમે સેવી છે તેને યથાશક્તિ પોષ્યા કરશો, એમ તો હું માનું જ છું. તમારી તબિયત સારી રહેતી હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૬૧૧૦

## ૧૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

જુલાઈ ૨, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર તથા રૂ. ૨૭૦૦)ની હૂંડી મળ્યાં. હું ચીનની સાથે સંબંધ તો રાખું છું, પણ તેમને તાર કરવાને દિલ નથી થતું. એમાં થોડો અભિમાનનો અંશ આવે છે. જીવતો રહીશ તો ચીન જવાનો ઈરાદો અવશ્ય છે. ત્યાં આગળ થોડી શાંતિ થયા પછી તે લોકો મને બોલાવવા ઇચ્છે છે.

તમે બધા ભાઈઓ પાસેથી આર્થિક મદદ માગવાનો મને હમેશાં સંકોચ રહે છે, કેમ કે, જે કંઈ માગું છું તે તમે આપી દો છો. દક્ષિણામૂર્તિની બાબતમાં હું સમજું છું. વાત એમ છે કે, દેશમાં સારાં કામો તો ઘણાં છે; પરંતુ દાન આપનારાઓ કંઈક ઓછા છે. સારાં કામો અટકતાં નથી, પરંતુ નવા આપનારાઓ પેદા થતા નથી. અને નવાં કામો તો હમેશાં વધતાં જાય છે.

તમારું કહેવું સાચું છે કે, નિયમાવલિની કિંમત કેવળ નિયમોનું પાલન કરનારાઓ પર જ નિર્ભર છે.

પૈસા ઑસ્ટ્રિયન મિત્રોને[2] મોકલી આપ્યા છે.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]
ભાષાંતર : મહાત્માજીની છાયામાં, પા. ૪૯

૧. ગૂજરાત વિદ્યાપીઠ.
૨. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથ; જુઓ પુસ્તક ૩૬, પત્ર ૫૦૨.

Gandhi Heritage Portal

## ૧૮. બહેરામજી ખંભાતાને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૩, ૧૯૨૮

ભાઈશ્રી ૫ બહેરામજી,

મગનલાલ વિશે તમારો કાગળ મળ્યો હતો. હું તો તેનું મોત[1] ભૂલી ગયો છું. તેનો આત્મા આશ્રમમાં આજ પણ કામ કરી રહ્યો છે. તમારી તબિયત ખૂબ સુધારજો. તમે બંને ખુશમિજાજ રહેજો.

બાપુના આશીર્વાદ

શ્રીયુત બહેરામજી ખંભાતા
લાઈફ્સ્ નેચર ક્યોર હેલ્થ હાઉસ, ઇંગ્લંડ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૪૩૭૦; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતાના સૌજન્યથી

## ૧૯. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૩, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારા કાગળ મળ્યા છે. ત્યાંના જલસાનું વર્ણન ઠીક છે. પણ હજુ વધારે સારું વર્ણન આપી શકાય. દેવશર્માજીને બધી વાત કહી એ ઠીક કર્યું. વરસાદનું તો અહીં પણ એમ જ છે. માત્ર એક ઝાપટું ગઈ કાલે આવી ગયું તે પણ વાવેતર પૂરતું ન ગણાય.

મહાદેવ હવે બે ત્રણ દિવસમાં ફરતા થઈ જવાનો સંભવ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૮૧; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. ૧૯૨૮ના એપ્રિલની ૨૩મીએ મગનલાલ ગાંધીનું અવસાન થયું. જુઓ પુસ્તક ૩૬, લેખ ૩૧૭.

Gandhi Heritage Portal

# ૧૯(૧). જવાહરલાલ નેહરુને પત્ર[1]

જુલાઈ ૩, ૧૯૨૮

પ્રિય જવાહર,

તમારો પત્ર મળ્યો છે. હા; પિતાજીએ કમળા અને ઇન્દુ બંને માટે મને બધું લખ્યું હતું.

એ તો સ્પષ્ટ છે કે યોગ્ય સમાધાન માટે જેવું વાતાવરણ જોઈએ એવું આપણે ત્યાં નથી. ખડગપુરનો આકંપ જુઓને! હજી વધુ વ્યૂહબદ્ધ લડાઈઓ થશે પછી જ બંને પક્ષોની સાન ઠેકાણે આવશે.

ઇચ્છું છું કે તમને એકલવાયું ન લાગે. આપણે સમજી લેવું ઘટે કે કાર્યકર્તાઓનું કામ આપણે પહેલાં ધારતા હતા એટલું સહેલું નથી. અધીરા થશો નહીં, અને જીવંત શ્રદ્ધા સાથે કોઈ મહેનતનું કામ ઉપાડી લેજો. સૉંગ સિલેશ્યલ [એડવિન આર્નોલ્ડ કૃત ગીતાનું અંગ્રેજી ભાષાંતર]માંથી માર્ગદર્શન મેળવતા રહેજો.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

ગાંધી-નેહરુ પેપર્સ, ૧૯૨૮: નેહરુ મૅમોરિયલ મ્યુઝિયમ અને લાઇબ્રેરીના સૌજન્યથી

# ૨૦. નારાયણ મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મળ્યો. સિંધના ભાગલા બાબતમાં આ બે પક્ષોની, એટલે કે એક બાજુ જેઠમલ[2] અને બીજા, તથા બીજી બાજુ જયરામદાસ[3] અને એમના સાથીઓની, શી વાત છે? અને તમે ઉલ્લેખ કર્યો છે તે છાપાં કયાં છે?

તમે એમ માનો છો કે દહેજની રકમ હાલ અમર્યાદિત છે, તે પર કંઈક મર્યાદા મુકાય તો તે પૂરતું છે? વળી તમે સૂચવેલી ત્રણ હજારની ઓછામાં ઓછી રકમ પણ ન ભરી શકે એવાં ગરીબ માબાપનું શું?

જે બહેનો તમને ખાદીની ફેરીમાં મદદ કરી રહી છે તેમને મારા તરફથી અભિનંદન આપશો. હૈદરાબાદમાં કોઈ સિંધી કન્યા ખાદી પહેરે અને તેની ફેરી પણ કરે એ તો બેશક ખાસ બહાદુરીનું કામ ગણાય.

તમારો સહૃદયી
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૭

૧. અંગ્રેજી પુસ્તકમાં પુરવણીમાં આપેલો આ પત્ર અહીં એની તારીખ પ્રમાણે આપ્યો છે.

૨. જેઠમલ પરશુરામ.

૩. જયરામદાસ દોલતરામ.

Gandhi Heritage Portal

## ૨૧. શ્રીપ્રકાશને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ શ્રીપ્રકાશ,

તમારો પત્ર મળ્યો. અવાય એમ હોય ત્યારે જરૂર આવો. હજી થોડા મહિના સુધી હું આશ્રમ બહાર જાઉં એવો સંભવ નથી.

તમે મોકલેલા ચેકની રકમ હું મગનલાલ સ્મારક તથા બારડોલીની લડત માટે સરખે ભાગે વહેંચી દઉં છું.

આખરે તમે સંઘના સભ્ય બન્યા તેથી હું ઘણો રાજી થયો છું. તમે અ વર્ગના સભ્ય ન બનો ત્યાં સુધી મને સંતોષ નહીં થાય. બ વર્ગ તમારા જેવા માટે તો નથી જ.[1]

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૫૦

## ૨૨. બી. ડબલ્યુ. ટકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારા અગાઉના પત્રોમાં તમારે પોતે શરમાવું પડે એવું તો કશું જ ન હતું. તમારો અભિપ્રાય[2] હું સ્વીકારી શક્યો નહોતો, તોપણ તમે કરેલી ટીકાની પાછળ રહેલા સદ્ભાવની હું જરૂર કદર કરું છું. ડેપ્યુટી કમિશનર[3] સાથે તમે જે વલણ અખત્યાર કર્યું છે તે મને યોગ્ય જ લાગે છે. સાચું પૂછો તો ભારતમાંનાં વિદેશી ખ્રિસ્તી મિશનોનું સંચાલન મને કોઈ

૧. અખિલ હિંદ ચરખા સંઘના સભ્યપદના પ્રકારની વાત છે. સંઘના બંધારણ મુજબ "અ વર્ગના સભ્યો દર મહિને ૧૦૦૦ હજાર વાર પોતે કાંતેલું સૂતર જમા કરાવશે..." અને બ વર્ગના સભ્યો "પોતે કાંતેલું બે હજાર વાર સૂતર દર વરસે જમા કરાવશે"... જુઓ પુસ્તક ૨૮, પા. ૨૦૪.

૨. કલકત્તાની એક સ્કૂલ સાથે સંકળાયેલા ટકર નામના અમેરિકન મિશનરીએ પોતાના ૨૮ જૂનના પત્ર [એસ. એન. ૧૩૪૪૦]માં લખ્યું હતું : "મારા પોતાના ટીકાત્મક વલણની મને પોતાને ભારે શરમ આવે છે... ...મેં કરેલી ટીકાઓમાંની ઘણીખરી તો મારા સ્વભાવની નબળાઈઓની પેદાશ હતી; અને તે મારા મનમાં અને હૃદયમાં જેને વિશે ખૂબ જ અનિશ્ચિતતા છે એવાં મારાં કેટલાંક વલણોને વાજબી ઠરાવવાના પ્રયત્ન રૂપે હતી."

૩. શ્રી ટકરે લખ્યું હતું, "મિ. વેર્સ [ડેપ્યુટી કમિશનર] મને મળ્યા, અને મને તેમણે જ્યારે કહ્યું કે રાજકીય સભાઓમાં હાજરી આપી મેં ગુનો કર્યો હતો ત્યારે તો મારા અચંબાનો પાર ન રહ્યો. વળી એમણે એમ પણ કહ્યું કે સભાઓમાં હાજરી આપવાથી અમેરિકાના બોર્ડ ઑફ મિશન્સે પોતાના

Gandhi Heritage Portal

13716

પણ રીતે અપીલ કરતું નથી. એમાં ધાર્મિકતા કે સચ્ચાઈ કરતાં દુનિયાદારીપણું અને તકવાદ વિશેષ જણાય છે. આ મિશનો પર સરકારે લાદેલી શરતો કોઈ પણ ધાર્મિક મંડળ શી રીતે સ્વીકારી શકે? અંગ્રેજ મિશનોનો પ્રયાસ તો ખુલ્લંખુલ્લા રાજનૈતિક જ છે. આ સંસ્થાએ સરકાર સાથે હાથ મિલાવ્યા છે, અને તે સામાન્ય રીતે સરકારી આદેશને અનુસરે છે. ગમે તેમ હોય, પણ મને તો એવું લાગે છે. આ મિશનની વધારે પડતી દુન્યવી વૃત્તિ ઍન્ડ્રૂઝ[1] કેમ્બ્રિજ મિશન છોડી ગયા તેનાં કારણોમાંનું એક કારણ હતું એમ હું ધારું છું. પરંતુ, આ બાબતમાં પણ મારી ભૂલ હોઈ શકે. મારું આ અનુમાન ઍન્ડ્રૂઝના પોતાના વલણથી તદ્દન સ્વતંત્ર છે. આમ હોઈ, તમારા પર આવી પડેલી હાલની કટોકટી મને છૂપા વરદાન જેવી લાગે છે. અને તમારામાં પૂરતી શ્રદ્ધા તથા શક્તિ હશે તો તમે સદાને માટે તમારી સંસ્થાથી છૂટા થઈ જશો. મારા અભિપ્રાય પ્રમાણે તો, આમ કરીને તમે સત્યના સંદેશવાહક બનવા માટે વધારે પાત્ર ઠરશો.

પશ્ચિમના દેશોની મારી મુલાકાતની દરખાસ્ત અંગે તમે જે લખો છો[2] તે હું સમજું છું. બાહ્ય પરિસ્થિતિ અનુકૂળ હશે અને મારી તબિયત સારી રહેશે તો આવતે વર્ષે જવાની મારી ઉમેદ છે.

તમારો સહૃદયી

રેવરન્ડ બી. ડબ્લ્યુ. ટકર
"ધ મેન્સ" દાર્જીલિંગ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૫૧

REFERENCE BOOK

ગાંધી સ્મારક સંગ્રહાલય ગ્રંથાલય અમદાવાદ-૧૩.

મિશનરીઓ તરફથી આપેલી બાંયધરીનો ભંગ થતો હતો... મારી આ પ્રવૃત્તિ હું બંધ ન કરુ તો સરકાર તરફથી અમારી શાળાને મળતી માસિક રૂ. ૧૭૫ની ગ્રાન્ટ બંધ થઈ જાય... અને સરકાર મિશનરી બોર્ડને ફરિયાદ કરી.... .. મને પાછો પણ બોલાવડાવે..... આ બધો અહેવાલ અમેરિકન બોર્ડના સેક્રેટરી પર તથા બિશપ ફિશર પર મેં ક્યારનો મોકલી આપ્યો છે, અને મેં એમને જણાવી દીધું છે કે આવો કોઈ હુકમ હું સ્વીકારનાર નથી. જો આ લોકો એવો આગ્રહ રાખશે કે મારે સરકારની માગણી મંજૂર રાખવી, તો પછી બોર્ડના મિશનરી પદેથી રાજીનામું આપવા સિવાય મારે માટે કોઈ માનભર્યો માર્ગ નથી. . . ."

૧. સી. એફ. ઍન્ડ્રૂઝ.

૨. તેમણે લખ્યું હતું: "આપ ત્યાં જાહેર સભાઓ નહીં યોજો પણ ખાસ ખાસ લોકો અને સમૂહોની જ મુલાકાત લેશો અને વાતચીત કરશો, એવી તમારી વાત સાથે હું સંમત છું. એનાથી આપને પરિશ્રમ ઓછો પડશે એટલું જ નહીં પણ આપના સંદેશ અને વ્યક્તિત્વનો પ્રભાવ પણ એથી વધશે."

Gandhi Heritage Portal

# ૨૩. પ્રફુલ્લચંદ્ર ઘોષને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૪, ૧૯૨૮

પ્રિય પ્રફુલ્લબાબુ,

તમે મોકલેલો ઠરાવ[૧] મેં વાંચ્યો છે. એમાં નથી નમ્રતા કે નથી ખાદીની ભાવના. જમનાલાલજીના જે પત્રની નકલ તમે મને મોકલી છે, તેમાં અપમાનજનક શું છે તે મને તો સમજાતું નથી. એ પત્રની ભાષા તમને અપમાનજનક લાગે છે કે એ પત્રમાંનું કોઈ વિધાન? સંઘની કારોબારીની સભાઓમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી મને આજકાલ રહેતી નથી; અને તેથી આ દસ હજાર રૂપિયાની મંજૂરી બાબતમાં હું કંઈ જ જાણતો નથી. સંભવ છે કે ઠરાવોની નકલ મારા પર યથાસમય આવી હોય ત્યારે આ બાબત મારી નજરે ચડી હોય. પણ હાલ તો મને કશું જ યાદ નથી. જમનાલાલજી આશ્રમમાં નથી. પરંતુ એક ત્રાહિત તરીકે એમનો પત્ર વાંચતાં, મને એની વસ્તુમાં કે શૈલીમાં કશું વાંધાજનક લાગતું નથી. ધારો કે કશું ઉઘરાણું ન થયું હોત, ને બધા નેવુએ નેવુ હજાર માત્ર કાગળ પર જ રહ્યા હોત, તો જમનાલાલજી તમને દસ હજાર રૂપિયા આપી શકત? આટલું તો હું ચોક્કસ જાણું છું કે સંઘ પાસે હાલ ફાજલ મૂડી નથી. તમારી પાસેથી હું અવિશ્વાસની નહીં પણ ધીરજની તથા સાવધાનીની અપેક્ષા રાખું છું. સંઘની કારોબારી સમક્ષનું કામ સહેલું તો નથી જ. એને વખોડી કાઢતા ઠરાવો પસાર કરવાને બદલે તમારે એ મંડળની મુશ્કેલીઓની કદર કરવી જોઈતી હતી, અને એની કોઈ ભૂલ જડી હોય તો તે ભૂલ સુધારવી જોઈતી હતી. હું તમારી જગાએ હોઉં તો, મને કહેવામાં આવે તે પહેલાં જ, પેલો ઠરાવ પાછો ખેંચી લઉં. પણ, તમને આવી કોઈ સલાહની જરૂર ન લાગતી હોય, અને પોતે નિર્ણય બાંધવામાં ઉતાવળ કરી છે એમ તમારું મન કબૂલતું ન હોય, તો જરૂર તમે તમારા ઠરાવને વળગી રહેજો.

તમારો સહૃદયી

ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષ
મંત્રી: અભય આશ્રમ, કોમિલ્લા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૩૧ બી

૧. અખિલ હિંદ ચરખા સંઘની કારોબારીની બશીરહાટ ખાતે મળેલી સભામાં મંજૂર થયેલી રૂ. ૧૦,૦૦૦ની લોન બાબત સંઘના કાર્યકારી પ્રમુખ શેઠ જમનાલાલ બજાજે ૧૩ જૂન ૧૯૨૮ના રોજ મુંબઈથી લખેલો પત્ર, સદરહુ લોન આપવાના ઠરાવની પાછળ રહેલી ભાવનાનું ખંડન કરે છે. અને એ ઉપરાંત અમારી સંસ્થા તરફનું સંઘનું વર્તન અપમાનજનક છે, તથા ભૂતકાળમાં તેમ જ હાલમાં પણ અમને અન્યાય જ કરવામાં આવ્યો છે, તે લક્ષમાં લઈ અભય આશ્રમના સભ્યોની આ સભા ઠરાવે છે કે રૂ. ૧૦,૦૦૦ની સદરહુ લોનનો સખેદ અસ્વીકાર કરવો તથા ભવિષ્યમાં પણ સંઘ પાસેથી એવી કોઈ લોન લેવી નહીં." (એસ. એન. ૧૪૪૪૮)

Gandhi Heritage Portal

## ૨૪. મસૂદ જંગ બહાદુરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

કર્વે યુનિવર્સિટીમાં તમે આપેલા દીક્ષાન્ત પ્રવચનની નકલ મળી; આભાર. છાપામાં આવેલા અહેવાલમાંથી આ ભાષણના કેટલાક ફકરાની કાપલીઓ મારે માટે સંઘરાયેલી, તે પરથી **યંગ ઇન્ડિયામાં** તમારા ભાષણના મુદ્દા[1] પર મેં લખ્યું જ છે, તે તમે જોયું હશે. મને થોડી ફુરસદ મળશે કે તરત જ તમારું આખું વ્યાખ્યાન વાંચી જવાનો લહાવો હું લઈશ.

તમારો સહૃદયી

નવાબ મસૂદ જંગ બહાદુર
શિક્ષણ નિયામક: નિઝામ રાજ્ય, હૈદરાબાદ (દક્ષિણ)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : ૧૩૪૪૯

## ૨૫. સ્વયંસિદ્ધ વાત

કર્વે મહાવિદ્યાલયમાં હૈદરાબાદ રાજ્યના કેળવણીખાતાના વડા નવાબ મસૂદ જંગ બહાદુરે દેશી ભાષા દ્વારા શિક્ષણ આપવા વિશે જે જબરદસ્ત દલીલ કરી હતી તેનો જવાબ **ટાઇમ્સ ઑફ ઇન્ડિયાએ** આપ્યો છે. તેમાંથી એક મિત્રે મને નીચેના ઉતારા જવાબ આપવા માટે મોકલ્યા છે:

> એ નેતાઓના લેખોમાં જે કાંઈ મૂલ્યવાન અને ફળદાયી છે તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પાશ્ચાત્ય સંસ્કૃતિનું પરિણામ છે . . . . છેલ્લાં ૬૦ વરસોનો ઇતિહાસ લેવાને બદલે ૧૦૦ વરસોનો ઇતિહાસ જોઈશું તોપણ આપણને જણાશે કે રાજા રામમોહન રાયથી માંડીને તે મહાત્મા ગાંધી સુધી જે કોઈ હિંદીએ કોઈ પણ દિશામાં કાંઈ પણ નોંધવા લાયક કાર્ય કર્યું હોય તો તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પાશ્ચાત્ય શિક્ષણનું પરિણામ છે.

આ ઉતારામાં અંગ્રેજી ભાષાની શિક્ષણના વાહન તરીકે કિંમતની વાત નથી, પણ પાશ્ચાત્ય સંસ્કૃતિએ અમુક અમુક માણસો ઉપર કેવો પ્રભાવ પાડયો છે એની જ વાત છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના મહત્ત્વ અથવા પ્રભાવને વિશે નવાબસાહેબે અથવા બીજા કોઈ પણ જણે વાંધો ઉઠાવ્યો જ નથી. જેનો વિરોધ કરવામાં આવે છે તે તો પાશ્ચાત્ય સંસ્કૃતિને માટે હિંદી અથવા આર્યસંસ્કૃતિનો ભોગ આપવામાં આવે છે તે છે. જો પાશ્ચાત્ય શિક્ષણ પૌરસ્ત્ય અથવા આર્યસંસ્કૃતિથી ચડિયાતું છે એમ સિદ્ધ કરવામાં આવે તોપણ હિંદુસ્તાનનાં અતિશય આશા

૧. જુઓ આ પછીનો લેખ

Gandhi Heritage Portal

આપનારાં સંતાનોને પાશ્ચાત્ય શિક્ષણની તાલીમ આપવી અને તેમને આમવર્ગથી અલગ કરી રાષ્ટ્રભ્રષ્ટ કરવાં એમાં સમસ્ત ભારતનું અહિત રહેલું છે.

મારા ધારવા પ્રમાણે ઉપરના ઉતારામાં લખેલા પુરુષોએ પ્રજા ઉપર જે કંઈ સારી અસર પાડી છે તે પાશ્ચાત્ય સંસ્કૃતિની પ્રતિકૂળ અસર છતાં આર્ય સંસ્કૃતિ જેટલે અંશે પોતાનામાં પચાવી હોય તેટલે અંશે જ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની પ્રતિકૂળ અસર હું એ અર્થમાં કહું છું કે આર્ય સંસ્કૃતિની પૂરેપૂરી અસર થવામાં તે જેટલે અંશે અંતરાયરૂપ થઈ પડી હોય. મેં પોતે પાશ્ચાત્ય સંસ્કૃતિ પ્રત્યે મારું જેટલું ઋણ છે એ છૂટથી કબૂલ કર્યું છે. છતાં મારે કહેવું જોઈએ કે પ્રજાની મેં કંઈ પણ સેવા કરી હશે તો તે તો હું મારા જીવનમાં આર્ય સંસ્કૃતિ જેટલી ઉતારી શક્યો છું તેને જ આભારી છે. હું જાંગલા જેવો થઈને એક રાષ્ટ્રભ્રષ્ટ મનુષ્ય તરીકે પ્રજા આગળ ઊભો રહ્યો હોત તો તેમને વિશે હું કશું જાણી શકત નહીં, તેમની ઉપેક્ષા કરત, તેમની રીતભાત, તેમના વિચાર અને તેમના મનોરથોનો તિરસ્કાર કરી, તેમની અસેવા કરત. જ્યાં પ્રજાએ પોતાની સંસ્કૃતિ પચાવી નથી ત્યાં ગમે તેવી સારી છતાં પોતાને પ્રતિકૂળ એવી પારકી સંસ્કૃતિના હુમલા સામે થવામાં પ્રજાની શક્તિનો કેટલો વ્યય થાય છે એનું માપ કાઢવું મુશ્કેલ છે.

આખા પ્રશ્નને સમગ્ર રીતે વિચારી જોઈએ. ચૈતન્ય, નાનક, કબીર, તુલસીદાસ, અને બીજા અનેક સુધારકોને જો બાળપણથી સારામાં સારી અંગ્રેજી શાળામાં મૂકવામાં આવ્યા હોત તો શું તેમણે વધારે કામ કર્યું હોત? ટાઇમ્સના લેખમાં જણાવેલા પુરુષોયે આ સુધારકોના કરતાં શું વધારે કામ કરી શક્યા હોત? પોતાના બાળપણથી પાશ્ચાત્ય શિક્ષણની જ અસરમાં ઊછરતા આજના મોજીલા, એશઆરામી અંગ્રેજી બોલનારા રાજામહારાજાઓમાં એક તો એવો બતાવો કે જેનું નામ મહાસંકટોની સામે ઝૂઝનારા અને પોતાના માવળાઓની સાથે તેમનું કઠણ જીવન ગાળનારા શિવાજીની સાથે સાથે લઈ શકાય? ભયને ભગાડતા ફરનારા રાણા પ્રતાપ કરતાં તેમાંના કયા રાજાનો અમલ ચડિયાતો છે? અરે, એમને પાશ્ચાત્ય સંસ્કૃતિના પણ સરસ નમૂના કેમ ગણી શકાય? એ રાજાઓ પોતાની નગરીઓ અનેક આધિ, વ્યાધિ અને ઉપાધિથી સળગી રહી છે ત્યારે લંડન અને પૅરિસમાં ગાનતાનમાં ગુલતાન છે. જે શિક્ષણે તેમને પોતાના જ મુલકમાં પરદેશી બનાવ્યા છે, અને જે શિક્ષણ તેમને જે પ્રજા ઉપર ઈશ્વરે રાજકર્તા નીમ્યા છે તે પ્રજાનાં સુખદુ:ખમાં ભાગ લેવાને બદલે યુરોપમાં તે પ્રજાનું ધન અને પોતાના આત્મા વેડફી મારવાનું શીખવે છે, તે શિક્ષણ વિશે મગરૂર થવાપણું શું છે?

પણ પાશ્ચાત્ય શિક્ષણની અહીં વાત જ નથી. મુદ્દાની વાત તો શિક્ષણનું વાહન છે. આપણને જે કાંઈ ઊંચી કેળવણી મળી છે અથવા તો જે કાંઈ કેળવણી મળી છે તે કેવળ અંગ્રેજી ભાષા દ્વારા જ મળી છે, એટલા કારણસર તો આજે દલીલો કરીને ઊજળી દીવા જેવી વાત સિદ્ધ કરવી પડે છે કે કોઈ પણ પ્રજાના યુવકવર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઊતરતી કે ચડતી બધી કેળવણી તેમની ભાષા દ્વારા જ મળવી જોઈએ. પ્રજાના યુવાનવર્ગને જ્યાં સુધી લોકો સમજે એવી ભાષા મારફતે જ્ઞાન મળતું અને પચતું ન હોય ત્યાં સુધી તેઓ પ્રજા સાથે જીવંત સંબંધ જોડી નથી શકતા કે સ્થાયી રાખી નથી શકતા, એ સ્વયંસિદ્ધ વાત છે. પારકી ભાષા અને તેના રૂઢપ્રયોગો કે જેમનો એ યુવાનોને નિત્ય જીવનમાં કશો ઉપયોગ નથી અને જે શીખવામાં તેમને પોતાની માતૃભાષા અને તેના સાહિત્યની અવગણના કરવી પડી છે, તે ઉપર કાબૂ મેળવવામાં હજારો યુવકોનાં કીમતી વર્ષો વહી જાય છે તેથી પ્રજાને જે અપાર હાનિ

Gandhi Heritage Portal

થાય છે તેનું કોણ માપ કાઢી શકશે? અમુક ભાષા તો ખીલી શકે જ નહીં અથવા અમુક ભાષામાં અટપટા અથવા વિવિધ વિજ્ઞાનના વિચારો દર્શાવી શકાય જ નહીં, એમ માનવા કરતાં વધારે ભૂંડો વહેમ મેં જાણ્યો નથી. ભાષા તો તેના બોલનારાઓના ચારિત્ર્ય અને ઉત્કર્ષનું યથાર્થ પ્રતિબિંબ છે.

પરદેશી રાજ્યનાં અનેક અનિષ્ટોમાં દેશના યુવાનો ઉપર પરભાષાના વાહનનો આ ઘાતક બોજો નખાયો એ એક મોટામાં મોટા અનિષ્ટ તરીકે ઇતિહાસમાં ગણાશે. એ વાહને પ્રજાની શક્તિ હણી લીધી છે, વિદ્યાર્થીઓનાં જીવન ટૂંકાં કર્યાં છે, તેમને આમવર્ગથી અલગ કર્યા છે, અને કેળવણીને નાહક ખર્ચાળ કરી મૂકી છે. જો આ પ્રથા હજી ચાલુ રહેશે તો તેથી પ્રજાના આત્માનો હ્રાસ થવાની વકી છે. એટલે કેળવાયેલા હિંદીઓ પરભાષાના વાહનની ભયંકર મોહિનીનો જેટલો જલદી ત્યાગ કરે તેટલું તેમને માટે અને પ્રજાને માટે સારું છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ५–७–१९२८
ભાષાંતર: नवजीवन, ८–७–१९२८

## ૨૬. આપણું તમાકુનું ખર્ચ

જાતજાતના સુધારામાં જેને રસ છે એવા એક પત્રલેખક ભાઈ પૂછે છે કે, આપણો દેશ તમાકુ પાછળ કેટલાં નાણાં વેડફે છે? તપાસ કરતાં જાણવા મળે છે કે આપણે દર વર્ષે બે કરોડ તેર લાખ રૂપિયા કાચી તમાકુ તથા સિગારેટ માટે ચૂકવીએ છીએ. આ રકમ દર વર્ષે વધતી જ જાય છે. ૧૯૨૩માં કાચી તમાકુની આયાત સાડાબાર લાખ રતલ હતી, તે ૧૯૨૭માં વધીને પચાસ લાખ રતલ થઈ ગઈ! સિગારેટોની આયાતમાં પણ એ જ પ્રમાણમાં વધારો થયો હતો. મેં જોયેલા સંદર્ભગ્રંથો આધારભૂત હોય, તો આપણે ત્યાં પાકેલી તમાકુની નિકાસ આપણે કરતા જ નથી. તેથી ઉપર આપેલા આંકડામાં આપણે ત્યાં થતા ભારે પાકની કિંમત પણ ઉમેરવી જોઈએ. જો દરેક બીડી પીનાર પોતાની આ ગંદી ટેવ છોડી દે, પોતાના મોંનું ધુમાડિયું ન બનાવે, શ્વાસને ગંધાતો ન કરે, દાંતને નુકસાન ન પહોંચાડે તથા પોતાની સૂક્ષ્મ વિવેકબુદ્ધિને બુઠ્ઠી ન બનાવે, અને પરિણામે થતી બચત કોઈ રાષ્ટ્રીય ધ્યેય માટે દાનમાં આપે, તો એને પોતાને તથા દેશને બંનેને લાભ થાય.

[મૂળ અંગ્રેજી]
**यंग इन्डिया, ५–७–१९२८**

Gandhi Heritage Portal

## ૨૭. એક અમેરિકનની શ્રદ્ધાંજલિ

અતિથિ તરીકે આશ્રમમાં આવતા અને કવચિત્ રહેતા અનેક અમેરિકન મિત્રોમાંના એક ભાઈ, સ્વ. મગનલાલ ગાંધીનાં પત્ની પર લખે છે:[1]

૧૯૨૫માં આશ્રમમાં અને ખાસ કરીને તમારા આતિથ્યશીલ ઘરમાં, મેં ગાળેલા બે દિવસ મારી સ્મૃતિમાં એક આશીર્વાદરૂપે રમે છે. . . . અત્યંત વિરલ અને પ્રભાવશાળી આત્માઓને હું મળ્યો છું. મારે મન, સ્વ. મગનલાલ ગાંધી, તેમાંના એક હતા. સાચા ભારતીય હોવા છતાં એમનાં સદ્‌ભાવ અને સમજદારી સમગ્ર જીવન જેટલાં વિશાળ હતાં. યંગ ઇન્ડિયામાં આવતાં ગાંધીજીનાં લખાણો વાંચી સત્યાગ્રહની જે ભાવના હું સમજ્યો હતો તેની સાક્ષાત્ મૂર્તિ જેવા મગનલાલ મને લાગતા. ફૂલમાંથી ફોરમ પસરે એવી રીતે એમનામાંથી વીરતા, પવિત્રતા અને મધુરતા ચોપાસ ફેલાતાં.

એમની હાજરીમાં એવું અનુભવાતું. . . . કે માનવપ્રાણી તરીકે એક મનુષ્ય જે ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેયની અભીપ્સા રાખી શકે તેને માટે ઈશ્વરની વેદી પર એમની સર્વ શક્તિ, સર્વ પ્રતિભા અને સમસ્ત જીવન પણ જાણે સમર્પિત થઈ ગયાં છે. તેઓ હમેશાં ધર્મની વાત નહોતા કરતા કે ધર્મનિષ્ઠા પર ભાર નહોતા મૂકયા કરતા. એમના અવાજનો રણકો જ કહી આપતો હતો કે આશ્રમના કામકાજમાં એ કેટલા કુશળ અને વ્યવહારુ માણસ હતા. આમ છતાં એમના જીવનપ્રવાહનાં મૂળ ધર્મમાં રહ્યાં હતાં; અને એમના વ્યક્તિત્વમાંથી વહેતી પવિત્રતા, આત્મસમર્પણમાંથી સતત બીજાને માટે જીવવાના અને કામ કરવાના સ્વભાવ અને સંકલ્પમાંથી પ્રગટતી પવિત્રતા હતી. . . .

મહાત્માજીના કાર્યમાં એ જે સાથ આપતા હતા, અને હજી પણ આપી રહ્યા છે, તે કારણે ભારતમાં એમનું જે મહત્ત્વ છે તેનો વિચાર કરતાં મને લાગે છે કે માત્ર એમને એકલાને મળવા ખાતર જ દુનિયાને કોઈ પણ છેડે જવું પડે તેમ હોત તોપણ જવા જેવું હતું.

પરંતુ હું સારી પેઠે જાણું છું કે તમારા જેવું દુ:ખ પડયું હોય તેમને વહાલસોયા વૈકુંઠવાસી માટેની સાચા હૃદયની કે સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરતા પ્રશંસાના શબ્દોથી કશું સાંત્વન મળતું નથી. છતાં, યાદ રાખજો કે સ્વ. મગનલાલ જેવા આત્માની કલ્યાણકારી શક્તિ આ પૃથ્વી પરના પોતાના ઉપકારકતાના ક્ષેત્રમાંથી સદંતર જતી રહેતી નથી. મૃત્યુએ એમનું સ્થૂળ શરીર હરી લીધું છે, છતાં એમની આ શક્તિ તો અનેક પ્રત્યક્ષરૂપે અનુભવાતી રહેશે અને તમને શાંતિ આપ્યા કરશે; અને તમારા પતિ સૌથી સાચા સ્વરૂપે તો જે મહાન કાર્ય માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું, તે ઉપાડી લઈ ચાલુ રાખનારાં તમારાં બાળકો એટલે તમારી બે સુંદર પુત્રીઓ તથા પુત્રને સ્વરૂપે તમારી સાથે જ હશે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૫–૭–૧૯૨૮

૧. અહીં માત્ર અમુક જ ભાગ આપ્યા છે.

Gandhi Heritage Portal

## ૨૮. ભૂપેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૫, ૧૯૨૮

પ્રિય ભાઈ ભૂપેન,

બારડોલીની લડત માટે બીડેલા ચેક સાથેનો તમારો કાગળ મળ્યો. તમારા અગાઉના પત્રોની પહોંચ મેં તમને લખી મોકલી નથી, એવું તમે મને યાદ દેવડાવો છો. વાત તો એમ છે કે મારા પત્રવ્યવહારનું ઘણું કામ ચડી ગયું છે. અને આજે પણ ક્રમાનુસાર ગોઠવેલા પત્રોની ફાઈલમાંથી તમારો પત્ર ખાસ શોધી કાઢવો પડ્યો જેથી તમને જવાબ લખી શકાય. સામાન્ય રીતે પત્રો જે ક્રમે ગોઠવાયા હોય તે ક્રમે હું જવાબ લખું છું. સાંથાલો વિશે યંગ ઇન્ડિયામાં લખવાની મારી ઉમેદ છે. એથી વધારે કંઈ કરવાનું મને કહેશો નહીં. મારાથી તમને બિરલા બંધુઓ પર પત્ર અપાય જ નહીં; ઉપરાંત, હું આશ્રમમાં દટાયેલો છું, અને હજી થોડો વખત દટાયેલો રહેવાનો જ હોઈ, બીજું વધારે કાંઈ કરી શકું નહીં.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૫૪

## ૨૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

જુલાઈ ૫, ૧૯૨૮

સંસારમાં થતા અન્યાયને તમે અન્યાય શા સારુ માનો છો? સંસાર એટલે જ સ્વાર્થ છે ના? સ્વાર્થ વિના સંસાર કેમ ચાલે? તેમાં જ ગીતાએ અલિપ્ત રહેવાનું શીખવ્યું. સ્વાર્થ ક્ષય-રોગીને કે એવા રોગવાળાને કેમ સંઘરે? પણ તમારી પાસે જ્ઞાનવાર્તા કહેવી? બંગલાવાળાના તમારી પ્રત્યેના વર્તનથી તમને ઓછું લાગ્યું એ જ નવાઈ.

[મૂળ ગુજરાતી]
બાપુની પ્રસાદી, પા. ૯૪

Gandhi Heritage Portal

## ૩૦. હિન્દુને સંદેશો[1]

જુલાઈ ૬, ૧૯૨૮

હિન્દુની "સુવર્ણ જયંતી" પ્રસંગે જે અનેક અંજલિઓ આવશે તેમાં હું મારી પણ સહર્ષ ઉમેરું છું. સમસ્ત ભારતમાં સ્વદેશી માલિકીનાં જે પત્રો છે, તેમાંનું શ્રેષ્ઠ નહીં તો શ્રેષ્ઠમાંનું એક હિન્દુ છે એવો મારો અભિપ્રાય છે.

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૫૬

## ૩૧. એ. રંગસ્વામી આયંગરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈશ્રી રંગસ્વામી,

હિન્દુના સુવર્ણજયંતી વિશેષાંક માટે મારો નમ્ર સંદેશો[2] આ સાથે બીડ્યો છે.

તમારો સહૃદયી

શ્રી એ. રંગસ્વામી આયંગર
હિન્દુની ઑફિસ, માઉન્ટ રોડ, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૫૭

## ૩૨. ઈ. સી. ડેવિડને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો માયાળુ પત્ર મળ્યો. શ્રી મગનલાલ ગાંધીના અવસાનથી મારા બધા કાર્યક્રમો અસ્તવ્યસ્ત થઈ ગયા છે, તેથી હું મૈસૂરમાં ભરાનારી ફેડરેશનની મિટિંગમાં હાજર રહી શકીશ કે નહીં તે નક્કી નથી. પણ મૈસૂર ન જ જવું એવો આખરી નિર્ણય હું નહીં કરી દઉં.

તમારો સહૃદયી

રેવરન્ડ ઈ. સી. ડેવિડ
૨, ઈન્ફન્ટ્રી રોડ, બેંગલોર

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૫૫

૧. ઑક્ટોબર ૪, ૧૯૨૮ના એના સુવર્ણ જયંતી વિશેષાંક માટે.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

## ૩૩. પી. રામચંદ્ર રાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. ૧૪ જૂનના[1] યંગ ઇન્ડિયામાં આશ્રમનું બંધારણ તથા નિયમો આપ્યા છે તે જોશો. તમારી પુત્રીને આશ્રમમાં રાખવાનું મને તો ગમે, પણ મને પૂરો ભય છે કે આશ્રમનું પ્રમાણમાં સખત જીવન એ નહીં જીરવી શકે. વિશેષમાં, હિંદીના જ્ઞાનને અભાવે એને ઘણી મુશ્કેલીઓ નડશે. અંગ્રેજીમાં કે કાનડીમાં એની સાથે વાત કરનાર કોઈ નહીં મળે. વળી તમારી પુત્રી ઝંખે એવું સાહિત્યિક વાતાવરણ પણ અહીં આશ્રમમાં નથી. આશ્રમમાં શ્રમપ્રધાન વાતાવરણ ઊભું કરવાનો હેતુપૂર્વક પ્રયાસ ચાલી રહ્યો છે. બીજું, આશ્રમની નિયમાવલિ પરથી તમે જોશો કે એમાં ઘણા ફેરફાર કર્યા હોવાથી, હાલ એક વર્ષ પૂરતું અમે કોઈ નવા સભ્યોને લેવા ઇચ્છતા નથી. બધું થાળે પડતાં થોડો વખત તો લાગશે જ.

તમારો સહૃદયી

શ્રી પી. રામચંદ્ર રાવ
કાપડના વેપારી
તુમકુર (મૈસૂર સ્ટેટ)

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૫૮

## ૩૪. એમ. પી. શ્રીનિવાસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. મારો અભિપ્રાય તો એવો છે કે તમારાં માતાપિતાને રાજી રાખવા માટે પણ તમારી ઇચ્છા વિરુદ્ધ પરણવા તમે બંધાયેલા નથી. પણ તમારા પિતા ઇચ્છે, તો તમારે ઘર ખાલી કરી દેવું જોઈએ. માતાપિતાની આજ્ઞા પાળવા બાબતમાં વિચારપૂર્વકની ચોક્કસ મર્યાદા છે. આવી આજ્ઞા જ્યારે નીતિનિયમથી વિરુદ્ધ હોય ત્યારે આજ્ઞાભંગ સદ્ગુણ બની જાય છે.

તમારા ઉપયોગમાં આવે એવું ઉપવાસ વિશેનું કોઈ પુસ્તક મારી જાણમાં નથી.

તમારો સહૃદયી

શ્રી એન. પી. શ્રીનિવાસન્
ઉપ-તંત્રી: તમિલ સ્વરાજ્ય
૨, વલ્લભ અગ્રહારમ, તિરુવતીશ્વરણપેટ
ટ્રિપ્લીકેન, મદ્રાસ,

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૫૯

૧. જુઓ પુસ્તક ૩૬, લેખ ૪૭૮.

Gandhi Heritage Portal

## ૩૫. સમન્દલાલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. અત્યારે આશ્રમમાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે, તેથી આશ્રમની વ્યવસ્થાપક કમિટીએ બની શકે ત્યાં સુધી, હાલ પૂરતું, કામચલાઉ પ્રવેશ પણ ન આપવાનું ઇષ્ટ માન્યું છે. તમારો મુખ્ય હેતુ તો કાંતણ શીખવાનો છે, એટલે હું તો તમને જણાવું કે, એ તમે મદ્રાસમાં સહેલાઈથી શીખી શકશો કારણ ત્યાં તમને અનેક શીખવનારા મળી રહેશે.

તમારો સહૃદયી

બાબુ સમન્દલાલ
શ્રી એમ. જી. કર્ણિકારને ત્યાં
૯૦, ઈમલી બઝાર, ઇન્દોર (હોલ્કર રાજ્ય)

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૬૧

## ૩૬. એમ. એમ. અસ્લમખાનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. મને માફ કરશો; હું કંઈ પણ લખાણ મોકલી શકીશ નહીં. કોઈ સામયિક વિશે પૂરું જાણ્યા વિના, મારે માટે ગમે તેટલું ટૂંકું લખવું પણ ઘણું મુશ્કેલ છે.

તમારો સહૃદયી

શ્રી. એમ. એમ. અસ્લમખાન
સૂફી મંઝિલ, પિંડી બહાઉદ્દીન, પંજાબ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૬૨

Gandhi Heritage Portal

## ૩૭. આનંદસ્વરૂપને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. સત્યના પ્રયોગોના હિંદી તથા ઉર્દૂ ભાષાંતરની પરવાનગી ક્યારની અપાઈ ચૂકી છે.

તમારો સહૃદયી

શ્રી આનંદસ્વરૂપ
ઍડવોકેટ, હાઈકોર્ટ, સહરાનપુર (ઉ. પ્ર.)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૯૩

## ૩૮. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

પ્રિય ડૉ. અનસારી,

મારે ડૉ. ઝાકીર હુસેન સાથે પૂરા ખુલાસાથી વાત થઈ છે. પરિસ્થિતિ ખરેખર ખૂબ જ જોખમકારક છે. દેવું તો વધતું જ જાય છે, અને જામિયા મિલિયા માટે ઉઘરાવેલા ફંડમાંથી કશી રકમ છૂટી કરી શકાય એમ નથી, કારણ મૂળ જાહેરાતમાં જ એવી શરત છે કે કાયદેસરનું ટ્રસ્ટડીડ થાય નહીં ત્યાં સુધી આ રકમ વાપરી શકાય નહીં. જે બંધારણ ઘડવામાં આવ્યું છે, તે નથી મને સ્વીકાર્ય કે નથી જમનાલાલજીને. તેમ જ તમે અહીં હતા ત્યારે આપણે ચર્ચેલી શરતો મુજબ પણ એ નથી. આવા સંજોગોમાં શું થઈ શકે? મને તો લાગે છે કે જે અધ્યાપકોએ સંસ્થાના આજીવન સભ્યો બનવાની પ્રતિજ્ઞા લીધી છે, તેમને નવી કમિટીએ બધી સત્તા સોંપી દેવી જોઈએ; અથવા તો કમિટી પોતે સક્રિય કાર્યકારી મંડળ બને અને આર્થિક જવાબદારી પૂરતો સંસ્થાનો કબજો લઈ લે. પરંતુ ડૉ. ઝાકીર હુસેનના કહેવા પરથી, તેમ જ મને પોતાને સમજાય છે તે પરથી લાગે છે કે કમિટી ઝડપી અને અસરકારક પગલાં નહીં લે. આમ, કમિટી સક્રિય પણ ન બને, અને અધ્યાપક કાર્યકરોને બધી સત્તા પણ ન સોંપે તો તો જામિયા ધીમે ધીમે પણ મરણ-શરણ જ થાય એવું મને દેખાય છે. આ એક ભારે દુ:ખદ ઘટના જ કહેવાય. એ અનિવાર્ય જ હોત તો તો વાંધો નહોતો. આજ સુધીમાં ભેગા થયેલા અજમલ જામિયા ફંડનું શું થાય તે કહી શકાય નહીં. આ ફંડ ઉઘરાવનારા આપણને ચારેયને મંજૂર હોય એવું ટ્રસ્ટડીડ ન બની શકે, તો ફંડનાં નાણાં છૂટાં કરવાનો એક જ માર્ગ રહે છે. તે એ કે જે બંધારણ ઘડવામાં આવ્યું છે

Gandhi Heritage Portal

તે પ્રસિદ્ધ કરવું, અને બંધારણ મુજબ બનેલી કમિટીને પોતાનાં નાણાં દાતાઓ આપવા ઈચ્છે છે કે નહીં તે જણાવવા તેમને વિનંતી કરવી. હકીમસાહેબ[1]ની સ્મૃતિ આપણે સદ્ભાવપૂર્વક જાળવવી હોય, અને જામિયાનું હિત આપણે હૈયે હોય તો અલબત્ત આ પગલું ખૂબ જ અસંતોષકારક છે અને ભાગ્યે જ લઈ શકાય એવું છે. ત્યારે, એવું ન થઈ શકે કે અધ્યાપક કાર્યકરોને બધી સત્તા સોંપી દેવી, અને પછી એ લોકો જ યોગ્ય ટ્રસ્ટડીડ ઘડી કાઢી આજ સુધી મળેલાં નાણાં છૂટાં કરે, અને વધુ ઉઘરાવવા યત્ન કરે?

તમારો સહૃદયી

ડૉ. એમ. એ. અનસારી
૧, દરિયાગંજ, દિલ્હી.

તા. ક.

ડૉ. ઝાકીર હુસેને મારું ધ્યાન દોર્યું કે મારા આ પત્રમાં મેં સમયમર્યાદાનો કશો જ ઉલ્લેખ કર્યો નથી. આ બાબતમાં સમયની જ વાત મહત્ત્વની છે. તેથી હું આશા રાખું છું કે તમે વહેલી તકે કોઈ ચોક્કસ નિર્ણય પર આવી જશો, જેથી કાં તો જામિયાને આબરૂભેર દફનાવાય, અથવા તો તે અમુક નિશ્ચિતતાપૂર્વક પોતાનું કાર્ય આગળ ધપાવે.

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૯૩૦

## ૩૯. આર. એસ. કડકિયાને પત્ર

જુલાઈ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમે પૂછેલા બધા પ્રશ્નોના વિગતવાર જવાબ આપવાનું શક્ય નથી, છતાં એવો સામાન્ય ઉત્તર આપી શકાય કે જ્યાં જ્યાં પોતાની જરૂરિયાતોમાં કાપ મૂકીને તમે ગરીબની કક્ષાએ રહી શકો, ત્યાં ત્યાં તેમ કરવું; અને જરૂરિયાતોનો વિચાર કરો ત્યારે સામાન્ય રીતે જાતને અવગણવી. આમ વર્તવા માંડો તો કદાચ તમે ઓછામાં ઓછી જરૂરિયાતોના ધોરણે પહોંચી શકો, ખરા.

તમારો સહૃદયી

શ્રી આર. એસ. કડકિયા
કૉંગ્રેસ કચેરી, હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૬૦

૧. અજમલ ખાન.

Gandhi Heritage Portal

## ૪૦. શૌકતઅલીને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

કાબૂલના ગવર્નર સાથે મુલાકાત થઈ ગયા બાદ તમારો પત્ર મને મળ્યો. અમારી એ મુલાકાત સ્નેહભરી અને ખુલ્લા દિલની હતી. છતાં, એમના આવવાની માહિતી મને અગાઉથી નહોતી મળી તેથી મને થોડો રંજ થયો.

ડૉ. અનસારીને લખેલા મારા પત્રની[2] નકલ આ સાથે બીડી છે. એમાંની વાત સ્પષ્ટ છે. ડૉ. ઝાકીર હુસેને એ પત્ર વાંચ્યો છે અને એમાંની શરતો તેમને મંજૂર છે.

તમારો સહૃદયી

મૌલાના શૌકતઅલી
સેન્ટ્રલ ખિલાફત કમિટી, ડોંગરી, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૬૫

## ૪૧. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૭, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારા કાગળો મળ્યા કરે છે. હું જોઉં છું કે ત્યાં સ્વચ્છતાની સુધારણા કરાવવી મુશ્કેલીની વાત છે. જ્યાં સુધી મુખીને આવી બાબતમાં ચીવટ ન હોય ત્યાં સુધી કેમ થઈ શકે? એમ છતાં તમારે ધીમે ધીમે ઘર્ષણ ન થાય તેમ ફેરફાર થઈ શકે તે કરાવવા. શાંતિ મુદ્દલ ન ખોવી. અખૂટ ધીરજ રાખવી.

પ્રભાવતીએ તેના સંધિવાને સારુ ચાર અપવાસ કર્યા એ તો ખબર પડયા હશે. અપવાસ કાલે છોડયો. સંધિવા ગયો કે નહીં એ તો હજુ કહી શકાય તેમ નથી.

સંયુક્ત રસોડા વિશે ખૂબ ચર્ચા ચાલી રહેલી છે.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન
કન્યા ગુરુકુળ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૨; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. કાબૂલના ગવર્નર અલીમહદખાનને મળવાની ગાંધીજીને વિનંતી કરતા તેમના ૩ જુલાઈના પત્રના જવાબમાં.

૨. જુઓ "ડૉ. એમ. એ. અનસારીને પત્ર", ૬–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૪૨. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૭, ૧૯૨૮

ભાઈ હરિભાઉ,

આ કાગળ વાંચી જજો. અને એમાં કેટલું સત્ય છે એ જો જાણતા હો તો લખજો. વાત તો બિહારની લખી છે પણ રાજપૂતાના વિશે છે. એટલે કદાચ તમે વિશેષ કહી શકો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૬૦૬૦; શ્રી હરિભાઉ ઉપાધ્યાયના સૌજન્યથી

## ૪૩. વાંદરાંનો ત્રાસ

એક વાંચનાર લખે છે:[૧]

આ સવાલ વિચારવાલાયક છે. વાંદરાંનો ત્રાસ માત્ર ખેડૂતને નથી. પ્રયાગ, વૃન્દાવન વગેરે સ્થળોમાં શહેરીઓને પણ તેઓ બહુ સતાવે છે. જો તેમને કોઈ મારી નાખે કે લઈ જાય તો ત્રાસેલા લોકો નારાજ થાય છે એમ પણ નથી.

આમ અગવડનો સ્વીકાર કરતાં છતાં વાંદરાંને મારવાનો ઈલાજ હું એકાએક નથી સૂચવી શકતો.

હડકાયાં કૂતરાં અને વાંદરાંની વચ્ચે સરખામણી ન થઈ શકે. હડકાયું કૂતરું તો હડકવાથી મરવાનું જ છે; તેને મારનાર તેને રિબાવાના દુ:ખમાંથી બચાવે છે, ને બીજાઓને હડકવા થવાના ભયમાંથી ઉગારી લે છે. વાંદરાંને વિશે તેમને મારવામાં તેમના ભલાનો તો સવાલ જ નથી. વળી વાંદરાંથી થતા ઉપદ્રવનું નિવારણ માર્યા વિના નથી જ થઈ શકતું એવું પણ નથી.

જ્યાં જ્યાં વાંદરાંનો ઉપદ્રવ થાય છે ત્યાં આપણો દોષ હોય છે, એમ ઘણી વેળા જોવામાં આવે છે. વાંદરાંને પંપાળવામાં આવે છે, તેમને ખવરાવવામાં આવે છે, ને ઘણી રીતે તેમને એવાં મનાવવામાં આવે છે કે તેઓ અમુક હદ લગી આપણી સાથે છૂટ લઈ શકે છે. વાંદરાં બહુ ચકોર જાતિ છે. આપણને તે તુરત સમજી જાય છે. વૃન્દાવનમાં મેં જોયું હતું કે દેશી લત્તામાં તેઓ નિર્ભયપણે બગાડ કર્યા જ કરે, જ્યારે ફિરંગી લત્તામાં વાંદરાંનું નામનિશાન ન મળે; કેમ કે ત્યાં જાય તો તેમને માર ખાવાની ધાસ્તી રહેલી હોય છે. મારની ધાસ્તી પણ હિંસા છે. એ ગૂંચવણની ઉકેલમાં આપણને અહીં પડવાની જરૂર નથી. વાંદરાંને અંતિમ હિંસાથી — દેહાંતદંડથી બચાવી લેવાય કે નહીં એ જ પ્રશ્ન છે. મને લાગે છે કે હજુ જ્યાં લગી બાજી આપણા હાથમાં છે ત્યાં લગી આપણે તેમને દેહાંતદંડમાંથી કદાચ ઉગારી શકીએ.

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે ગાંધીજીને પૂછ્યું હતું કે જેમ હડકાયાં કૂતરાંને મારી શકાય એમ વાંદરાંની પણ હત્યા થાય?

Gandhi Heritage Portal

વાંચનારે જાણવું જોઈએ કે આજકાલ વાંદરાંનો વેપાર બહોળા વિસ્તારમાં ચાલે છે. હજારો વાંદરાંને તેમની ઉપર અનેક જાતના પ્રયોગો કરવાને સારુ યુરોપ લઈ જવામાં આવે છે, અને ત્યાં તો ઘણી વેળા મારી નાખવા પહેલાં તેમની ઉપર અનેક જાતના નિર્દયતાભર્યા પ્રયોગો કરવામાં આવે છે. તેથી વાંદરાંની વૃદ્ધિ થતી અટકાવવાને સારુ જે ઇલાજ લઈ શકાય તે તો લેવા યોગ્ય જ છે.

હવે રહી દેહાંતદંડની વાત. જો ખેતરો બચાવવાનો ધર્મ હોય, અને વાંદરાંના ઉપદ્રવમાંથી ખેતરોને બચાવવાનો બીજો કોઈ પણ ઇલાજ ન હોય તો વાંદરાંને મારવાની આવશ્યકતા પેદા થઈ શકે, એ મારી કલ્પના બહાર નથી. પણ આ અહિંસા નથી. ખેતરને બચાવવા સારુ પણ કરેલો પ્રાણીવધ હિંસા તો છે જ. માત્ર એવી કેટલીક હિંસા મનુષ્યજીવનની સાથે જડાયેલી અને અનિવાર્ય છે. આ વસ્તુ આપણે ડગલે ને પગલે અનુભવીએ છીએ. વાંદરાંનો વધ ક્યારે અનિવાર્ય થાય એ કહેવું મુશ્કેલ છે. પણ એ વધમાંથી બચવાના ઉપાયો લેવા મુશ્કેલ નથી. તે લેવાતાં છતાં ઉપદ્રવ ઓછો ન થાય ત્યારે સહુએ પોતપોતાનો ધર્મ વિચારી લેવો રહ્યો. વાંદરાંનો વધ કરવાનો કોઈ અનિવાર્ય સાર્વજનિક નિયમ ન હોઈ શકે. હિંસા એ કોઈ કાળે સ્વતંત્ર ધર્મ નથી. એવો ધર્મ તો અહિંસા જ છે. હિંસા એ મનુષ્યની પામરતાનું માપ છે, અહિંસા તેનો પરમ પુરુષાર્થ છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૮–૭–૧૯૨૮

## ૪૪. નોંધ

### વિદ્યાર્થીઓનો ત્યાગ

વિદ્યાર્થીઓ પોતાના ખાવાપહેરવામાંથી દ્રવ્ય બચાવીને, મજૂરી કરીને પણ બારડોલી સત્યાગ્રહને સારુ નાણાં ભરી રહ્યા છે, એ શુભ ચિહ્ન છે. એવા ત્યાગનો એક વધુ નમૂનો માટુંગાના કચ્છી વીસા ઓસવાળ જૈન વિદ્યાર્થીઓના વિદ્યાર્થીગૃહનો મળ્યો છે. તેઓ જણાવે છે કે તેના વિદ્યાર્થીમંડળે પોતાને પીવાનું એક માસનું દૂધ બંધ કરી રૂ. ૨૨૦ બચાવીને ફાળામાં ભર્યા છે. આ ત્યાગને સારુ વિદ્યાર્થીઓને ધન્યવાદ ઘટે છે, ને બારડોલીના સત્યાગ્રહીઓએ તેની નોંધ લેવી ઘટે છે. જેમ જેમ આવાં ત્યાગનાં નાણાં આવતાં જાય છે તેમ તેમ તેમની પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહેવાની ફરજ વધતી જ જાય છે. તેમને હાથ હાલ ભારતવર્ષની લાજ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

### વિદ્યાર્થીઓ શું કરે?

ત્રણ વિદ્યાર્થીઓ લખે છે: "અમે દેશસેવા કરવા ઇચ્છીએ છીએ. અભ્યાસ કરતાં કરતાં અને પોતાને સ્થાને રહેતાં છતાં દેશસેવા કેમ કરવી એ અમને નવજીવન મારફતે જણાવો." આ વિદ્યાર્થીઓ પોતાનાં નામઠામ અને ઉંમર મોકલે છે, અને લખે છે: "અમારાં નામઠામ બહાર ન પાડશો. અમને કાગળ પણ ન લખશો. અમે કાગળ મગાવી શકીએ એવીયે અમારી સ્થિતિ નથી." આવા વિદ્યાર્થીઓને સલાહ આપવી મુશ્કેલ ગણું છું. જેઓ પોતે લખેલા

Gandhi Heritage Portal

કાગળનો જવાબ પણ ન મેળવી શકતા હોય તેમને શી સલાહ આપી શકાય? છતાં આટલું તો કહી શકાય. આત્મશુદ્ધિ એ જ એક સરસ દેશસેવા છે. આ વિદ્યાર્થીઓએ આત્માની શુદ્ધિ સાધી છે? તેમનાં મન પવિત્ર છે? વિદ્યાર્થીઓમાં ચાલતી ગંદકીઓથી તેઓ દૂર રહી શકયા છે? તેઓ સત્યાદિનું પાલન કરે છે? કાગળનો ઉત્તર મેળવતાં તેમને ભય છે એ સ્થિતિમાં જ કયાંક દોષ રહ્યો છે. એ ભયમાંથી નીકળતાં વિદ્યાર્થીઓને આવડવું જોઈએ. પોતાના વિચારો વડીલોની પાસે હિંમત અને દૃઢતાપૂર્વક મૂકતાં શીખવું જોઈએ. વિદ્યાર્થીઓ ખાદી પહેરે છે? કાંતે છે? જો ખાદી પહેરે અને કાંતે તોપણ દેશસેવામાં તેઓ ભાગ લે છે. તેઓ માંદા પડોશીની અવકાશ મળ્યે સેવા કરે છે? અવકાશ મેળવીને પોતાની આસપાસ અસ્વચ્છતા રહેતી હોય તો તે જાતમહેનતથી દૂર કરે છે? આવા અનેક પ્રશ્નો પૂછી શકાય, અને એના ઉત્તર વિદ્યાર્થીઓ જો સંતોષકારક રીતે આપી શકે તો દેશસેવકોમાં આજ પણ તેમનું સ્થાન મોટું ગણાય.

### વૃદ્ધ બાળલગ્ન

ગયે અઠવાડિયે એક પ્રોફેસરના બાળલગ્નનો[1] કિસ્સો મારે આપવો પડયો. આ અઠવાડિયે એક ધનિક ભાટિયા ગૃહસ્થે કરેલો લગ્નનો કિસ્સો મને ભાટિયા મિત્રોએ મોકલ્યો છે. આ ભાટિયા ગૃહસ્થે લગભગ ૮૦ વર્ષની ઉંમરે રૂપિયા પચીસ કે ત્રીસ હજાર કન્યાના બાપને આપીને એક બાળાની સાથે લગ્ન કર્યું છે. આ લગ્નમાં પાંચમી વખતે ૮૦ વર્ષની ઉંમરે એક બાળાની સાથે લગ્ન કરવાનો દોષ વધારે કે ધનલોભી બાપે પૈસાને અર્થે એક ગરીબડી ગાયને કસાઈને ઘેર વેચી તેનો દોષ વધારે ગણાય તે કહેવું મુશ્કેલ છે. એમ સાંભળું છું કે આ લોભને અટકાવવાને સારુ કેટલાક ભાટિયા ગૃહસ્થોએ તજવીજ પણ કરી, પણ પેલા ધનના મદમાં આવેલા ૮૦ વર્ષના વરરાજાએ તેને સમજાવવા ગયેલા ગૃહસ્થોને દરવાજો દેખાડયો.

આવી નિર્દયતા અટકાવવાનો ઇલાજ ગયે અઠવાડિયે જ હું વિચારી ગયો. શુદ્ધ લોકમત અને શુદ્ધ બહિષ્કાર કેળવ્યા સિવાય બીજો માર્ગ મને સૂઝી શકતો નથી. અને બહિષ્કાર એટલે જ્ઞાતિએ કરેલો બહિષ્કાર એટલું જ નહીં પણ આખા સમાજે બહિષ્કાર કરવો ઘટે છે. આવા મનુષ્યોની સાથે તેમની આવશ્યક એટલે ખોરાકની, માંદગી અને મરણસમયે મદદ ઉપરાંતનો બીજો બધો સંબંધ તોડી નાખવો જોઈએ. તે વિના કામના કેફમાં પડેલા મનુષ્યોમાં જાગૃતિ અસંભવિત નહીં તો મુશ્કેલ છે.

### બાળવિધવા

વાંચનારને યાદ હશે કે મૂળજીભાઈ બારોટના બાળલગ્ન કરવાના ઇરાદા વિશે હું કેટલાંક અઠવાડિયાં પહેલાં લખી ગયો હતો. ત્યાર પછી નવજીવનના લેખની અસર નીચે અને બ્રહ્મભટ કોમે મૂળજીભાઈના ઇરાદાને નિંદ્યો હતો તેથી લગ્ન માંડી વાળવા વિશે તેમને ધન્યવાદ આપ્યો હતો. એ બાદ મારી ઉપર કાગળ આવ્યો હતો કે લગ્ન માંડી વાળવાની વાત એ તો કેવળ દગો જ હતો, અને મૂળજીભાઈ આવી રીતે કોમને છેતરીને ચૂપકીથી પરણી ચૂકયા હતા. આ વિશે મેં ગયે અઠવાડિયે જ લેખ લખવાનું ધાર્યું હતું. સમયને અભાવે રહી ગયો. હવે ખબર મળે છે કે મૂળજીભાઈનું અવસાન થયું છે. અને પેલી બાળા વિધવા થઈ છે. સારા કે નઠારા માણસનું મૃત્યુ આપણે ન ઇચ્છીએ. આપણે નઠારાને સન્મતિ મળો એમ आत्मवत् सर्वभूतेषुને ન્યાયે ઇચ્છીએ. પણ પેલી બાળવિધવાનું શું? આ પ્રશ્ન સમાજે વિચારવો રહ્યો છે. ચૌદ વર્ષની

૧. જુઓ "નોંધ", ૧–૭–૨૮નું પેટામથાળું "પ્રોફેસરનું બાળલગ્ન."

Gandhi Heritage Portal

બાળા વિધવા રહેવા માગે છે એવું તે પોતે કહે તોપણ તેનો કંઈ અર્થ હોય નહીં. જો બાળ-વિધવાના વિવાહની સામે ઘાતકી લોકમત હોય નહીં તો આવી બાળા અવશ્ય ફરી પરણવા ઇચ્છે. બ્રહ્મભટ કોમના આગેવાનોએ આ ગરીબડી ગાયની વહારે દોડવું ઘટે છે. આગેવાનો જો પોતાનો ધર્મ ન સમજ્યા હોય, તો એ કોમના નવયુવકોએ તેમને ધીરજથી સમજાવી બાળાની મુક્તિ મેળવવી ઘટે છે. આગેવાનો ન સમજે તો અને એ બાળાનાં સગાં સમજે તોયે આવા પ્રશ્નોનો નિકાલ થઈ શકે. પણ આવા પ્રશ્નોના નિકાલને સારુ નિકાલ કરવા ઇચ્છનારમાં યોગ્યતા હોવી જોઈએ, પવિત્રતા હોવી જોઈએ, ધૈર્ય હોવું જોઈએ. જે ગુણોની આવશ્યકતા શાંતિમય સ્વરાજને સારુ છે એ જ ગુણોની આવશ્યકતા બાળવિધવાનાં લગ્ન ઇત્યાદિને વિશે છે.

## ખાદીની ફેરી

વર્ધા ખાદીભંડારના ભાઈ ઋષભદાસ પોતાનો ખાદીની ફેરીનો અનુભવ જણાવતાં લખે છે:[1]

આવા અનુભવ બધા ખાદીફેરી કરનારને મળતા જ હશે. શ્રી મલકાની એક કાગળમાં લખે છે કે ખાદીફેરી એ તેમને સારુ એક ભારે રાજ્યપ્રકરણી તાલીમ છે. બીજાને તે ધીરજની તાલીમ છે. ઋષભદાસ જેવાને ઈશ્વર ઉપર વધારે વિશ્વાસ બેસાડનારી થઈ પડે છે. પણ ઈશ્વરનો વિશ્વાસ સોંઘી વસ્તુ નથી. ઋષભદાસને અને તેમના સાથીઓને તરત સફળતા મળી. પણ ઘણા ભક્તોને તો ઈશ્વર મરણપર્યંત તાવે છે. ઈશ્વરભક્ત સફળતાની સાથે ઈશ્વરના અસ્તિત્વને જોડે નહીં. સફળતા નિષ્ફળતા તેને સમાન હોય.

## સ્વાવલંબન પદ્ધતિ

ખાદીપ્રચારના માર્ગમાં સ્વાવલંબન પદ્ધતિનો ફાળો જેવોતેવો નથી. તે લોકપ્રિય થઈ શકે ને સીધામાં સીધો માર્ગ છે, એમાં પણ શંકા નથી. બિજોલિયામાં ખાદીસેવાનું કામ કરનાર ભાઈ જેઠાલાલ ગોવિંદજી આ પદ્ધતિના ચુસ્ત હિમાયતી છે. તે લખે છે:[2]

આ દૃષ્ટિ પ્રમાણે બીજી પદ્ધતિઓ પણ સાથે સાથે ચાલવી જ જોઈએ. પણ સ્વાવલંબન પદ્ધતિનો શાસ્ત્રીય અભ્યાસ થોડાએ જ કર્યો છે, તેનો અનુભવ તેથી પણ થોડાએ લીધો છે. તેથી જ્યાં જ્યાં આ પદ્ધતિ ચાલતી હોય ત્યાંના અનુભવો ખાદીસેવકો મોકલે તો તે ઉપયોગી થઈ પડે. સ્વાવલંબન પદ્ધતિનો પ્રચાર સહુ પોતાના પડોશીઓમાં તો કરી શકે, પણ 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' એ ન્યાયે જે પોતે પોતાની ખાદી ઉત્પન્ન ન કરી લેતો હોય તે તેનો પ્રચાર ન કરી શકે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૮-૭-૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખક એમાં જણાવે છે કે મહારાષ્ટ્રમાં ઘેર ઘેર ફરી ખાદી વેચતાં ઈશ્વરમાંની મારી શ્રદ્ધા વધારે દૃઢ થઈ છે.

૨. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખક એમાં જણાવે છે કે માણસદીઠ કાપડની જરૂરિયાત વધુ ઓછી હોવાથી ખેડૂતો અને ખેતી કરનાર મજૂરોને જો કેળવવામાં આવે તો તેમને જોઈતું ઉત્પાદન તેઓ કરી શકે.



Gandhi Heritage Portal

## ૪૫. શિવદયાલ સાહનીને પત્ર

જુલાઈ ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારા જેવા માત્ર ૨૭ વર્ષના યુવાન આમ નિરાશ થાય, તે જોઈ દુ:ખ થાય છે. તમારે હિંમત રાખવી જોઈએ ને બધી કૌટુંબિક મુશ્કેલીઓને પાર કરવી જોઈએ. તમે લખો છો એ મુજબ પત્ની તથા બાળકોનો ત્યાગ કરવાની જરૂર નથી. બેશક, આપઘાત પાપ જ છે, અને કોઈ પણ સંજોગોમાં એ તમારાથી કરાય જ નહીં. શાંતિની આશાએ અહીં આશ્રમમાં આવવાનો કશો અર્થ નથી. શાંતિ તો આપણે જ્યાં હોઈએ ત્યાં જ ખોળવાની છે. પણ તમને કરેલા તારમાં મેં સૂચવ્યા પ્રમાણે તમે લાલા લજપતરાયને મળજો, ને એમની સલાહ પ્રમાણે ચાલજો. આટલે દૂરથી તમને દોરવણી આપવાનું મુશ્કેલ છે. તમે તમારી સ્વસ્થતા પાછી મેળવી લીધી છે અને નબળાઈ ખંખેરી નાંખી છે એવો આ પત્રનો જવાબ આવશે તો મને આનંદ થશે.

તમે મોકલેલા પૈસામાંની વધેલી રકમ બારડોલી ફંડમાં જમા લીધી છે.

તમારો સહૃદયી

શ્રી શિવદયાલ સાહની
મુલ્કરાજ પંડિતને ત્યાં
ઓવરસિયર, કૅમ્પ લેલપુર, પંજાબ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૬૭

## ૪૬. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૦, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. તમારા આંદોલનનું પરિણામ ઠીક આવ્યા કરે છે. તમારા વચનમાં જેટલે અંશે પ્રેમ હશે તેટલે અંશે તેની શક્તિ વધવાની છે. ત્યાંની સંસ્થાને[1] પણ પોતાની જ ગણીને તેને વિશે કામ દેવું. દોષો બતાવી દીધા પછી ઉદાર વૃત્તિ રાખવી એટલે આપણે બતાવેલા દોષ વિશે જેને બતાવ્યા હોય તેને દુ:ખ ન થાય પણ સમૂળગો પાડ માને.

તબિયત બહુ સારી રહેતી હશે. અહીંને વિશે એક લીટીમાં ઉકેલવાને બદલે કુસુમને જ લખવાનું કહી દીધું છે. એટલે તમને વધારે[માં] વધારે ખબર મળે અને હું જ્યારે લખું ત્યારે જ તે લખે એટલે ફોગટ ટિકિટનો ખર્ચ બચે. ત્યાં પાઈએ પાઈના ખર્ચનો હિસાબ રાખવાની ટેવ પાડી હશે. ન પાડી હોય તો હવે આરંભ કરી દેવો.

૧. કન્યા ગુરુકુળ; જુઓ "વસુમતીબહેન પંડિતને પત્ર", ૭–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

રામદેવજી પણ મારી સાથે પત્રવ્યવહાર ચલાવી રહ્યા છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

ફરી નથી વાંચ્યું.

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૩; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૪૭. હાફીજ મહમદ અબદુલ શકૂરને પત્ર[૧]

જુલાઈ ૧૦, ૧૯૨૮

કંઈ નહીં તો પુરુષો પોતે પડદો નથી પાળતા, એટલા ખાતર પણ, હું પડદાના રિવાજનો વિરોધી છું.

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૪૧

## ૪૮. શાહ મહમદ કાસીમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

ગયા માસની ૯મીના તમારા પત્રના અનુસંધાનમાં, મેં પૂછેલી વાતના જોધપુર દરબારે આપેલા જવાબની નકલ[૨] આ સાથે બીડી છે.

તમારો સહૃદયી

બિડાણ: બે કાગળ

શાહ મહમદ કાસીમ
સૈયદ મહમદ હુસેનને ત્યાં
પોસ્ટ નૂરહટ, ગયા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૩૯૭

૧. એસ. એન. રજિસ્ટર પ્રમાણે, હાફીઝ મહમદ અબદુલ શકૂરે ૨૮–૬–૧૯૨૮ને દિવસે મદ્રાસથી લખેલા પત્રનો આ જવાબ છે. પત્રલેખકે મુસ્લિમોમાં પ્રવર્તતી પડદાની પ્રથા અંગે ગાંધીજીના વિચારો જાણવા માગ્યા હતા.

૨. જુઓ " જોધપુર રાજ્યના સેક્રેટરીને પત્ર", ૧–૭–૧૯૨૮ની પાદટીપ ૩.

Gandhi Heritage Portal

## ૪૯. ઇન્ડિયન પ્રેસ લિમિટેડના મૅનેજરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર તથા સાથેનું પુસ્તક ધ કમિંગ રિનેસાં[૧] મળ્યાં. તમને સખેદ કહેવું પડે છે કે, આ પુસ્તક વાંચવા કે તેની સમીક્ષા લખવાની મને ઘડીની પણ ફુરસદ નથી. વળી સામાન્ય રીતે યંગ ઇન્ડિયામાં કોઈ પુસ્તકનું અવલોકન કરવાનો મારો રિવાજ પણ નથી. હું પુસ્તક પાછું મોકલું ?

તમારો સહૃદયી

ધ મૅનેજર
ધિ ઇન્ડિયન પ્રેસ, લિમિટેડ, અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૭૧

## ૫૦. કે. આર. ભિડેને પત્ર

જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. જ્યારે પણ તમારા પિતા આવશે ત્યારે આશ્રમ એમને આવકારશે. પણ કૃપા કરીને તમે કે તમારા પિતા અગાઉથી પત્ર લખીને આશ્રમના મંત્રીને એમના આવવાની તારીખ જણાવજો.

તમારા પ્રશ્નો બાબત લખવાનું કે તમે યંગ ઇન્ડિયા કે નવજીવન નિયમિત વાંચતા હશો તો એમાંથી જ તમને જવાબ મળી રહેશે. તમે આ પત્રો ન વાંચતા હો તો એની ફાઈલ જોઈ જશો.

એક સામાન્ય મજૂર તરીકે તમે શરૂઆત કરી શકો તો યંગ ઇન્ડિયાની ઑફિસમાં તમને તાલીમ મળી શકશે. જોકે આ વાત મારા હાથની નહીં પણ વ્યવસ્થાપકના હાથની છે કેમ કે હું છાપખાનાની વ્યવસ્થામાં માથું મારતો નથી.

તમારો સહૃદયી

શ્રી. કે. આર. ભિડે
લિમયે બિલ્ડિંગ, ચિકલવાડી, મુંબઈ–૭

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૭૩

૧. પી. એમ. એલ. વર્મા લિખિત.

Gandhi Heritage Portal

## ૫૧. બી. એમ. ટ્વીડલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર તથા પેન્સિલોનું પૅકેટ મળ્યાં. તમારું દેવું[1] વાળવા માટે ફાળો ઉઘરાવવાનો જે માર્ગ તમે લીધો છે, એમાં કદાચ મારી સંમતિ નહીં મળે એવી તમારી ધારણા સાચી છે. એકાદ વસ્તુ એની મૂળ કિંમત કરતાં બેવડા કે ત્રેવડા દામે વેચવી, એના કરતાં સીધું દાન જ માગવું મને સહેલું દેખાય છે. ગમે તે રસ્તો લો, માનવની દાનવૃત્તિને ઢંઢોળવાની વાત તો આવે જ છે. તો પછી એને સ્વાર્થી ભાવના સાથે શું કામ ભેળવવી? પણ હું વિવાદમાં ન ઊતરું.

તમારી ઈચ્છા મુજબ ખોખું પરત કરું છું.

તમારો સહૃદયી

મિસ બી. એમ. ટ્વીડલ
વેઝલિયન મિશન વિલેજ ઈન્ડસ્ટ્રી
ત્રિવલ્લૂર, ચિંગલપટ જિલ્લો, દક્ષિણ ભારત

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૭૨

## ૫૨. ગોવર્ધનભાઈ ઈ. પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી ગોવર્ધનભાઈ,

તમારો પત્ર[2] મળ્યો; આભાર. કમિટીનો નિર્ણય જાણી ખેદ થાય છે.[3]

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૭૧

૧. શાળાના નવા મકાન માટે.

૨. ગાંધીજીના ૧ જુલાઈના પત્રના જવાબમાં ૭ જુલાઈએ લખેલો. ગોવર્ધનભાઈએ લખ્યું હતું: “આપની સાથે મારે થયેલા તાજેતરના પત્રવ્યવહારની બાબત, ટિળક સ્વરાજ ફંડમાં નાણાં આપનાર [અમદાવાદની મિલોના] દાતાઓ સમક્ષ વિચારણા માટે મૂકી હતી... આ સભાએ ઇન્સ્પેક્શન કમિટી નીમવાની દરખાસ્તને નકારી કાઢી, અને મારા ૨૯ જૂન ૧૯૨૮ના પત્રમાં મેં જેનો ઉલ્લેખ કરેલો તે સંયુક્ત વ્યવસ્થાપક સમિતિ નીમવાના પોતાના અગાઉના પ્રસ્તાવનું પુનરુચ્ચારણ કર્યું...”

૩. આની નકલ શ્રી શંકરલાલ બૅન્કર પર જાણ ખાતર મોકલી આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

## ૫૩. ટી. પ્રકાશમને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી પ્રકાશમ્,

મારા અગાઉના પત્ર[2]નો જવાબ મને નહીં મળે?

તમારો સહૃદયી

શ્રી ટી. પ્રકાશમ્
"સ્વરાજ્ય" મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૩૪

## ૫૪. શંકરનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

તમારો પત્ર તથા છગનલાલ જોશીને મોકલેલો ચેક મળ્યાં છે. યોગ્ય સમયે નામ જાહેર થશે.

કોઈ દાતાએ અમુક જ ઉદ્દેશ માટે આપેલી રકમ, એ મૂળ ઉદ્દેશ માટે વાપરવાને બદલે દાતાની સંમતિ મેળવીને બીજા જ કાર્ય માટે વપરાય, તો એમાં અસ્તેય વ્રતનો ભંગ થતો નથી.

મજૂર મજૂરી મેળવવા યોગ્ય છે, એ સિદ્ધાંતથી જોતાં, જો કાર્યકર્તા ભોજન, વસ્ત્ર તથા રહેઠાણની ઓછામાં ઓછી સગવડથી સંતોષ પામે, અને વળી પોતાની સેવાના બદલામાં આ બધું મળવું જોઈએ એવી શરત પણ ન કરે, તો એમ કહી શકાય કે તેણે પોતાની જરૂરિયાતો ઘટાડી શૂન્યવત્ કરી દીધી છે. પછી જે સંસ્થા આવાની સેવા લેશે તે પોતાના સ્વાર્થ ખાતર એને અન્નવસ્ત્ર પૂરાં પાડશે. જેણે સંપૂર્ણ સમર્પણ કર્યું છે એવો સેવક તો ભાગ્યમાં ભૂખે મરવાનું હશે તો ભૂખમરાને સહર્ષ આવકારશે. આખરે તો આત્મસમર્પણ એ એક માનસિક વૃત્તિ છે. જે કરોડો લોકો અસહાય બની ભૂખે મરે છે એમણે સમર્પણ કર્યું કહેવાય નહીં. કેમ કે એમના પર આવી પડેલા ભૂખમરા સાથે એમના મનનો મેળ બેસતો નથી.

તમારું નવું સરનામું જાણ્યા પહેલાં જ આ પત્ર હું રવાના કરી દઉં છું. આશા છે કે તમને બરોબર મળી જશે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૬૯

૧. અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને એમના પત્રના સંદર્ભમાં આની નકલ મોકલવામાં આવી હતી.
૨. ૨૪ મે ૧૯૨૮ નો; જુઓ પુસ્તક ૩૬, પત્ર ૩૯૯.

Gandhi Heritage Portal

## ૫૫. એસ. એ. સહસ્રબુદ્ધેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા બધા પત્રો મને મળ્યા છે. મને મળતા બધા જ પત્રોની પહોંચ કંઈ હું સ્વીકારતો નથી. કંઈ નહીં તો મારી પાસે એટલો સમય જ હોતો નથી. જે હયાત અગર સ્વર્ગસ્થ વ્યક્તિઓનો હું પ્રશંસક હોઉં, તેમને અંગે થતા બધા જ સભાસમારંભો વિશે હું યંગ ઇન્ડિયામાં લખતો નથી.

શિવાજી તથા બીજા વીરપુરુષો સંબંધે મેં અગાઉ જે અભિપ્રાય આપ્યા છે તેમાં કશો ફેર પડ્યો નથી. છતાં પણ એ પુરુષો મારા ગુરુ નથી, કે મારા આદર્શ નથી, તે કારણે જ એમના શૌર્ય પ્રત્યે કે આ જગતના રંગમંચ પર એમણે ભજવેલા મહત્ત્વપૂર્ણ ભાગ પ્રત્યે મારી આંખો બંધ થયેલી નથી.

તમારો સહૃદયી

શ્રી એસ. એ. સહસ્રબુદ્ધે
ઝાવબાની વાડી, પારેખ બિલ્ડિંગ, ગિરગાંવ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૭૦

## ૫૬. એમ. બી. નિયોગીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.[1] શ્રી અવારીની તબિયત સારી છે જાણી આનંદ.

શ્રી અવારી ખાદી બાબતમાં ઘણા આગ્રહી છે તે હું જાણું છું. મારું માનવું એવું છે કે, પોતાનું વલણ સ્પષ્ટ કર્યા બાદ પણ જેલ સત્તાવાળાઓ તરફથી બિનખાદીનો ગણવેશ પહેરવાનું દબાણ થાય, તો એ નિમિત્તે ભૂખ-હડતાલ પર એમનાથી ન ઉતરાય. ગણવેશ પણ ખાદીનો જ

૧. ૭ જુલાઈના એમાં લખ્યું હતું, "નાગપુરના મંચેરશાહ અવારીએ સમશેર સત્યાગ્રહ નામનું આંદોલન ચલાવ્યું હતું. એમાં એમને ચાર વર્ષની સખત કેદની સજા થઈ હતી.... શ્રી અવારી હાલમાં એવી જીદ લઈને બેઠા છે કે જેલમાં એમને પોતાનાં ખાદીનાં કપડાં પહેરવાની છૂટ મળવી જોઈએ... અંદરનાં કપડાં ખાદીનાં પહેરવાની છૂટ આપવા જેલ સત્તાવાળા તૈયાર છે, પણ ઉપર તો જેલનો પોશાક પહેરવો જ જોઈએ એવો આગ્રહ રાખે છે. આ વાત શ્રી અવારીને કબૂલ નથી.... આ બાબત આપનો અભિપ્રાય આપવા વિનંતી છે કે અંદર ખાદી પહેરી, ઉપર જેલનો ગણવેશ પહેરવાથી ખાદીની પ્રતિજ્ઞાને શું બાધ આવે છે? અને જેલ સત્તાવાળાઓએ સૂચવેલો સમાધાનકારક માર્ગ સ્વીકારવાને બદલે મૃત્યુ બહેતર છે?"

Gandhi Heritage Portal

હોવો જોઈએ, તેવી ચળવળ એ કરે તો તેમાં કશું ખોટું નથી, અને એ કામમાં તો તમારે એમને મદદ પણ કરવી જોઈએ એવું હું માનું છું. જેલમાં ગણવેશ હોય તેનો એમને વાંધો ન હોઈ શકે; એમને ગણવેશના કાપડ સામે વાંધો છે — ને એવો વાંધો લઈ શકાય. પોતાને ખર્ચે ખાદીનો ગણવેશ બનાવી લેવાનું પણ એ કહી શકે. એમના તરફથી સંકેત ન થાય તોપણ, સત્તાવાળાને મળી આ નાની સરખી વાતનો જરાયે હોહા કર્યા વિના તમે જ ઉકેલ કેમ ન લાવી દો તે મારાથી સમજાતું નથી.

તમારો સહૃદયી

શ્રી એમ. બી. નિયોગી
ઍડ્વોકેટ, ક્રૅડોક ટાઉન, નાગપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૭૪

## ૫૭. નોંધ

### સેવાનું શિક્ષણ

એમ. ઈ. ડી. સ્મિથે લખેલી ધ સર્વિસ ઑફ મધરહુડમાંથી એક ભાઈએ નીચેનું રસપ્રદ લખાણ મોકલ્યું છે:

> આપણી શિક્ષણ પદ્ધતિ વધુ પડતી અવ્યવસ્થિત રહી છે. દાખલા તરીકે, આપણી યુનિવર્સિટીઓમાં સર્વત્ર એવું જોવા મળે છે કે, વિદ્યાર્થીઓને ભણવું ગમે તો ભણવા દેવા, અને ન ગમે તો એમની મરજી મુજબ રખડવા દેવા. આવું કરવાથી સમસ્ત રાષ્ટ્રને કેટલું નુકસાન થાય છે, તે વાત જ ધ્યાન બહાર રહી ગયેલી જોઈને આશ્ચર્ય થાય છે. નુકસાન તો થાય છે જ, કેમ કે, રાષ્ટ્રમાં જન્મનાર પ્રત્યેક વ્યક્તિ મહેમાન થવા નહીં, પણ સેવક બનવા સરજાઈ છે. શિક્ષણ પદ્ધતિની આ ઢીલી નીતિ ચાલુ રાખવા માટે શિક્ષણ સંસ્થાઓના કેટલાક મોટા મોટા અધિકારીઓ દોષપાત્ર છે. આજની જરૂરિયાતો સમજતા નહીં હોવાથી તેમ જ અતડાપણા તથા મિથ્યા આત્મસંતોષના વાતાવરણમાં રહેતા હોવાથી તેઓ શિક્ષણના સાચા ઉદ્દેશને કે મહત્ત્વને સમજી શકતા નથી. આપણે આશા રાખીએ કે ભવિષ્યમાં, જ્ઞાન મેળવવાની તકો ગુમાવવાનું એટલું જ શરમજનક ગણાશે જેટલું આજે એક સૈનિક પોતાની ફરજ પરથી નાસી જાય તો ગણાય છે.

એ યાદ રહે કે ઉપર જે કહેવાયું છે તે રાષ્ટ્રીય શિક્ષણ તેમ જ રાષ્ટ્રીય ફોજી શિક્ષણ માટે કહેવાયું છે. પોતાનાં જ સગાંવહાલાંના આદર્શો ભાવનાઓને કચડી નાખવા માટે તૈયાર કરવામાં આવતા અને પગારથી કામ કરતા ભાડૂતીઓના લશ્કરમાં જોડાવાનું જેમ ખોટું છે તેમ વિદેશી શાસકોની મુરાદ બર લાવવા સ્થપાયેલી શિક્ષણ સંસ્થામાં જોડાવાનું પણ ખોટું છે.

### કાશી વિદ્યાપીઠ

કાશી વિદ્યાપીઠ, બનારસ કૅન્ટોનમેન્ટથી, આચાર્ય નરેન્દ્રદેવે નીચેનું લખાણ[1] પ્રસિદ્ધિ અર્થે મોકલ્યું છે:

૧. આ લખાણ અહીં આપ્યું નથી. એમાં વિદ્યાલય ફરી શરૂ થવાની તારીખ, ત્યાં શીખવાતા વિષયો, પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત વગેરે માહિતી આપી હતી.

Gandhi Heritage Portal

જે થોડીઘણી રાષ્ટ્રીય સંસ્થાઓ આજે પણ ટકી રહી છે, તેમાંની એક આ વિદ્યાલય છે. એનો જશ ખાસ કરીને તો, બાબુ શિવપ્રસાદ ગુપ્તાની ઉદારતા તથા શ્રદ્ધાને જાય છે.

## આપણે વધુ ને વધુ ગરીબ બનતા જઈએ છીએ?

થોડા વખત પહેલાં, પ્રો. સૅમ હિગિનબૉટમે ભારતની ગરીબી અંગેના કેટલાક પ્રશ્નો[1] મારા જવાબ માટે મોકલ્યા હતા. એમના સવાલો ગંભીર હતા, ને આ મુશ્કેલ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આપણને સહાય થવા એ ઉત્સુક છે એ હું જાણું છું, તેથી મેં વિચાર્યું કે એમને માત્ર મારા પોતાના જવાબ મોકલવાને બદલે આ વિષયના નિષ્ણાતોની મદદ મારે લેવી. પરિણામે, આવા થોડા મિત્રોને લખી પુછાવવામાં આવ્યું કે તેઓ પોતાનો વિચારપૂર્વકનો અભિપ્રાય આપવા સમય કાઢશે કે કેમ? મુંબઈ યુનિવર્સિટીના પ્રોફેસર સી. એન. વકીલે એક લેખમાળા[2]ના રૂપમાં પોતાનો અભિપ્રાય લખી મોકલવા કૃપા કરી છે. આ માળાનો પહેલો હપતો આ જ અંકમાં અન્યત્ર આપ્યો છે તે વાંચનાર જોઈ લે.

## અખિલ ભારત ગોરક્ષા મંડળ[3]

આ મંડળની સામાન્ય સભા સત્યાગ્રહાશ્રમ, સાબરમતીમાં આવતી તા. ૨૫મીએ બપોર પછી સાડા ત્રણ વાગ્યે નીચલો ઠરાવ વિચારવા બેસશે :[4]

આ ઠરાવ આણવાનાં કારણ વિશે વધારે લખવાની જરૂર નથી. શ્રી જમનાલાલજી તથા મને ઘણા વખતથી લાગ્યા કરતું હતું કે મંડળના મોટા નામને છાજે એવું કામ તથા પરિણામ બતાવ્યા વિના એ નામે સંસ્થા ચલાવવામાં મંડળને કે જનતાને ન્યાય નથી મળતો. પૈસા પણ મોટે ભાગે શ્રી જમનાલાલજીને અંગત મિત્રો પાસેથી મળેલા તે છે, અને થોડાક ગાયની રક્ષાને અર્થે જેને હું અતિ આવશ્યક માનું છું તે પ્રયોગો કરવા સારુ મને મળેલા છે તે છે. એટલે મંડળને આ પત્રમાં વર્ણવેલા ગોરક્ષાના ઉપાયોમાં જે રસ લે છે અને તે વિશે કામ કરી શકે એવા સજ્જનોની નાની મંડળીનું રૂપ આપવું એ યોગ્ય તથા વધારે પ્રામાણિક લાગે છે. મંડળ પાસે હાલ આશરે ૧૭,૦૦૦ રૂપિયા છે, અને મોટે ભાગે મને ભેટ મળેલાં થોડાંક પુસ્તકો છે. ચાલુ માસિક ખર્ચ આશરે ૫૫ રૂપિયા છે. સત્યાગ્રહાશ્રમને સોંપેલા પ્રયોગો ચલાવવાને અર્થે જે ખર્ચ થાય તે ભરવું એટલી મંડળની જવાબદારી છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १२–७–१९२८

૧. જુઓ : "આપણી ગરીબી", ૬–૯–૧૯૨૮.

૨. "ભારતમાં ગરીબીનો પ્રશ્ન" એ મથાળાવાળી. લેખમાળા જુલાઈ ૧૨, ૧૯ અને ૨૬, તથા ઑગસ્ટ ૨, અને ૯, ૧૯૨૮ના યંગ ઇન્ડિયાના અંકોમાં છપાઈ હતી.

૩. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૫–૭–'૨૮ના અંકમાંથી આપ્યું છે. આ મંડળ ૧૯૨૫ના ઍપ્રિલની ૨૮મીએ ગાંધીજીએ સ્થાપેલ; જુઓ પુ. ૨૬.

૪. સભામાં સુધારેલા અને પસાર કરેલા ઠરાવ માટે જુઓ, "ગોસેવા સંઘ", ૨૯–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૫૮. વિદ્યાર્થીઓમાં જાગૃતિ

બારડોલીનો સંદેશ હજી પૂરેપૂરો અપાયો નથી. પણ હજી સુધી અધૂરો હોવા છતાં તેણે આપણને એવા પાઠ ભણાવ્યા છે જે આપણે સહેલાઈથી ભૂલી શકીશું નહીં. બારડોલીએ મંદ પડેલા આપણા ઉત્સાહને પુનર્જીવન આપ્યું છે, આપણામાં નવી આશાનો સંચાર કર્યો છે, સામૂહિક અહિંસામાં રહેલી અપાર સંભાવનાઓનું એણે દર્શન કરાવ્યું છે — પછી ભલે એ અહિંસા આપણામાંના ઘણા બધાએ, સ્થિર નિષ્ઠા તરીકે નહીં પણ બીજા સદ્‌ગુણોની જેમ માત્ર વ્યાવહારિક નીતિ તરીકે અપનાવીને આચરી હોય. શ્રી વલ્લભભાઈ પટેલના માનમાં મુંબઈમાં જે અદ્‌ભુત દેખાવો થયા તેનો આંખે દેખ્યો હેવાલ જે મેં સાંભળ્યો, એમને જે ૨૫,૦૦૦ રૂપિયાની થેલી અનાયાસે જ અર્પણ થઈ, જે પ્રેમથી એમની મોટરને ઘેરી લેવામાં આવી, જ્યારે તેઓ પ્રચંડ ટોળાંઓની વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જે રીતે એમના પર સોનાનો તથા ચલણી નોટોનો વરસાદ વરસાવવામાં આવ્યો, થિયેટરમાં દાખલ થતાં જ એમને જે ઉત્સાહથી વધાવવામાં આવ્યા — આ બધી ઘટનાઓ બારડોલીની પ્રજાએ પોતાની હિંમત અને તપશ્ચર્યાથી થોડા જ મહિનામાં જે કરી બતાવ્યું તેની સાબિતી છે. આમ તો આ જાગૃતિ દેશ આખામાં નજરે ચડે છે, પણ વિદ્યાર્થીઓમાં તો વધારે — અને તેમાંય મુંબઈના વિદ્યાર્થીઓમાં તો વધુમાં વધુ ધ્યાનપાત્ર રૂપમાં જોવા મળે છે. શ્રી નરીમાનને, તથા જે બહાદુર યુવકયુવતીઓ પર એમનો આવો આશ્ચર્યકારક કાબૂ છે તેમને, મારાં અભિનંદન. વળી વિદ્યાર્થીઓમાં પણ ત્રણ પારસી કન્યાઓ — મિસ દાવર અને ભેસાનિયા બહેનોનો — નજરે જોનારા ખાસ ઉલ્લેખ કરે છે. આ ત્રણ છોકરીઓએ પોતાના અસીમ ઉત્સાહ અને શૌર્યથી મુંબઈની વિદ્યાર્થી આલમને ચેતનવંતી બનાવી દીધી હતી એવું કહેવાય છે. મહાદેવ દેસાઈ પર પૂનાની કોઈ કૉલેજના એક વિદ્યાર્થીનો પત્ર આવ્યો છે. આ કૉલેજના વિદ્યાર્થીઓએ સ્વયંસ્ફુરણાથી ચોથી તારીખે પોતાને ત્યાં "વિદ્યાર્થી બારડોલી દિન" ઊજવ્યો; હડતાળ પાડી, અને બારડોલી માટે ફાળો ઉઘરાવ્યો, જેમાં સ્વેચ્છાએ રકમો મળી. સરકારી શાળાકૉલેજોના વિદ્યાર્થીઓમાં પ્રગટેલી આ હિંમત કદી મૂરઝાઈ ન જાય, તેમ જ આણીને વખતે તેઓ દગો ન દે એવું પ્રાર્થીએ. બારડોલી ફંડમાં પોતાનો નમ્ર ફાળો આપવા વિદ્યાર્થીઓએ અપનાવેલા ત્યાગનાં પગલાં વર્ણવતા જે પત્રો આવે છે તે ભારે હૃદયસ્પર્શી હોય છે. ગુરુકુળ કાંગડી, સાસવણનું વૈશ્ય વિદ્યાલય, ઘાટકોપરનું એક છાત્રાલય, નવસારી પાસે આવેલા સૂપાનું ગુરુકુળ તથા જેનાં નામ મને અત્યારે યાદ નથી આવતાં એવી અનેક સંસ્થાઓના વિદ્યાર્થીઓ થોડાક રૂપિયા કમાઈ લેવા શ્રમ કરે છે, અથવા તો પોતે એકાદ માસ માટે દૂધ-ઘીનો ત્યાગ કરી થોડી બચત કરે છે.

બારડોલીના ગ્રામજનો, તેમાંય ખાસ કરીને ત્યાંની નિરક્ષર બહેનો જેમની ગણના સ્વાતંત્ર્ય-સૈનિકોમાં આજ લગી આપણે કરી નથી, આ સૌ પોતાની મૂગી યાતનાઓ તથા શાંત શૌર્યથી જે પાઠ આપણને શીખવી રહ્યાં છે તે આપણે ઝીલ્યા ન હોત તો તે ઘોર અનર્થ ગણાત. ઈનકારનો ભય રાખ્યા વિના આપણે કહી શકીએ કે ચીની વિદ્યાર્થીઓ જ તે મહાન દેશના સ્વાતંત્ર્ય યુદ્ધના નેતાઓ હતા; અને ઈજિપ્તમાં સાચી સ્વતંત્રતા માટે જે લડત ચાલી રહી છે તેમાં પણ ત્યાંના વિદ્યાર્થીઓ જ મોખરે છે. ભારતના વિદ્યાર્થીઓ પાસેથી એનાથી સહેજ પણ

Gandhi Heritage Portal

ઓછી આશા રાખવામાં નથી આવતી. સ્વહિત માટે નહીં પણ દેશની સેવા માટે તેઓ શાળા-કૉલેજોમાં જાય છે કે જવું જોઈએ. એમણે તો રાષ્ટ્રના હીર–શ્રેષ્ઠ જનો–બનવાનું છે.

પરિણામની ચિંતા વિદ્યાર્થીઓને નડતી મોટામાં મોટી મુશ્કેલી છે; જોકે મોટેભાગે એ કાલ્પનિક ચિંતા હોય છે એટલે વિદ્યાર્થીઓએ શીખવાનો પહેલો પાઠ તો એ છે કે ભયને ખંખેરી નાખવો. શાળા-કૉલેજોમાંથી કાઢી મૂકવાનો, ગરીબીનો કે મોતનો પણ ડર જેઓ ન છોડે તેઓ કદી આઝાદી હાંસલ કરી શકતા નથી. સરકારી શાળામહાશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને મોટામાં મોટી બીક તેમને તે સંસ્થાઓમાંથી કાઢી મૂકવામાં આવશે તેની હોય છે. આ લોકોએ સમજવું જોઈએ કે હિંમત વિનાની વિદ્યા, દેખાવે સુંદર પણ કોઈ ગરમ પદાર્થનો જરા સ્પર્શ થતાં જ પીગળી જાય તેવા મીણના પૂતળા જેવી છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १२–७–१९२८

## ૫૯. મિસ બાર્બરા બાઉરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો.[૧] મારામાં ચમત્કાર કરવાની શક્તિ છે એવી વાત શી રીતે ફેલાવા પામી છે તે હું નથી જાણતો. હું તો તમને એટલું કહી શકું કે બીજાં બધાં માનવપ્રાણીઓની જેમ તેમના જેવી જ નબળાઈઓ, અસરો આદિને આધીન હું પણ કેવળ એક મર્ત્ય માનવી છું; તેમ જ મારામાં કોઈ પ્રકારની અલૌકિક શક્તિ નથી.

તમારો સહૃદયી

મિસ બાર્બરા બાઉર
બિગ સ્પ્રિંગ, ટેકસાસ, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૩૪૯

૧. ૨૪ મે, ૧૯૨૮નો, જેમાં લખ્યું હતું : “આપને મારી આટલી વિનંતી છે કે જેનું તાજેતરમાં અવસાન થયું છે, તે મારા વહાલા ભાઈને આપ પુનર્જીવિત કરો....કોઈ મહાત્મા કે પયગંબર કરી શકે તેમ આપ પણ કરી શકો છો એ હું જાણું છું....આવી દૈવી શક્તિઓ આપને મળેલી છે તે મને ખબર છે. ...” (એસ. એન. ૧૪૩૧૪).

Gandhi Heritage Portal

## ૬૦. ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

પ્રિય મિત્ર,

આટલાં બધાં વર્ષો પછી તમારો પત્ર[1] મળતાં અપાર આનંદ થયો.

તમે છાપાંમાંથી જાણ્યું હશે કે આ વર્ષે યુરોપ જવાનું હું નક્કી કરી શક્યો નથી. આવતી સાલ જવાનું મારું મન છે. હું જઈશ તો આપણે ક્યાંય તો ભેગા થઈશું જ, એમાં મને શંકા નથી. પણ તમારી ઇસ્પિતાલમાં હું એક મિત્ર તરીકે મુલાકાતે આવીશ, કે તબીબી ઉપચાર ને સારવાર માટે એક દરદી તરીકે આવીશ, તે આજે તો હું જાણતો નથી.

તમારો સહૃદયી

ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડ
લેડી માર્ગરેટ હૉસ્પિટલ, ડૉડિંગ્ટન, કેન્ટ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન ૧૪૩૫૨

## ૬૧. એલ. ક્રૅનાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

૧૮ મેના તમારા પત્રના[2] જવાબમાં જણાવવાનું કે "ટેકો આપનાર સભ્યોને" એ મથાળાવાળો કાગળ, જેનો જવાબ મેં તમને મોકલેલો,[3] મારા પર બીડનાર તમે જ હતા. પત્ર પર તમારી સહી છે. મૂળ પત્ર આ સાથે સામેલ છે.

મારે વિશે અને મારી માન્યતાઓ વિશે કેટલાંય છાપાં દ્વારા ફેલાવાતી ગેરસમજૂતીઓ જોઈ રમૂજ ઊપજે છે. આમાંની કેટલીક જાણીબૂજીને ફેલાવાતી હોય એવું દેખાય છે. વળી ખ્રિસ્તી

૧. ૨૦ જૂન, ૧૯૨૮નો; એમાં લખ્યું હતું; "મારી સારસંભાળ નીચે તમે મારે ત્યાં થોડો વખત પણ ગાળી શકો તો મહેરબાની કરીને ખાતરી રાખશો કે તમારું ભારે ભાવભીનું સ્વાગત થશે...વળી તમારે કંઈ દાક્તરી ઉપચાર કે સારવારની જરૂર હશે તો તે પણ અમે ખુશીથી આપીશું." (એસ. એન. ૧૪૩૩૧).

૨. એમાં લખ્યું હતું: "ટેકો આપનાર સભ્યોને મેં લખેલો પત્ર આપની પાસે કેવી રીતે પહોંચી ગયો તે મારાથી કળાતું નથી. આ બાબતમાં આપ કંઈ પ્રકાશ પાડી શકશો તો આભારી થઈશ." (એસ. એન- ૧૪૩૧૩).

૩. ૪ મે, ૧૯૨૮નો, જુઓ પુસ્તક ૩૬, પત્ર ૩૪૯.

Gandhi Heritage Portal

આદર્શો પ્રમાણે ચલાવવાનો જેને માટે દાવો કરવામાં આવે છે તેવાં છાપાં પણ આમાંથી બાકાત નથી.

તમારો સહૃદયી

બિડાણ ૧

એલ. ક્રેના, એસ્ક્વાયર

ખ્રિસ્તી યુવક સંઘ, સિંગાપોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૩૪૫

## ૬૨. એડા રૉઝેનગ્રીનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

બહેનશ્રી,

તમારા પત્ર તથા જર્મન પુસ્તક[1] માટે આભાર. હું ધારું છું કે, મને જર્મન ભાષા આવડતી નથી એવું મેં તમને જણાવેલ છે.

આવતા વરસની મારી યુરોપની મુલાકાતનું હજી કશું ઠેકાણું નથી.

છૂટાછેડા બાબતમાં મારા વિચારો દૃઢ છે. મારો પોતાનો અભિપ્રાય એવો છે કે સ્વભાવભેદને કારણે પતિપત્નીને ન બનતું હોય, અને વારંવાર ઘર્ષણ થતું હોય, તો એ બંનેએ સ્વેચ્છાએ છૂટા પડવું જોઈએ. પરંતુ બેમાંથી એક પણ પુનર્લગ્ન કરે તેને હું અયોગ્ય માનું છું. બ્રહ્મચર્યની આવશ્યકતામાં હું માનતો હોવાથી સ્વાભાવિક રીતે જ મારું વલણ રહે છે કે આવો પુરુષ કે આવી સ્ત્રી જેટલો વધારે [સંયમ] કેળવે તેટલો તેને લાભ છે.

તમારો સહૃદયી

એમ. એડા રૉઝેનગ્રીન

લિડિન્ગો, સ્વીડન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૩૪૬

૧. પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણોની તપાસ કરનાર "તટસ્થ કમિટી"એ તૈયાર કરેલું.

Gandhi Heritage Portal

## ૬૩. એચ. એન. મૉરિસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્ર તથા માય રિલીજિયન નામના હેલનકેલરના પુસ્તકની નકલ માટે તમારો આભાર.

હેલનકેલરના નામથી તેમ જ કાર્યથી હું અપરિચિત નથી. પરંતુ મારે સખેદ જણાવવું પડે છે કે, મને વાંચવાનું મન હોય એવું પણ કંઈ વાંચી જવાની મને પળનીય ફુરસદ મળતી નથી. આ કારણે, તમે મોકલેલું પુસ્તક હજી વંચાયા વિના જ પડી રહ્યું છે. અલબત્ત, અમારા આશ્રમવાસીઓ એ રસપૂર્વક વાંચશે.

તમે છાપાંમાં જોયું જ હશે કે યુરોપ જવાનો વિચાર મારે આ વરસ પૂરતો પડતો મૂકવો પડયો છે. સંભવ છે કે આવતે વર્ષે એ મુલાકાતે હું આવું.

તમારો સહૃદયી

એચ. એન. મૉરિસ એસ્ક્વાયર
૧૪૦, વિધિંગ્ટન રોડ, વ્હાલે રેઈન્જ, માન્ચેસ્ટર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૪૭

## ૬૪. સૅમ્યુઅલ એમ. હસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તબીબી વિદ્યાનો કયો અભ્યાસક્રમ તમારે લેવો, તે બાબતમાં તમને દોરવણી આપવા હું યોગ્ય નથી એવું મને લાગે છે.

યંગ ઇન્ડિયાની ઑફિસના વ્યવસ્થાપક પર તમારું નામ મોકલાઈ ગયું છે.

હિંદુમુસ્લિમ ઐક્ય, વગેરે બાબતમાં હું તમારી સાથે સંમત છું કે જુદી જુદી કોમો વચ્ચે સંપૂર્ણ એકતા હોવી જોઈએ, અને એવી એકતા આણવા માટે ભારે પ્રયત્ન થઈ રહ્યો છે.

મધર ઇન્ડિયા બાબતમાં ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૨૭ના યંગ ઇન્ડિયામાં આવેલો મારો લેખ[૧] જોશો.

તમે ભારત પાછા આવો ત્યારે આશ્રમમાં આવશો તો અમને આનંદ થશે.

તમારો સહૃદયી

સૅમ્યુઅલ એમ. હસન એસ્ક્વાયર
જનરલ કેમિસ્ટ્રી, સાઈરેક્યૂઝ યુનિવર્સિટી, સાઈરેક્યૂઝ, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૪૮

૧. "ગટર સુકાદમનો રિપોર્ટ", જુઓ પુસ્તક ૩૪, પા. ૫૧૪–૨૨.

Gandhi Heritage Portal

## ૬૫. ડબ્લ્યુ. કોલ્ડસ્ટ્રીમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા હાર્દિક આમંત્રણ માટે આભાર. આવતે વર્ષે યુરોપ આવવાની મારી અભિલાષા ફળશે તો આપણે ક્યાંય મળશું એમાં શંકા નથી; અને એ મિલનથી મને આનંદ થશે. પરંતુ તમારું આતિથ્ય હું સ્વીકારી શકીશ કે નહીં તે હાલને તબક્કે કહેવું મુશ્કેલ છે. સંભવ તો એવો છે કે મારો કાર્યક્રમ મારા હાથમાં નહીં હોય.

તમારો સહૃદયી

ડબ્લ્યુ. કોલ્ડસ્ટ્રીમ એસ્ક્વાયર
૬૯ વેસ્ટ ક્રૉમવેલ રોડ, લંડન, એસ. ડબ્લ્યુ. ૫

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૫૦

## ૬૬. મિસિસ કૅમ્બિસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો. શ્રીમતી અનસૂયાબાઈએ તમારે વિશે બધી વાત મને કરી છે. અહીં આવવા માટે તમને ઉત્તેજન ન આપી શકાય. છતાંય, આવવું જ હોય તો મારી તો સલાહ એવી છે કે એક પ્રયોગ ખાતર આવવું, અને કદાચ અહીંની આબોહવા માફક ન આવતાં પાછા જવું પડે તો પરત જવાના પૂરતા પૈસા પાસે હોય તો જ આવવું. તમારે માટે તો મને લાગે છે કે તમે જ્યાં છો ત્યાં રહી, આવી મળે તે સેવા કરો તે જ વધારે સારું છે.

તમારો સહૃદયી

મિસિસ કૅમ્બિસ[1]
૩૪, દ ક્રેસ્પીની પાર્ક, લંડન, એસ. ઈ. ૫

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૫૧

૧. શિક્ષિકા અને સમાજસેવિકા.

Gandhi Heritage Portal

## ૬૭. આબિદઅલી જાફરભાઈને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા વાર્ષિક માટે મારો સંદેશો આ રહ્યો:

સિંગાપુર જેવા હિંદ બહાર આવેલા પ્રદેશોમાં રહેતા હિંદીઓએ યાદ રાખવું જોઈએ કે પોતાની માતૃભૂમિના ગૌરવના તેઓ ટ્રસ્ટીઓ છે અને તેથી જે વિદેશીઓની વચ્ચે પોતે વસે તેમની સાથેનું વર્તન શંકારહિત તથા બધી રીતે પ્રામાણિક હોવું જોઈએ. માતૃભૂમિના છેક જ ગરીબ દેશબંધુઓ સાથેની ગાંઠ તેમણે ખાદીનો ઉપયોગ કરીને જાળવી રાખવી જોઈએ.

તમારો સહૃદયી

આબિદઅલી જાફરભાઈ
યુસુફ બિલ્ડિંગ – સી, માઉન્ટ રોડ, મઝગાંવ, મુંબઈ ૧૦

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૫૯૮

## ૬૮. યુ. કે. ઓઝાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ ઓઝા,[1]

તમારો પત્ર[2] મળ્યો છે. મારાથી સહન ન થઈ શકે એવો બોજો તમે મારા પર મૂક્યો છે. તમારું સૂચન તો આકર્ષક જણાય છે, પરંતુ પૂરો વિચાર કર્યા વિના હું તમને કંઈ દોરવણી ન આપી શકું. એટલે હું તો એટલું જ કહી શકું કે આ બાબતમાં તો ત્યાંના સ્થાનિક લોકો જ

૧. નૈરોબીથી નીકળતા ડેમોક્રેટના તંત્રી; ઈસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના સામાન્ય મંત્રી.

૨. ૨૭ જૂન, ૧૯૨૮નો, જેમાં પૂર્વ આફ્રિકાના યુરોપિયનો તથા ભારતીઓ વચ્ચે સામાન્ય મતદાર યાદીઓ બાબત સાધવાની સમજૂતી અંગેની શરતો સૂચવવામાં આવી હતી. ઓઝાએ ઉમેર્યું હતું: "બંને કોમો માટેની સામાન્ય યાદી બનાવવા યુરોપિયનો સંમત છે. મત આપવાની લાયકાત, વ્યક્તિની ઉંમર, એનો વસવાટ, શિક્ષણ અથવા મિલકતના આધારે નક્કી થવી જોઈએ. અંગ્રેજી લખતાં વાંચતાં આવડે એટલી શૈક્ષણિક લાયકાત પૂરતી ગણાવી જોઈએ. મિલકત બાબતનું ભારતીય દૃષ્ટિબિંદુ એવું છે કે ૧૦૦૦ પાઉંડની સ્થાવર મિલકતનો વાસ્તવિક કબજો હોવો જોઈએ. અહીં મારે મતભેદ છે. મર્યાદા હજાર પાઉંડથી ઓછી બાંધવી જોઈએ....ઉપર્યુક્ત દરખાસ્તો પહેલાં કોંગ્રેસ સમક્ષ મૂકવાની હતી, અને ત્યાં જો સ્વીકારાય તો યુરોપિયન તથા ભારતીય આગેવાનો તેના પર સહીઓ કરી, તેને કેન્યાવાસી હિંદીઓના પ્રશ્નના ઉકેલની મૂળગત રૂપરેખા દર્શાવતા સંયુક્ત જાહેરનામા તરીકે બહાર પાડવાના હતા."

Gandhi Heritage Portal

નિર્ણય લેવા માટેની શ્રેષ્ઠ વ્યક્તિઓ ગણાય. હું એટલી ચેતવણી આપવા ઇચ્છું કે, સ્થાનિક લોકો જ નિર્ણય લેવા માટે શ્રેષ્ઠ વ્યક્તિઓ હોવા છતાં તેમની પાસેથી એવી આશા રાખવામાં આવે છે કે તેઓ જે કંઈ કરે તેનાથી સમગ્ર રાષ્ટ્રની પ્રતિષ્ઠા કે ગૌરવને હાનિ ન પહોંચવી જોઈએ.

તમારા પત્રના છેલ્લા ફકરા[1] બાબત જણાવવાનું કે અહિંસામાં રહેલી મારી શ્રદ્ધા અનુભવે વધારે દૃઢ બની છે. મારી આસપાસ જે કંઈ બની રહ્યું છે તેમાંથી હું હિંસાનો નહીં પણ અહિંસાનો પાઠ શીખી રહ્યો છું. કદાચ હું તદ્દન ખોટો હોઉં. પણ હું ખોટો છું એવું હું જાણતો નથી કે અનુભવતો નથી.

"થોભી જાઓ" એવો કેબલ મેં તમને કર્યો છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૮૫૫ એ.

## ૬૯. એસ. જી. વઝેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ વઝે,

શ્રી ઓઝાના પત્રની તથા તેમને મેં આપેલા જવાબની નકલો આ સાથે બીડી છે. એમણે માગેલી દોરવણી આપવાનું મને સલામત નથી લાગતું અને તેમને મેં એ મુજબ લખ્યું છે. પણ તમે તો સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ છો. તમે એમને દોરવણી આપી શકો?

હું બનારસીદાસને[2] પણ લખું છું. મારા જવાબની રાહ જોવા મેં ઓઝાને કેબલ કરીને જણાવ્યું છે.

તમે લખેલો બારડોલીનો અહેવાલ[3] વાંચી ખૂબ રાજી થયો.

તમારો સહૃદયી

શ્રી એસ. જી. વઝે
ભારત સેવક સમાજ, પૂના

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૮૬૧

૧. એમાં લખ્યું હતું: "હું માનું છું કે આપને થોડા જ વખતમાં એક પ્રચંડ યુવક આંદોલનના નેતા બનવું પડશે; ને અંગત રીતે મને લાગે છે કે અહિંસાને પણ આપે બાજુએ મૂકવી પડશે. ચોપાસ ઘેરાતાં વાદળ આપ નથી જોઈ શકતા?"

૨. બનારસીદાસ ચતુર્વેદી.

૩. આ અહેવાલ શ્રી હૃદયનાથ કુંઝરુ, સર્વન્ટ ઑફ ઇન્ડિયાના તંત્રી શ્રી વઝે, તથા અમૃતલાલ ઠક્કર— ત્રણેએ મળી તૈયાર કર્યો હતો. ત્રણે ભારત સેવક સમાજના સભ્યો હતા. શ્રી મહાદેવ દેસાઈએ આ અહેવાલના કરેલા સંક્ષેપ માટે જુઓ પરિશિષ્ટ ૧.



Gandhi Heritage Portal

## ૭૦. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

[જુલાઈ ૧૪, ૧૯૨૮][૧]

ભાઈ બનારસીદાસ,

મારા પર આવેલો ઓઝાનો પત્ર આ સાથે બીડ્યો છે. એમને સલાહ આપવા હું કોઈ રીતે લાયક નથી. આ બાબતમાં તમે એમને કંઈ લખી શકો.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ હિંદી]
બનારસીદાસ ચતુર્વેદીનો એ. આઈ. સી. સી. સાથેનો પત્રવ્યવહાર; નેહરુ સ્મારક સંગ્રહાલયના સૌજન્યથી

## ૭૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૪, ૧૯૨૮

સુજ્ઞ ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. મહાદેવ પથારીવશ ન હોત તો કદાચ તેના જ સંતોષને ખાતર તેને સ્ટેશન ઉપર મોકલત. હવે તો કોઈને મોકલતો નથી. પણ ચિ. કુસુમબહેનને સ્ટેશન ઉપર તેના સ્નેહીને મળવા જવાનું છે તેથી આ ચિઠ્ઠી વતી જણાવું છું કે તમારી રાહ અમે બધા જોઈએ છીએ.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૩૨૨૩; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

# ૭૨. નોંધ

## વિકાર વીંછી

કલકત્તાનો એક વિદ્યાર્થી પૂછે છે:[1]

મારો અને મારા સાથીઓનો અનુભવ તો એવો છે કે જો પતિપત્ની સ્વેચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરે તો આત્યંતિક સુખ મેળવી શકે છે, પોતાના સુખની વૃદ્ધિનો અનુભવ નિત્ય કરે છે. અશિક્ષિત પત્નીને બ્રહ્મચર્યનો મહિમા બતાવવામાં અડચણ નથી આવતી, અથવા એમ કહી શકાય કે શિક્ષિત અશિક્ષિતનો ભેદ બ્રહ્મચર્ય નથી જાણતું. બ્રહ્મચર્ય કેવળ હૃદયબળની વાત છે. મારી જાણમાં રહેલી અશિક્ષિત સ્ત્રીઓ વિવાહિત હોવા છતાં બ્રહ્મચર્યનું પાલન કરી રહી છે. સમાજના ડહોળાયેલા વાતાવરણમાં પણ બ્રહ્મચર્યનું પાલન કરનાર પતિ પોતાની પત્નીના શિયળની રક્ષા કરવા વધારે સમર્થ બને છે. બ્રહ્મચર્યનો અભાવ પત્નીને ભ્રષ્ટ થતાં બચાવતો નથી, પણ પત્નીના ભ્રષ્ટાચારને ઢાંકણરૂપ નીવડ્યાના દાખલા આપી શકાય.

બ્રહ્મચર્યની શક્તિ અમાપ છે. ઘણા દાખલાઓમાં મારો અનુભવ એવો છે કે બ્રહ્મચર્યનું પાલન કરનાર પોતે વિકારમાંથી છૂટેલો નથી હોતો, તેથી તે તેના પ્રયત્નનો પ્રભાવ પત્ની ઉપર પાડી નથી શકતો. વિકાર ચતુર મહાશય છે, તેથી તેના ભાઈબંધને ઓળખતાં તેને વાર નથી લાગતી. જે વિકારરહિત નથી થઈ, જે વિકારને છોડવા હજુ તૈયાર પણ નથી થઈ, તે પત્ની પતિના હૃદયમાં છુપાઈ રહેતા વિકારને તુરત ઓળખી કાઢે છે, ને તેના મોળા ને નિષ્ફળ પ્રયત્નની મનમાં હાંસી કરે છે, ને પોતે નિર્ભય રહે છે. જે બ્રહ્મચર્ય અચલિત છે ને જેની સાથે શુદ્ધ પ્રેમ ભરેલો છે તે બ્રહ્મચર્ય સામેના વિકારને બાળીને રાખ કરી મૂકે છે, એ વિશે કોઈ શંકા ન કરે.

બેલુરમાં ઘણી સુંદર મૂર્તિઓમાં એક મૂર્તિ એવી જોઈ કે જેના શિલ્પકારે કામને વીંછીની ઉપમા આપી છે. તે એક કામિનીને ડંખ્યો છે. તેના તાપે પેલીને નગ્ન કરી મૂકી છે, ને પછી તે પોતાના આંકડાને વાંકડો કરી પોતાના વિજયના અભિમાનમાં કામિનીના પગ પાસે પડ્યો પડ્યો તેની સામે હસી રહ્યો છે. વીંછીની ઉપર જે પતિએ વિજય મેળવ્યો છે તેની આંખમાં, તેના સ્પર્શમાં, તેની વાચામાં, બ્રહ્મચર્યની શીતળતા હોય છે. તે તેના સમીપમાં રહેલાના વિકારોને ક્ષણમાં ઠંડા પાડી શાંત કરે છે.

## વૃદ્ધબાળલગ્ન કે વ્યભિચાર?

એક બહેને કાગળ લખ્યો છે તેમાંથી નીચે પ્રમાણે તારણ લઉં છું:[2]

આ બહેનની દલીલમાં વજૂદ છે. પણ ઔષધ તો મેં બતાવ્યું[3] તે જ છે. જે પુરુષ વ્યભિચાર

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકનો પ્રશ્ન એ હતો કે પોતાની પત્ની સાથે કોઈ પુરુષ બ્રહ્મચર્યનું પાલન કેવી રીતે કરી શકે?

૨. આ પત્ર અહીં આપ્યો નથી. વૃદ્ધ વયે બાળકી જેવડી કન્યા સાથે લગ્ન કરનારનો સમાજે બહિષ્કાર કરવો જોઈએ, એવી ગાંધીજીની શિખામણ બાબત એક બહેને પોતાના પત્રમાં શંકા ઉઠાવી હતી ને લખ્યું હતું કે જ્યાં આવાં લગ્નો શાસ્ત્રીય અને વાજબી ગણાતાં હોય તેવા સમાજમાં આ કેમ બને? વળી એ બહેને એમ પણ જણાવ્યું હતું કે સમાજમાં એવા પણ પરિણીત પુરુષો હોય છે જેમને રખાત હોવા છતાં સમાજ બહિષ્કાર કરતો નથી.

૩. જુઓ 'નોંધ', ૮–૭–૧૯૨૮, પેટામથાળું "વૃદ્ધબાળલગ્ન."

Gandhi Heritage Portal

કરે છે તેનો પણ સમાજ ભલે બહિષ્કાર કરે. પણ જ્યાં સુધી વ્યભિચારીનો બહિષ્કાર ન કરે ત્યાં લગી જે વૃદ્ધ પુરુષ બાળકન્યાને પરણે છે તેનો બહિષ્કાર ન કરાય, એવી દલીલ કબૂલ રાખીએ તો આવાં કજોડાં બંધ કરતાં ઘણો કાળ જાય. વ્યભિચારમાં બહુ દોષ છે એમાં શક નથી, પણ વૃદ્ધબાળલગ્નમાં તેથીયે વધારે દોષ છે એમ હું માનું છું. વ્યભિચારમાં બંને પક્ષ સંમત હોય છે, ને જ્યારે બેમાંથી એક પણ તે પાપમાંથી છૂટવા માગે છે ત્યારે છૂટી શકે છે. વૃદ્ધબાળલગ્નમાં તો સુધારાને, પશ્ચાત્તાપને અવકાશ જ નથી કેમ કે તે અધર્મને અટકાવવા ધર્મ પોતે જ આડો આવે છે. આ કહેવાતા લગ્નરૂપી સંબંધને ધર્મ ઢાલરૂપ થઈ પડે છે. વળી અધર્મ જ્યારે ધર્મનો વેશ ધારણ કરે છે ત્યારે તે ઓછો દોષિત નથી પણ વધારે દોષિત બને છે, કેમ કે તેમાં પાખંડનું મિશ્રણ થાય છે.

દુ:ખની વાત તો એ છે કે આજે સમાજ વ્યભિચાર વિશે જેમ ઉદાસીન છે તેમ જ વૃદ્ધબાળલગ્ન વિશે છે. તેથી બંને વસ્તુને ન ભેળવતાં વૃદ્ધબાળલગ્નના પ્રશ્નને મજકૂર બહેન, બીજી બહેનો અને નવયુવકો હાથમાં લે ને તેની સામે લોકમત કેળવે. એટલું ખરું છે કે જેઓ આ આવશ્યક સુધારો કરવા ઇચ્છે છે તેઓ પોતે શુદ્ધ હોવા જોઈએ. "જેઓ ન્યાય માગવા ઇચ્છે છે તેમણે શુદ્ધ થઈને ન્યાયમંદિરમાં પ્રવેશ કરવો," એવો કાયદાનો નિયમ છે. અનુભવ એ નિયમને પૂર્ણ ટેકો આપે છે.

### આપ ભલા તો જગ ભલા

જ્યારે બીજાની નિંદા હું સાંભળી દુ:ખી થઈ રહ્યો હતો ત્યારે એક મિત્રે અચાનક નીચેની કડીઓ મને સંભળાવી. મને તે બહુ ગમી તેથી આ મારી નિર્દોષ ગમ્મતના ભાગીદાર વાંચનારને પણ બનાવવાનું મને મન થયું:

ન થી હાલકી જબ હમેં અપને ખબર,
રહે દેખતે ઔરોંકે ઐબ ઓ હુન્નર;
પડી અપની બુરાઈયોંપે જબકે નઝર,
તો નિગાહોંમેં કોઈ બુરા ન રહા.
ઝફર આદમી ઉસકો ન માનીયેગા
ગો હો કૈસા હિ સાહબે ફહમ ઓ ઝકા,
જીસે ઐશમેં યાદે ખુદા ન રહી,
જીસે તૈશમેં ખોફે ખુદા ન રહા.

(સાહેબે ફહમ—અકલમંદ; સાહેબે ઝકા – સંયમી; ઐશ—સુખ; તૈશ—ક્રોધ)

પણ આ કાવ્ય આપવાની મેં ધૃષ્ટતા કરી છે તેથી 'કવિઓ' મારી ઉપર કવિતાઓનો વરસાદ નહીં વરસાવે, એવી મારી ઉમેદ છે. સુંદર કાવ્યોથી આપણે આંતરશુદ્ધિ નથી કરી શકતા એ જાણું છું, તેથી ભાગ્યે જ કાવ્યોને **નવજીવન**માં જગ્યા મળે છે. પણ ઉપલા કાવ્યના ઉપયોગનો ઇતિહાસ છે તેથી તે વાંચનાર આગળ રજૂ કર્યું છે, એવી આશાએ કે કોઈ તો પોતાના દોષોનું દર્શન કર્યા પછી પરનિંદામાંથી બચશે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૧૫-૭-૧૯૨૮

Gandhi Heritage Portal

# ૭૩. સ્નાતકોના પ્રશ્નો

## રેશમ અને વ્યાઘ્રચર્મ

વિદ્યાપીઠના એક સ્નાતક લખે છે:[1]

અહિંસાની દૃષ્ટિએ રેશમનો અને વ્યાઘ્રચર્મનો ત્યાગ થવો જોઈએ, એ વિશે મને શંકા નથી. અને એ જ દૃષ્ટિએ મોતી અને એવી બીજી ઘણી વસ્તુઓનો પણ ત્યાગ થવો જોઈએ. જે યુગમાં રેશમ અને વાઘામ્બર પહેરવાનો રિવાજ પડ્યો તે યુગમાં અહિંસાધર્મને લોકો માનતા હતા, છતાં આવી વસ્તુઓ વાપરતા હતા એમ ભાસે છે. કેમ કે તે વખતે તેમણે વાઘના ચામડાનો અને રેશમનો ઉપયોગ જોયો અને તેની આવશ્યકતા માની, તેથી અહિંસા ધર્મને માનનારા હોવા છતાં તેમણે બંને વસ્તુઓ વાપરી. અહિંસાને માનતા છતાં પૂર્વજો યજ્ઞને નામે પશુઓને હોમતા, અને આજ પણ કેટલાક હોમે છે, એમ આપણે જોઈએ છીએ. પશુઓને હોમનારા શાસ્ત્રનો આધાર ટાંકીને કહે છે કે યજ્ઞાર્થે થયેલી હિંસા એ હિંસા નથી. તે જ રીતે આપણે બીજા જેઓ કેવળ વનસ્પતિ ઇત્યાદિ નિરામિષાહાર જ કરીએ છીએ તેઓ વનસ્પતિ ઇત્યાદિમાં જીવ હોવા છતાં તેનો નાશ કરીએ છીએ, અને આપણી અહિંસાને કશો બાધ નથી આવતો એમ માનીએ છીએ.

આ બધામાંથી આપણને સાર એ મળે છે કે દેહધારી સર્વાંશે હિંસામાંથી મુક્ત રહી શકતો નથી. માત્ર હવા અને પાણી ઉપર રહેનાર પણ થોડીઘણી હિંસા તો કરે જ છે. તેથી આપણે એવો નિયમ ઘટાવી શકીએ કે જેના ઉપયોગમાં જરાયે હિંસા રહેલી છે તેનો જેટલે અંશે શક્ય હોય તેટલે અંશે ત્યાગ કરીએ. એવો ત્યાગ કરતાં છતાં ત્યાગ ન કરનારની નિંદા ન કરીએ અને તેના પ્રત્યે ઉદાર ભાવ રાખીએ.

પણ જોકે ઉપર પ્રમાણે ખાવા પહેરવામાં અત્યંત સાદાઈની આવશ્યકતા છે, અને મનુષ્ય-પ્રાણીથી ઊતરતા જીવોને બચાવી લેવાનો આપણો ધર્મ છે, એમ છતાં આપણે સમજવું જોઈએ કે એ સંયમમાં પળાતી અહિંસા યત્કિંચિત જ છે, તેમાં સર્વસ્વ નથી. આપણે રોજ જોઈએ છીએ કે આવા પ્રકારની અહિંસા અતિશય સૂક્ષ્મતાથી પાળનાર મનુષ્ય બહુ હિંસક હોઈ શકે છે, અને તેનામાં અહિંસાની લાગણી તો જરાયે ન હોય. વારસામાં ચાલતી આવેલી રૂઢિને વશ થઈને આપણે અમુક વસ્તુઓનો ઉપયોગ ખાવા પહેરવામાં ન કરીએ, તેથી આપણે તે તે વસ્તુઓ પરત્વે પણ અહિંસક છીએ એવો દાવો ન કરી શકીએ. રૂઢિ કે આવશ્યકતાને લીધે પળાયેલી અહિંસામાં ભૌતિક પરિણામો ભલે આવે; પણ અહિંસા પોતે એક ઊંચા પ્રકારની ભાવના છે, અને તેનું આરોપણ તો તે જ મનુષ્યને વિશે કરી શકાય કે જેનું મન અહિંસક છે અને જે પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાથી, પ્રેમથી ઊભરાઈ જાય છે. પોતે કોઈ દિવસે માંસાહાર કર્યો નથી તેથી તે આજે પણ નથી કરતો, પણ ક્ષણે ક્ષણે ક્રોધ કરે છે, બીજાઓને લૂંટે છે, લૂંટવામાં નીતિ અનીતિનો ખ્યાલ નથી કરતો, જેને લૂંટે છે તેના સુખદુ:ખને વિશે બેફિકર છે તે માણસ

૧. પત્ર અહીં આપ્યો નથી. અહિંસાનો દાવો કરનારા વ્યાઘ્રચર્મ તથા રેશમને પવિત્ર કેવી રીતે માની શકે એ પત્રલેખકની મૂંઝવણ હતી.

Gandhi Heritage Portal

કોઈ પ્રકારે અહિંસક માનવા લાયક નથી, પણ તે ઘોર હિંસા કરનાર છે એમ કહેવું જોઈએ. એથી ઊલટો વંશપરંપરાથી ચાલતી આવેલી રૂઢિને વશ થઈને માંસાહાર કરનાર મનુષ્ય જે પ્રેમથી ઊભરાઈ જાય છે, રાગદ્વેષાદિથી રહિત છે, બધાની પ્રત્યે સમભાવ રાખે છે, એ અહિંસક છે અને પૂજવા યોગ્ય છે. અહિંસાનો ખ્યાલ કરતાં આપણે હમેશાં માત્ર ખાનપાનાદિનો જ વિચાર કરીએ છીએ, એ અહિંસા ન કહેવાય, એ તો મૂર્છા છે. જે મોક્ષદાયી છે, જે પરમધર્મ છે, જેના સાંનિધ્યમાં હિંસક પ્રાણીઓ પોતાની હિંસાને છોડે છે, દુશ્મન વેરભાવનો ત્યાગ કરે છે, કઠોર હૃદય પીગળી જાય છે તે અહિંસા કોઈ અલૌકિક શક્તિ છે, ને તે બહુ પ્રયત્ને, બહુ તપશ્ચર્યાને લીધે કોઈને જ વરે છે.

## મૂડી અને મજૂરી

સ્નાતકનો બીજો પ્રશ્ન નીચે પ્રમાણે છે:[1]

મૂડી અને મજૂરનો ભેદ આ જમાનાનો જ નથી. પ્રાચીન કાળથી ચાલતો આવેલો આ ભેદ છે. આ યુગમાં તેણે તીવ્ર સ્વરૂપ પકડયું છે, કેમ કે મજૂરવર્ગમાં ભારે જાગૃતિ આવી છે. વળી આ યુગમાં મૂડીવાળાઓની સંખ્યામાં વધારો થયો છે, ને મૂડીવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પૂર્વે મૂડીવાળાઓમાં મુખ્યત્વે રાજા હતો, અને તેના સંબંધમાં આવનારા થોડા બીજાઓ. જ્યારે હાલ મૂડીવાળાઓનો રાફડો ફાટયો છે. એવી સ્થિતિથી દુનિયા આગળ ચાલે છે એમ તો કહી જ કેમ શકાય? પણ આ સ્થિતિ સુધારવાનો રસ્તો મૂડીવાળાઓનો ટ્રૂપ કરીને એટલે તેમની ઉપર બળાત્કાર કરીને નીકળી શકવાનો નથી. મૂડી અને મજૂરી એ બંને વત્તાઓછા પ્રમાણમાં હમેશાં રહેશે જ, એમ મારી માન્યતા છે. મનુષ્યપ્રયત્નથી બંનેની વચ્ચેનો વિરોધ ઘણે અંશે ટાળી શકાય, એમ હું માનું છું. સ્નાતકે ટાંકેલું ચીનના રાજાનું વચન સોનામહોર જેવું છે. જગતમાં એક પણ માણસ નકામો બેઠો રહે તેનો બોજો કોઈએ તો ઉપાડવો જ પડે છે, તેથી એક ક્ષણ પણ નકામા બેસી રહેવામાં પાપ છે, એટલું આપણે સમજી જઈએ તો ઘણી મૂંઝવણોમાંથી નીકળી જઈએ. અને જેમ કોઈએ નકામા બેસી રહેવું અયોગ્ય છે તેમ જ કોઈએ પોતાની હાજતો ઉપરાંત લેવું કે સંઘરવું તે પણ અયોગ્ય છે. જ્યાં જ્યાં ભૂખમરો વર્તે છે તેનું પણ એ જ કારણ છે.

## ખાદીનો આશય

સ્નાતકનો ત્રીજો પ્રશ્ન આ છે:[2]

ખાદીનો એ એક આશય છે ખરો, પણ તેના બીજા તો ઘણાયે આશયો છે. જેમ કે ખેડૂતવર્ગને પોતાના ફાલતુ વખતમાં ઘરઘરાઉ વ્યાપક ધંધો મળે, વિદેશી કાપડનો બહિષ્કાર થાય, પ્રજાની સંઘશક્તિ વધે, હજારો મધ્યમ વર્ગના લોકોને પ્રામાણિક આજીવિકા મળે અને જો કરોડો માણસો ખાદીનો મંત્ર સમજી જાય, તો તેમાં સ્વરાજપ્રાપ્તિની શક્તિ તો સહેજે સમાયેલી છે. ખાદીની સફળતાથી કારખાનાનું સામ્રાજ્ય તો જરૂર ટળે.

૧. આમવર્ગના ભોગે મૂડીવાદીઓ એશઆરામ કરે છે એ સ્થિતિ દુનિયાને આગળ ધપાવે છે કે પાછળ?

૨. ખાદીની ચળવળ પાછળ પૈસો યોગ્ય રીતે અને સરખી રીતે વહેંચાય, એ જ આશય છે કે બીજો? ખાદીની ચળવળથી કારખાનાનો યુગ નાશ પામશે?

Gandhi Heritage Portal

### સ્નાતકને બે બોલ

સ્નાતકે બીજા કેટલાક પ્રશ્નો પૂછ્યા છે, તેમના ઉત્તર આપવાની આવશ્યકતા મને નથી લાગતી. તે પ્રશ્નો પૂર્વજન્મ ને પુનર્જન્મ વિશે તથા દૈવ વિશે છે. આ પ્રશ્નો અનાદિકાળથી ચાલ્યા આવે છે. સ્નાતકને મારી સલાહ છે કે એવા પ્રશ્નોના ઉકેલને સારુ તેમણે ધીરજ રાખવી. હું જે કંઈ ઉત્તર આપું તેના પ્રત્યુત્તરમાં દસ કોયડા બીજા રજૂ કરી શકાય, અને એમ બુદ્ધિબળનો ચિચોડો ચાલ્યા જ કરે. ધોરી માર્ગ એ છે કે આપણે સહુ આપણી આગળ પડેલા કર્તવ્યમાં મચ્યા રહીએ, ને આપણી આધ્યાત્મિક ગૂંચોને સારુ ધીરજ ને આશા રાખીએ કે તેનો ઉકેલ ઈશ્વર કરી દેશે. પાપ અને પુણ્યની પ્રતીતિ આપણને થાય છે, ને પુણ્ય કરવાં ને પાપ તજવાં એવો પ્રાચીન કાળથી ચાલતો આવેલો ધર્મ છે. આટલેથી આપણે સંતુષ્ટ રહેવાની આવશ્યકતા છે. દૈવ અને પુરુષાર્થનું દ્વંદ્વ ચાલ્યા કરે છે. સારું કરવામાં આપણે પુરુષાર્થ તરફ ઢળીએ, ગીતાએ સુગમ માર્ગ સૂચવી દીધો છે. ફળેચ્છા છોડીને કર્તવ્ય કરવું.

છેવટમાં સ્નાતકને પોતાના અક્ષર સુધારવાની મારી ભલામણ છે. સારા અક્ષર એક સુંદર કળા છે. તે બાહ્ય શિષ્ટતાનું લક્ષણ હોવું જોઈએ. સ્નાતકનો કાગળ ઉકેલતાં મને કંઈક મુશ્કેલી પડી હતી. હું પોતે સારા અક્ષર કાઢતાં ન શીખ્યો, વિદ્યાકાળમાં મને કોઈએ ન ટોક્યો, ન શીખવ્યું, ને પછી અક્ષર સુધારવા જેટલો સમય જ ન મળ્યો. પણ મારા અક્ષર વાંચવાનું કષ્ટ હું ઘણાને આપું છું, તેથી મારી ઉપર દયા ખાઈને મેં સ્નાતકનો કાગળ વાંચવાનું કષ્ટ ઉઠાવ્યું છે. સ્નાતકો—વિદ્યાર્થીમાત્ર—મારી ભૂલમાંથી બોધ લઈ ચેતે ને પોતાના મિત્રોને ખાતર પણ મોતીના દાણા જેવા અક્ષર કાઢતાં શીખે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૫–૭–૧૯૨૮

## ૭૪. કીડી ઉપર કટક?

એક તરફથી પંડિત હૃદયનાથ કુંઝરુ, શ્રી વઝે અને શ્રી અમૃતલાલ ઠક્કરની બારડોલીની તપાસે[૧] રડ્યાખડ્યા બાકી રહેલા આગેવાન હિંદીઓની શંકાનું નિવારણ કર્યું છે, અને નિરપવાદ લોકમત સત્યાગ્રહીઓના પક્ષમાં ખેંચ્યો છે, ત્યારે બીજી તરફથી એમ અફવા ચાલી રહી છે કે સરકાર કીડી પર કટક લાવવાની મહાન તૈયારીઓ કરી રહી છે. કોઈ કહે છે: લૉર્ડ બર્કનહેડ લંડનથી સૂત્રધારનું કામ કરી રહ્યા છે. કોઈ કહે છે: શ્રી વલ્લભભાઈના હાથમાં સરદારી જવા દેવાને સારુ મુંબઈની સરકારને સિમલાની ટોચ ઉપર બિરાજતી વડી સરકાર ધમકાવી નાલાયક ઠરાવી રહી છે અને ત્યાંથી હુકમો કાઢી રહી છે; કેમ જાણે મુંબઈની સરકારે સામ દામ આદિ ચતુર્વિધ નીતિનો પુષ્કળ ઉપયોગ કરવામાં મણા રાખી હોય! અફવા એમ પણ કહે છે કે પોલીસ અને જપ્તી અમલદારોનું કામ હમણાં બંધ છે તે તો તોફાન પહેલાંની અશુભ શાંતિનું ચિહ્ન છે. એ સરકારની નવી અને વધારે ઉગ્ર વ્યૂહરચનાની તૈયારીઓના દૂરથી ઝીણા ઝીણા સંભળાતા પડઘા છે.

૧. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

પણ બારડોલીના સત્યાગ્રહીઓને આ બધી અફવાની સાથે કશો સંબંધ હોવો નહીં જોઈએ. અફવા ખોટી હોય તો એટલું સરકારનું ઓછું ખોટું અને સત્યાગ્રહીઓની એટલી ઓછી કસોટી; અફવા સાચી હોય તો સરકારી પાપના ઘડામાં ઊણપ હશે તો તે પુરાઈ જશે અને સત્યાગ્રહીઓને પોતાની કસોટી કરાવવાનો ઇચ્છિત જોગ મળશે.

કોઈ કહે છે: 'ચેતતો નર સદા સુખી,' એ ન્યાયે સત્યાગ્રહીઓએ વધારે સાવધાન થવું ઘટે છે. અફવા ખરી હોય ને રખેને સરકાર નહીં ધારેલું પગલું લઈ ઓચિતો છાપો મારી સત્યાગ્રહીઓને ગભરાટમાં નાંખી, સત્યાગ્રહી દળમાં ભંગાણ પાડે અને કરેલી કમાણી પલકવારમાં નષ્ટ થાય!

જ્યાં સેનાપતિ ચોવીસે કલાક જાગતો છે ત્યાં ચેતવણી શી આપવી? જાગતાને જગાડવું શું? નિરંતર જાગૃતિ એ સત્યાગ્રહની અનિવાર્ય શરતોમાંની એક શરત છે. વળી સત્યાગ્રહીને જુદી જુદી વ્યૂહરચનાની જંજાળમાં પડવાનું રહેતું નથી. તેની વ્યૂહરચના સર્વ કાળે, સર્વ સ્થળે અને સર્વ સંજોગોમાં એક જ હોય છે. શાહુકાર ઇચ્છે તોપણ સો નજર ક્યાંથી લાવે? સત્યાગ્રહી પહેલો અને છેલ્લો પાઠ તેની પ્રતિજ્ઞાની સાથે જ ભણી લે છે, તેથી સેનાપતિનું અને તેની સેનાનું કામ સરળ, સીધું અને સહેલું હોય છે. સત્યાગ્રહ એ જડીબુટ્ટી છે. એટલે તેમાં વધ-ઘટને અવકાશ જ નથી. સત્યાગ્રહીનો એક નન્નો છત્રીસ રોગને હરનારો છે. જપ્તી કરે તોયે ભલે, ખાલસા કરે તોયે ભલે, કેદ કરે તોયે ભલે, દેશનિકાલ કરે તોયે ભલે, તલવારની ધારે ચડાવે કે તોપને ગોળે ચડાવે તોયે ભલે. આમાંની એક પણ કસોટીએ જે ન ચડી શકે તે સત્યાગ્રહી ગણાય જ નહીં. સત્યાગ્રહીની પ્રતિજ્ઞાના ભાગલા નથી પડી શકતા, કેમ કે સત્યના ભાગલા ન હોય. સત્ય એક જ છે, અવિભક્ત છે, અવિભાજ્ય છે અને ત્રણે કાળે તેની એ જ સ્થિતિ રહે છે. સત્યને કમાનની ઉપમા આપી શકાય, કમાનમાંથી એક ઈંટ તૂટી એટલે આખી કમાન તૂટી. ખોટો રૂપિયો નવાણું દુકાને ચાલવાથી સોમી દુકાને ચાલવાની શક્તિ નથી મેળવી શકતો. ઉત્પત્તિકાળથી જ તે ખોટો હતો, માત્ર તેની ખરી કસોટી મોડી થઈ.

તેમ જ જો છેલ્લી કસોટીએ સત્યાગ્રહી ન ચડી શકે તો તે સત્યાગ્રહી નહોતો. બીજું બધું ભલે હતો. તેના મર્યાદિત દુઃખ સહન કરવાથી ભલે પ્રજા ચડી હોય, તેને પણ ભલે તેટલી સહનશક્તિનો લાભ મળ્યો હોય, પણ તે સત્યાગ્રહીની પંક્તિમાં ન ખપે, તેને સત્યાગ્રહી હોવાનું પ્રમાણપત્ર ન મળે. સત્યાગ્રહીને વિશે સોલનની ભાષામાં કહી શકાય: "કોઈને તેના મરણ પહેલાં સત્યાગ્રહી ન ગણશો."

બારડોલીના સત્યાગ્રહીઓ આ વચન ગોખે ને તેને પોતાના હૃદયમાં ધારણ કરે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૭-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૭૫. આલ્પ્સ કે હિમાલય?

સ્વદેશી ભાવનાની સમાપ્તિ ખાદીમાં જ નથી થતી. જેનામાં સ્વદેશી ભાવના જાગ્રત છે તે પોતાની ઘણી હાજતો પોતાની આસપાસના દેશમાં એટલે સ્વદેશમાં પૂરી પાડશે, તેથી સંતુષ્ટ રહેશે ને પોતાની ઝૂંપડીથી નિરાશ થઈ બીજાના મહેલનો દ્વેષ નહીં કરે, નહીં મહેલ મેળવવા પાછળ વલખાં મારે.

આ વિચાર એક મિત્રે હિમાલયના આલમોડા પાસેના દૃશ્યનું મધુર વર્ણન મોકલ્યું છે તે ઉપરથી આવ્યા છે:[1]

હિમાલયની પાસે આલ્પ્સ તો બચ્ચું છે. યુરોપના લોકોને આલ્પ્સઘેલા થવાનો અધિકાર છે. તેઓ તેની ખીણોમાં આનંદ ચૂસે છે, આરોગ્ય મેળવે છે. તેમને હિમાલય આવવાપણું નથી રહેતું, ને આવે છે તો આલ્પ્સનું કરજ ચૂકવીને આવે છે. આપણે ભણેલા હિમાલયને જાણતા નથી, તેની વનસ્પતિમાં આરોગ્ય બક્ષવાના જે ચમત્કારી ગુણો રહ્યા છે તેને ઓળખતા નથી, ઓળખવા માગતા નથી. તેની હવા જ દવારૂપ છે એવી સાક્ષી આયુર્વેદ પૂરે છે, તેની આપણને દરકાર નથી. હિમાલયના સૌંદર્યમાંથી આપણે ગૌરવ નથી લેતા.

નવયુવકોને સારુ પગપાળા હિમાલયની મુસાફરી કરવાનું ફરજિયાત હોય તો કેવું સારું? તેમનાં આરોગ્યમાં, આયુમાં, જ્ઞાનમાં, દેશાભિમાનમાં, કળામાં કેટલી વૃદ્ધિ થાય? આવી યાત્રા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓ પણ કરી શકે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૫-૭-૧૯૨૮

## ૭૬. માનાપમાન વિશે સમતા

નડિયાદ તાલુકાના વતનીઓ તરફથી ૨૪મી જૂને ભાઈ લક્ષ્મીદાસ પુરુષોત્તમ આસર અને ઇમામસાહેબ અબદુલ કાદર બાવાઝીરને માનપત્ર અપાયાં, તેની નોંધ લેવા સમિતિના મંત્રી તરફથી કાગળ આવ્યો છે. સામાન્ય રીતે આવી નોંધો નવજીવનમાં લેવાતી નથી. માન અને અપમાન બંને સેવકોને ભાગે હોય જ છે. અપમાનની નોંધ નથી લેવાતી ત્યારે માનની નોંધ શી લેવી? તેમાંયે આ બે તો આશ્રમવાસી રહ્યા. તેમને મળેલા માનપત્રની નોંધ શા અર્થે લેવી? તેમને માનપત્રનું કે તેની નોંધનું પ્રોત્સાહન જોઈએ તો તેઓ આશ્રમવાસી ન રહી શકે. પણ આ માનપત્રની પાછળ જે એક વસ્તુ છે તેની નોંધ અવશ્ય લેવી ઘટે છે. આ બંને સેવકો અંગ્રેજી ભાષાનું જ્ઞાન નથી પામ્યા, ગુજરાતીનું તેમનું જ્ઞાન નિશાળેથી મેળવાયું નથી. તેઓ બંને અનુભવની નિશાળમાં શીખ્યા છે, છતાં તેમના વિના અને તેમના જેવા બીજા ઘણા અંગ્રેજી જ્ઞાન વિનાના સેવકો વિના શ્રી વલ્લભભાઈ સંકટનિવારણનું મહાન કાર્ય કદી સફળ ન કરી શક્યા હોત. ભાઈ લક્ષ્મીદાસે પોતાની કાર્યશક્તિ વડે સર પુરુષોત્તમદાસને મુગ્ધ કરી મૂક્યા. 'તેમની હિસાબ વિશેની ચોકસાઈ, નિષ્પક્ષપાતપણું, ઉત્તમ નિપુણતા અને તંત્ર ચલાવવાની શક્તિ' સંકટનિવારણના

૧. આ વર્ણન અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

દરેક કાર્યમાં સર પુરુષોત્તમદાસ જોઈ શકયા. આ સંકટનિવારણ સમયનો અનુભવ અને બારડોલીમાં મળી રહેલો અનુભવ આપણને સ્પષ્ટ રીતે બતાવે છે કે સ્વરાજનું તંત્ર ચલાવવાને સારુ આપણને અંગ્રેજીનું જ્ઞાન ધરાવનારા કે ભાષણો કરનારા વિદ્વાનો ઘણા નહીં જોઈએ, પણ તે તંત્ર ચલાવવાને સારુ લોકોની ભાષા જાણનારા, તેમની હાજતો સમજનારા સત્યનિષ્ઠ, કર્તવ્યપરાયણ, લોકો ઉપર પ્રેમ રાખનારા, ઉદ્યમી, ગરીબ, નીડર અને માનાપમાન વિશે ઉદાસીન સેવકો જોઈશે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૫–૭–૧૯૨૮

## ૭૭. મોતીલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૫, ૧૯૨૮

પ્રિય ભાઈ મોતીલાલજી,

તમારો પત્ર[1] મળ્યો. સદ્‌ભાગ્યે, જિલ્લા પરિષદ માટે વલ્લભભાઈ અહીં આવ્યા હતા. મારે એમની સાથે પૂરી વાત થઈ. એમનું માનવું છે કે ઓછામાં ઓછું આ વર્ષે તો પોતે પ્રમુખપદનો તાજ નહીં સ્વીકારી શકે. બારડોલીની લડત પૂરી થાય તોપણ તેની સિદ્ધિઓને સ્થાયી કરવા માટે ઘણુંબધું કામ કરવાનું રહેશે જેમાં એમના સમગ્ર ધ્યાનની જરૂર પડશે. મને એમની વાત સાચી લાગે છે. એટલે એમનો વિચાર કરવાનો રહેતો નથી. તમારે વિશે હું જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ મને લાગે છે કે કોઈ વધારે સાનુકૂળ અવસર માટે તમને સાચવી રાખવા જોઈએ. વળી જુવાનિયાને આપણે તકો આપવી જોઈએ એવી તમારી માન્યતા સાથે હું પૂરેપૂરો સંમત છું. અને જુવાન પેઢીમાં તો જવાહરની બરોબરી કરી શકે એવું પણ કોઈ નથી. અને તેથી આજે તમને મેં તાર દ્વારા જણાવ્યું છે કે તમારા તરફથી નકારનો તાર નહીં આવે તો હું બધી પ્રાંતીય સમિતિઓને જવાહરનું નામ સ્વીકારી લેવા ભલામણ કરીશ.

તમે કમિટીના સભ્યોને મોકલેલો પરિપત્ર મને આજે મળ્યો છે. હું તો આથી પણ આગળ જાઉં અને કહું કે, આપણે માથે આવી પડનારી જવાબદારીઓની ન્યાયી અને સમાનતાના મુદ્દા પર પુનર્વિચારણા કરવાનો અધિકાર ભવિષ્યની પાર્લમેન્ટ માટે બંધારણે અનામત રાખવો જોઈએ. તમે કરેલું પ્રમાણમાં મોળું સૂચન પણ અમલમાં મૂકવા જેટલું બળ આપણામાં છે કે નહીં એ જુદો પ્રશ્ન છે. છતાં, તમે કહો છો તેમ, આપણે કંઈ નહીં તો આપણા વિચારને વાચા તો આપવી જ જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૩૬

૧. ૧૧ જુલાઈનો, કૉંગ્રેસ પ્રમુખ તરીકે વલ્લભભાઈ પટેલ, અને વિકલ્પે જવાહરલાલ નેહરુનાં નામ સૂચવવામાં આવ્યાં હતાં. (એસ. એન. ૧૬૬૩૩).

Gandhi Heritage Portal

## ૭૮. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૫, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારા કાગળો મળ્યા છે. જેનો તમને ઉપાય ત્યાં ન મળે તેને અપરિહાર્ય સમજીને સહન કરી લેજો. આમ કરવું આપણને ગીતાજીનો કયો શ્લોક શીખવે છે એ વિચારી જોજો, અને એ શ્લોક જડે તો મને લખજો. અને જ્યાં જ્યાં મુશ્કેલી આવે ત્યાં ત્યાં ગીતાજીને પૂછજો. એમ કરતાં એ તમને કામધેનુ રૂપ થઈ પડશે. હું તો આજે છું ને કાલે નથી. ગીતાજી તો તમારી સાથે મરણપર્યંત છે અને ત્યાર પછીની મુસાફરીમાં પણ એ તમારે સારુ ભાથું છે. જે જે અધ્યાપિકા કે બાળક યોગ્ય રીતે ન વર્તે તેના પ્રત્યે ધીરજ અને પ્રેમથી વર્તજો એટલે તે વશ થઈ જશે. વિદ્યાવતી જેટલો સમય આપે તેટલા સમયમાં શીખવી શકાય એટલું શીખવી સંતુષ્ટ રહેજો. રેંટિયાને બદલે તકલીનો ઉપાય કાં ન કરવો? આપણા જેવાને સારુ રેંટિયો કમાણીનું સાધન નથી પણ યજ્ઞ છે. એ વિદ્યાવતીદેવીને સમજાવો. જેમ તમારી પોતાની ટીકા કોઈ કરે પછી તે સાચી હોય કે ખોટી હોય તોપણ તેને સારુ મનમાંયે રોષ ન આણવો જોઈએ, ન પ્રતિઉત્તર દેવો જોઈએ, તેમ જ મારે વિશે કંઈ ટીકા સાંભળો તોપણ એમ જ વર્તવાનું છે.

અહીં સુંદર વરસાદ પડે છે. માગ્યા મેહ વરસે છે એમ કહેવાય.

મહાદેવને ફરતાં થઈ જતાં વાર છે, પણ રોજ ઠીક થતું જાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૪; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૭૯. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૫, ૧૯૨૮

ચિ. મણિલાલ ને સુશીલા,

તમારા બંનેના કાગળો મળ્યા છે. હાલ તો મારી પાસે વખત નથી રહેતો તેથી કાગળો ઘણા તો સવારના ત્રણથી ચાર વાગ્યા સુધીમાં લખાવી નાખું છું. એ અનુકૂળ આવે છે. ઘણો વખત સંયુક્ત રસોડાને આપવો પડે છે. એ કામ મને અતિશય મહત્ત્વનું ને આવશ્યક લાગે છે તેથી વખત આપું છું. હાલ સંયુક્ત રસોડામાં લગભગ સો જણ જમે છે. છતાં જમતી વખતે ઘોંઘાટ મુદ્દલ થતો નથી અને ખૂબ શાંતિ જળવાય છે. એમ ક્યાં સુધી ચાલશે એ તો જોવાનું છે. રસોડું છાત્રાલયના રસોડામાં લઈ ગયા છીએ. અને જ્યાં હતું ત્યાં સ્ત્રીઓ વસે છે. એટલે તમે જો હમણાં અહીંયાં હો તો આશ્રમને ઘણે ભાગે જુદું જુઓ. ચિ. છગનલાલે તેની પાસે દસેક હજાર રૂપિયા થયેલા તે આપી દીધા છે અને અપરિગ્રહનું વ્રત ઠીક પાળે છે. આ ત્યાગમાં ચિ. કાશીનો સંપૂર્ણ સહકાર હતો. એ કુટુંબ સંયુક્ત રસોડામાં જમતું થઈ ગયું છે. ભાઈ મહાદેવની પાસે ચાર હજાર

Gandhi Heritage Portal

હતા તે તેણે આપી દીધા છે. આગામી કારતક સુદ ૧ સુધીમાં બાકીનાં નોખાં રસોડાં બંધ થઈ જશે. હવે થોડાં જ બાકી છે.

હરિલાલ એક દિવસ રહી ગયો. રામદાસ, રસિક હજુ બારડોલી છે. ગીતાજીનું પારાયણ રોજ થાય છે. દર ચૌદ દિવસે અઢારે અધ્યાય પૂરા થાય છે.

આત્મકથામાં[1] રુસ્તમજી કેસને વિશે લખાયું છે તે પ્રેમને વશ થઈને લખાયું છે. બીજાં નામો નથી આપ્યાં પણ આ નામ આપ્યું છે એ આત્મકથાની અગત્ય જ્યાં સુધી સ્વીકારાય ત્યાં સુધી તે નામની કિંમત અંકાયા કરે એ દૃષ્ટિ તે નામ આપવામાં આવે છે. મિસ શ્લેશિન[2]નું તો જાણ્યું. એ ક્યાં અર્ધી ઘેલી નથી? મારી ઉપર ગાંડોઘેલો કાગળ લખ્યો છે. હજુ ન સમજાયું હોય તો પૂછજો.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

ફરી નથી વાંચ્યો.

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : જી. એન. ૪૭૪૧

## ૮૦. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

જુલાઈ ૧૬, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પ્રેમાળ પત્ર મળ્યો છે. વસ્તુત: આ પત્રની ભાષા એવી છે કે ભિક્ષાપાત્ર તમારી સામે ધરતાં મને વળી વધારે સંકોચ થશે. પણ ભિખારીને તે વળી અક્કલ હોય? એટલે જ્યારે હું અસહાય થઈ જઈશ ત્યારે તમારે આંગણે આવી ઊભો રહીશ.

બારડોલીનું સમાધાન થઈ જશે એવું કંઈક હવે લાગે છે.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૧૬૧; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. ભાગ ૪, પ્રકરણ ૪૭; નવજીવન, ૮-૭-૧૯૨૮ના અંકમાં છપાયું.

૨. સોન્જા શ્લેશિન, જુઓ આત્મકથા ભા. ૧૨, તથા પુસ્તક ૩૬, પત્ર ૫૩૬.

Gandhi Heritage Portal

## ૮૧. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

જુલાઈ ૧૭, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો. તમે સાચે જ શાંત હશો, તો તમારી દીકરી તમારી શાંતિમાંથી શાંતિ મેળવી લેશે.

નિખિલનો પ્રશ્ન ગૂઢ છે. એના દેહનો મોહ તમે છોડી દીધો હોય, તો નિખિલને હરગિજ છેતરશો નહીં. માંસમાંથી બનેલી દવા લેવાની એ ના પાડે તો એના પર બળાત્કાર ન કરશો. જો દાક્તરના સમજાવ્યાથી, એવી દવા લેવા એ તૈયાર થાય તો એને રોકવો પણ નહીં. નિખિલ પર જ આ વાત છોડી દેવી જોઈએ. છતાં આ બાબતમાં તમારા મનમાં જ શંકા હોય, તો આ દવા લેવા માટે નિખિલને સમજાવવાનો તમારો ધર્મ થઈ પડે છે. શાસ્ત્રને નામે ઓળખાતાં પુસ્તકોમાં જ લખ્યું છે કે દવા તરીકે મદ્યમાંસાદિ લેવામાં કશી હાનિ નથી. શાકાહારીઓમાં પણ એવા ઘણા છે જે દવા તરીકે માંસાદિ લેવામાં કશો દોષ માનતા નથી. આવેશમાં આવી કશું પણ ન કરવું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૬૫૮

## ૮૨. સી. એસ. વિશ્વનાથ આયરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. પહેલાં પણ એક આવ્યો હતો. દિલગીર છું કે હમેશાં મારી સામે જ પડી રહેતી હોવા છતાં, હજી હું હસ્તપ્રત[1] જોઈ શક્યો નથી. પણ કામના બોજાથી ને નવી જવાબદારીઓથી હું એટલો બધો દબાઈ ગયો છું કે તમારી હસ્તપ્રત હું ક્યારે જોઈ શકીશ તે કહી શકતો નથી. હું તો એટલું જ કહી શકું કે એ જોઈ જવાની મારી ઇચ્છા છે જ.

મને એવો ખ્યાલ છે કે જે હસ્તપ્રત તમે મને આપી છે તેની નકલ તમારી પાસે છે. આ હસ્તપ્રત પાછી મેળવવાની તમને ઉતાવળ હોય, તો નિઃસંકોચ મને લખજો — બાકી એ વાંચી જવાનો સમય કાઢી શકું ત્યાં સુધી રાખવાનું મને ગમશે.

તમારો સહૃદયી

શ્રીયુત સી. એસ. વિશ્વનાથ આયર, વકીલ
૯૦, એક્સ્ટેન્શન, કોઈમ્બતૂર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૭૮

૧. ગીતાના ભાષાંતરની.

Gandhi Heritage Portal

## ૮૩. કે. વેંકટપૈય્યાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

શ્રી સી. વી. રંગમ ચેટ્ટી અંગેનો તમારો લાંબો પત્ર મળ્યો હતો. અલબત્ત, આટલી બધી વિગતોની મેં કંઈ તમારી પાસેથી અપેક્ષા રાખી નહોતી. મારી જ વાત કરું તો તમે તમારી સમજ અનુસાર લીધેલાં પગલાંની યોગ્યાયોગ્યતા બાબત મારા મનમાં કશી જ શંકા નહોતી.

મારો અંગત અભિપ્રાય એવો છે કે બીજા પ્રાંતોમાં બનેલી ખાદીને બાકાત રાખવાનો આપણે આગ્રહ ન રાખવો જોઈએ. આજે મેં શંકરલાલ[1] સાથે આ બાબતની ચર્ચા કરી છે; અને એમણે તમને વધારે વિગતે લખવાનું વચન આપ્યું છે.[2]

તમારો સહૃદયી

શ્રી કોંડા વેંકટપૈય્યા ગારુ
ગંતુર

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૪૨

## ૮૪. સુભાષચંદ્ર બોઝને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. તમારા તે પત્રનો કે જેની નકલ તમે સતીશબાબુને મોકલેલી તે ઠીક જ હતું, એનો વિગતવાર ને મુદ્દાસર જવાબ આપતો સતીશબાબુનો પત્ર પણ મને મળ્યો છે. જાહેર મત પોતાના વિચાર તરફ વાળવા માટે સતીશબાબુ કેવી રીતનો પ્રચાર કરી રહ્યા છે તે હું જાણતો નથી, છતાં શ્રી સેનગુપ્તા પરના મારા પત્રમાં લખ્યા મુજબ, પ્રદર્શન બાબતમાં સતીશબાબુનું જે દૃષ્ટિબિંદુ છે તે જ મારું પણ છે એ મારે કબૂલ કરવું જોઈએ. હું તો માનું છું કે આપણી સોએ સો ટકા ખાતરી ન હોય કે અમુક વસ્તુ, તે યંત્રના રૂપમાં હોય તોપણ, લાભકારક છે, અને આપણા ઉત્તેજન વિના પ્રજા એને અપનાવશે નહીં, તો આપણે તે પ્રદર્શનમાં મૂકવી જોઈએ નહીં. કોઈ વસ્તુ લાભકારક હોય પણ લોકોમાં તેના પ્રચાર માટે કોંગ્રેસમાંના

૧. શંકરલાલ બેંકર.

૨. આ પત્રની તથા વેંકટપૈય્યાના પત્રની નકલો આખલ હિંદ ચરખા સંઘના સેક્રેટરી પર ઘટતું કરવા માટે મોકલવામાં આવી હતી.

Gandhi Heritage Portal

પ્રોત્સાહનની આવશ્યકતા ન હોય, તો એવી વસ્તુને પ્રદર્શનમાં સ્થાન આપી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવામાં હું માનતો નથી. દાખલા તરીકે, ઘડિયાળની આપણને જરૂર હોવા છતાં, એને પ્રદર્શનમાં હું સ્થાન ન આપું, કારણ આપણે તે બનાવતા નથી, અને જેઓ બનાવે છે તેમની પાસે જાહેરાતનાં પૂરતાં સાધન છે. પરંતુ આ બાબતમાં આપણે મતભેદ હોઈ શકે; અને જો એમ હોય તો પ્રત્યેક અભિપ્રાય કશી કડવાશ કે ઉગ્રતા વિના લોકો સમક્ષ ન મૂકવાનું કંઈ કારણ નથી. પોતાના મતનો પ્રચાર કરવામાં સતીશબાબુએ ગેરરીતિ આચર્યાની કોઈ ચોક્કસ સાબિતી હોય તો હું ખુશીથી એ વિશે એમને લખીશ.

આશા રાખું છું કે તમે બ્રહ્મદેશમાં નજરકેદમાં હતા ત્યારે લાગુ પડેલી બીમારીનું હવે નામ-નિશાન પણ નહીં રહ્યું હોય. પંડિત મોતીલાલજીની બાબતનો તમારો તાર[1] મળ્યો છે. મોતીલાલજી પોતે જ આ માન સ્વીકારવા તૈયાર નથી. એમની સાથે હું સંમત છું, અને શ્રી સેનગુપ્તાની મંજૂરી મળે તો યંગ ઇન્ડિયાના હવે પછીના અંકમાં છાપવા મેં લેખ પણ તૈયાર કરી રાખ્યો હતો. પણ મારા તારનો એમનો જવાબ મળ્યા પછી એ લેખ મેં રદ કર્યો છે, અને હવે, બંગાળના મિત્રોની પરવાનગી ન મળે ત્યાં સુધી યંગ ઇન્ડિયામાં કે અન્યત્ર હું [પ્રમુખની] ચૂંટણી અંગે કંઈ લખીશ નહીં.

તમારો સહૃદયી

શ્રીયુત સુભાષચંદ્ર બોઝ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૪૧

## ૮૫. શૌકતઅલીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૮, ૧૯૨૮

પરમ પ્રિય ભાઈ,

તમારો પત્ર હજુ હમણાં જ મળ્યો. તમારાં બહેન વિશે તથા એમના મૃત્યુ વિશે તમે જે સીધીસાદી ભાષામાં લખ્યું છે, એનાથી તમને પડેલી ખોટને કારણે તમને થતા દુ:ખનો જેવો ખ્યાલ આવે છે, તેવો આલંકારિક ભાષા વપરાઈ હોત તો ન જ આવત. તમારાં બહેન તમારે માટે માત્ર બહેન જ ન હતાં, સંકટ સમયનાં મિત્ર પણ હતાં. પણ હું સમજું છું કે ખુદાની જવાબદારી અને દયા પર બધું છોડવાની મારે તમારી આગળ ભલામણ કરવાની ન હોય. તમને તમારા પોતાનામાં જ પૂરતો વિશ્વાસ છે અને તેથી બહારની કોઈ પ્રેરણાની તમને જરૂર નથી. અંગ્રેજ અમલદારો પર તમે જે આરોપ મૂકયા છે એમાં તમારી સાથે હું પૂરેપૂરો સંમત હોવા

૧. ૧૭ જુલાઈનો; એમાં જણાવ્યું હતું કે, "પ્રમુખપદ માટે મોતીલાલની તરફેણમાં બંગાળમાં સર્વાનુમતિ છે. કૃપા કરી એમની ભલામણ કરો; નહીં તો તટસ્થ રહો." (એસ. એન. ૧૩૬૪૦).

Gandhi Heritage Portal

છતાં પણ, નવાબે[1] મૃત્યુ જેવા પ્રસંગે જે નિષ્ઠુરતા દર્શાવી છે, તે હું તમારી જેમ, માફ કરી શકતો નથી.

તમે હાઈકોર્ટમાં જીતશો એવી આશા રાખું છું.

જામિયા[2] વિશે તમે જે લખો છો તે હું સમજું છું ને તેની કદર કરું છું. પણ, મને ડર છે કે તમે ડૉ. ઝાકીર હુસેનને પૂરી સ્વતંત્રતા નહીં આપો તો જામિયા ભાંગી પડશે. બંને રીતે જોખમ ખેડવાનું તો છે જ. હાલની જંગી અને બેકાબૂ નિયંત્રણ સમિતિ ચાલુ રહે તો તો ડૉ. ઝાકીર હુસેન તથા એમના સાથીઓને ભૂખે મરવાનો જ વારો આવે. ડૉ. ઝાકીર હુસેન જેમને સહેલાઈથી મળી શકે, અને ભેગા કરી શકે એવા થોડા સભ્યોની એક નાની કારોબારીને તમે સત્તા સોંપો, અને હાલના જેવું સંદિગ્ધ બંધારણ નહીં, પણ અસંદિગ્ધ અને નિશ્ચિતપણે અસહકારી બંધારણ રાખો, તો હાલની મુશ્કેલી પાર કરી શકાય ખરી. બેમાંથી કયો માર્ગ પસંદ કરવો તેનો નિર્ણય હવે તમારે કરવાનો છે; અથવા તો ત્રીજો માર્ગ તમે વિચારી કાઢો. આમેય અજમલ ફંડમાં બહુ ઓછી રકમ છે. જામિયા સ્થિર અને સર્વમાન્ય પાયા પર ન મુકાય ત્યાં સુધી આ રકમ છૂટી ન કરી શકાય. ખાસ આ માટે જ ડૉ. અનસારી અહીં આવવાના હતા. જો એ આવી શક્યા હોત, ને આપણે ત્રણે એકઠા મળી શક્યા હોત તો ઠીક થાત. પણ અત્યારના સંજોગોમાં આ જ મુદ્દો ચર્ચવા ખાતર, ડૉ. અનસારીની ગેરહાજરીમાં તો અમદાવાદ આવવાની તકલીફ હું તમને ન આપું. તમે તમારું દૃષ્ટિબિંદુ પૂરેપૂરી સ્પષ્ટતાથી જણાવી દીધું છે, અને તમારા નિર્ણય પર હું અસર પાડી શકું એવી આશા નથી. વળી હું જાણું છું કે તમે દિલ્હીમાં જે કંઈ કરશો તે તમારી શ્રેષ્ઠ માન્યતા તથા વિવેકબુદ્ધિ અનુસાર જ કરશો.

મોતીલાલજી વિશેની તમારી ટીકા[3] વાંચી દુ:ખ થાય છે. મારાથી કંઈ પણ અભિપ્રાય ન આપી શકાય, છતાં મને એટલું તો લાગે છે કે જાણીબૂજીને કંઈ વિપરીત નિર્ણય બાંધી દે એવા એ નથી. આ બાબતમાં હું કંઈ કરું એવી તમારી અપેક્ષા, ઇચ્છા છે? તમારા મનમાં એવું હોય તો નિ:સંકોચ, મારે શું કરવું તે જણાવશો. તમારી વાત મારે ગળે ઊતરશે અને તે અમલમાં મૂકવાનું શક્ય હશે તો ખાતરી રાખશો કે તેમ થશે જ.

તમારો સહૃદયી

મૌલાના શૌકતઅલી
સુલતાન મૅન્શન, ડોંગરી, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૬૫

૧. ૧૬ જુલાઈના પોતાના પત્રમાં શૌકતઅલીએ લખ્યું હતું કે પોતાની બહેનની કબરની મુલાકાત લેવા દેવા પોતે રામપુરના નવાબની પરવાનગી માગી હતી તેનો નવાબે તાર દ્વારા ઉદ્ધત જવાબ આપ્યો હતો.

૨. શૌકતઅલીએ લખ્યું હતું: "મને લાગે છે કે, આજકાલ સ્મારક માટે જે કંઈ ફાળો ઉઘરાવાય છે તેમાંથી જામિયાનું દેવું ચૂકવવું જોઈએ, અને આપણને મોટું દાન મળે કે મોટું ભંડોળ એકઠું થાય ત્યાં સુધી સંસ્થા ચાલુ રાખવી જોઈએ. જામિયા મરવા પડી હોય ત્યારે નાણાંની થેલી પકડી રાખવાનો શો અર્થ છે? મારે જામિયાને જીવતી રાખવી છે, કારણ આપણાં બાળકોની કેળવણી માટે જામિયા સિવાય આપણી પાસે બીજું સ્થાન નહીં રહે. . . ."

૩. શૌકતઅલીએ લખ્યું હતું, "દેખીતી રીતે તો પંડિતજીનું વલણ બદલાયું નથી. મદ્રાસનો ઠરાવ પડતો મુકાય અને અલગ બેઠકોની માગણી તથા સિંધપ્રાંત જુદો પાડવાની વાત પણ મુસલમાનો છોડી દે એવું તેઓ ચાહે છે... ... મહાસભાનાં સૂત્રો અપનાવી લેવાનો પંડિતજી આગ્રહ રાખશે તો મને ડર છે કે કોંગ્રેસના મુસ્લિમોની સ્થિતિ બહુ કફોડી થશે..."

Gandhi Heritage Portal

## ૮૬. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

જુલાઈ ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વિઠ્ઠલભાઈ,

તમારો કાગળ મળ્યો છે. આ કાગળ તમને પહોંચે તે પહેલાં તો કંઈક પરિણામ[1] આપણે જાણ્યું હશે. વલ્લભભાઈ સાથે પૂરી વાત રવિવારે કરી લીધી હતી.

ગમે તે પરિણામ આવે તમે જરૂર રંગૂન જઈ આવો. આપણાં કામ એમ જ ચાલવાં જોઈએ.

મોતીલાલજીની સાથે સંબંધ જળવાઈ રહ્યો છે એ સારી નિશાની છે.

મુસાફરીમાંથી પણ કાગળ તો લખ્યા કરજો. રંગૂન મેં મગનલાલ પ્રાણજીવનદાસને લખ્યું છે. ઊતરવાનું તો તેને જ ત્યાં થશેના?

**મોહનદાસના**
વંદે માતરમ્

[તા. ક.]

તમે માસિક મોકલ્યા કરો છો તે હજી ભલે એકઠાં થયા જ કરે? કંઈ સૂચના કરવા જેવું લાગે ત્યારે કરજો.

તમારી સંમતિ વિના તેનો ઉપયોગ હું નથી કરવા માંગતો. વ્યાજ તો ચડે જ છે.

**મોહનદાસ**

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: એસ. એન. ૧૪૪૫૨

## ૮૭. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૮, ૧૯૨૮

ભાઈ હરિભાઉ,

આ સાથેનો કાગળ વાંચજો. તે વિશે તપાસ કરજો. અને ભાઈ કમલાકરને પરભારો જવાબ મોકલજો.

**બાપુના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: સી. ડબ્લ્યુ. ૬૦૬૧; શ્રી હરિભાઉ ઉપાધ્યાયના સૌજન્યથી

૧. બારડોલી સત્યાગ્રહનું.



Gandhi Heritage Portal

# ૮૮. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ[1]

દક્ષિણ આફ્રિકાના હિંદી કૉંગ્રેસના મંત્રી જોહાનિસબર્ગથી તાર કરે છે :

ખરીખોટી રીતે દક્ષિણ આફ્રિકામાં દાખલ થઈ જેણે હકપત્રક મેળવી દીધાં હોય એવા હિંદીઓને દરગુજર કરવાની યોજનાનો કૉંગ્રેસે સ્વીકાર કર્યો છે. ગેરકાયદેસર જેઓ દક્ષિણ આફ્રિકામાં દાખલ થયા હતા અને હાલ હિંદુસ્તાનમાં છે, તેમણે કાં તો તા. ૩૦મી સપ્ટેમ્બર પહેલાં દક્ષિણ આફ્રિકામાં પહોંચી જવું જોઈએ, અથવા તેમની અરજીઓ તા. ૩૦મી સપ્ટેમ્બર પહેલાં એશિયાટિકના કમિશનરને પ્રિટોરિયા પહોંચવી જોઈએ. અરજીઓ મોકલ્યા પછી ૧૯૨૯ના માર્ચની તા. ૩૦મી પહેલાં દક્ષિણ આફ્રિકામાં પહોંચી જવું જોઈએ. આ હકીકત હિંદુસ્તાનના બધા પ્રાંતોમાં અખબારોમાં જાહેર કરજો.

થોડા વખતમાં જ મારા હાથમાં 'દરગુજર યોજના' આવી જવાની આશા રાખું છું. મારી પાસે આવી કે હું તે તરત પ્રગટ કરીશ, પણ એ યોજનાની વાટ જોતાં જેઓ દક્ષિણ આફ્રિકા પાછા જવાનો ઈરાદો રાખતા હોય તેમણે અરજી મોકલવાનું મુલતવી રાખવાનું નથી. કાં તો તેઓ તારીખ ૩૦મી સપ્ટેમ્બરનાં એક બે અઠવાડિયાં પહેલાં પહોંચી જાય, અથવા તે પહેલાં પહોંચે તેમ અરજી મોકલી દે. અરજીમાં નામ, ઠામ, હકપત્રનો નંબર વગેરે બધી હકીકત દાખલ કરે. જેણે એક વાર કંઈ પણ જૂઠું કર્યું હોય તે વળી પાછું કંઈ જૂઠું ન બનાવે. અરજીમાં મરીમસાલો ન ભેળવે, અને જે હકીકત હોય તે જ લખી મોકલે. યાદ રાખે કે જેઓ ગેરકાયદેસર દાખલ થઈને હક મેળવી ચૂક્યા છે તેમનું જૂઠું દરગુજર કરવાની આ યોજના છે, અને એમાં આશા જ એ રહેલી છે કે એ જૂઠાણાની કબૂલાત કરીને દક્ષિણ આફ્રિકાની સરકારને હવે પછી ફરી છેતરશે નહીં. એટલે આ યોજના જેટલે અંશે દરગુજરની છે એટલે અંશે શુદ્ધિની પણ છે. અરજીની હકીકત વિશે હું વધારે નથી લખી શકતો. તેને સારુ લાચાર છું. તેથી જેઓ જનારા છે તેમણે અરજીમાં ઓછામાં ઓછી નહીં પણ પોતાના દાખલ થવાને લગતી વધારેમાં વધારે હકીકત મોકલી દેવી. મેં મજકૂર તાર છાપાંઓમાં મોકલી દીધો તે ઉપરથી મારી ઉપર વધારે હકીકતને સારુ અને તે તે માણસોને દોરવા પૂરતા કાગળો આવવા લાગ્યા છે. પણ દરગુજરની યોજના[2] કે અરજીપત્ર[3] મારા હાથમાં આવ્યા વિના હું વધારે દોરવા અસમર્થ છું. વળી યોજના મારા હાથમાં આવી જશે પછી પણ એક એક માણસના કેસ તપાસી તેમણે અરજી કરવી કે નહીં અથવા તેમનો યોજનામાં સમાવેશ થાય છે કે નહીં એ પણ હું નહીં કહી શકું. નથી મારી પાસે એટલું સ્થાનિક જ્ઞાન કે નથી મારી પાસે દરેક કેસ તપાસવાનો વખત, તેથી મને બચાવી લેવાની સૌને વિનંતી છે. મારે એમ પણ કહેવું જોઈએ કે દરેક કાગળ વાંચી જવા પૂરતો પણ મારી પાસે વખત નથી. ઘણા કાગળોના જવાબ હું મોકલી શકતો નથી, અને કેટલાકના જવાબ પહોંચ પૂરતા જ હોય છે, ને કેટલાકના મારા સાથીઓ જ જવાબ આપે છે. આથી વધારે કરવાનો લોભ રાખું તો મારી ટપાલ વાંચવા અને તેના જવાબ આપવા ઉપરાંત બીજા કશા કામનો હું રહું નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨–૭–૧૯૨૮

૧. આ જ વિષય પર આ જાતનો લેખ અંગ્રેજીમાં તા. ૧૯–૭–'૨૮ના યંગ ઇન્ડિયામાં ગાંધીજીએ લખ્યો હતો.

૨. અને ૩. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

# ૮૯. અસહકાર કે સવિનયભંગ

સરકારી વર્તુળોમાં એક બીક પેસી ગઈ છે કે બારડોલીમાં ચાલી રહેલી લડત અસહકારની લડત છે એટલે સવિનય ભંગ અને અસહકારનો ભેદ દર્શાવવાનું આવશ્યક લાગે છે. આ બન્ને વધુ વિશાળ શબ્દ 'સત્યાગ્રહ'માં સમાઈ જાય છે. સત્ય અને અહિંસાના પાયા પર મંડાયેલી કોઈ પણ પ્રવૃત્તિને 'સત્યાગ્રહ' આવરી લે છે. તેમાં અસહકાર અને સવિનયભંગ બંને સમાઈ જાય છે. ૧૯૨૦માં કલકત્તા[1] મુકામે ભરાયેલી કૉંગ્રેસની ખાસ બેઠકમાં જે કાર્યક્રમ સ્વરાજપ્રાપ્તિ માટે ઘડાયો હતો, અને જેનું સમર્થન તે જ વર્ષે ફરી નાગપુર[2] ખાતે કરવામાં આવ્યું હતું, તેના બધા મુદ્દા ઉપરાંત બીજી કેટલીક બાબતોને સમાવી લેવા માટે "અસહકાર" શબ્દ યોજાયો હતો. આ સિદ્ધાંત અનુસાર સ્વરાજપ્રાપ્તિ સિવાય બીજા કોઈ હેતુ માટે હાલની સરકાર સાથે ન તો કોઈ વાટાઘાટ થઈ શકે કે ન કોઈ નિવેદનપત્ર આપી શકાય. બારડોલીની લડત ગમે તે પ્રકારની હોય પણ સીધી સ્વરાજની લડત તો એ નથી જ. આવી પ્રત્યેક જાગૃતિ, બારડોલી જેવી પ્રત્યેક ચળવળ, સ્વરાજ વધુ – સીધાં પગલાં લાવે તેના કરતાં પણ કદાચ વધુ – પાસે લાવે છે એ બેશક સાચું છે. પણ બારડોલીની લડત તો એક ચોક્કસ અન્યાય દૂર કરાવવા માટેની જ લડત છે. અન્યાય દૂર થતાંની સાથે જ લડત બંધ થાય છે. શરૂઆતમાં તો અપીલ કરવાની અને આવેદન પત્રો આપવાની ચીલેચલુ પ્રથા જ અપનાવવામાં આવી હતી. પરંતુ આ ચીલેચલુ પદ્ધતિ સદંતર નિષ્ફળ નીવડી, ત્યારે બારડોલીની જનતાએ શ્રી વલ્લભભાઈ પટેલને સવિનય ભંગની લડતની આગેવાની લેવા નિમંત્રણ આપ્યું. બંધારણનિયુક્ત સત્તાવાળાઓએ ઘડેલા કાયદાકાનૂનોનો ભંગ કરવાનું આ સવિનય ભંગમાં આવતું નથી. અહીં તો, દુભાયેલા ખેડૂતોને મતે, એમના પર ખોટી અને અન્યાયી રીતે ઠોકી બેસાડવામાં આવેલા કરનો અમુક હિસ્સો જ ન આપવાની વાત છે. કોઈ ખાનગી દેવાદાર વ્યક્તિ, પોતાનો લેણદાર તકાદો કરે તે રકમનો અમુક હિસ્સો અમાન્ય કરે તેના જેવી આ વાત છે. પોતે માન્ય ન કરતો હોય તેવું દેવું ચૂકવવાનો ઇન્કાર કરવાનો અધિકાર કોઈ ખાનગી વ્યક્તિને હોય તો ખેડૂતને પણ અન્યાયી લાગતો કર નકારવાનો અધિકાર છે જ. પણ બારડોલીની જનતાએ લીધેલું પગલું યોગ્ય છે એવું સાબિત કરવાનો આ લેખનો હેતુ નથી. મારો હેતુ તો સ્વરાજપ્રાપ્તિ માટે કરાતા અસહકાર અને એક ચોકસ અન્યાયના નિવારણ માટે કરાતા બારડોલી જેવા સવિનય ભંગ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી બતાવવાનો છે. આશા રાખું છું કે હવે તો એ ભેદ પૂરેપૂરો સ્પષ્ટ થઈ ગયો હશે. શ્રી વલ્લભભાઈ તથા એમની સરદારી નીચે કામ કરતા ઘણા સેવકો નિષ્ઠાવાન અસહકારી છે એ હકીકત અપ્રસ્તુત છે. આ લોકો જેમના પ્રતિનિધિ છે તે જનતાનો મોટો ભાગ અસહકારી નથી જ. રાષ્ટ્રીય અસહકાર હાલ મોકૂફ રાખવામાં આવ્યો છે. જેઓ લાચારીથી (સરકાર સાથે) સહકાર કરે છે તેમના પ્રતિનિધિ બનવામાં અસહકારી કાર્યકર્તાનો પોતાનો અંગત સિદ્ધાંત આડે આવી શકતો નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १९–७–१९२८

૧. જુઓ પુસ્તક ૧૮, પા. ૨૨૭.
૨. જુઓ પુસ્તક ૧૯, પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

## ૯૦. સાવંતવાડીમાં કાંતણ

શ્રી એસ. પી. પટવર્ધને[1] તૈયાર કરેલો અહીં ઉતારેલો હેવાલ[2] કેટલાક વખતથી મારી ફાઈલમાં પડ્યો રહ્યો છે. સામાન્ય વાચકને એમાં રસ પડશે. અને ખાદી કાર્યકર્તાને કંઈ નવું જાણવાનો લાભ થશે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૧૯–૭–૧૯૨૮

## ૯૧. ખાદીનાં પરોક્ષ પરિણામો

ગઈ ૧૪મી તારીખે શ્રી રાજગોપાલાચારીના પુદુપાલયમમાં ચાલતા ગાંધી આશ્રમનું ધર્માદા દવાખાનું ડૉ. રાય તરફથી ખુલ્લું મૂકવામાં આવ્યું. સભામાં વાંચવામાં આવેલા હેવાલ ઉપરથી જણાય છે કે ખાદીકેન્દ્રની આસપાસ અસ્પૃશ્યતાનિવારણ, દારૂનિષેધ, ગ્રામ્યસુધારણા અને દવાખાનું સહેજે ઊભાં થયાં છે. ૧૭૫ ગામડાંની સાથે આશ્રમનો સંબંધ છે, અને ખાદી દ્વારા આ ગામડાંમાં ૪૫,૦૦૦ રૂપિયા વહેંચવામાં આવે છે. અસ્પૃશ્યતાનિવારણનું કામ અસ્પૃશ્યોને સ્પૃશ્યોના જ જેવા ગણીને 'અસ્પૃશ્યો' મારફત થાય છે. પૈસાની સગવડ થાય કે તરત જ આશ્રમ એ લોકો માટે પાંચ કૂવા ખોદાવવાનો અને ઝૂંપડાં બંધાવવાનો વિચાર કરે છે. દસ હજાર રૂપિયાની આશ્રમને જરૂર છે. આમાંના પાંચ હજાર પાંચ કૂવા માટે છે. કૂવાની એમને ભારે ભીડ છે, કારણ તેમને ઘડો પાણી લેવાને માટે કેટલાય ગાઉ ચાલવું પડે છે, અને અનેક નામોશી અને ત્રાસ વેઠવાં પડે છે.

૧૯ માસમાં આશ્રમે ૨૮,૦૯૫ સ્ત્રીપુરુષોની દવાદારૂની મદદ આપી. આ કામથી જગ્યા વગેરેની એટલી તાણ પડી કે ૫,૦૦૦ રૂપિયાને ખર્ચે તેમને દવાખાનું બાંધવું પડ્યું. આ દવાખાનું ખોલવાને માટે ડૉ. રાય ચાલ્યા ચાલ્યા પુદુપાલયમ સુધી ગયા. આજ સુધી તો ઈસ્પિતાલમાં રૂપિયા ૨૦૦નું માસિક ખર્ચ ખાદીકામમાંથી જ નીકળતું હતું. પણ હવે તેમને પૈસાની ભીડ જણાય છે.

ગ્રામ્યસુધારણાના કામનું વર્ણન તો આપેલા હેવાલની ભાષામાં જ આપું :

> લોકોને નવો વિચાર ઉપાડી લેતાં બહુ વાર લાગે છે. આ સંજોગોમાં અમે ઠરાવ્યું કે ગ્રામ્યસુધારણાનું કામ બાળકો મારફત શરૂ કરવું જોઈએ. એટલે તા. ૧૮મી ફેબ્રુઆરીએ બાળકો માટે સ્નાનયોજના કરવામાં આવી, જે મુજબ આશ્રમની આસપાસનાં બધાં બાળકોને દર શનિવારે તેલ અને અરીઠાં ચોળી નવરાવવાનું અને મંગળવારે સાબુ ચોળી નવરાવવાનું ઠર્યું. આશ્રમના દાક્તર અને બીજાં માણસો બાળકોને તેલ ચોળવું, તેમના વાળમાંથી જૂ

૧. એક સંનિષ્ઠ ખાદી કાર્યકર. આશ્રમની રાષ્ટ્રીય શાળામાં એમણે પહેલાં કામ કર્યું હતું, અને પછી કોંકણમાં સેવાર્થે ગયા હતા.

૨. અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

વગેરે કાઢવી અને ખૂબ મેલ કાઢીને ચોળીને નવરાવવાં, એ બધું પોતે જ કરે છે. પ્રથમ તો ખૂબ જ બાળકો આ યોજનાનો લાભ લેતાં અને એ બધાંને સાફ થતાં જોવાનું એક સુખદ દૃશ્ય હતું. પણ જેમ નવીનતા ઓછી થતી ગઈ તેમ ઘણાં બાળકો આવતાં બંધ થયાં છે. હમણાં તો નિયમિત ૨૦ બાળકો આવે છે. પણ અમે મંડ્યા રહીશું તો ઘણાં છોકરાં આનો લાભ લેતાં થશે.

ખાદીમાંથી થતાં પરોક્ષ પરિણામોમાંનાં આ કેટલાંક છે. ખાદીની ઠેકડી કરનારા એની નોંધ લે અને મિત્રો જે આશ્રમ લોકોને સ્વાશ્રયી અને આત્મવિશ્વાસવાળા બનાવી તેમની સાચી સેવા કરીને લોકોમાં ધીમે ધીમે પણ કાયમને માટે પ્રવેશ કરી રહ્યું છે તે આશ્રમને મદદ કરે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १९–७–१९२८
ભાષાંતર : नवजीवन, २२–७–१९२८

## ૯૨. ટી. આર. ફૂકનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૧૯, ૧૯૨૮

ભાઈશ્રી,

અખિલ હિંદ ચરખા સંઘના રૂ. ૩૧૯–૨–૩ તમારે ખાતે ઘણા વખતથી લહેણા નીકળે છે અને બાકી ખેંચાયા કરે છે. કૃપા કરીને તે હવે ન ચૂકવી દો?[1]

તમારો સહૃદયી

શ્રીયુત ટી. આર. ફૂકન
ગૌહત્તી (આસામ)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૪૪

૧. સેક્રેટરી, અખિલ હિંદ ચરખા સંઘ, અમદાવાદને ૧૮ જુલાઈના તેમના ઑફિસના પત્ર નંબર ૭૭૮૩ના અનુસંધાનમાં આ પત્રની નકલ મોકલી આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

# ૯૩. ટી. પ્રકાશમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ સાબરમતી,
જુલાઈ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ પ્રકાશમ્,

તમારો પત્ર વાંચી હું દિગ થઈ ગયો. સ્પષ્ટ દેખાય છે કે જાહેર કામો બાબત મારી અને તમારી નીતિમાં ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. કોઈ સાર્વજનિક સોદામાં એકાદ લોકસેવક જામીન થયો હોય તો તે વ્યક્તિગત બાંયધરીનું તમે જે અર્થઘટન કરો છો તે મારે માટે નવું છે. દક્ષિણ આફ્રિકામાં અને હિંદમાં મેં જે જોયુંજાણ્યું છે તે તમારી વ્યાખ્યાથી તદ્દન જુદું છે. લોકસેવકોએ કોઈ સોદાની સચ્ચાઈ વિશે માત્ર મૌખિક ખાતરી આપી હોય, જેને આધારે ચરખાસંઘ જેવી જાહેર સંસ્થાઓએ નાણાં રોક્યાં હોય, અને ખાતરી આપનાર લોકસેવકોની ધારણા પ્રમાણે એ સોદો ન પતે ત્યારે તેવા સેવકોએ પોતાના ખિસ્સામાંથી નાણાં ભરી દીધાં છે. હમણાં થોડા દિવસ પર જ એક ભાઈએ પોતાના ખિસ્સામાંથી લગભગ રૂપિયા ૨૧,૦૦૦ આવી રીતે ચૂકવી દીધા છે, અને લગભગ પોતાની આર્થિક બરબાદી વહોરી લીધી છે. કારણ એટલું જ કે કેવળ એમની પ્રામાણિકતા પર જ નહીં પણ એમની વિવેકબુદ્ધિ ઉપર પણ વિશ્વાસ રાખીને એ રકમ એમને સોંપાઈ હતી. લોકસેવકો તથા તેમના વ્યવહાર માર્ગદર્શન માટે તમે જે શરતો સૂચવો છો તે રીતે તો કોઈ પણ મોટું જાહેર કામ થાય નહીં એવું મને લાગે છે.

આ પાયાનો મતભેદ જોતાં, તમે ઊભા કરેલા હકીકત અંગેના મુદ્દાઓની ચર્ચા કરવાની જરૂર નથી. સાર્વજનિક વેપાર તેમ જ પ્રામાણિકતા બાબતનો મારો મત હું તમારી પાસે સ્વીકારાવી શકું તો હું તમે સૂચવેલા મુદ્દા ખુશીથી તપાસીશ, અને તે કારણે તમને કંઈ અન્યાય થયો હશે તો પૂરેપૂરો ન્યાય અપાવીશ. આ સોદા અંગે આપણી વચ્ચે ચાલેલા પત્રવ્યવહારે જે રૂપ લીધું છે તેનું મને દુ:ખ છે.

ન્યાયને ખાતર મારે તમને જણાવવું જોઈએ કે હમણાં બે દિવસ પર જ શંકરલાલ બૅંકરે મને કહ્યું કે તમે આપેલી ગૅરંટી . . . .[૧]

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૪૫૩

૧. મૂળ લખાણ અધૂરું છે. આના જવાબમાં ટી. પ્રકાશમે ૨૫ જુલાઈના પત્રમાં લખ્યું: "હું કબૂલ કરું છું કે સાર્વજનિક વેપાર તેમ જ પ્રામાણિકતા બાબતમાં આપણા બેના અનુભવ તથા દિશા વચ્ચે 'ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર' છે. હું તો એવા કેટલાયે કિસ્સા જાણું છું જેમાં દસ્તાવેજના લખાણમાં દાખલ કરેલી અંગત ગૅરંટીઓની કલમોનો હેતુ માત્ર એટલો જ હોય છે કે બંને પક્ષોને સજાનો ડર રહ્યા કરે અને જેથી સારું વર્તન દાખવે; એમાં એ કલમોનો બળપૂર્વક અમલ કરવાનો કોઈ આશય હોતો નથી. આ હું કેવળ સામાન્ય માનવ તરીકે લખી રહ્યો છું. આપના જેવા ઉચ્ચ સ્થાને બિરાજેલાની સમકક્ષ બનવાનો મારો દાવો પણ નથી. મારા છેલ્લા પત્રમાં આપનાથી જુદા પડવા બદલ ક્ષમા ચાહું છું. મેં તો એમ કહ્યું હતું કે લવાદી મારે મંજૂર છે; પરંતુ આપના છેલ્લા વાક્યમાં આપે જણાવ્યું છે કે આપે શંકરલાલ બૅંકરને પોતાના વકીલની સલાહ અનુસાર વર્તવાની સલાહ આપી છે. મને તો ખબર જ છે કે હમણાં હમણાંથી લવાદીને બદલે કોરટકચેરી કરવાનું ખાદી બોર્ડે પસંદ કર્યું છે. આ બાબતમાં આપ વધારે તટસ્થ અને નિષ્પક્ષ વલણ નથી લઈ શક્યા તે જોઈ ખેદ થાય છે. અનેક શુભેચ્છાપૂર્વક . . ."

Gandhi Heritage Portal

## ૯૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

[સત્યાગ્રહ] આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૦, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારા બંને પત્રો મળ્યા છે.

બારડોલી માટે તમે કંઈ મોકલ્યું નથી, તેની ચિંતા નહીં. પૂરતાં નાણાં મળી રહ્યાં છે. ભીડ પડશે ત્યારે તમને જરૂર તકલીફ આપીશ. સમાધાન થવાનો સંભવ હવે ઓછો છે. થાય તોપણ ઠીક ન થાય તોપણ ઠીક. સત્યાગ્રહની લગામ એક ઈશ્વરના જ હાથમાં રહે છે. વલ્લભભાઈ આજે અહીં છે.

બહિષ્કાર બાબત નવજીવનમાં ફરી લખીશ.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૬૧૬૨; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૯૫. બારડોલી અંગે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત

અમદાવાદ,
જુલાઈ ૨૦, ૧૯૨૮

બારડોલીના પ્રશ્ન બાબત પોતાની મુલાકાત લેનાર છાપાના પ્રતિનિધિને ગાંધીજીએ જણાવ્યું કે વલ્લભભાઈનો જે અભિપ્રાય હતો તે જ મારો પોતાનો પણ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે મારે માટે એ ઊંડા દુઃખની વાત છે કે ચાલી રહેલી વાટાઘાટો કદાચ નિષ્ફળ જાય. વાટાઘાટો નિષ્ફળ જ જશે તો મારા મત પ્રમાણે બધો દોષ સરકારનો જ હશે.

સુરતમંત્રણા[1] બાદ પ્રસિદ્ધ થયેલી યાદી જોઈ ગાંધીજી મૂંઝાઈ ગયા હતા. માનભર્યા સમાધાન માટે જે મૈત્રીભર્યું અને વિશ્વાસનું વાતાવરણ જોઈએ તેનો એમાં અભાવ હતો. મહેસૂલના

૧. ૧૮મીની સવારે સુરત મુકામે ગવર્નરની મુલાકાત વખતે બારડોલીના ખેડૂતોના પ્રતિનિધિ તરીકે શ્રી વલ્લભભાઈ, તેમની સાથે શ્રી અબ્બાસ તૈયબજી, સૌ. શારદાબેન મહેતા, સૌ. ભક્તિલક્ષ્મી દેસાઈ, કુમારી મીઠુબહેન પિટીટ અને શ્રી કલ્યાણજી મહેતા એટલાં લોકોનાં પ્રતિનિધિઓ તરીકે ડેપ્યુટેશનમાં હતાં.

આવા સમાધાનની આવશ્યક શરતો સરકારે નીચે પ્રમાણે જણાવી :

[૧] આખું મહેસૂલ એકદમ ભરી દેવામાં આવે, અથવા જૂના અને નવા મહેસૂલના તફાવતની રકમ ખેડૂતોના તરફથી કોઈ પણ વ્યક્તિ સરકારી તિજોરીમાં અનામત મૂકે.

[૨] જમીન મહેસૂલ નહીં ભરવાની ચળવળ એકદમ બંધ કરવામાં આવે.

જો આ બે શરતો સ્વીકારવામાં આવે તો આંકડાની ગણતરીમાં અમલદારોએ ભૂલ કરેલી હોવાના જે આક્ષેપો છે તે સંબંધમાં ખાસ તપાસ કરવાનાં પગલાં લેવા સરકાર તૈયાર રહે. એ તપાસ આ કેસ સાથે બિલકુલ સંબંધ નહીં ધરાવતા એવા કોઈ રેવન્યુ અમલદાર મારફત થાય અથવા તો રેવન્યુ અમલદાર સાથે એક ન્યાય ખાતાનો અમલદાર પણ હોય અને હકીકત કે આંકડા સંબંધી કોઈ મતભેદ પડે તો ન્યાયખાતાના અમલદારનો નિર્ણય આખરનો ગણાય.

(બારડોલીના સત્યાગ્રહનો ઇતિહાસ, પા. ૧૯૯)

Gandhi Heritage Portal

વધારા જેટલી રકમ અનામત તરીકે જમા કરાવવાનો આ સરકારી આગ્રહ એમના જેવા સામાન્ય નાગરિકને તો ન કલ્પી શકાય એવો, અને જો એ કહી શકે તો, બેહૂદો લાગતો હતો. આવી મોટી સરકાર પોતાના કાયદામાં ને કાબૂમાં રહેતી પ્રજા પાસેથી હવે ડિપૉઝિટ કેવી રીતે માગી શકે એ જ સમજમાં આવતું નહોતું. આથી ઊલટું, આવી જનતા ડિપૉઝિટ મૂકવાનો ચોક્કસ વિરોધ કરે એ સમજવું અઘરું નહોતું. એમને માટે તો આ ટેકનો સવાલ હતો. આ ડિપૉઝિટ જતી કરવાથી સરકારને કશું નુકસાન જવાનું નથી. સરકારી યાદીમાં આ ઉપરાંત પણ એવા બીજા કેટલાક મુદ્દા હતા જેના પર સહેજે વિસ્તારથી લખી શકાય, પરંતુ એ બધા વિચારો જનતા સમક્ષ મૂકવા હું પોતે અન્ય માર્ગ[1] પસંદ કરીશ.

વાટાઘાટો પડી ભાંગે તો બારડોલીના ખેડૂતો માટે ગંભીર પરિણામો આવે એ શકયતાનો આપે વિચાર કર્યો છે? એવું પૂછવામાં આવતાં ગાંધીજીએ કહ્યું કે, બારડોલીની પ્રજાએ પોતે સમજી-બૂજીને જે પ્રતિજ્ઞા લીધી હતી, ને અનેક વાર તેનું રટણ કર્યું હતું તેનો તે ભંગ કરે તો એના જેવી બીજી કોઈ ગંભીર બાબત એમને માટે હોઈ શકે નહીં.

આ બાબતમાં લોકોએ જે ત્યાગ કર્યો ને યાતનાઓ વેઠી તેનાથી બારડોલીને કે આખા દેશને સરવાળે કંઈ લાભ થશે કે નહીં એમ પૂછવામાં આવતાં ગાંધીજીએ કહ્યું કે એમને તો ખાતરી જ હતી કે લાભ થશે જ. જેમ ત્યાગ વધારે તેમ બારડોલીને તથા દેશને લાભ પણ વધારે.

આ લડતમાં શ્રી વલ્લભભાઈ પટેલે વાપરેલી બધી રીતરસમો સાથે પોતે સંમત હતા કે કેમ એવા પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે શ્રી વલ્લભભાઈએ લીધેલું દરેક પગલું પોતાને પૂરેપૂરું મંજૂર હતું. તેમણે એમ પણ કહ્યું કે વલ્લભભાઈ પટેલે સીધી કે આડકતરી રીતે હિંસાને ઉત્તેજન આપ્યું છે એવો આરોપ, જે બદનક્ષી જ કહેવાય, સાબિત કરી શકે એવી કોઈ માહિતી મને મળી નથી.

[મૂળ અંગ્રેજી]
बॉम्बे क्रॉनिकल, २१–७–१९२८

## ૯૬. શંકરનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
જુલાઈ ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી શંકરન્,

તમારા તરફથી . . . ના[2] સમાચારની રાહ જોઈ રહ્યો છું. હકીકતમાં એની તાકીદની જરૂર છે, કારણ વાટાઘાટો પડી ભાગવાથી હવે સરકારી દમન જોર પકડે એવો પૂરો સંભવ છે; અને તો પછી અમારું કામ એકદમ વધી જશે. એક બે દિવસમાં જ આખરી ફેંસલો આવી જશે.

તમને જાણીને ગંમત પડશે કે મારા જીવનમાં પહેલી જ વાર, મને ગઈ રાતે ખીસાકાતરુનો અનુભવ થયો. મીઠુબહેન તથા કલ્યાણજી સાથે હું સુરત ગયો હતો. કાઠિયાવાડ મેલમાં મુંબઈ જતા વલ્લભભાઈને[3] કેટલાક અગત્યના કાગળો આપવાના હતા. ટ્રેન મધરાત પછી, પરોઢિયે આવવાની હતી, એટલે અમે ત્રણે સ્ટેશન બહાર મોટરમાં થોભ્યાં હતાં. કુદરતી રીતે જ અમને

૧. नवजीवन અને यंग इन्डिया; જુઓ "સરકારની કુબુદ્ધિ", ૨૨–૭–૧૯૨૮ અને "સરકારને અપીલ", ૨૩–૭–૧૯૨૮.

૨. મૂળ પ્રમાણે.

૩. બ્રહ્મદેશ જતા પોતાના ભાઈ વિઠ્ઠલભાઈ પટેલને મળવા.

Gandhi Heritage Portal

સહેજ ઝોકું આવી ગયું. જોકે મચ્છર અને માંકડના પ્રતાપે આ સુખદ અનુભવ પા કલાકથી વધારે અમે માંડ માણી શક્યાં હોઈશું. ટ્રેન આવી તેવો જ હું મોટરમાંથી બહાર કૂદી પડ્યો. પણ ઘડિયાળ માટે ખીસામાં હાથ નાખતાં ભારે અચંબો થયો! મારાં ચશ્માંના જે ઘરમાં હું ઘડિયાળ તથા તેની સાંકળી રાખતો હતો તે જ ગુમ! એવું લાગે છે કે મને ઝોકું આવી ગયું તે ટૂંકા ગાળા દરમિયાન જ આંગળીઓની કરામત જાણનારા કોઈ કસબીએ પોતાના કસબનો પ્રયોગ મારા પર અજમાવી લીધો. ઘડિયાળના આ સંભારણા સાથે અનેક જૂની સ્મૃતિઓ વણાયેલી હોવાથી તેમ જ ખાસ કરીને છેલ્લાં બે વર્ષ દરમિયાન આણીને વખતે એણે મારી ખરી સેવા કરી હોવાથી એનો વિયોગ મને સાલ્યો.

મકાનોના ખરીદ-વેચાણનો તેમ જ તેને ભાડે આપવાનો તમારો ધંધો કેમ ચાલે છે? હું જાણું છું ત્યાં સુધી તો દેવલાલીમાં વિન્ડી હૉલ સિવાય, માત્ર રતન ટૅરેસ જ એક રાખી લેવા જેવો બંગલો છે. પણ ગયાં ચાર વર્ષ દરમિયાન થોડા નવા બંગલા કદાચ બંધાયા પણ હોય. તમે ક્યાં હશો તે ચોક્કસ ન હોવાથી તમારા મુંબઈના સરનામે આ પત્ર મોકલું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૯૦

## ૯૭. જી. વી. સુબ્બારાવને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે. દિલગીર છું કે સ્વ. ગોપાલકૃષ્ણૈયા વિશે ઉપયોગી થાય એવું કંઈ હું લખી શકીશ નહીં. એમને વિશે કંઈ લખું તો કેટલીક બાબતોમાં એમના વર્તન વિશે મારે ટીકા પણ કરવી પડે. એટલે સ્વર્ગસ્થ વિશે કશું જ ન લખવું એ મને ઠીક લાગે છે.[1]

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: જી. એન. ૩૯૨૫

૧. "જી. વી. સુબ્બારાવને પત્ર", ૨૭-૭-૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

# ૯૮. અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૧, ૧૯૨૮

શ્રીમાન,

ત્રણ અજાણ્યા માણસો બે કૂતરાને લઈને એક દિવસે સાંજે સાડા સાત વાગ્યે જેલની હદમાં આવેલાં ખેતરોમાંથી પસાર થતા હતા એવી માહિતી આપતો આપનો પત્ર સત્યાગ્રહ આશ્રમના વ્યવસ્થાપકે મને આપ્યો છે. આપના જે પત્રનો હું જવાબ આપી રહ્યો છું એમાં એ ચોક્કસ દિવસ તમે જણાવ્યો નથી. સદરહુ પત્રના બે ફકરા પરથી તો આશ્રમને આ બનાવ સાથે કંઈ નિસ્બત હોય તેવું જણાતું નથી, પણ પત્રના ત્રીજા ફકરામાં આશ્રમના વ્યવસ્થાપકને સૂચના આપવામાં આવી છે કે તેમણે આ બાબતની તપાસ કરવી અને જે કોઈ આમાં સંડોવાયેલા હોય તેમને ચેતવણી આપવી કે સરકારી ખેતરોમાં ગેરકાયદેસર પ્રવેશ કરે નહીં. છેલ્લે આપે ધમકી આપી છે કે, “નહીં તો, એથી નકામી આફત ઊભી થશે.” જે ઘટના સાથે આશ્રમને કશી લેવાદેવા નથી તેની તપાસ કેમ કરવી, અને જેનો આશ્રમને પરિચય નથી એવા ત્રાહિતોને તારીખ વિનાના બનાવ અંગે કેવી રીતે ચેતવવા તે આપ મને મહેરબાની કરી સમજાવશો? અને જે પત્રનો જવાબ હું આપી રહ્યો છું તેમાં રહેલી ધમકીનો અર્થ હું જાણી શકું? પણ હું આપનું ધ્યાન દોરી શકું કે આશ્રમવાસીઓની નારાજી છતાં જેલના કેટલાક માણસોએ ૧૯મીની સાંજે આશ્રમની સરહદમાં અવશ્ય ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. જેલ સત્તાવાળાઓના સદ્‌ભાગ્યે આવા અનધિકૃત પ્રવેશની કંઈ સજા કરવાને આશ્રમ એના બંધારણ પ્રમાણે અસમર્થ છે. આપના હાથ નીચેના માણસો શિસ્ત પાળે, અને નિર્દોષ પડોશીઓને સતાવે નહીં એમ આપ ઇચ્છતા હો, તો હું જે આરોપ મૂકી રહ્યો છું તેના જોઈએ તેટલા પુરાવા મળી શકશે.

આપની માહિતી માટે ઉમેરવાનું કે ગઈ કાલે સાંજે સાત વાગ્યે અમારી પ્રાર્થનાસભામાં આપનો પત્ર મેં આશ્રમવાસીઓને વાંચી સંભળાવ્યો હતો. મને કહેવામાં આવ્યું કે આપે ઉલ્લેખ કરેલો બનાવ આગલી સાંજે બન્યો હોવો જોઈએ; અને આપે જણાવેલા સમયે જે આશ્રમવાસીઓને સામાન્યત: સાબરમતી સ્ટેશન તરફ ફરવા જવાની ટેવ છે, તેમણે કેટલાક લોકોને બે કૂતરા લઈ વાડજ તરફ ઝડપથી ચાલી જતા જરૂર જોયા હતા. આ લોકો આશ્રમ સાથે જરાયે સંકળાયેલા નથી.

આપના ૨૦મીના પત્રના જવાબમાં આ લખતાં લખતાં ગઈ ૨૧મી મેના આપના બીજા પત્રનો ઉલ્લેખ કરવાની તક લઉં છું. આપના એ પત્રમાં રહેલા મૈત્રીભર્યા વલણની કદર કરતાં છતાં કહેવું પડે છે કે સદરહુ કિસ્સામાં જેલના વૉર્ડરે બિલકુલ હિંસા આચરી નહોતી એવી આપની ખાતરી બહુ નબળા પાયા પર જ ઊભી શકે. બંને પક્ષને સાંભળ્યા વિના આપ ચોક્કસ ચુકાદા પર કેવી રીતે આવી શકયા તેની જ મને નવાઈ લાગે છે. ૨૧મી મેનો આપનો પત્ર વાંચતાં સમજાય છે કે સમાજમાં જેમની સારી એવી પ્રતિષ્ઠા છે, અને કોઈનાય પર ખોટો

Gandhi Heritage Portal

આક્ષેપ મૂકવા જેમને કારણ નથી, એવા સજ્જનોના કથનમાં વિશ્વાસ મૂકવાને બદલે આપ આપના વૉર્ડરોના કહેવા પર વધારે વિશ્વાસ મૂકો છો. આ જોઈ હું તો દિંગ થઈ ગયો.

આપે એ પણ જાણવું જોઈતું હતું કે જે આસામીઓની વાત બીજા પૅરેગ્રાફમાં . . .[૧]

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૮૩

## ૯૯. રાજેન્દ્રપ્રસાદને કેબલ[૨]

[જુલાઈ ૨૧, ૧૯૨૮ કે તે પછી]

રાજેન્દ્રપ્રસાદ

જયવતીને ત્યાં, લંડન
મારી ગેરહાજરી માટે માફી માગી લેશો.

ગાંધી

## ૧૦૦. રેશમનો નિષેધ

નવજીવનમાં રેશમ અને વ્યાઘ્રચર્મ વિશે જે હું લખી ગયો છું તેના[૩] અનુસંધાનમાં કાકાસાહેબ રેશમનાં નિષેધાત્મક નીચેનાં પ્રમાણો[૪] મોકલે છે એ વિચારવા યોગ્ય છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૨–૭–૧૯૨૮

૧. મૂળ લખાણ અધૂરું છે.

૨. "વિયેના કૉન્ફરન્સમાં જવા ધારું છું. જયવતીને સરનામે સૂચનાનો કેબલ કરશો." એવા એમના ૨૧ જુલાઈના કેબલના જવાબમાં.

૩. જુઓ, "એક સ્નાતકના પ્રશ્નો", ૧૫–૭–૧૯૨૮; "રેશમ અને વ્યાઘ્રચર્મ" એવા પેટામથાળા હેઠળ ગાંધીજીએ અભિપ્રાય દર્શાવ્યો હતો કે અહિંસાની દૃષ્ટિએ રેશમ અને વ્યાઘ્રચર્મ બંને વર્જ્ય ગણાય.

૪. અહીં આપ્યાં નથી. કાકાસાહેબે લખ્યું હતું: "ચામડાં તો દુનિયાભરના બધા જ લોકો પ્રાચીન કાળથી વાપરતા આવ્યા છે. વેદકાળમાં યજ્ઞને પ્રસંગે ચામડાં પાથરી ઋત્વિજો બેસતા, ખેતી અને ઢોરના બચાવ માટે પ્રજાપાલક રાજાઓ અને ક્ષત્રિયો હરણનો કે વાઘનો શિકાર કરતા. મરી ગયેલાં ઢોરનાં ચામડાં અને ખોરાકને માટે મારેલાં ઢોરનાં ચામડાં ફેંકી દેવાં એ માણસને પોસાય નહીં, એટલે એની વપરાશ છૂટથી થતી હોવી જોઈએ. આજે જ્યારે ચામડાં માટે જ ઢોર મરાય છે ત્યારે અહિંસાની દૃષ્ટિએ કતલનાં ચામડાંનો સર્વથા ત્યાગ થવો જોઈએ.

રેશમની બાબતમાં આપણા પૂર્વજો જાગ્રત નહોતા એમ નથી. હું માનું છું કે આપણે ત્યાં પહેલાં રેશમ હતું જ નહીં. આપણે ત્યાં રેશમ ચીન દેશમાંથી આવતું. જીવડાંના તંતુમાંથી એ નીકળે છે એની લોકોને ખબર નહીં હોય. એટલે એને આવકાર મળ્યો હોવો જોઈએ. વસ્તુ એક વાર રૂઢ થઈ ગઈ અને લોકોને રોચક લાગી, પછી એનો ત્યાગ થવો મુશ્કેલ છે. લોકોએ જાણ્યું કે તરત જ એનો વિરોધ કર્યો."

Gandhi Heritage Portal

# ૧૦૧. સરકારની કુબુદ્ધિ

મુંબઈ ઇલાકાના સૂબા સિમલા ગયા ને છાપાંમાં તે વિશે જે ખબરો આવી તે ઉપરથી મેં તો એમ માનેલું કે હવે સરકારને વિશે જે પરિવર્તનની ઝંખના શ્રી વલ્લભભાઈ કરી રહ્યા છે તે થયું છે. પણ સુરતની[1] મસલતના પરિણામ ઉપરથી તો એમ લાગે છે કે સરકારી હૃદય પીગળ્યું નથી, તો પરિવર્તનની વાત જ ક્યાં કરવી? એ હૃદય તો પથ્થરથીયે કઠણ બની ગયું છે.

સરકારી નોંધ જે બધાં અખબારોમાં પ્રગટ થઈ છે તેમાં લીટીએ લીટીએ હું તો વિપરીત બુદ્ધિ જ જોઈ રહ્યો છું. પાંચ કલાકની મસલતને અંતે ધૂળની ધૂળ જ રહી. છપામાં આપણે વાંચતા આવ્યા છીએ તેના કરતાં એક પણ નવી વાત આ સરકારી નોંધમાં નથી. બારડોલીના સત્યાગ્રહીઓ શું માગે છે, એ સમજવાનો પ્રયત્ન સરખોયે નથી જોવામાં આવતો.

બાળક જેમ પોતાની અણસમજમાં ઉપયોગી વસ્તુને છોડી હઠપૂર્વક રમકડું માગ્યા કરે, તેમ સરકાર ન્યાયરૂપી ઉપયોગી વસ્તુને છોડી પોતાની નામનારૂપી રમકડાને વળગી રહી છે. અને જેમ તેને વળગે છે તેમ તે દૂર દૂર ભાગતી જાય છે. લડતને અંતે નામનાને બદલે નામોશી જ રહી શકે.

જે તપાસ કરવાની સરકાર હા ભણે છે તે તપાસ સત્યાગ્રહીઓની તપાસથી જુદી છે. તેઓ સરવાળા બાદબાકીની ભૂલને સારુ કે હકીકતની ભૂલને સારુ તપાસ નથી માગતા. એ ભૂલો તો તપાસણીદારના રિપોર્ટનાં પાનાંમાં ગમે તે માણસ જોઈ શકે તેમ તરી રહી છે. તેમનો દાવો તો એવો છે કે તપાસણીદારોએ તપાસ જ કાયદા પ્રમાણે નથી કરી. તેથી સત્યાગ્રહીઓ આખી તપાસણી ફરી કરાવવા માગે છે. એમ ન થાય ત્યાં લગી ગમે તેવી તપાસ થાય તોપણ લોકોને ન્યાય ન મળે. એટલે તપાસ કરવાની શરતોની ચોખવટ તો પ્રથમ થવી જ જોઈએ. બેચાર કે વધારે દાખલાઓમાં અન્યાય થયો છે, એમ બારડોલી વાલોડના લોકો નથી કહેતા, પણ આખી તપાસણી જ ભૂલભરેલી થઈ છે, એમ તેઓ કહે છે. સત્યાગ્રહીઓનો કેસ એવો છે કે સરકારે જે વધારો આંક્યો છે તેને સારુ તેમની પાસે મહેસૂલના કાયદાને અનુસરતો સામાન નથી, તેથી પોતે આંકેલો વધારો વાજબી છે એ સિદ્ધ કરવાનો બોજો સરકાર ઉપર છે. આ વાત તપાસ સમિતિને કરવાની તપાસની શરતોમાં સ્પષ્ટ રીતે આવવી જોઈએ. તે નથી.

વળી બીજી એક શરતની પણ પૂરી આવશ્યકતા છે. મહેસૂલ વસૂલ કરવાને સારુ સરકારે જે દમનનીતિ ચલાવી તે વાજબી હતી કે નહીં, એ પણ તપાસસમિતિએ તપાસવું જોઈએ.

દમનનીતિથી લોકોને જે શોષવું પડ્યું છે તેમાંનો જે ભાગ સુધરી શકે એવો છે તે સુધરવો જોઈએ. લોકો આરોગ્ય ખોઈ બેઠાં, તેમનાં ઢોર દૂબળાં પડ્યાં, કેંક મરી ગયાં, ઇત્યાદિ દુઃખો સત્યાગ્રહની લડાઈમાં અનિવાર્ય છે. તેનો બદલો લોકો ન માગે. પણ જેઓ કેદમાં પડ્યા છે તેમનું શું, જેમની જમીન ખાલસા થઈ છે તેમનું શું, જેમનાં માલમિલકત કોડીને દામે વેચાયાં છે તેમનું શું? એટલે જો સમાધાની થવાની જ હોય, જો સરકાર ન્યાય કરવા માગતી હોય તો સમાધાનીના[2] દસ્તાવેજ થતાં જ

૧. જુઓ "બારડોલી અંગે ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત", ૨૦–૭–૧૯૨૮.

૨. સમાધાનની શરતો અંગે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

૧. સત્યાગ્રહી કેદીઓ છૂટવા જોઈએ.

૨. ખાલસા થયેલી (પછી તે વેચાઈ હોય કે ન હોય) જમીનો પાછી મળવી જોઈએ.

૩. ભેંસો, દારૂ ઇત્યાદિ હરાજ થઈ ગયાં કે વેચાયાં છે તેની બજારકિંમત પાછી મળવી જોઈએ.

૪. તલાટી, પટેલ વગેરેને બરતરફ કરવામાં આવ્યા હોય તો તેમને પોતાની જગ્યા પાછી મળવી જોઈએ, અથવા જેમણે રાજીનામાં આપ્યાં છે તેમને પાછાં ખેંચવાની પરવાનગી મળવી જોઈએ.

૫. સત્યાગ્રહને જ અંગે જે બીજી સજાઓ થઈ હોય તે રદ થવી જોઈએ.

આમાંનું તો કંઈ જ સરકારી નોંધમાં નથી જોવામાં આવતું. સરકારે કરેલી આવી એકતરફી વાત બીજી કોઈ સમાધાનીને વિશે મારી જાણમાં નથી.

આટલું તો તપાસને અંગે ને તપાસની પૂર્વે થવું જોઈએ તે.

પણ વધારાની મહેસૂલ અનામત મૂકવાની સરકારની માગણી તો કાયમ જ છે. જો આ માગણી કાયમ રાખવી હતી તો શ્રી વલ્લભભાઈને સુરત નોતરવાની આવશ્યકતા જ કયાં હતી? ગવર્નરસાહેબને સુરત પધારવાની તસ્દી લેવાની શી જરૂર હતી? સરકાર કહે છે કે આ માગણીનાં કારણો તો સ્પષ્ટ છે. મને તો ભાસે છે કે સરકાર સિવાય બીજા કોઈને તે કારણો સ્પષ્ટ નહીં હોય. વધારાના પૈસા અનામત મૂકવાની માગણીને કોઈ તટસ્થ માણસે પસંદ કરી હોય એમ જોવામાં નથી આવતું. અંગ્રેજી વાજિંત્રો જેવાં કે પાયોનિયર, સ્ટેટ્સમૅન પણ સત્યાગ્રહીઓએ ગ્રહણ કરેલી નીતિને બધી રીતે પસંદ કરે છે, ને મર્યાદાની પણ અંદર હોવાને સારુ તેમને ધન્યવાદ આપે છે. વધારો અનામત મુકાવવાની હઠને સરકાર કેમ વળગે છે, એ સમજવું મને તો અશકય જેવું લાગ્યું છે. લોકો કેસ હારી જાય તો વધારો નહીં ભરે, એવો ભય તો ન જ હોવો જોઈએ. કેમ કે સરકારની પાસે તે વસૂલ કરનારો દંડ મોજૂદ જ છે. તે હઠમાં શ્રી વલ્લભભાઈનો અને લોકોનો અવિશ્વાસ છે. આવું અપમાન શ્રી વલ્લભભાઈ કે કોઈ જેને સ્વમાન વહાલું છે તે કેમ સહન કરે? સરકારની આ હઠમાં તેની અલ્પતા અને તેની કુબુદ્ધિ તરી આવે છે.

સત્યાગ્રહીનો માર્ગ સ્પષ્ટ છે. તેણે હમેશાં ન્યાયી સમાધાનીને સારુ તૈયાર રહેવું જોઈએ, ન થાય તેથી નિરાશ ન થવું ઘટે, ને તેને સારુ લડવાને સારુ નિત્ય તત્પર રહેવું જોઈએ. સત્યાગ્રહની લડાઈનું સુખ એ છે કે તેને દારૂગોળાની કે કશા બાહ્ય શસ્ત્રની જરૂર રહેતી જ નથી, તેથી તે જ્યારે તેને ભાગે લડાઈ આવે ત્યારે તૈયાર રહી શકે છે.

સરકારની નોંધ જોતાં શ્રી વલ્લભભાઈએ હવે સમાધાનીની વાતને લંબાવવાપણું જ ન હોય. પણ સત્યાગ્રહી લડવા તૈયાર રહેતો છતો ઉપર જણાવ્યું તેમ સમાધાનની આશા કદી ન છોડે. તેથી તે તો સમાધાનીની એક પણ તક નહીં જવા દે. પથ્થર જેવા હૃદયને પણ પિગળાવવાનો સત્યાગ્રહીનો ધંધો છે.

બારડોલીના ખેડૂતે સુરત, મુંબઈ કે સિમલા ભણી નથી જોવાનું. તેણે તો ઈશ્વર ભણી, અંતર્યામી ભણી જોઈ પોતાની પ્રતિજ્ઞાને વળગી તેના પાલન અર્થે મરણની ભેટ કરવા સારુ, પાયમાલ થવા સારુ તૈયાર રહેવાનું છે. તેના પ્રાણ ભલે જાય પણ તેનું વચન કદી ન જાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨–૭–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૧૦૨. નોંધ

### બારડોલી સાથે મારો સંબંધ

બારડોલીની લડતની સાથે મારો સંબંધ શો છે એ નવજીવનના વાંચનારને બતાવવાપણું ન હોય. છતાં હમણાં ભયંકર અફવા ઊડી છે તેથી મારો સંબંધ સ્પષ્ટ રીતે જણાવી દેવાની આવશ્યકતા છે. બારડોલી સત્યાગ્રહના આરંભથી હું તેમાં પડયો જ છું એમ વાંચનાર જાણે. તેના નેતા શ્રી વલ્લભભાઈ છે, અને તેમને જ્યારે મારી જરૂર હોય ત્યારે તે મને બારડોલી લઈ જઈ શકે છે. મારી સલાહની તેમને જરૂર પડે એવું કંઈ નથી, છતાં કંઈ મોટાં પગલાં ભરતાં મારી સાથે મસલત કરે છે. પણ બધું કામ ઝીણું ને મોટું કેવળ પોતાની જવાબદારીથી કરે છે. હું સભાઓ વગેરેમાં જતો નથી એ તેમની વચ્ચે ને મારી વચ્ચેનો લડત પહેલાંનો સંકેત છે. મારું શરીર ગમે તે કામ આપવાને લાયકનું નથી રહ્યું, તેથી મને અમદાવાદમાં કે ગુજરાતમાં બીજે ક્યાંયે વિનાકારણ ન લઈ જવાની તેમની પ્રતિજ્ઞા છે, ને તેનું અક્ષરશઃ પાલન તેમણે કર્યું છે. લડતમાં જે જે પગલાં ભરાયાં છે તેમાં મારી સંપૂર્ણ સહાનુભૂતિ રહેલી છે. હાલ જે ગંભીર સ્થિતિ ઉત્પન્ન થવાનો સંભવ છે તેમાં શ્રી વલ્લભભાઈનાં પગલાંમાં મારી પૂર્ણ સહાનુભૂતિ છે, અને જો તેઓ પકડાય તો બારડોલી પહોંચવાની મારી પૂરી તૈયારી છે. તેમના બારડોલી હોવા છતાં મારે ત્યાં જવાની કે બીજો કોઈ સક્રિય ભાગ લેવાની મુદ્દલ જરૂર નથી મેં જોઈ, નથી તેમણે જોઈ. જ્યાં પરસ્પર સંપૂર્ણ વિશ્વાસ રહ્યો હોય ત્યાં બાહ્ય વિનય કે બાહ્યાડંબરને અવકાશ ન હોય.

### રેંટિયાનો પ્રભાવ

વઢવાણ રાષ્ટ્રીય કેળવણી મંડળના પ્રાણભાઈ ફૂલચંદ બારડોલીના સંગ્રામમાં આરંભથી જ દાખલ થયા છે. તે હાલ વેડછીમાં કામ કરી રહ્યા છે ત્યાંથી લખે છે :[૧]

રેંટિયાને વિશે જેમને અવિશ્વાસ છે તેઓ એમ ટીકા કરી શકે છે કે ભાઈ ફૂલચંદે જે દાવો રેંટિયાને વિશે કર્યો છે તે દાવો ગમે તેવા ઉદ્યમથી પણ નભાવી શકાય. જોકે શુભ ઉદ્યમનું શુભ ફળ આવે છે એ સાચું છે, છતાં ઉદ્યમ ઉદ્યમમાં હમેશાં કંઈક ને કંઈક ફેર હોય જ છે. કોઈ ઉદ્યમથી મનુષ્યનું શરીર કસાય, કોઈથી મન કસાય, કોઈથી શાંતિ પેદા થાય, કોઈથી મનુષ્ય ધાંધલિયો બને. સ્કૉટલૅન્ડના એક અનુભવી અધ્યાપકનો અભિપ્રાય હું પૂર્વે ટાંકી ચૂક્યો છું કે રેંટિયાનો ઉદ્યમ એવા પ્રકારનો છે કે જેથી અશાંત ચંચળ માણસ જો રેંટિયે બેસે તો તે શાંત અને સ્થિર થઈ જાય છે, ક્રોધી ક્રોધને તજે છે. વળી જે ઉદ્યમની પાછળ જેવી ભાવના રહેલી હોય તેવા ગુણ તેમાં ઉત્પન્ન કરી શકાય છે. રેંટિયાની પ્રવૃત્તિ ચલાવનાર સાધુ દંપતી હોય ને તે લોકોમાં સાધુતાની ભાવના પેદા કરાવવા રેંટિયાને નિમિત્ત બનાવે તો તેમાં તે ગુણ જોવામાં આવે છે. જે ગુણ રેંટિયા વિશે વેડછીમાં જોવામાં આવે છે તે બધેય નહીં

૧. આ પત્ર અહીં આપ્યો નથી. વેડછીમાં રેંટિયા દાખલ કર્યા બાદ જે ફાયદા જોવા મળ્યા હતા તેનું તથા ભજનમંડળીઓ દ્વારા ખાદી, દારૂબંધી ઇત્યાદિ શુભ કાર્યોના થયેલા પ્રચારનું પત્રલેખકે વર્ણન કર્યું છે.

Gandhi Heritage Portal

જોવામાં આવે. તેથી એમ કહી શકાય કે વેડછીની આસપાસ જે નિર્ભયતા, નિખાલસતા વગેરે ભાઈ ફૂલચંદ જુએ છે તેનું ખરું મૂળ રેંટિયો નહીં, પણ ભાઈ ચૂનીલાલ અને તેમનાં પત્ની છે. તેમણે પોતાના ગુણોને રેંટિયાની આસપાસ ગૂંથ્યા છે. જેટલી સહેલાઈથી તેઓ રેંટિયા વાટે આ ગુણોનો પ્રચાર કરી શક્યાં તેટલી સહેલાઈથી બીજાં સાધન વાટે ન કરી શકત, એ દાવો અવશ્ય કરી શકાય.

ભજનમંડળીનું પણ તેમ જ છે. ભજનમંડળીની મારફત પાખંડ પણ ફેલાવી શકાય છે, અને પવિત્રતાના પ્રચારનો તો આવી મંડળી સનાતન ઉપાય છે. ભજનમંડળીએ બારડોલીની લડતમાં બહુ મોટો ફાળો ભર્યો છે એમાં સંદેહ નથી. અને આ બંને પ્રવૃત્તિનું મૂળ ધર્મમાં રહેલું છે. ધર્મભાવનાની વાટે જો બારડોલીની લડત ન ચાલી હોત તો જે સફળતા આજ લગી જોવામાં આવી છે તે કદી જોવામાં ન આવત. લોકો જાણ્યેઅજાણ્યે ધર્મના ભૂખ્યા છે. તેમણે સત્યાગ્રહમાં ને સત્યાગ્રહી સેનાપતિમાં ધર્મ જોયો. તેથી તેની પાછળ ચાલ્યા ને છેવટ લગી ચાલવાનાં ચિહ્નો આપણે જોઈ રહ્યા છીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨–૭–૧૯૨૮

## ૧૦૩. વસુમતીબહેન પંડિતને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૨, ૧૯૨૮

ચિ. વસુમતી,

આજે ૧ વાગ્યે ભૂલથી ઊઠી નીકળ્યો છું. તમે શ્લોક[1] બરોબર શોધ્યો છે. તાવ કેમ કરતાં આવે? માત્ર વરસાદમાં રખડવાથીયે નથી આવતો. શરીર રોગને સારુ તૈયાર હોવું જોઈએ. ભૂલ તો જરૂર બતાવાય પણ તેમાં પ્રેમ હોય. છત્રી આવી હશે. સંયુક્ત રસોડું ખૂબ વધ્યું છે.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન
કન્યાગુરુકુળ

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૫; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. જુઓ "વસુમતીબહેન પંડિતને પત્ર", ૧૫–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૦૪. એક પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મુંબઈમાં ચાલતી હડતાળનો પ્રારંભિક અભ્યાસ કરીને હાલ જ પાછા આવેલા ગુલઝારીલાલ[૧] સાથે મારે સવિસ્તર ચર્ચા થઈ. હડતાળ કમિટીના મુખ્ય નેતાઓ સાથે એમની કૉન્ફરન્સ યોજાઈ હતી. કમનસીબે તમે તેમાં હાજર નહોતા. અહીંના મજૂર મહાજન ઉપર તમે લખેલી ચિઠ્ઠી લઈને હડતાળિયાઓના આગેવાનો અમદાવાદ આવ્યા હતા. તેઓ મને મળ્યા, અને ફંડ ઉઘરાવવામાં મારી સક્રિય મદદ માગી, તથા મહાજનને પોતાના ફંડમાંથી પણ કંઈ ફાળો આપવા મારે સલાહ આપવી જોઈએ તેમ જણાવ્યું. મેં તેમને કહ્યું કે મારાથી આ ન બની શકે, કારણ હડતાળો દયાદાનથી કે પ્રજાના ફંડફાળાથી ચાલુ રાખવામાં હું માનતો નથી. મેં એમને વધુમાં સમજાવ્યું કે મારી રીત તો હડતાળિયાઓને હડતાળ દરમિયાન પોતાને લાયક કંઈક બીજું કામ શોધી કાઢવા પ્રેરી, સ્વાશ્રયી બનાવવાની છે. હું અમદાવાદમાં સ્થાયી થયો ત્યાર બાદ પડેલી મોટી હડતાળ[૨] કેવી રીતે યોજાઈ તથા ચલાવવામાં આવી હતી તે પણ મેં એમને સમજાવ્યું. વધુમાં મેં જણાવ્યું કે મુંબઈની પરિસ્થિતિનો નથી મેં અભ્યાસ કર્યો કે નથી હડતાળિયાઓના કેસની મને કંઈ ચોક્કસ માહિતી, કે નથી તમારા સિવાય એ લડતના કોઈ નેતાને હું ઓળખતો. મેં કહ્યું કે, આ સંજોગોમાં સક્રિય મદદ તો હું ન કરી શકું, પણ તેઓ ઇચ્છે તો મિલ-મજૂરોમાં ફરી મજૂરો જે આપે તે ઉઘરાવી લે. મેં ખાતરી આપી કે મજૂરોને સીધી કે આડકતરી રીતે નાણાં ન ભરવા હું પ્રેરીશ નહીં.

પરંતુ પછી એમ ઠર્યું કે આટલેથી આ કામ છોડી ન દેવું, પણ અહીંના મહાજન પર જ સીધું લખાણ આવ્યું હોવાથી, આખા પ્રશ્નનો અભ્યાસ કરવો આવશ્યક છે. એટલા માટે જ શ્રી ગુલઝારીલાલ મુંબઈ આવ્યા. એમની સાથે ચર્ચા કર્યા પછી મજૂર મહાજને, જે કંઈ કર્યું છે તેનાથી કશું વધારે તે કરી શકે એમ મારું મન માનતું નથી. હું તમારી તરફથી દોરવણીની આશા રાખું છું. મારું દૃષ્ટિબિંદુ હવે તમે જાણ્યું, તો હવે પછી . . .[૩]

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૩૭

૧. ગુલઝારીલાલ નંદા.
૨. ૧૯૧૮માં પડેલી અમદાવાદના મિલમજૂરોની હડતાળનો ઉલ્લેખ છે. જુઓ પુસ્તક ૧૪.
૩. મૂળ લખાણ અધૂરું છે.

Gandhi Heritage Portal

## ૧૦૫. સરકારને અપીલ[1]

આ લખાણ છપાશે ત્યારે તો મુંબઈ સરકારે કદાચ બારડોલીના પ્રશ્ન અંગે છેલ્લો નિર્ણય કરી લીધો હશે. આ અપીલ હું સોમવારે પાછલા પહોરે લખી રહ્યો છું; કદાચ આ જ ઘડીએ ગવર્નર પોતાનું નિવેદન કારોબારી સમક્ષ કરી રહ્યા હશે. હું એ પણ જાણું છું કે મારી અપીલ બહેરા કાન પર અથડાશે. પરંતુ એક સત્યાગ્રહી તરીકે, ભયને તાબે થવાનું મને છાજે નહીં, ને પરિણામની પરવા કર્યા વિના, સત્ય જ આચરવું પડે. આ ચળવળ સાથે હું ગાઢ રીતે સંકળાયેલો હોવાથી, મારી કદાચ ફરજ કહેવાય કે મારે સરકારને અપીલ કરવી ને સર્વત્ર વખોડાયેલું એવું પગલું ભરતાં તેને અટકાવવી. નિષ્પક્ષપણે વિચાર કરતાં મને તો એવું લાગે છે કે કોઈ પણ રીતે સદરહુ પગલાનો બચાવ થઈ શકે એમ નથી.

એક વિશ્વાસપાત્ર લોકવાયકા મુજબ ખાનગીમાં સરકારે જેટલું આપવા કબૂલેલું તેટલું પણ સુરતના સમાધાનમાં નથી. શ્રી વલ્લભભાઈ પટેલે જે શરતો રજૂ કરી છે તેનું તેઓ સદાય મનન કરતા રહ્યા છે તથા અનેક માર્ગે સરકારને પણ જણાવતા રહ્યા છે. વલ્લભભાઈએ એવું કશું નથી માગ્યું જે માનભર્યા સમાધાનમાં જોવા ન મળતું હોય. પોતે જેને સિદ્ધાંત માન્યો, તેને ખાતર બારડોલીની તથા વાલોડની પ્રજાએ ભયંકર કષ્ટો વેઠયાં છે એટલું સ્વીકારવામાં આવે, અને ન કલ્પી શકાય એવી દિશાએથી આવી સ્વીકૃતિ મળી છે, તો એટલું તો સ્પષ્ટ છે કે વ્યક્તિગત કેસોની તપાસ કરવા કોઈ હલકી પાયરીનો મહેસૂલી અમલદાર નિમાય એટલા માટે જ લોકોએ આ બધું વેઠયું નથી. સરકારે સૂચવેલી તપાસ સમિતિ હકીકતમાં આ જ છે. વળી પોતાને મતે અન્યાયી રીતે ઝૂંટવાઈ ગયેલી કીમતી જમીન લોકો છોડી દે એવી અપેક્ષા પણ કેમ રખાય? તથા જેઓને ખોટી રીતે વેઠવું પડયું છે એવાં પોતાનાં ભાઈબહેનોને એમની મુશ્કેલીના સમયમાં એકલાં છોડી દેવાનું આ ટેકીલી પ્રજાથી કેમ બને? સરકારની દરખાસ્તનો અર્થ તો એવો થાય છે કે વધારાનું મહેસૂલ નહીં ભરવામાં જનતાએ ગુનો જ કર્યો છે, છતાં પણ જો ખેડૂતો ચળવળ બંધ કરે, અને જે વધારો ખોટી રીતે નાખવામાં આવેલો એમને લાગે છે, તે જમે કરાવી દે, તો સરકાર મહેરબાનીની રાહે વ્યક્તિગત કેસોની પુનર્વિચારણા કરશે. લોકોનો દોષ છે એવું પોતે ન માનતો હોય, ઊલટું એને તો ઊંડી ખાતરી હોય કે લોકો તદ્દન સાચા છે ને સરકાર જ પૂરેપૂરી દોષિત છે, ત્યારે કોઈ પણ સાચો નેતા આવું વલણ સ્વીકારી શકે નહીં.

પરંતુ સરકારની માફક વલ્લભભાઈ અશક્ય શરતો રજૂ કરતા નથી. પોતાની ભૂલ સરકાર કબૂલ કરે એવું એ માગતા નથી. એમના પત્રનો ભાવાર્થ એક જ વાક્યમાં કહીએ તો એ સરકાર પાસે એટલું જ માગે છે કે આ આખો પ્રશ્ન ખરાખોટાના ન્યાય માટે સરકાર પોતાની પસંદગીની કમિટીને સોંપે, ને આ કમિટીમાં લોકોનું યોગ્ય પ્રતિનિધિત્વ હોવું જોઈએ એટલી જ વાજબી શરત એ ઉમેરે છે. પોતાની આ વૈકલ્પિક દરખાસ્ત રજૂ કરતાં વલ્લભભાઈ માગે

૧. "સોમવાર", જુલાઈ ૨૩, ૧૯૨૮ને દિવસે લખાઈ; "વલ્લભભાઈ પટેલને પત્ર", ૨૪-૭-૧૯૨૮ પણ જુઓ.



Gandhi Heritage Portal

છે કે સરકાર સમજે કે આવી નિષ્પક્ષ સમિતિ નિમાય એનું સ્વાભાવિક અને તર્કસંગત પરિણામ એ જ હોઈ શકે કે લડત પહેલાંની સ્થિતિ પાછી સ્થપાય. હું કહેવાની ધૃષ્ટતા કરું છું કે આથી ઓછું એ માગે કે સ્વીકારે તો એમણે હડહડતો વિશ્વાસભંગ કર્યો ગણાય. એમની દરખાસ્તમાં એવું કશું નથી જેથી સરકારની ખુલ્લી કે પ્રચ્છન્ન માનહાનિ થાય. માનભર્યા સમાધાન માટેની એમની સમજદારી તથા એમની ઉત્સુકતા એવાં છે કે એ ઓછામાં ઓછી માગણી જ કરે. આમ કહેવાનું કારણ એ છે કે એ ધારે તો સરકારની આખી મહેસૂલી નીતિનો પ્રશ્ન ઊભો કરી છેલ્લા ચાર મહિનામાં નિર્દોષ ખેડૂતોએ વેઠેલા અસહ્ય નુકસાનનું વળતર માગી શકે છે.

સરકાર પાસે બે જ રસ્તા છે—સમસ્ત દેશના લોકમત આગળ નમી જઈ વલ્લભભાઈની શરત સ્વીકારવી, અથવા ખોટી પ્રતિષ્ઠા ટકાવી રાખવા ત્રાસનીતિનો ફરી આગ્રહપૂર્વક અમલ કરવો. જો બહુ મોડું ન હોય, તો હું મુંબઈ સરકારને વિનંતી કરું છું કે તે સત્યની રાહે ચાલે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २६–७–१९२८

## ૧૦૬. મોતીલાલ નેહરુને તાર[1]

જુલાઈ ૨૩, ૧૯૨૮

ડર છે કે, ખાસ કરીને બંગાળ ખાતર, તમારે બોજો ઉઠાવવો પડશે. સેનગુપ્તાને તાર કર્યો છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૪૧

૧. ૧૯ જુલાઈના મોતીલાલ નેહરુના પત્રના જવાબમાં. પત્રના અંતમાં લખ્યું હતું: "આ સાથે બીડેલો પત્રવ્યવહાર તથા બીજું જે કંઈ લખાણ આપને મળ્યું હોય, તે બધાને ધ્યાનમાં લઈ 'તાજ પહેરવા' બાબત તમારો નિર્ણય તારથી જણાવશો." પોતાને મળેલા બે પત્રો (એસ. એન ૧૩૬૪૬) મોતીલાલે ગાંધીજી પર મોકલી આપ્યા હતા. એમાંનો એક સુભાષચંદ્ર બોઝે ૧૯ જુલાઈએ લખ્યો હતો. પત્રમાં હતું: "કોઈ પણ કારણસર આપ કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારવાની ના પાડશો, તો આખું બંગાળ ઘોર નિરાશામાં ડૂબી જશે. આ પ્રાંતમાં આપના નામને સાર્વત્રિક આવકાર મળ્યો છે, એનાં ઘણાં કારણ છે; ખાસ કરીને સ્વરાજ પાર્ટીની નીતિ તથા કાર્ય સાથેનો આપનો ગાઢ સંબંધ." બીજો પત્ર ૧૭ જુલાઈનો હતો, અને જે. એમ. સેનગુપ્તા તરફથી હતો. એમાં લખ્યું હતું: "કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારવા આપ નારાજ છો, એવો મહાત્માજીનો તાર મને ગઈ કાલે મળ્યો. આ સમાચારથી મને આઘાત થયો... અમે સર્વાનુમતે નિર્ણય કર્યો છે કે મહાત્માજીને તાર કરી આગ્રહપૂર્વક જણાવવું કે તમારા પર દબાણ કરી નામરજી દૂર કરાવે... અમારે તો તમે જ જોઈએ.... દેશપરદેશમાં પ્રવર્તતી રાજકીય કટોકટીમાં તમારે જ આવીને અમને દોરવા જોઈએ...." "સુભાષચંદ્ર બોઝને પત્ર", ૧૮–૭–૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૧૦૭. સુભાષચંદ્ર બોઝને તાર

જુલાઈ ૨૩, ૧૯૨૮

મોતીલાલજીને તાર કર્યો છે. ખાસ કરીને બંગાળ ખાતર એમણે તાજ પહેરવો જોઈએ.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૪૫

## ૧૦૮. વલ્લભભાઈ પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જુલાઈ ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી વલ્લભભાઈ,

મને તો લાગે છે કે ગવર્નરના ભાષણનો[1] આપણે ટૂંકામાં ટૂંકો જવાબ આપવો જોઈએ. તેમાં લોકોને ભમાવવાનો ભારે પ્રયત્ન છે. તેવી વસ્તુનો લાંબો જવાબ આપીને આપણે નુકસાનમાં ઊતરીએ, એમ સમજીને ટૂંકો[2] જ જવાબ મોકલું છું. યંગ ઇન્ડિયામાં મેં ગઈ કાલે લેખ[3] લખ્યો. ભાષણ ઉપરથી તેને સુધારવાની ઇચ્છા ન થઈ, અને વિશેષ લખવાનું પણ માંડી વાળ્યું. તમે ત્યાંથી કહો એટલું જ હાલ બસ ગણી લઈએ. આવતે અઠવાડિયે તો વળી છે જ. પણ એક વિચાર આજ મનમાં ઘોળાયા કર્યો છે. આ ૧૪ દિવસ બહુ બારીકીના છે. એટલે આપણા તરફથી એવું એક પણ વચન ન નીકળે કે જેથી સમાધાની થવાની જ હોય તો તેમાં વિઘ્ન આવે. તેથી હું માનું છું કે જો ત્યાં હાલ તુરતમાં, તમારું કાંઈ કામ ન હોય તો થોડા દહાડા અહીં રહી જાઓ, અથવા તો તમને યોગ્ય લાગે અને ઇચ્છો તો હું ત્યાં પડાવ નાખું. તમને પકડ્યા વિના તો હવે ન જ ચાલે, એટલે કદાચ મારે અગાઉથી ત્યાં બેસી જવું એ આવશ્યક હોય. આ બેમાંથી એકે પગલું ભરવું એ જરૂરનું છે કે નહીં એનો નિશ્ચય બધી વસ્તુ તપાસીને તમારે જ કરવાનો છે. એમાં હું જવાબદાર નથી પણ તમે છો, કેમ કે ત્યાંની વસ્તુ-સ્થિતિ હું ન સમજું.

**બાપુ**

વલ્લભભાઈ પટેલ
સ્વરાજ્ય આશ્રમ
બારડોલી

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો–૨: સરદાર વલ્લભભાઈને, પા. ૧૩-૪

૧. જુલાઈની ૨૩ મીએ કાઉન્સિલમાં આપેલ.
૨. જુઓ "નોંધ", ૨૯–૭–૧૯૨૮ નું પેટામથાળું "શ્રી સરદાર વલ્લભભાઈનો જવાબ."
૩. જુઓ "સરકારને અપીલ", ૨૩–૭–'૨૮.

Gandhi Heritage Portal

# ૧૦૯. નોંધ

## કાંટાનો તાજ

કોઈને મહાસભાના પ્રમુખ કરવા એ તેને ગુલાબનો તાજ પહેરાવવા બરોબર હતું, પણ હવે તેમ રહ્યું નથી. તાજમાંથી પાંખડી વર્ષોવર્ષ ખરતી જ ગઈ છે, અને કાંટા વધારે વધારે દેખાતા ગયા છે. આ તાજ આ સાલ કોને પહેરાવવો? પિતાને કે પુત્રને? અનેક ઘા ઝીલી વજ્ર જેવા બનેલા યોદ્ધા મોતીલાલજીને કે પોતાની અપૂર્વ યોગ્યતાથી દેશના યુવાનોનાં મન હરણ કરી લેનાર કડક નિયમપાલક વીર સિપાહી જવાહરલાલને? શ્રી વલ્લભભાઈ પટેલનું નામ તો સૌ કોઈને મોઢે આવીને ઊભું રહે છે. પંડિતજીએ પોતે પણ એક ખાનગી કાગળમાં મને જણાવ્યું હતું કે આજના વિજયી વીર તરીકે વલ્લભભાઈને જ નીમવા જોઈએ, અને તેમ કરીને સરકારને બતાવવું જોઈએ કે તેઓ પ્રજાનો પૂરેપૂરો વિશ્વાસ ભોગવે છે. પણ વલ્લભભાઈનો આજે વિચાર જ ન કરી શકાય. એમની પાસે એટલું કામ પડેલું છે કે બારડોલી છોડીને બીજા કશાનો એમનાથી વિચાર ન થઈ શકે, અને વળી ડિસેમ્બર પહેલાં કદાચ શહેનશાહની અનેક જેલોમાંની એકાદ જેલમાં તેઓ મહેમાની પણ ભોગવતા હોય.

મને પોતાને લાગે છે કે પંડિત જવાહરલાલે આ તાજ સ્વીકારવો જોઈએ, કારણ દેશનું ભાવિ યુવકોના હાથમાં હોવું જોઈએ. પણ બંગાળને આવતે વર્ષે આવનારાં વાવાઝોડાં અને તોફાનોમાંથી મહાસભાના વહાણને સલામત કિનારે લઈ જવા માટે પંડિત મોતીલાલજી જોઈએ છે. માંહોમાંહેના ઝઘડાથી આપણે ભેદાયેલા છીએ, અને આપણી આસપાસ એવા શત્રુનો ઘેરો છે કે જેનામાં શક્તિ જેટલી જ નિર્લજ્જતા છે. બંગાળને આજે વયોવૃદ્ધ નેતાની, ખાસ કરીને ભીડને સમયે તેને હૂંફ અને હિંમત જેણે આપી છે એવા નેતાની ખાસ જરૂર છે. જો હિંદને સખ વાળીને બેસવા જેવી સ્થિતિ નથી તો બંગાળની દશા તો તેથીયે વધારે કફોડી છે. એટલે પંડિતજીને જ કાંટાનો તાજ પહેરાવવા માટે અનેક કારણો રહેલાં છે. તેઓ બહાદુર છે, ઉદાર છે, બધા પક્ષોનો એમના ઉપર વિશ્વાસ છે, મુસલમાનો એમને મિત્ર તરીકે સ્વીકારે છે, એમના વિરોધીઓનું એમના તરફ માન છે, અને ઘણી વાર પોતાના પ્રબળ વાક્ચાતુર્યથી તેઓ તેમની પાસે પોતાનો મત સ્વીકારાવે છે. આ ઉપરાંત ઊંડે ઊંડે તેમનામાં સમાધાની કરી લેવાની વૃત્તિ રહેલી છે, દેશને માનભરી રીતે સમાધાન મળી શકે તો તેની જરૂર છે, અને આજે તે કરી લેવાની વૃત્તિમાં પણ છે તે ટાણે દેશના સુયોગ્ય પ્રતિનિધિ મોતીલાલજી જ થઈ શકે એમ છે. આ બધા વિચારોને લીધે જ માથું હાથમાં લઈને ફરનારા બંગાળના દેશભક્તને[1] આવતા વર્ષને માટે મોતીલાલજી જેવા સુકાનીની જરૂર જણાય છે. એટલે દેશના અધીરા યુવાનો ઘડીક વાર ખમી જાય. ધીરજને પરિણામે તેઓ વધારે બળવાન બન્યા હશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–७–'२८

ભાષાંતર: नवजीवन, २९–७–१९२८

૧. સુભાષચંદ્ર બોઝ; જુઓ, "સુભાષચંદ્ર બોઝને તાર", ૨૩–૭–૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૧૧૦. નોંધ

## શ્રી સરદાર વલ્લભભાઈનો જવાબ

ચાલુ માસની ૨૩મીએ નામદાર ગવર્નરે કાઉન્સિલ સમક્ષ કરેલા ભાષણના જવાબમાં શ્રી વલ્લભભાઈ પટેલે છાપાજોગું નીચેનું નિવેદન કર્યું છે:[1]

મારે કબૂલ કરવું જોઈએ કે નામદાર ગવર્નરના ધમકી ભરેલા આવા ભાષણની મેં અપેક્ષા નહોતી રાખી. પણ એ ધમકીઓને બાજુએ રાખીને એ ભાષણમાં જાણ્યે કે અજાણ્યે જે ગોટાળો ઉત્પન્ન કરવાનો ઇરાદો જણાય છે તે હું દૂર કરવા માગું છું. ગવર્નરસાહેબના કહેવાનો સાર એ છે કે જો લડતનો હેતુ સવિનયભંગ હોય તો સરકાર પાસે જેટલું બળ છે તેટલા બળથી પોતે તેનો મુકાબલો કરવા ઇચ્છે છે. પરંતુ જો "પ્રશ્ન માત્ર નવી આકારણીના ન્યાયીપણા કે અન્યાયીપણાનો હોય તો" "પૂરું મહેસૂલ સરકારને ભરી દેવામાં આવે અને ચાલુ લડત બંધ થાય ત્યાર પછી આખા કેસની તેઓ પોતાના જાહેરનામામાં જેની રૂપરેખા આપી છે એવી સંપૂર્ણ ખુલ્લી અને સ્વતંત્ર તપાસ કરાવવા તૈયાર છે." હું એ દર્શાવવા ઇચ્છું છું કે લડતનો હેતુ સવિનયભંગ કરવાનો નહોતો અને નથી જ. હું જાણું છું કે સવિનયભંગના કાયદેસરપણા વિશે તથા ડહાપણ વિશે બધા પક્ષનો એક અભિપ્રાય નથી. એ બાબત મારો પોતાનો અભિપ્રાય દૃઢ છે. પરંતુ બારડોલીના લોકો સવિનયભંગ કરવાનો હક સ્થાપિત કરવાની લડત લડતા નથી. તેઓ તો સવિનયભંગની રીતે – અથવા તેઓએ સ્વીકારેલી રીતને જે નામ આપવામાં આવે તે રીતે – પોતા ઉપર થયેલો મહેસૂલનો વધારો સરકાર પાસે રદ કરાવવા, અથવા થયેલો વધારો ખોટી રીતે થયેલો સરકારને ન લાગતો હોય તો સત્ય શોધી કાઢવા માટે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ કરાવવા માટે લડે છે. એટલે પ્રશ્ન તો કેવળ નવી આકારણીના ન્યાયીપણાનો કે અન્યાયીપણાનો જ છે. અને સરકાર જો એ "પ્રશ્નની સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ" કરવા માગતી હોય તો તેઓ પોતે જ જે વસ્તુ સ્વીકારે છે તેનું તેમાંથી સ્પષ્ટ રીતે ફલિત થતું પરિણામ તેઓએ સ્વીકારવું જ જોઈએ. એટલે કે જે વધારા માટે તકરાર છે તે ભરાવી દેવાનો આગ્રહ ન રાખવો જોઈએ. અને લડત શરૂ થઈ તે પહેલાં જે સ્થિતિ હતી તે સ્થિતિમાં લોકોને મૂકવા જોઈએ. વળી "સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ"ને "પ્રગટ થયેલા જાહેરનામામાં જેની રૂપરેખા આપી છે" એવું વિશેષણ વાક્ય લગાડવામાં આવે છે તે સંબંધમાં લોકોને હું ચેતવું છું. એ વાક્ય બહુ ભયંકર છે, કારણ સુરતની યાદીમાં "સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસ"નું વચન નથી પણ તપાસની એક મશ્કરીનો જ ઉલ્લેખ છે. સુરતની યાદીમાં તો બહુ જ મર્યાદિત તપાસનો વિચાર દર્શાવેલો છે. ન્યાયખાતાના અમલદારની મદદથી રેવન્યુ અમલદાર સરવાળા-બાદબાકીની અને હકીકતની ભૂલો તપાસે એ "સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર તપાસથી" એક જુદી જ વસ્તુ છે. એટલે હું આશા રાખું છું કે ગવર્નરે પોતાના ભાષણમાં આપેલી ધમકીઓથી અસ્વસ્થ થયા વિના લોકમત મેં દર્શાવેલા માત્ર એક જ મુદ્દા ઉપર એકાગ્ર રહેશે.[2]

૧. જુઓ "વલ્લભભાઈ પટેલને પત્ર", ૨૪–૭–૧૯૨૮.

૨. આ પૅરેગ્રાફ "બારડોલીના સત્યાગ્રહનો ઇતિહાસ", પા. ૨૦૪–૫ પરથી લીધો છે.

Gandhi Heritage Portal

## વર્ધામાં અસ્પૃશ્યતાનિવારણ[1]

'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય' એ કહેવતમાં કેટલું બધું સત્ય છે, એનો પ્રત્યક્ષ દાખલો હમણાં વર્ધામાંથી મળી આવે છે. અસ્પૃશ્ય ગણાતાં અને મનાતાં ભાઈબહેનોની સ્થિતિ સુધારવાનો રૂડો પ્રયત્ન શ્રી જમનાલાલજી અતિશય ધીરજ અને ચતુરાઈથી કરી રહ્યા છે. તેમની કેળવણીને સારુ જે બન્યું તે કર્યું છે. મ્યુનિસિપાલિટીની મારફતે તેમને મદદ પહોંચાડી છે, તેમને સામાન્ય કૂવાઓનો ઉપયોગ આપ્યો છે. પણ એક કામમાં સફળતા મળતાં તેમને ઠીક વખત આપવો પડ્યો. તેમના વડીલોએ બંધાવેલ શ્રી લક્ષ્મીનારાયણનું એક પ્રખ્યાત અને સુંદર આરસની ફરસવાળું વર્ધામાં મંદિર છે. જોકે તે મંદિર ખાનગી છે, તોપણ વર્ધાનિવાસીઓને તેનો ઉપયોગ હમેશાં મળ્યો છે. માત્ર અંત્યજ ભાઈબહેનો દર્શન કરવાને અંદર આજ લગી જઈ શક્યાં નથી. એ મંદિરના કેટલાક ગૃહસ્થો સંરક્ષકો (ટ્રસ્ટી) છે. તેમને જમનાલાલજી છેવટે સમજાવવામાં સફળ થયા કે અંત્યજ ભાઈબહેનો જ્યાં લગી દર્શનાર્થે મંદિરમાં પ્રવેશ ન કરી શકે ત્યાં લગી એ મંદિર અપૂર્ણ છે. આ માસની તા. ૧૭મીએ સંરક્ષકોએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો:

> અસ્પૃશ્ય ગણાતા લોકોને વર્ધાના શ્રી લક્ષ્મીનારાયણ દેવસ્થાનમાં અંદર આવીને દર્શન કરવા દેવાનો પ્રશ્ન આ સમિતિની સામે ઘણા દિવસોથી છે અને ઘણી વાર તેની સામે મૂકવામાં આવ્યો હતો, પણ આજ લગી તેનો નિકાલ નથી થઈ શક્યો અને દેશની મોટામાં મોટી રાષ્ટ્રીય સંસ્થા એટલે રાષ્ટ્રીય મહાસભા હિંદુ જાતિમાંથી અસ્પૃશ્યતા દૂર કરવાનો આગ્રહપૂર્વક આદેશ કરી રહી છે અને હિંદુ મહાસભા પણ અસ્પૃશ્યોને દેવમંદિરોમાં દર્શનાર્થે પ્રવેશ કરવા દેવું આવશ્યક અને ન્યાય્ય સમજે છે, અને ભારતના સર્વમાન્ય નેતાઓના અભિપ્રાય પણ ઉપર પ્રમાણે જ છે — તેથી ઉપલી વાતોનો સારી પેઠે વિચાર કરીને અને ભવિષ્યમાં દેશની ધાર્મિક, સામાજિક વગેરે વાતોનો વિચાર કરીને સમિતિ નિશ્ચય કરે છે કે વર્ધાનું શ્રી લક્ષ્મીનારાયણ દેવસ્થાન અસ્પૃશ્ય લોકોને સારુ ખુલ્લું મૂકવામાં આવે. આ ઠરાવનો અમલ મંદિરના વ્યવસ્થાપક શ્રી જમનાલાલજી બજાજ ઉચિત સમજે તેમ કરે.

તા. ૧૯મીએ એટલે ઠરાવની તારીખ પછી બે દિવસે નીચે પ્રમાણે છાપેલી સૂચના હિંદીમાં અને મરાઠીમાં લોકોમાં વહેંચવામાં આવી: "શ્રી લક્ષ્મીનારાયણ દેવસ્થાન, વર્ધા તા. ૧૯–૭–'૨૮ ગુરુવારથી હિંદુમાત્ર, સ્પૃશ્ય કે અસ્પૃશ્યને સારુ ખુલ્લું મૂકવામાં આવ્યું છે." શ્રી જમનાલાલજી મને એક પત્રમાં લખે છે કે "આ કાર્યથી આ બાબતમાં લોકોમાં ભારે જાગૃતિ આવી રહી છે. આ પગલાંમાં વિરોધ થવાનો જેટલો ડર હતો તેના પ્રમાણમાં ઘણો ઓછો વિરોધ થયો છે. આજ સવારથી અગિયાર વાગ્યા સુધીમાં કશો વિશેષ પ્રયત્ન નથી કર્યો, છતાં કંઈ નહીં તો હજારબારસો સ્ત્રી, પુરુષ, બાળક, સ્પૃશ્ય અસ્પૃશ્ય, સાથે મળીને દેવદર્શન કરી ગયાં છે. આમાં ૫૦૦ જેટલાં તો અસ્પૃશ્યો હતાં. મને તો અતિઆનંદ થયો છે. અસ્પૃશ્ય ભાઈઓની આંખમાંથી દર્શન કરતાં કરતાં આનંદાશ્રુ વહી રહ્યાં હતાં."

મારી સમજ પ્રમાણે તો આવું પ્રખ્યાત મંદિર અંત્યજ ભાઈબહેનોને સારુ ખુલ્લું મુકાયાનો આ પ્રથમ દાખલો છે. આ પવિત્ર કાર્ય કરવાને સારુ સંરક્ષકોને હું ધન્યવાદ આપું છું. ભલે આ કાર્ય આજે તેમણે ડરતાં ડરતાં કર્યું હોય, પણ તેમણે આ કાર્ય કરીને હિંદુ ધર્મની અને હિંદુ જાતિની ભારે સેવા કરી છે અને એક ઋણ અદા કર્યું છે. વર્ધા નાનકડું ગામડું નથી.

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૯–૭–૧૯૨૮ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

ઉદ્યોગોનું એક જાણીતું મથક છે. ત્યાં સ્વતંત્ર સ્વભાવના ઘણા ધનિક લોકો વસે છે. એવા સ્થળમાં અંત્યજ ભાઈઓ નિર્વિઘ્ને પ્રવેશ કરી શકયા છે એ સૂચવે છે કે અસ્પૃશ્યતાની જડ સારી પેઠે હાલી ગઈ છે. અને વર્ધામાં થયો છે એવો પ્રયત્ન બધી જગાએ થાય તો થોડા જ સમયમાં અસ્પૃશ્યતા જડમૂળથી નાબૂદ થઈ જાય. બીજાં હિંદુ મંદિરોના સંરક્ષકો વર્ધા મંદિરના સંરક્ષકોના આ પવિત્ર કામનું અનુકરણ કરો એવી હું આશા રાખું છું.

## બિહારમાં પડદો

એક બિહારી મિત્રના પત્રમાં લખ્યા મુજબ, તા. ૮મીએ બિહારનાં અગત્યનાં કેન્દ્રોમાં યોજાયેલા પડદાની પ્રથા સામેના દેખાવો, પ્રયોજકોની અપેક્ષા કરતાં પણ વધારે સફળ નીવડયા હતા. પટણાની સભાનો સર્ચલાઇટમાં આવેલો હેવાલ આ રીતે શરૂ થાય છે:

> ગયા રવિવારે, એટલે ૮મી જુલાઈએ પટણાની રાધિકા સિંહા ઈન્સ્ટિટયૂટમાં મળેલી સ્ત્રીપુરુષોની સંયુક્ત સભામાં એક અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. સભા સમયે જ સદ્‌ભાગ્યે બંધ પડી ગયેલા એવા ભારે વરસાદ છતાં, અસાધારણ જંગી સભા થઈ હતી. વસ્તુતઃ રાધિકા સિંહા ઈન્સ્ટિટયૂટના આલીશાન હૉલનો અર્ધાથી પણ મોટો ભાગ સ્ત્રીઓથી જ ભરાઈ ગયો હતો. અને એ સ્ત્રીઓમાંથી પોણા ભાગની સ્ત્રીઓ એવી હતી જે ગઈ કાલ સુધી, અરે ગયા છેલ્લા કલાક સુધી, પડદો પાળતી હતી!

આ સભાએ બહાલી આપેલા ઠરાવનું ભાષાંતર નીચે મુજબ છે:

> અત્રે એકત્ર થયેલાં અમે પટણાનાં સ્ત્રીપુરુષો આથી જાહેર કરીએ છીએ કે આખા દેશને, ખાસ કરીને સ્ત્રીઓને, અપાર નુકસાન કરતી પડદાની દુષ્ટ પ્રથા અમે આજથી રદ કરીએ છીએ, અને પ્રાંતની જે સ્ત્રીઓ હજી ઢચુપચુ છે તેમને વિનંતી કરીએ છીએ કે વહેલામાં વહેલી તકે પડદો ફગાવી દઈ તેઓ પોતાનું આરોગ્ય તથા શિક્ષણ આગળ ધપાવે.

બિહાર પ્રાંતમાં સ્ત્રીકેળવણીના ફેલાવા માટે તથા પડદાના રિવાજ સામે ઉગ્ર પ્રચાર કરવા એક કામચલાઉ સમિતિ સભામાં નિમાઈ હતી. ત્રીજા ઠરાવથી પ્રાંતના પ્રત્યેક નગર તથા ગામમાં મહિલા સમિતિઓ રચવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. વળી એક ચોથા ઠરાવથી સ્ત્રીઓ 'સારી ગૃહિણીઓ' 'લાયક માતાઓ' તથા દેશને 'ઉપયોગી સેવિકાઓ' બને એવું શિક્ષણ જ્યાં અમુક દિવસ રહી મેળવી શકે, તેવા મહિલા આશ્રમો શરૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. સભા વખતે જ પાંચ હજાર કરતાં પણ વધારે રૂપિયાનાં વચન અપાઈ ચૂકયાં હતાં, અને દાતાઓની યાદીમાં હું એવી ઘણી બહેનોનાં નામ જોઉં છું જેમણે ૨૫થી ૨૫૦ સુધીની રકમ આપી હોય. બિહારમાં બીજાં સ્થળોએ થયેલી આવી સભાઓના હેવાલ પણ આ પત્રે છાપ્યા છે. આ ઊપડેલી ઝુંબેશનું સારી રીતે સંચાલન કરવામાં આવે અને તેને ઉત્સાહથી ચાલુ રાખવામાં આવે તો પડદાની પ્રથા એ ભૂતકાળની વાત બની જાય. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ ચળવળ કંઈ અંગ્રેજિયતની ચળવળ નથી. જે નેતાઓ પોતે સ્વભાવે રૂઢિચુસ્ત હોવા છતાં હિંદુ સમાજમાં પેઠેલી બદીઓથી વાકેફ છે, એવાઓએ શરૂ કરેલી આ જુનવાણી ચળવળ અહીંની ધરતીની જ પેદાશ છે. બાબુ બ્રજકિશોરપ્રસાદ, તથા દૂર લંડનમાં રહ્યા રહ્યા આ ચળવળમાં ઊંડો રસ લેનાર તથા ટેકો આપનાર બાબુ રાજેન્દ્રપ્રસાદ કંઈ પશ્ચિમને રંગે રંગાઈ ગયેલા દેશીઓ નથી. તેઓ તો હિંદુ સંસ્કૃતિના તથા હિંદુ પરંપરાના પૂજક એવા સનાતની હિંદુઓ છે. તેઓ પશ્ચિમનું અંધ અનુકરણ કરનાર નથી, અને છતાં જે કંઈ સારું હોય તે અપનાવી લેતાં ખચકાતા પણ

Gandhi Heritage Portal

નથી. આથી, જેમના મનમાં ડર કે વસવસો છે તેમણે એવો ભય સેવવાની જરૂર નથી કે આ આંદોલન કોઈ પણ પ્રકારે હિંદુ સંસ્કૃતિમાં જે કંઈ વધુમાં વધુ મૂલ્યવાન છે તે બધાનું — ખાસ કરીને ભારતીય સ્ત્રીની વિશેષતારૂપ નારીસુલભ શીલ અને સૌંદર્યનું — નિકંદન કાઢી નાખશે.

**આશ્રમનું બંધારણ તથા નિયમો**

સત્યાગ્રહ આશ્રમના બંધારણ તથા નિયમોના મુસદ્દાના પ્રકાશન બાદ એની નકલોની માંગ સતત રહ્યા કરી છે. એ મોકલવાનું ટપાલખર્ચ એકલું પણ ઠીક ઠીક આવે છે. જેમને બંધારણની નકલ જોઈતી હોય તેમણે કૃપા કરીને ટપાલ તથા રવાનગી ખર્ચ પેટે એક આનાની ટિકિટ બીડવી.

**ભૂલસુધાર**

સાન્તાક્રૂઝ તથા વિલેપારલેથી બારડોલી ફાળા માટે ચેકો લાવનાર શ્રી ગોકુળભાઈ પટેલ આ ચેકોની પહોંચ સ્વીકારતાં यंग इन्डिया માં થયેલી એક ભૂલ તરફ મારું ધ્યાન ખેંચે છે. 'વિલે પારલે'ના મથાળા નીચે જે નામ છપાવાં જોઈતાં હતાં તે 'સાન્તાક્રૂઝ'ના મથાળા નીચે છપાયાં છે. ભૂલ બદલ હું દિલગીર છું. વધુ પડતા કામના બોજા નીચે ચગદાયેલા કર્મચારીઓ ગમે તેટલી ચોકસાઈ રાખે તોપણ ભૂલો તો થવાની જ. ભૂલો ઇરાદાપૂર્વકની કે બદતર ન હોય ત્યારે ઉદાર વાચકે ક્ષમા કરવી ઘટે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૨૬-૭-૧૯૨૮

## ૧૧૧. અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટને પત્ર

આશ્રમ, સાબરમતી,
જુલાઈ ૨૬, ૧૯૨૮

શ્રીમાન,

આપનો ૨૪મીનો પત્ર મળ્યો. લાંબો પત્રવ્યવહાર ચલાવવાની મારી ઇચ્છા નથી. મારા ૨૧મીના પત્રમાં[1] વ્યક્ત કરેલી માન્યતામાં ફેરફાર કરવાનું કોઈ કારણ આપના આ પત્રમાંથી મળતું નથી. આપે જોયેલી વ્યક્તિઓ આશ્રમવાસીઓ નહોતી એમ આપે માન્યું હોય, તો પછી આ લોકો કોણ હતા તેની તપાસ કરી તેમને ચેતવવાનું આશ્રમને માથે કેવી રીતે નખાય તે હું સમજતો નથી. હું એ પણ નથી સમજી શકતો કે ગેરકાયદેસર પ્રવેશ કરનાર સાથે, જેની જગ્યામાં એવી રીતે પ્રવેશ કરવામાં આવ્યો છે તે વિનયથી વર્તે એટલે એનો પ્રવેશ અંગેનો ગુનો ગુનો મટી જાય છે. અમે લોકો ચોરલૂંટારા સાથે પણ વિનયથી વર્તીએ છીએ એ જાણીને આપને રસ પડશે.

આપના જ પત્રો મારી સમક્ષ પડ્યા હોઈ શ્રી કોઠારી કે શ્રી કાલેલકરને પૂછી આપના અમલદારોની સભ્યતા બાબત નિર્ણય કરવાની મને જરૂર નથી લાગતી, તો ક્ષમા કરશો.

આપનો
વિશ્વાસુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૮૬

૧. જુઓ "અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટને પત્ર", ૨૧-૭-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૧૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
[જુલાઈ ૨૭, ૧૯૨૮ પહેલાં][1]

પ્રિય બહેન,

તમારો પત્ર મળી ગયો છે. ચિ. નિખિલની કંઈ પણ ચિંતા કરશો નહીં. એના આ દેહથી કામ લેવાની ઈશ્વરની મરજી ન હોય, તો ભલે એ લઈ જાય. પુત્રપ્રેમ, પતિપ્રેમ, મિત્રપ્રેમ ઇત્યાદિનો એક જ અર્થ છે. તે આ છે: બધા પ્રેમનું પરિવર્તન કરી આપણે કેવળ ઈશ્વર-પ્રેમ જ રાખીએ. કારણ કે બધી નદીઓ જેમ જઈને સમુદ્રને મળે છે, તેમ આપણે બધાએ પણ ઈશ્વરમાં લીન થવાનું છે. સાચું પૂછો તો ગંગા પણ ક્યાં છે? ને જમના પણ ક્યાં છે? એમ જ બધાં મનુષ્યનું સમજવું. બધા છોકરાઓને તમે અનિલ અને નિખિલ સમજો કે તમારું બધું દુ:ખ દૂર. જે સ્વાર્થી છે, એને એક, બે, કે ત્રણ ગણ્યાગાંઠ્યા દીકરા હોય છે; પણ જે નિ:સ્વાર્થી છે એને તો અસંખ્ય દીકરાઓ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી: જી. એન. ૧૬૫૨

## ૧૧૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જુલાઈ ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ ચાર્લી,

તમારા તારના જવાબમાં મેં મૂકેલા તારની નકલ અત્રે ઉતારેલ છે. અત્યારે મને વધારે ફુરસદ નથી. પોતાની સગર્ભા પત્નીને એને પિયર મૂકવા માટે સુબૈયા મદ્રાસ ગયો છે; અને મહાદેવ હજી પથારીવશ છે; જોકે બીજી બધી રીતે એને તદ્દન સારું છે.

આત્મકથાની પાંચ નકલો તમને મોકલું છું.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: જી. એન. ૨૬૨૮

૧. જુઓ "હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર", ૨૭-૭-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૧૪. જી. વી. સુબ્બારાવને પત્ર

જુલાઈ ૨૭, ૧૯૨૮

ભાઈશ્રી,

અલબત્ત, મારું મન હું ખુલ્લું જ રાખીશ. હું જ્યારે પણ ત્યાં આવું ત્યારે તમે મને મળજો. જેમના અનેક સદ્ગુણોથી હું અજાણ નહોતો એવા આપણા સદ્ગત મિત્ર[1] બાબત હું ખોટો હતો એવું હું જાણીશ તો મારે માટે એ વધારેમાં વધારે ખુશીની વાત હશે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

શ્રી જી. વી. સુબ્બારાવ

ઈન્ડિયન બૅન્ક, બેઝવાડા, દક્ષિણ ભારત

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૩૬૨૬

## ૧૧૫. વસુમતીબહેન પંડિતને પત્ર

[જુલાઈ ૨૭, ૧૯૨૮][2]

ચિ. વસુમતી,

કાલે ચિંતિત થયો તેથી તાર કર્યો. આજે જવાબ મળી ગયો છે. એથી નિરાંત થઈ છે. તાવ લાંબો ચાલ્યો. વીરતાથી રહેજો, ગભરાવાનું નથી. પ્રત્યેક જગ્યાએ પોતાનું ઘર સમજી અનિવાર્ય સેવા લેવાનો પાઠ ન ભૂલવો. ખોટું અભિમાન ને ખોટી શરમ શત્રુ છે. મને કાગળ રોજ મળવા જ જોઈએ ને બધી વિગત લખવી કે લખાવવી. શરીરને સારુ નાનીબહેને લીધેલા સાત સાત અપવાસ આજે પૂરા થયા.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન

કન્યાગુરુકુળ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૪૮૬; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. "જી. વી. સુબ્બારાવને પત્ર", ૨૧-૭-૧૯૨૮ પણ જુઓ.

૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૧૧૬. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

જુલાઈ ૨૭, ૧૯૨૮

પ્રિય બહેન,

હું તમને શું લખું? નિખિલના પ્રયાણ માટે આપણે બધાં તૈયાર જ હતાં. એ પોતે તો દુ:ખમાંથી છૂટયો. એનો તો દિવ્ય જન્મ થવાનો છે. એવો જ્ઞાની અને સંયમી એ છોકરો હતો. સતીશબાબુએ પરમ શાંતિ રાખી છે એ જોઈ અમે બધાં આશ્ચર્યચકિત થઈ ગયાં છીએ. તમારા સૌ પાસેથી હું એવી જ શાંતિની આશા રાખું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી: જી. એન. ૧૬૫૯

## ૧૧૭. ગવર્નરની ડરામણી

હિંદનો સૂબાવર્ગ અનુભવથી પણ શીખવાનો ઇનકાર કરતો લાગે છે. ધમકીની અસરને લોકો તરી ગયા છે એ તેઓ ન જાણતા હોય એમ વર્તે છે. લાખોની ઉપર તો ધમકી કશી અસર નથી કરતી, એટલું જ નહીં પણ હવે એવો એક મરણિયો વર્ગ પેદા થયો છે કે જેની ઉપર ધમકી પ્રમાણેના વર્તનની પણ કશી અસર નથી થઈ શકતી. જેણે મોતનો ડર તજ્યો છે, જેણે ધનમાલનો મોહ છોડયો છે, તેને રાજદંડ શું કરી શકે? જેને સ્વમાન સહુથી વધારે વહાલું છે તેની ઉપર ધમકી શું કામ કરવાની હોય? એટલે ગવર્નરસાહેબની ધમકી અને વિન્ટરટન સાહેબનું તેનું સંપૂર્ણ અનુમોદન બારડોલીના લોકો પર કશી અસર કરી શકે તેમ નથી. ઊલટું, આ ધમકીએ લોકોને વધારે દૃઢ બનાવ્યા છે એમ સાંભળું છું.

પણ આપણે સરકારી ધમકીનું પૃથક્કરણ નથી કરવું. સરકારમાં પોતાની ધમકી ખરી પાડવાની શક્તિ છે એનું આપણને જ્ઞાન છે, તે ભૂલવા માગીએ તોયે સરકાર ભૂલવા દે તેમ નથી. ધમકી પ્રમાણે એ કરી બતાવશે એમ આપણે માનવું ને સરકારી કોપને વધાવી લેવા તૈયાર રહેવું એમાં આપણું ભૂષણ છે. 'ચેતતો નર સદા સુખી' એ કહેવતને બારડોલીનાં ભાઈબહેનો પોતાને બારણે કોતરી રાખે ને ચેતતાં રહે. લડતના આરંભથી જ વલ્લભભાઈએ લોકોને ચેતવી મૂકયા છે:

> તમારે લડવું હોય તો સંકટો સહન કરવાં પડશે. સરકાર જપ્તી લાવશે, જમીન ખાલસા કરશે, તમારો માલ પાણીને દામે વેચી નાખશે. તમને તમારી જમીન ઉપરથી કાઢી મૂકશે, તમારી ઉપર ગોળીબાર પણ કરે, તોયે તમારી પૂંઠ ન દેખાડજો, ગોળીના બાર ફૂલની જેમ છાતી ઉપર ઝીલજો.

આ વચનો જેણે યાદ રાખ્યાં હોય તેને વધારે ચેતવણીની જરૂર ન હોય.

Gandhi Heritage Portal

પણ આપણને સરકારના કોપની સાથે સંબંધ નથી. રાજાને ક્રોધ કરવાનો ઈજારો હોય છે. સરકારના ક્રોધની સામે આપણે ક્રોધ કરવો નથી, સત્યાગ્રહીને ક્રોધ કરવાનો અધિકાર નથી. ક્રોધને આપણે અક્રોધથી જીતવો છે. સરકાર ક્રોધનાં વચન બોલે તેથીયે આપણે સત્યનો માર્ગ છોડવો નથી. ક્રોધ કરે કે ન કરે, આપણી માગણી એક જ હોય. જ્વાળામુખીના રસ જેવું ધગધગતું ભાષણ સરકારે કર્યું છે. સુરતની ન સમજી શકાય એવી સરકારી નોંધ એ જોકે તેનું અંતિમ વચન ગણાય છે, છતાં સમાધાનીની વાતોના ભણકારા આપણા કાન ઉપર હજુ પડચા જ કરે છે. તેમાં સરકારનો હાથ છે કે નહીં એને વિશે પણ આપણે નિશ્ચિંત રહીએ. પણ સમાધાનીનું એક પણ દ્વાર હજુ ખુલ્લું હોય તો તે વાટે પ્રવેશ કરવા આપણે તત્પર રહીએ. મરણિયા વિવેક છોડે ત્યારે તેઓ મરણિયા નથી પણ વિવેકહીન મૂઢ છે. વગર જરૂરે જે પોતાના શરીરને નાખી દે છે તે ગાંડામાં કે મૂરખમાં ખપે છે, ને તેના મરણમાં વીરતા નથી ને તેથી તે નથી મરનારનો કે કોઈનો ઉપકાર કરતું.

એટલે જોકે બારડોલી-વાલોડના લોકોને વધારે માગણી કરવાનો અધિકાર છે, છતાં તેમણે તે અધિકારનો અમલ કર્યો નથી, ને હવે સરકાર માઝા મૂકી બેઠી છે એટલે તે વધારેની માગણી કરી શકતા નથી. સત્યાગ્રહીઓને જોઈએ :

૧. પોતાની ફરિયાદ સાંભળનારી ને ન્યાય આપનારી સ્વતંત્ર નિષ્પક્ષપાતી સમિતિ.

૨. અને તેવી તપાસસમિતિના ગર્ભમાં રહેલી જે શરતો હોવી જોઈએ તેનું પાલન, એટલે કે

अ. જેઓ લડતને અંગે કેદ થયા છે તેમની મુક્તિ,

ब. લડતને અંગે જે જમીનો જપ્ત થઈ છે તેની મુક્તિ,

क. જે સીધી નુકસાની લોકોને કે લોકોને નિમિત્તે જેમને થઈ હોય તેમાંથી મુક્તિ.

જે અપ્રત્યક્ષ નુકસાન લોકોના ઢોરમાલને થયું છે તેનો બદલો સત્યાગ્રહીઓને માગવાનો સંપૂર્ણ અધિકાર છે, છતાં તે તેઓ નથી માગતા. માંગે તો તે સમાધાનીનું લક્ષણ ન ગણાય. સત્યાગ્રહી હમેશાં જાનમાલ ખોવાની તૈયારીથી જ સત્યાગ્રહ આદરે છે. એટલે જે અપ્રત્યક્ષ નુકસાન દમનનીતિથી થયું હોય તેનો બદલો સત્યાગ્રહીઓ ન માંગે.

ઉપલી લોકમાગણીનો સરકાર સ્વીકાર કરે એટલે લોકોનો જૂની મહેસૂલ તરત ભરી દેવાનો ધર્મ થઈ ચૂકયો. એ મહેસૂલ ભરવાની લોકોએ સદાય તૈયારી રાખી છે એમ હું માની જ લઉં છું. જ્યારે ત્યારે પણ એ મહેસૂલ તો ભરવાનું રહેશે જ. જેની અયોગ્યતાને લીધે સત્યાગ્રહનો આરંભ થયો તે મહેસૂલ વધારો ભરી આપનારા મુંબઈના કોઈ ગૃહસ્થ નીકળી પડચા છે, અને તેનો તાર વર્તમાનપત્રોમાં છપાયેલો છે. એમણે એટલી ભેટ સરકારને કરવાનો વિચાર રાખ્યો હોય તો તેમને કોઈ અટકાવી શકે એમ નથી. એવી ભેટથી સરકારી મનનું સમાધાન થાય તો આપણને તેનો દ્વેષ ન હોય. બારડોલી તાલુકાના મુંબઈમાં વસતા ગૃહસ્થે એ પૈસા આપી પોતાનું ને પ્રજાનું નુકસાન કર્યું કે નહીં એનો ન્યાય આજે ન કરી શકાય. સરકારને નજીવી હોવી જોઈતી વધારાની રકમની આવી ભરપાઈથી સંતોષ થાય ને સમાધાન થઈ શકે તો થવા દેવાનો સત્યાગ્રહીઓનો ધર્મ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૭-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૧૧૮. નોંધ

### પોતે કરી છૂટવું

ખંભાતથી એક નવયુવક લખે છે :[1]

વિવાહ અથવા એવા પ્રસંગે અપાયેલું ભોજન હું ક્ષંતવ્ય ગણું, સીમંત પછી અપાયેલું ભોજન શરમ ઉપજાવનારું ગણું, અને મરણ પછી અપાયેલું ભોજન પાપરૂપ ગણું, પછી તે બારમાનું હો કે તેરમાનું, વૃદ્ધને વિશે હો કે જુવાનને વિશે. જમણો માત્ર મને તો નિરર્થક અને જંગલી લાગે છે. શરીરની હમેશની હાજતોને આપણે કેમ ભોગનું સાધન કરી મૂકીએ છીએ એ મારી બુદ્ધિ સમજી શકતી નથી. ભલે તેવું કંઈ મારી નબળાઈ સહન કરી લે, તોપણ આપણે રૂઢિના દાસ ન બન્યા હોઈએ તો મૃત્યુભોજન કે સીમંતભોજનમાં ન જ જઈએ. પણ આપણું પોતાનું શુદ્ધ વર્તન એ સારી વાત છે. પણ આપણે કરીએ તે પ્રમાણે માબાપ, સ્ત્રી કે મોટાં થયેલાં દીકરાદીકરી ન કરે તેનું દુ:ખ ન હોય. તેમની ઉપર બળાત્કાર ન હોય. આપણું પોતાનું વર્તન શુદ્ધ રાખવાથી તેનો ચેપ બીજાંને લાગશે એવો વિશ્વાસ રાખીએ. જૈન સાધુઓ શું કરે છે તેની મને ખબર નથી, પણ જો તેઓ સમાજના કુરિવાજો પ્રત્યે ઉદાસીન રહેતા હોય તો તે અયોગ્ય છે એ વિશે મને શંકા નથી.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૯-૭-૧૯૨૮

## ૧૧૯. બહિષ્કાર કે અસહકાર?

એક મિત્ર લખે છે :[2]

આજકાલ જ્યારે લોકોના મનમાં અશાંતિ, હિંસા અને અધૈર્ય રહ્યાં છે ત્યારે સારામાં સારી વસ્તુઓનો પણ દુરુપયોગ થાય છે. એવે સમયે બહિષ્કાર શબ્દ વાપરીએ કે અસહકાર, એ બંનેની પૂર્વે વ્યક્તિગત વિશેષણ મૂકીએ કે સામુદાયિક તેનો અનર્થ તો થશે જ, તેથી આપણે તો પ્રત્યેક વસ્તુની મર્યાદા સૂચવીએ અને અમલ કરવામાં તે મર્યાદાનું બરોબર પાલન કરીએ ને સંતોષ માનીએ. વ્યક્તિગત બહિષ્કાર કે અસહકારમાં પણ હિંસાની તો ગંધ હોવી જ ન જોઈએ. વૃદ્ધ બાળલગ્ન કરે તેનો પણ હું તિરસ્કાર નથી સૂચવતો. તે દયાપાત્ર છે. મનુષ્યને

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જાણવા માગ્યું છે કે નવજીવન વાંચીને જે યુવકોએ મરણ, સીમંત આદિ પ્રસંગોએ થતા જમણવારનો ત્યાગ કર્યો હતો, એમની પત્નીઓ તથા વડીલોને સમજાવવા ગાંધીજી કંઈ કરી શકે નહીં? એમનો બીજો પ્રશ્ન એવો હતો કે આવા જમણવાર જૈન સાધુઓ વખોડી કાઢે નહીં તો તે યોગ્ય ગણાય?

૨. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે ચિંતા બતાવી છે કે નાની વયની કન્યાને પરણનાર વૃદ્ધના આખા કુટુંબનો લોકો કદાચ બહિષ્કાર કરી દે. ખરી રીતે તો પરણનાર વ્યક્તિનો જ બહિષ્કાર વાજબી ગણાય.

Gandhi Heritage Portal

જ્યારે કામરૂપી શત્રુ ઘેરી લે છે ત્યારે અવસ્થાનું ભાન ભુલાઈ જાય છે. પવિત્રમાં પવિત્ર સંબંધો ભૂંસાઈ જાય છે. મદ્યપાનના કરતાં પણ આ કેફ ભૂંડો છે. એટલે આપણી પોતાની નબળાઈઓનો, ભૂલોનો વિચાર કરીને પણ વિષયાસક્ત વૃદ્ધ પુરુષોની આપણે દયા ખાઈએ. પણ તેની દયા ખાવી ને તેની સાથે સહકાર કરવો એ બે નોખી વસ્તુ છે. સાચી દયામાં મોહને સ્થાન નથી. સાચી દયામાં અંધ પ્રેમને સ્થાન નથી. એટલે જેણે ભૂલ કરી છે તેણે સમાજનો અપરાધ કર્યો છે, તેને તેનું ભાન કરાવવું અતિઆવશ્યક છે. અને તે જ્ઞાન બહિષ્કાર અથવા અસહકારથી જ કરાવી શકાય. આ જ્ઞાન કાં તો ગુનેગારને દંડ દઈને કરાવી શકાય અથવા સમાજે અમુક શરતોની સાથે આપેલા અધિકારો છીનવી લઈને કરાવી શકાય. અધિકાર લઈ લેવો અને દંડ દેવો એ બે વસ્તુમાં ભેદ રહેલો છે. એક મનુષ્યને તે પ્રામાણિક છે એવી સમજથી હું વાણોતર બનાવું, અને તે અપ્રામાણિક સિદ્ધ થયો એટલે તેની પાસેથી હું વાણોતરી છીનવી લઉં એ એક વાત છે, અને તેને શારીરિક દંડ દઉં કે તેનાં ઘરબાર લૂંટી લઉં અથવા રાજ્યની પાસે ફરિયાદ કરી તેને દંડ દેવરાવું એ બીજી વાત છે. અને જો હું તેને પોતાને દંડ ન દઉં કે ન દેવરાવું તો પછી તેનાં કુટુંબી અથવા સંબંધીજનોના પ્રત્યે તો એવી વર્તણૂક કેમ જ ચલાવાય? ખરું જોતાં અસહકાર અથવા બહિષ્કારમાં દંડ અથવા હિંસા દાખલ થઈ જાય છે ત્યારે તે અસરકારક પ્રચંડ શસ્ત્ર નથી રહેતાં, કેમ કે દંડ દેનાર પોતે અપરાધીના જેવો જ થઈ જાય છે; અને અપરાધી પોતે પોતાના અપરાધનું પ્રાયશ્ચિત્ત થયું માનીને પોતે કરેલા કૃત્ય વિશે વધારે દૃઢ બને છે, અને પ્રસંગ આવ્યે તેવું જ ફરી કરવા તૈયાર થઈ જાય છે. ને આવાં જ કારણથી આજ લગી દંડનીતિ અથવા હિંસાથી પાપો અથવા ગુના થતા બંધ થયા નથી, અને તેથી જ મેં મારા બધા લેખોમાં સૂચવ્યું છે કે સુધારક શુદ્ધ મર્યાદાશીલ હોવા જોઈએ અને તેમના પ્રત્યેક કાર્યમાં અહિંસા અથવા પ્રેમ હોવાં જોઈએ. મેં સૂચવેલા બહિષ્કારનો અર્થ એ થયો કે બહિષ્કૃતની આપણે કશી સેવા ન લઈએ, પોતે અગવડ ભોગવીએ અને તેને જે વિશેષ અધિકાર આપ્યા હોય તે ખેંચી લઈએ. પણ જ્યારે જ્યારે તેની સેવા કરવાના પ્રસંગ આવે ત્યારે ત્યારે તેની સેવા કરી છૂટીએ. આ પ્રમાણે બહિષ્કૃત થયેલ મનુષ્ય જ્ઞાતિભોજનમાં ન આવી શકે, તેને આપણે અધ્યાપક બનાવ્યો હોય તો તે પદ તેની પાસેથી લઈ લઈએ, તે અધ્યાપક હોય અને તેની નીચે આપણે ભણતા હોઈએ તો ન ભણીએ. તે આપણે ત્યાં ભાડૂત હોય તો તે ભાડૂત ન રહી શકે, પણ તે માંદો હોય તો આપણી સેવા લઈ શકે. તે વિનાકારણ ભૂખે પીડાતો હોય તો તેની ભૂખ મટાડીએ. આ તો માત્ર મેં દૃષ્ટાંતરૂપે ગણાવ્યું. ટૂંકામાં આપણે અમૂર્છિત સ્થિતિએ વિચારી આપણે પોતાનાં વિશે જે ન ઇચ્છીએ તે બીજા કોઈને વિશે ન ઇચ્છીએ, ન કરીએ. आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।

[મૂળ ગુજરાતી]

नवजीवन, २९-७-१९२८

# ૧૧૯(૧). ગોસેવા સંઘ[૧]

અખિલ ભારત ગોરક્ષામંડળની સાધારણ સભાના સભ્યો જેમણે પોતાનાં સૂતરનાં કે પૈસાનાં લવાજમ છેવટ લગીનાં નહોતાં ભર્યાં તેવાને પણ ટપાલ મારફતે સભાની તારીખના ખબર પહોંચાડયા છતાં, અને સામાન્ય ખબર બંને, *નવજીવન* તથા *યંગ ઇન્ડિયા*માં આપ્યા છતાં તા. ૨૫મીએ ભાગ્યે બાર જણ હાજર હતા. તેમાંથી અરધા કરતાં વધારે તો આશ્રમમાંથી જેઓ સભ્ય થયા હતા તે જ હતા. આ વસ્તુ જ *નવજીવન*માં ગોરક્ષાનાં અખિલ ભારત ગોરક્ષામંડળે સૂચવેલાં સાધન વિશેની અક્ષરજ્ઞાન ધરાવતા વર્ગની ઉદાસીનતા સિદ્ધ કરે છે. તેથી અશ્રાદ્ધાવાન નિરાશ થાય. પણ મારી શ્રાદ્ધા અખૂટ છે. ધીરજ તેટલી જ છે. એટલે સહજ પ્રાપ્ત થયેલી સેવાનું કામ મારાથી છૂટે તેમ નહોતું. તેથી આવેલા સભ્યોની પાસે *નવજીવન*માં પ્રગટ થયેલો ઠરાવ રજૂ કર્યો ને અખિલ ભારત ગોરક્ષા મંડળ મટી વીસેક માણસોનો ગોસેવા સંઘ બન્યો. મૂળ મુસદ્દામાં નવું સૂચવેલું નામ ગોરક્ષા મંડળ હતું. તેને બદલે જમનાલાલજીની તીક્ષ્ણ ને વસ્તુસ્થિતિને ઓળખનારી બુદ્ધિએ ગોસેવા સંઘ નામ સૂચવ્યું, ને તે હાજર રહેલા સભ્યોને ભાવ્યું. બુદ્ધિમાં, બળમાં, સંખ્યામાં નાનો સમુદાય ગોરક્ષાનો દાવો જ કેમ કરે? એનાથી સેવાનો નમ્ર ધર્મ પાળવાનો પ્રયત્ન જ થઈ શકે. તેથી ગોરક્ષામંડળને બદલે ગોસેવા સંઘનું નામ નાના મંડળને સારુ વધારે યોગ્ય હતું. વાંચનાર જોશે કે સત્યાગ્રહાશ્રમમાં જેઓ ગોસેવાના કાર્યમાં રસ લે છે ને તે કામમાં રોકાયા છે તેઓ જ મુખ્યત્વે આ સંઘમાં છે, ને બીજા જેમને દુગ્ધાલય, ચર્માલય વગેરે સાધનોને વિશે પૂરી શ્રાદ્ધા છે અને જેઓ તે કામમાં ખાસ રોકાયેલા છે તેવા જોડાયેલા છે. આ સંઘને સારુ બંધારણ હવે પછી થશે. મારી ઉમેદ છે કે જેઓ આજ લગી નાણાં વડે કે સૂતર કાંતવાની મજૂરી વડે મદદ કરતા આવ્યા છે, તેઓ મદદ કર્યે જશે. જેમને દુગ્ધાલય ચર્માલયને વિશે જ્ઞાન છે તેવા સજ્જનો પોતાના અનુભવની મદદ દેશે. આ સંઘમાં મોચી, ચમાર, ભરવાડ અને ગોવાળને દોરવાનો પ્રયત્ન થવો જોઈએ. તેમની મદદ મળે, તેઓ ગોસેવાશાસ્ત્ર સમજે તો અસંખ્ય ગાયો બચે, અને ભારતવાસીના જેવો જ દીન, હીન દુર્બળ થઈ ગયેલો ગોવંશ બળવાન ને તેજસ્વી થાય. આજે આપણા ગાઢ અજ્ઞાનને લીધે ગાય ભારતભૂમિ ઉપર બોજારૂપ દેખાય છે, જમીનની માલિકીને સારુ તેની ને મનુષ્યની વચ્ચે હરીફાઈ ચાલી રહી છે, અને મનુષ્યમાં જોકે પરમાર્થ સાધવાની અખૂટ શક્તિ છુપાયેલી છે છતાં તેમાં તેટલા જ પ્રમાણમાં સ્વાર્થીપણું પણ ભર્યું છે, ને સંગપ્રસંગે પાંગર્યા કરે છે. તેથી જો ગાય બોજારૂપ થવાને બદલે તેને હિંદી મનુષ્ય શુદ્ધ ગોધન નહીં બનાવી શકે તો એ રાક્ષસરૂપ ધારણ કરી ગાયને ખાઈ જશે. આ મહાપાપમાંથી બચવાનો ગોસેવાશાસ્ત્રનો અમલ એ જ એક રામબાણ ઈલાજ છે, એ વિશે કોઈ શંકા ન કરે. અને જેને આ વિશ્વાસ છે તે ગોસેવા સંઘને મદદ કરતા રહેશે એવી હું આશા રાખું છું.

સુધારાવધારા સાથે જે ઠરાવ પસાર થયો તે નીચે પ્રમાણે છે:

તા. ૧૨-૭-૧૯૨૮ના *યંગ ઇન્ડિયા* તથા *હિન્દી નવજીવન*માં અને તા. ૧૫-૭-૧૯૨૮ના *નવજીવન*માં પ્રગટ કરેલ સૂચના પ્રમાણે અખિલ ભારત ગોરક્ષામંડળની સામાન્ય સભા સત્યાગ્રહાશ્રમ

૧. તારીખ પ્રમાણે અંગ્રેજી પુસ્તકનો ૧૨૯મો લેખ અહીં આપ્યો છે.

Gandhi Heritage Portal

સાબરમતીમાં તા. ૨૫–૭–૧૯૨૮ને દિવસે બપોર પછી સાડા ત્રણ વાગ્યે મળી હતી. એ સભાએ નીચલો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો :

પોતે ધારણ કરેલા દેશસમસ્તમાં વ્યાપક સ્વરૂપના પ્રમાણમાં અખિલ ભારત ગોરક્ષામંડળ પ્રજાનું ધ્યાન તથા ભાવ પોતા પ્રત્યે ખેંચી શક્યું નથી. પોતાના ઉદ્દેશોનો ધીમો પ્રચાર અને વિશેષે કરીને મંડળના ઉદ્દેશાનુસાર સત્યાગ્રહાશ્રમમાં ચાલતાં દુગ્ધાલય-ચર્માલયને મદદ કરવા ઉપરાંત મંડળની પ્રવૃત્તિ આગળ વધી નથી. ભેટ તથા લવાજમ પણ મુખ્યત્વે કરીને ઉપર દર્શાવેલા પ્રયોગોમાં રસ લેનાર મિત્રો પાસેથી જ આવેલ છે. ગોશાળાઓ તથા પાંજરાપોળો ધારણાના પ્રમાણમાં મંડળમાં લગભગ ભળી નથી એમ કહી શકાય. એટલે મંડળના વર્તમાન સભ્યો આ મંડળનું વિસર્જન કરે છે. કોઈ પણ પ્રકારે મંડળનું અસ્તિત્વ ન રાખતાં 'ગોસેવા સંઘ' એવું નાનું નામ ધારણ કરે છે અને એ સંઘના નીચે પ્રમાણે સ્થાયી સભ્ય નીમે છે :

| | |
|---|---|
| મોહનદાસ કરમચંદ ગાંધી (પ્રમુખ) | વિનોબા ભાવે |
| રેવાશંકર જગજીવન ઝવેરી (ખજાનચી) | છગનલાલ ખુશાલચંદ ગાંધી |
| જમનાલાલજી બજાજ | છગનલાલ નથુભાઈ જોશી |
| વૈજનાથજી કેડિયા | નારણદાસ ખુશાલચંદ ગાંધી |
| મણિલાલ વલ્લભજી કોઠારી | સુરેન્દ્રનાથ |
| મહાવીરપ્રસાદ પોદ્દાર | ચીમનલાલ નરસિંહદાસ શાહ |
| શિવલાલ મૂળચંદ શાહ | પન્નાલાલ બાલાભાઈ ઝવેરી |
| પરમેશ્વરીપ્રસાદ ગુપ્ત | યશવંત મહાદેવ પારનેરકર |
| દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર | વાલજી ગોવિંદજી દેસાઈ (મંત્રી) |

આ સંઘને મંડળનું કામકાજ, વ્યવસ્થા અને નાણાં તથા માલમિલકતનો કબજો હંમેશને માટે સોંપી દે છે. પૈસા ખર્ચવામાં, ઉક્ત પ્રયોગો ચલાવવામાં, પોતાની સંખ્યા વધારવામાં, કોઈ સભ્ય નીકળી જતાં અથવા મરણ પામતાં બીજાને નીમવામાં, કોઈ સભ્યને બહુમતીથી બરતરફ કરવામાં, બીજી રીતે મંડળના ઉદ્દેશોનો અમલ કરવામાં, સંઘની વ્યવસ્થા સારુ નિયમાવલિ તથા ધારાધોરણ ઘડવામાં અને સમયાનુસાર એમાં ફેરફાર કરવામાં એ સંઘ પૂરી સત્તા ભોગવે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૨૯–૭–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૧૨૦. જેઠાલાલ જોશીને પત્ર

જુલાઈ ૨૯, ૧૯૨૮

ભાઈશ્રી ૫ જેઠાલાલ,

ફલાહાર તે ઉપવાસ નથી જ. ઉપવાસનો હેતુ શરીરશુદ્ધિ અથવા મનશુદ્ધિ હોય અથવા બંને હોય. મનશુદ્ધિમાં ઉપવાસનો હિસ્સો બહુ થોડો છે. બાકી પ્રશ્નોના જવાબ તો નિયમાવલિમાંથી[1] મળી રહે એમ છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૧૩૫૨

## ૧૨૧. વસુમતીબહેન પંડિતને પત્ર

જુલાઈ ૨૯, ૧૯૨૮

ચિ. વસુમતી,

હવે મંદવાડ બહુ લાંબો ચાલ્યો. ઉધરસ કેમ રહે છે? મને એમ રહ્યા જ કરે કે આશ્રમના ઉપચારો ને હવાથી વહેલામાં વહેલો આરામ થાય. પણ તમારે તો દૃઢતાપૂર્વક ત્યાં વળગી રહેવાનું છે. દવાઓ બહુ ન પિવાય તો સારું. આમ લખવા છતાં ત્યાં પરાણે રહો એમ પણ હું નથી ઇચ્છતો. અહીં આવવાની ઇચ્છા થઈ જાય તો લખવું. મને તબિયતના ખબર રોજ મળવા જોઈએ.

**બાપુના આશીર્વાદ**

[તા. ક.]

વિદ્યાવતીજીને કહેવું તેનો કાગળ મળ્યો છે.

ચિ. વસુમતીબહેન
કન્યા વિદ્યાલય

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: ૪૮૭; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. આશ્રમવાસીઓ માટેની નિયમાવલિ નામે પુસ્તિકા.



Gandhi Heritage Portal

## ૧૨૧(૧). જવાહરલાલ નેહરુને પત્ર[1]

જુલાઈ ૨૯, ૧૯૨૮

પ્રિય જવાહરલાલ,

આશા છે કે કમળા તથા ઇન્દુ બંને પુરબહારમાં હશે. તમારો તાર અને પત્ર મળ્યા હતા. પ્રમુખપદની બાબત હવે પતી ગઈ છે.

ભુવરજીની બાબતમાં તમારી સલાહ લેવા આ પત્ર લખી રહ્યો છું. આશ્રમ પાસેથી માસિક રૂ. ૨૦ એ માગે છે, અને આ પેટે અગાઉથી એને રૂ. ૧૦૦ જોઈએ છે. એનું કામ કેવું છે તથા એનાથી તમને સંતોષ છે કે કેમ તે મને જણાવજો. અખિલ હિંદ ચરખા સંઘ તો એને કંઈ આપશે નહીં, આપી શકે નહીં. એની જરૂરિયાત સંતોષવાની સલાહ તમે આશ્રમને આપો છો? એ કેવા પ્રકારનું કામ કરે છે?

તમારો સહૃદયી

બાપુ

[મૂળ અંગ્રેજી]

ગાંધી નેહરુ પેપર્સ, ૧૯૨૮; નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઇબ્રેરીના સૌજન્યથી

## ૧૨૨. છગનલાલ જોશીને પત્ર

જુલાઈ ૩૦, ૧૯૨૮

ભાઈશ્રી ૫ છગનલાલ જોશી,

આ દફતરમાં રાખજો. આ વિશે કંઈ કહેવું હોય તો કહેજો. છેલ્લી કલમ વિશે કારોબારી મંડળમાં વિચાર કરી લેવો ઘટે છે.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૧૮૦૪

૧. અંગ્રેજી પુસ્તકનો આ પુરવણીમાં આપેલો લેખ તારીખ પ્રમાણે અહીં લીધો છે.

Gandhi Heritage Portal

# ૧૨૩. વલ્લભભાઈ પટેલને પત્ર

જુલાઈ ૩૦, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વલ્લભભાઈ,

તમારો કાગળ મળ્યો. તમે બોલાવો ત્યારે અને તે જ દિવસે ચાલી નીકળવા તૈયાર જ છું એમ સમજજો. તમે મને શીશીમાંની ચૌદ દહાડાની રેતી ખૂટે તે પહેલાં બોલાવવાના છો? એટલે રવિવાર પહેલાં? આ બરોબર હોય તો મહાદેવને આજે મોકલવાની જરૂર નથી રહેતી. તેને સાવ સારું થઈ ગયું ન કહેવાય. સારે નરસે મારી સાથે તો આવશે જ. પણ જો તેની હાજરી તુરત માગો તો તાર કરજો. એટલે કાલે નીકળશે. ન જ નીકળાય એવી ખરાબ સ્થિતિ હવે નથી. સંભાળીને બેસતાં બેસે છે, ચાલે છે. બચે તેટલા દહાડા ટ્રેનના હડદોલાથી બચાવી લેવાની દાનત છે.

મજૂર શાળાને સારુ શું કરવું તે કાલે વિચારી લઈશ. કૃષ્ણલાલ આવી ગયા છે. બધા પૈસા પ્રાંતિક સમિતિમાં પડ્યા છે તે તો છો રહ્યા. તેને ભલે જે કરવું હોય તે કરે. મારો વિચાર એવો હતો કે આશ્રમ તેનો કબજો લઈ લે. હજી એ વિચાર બંધ નથી કર્યો પણ વખત રહ્યો હશે તો મળશું ત્યારે વિચારશું. અત્યારે તો તમારો પગ પાગડે છે એટલે ક્યારે સવાર થશો તે કોણ જાણે?

તબિયતને સુધારી મૂકજો. ઍન્ડ્રૂઝનો પાછો તાર નીચે પ્રમાણે છે:

> ટાઇમ્સ અને ગાર્ડિયન બંનેએ મારો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કર્યો છે. ગાર્ડિયને મૈત્રીભરી સંપાદકીય નોંધ આપી છે. હવે પછીની ઘટનાઓ તાર દ્વારા જણાવો.[1]

હવે વિચારું છું કે શું વધારે મોકલાય.[2]

મુનશીનો કાગળ આવ્યો છે. તેનો જવાબ આપ્યો છે; તેની નકલ મહાદેવ આની સાથે બીડશે.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૪૫૪

૧. મૂળમાં આ લખાણ અંગ્રેજીમાં છે.

૨. જુઓ આ પછીનો કેબલ.

Gandhi Heritage Portal

## ૧૨૪. સી. એફ. ઍન્ડ્રૂઝને કેબલ[1]

[જુલાઈ ૩૦ કે તે પછી, ૧૯૨૮]

પરિસ્થિતિ બગડી છે. સત્યાગ્રહીઓ ને નેતાઓનું અપમાન કરવા સરકાર કૃતનિશ્ચયી જણાય છે અને સુરત જિલ્લાના કાઉન્સિલના સભ્યો અસ્પષ્ટ શરતો સ્વીકારવાનું અધમ કાર્ય કરે એવો આગ્રહ રાખે છે સરકાર જાણે છે કે આ સભ્યોનો બારડોલીમાં કોઈ પ્રભાવ નથી. આમ લદાયેલી પરિસ્થિતિ પૂરેપૂરી ભ્રામક. સમાચાર છે કે બારડોલી સંપૂર્ણ મક્કમ. કોઈ પણ કષ્ટની તૈયારી. ગવર્નરનું આખરીનામું પૂરું થતાં વલ્લભભાઈ તથા સાથીઓની ધરપકડની છાપાંઓની આગાહી. વલ્લભભાઈનું તેડું આવતાં ગમે તે ઘડીએ બારડોલી પહોંચવા વકી.

**મોહન**

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૬૪

## ૧૨૫. વલ્લભભાઈ પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જુલાઈ ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વલ્લભભાઈ,

તમારો કાગળ મળ્યો છે. આજે તો મને બોલાવવાના તારની આશા રાખી હતી. મેં તો મારી બધી તૈયારી કરી રાખી હતી.

ભાઈ નરીમાન[2] અને હરિભાઈ[3] અહીં આવે છે. એટલે વધારે હમણાં નથી લખતો. આપણો તો રસ્તો સીધો છે. તલાટીને ન છોડીએ, જમીન ન છોડીએ. તપાસ સમિતિની તપાસ પૂરી થવી જોઈએ. તેની ઉપર અંકુશ મૂકે તે આપણને ન પાલવે. જો કે[4] ને ડેવિસ[5] તમને ઠીક લાગે તો ભલે રહે. મારે ક્યારે આવવું જોઈએ તેનો તાર કરજો.

મણિબહેન મળી ગઈ છે. બહુ લેવાઈ ગઈ છે. ઠીક મોકલી દીધી છે. હમણાં તો શહેરમાં જ રહેશે. પાંચમીએ આવવાની વાતો કરી રહી છે.

૧. એમના ૨૮ જુલાઈના તારના જવાબમાં; જુઓ આ પહેલાંનો પત્ર.

૨. સ્વ. ખુરશેદ નરીમાન. તે વખતે મુંબઈ ધારાસભાના સભ્ય. તેઓ ઘણાં વર્ષ મુંબઈ પ્રાંતિક સમિતિના પ્રમુખ હતા. મુંબઈ કૉર્પોરેશનના પ્રમુખ (મેયર) થયા હતા.

૩. સ્વ. દીવાન બહાદુર હરિલાલ દેસાઈભાઈ દેસાઈ. તે વખતે મુંબઈ સરકારની કારોબારીના સભ્ય. તેમના હાથમાં સ્થાનિક સ્વરાજ્યનું દફતર હતું.

૪. અને ૫. બંને અંગ્રેજ આઈ. સી. એસ. અમલદારો. બારડોલી તપાસ અંગે નિમાનારા અમલદારો તરીકે તેમનાં નામ બોલાતાં હતાં. પછીથી મિ. મેક્સવેલ અને મિ. બ્રૂમફીલ્ડ નિમાયેલા.

Gandhi Heritage Portal

ભાઈ નરીમાન અને હરિભાઈ મળી ગયા છે. તમને ધારાસભ્યો વચમાં રહીને જાહેર બોલાવે તો એમના આમંત્રણથી જવું એ મને ઈષ્ટ લાગે છે. શરતો તો આપણે ઘડીએ જ છે.[૧]

બાપુ

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો – ૨ : સરદાર વલ્લભભાઈને, પા. ૧૪–૫

## ૧૨૬. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧, ૧૯૨૮

ચિ. વસુમતી,

આ સવારના ત્રણ વાગ્યા પહેલાં લખાવી રહ્યો છું. માંદગીથી ગભરાટ તો નથી છૂટતો ને? પ્રફુલ્લિત ચિત્ત રાખવું. નિરાશા થઈ જાય તો અર્થસહિત

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।।[૨] ગાઈને દુઃખ ભૂલી જવું. અને પ્રસન્નચિત્ત થઈ જવું. જે દાક્તર આવે છે તેનું શું નામ છે? હાલ ખાવા શું દે છે? નાનીબહેનના અપવાસ છૂટ્યા છે એ તો જાણતાં જ હશો. કદાચ આજકાલ મારે બારડોલી જવું પડે.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન
કન્યાગુરુકુળ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૪૮૮; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. જુઓ, "સરકારની કુબુદ્ધિ", ૨૨–૭–૧૯૨૮.
૨. ભગવદ્ગીતા ૨, ૫૬.

Gandhi Heritage Portal

## ૧૨૭. હરિઇચ્છાબહેન દેસાઈને પત્ર

ઑગસ્ટ ૧, ૧૯૨૮

ચિ. હરિઇચ્છા,

તમારા કાગળ તો મને ઘણા મળ્યા પણ હું તેનો ઉત્તર નથી લખી શક્યો. ચિ. રસિકની પાસેથી ખબર તો મળે જ છે.

રસિકે નિશાળ છોડી તેમાં કંઈ નથી ખોયું. તે અહીં ભણવા કરતાં વધારે ગણશે. એટલે તેની નિશાળ છૂટવાનો શોક કરવાનું કાંઈ જ કારણ નથી.

તમે ત્યાં આશ્રમનું વાતાવરણ કાયમ રાખ્યું છે તે મને આશા હતી જ. જેટલું તમે રાખ્યું છે તેટલું જ પ્રભા ભૂલી ગઈ છે એમ સાંભળું છું. તબિયત સાચવજો. જેટલું વાચન થઈ શકે તે કરવું. રામાયણનો અભ્યાસ ચાલુ રાખવો. પીંજવાકાંતવાનું તો છે જ.

ચિ. સંતોક ને રૂખીબહેન આ અઠવાડિયાની આખરે ત્યાં આવે છે. તેને મળતાં રહેવું. મને કાગળ લખ્યા કરવા.

તમને બધી બહેનોને

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૪૯૦૭; શ્રીમતી હરિઇચ્છાબહેન કામદારના સૌજન્યથી

## ૧૨૮. નારણદાસ ગાંધીને પત્ર

ઑગસ્ટ ૧, ૧૯૨૮

ચિ. નારણદાસ,

મીરાંબહેને પાંચ તોલા પૂણી ઉત્તમ પ્રકારની બનાવી મને આપી છે. તે જેમ ને જ્યાં જમે કરવી હોય ત્યાં કરી આજના દિવસના હિસાબમાં બહેન રાજકિશોરીને[1] ખાતે ઉધારજો. એ મેં તેને આપી છે.

બાપુ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૮૦૬

૧. રાજેન્દ્રપ્રસાદની ભલામણ સાથે આશ્રમમાં તાલીમ લેવા આવેલ બિહારનાં એક બહેન.

Gandhi Heritage Portal

## ૧૨૯. ગોસેવા સંઘ[1]

## ૧૩૦. સ્વાશ્રય એટલે સ્વમાન

શિક્ષણ ફરજિયાત કરવાને માટે, અથવા શિક્ષણ મેળવવાની ઇચ્છા રાખતા દરેક બાળક કે બાળાને તે મળી શકે એટલા માટે આપણી શાળાઓ અને વિદ્યાલયોને સંપૂર્ણ નહીં તો લગભગ સ્વાશ્રયી કરવાં જોઈએ એવી સૂચના ઘણી વાર આ પત્રમાં થઈ છે. સ્વાશ્રયી એટલે દાન અથવા સરકારી મદદ અથવા વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવામાં આવતી ફીથી સ્વાશ્રયી નહીં, પણ વિદ્યાર્થીઓની પોતાની જાતમહેનતની કમાણીમાંથી સ્વાશ્રયી. વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન સાથે ઔદ્યોગિક શિક્ષણ આપવાની આવશ્યકતા દિનપ્રતિદિન સ્વીકારાતી જાય છે. તે ઉપરાંત આ દેશમાં શિક્ષણને સ્વાશ્રયી બનાવવાને માટે ઔદ્યોગિક શિક્ષણ આપવાની વધુ આવશ્યકતા રહેલી છે. પણ આ ત્યારે જ બને કે જ્યારે આપણા વિદ્યાર્થીઓ જાતમહેનતનું ગૌરવ સમજતા થાય, અને હાથ-મહેનતના કામનું અજ્ઞાન એ નામોશીરૂપ ગણવાની પ્રથા પડી જાય. દુનિયામાં અતિશય ધનિક ગણાતા એટલે જ્યાં શિક્ષણને સ્વાશ્રયી બનાવવાની કદાચ ઓછામાં ઓછી જરૂર છે એવા અમેરિકા દેશમાં વિદ્યાર્થીઓ પોતાનો ખર્ચ થોડો અથવા બધો મહેનત કરીને મેળવી લે છે એ તો સામાન્ય વાત છે. અમેરિકાના હિંદુસ્તાન ઍસોસિયેશનનું પત્ર હિન્દુસ્તાની વિદ્યાર્થીમાં આ પ્રમાણે લખ્યું છે :

> અમેરિકાના વિદ્યાર્થીઓના લગભગ ૫૦ ટકા ઉનાળાની રજા અને ચાલુ સત્રનો અમુક ભાગ મહેનત કરીને પોતાનું ખર્ચ કાઢે છે. કૅલિફૉર્નિયા યુનિવર્સિટીનું ખબરપત્ર જણાવે છે કે 'સ્વાશ્રયી વિદ્યાર્થીઓ તરફ માનની નજરથી જોવામાં આવે છે.' ચાલુ સત્રમાં સામાન્ય ઉદ્યોગથી એક વિદ્યાર્થી અઠવાડિયાના ૩૬થી ૩૮ કલાકનું વિદ્યાલયનું કામ કરવા ઉપરાંત સુખે ૧૨થી ૨૫ કલાક બહારનું કામ કરી શકે . . . નીચેના કોઈ પણ વિષયનું પ્રયોગજ્ઞાન તેને હોવું જોઈએ. સુતારકામ, માપણીનું કામ, નકશા કાઢવાનું, ઈંટો પાડવાનું, પ્લાસ્ટર કરવાનું, મોટર હાંકવાનું, ફોટો કાઢવાનું, મશીન શૉપનું, રંગવાનું, ખેતીનું, કોઈ વાજિંત્ર વગાડવાનું. ચાલુ સત્રમાં ભોજન સમયે પીરસવા વગેરેનું બે કલાકનું કામ મળે — અને તેમાંથી વિદ્યાર્થીની ખાધાખાઈ નીકળે. અર્ધસ્વાશ્રયી વિદ્યાર્થી ઉનાળાની રજામાં ૧૫૦થી ૨૦૦ ડૉલર બચાવી શકે. કન્સાસ, ન્યૂયૉર્ક યુનિવર્સિટી, પિટ્સબર્ગ, યુનિયન યુનિવર્સિટી, ઍન્ટિઓક કૉલેજ, ઔદ્યોગિક ઇજનેરીના 'સહકારી' અભ્યાસક્રમ છે, જે મુજબ વિદ્યાર્થી કોઈ કારખાનામાં કામ કરીને એક વર્ષની ફી જેટલું રળી શકે છે. અને તેટલી મહેનત તેના પ્રયોગજ્ઞાનની લાયકાતમાં પણ ગણાય.
>
> મિશિગનની યુનિવર્સિટીમાં સિવિલ અને ઇલેક્ટ્રિકલ ઇજનેરીના આવા જ 'સહકારી' અભ્યાસક્રમ કાઢવાનો વિચાર ચાલી રહ્યો છે. આવા સહકારી અભ્યાસક્રમ લેવાથી ઇજનેરી વિષયમાં સ્નાતક થવાને એક જ વર્ષ વધારે જોઈએ.

૧. તારીખ પ્રમાણે આ લેખ ૧૧૯(૧) તરીકે આપ્યો છે.

Gandhi Heritage Portal

જો અમેરિકા જેવા દેશમાં વિદ્યાર્થીઓને કેળવણીનો ખર્ચ મેળવવાનું સુગમ પડે એવી રીતે શાળા અને વિદ્યાલયના અભ્યાસક્રમ ગોઠવવામાં આવે તો તો આપણા દેશમાં તો તેની આવશ્યકતા કેટલી વધારે કહેવાય? ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીને તેમને નિરાધાર કરી મૂકવાને બદલે તેમને કામ આપીએ તે બહેતર નથી? પોતાના નિર્વાહ અથવા કેળવણીના ખર્ચને માટે હાથપગની મહેનત કરીને કમાવું એમાં નાનમ છે એવો ખોટો ખ્યાલ આપણા વિદ્યાર્થીઓના મગજમાં ભરીને આપણે તેમને કેટલી બધી હાનિ કરીએ છીએ? એ હાનિ નૈતિક અને આર્થિક બંને છે, બલકે આર્થિક કરતાં નૈતિક વધારે. ટેકીલા વિદ્યાર્થીના મન ઉપર શિષ્યવૃત્તિનો બોજો જન્મભરનો રહે છે, અને રહેવો જોઈએ. પોતાની કેળવણીને માટે ધર્મદાન ઉપર આધાર રાખવો પડયો હતો એમ પાછલા જીવનમાં કબૂલ કરવું કોને સારું લાગે છે? આથી ઊલટું, જેણે સુતારીકામ કે એવું જ કામ કરીને પોતાના મન, શરીર અને આત્માની કેળવણી મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કર્યું હશે તેને તે દિવસો યાદ કરતાં અભિમાન થયા વિના રહેવાનું છે?

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २–८–१९२८
ભાષાંતર: नवजीवन, १२–८–१९२८

# ૧૩૧. સત્યાગ્રહની મર્યાદા

સરદાર શાર્દૂલસિંહ સન્માન્ય કાર્યકર્તા છે. બારડોલીના સત્યાગ્રહીઓની સહાનુભૂતિ ખાતર બીજે સ્થળે સવિનયભંગ કરવાની મારે ભલામણ કરવી એવી સૂચનાવાળા તેમના ખુલ્લા પત્રને જવાબ દેવો ઘટે છે, ખાસ કરીને તેમ કરવાથી મારી પોતાની સ્થિતિ પણ વધારે ચોખ્ખી કરી શકું છું. જો બારડોલી સત્યાગ્રહ, સરકાર ચીતરે છે તેમ, બેકાયદાની ચળવળ હોય તો તો બીજે સ્થાને પણ સત્યાગ્રહ કરવા જેવું રૂડું અથવા સ્વાભાવિક બીજું શું હોય? અને તે સત્યાગ્રહને તો સરદારસાહેબે પોતાના પત્રમાં બતાવી છે તેવી મર્યાદાની પણ જરૂર ન રહે. પણ સરદાર-સાહેબ યોગ્ય રીતે જ જણાવે છે તેમ:

> ગુજરાતના અગ્રગણ્ય કાર્યકર્તાઓ બારડોલીના ખેડૂતોને અળગા રાખવા જ માગતા હોય એમ જણાય છે. શ્રી વલ્લભભાઈનાં ભાષણોના રિપોર્ટો અને આપના લેખોથી મારા મન ઉપર આવી છાપ પડી છે. મિત્રો ધારે છે કે આ બાબતમાં હવે સંકોચ રાખ્યા કરવો એ વ્યવહારની મર્યાદા ઓળંગવા જેવું છે.

સરદારસાહેબની છાપ સાચી છે. લડતને કેવળ સ્થાનિક મર્યાદાની અંદર અને આર્થિક સ્વરૂપની જ રાખવાની ખાતર અને તેને રાજકીય સ્વરૂપનો કશો આભાસ ન મળે એ માટે શ્રી વલ્લભભાઈએ શ્રી રાજગોપાલાચારીને અને બીજા નેતાઓને બારડોલી જવાની ચોખ્ખી ના જ પાડી હતી. માત્ર સરકારે જ્યારે એને રાજકીય સ્વરૂપ આપ્યું અને પોતાની દમનનીતિથી એ લડતને સમસ્ત ભારતની બનાવી મૂકી ત્યારે વલ્લભભાઈએ છૂટાદોર મૂક્યા, અને નેતાઓને બારડોલી આવતા અટકાવવાનું તેમનાથી ન બની શકયું — જોકે જ્યારે જ્યારે એમની સલાહ અને રજા માગવામાં આવી છે ત્યારે ત્યારે તો તેમણે સૌને એક જ જવાબ આપ્યો છે: ‘ખમી જાઓ.’

Gandhi Heritage Portal

સરદારસાહેબની સૂચના વિશે શ્રી વલ્લભભાઈ શું કહેશે એ હું જાણતો નથી, પણ હું તો કહું: 'ખમી જાઓ.' મર્યાદિત સ્વરૂપના સહાનુભૂતિના સત્યાગ્રહ માટે પણ સમય આવ્યો નથી. બારડોલીએ હજી પોતાનું પાણી બતાવવાનું છે. જો સરકાર માઝા મૂકે અને તેમ છતાં પણ છેવટની તાવણીમાંથી બારડોલી સાંગોપાંગ ઊતરે તો સત્યાગ્રહને દેશમાં ફેલાતાં અથવા આજે સત્યાગ્રહનો જે મર્યાદિત ઉદ્દેશ છે,—ફરી તપાસ, કેદીઓનો છુટકારો, જપ્ત થયેલી જમીન તેના માલિકોને સોંપવી વગેરે—તે વધી તેનું વ્યાપક સ્વરૂપ થતાં મારાથી કે વલ્લભભાઈથી નહીં જ અટકાવી શકાય. પછી તો લડતની અને તેના ઉદ્દેશની મર્યાદા દેશની બલિદાન આપવાની અને સંકટ સહન કરવાની શક્તિની મર્યાદાથી જ અંકાશે. એ વિરાટ સ્વરૂપ આવવાનું હશે તો તે કેવળ સ્વાભાવિક હશે અને તેને કોઈ પણ ભારેમાં ભારે સત્તા અટકાવી નહીં જ શકે. પણ આજે તો સત્યાગ્રહનું સ્વરૂપ અને તેના પ્રયોગ હું જેવી રીતે સમજું છું તે પ્રમાણે તો શ્રી વલ્લભભાઈનું અને મારું કર્તવ્ય એ છે કે સરકારની ગમે તેટલી છેડ છતાં સત્યાગ્રહને તેની મૂળ મર્યાદાની અંદર જ રાખવો, જોકે આજે પણ એ છેડ એટલી બધી છે કે મૂળ મર્યાદા ઓળંગવામાં કાંઈ વાંધો ન હોય.

હકીકત એ છે કે ઈશ્વરની જાગ્રત સાક્ષી અને પ્રેરણા સિવાય સત્યાગ્રહ થઈ નથી શકતો. સત્યાગ્રહનો નેતા પોતાના બળ ઉપર ન ઝૂઝતાં ઈશ્વરના બળ ઉપર જ ઝૂઝે છે. તે અંતરાત્માના અવાજ પ્રમાણે વર્તે છે. એટલે ઘણી વાર જેને જગત વ્યવહાર કહે તે તેને માયાવત્ લાગે, જોકે અંતે તો તેનું વર્તન શુદ્ધમાં શુદ્ધ વ્યવહાર થઈ પડે છે. આજ સુધી લડાયેલી બધી લડતોમાં કઠણમાં કઠણ થવાની આગાહી આપે છે એવી લડત આંખ આગળ પડી છે ત્યાં આવી વાત કરવી એ મૂર્ખાઈ ભરેલી અને તરંગી ભલે લાગે. પણ મને જે શુદ્ધમાં શુદ્ધ સત્ય લાગે છે તે પ્રગટ ન કરું તો હું દેશનો અને મારો પોતાનો દ્રોહી બનું. જો બારડોલીના લોકોમાં વલ્લભભાઈ માને છે તેટલું શૂર હશે તો, સરકાર પોતાની પાસે હોય તેટલાં બધાં શસ્ત્ર ભલે ખપાવી નાંખે તોપણ બધું કુશળ જ છે. એટલે આજે તો જે થાય તે જોવું રહ્યું. માત્ર ધારાસભાના સભ્યો અને બીજા જેઓ સમાધાન કરાવવામાં રસ લઈ રહ્યા છે તેઓ બારડોલીના લોકોને બચાવવાની આશામાં એકે નબળું પગલું ન લે. એ લોકો તો પરમ કૃપાળુ ભગવાનના હાથમાં સુરક્ષિત છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २-८-१९२८
ભાષાંતર: નવજીવન, ૫-૮-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૧૩૨. નોંધ

### પરદેશમાં પ્રચારકાર્ય[1]

દીનબંધુ ઍન્ડ્રૂઝને બારડોલીની સ્થિતિ વિશે મેં તાર કર્યો તેથી કેટલાકે એવો મત બાંધ્યો જણાય છે કે મેં મારા વિચાર બદલ્યા છે. અને પરદેશમાં પ્રચારકાર્ય વિશે મને વિશ્વાસ બંધાવા લાગ્યો છે. રખે આવી કોઈ ભ્રમણામાં પડતું. પરદેશમાં પ્રચારકાર્ય વિશેના મારા વિચાર ૧૯૨૦માં અને તે અગાઉ જેવા હતા તેવા ને તેવા જ છે. દીનબંધુ ઍન્ડ્રૂઝને મેં જે તાર કર્યો તે તેમણે કરેલા તારના જવાબમાં હતો. એમની સાથેની ગાઢ મિત્રતા છતાં બારડોલી વિશે તેમને મેં તકલીફ આપી નહોતી. પણ જ્યારે તેમણે મને તાર કરીને વખતોવખત બારડોલીની ખબર માગી ત્યારે મારાથી તેમને ના ન પાડી શકાઈ. જો આને પરદેશનું પ્રચારકાર્ય કહેવાય તો એ કાર્ય તો હું કર્યા જ કરવાનો, અને બીજાને પણ સલાહ આપું કે તેમણે ઇંગ્લંડ અને બીજા દેશોમાં પડેલા તેમના મિત્રો સાથે એવી રીતે પત્ર કે તારવ્યવહાર જરૂર કરવો. પણ જ્યારે પ્રચારકાર્યનો અર્થ એ કરવામાં આવે છે કે અહીંથી એવા પ્રચાર માટે કોઈને મોકલવા અથવા પરદેશમાં પ્રચારખાતું ખોલવું ત્યારે મારો આત્મા એની સામે ઊછળે છે, અને મને કહે છે કે એ ઠાલી ફાંફાં છે. પરદેશી પ્રજાને આપણી વાત કે લેખો ગમે તેવા સચોટ કે સાચા હોય તોપણ તે સાંભળવાની કે વાંચવાની પડી નથી. તેઓ તો આપણે કાંઈ કરી બતાવીએ એમ આશા રાખે અને તેને વિશે જાણવાની પણ ઉત્કંઠા રાખે. પ્રચારને માટે તો ક્ષેત્ર અહીં જ છે અને આજે છે. અને આપણે આપણા દેશમાં એક વાર સ્વતંત્ર થઈએ એટલે બાકીનાં વાનાં થઈ રહેશે.

### હિંદી વહાણવટું

હિંદના સુતરાઉ કાપડના રાષ્ટ્રીય ગ્રામોદ્યોગના નાશની કરુણ ગાથા એ ભારતીય વહાણવટાના વિનાશની પણ કરુણ કથની છે. હિંદના મુખ્ય ઉદ્યોગના અવશેષ પર લૅન્કેશાયરને ઊભું કરવા માટે હિંદી વહાણવટાનો નાશ બહુધા આવશ્યક હતો.

વાચકને યાદ હશે કે ૧૯૨૩માં ઇન્ડિયન મરકૅન્ટાઈલ મરીન કમિટી સ્થાપવામાં આવી હતી, એના ઉદ્દેશોમાંનો એક "સખાવત, સરકારી મદદ વગેરે દ્વારા" દેશી વહાણવટાને ઉત્તેજન આપવાના રસ્તા ખોળવાનો હતો. આ કમિટીએ ડરતાં ડરતાં અને વધુ પડતી સાવધાનીપૂર્વક કરેલી ભલામણોમાં દરિયાકાંઠાનો વેપાર દેશી વહાણવટા માટે અનામત રાખવાની જોગવાઈ કરવાનું પણ આવી જાય છે. હવે શ્રી સારાભાઈ હાજી બે ખરડા લાવી આ ભલામણોને કાયદાનું સ્વરૂપ આપવા ધારે છે. એક ખરડાનો હેતુ નુકસાનકારક ઇજારા રદ કરવાનો છે અને બીજા ખરડાનો હેતુ પાંચ વર્ષમાં દરિયાકાંઠાનો સમસ્ત વેપાર મુખ્યત્વે હિંદીઓના હાથમાં મૂકી દેવાનો છે. આ બંને ખરડા આવશ્યક છે, અને વિનાવિલંબે તથા નિર્વિઘ્ને બંને પસાર થવા જોઈએ. હું તો કટ્ટર સંરક્ષણવાદી છું. હું માનું છું કે દરેક દેશને, ખાસ કરીને હિંદ જેવા ગરીબ દેશને, પોતાનું હિત જોખમાય ત્યારે બધાં વાજબી રક્ષણાત્મક પગલાં લેવાનો અને પોતાની પાસેથી અન્યાયપૂર્વક જે છીનવાયું હોય તે આ રીતે પાછું મેળવવાનો હક છે, એમ કરવા તે ખચીત બંધાયેલ છે.

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫-૨-૧૯૨૮ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

હાલના વર્તમાન શાસનમાં કાયદા દ્વારા કશું નક્કર થઈ શકે કે કેમ એની મને શંકા છે. પરંતુ મિલો જેવા સંગઠિત ઉદ્યોગો માટે મેં જે વલણ હમેશ રાખ્યું છે તે જ વલણ આ બાબતમાં પણ લીધું છે. વિદેશી આક્રમણ સામે દેશના ઉદ્યોગોને રક્ષણ આપનારાં કે વિદેશીઓ સાથેની હરીફાઈમાંથી — વિદેશી વહાણવટા અને વિદેશી કાપડની બાબતમાં બને છે તેમ એ હરીફાઈ હડહડતી અન્યાયી હોય ત્યારે તો ખાસ — છોડવનારાં બધાં પગલાંને હું આવકારું છું અને ટેકો આપું છું. આથી કરીને શ્રી સારાભાઈ હાજીને એમના અતિ મર્યાદિત પ્રયત્નમાં હું પૂરેપૂરી સફળતા ઇચ્છું છું. એમણે માગ્યું છે તેથીયે વધારે તદ્દન વાજબી રીતે જ તેઓ માગી શક્યા હોત.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २-८-१९२८

## ૧૩૩. મીરાંબહેનને પત્ર

[ઑગસ્ટ ૨, ૧૯૨૮][1]

પ્રિય મીરાં,

તારે તારું આરોગ્ય જાળવવાનું છે, અને તે અર્થે જે કંઈ આવશ્યક હોય તે માટે કદી મન મારવાનું નથી. એટલું જ નહીં, રસોડામાં થતા ઘોંઘાટથી તું અસ્વસ્થ થઈ જતી હોય તો રસોડામાં જવાની જરૂર નથી. કોઈ પણ સંજોગોમાં ગજા બહારનું કામ ન કરવું. એમ કરવાથી પણ સત્યનો ભંગ થાય છે. હું તારાથી દૂર છું, તે બાબતની અલબત્ત તારે ચિંતા કરવાની નથી.

આ તરફના હજી કશા સમાચાર નથી. વલ્લભભાઈ કુશળ છે. પૂના જવાનો આદેશ એમને હજી સુધી મળ્યો નથી.

પ્યાર,

બાપુ

[તા. ક.]

સત્યદેવી તથા ધર્મકુમારની સંભાળ તારે રાખવાની છે.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૩૨૮ તથા જી. એન. ૮૨૧૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. આ પત્ર, ગાંધીજી ૨૭ ઑગસ્ટે બારડોલી આવ્યા તે પછી, અને બારડોલીના પ્રશ્ન પર વાટાઘાટો કરવા વલ્લભભાઈ પટેલ ૩જીએ પૂના પહોંચ્યા, તે પહેલાં લખાયેલો લાગે છે.

Gandhi Heritage Portal

## ૧૩૪. વાલજી ગો. દેસાઈને પત્ર

સ્વરાજ્ય આશ્રમ, બારડોલી,
ગુરુવાર [ઑગસ્ટ ૨][1] ૧૯૨૮

ભાઈશ્રી ૫ વાલજી,

પેલા ચોપડાવાળા ગોસેવકની માગણી બાબત પારનેરકરે[2] જે લખ્યું હતું તે મારા કાગળોમાં પડ્યું છે એમ મેં ધારેલું. પણ અહીં પડેલાં કાગળિયાંમાં તે નથી જોતો. હવે તેની તપાસ કરજો. મારી કોટડીમાં ક્યાંયે પડ્યાં હોય તો કોણ જાણે. તપાસીને જણાવજો.

ગોસેવાસંઘનું બંધારણ રચ્યું? હું આવું ત્યારે તૈયાર રાખો તો સારું.

તબિયત સંભાળતા હશો.

બાપુ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૭૩૯૫; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૧૩૫. સંતોકબહેન ગાંધીને પત્ર

ઑગસ્ટ ૨, ૧૯૨૮

ચિ. સંતોક,

તમને મેં દુ:ખ તો દીધું જ છે. પણ તે માનું કહો કે વૈદ્યનું દુ:ખ છે. મંજુલાને દુ:ખ દેતાં ડર્યાં તેથી તે પાછી માંદી પડી છે. તમને દુ:ખ દેવામાં મને આટલો સંતોષ છે કે તમારું બધાંનું હિત જ ઈચ્છ્યું છે. તમારી પાસેથી હું સો દોકડાની આશા રાખું. બંને મા દીકરી સારાં થઈ પ્રફુલ્લિત મનથી પાછાં આવજો. મને લખ્યા કરજો. કેશુની ને રાધાની ફિકર કરવાનું તમારે હોય નહીં.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૮૬૭૦; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. આ તારીખે ગાંધીજી બારડોલીમાં હતા.
૨. ચ. મ. પારનેરકર.

Gandhi Heritage Portal

## ૧૩૬. કુસુમબહેન દેસાઈને પત્ર

બારડોલી,
ઑગસ્ટ ૨, ૧૯૨૮

ચિ. કુસુમ દેસાઈ,

તને હું શું લખું? જે તન્મયતાથી આટલા દહાડા કામ કર્યું તે જ તન્મયતાથી કરજે. તબિયતને સંભાળજે. મને આખા દહાડાની ડાયરી જોઈશે. ડાહ્યાભાઈને પ્રેમથી પલાળજે. તેનામાં અસત્ય જોઈને મને અતિશય દુ:ખ થયું છે. તારા નિયમસર કાગળની રાહ હું જોવાનો છું. નિશાળમાં, રસોડામાં સુવાસ ફેલાવજે. ડાહીબહેનને ઓછું ન લાગવું જોઈએ.

અહીંને વિશે કંઈ વધારે આજે લખાય એવું નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૧૭૫૫

## ૧૩૭. ગંગાબહેન વૈદ્યને પત્ર

ઑગસ્ટ ૨, ૧૯૨૮

ચિ. ગંગાબહેન,

તમને મળવાની આશા હતી પણ ન આવી શક્યાં. તમે કામ કંઈક હળવું કરજો. સૂવાનો બંદોબસ્ત અનુકૂળ રીતે કર્યો હશે. થોડી ફુરસદ મેળવીને મને રોજ તમારી મનોદશાની નોંધ આપજો. ગજા ઉપરાંત કામ ન લેજો, ન કરજો. જે કરવું હોય તે વિશે ચિ. છગનલાલ સાથે મસલત કરજો.

રસોડામાં ખૂબ શાંતિ જાળવાવજો. અવાજો કર્યા વિના કામ કરવાની શક્તિ બહેનોએ મેળવવી જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
बापुना पत्रो – ६: गं. स्व. गंगाबहेनने, पा. १४

Gandhi Heritage Portal

## ૧૩૮. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

ઑગસ્ટ ૨, ૧૯૨૮

ભાઈ બનારસીદાસ,

તમારો પત્ર મળ્યો છે. ભાઈ ઓઝાને આપેલો જવાબ[1] યોગ્ય જ છે. મેં પહેલાં એક તાર કરી જ દીધો હોવાથી હવે બીજો કરવાની જરૂર નથી.

તમારો
**મોહનદાસ**

શ્રી બનારસીદાસ ચતુર્વેદી
વિશાળ ભારત કાર્યાલય
૯૧, અપર સર્ક્યુલર રોડ, કલકત્તા

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૫૬૩

## ૧૩૯. બારડોલીમાં ચર્ચા

ઑગસ્ટ ૨, ૧૯૨૮

હું બારડોલીમાં વલ્લભભાઈનો બોલાવ્યો જાઉં છું. ત્યાં સરદારી કરવા નથી જતો, પણ સરદારના સિપાહી તરીકે જાઉં છું. વલ્લભભાઈ ઘણી વાર મારી સલાહ લે છે ખરા, પણ તે કોઈ સરદાર સિપાહીની સલાહ લે તેવી રીતે. એમને જેલમાં જવું પડે અને મારે લડત લડવી પડે તોપણ હું સરદાર નહીં, હું તો તેમના એક સિપાહી તરીકે લડીશ.

બપોર પછી ત્રણચાર મોટાં મોટાં ગામોના ખેડૂતો કાદવપાણી ખૂંદીને ગાંધીજીને મળવા આવ્યા હતા. એક પટેલની ઓળખાણ કરાવતાં એક મિત્રે કહ્યું : "આ પટેલ તો વલ્લભભાઈને કહેવા આવ્યા છે કે અમારું માથું તમને આપ્યું છે, નાક નથી આપ્યું." ગાંધીજી હસ્યા, અને બોલ્યા :

વલ્લભભાઈને પણ નાક હશે ને! પણ તમારું નાક જાળવવામાં જ વલ્લભભાઈની અને દેશની શોભા છે.

આ પછીથી ગાંધીજી કહે :

ઠીક; પણ હજી તમારી પરીક્ષા તો આવે છે.

ખેડૂતો સાનમાં સમજી ગયા. તેમાંના એકે જવાબ આપ્યો : "તૈયાર છીએ."

કસોટીની અનેક વાતો તેમની પાસે ગાંધીજીએ મૂકી, એટલે તેઓ કહે : "સાચી વાત છે. હજી અમારી શી કસોટી થઈ? પંદરવીસ હજારનાં ભેંસડાં ગુમાવ્યાં, જમીન ગુમાવી, પણ જેને કસોટી કહીએ તેવી કસોટી હજી નથી થઈ. એ થવાની હોય તો ભલે થાય."

૧. જુઓ : "યુ. કે. ઓઝાને પત્ર", ૧૪-૭-૧૯૨૮.

Gandhi Heritage Portal

પણ ધારો કે વલ્લભભાઈને સરકાર ઉઠાવી લે તો તમે દબાઈ ન જાઓ?

"શું કરવા? અમે તો લોઢું હતા, તેને વલ્લભભાઈએ પાણી પાઈને ખરું (પોલાદ) બનાવ્યા છે. એટલે અમે એક વાત સમજીએ છીએ કે મરણ થાય પણ ટેકને વળગી રહેવું."

ગાંધીજી કહે :

"એ તો લડતની તૈયારી, પણ સમાધાન થઈ જાય તો તેને માટે પણ તૈયાર છો ના? કેમ કે સમાધાન પછી પણ ઘણું મોટું કામ કરવાનું છે, ઘણું મુશ્કેલ કામ કરવાનું રહે છે; જૂનું મહેસૂલ વલ્લભભાઈ કહે છે તેમ તુરત ભરી દેવાનું, અને મહેસૂલ વધારી શકાય એવી બિલકુલ સ્થિતિ નથી એમ સિદ્ધ કરી આપવાનું.

ગાંધીજી જે સમતાની સ્થિતિની આશા રાખતા હતા તે જ સ્થિતિ આ લોકોની હતી.

[મૂળ ગુજરાતી]
બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ, પા. ૨૧૨

# ૧૪૦. સ્પષ્ટ ચેતવણી[1]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ઑગસ્ટ ૩, ૧૯૨૮

પ્રજાએ આ પુસ્તકની ત્રીજી આવૃત્તિની માગણી કરી છે એ જાણીને આનંદ થાય છે. મને સમય હોત તો એમાં એક યા બે પ્રકરણો ઉમેરવાની મારી ઇચ્છા હતી, પણ એને માટે હું પુસ્તકની પ્રસિદ્ધિ ન રોકી શકું. એ માટે જોઈતો વખત મને મળી રહેશે એની મને ખાતરી હોત તો હું એમ કરત.

પૂછપરછ કરનારાઓના નિયમિત રીતે આવતા પત્રો પરથી મને જાણવા મળ્યું છે તે ઉપરથી હું એક સ્પષ્ટ ચેતવણી આપવા માગું છું : સંયમમાં માનનારાઓએ ખિન્ન અને નાસીપાસ થવું જોઈએ નહીં. મારા પર આવતા પત્રો પરથી માલૂમ પડે છે કે, ઘણા પત્રલેખકો સંયમ પાળવામાં તેમને મળતી નિષ્ફળતાનું જ નિરંતર મનમાં રટણ કર્યા કરે છે. બીજી બધી સારી વસ્તુઓની જેમ, સંયમપાલન માટે પણ, અખૂટ ધીરજની જરૂર છે. ખિન્ન કે નાસીપાસ થવાને બિલકુલ કારણ નથી અને મનમાં એકની એક વસ્તુ ઘોળ્યા કરવી જોઈએ નહીં. બૂરા વિચારો હાંકી કાઢવાનો ઇરાદાપૂર્વકનો પ્રયત્ન ન કરવો જોઈએ. ખુદ એ પ્રક્રિયા જ એક પ્રકારનો વિષયભોગ છે.

શ્રેષ્ઠ ઉપાય કદાચ અપ્રતિકાર, એટલે કે, બૂરા વિચારોની હસ્તીની અવગણના કરવી અને આપણી સામે જે કર્તવ્યો પડેલાં હોય તેમાં સતત મંડ્યા રહેવું એ છે. એનો અર્થ એ થયો કે, એ માટે આપણું મન, આપણો આત્મા તથા આપણું શરીર એ ત્રણેને કેન્દ્રિત કરવાની જરૂર પડે એવા કોઈક પ્રકારના સેવાકાર્યની જરૂર રહે છે. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ કહેવત

૧. આનો મુસદ્દો (એસ. એન. ૧૪૦૯૩) સાબરમતી સંગ્રહાલય અમદાવાદમાં મળે છે.

Gandhi Heritage Portal

એ વસ્તુને સૌથી વધારે લાગુ પડે છે. આપણું લક્ષ એ રીતે સતત પરોવાયેલું રહે તો બૂરા વિચારોને માટે અને વિશેષ કરીને બૂરાં કાર્યોને માટે અવકાશ જ રહેશે નહીં. એથી કરીને વૈયક્તિક તેમ જ સાર્વજનિક પ્રગતિ માટે જે અનિવાર્ય છે એવા આત્મનિગ્રહના નિયમનું પાલન કરવા ઇચ્છનાર માટે, પોતાની શારીરિક ગુંજાશ પ્રમાણે અથાક પરિશ્રમ એ સર્વથા જરૂરી છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
सेल्फ रिस्ट्रेन्ट वर्सस सेल्फ इन्डल्जन्सની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના
ભાષાંતર : संयम अने संततिनियमन, પા. ૨૫૯–૬૦

# ૧૪૧. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર[1]

ઑગસ્ટ ૩, ૧૯૨૮

પ્રિય ડૉ. બિધાન,

હા, અમેરિકન એલચીના પત્ર બાબત તમે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવાનું હું ચૂકી ગયો છું. . . . અલબત્ત, આખી વાત જ બનાવટી છે. એસ્ટેલ કૂપર કે નાઝીમોવા કોણ છે તે જ હું જાણતો નથી.

વલ્લભભાઈના બોલાવ્યાથી હું બારડોલી આવ્યો છું, ને ત્યાંથી જ આ લખી રહ્યો છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

ડૉ. બિધાન રૉય
૩૬, વૅલિંગ્ટન સ્ટ્રીટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : સી. ડબ્લ્યુ. ૨૭૮૭

૧. ૨૬ જુલાઈના એમના પત્ર (એસ. એન. ૧૩૬૫૧)ના જવાબમાં. પત્રમાં "અમેરિકન કૉન્સલ તરફથી આવેલા લખાણની નકલ બીડવામાં આવી હતી. અમેરિકન કૉન્સલ જનરલના ગાંધીજી ઉપરના પત્ર તથા ગાંધીજીના જવાબ માટે જુઓ "રૉબર્ટ ફ્રેઝરને પત્ર", ૧૦–૮–૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૧૪૨. ડી. એફ. મૅકક્લિલૅન્ડને પત્ર[1]

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્ર તથા સાથેના કાગળ માટે આભાર.[2] હું બહુ કામમાં હોવાથી જવાબ આપતાં વિલંબ થયો છે, તો ક્ષમા કરશો.

ડૉ. ગલિકનો પ્રશ્ન બહુ મુદ્દાસર છે. મારું માનવું છે કે લોકોને "ખુલ્લાં બારણાં" કરતાં ખરેખર તો વિનયી વર્તનની ભૂખ છે; માત્ર જાહેરાતની નહીં. અને આવું વિનયશીલ વર્તન કરવાની ઇચ્છા સાચા દિલની જ હોય તો કાયદામાં એવી જોગવાઈ કરવાનું કઠિન નથી કે જે દ્વારા એશિયાવાસીઓનો અમર્યાદ વધારો — જેને "એશિયાઈ આક્રમણ" કહેવામાં આવે છે — અસરકારક રીતે અટકાવી શકાય, અને સાથે સાથે કોઈ પણ હિંદીને — જેની તરફથી હરીફાઈનો ડર રાખવાની કશી જરૂર નથી — બાકાત રાખવામાં ન આવે, અથવા તો દાખલ કરતાં પહેલાં એનું અપમાન કરવામાં ન આવે કે ભેદભાવ દર્શાવવામાં ન આવે.

આમ હોઈ, વરસે દહાડે સો હિંદીઓને પ્રવેશ મળે કે તેથી ઓછાવત્તાને, એ પ્રશ્નનો જવાબ આપવાનું હું જરૂરી માનતો નથી. મુદ્દાની વાત સંખ્યા નથી, પ્રવેશ આપવાની પદ્ધતિ જ સર્વ કાંઈ છે.

તમારો સહૃદયી

ડી. એફ. મૅકક્લિલૅન્ડ એસ્ક્વાયર
ખ્રિસ્તી યુવક સંઘ મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૮૯૪

૧. જુલાઈ ૨૩, ૧૯૨૮ના એમના પત્ર (એસ. એન. ૧૩૪૮૫)ના જવાબમાં પત્રલેખકે અમેરિકામાં આવેલી ફેડરલ કાઉન્સિલ ઑફ ધ ચર્ચીઝ ઑફ ક્રાઇસ્ટના કમિશન ઑન ઇન્ટરનૅશનલ જસ્ટિસ ઍન્ડ ગુડવિલના સેક્રેટરી શ્રી સિડની એલ. ગલિક તરફથી પોતાને પુછાયેલા એક પ્રશ્ન અંગે ગાંધીજીનો અભિપ્રાય માગ્યો હતો. પ્રશ્ન આમ હતો: "પૂરી તપાસ કરી નિર્ણય આપશો કે કયો અન્યાય વધારે કઠે છે: જાતિ જાતિ વચ્ચેના ભેદભાવ બાબતનો કે . . . પ્રવેશબંધીની હકીકતનો?"

૨. આ યુનાઇટેડસ્ટેટ્સના નાગરિકોને ઉદ્દેશીને કાઢેલી છાપેલી અપીલ હતી. એમાં પરદેશીઓના વસવાટ અંગેના કાયદામાં સુધારો કરવાની માગણી હતી, જેથી એશિયાવાસીઓ સામેનો પ્રતિબંધ દૂર થાય.



Gandhi Heritage Portal

## ૧૪૩. શૌકતઅલીને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૩, ૧૯૨૮

તમે થોડા દિવસ પર દિલ્હી ગયા ત્યારે તમારી ઑફિસમાં મૂકી ગયેલા તે લાંબો ટાઈપ કરેલો કાગળ[1] મને મળ્યો હતો. તમારો કાગળ હું ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. પત્રમાંની નિખાલસતા મને ગમે છે. મોતીલાલજી વિશે તમે જેવું માનો છો તેવું હું માનતો નથી. એ ભૂલો કરતા હશે, પણ એ નિખાલસ છે અને ઈમાનદાર છે.

મારે માટે તો હું એટલું જ કહી શકું કે ૧૯૨૦–૨૧માં હું જેવો હતો તેવો જ આજે છું. હું એટલી જ આશા રાખું છું કે પ્રસંગ આવ્યે, પ્રત્યેક મુસલમાન મારો ભાઈ છે, મિત્ર છે, એવો મારો વારંવારનો દાવો સાબિત કરી બતાવવાની ઈશ્વર મને શક્તિ આપે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૮૯૫

## ૧૪૪. જયરામદાસ દોલતરામને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ જયરામદાસ,

૨જી જૂનના તમારા પત્રનો હજી સુધી જવાબ આપી શકાયો નથી, કારણ હું બહુ કામમાં હતો. વલ્લભભાઈએ મને બારડોલી બોલાવ્યો છે. એટલે જરા શ્વાસ લેવાની કે ચડેલું કામ પતાવવાની ફુરસદ મળી છે.

તમારી દલીલમાં મને ખસૂસ દોષ દેખાય છે. આપણા અંકુશમાં આવે નહીં ત્યાં સુધી આપણી મિલો દ્વારા આપણે વિદેશી કાપડની વપરાશ ઘટાડી શકવાના નથી. એનું સીધું-સાદું કારણ તો એ કે એમની પાસે પોતાનું કાપડ ખૂટશે, કે સસ્તું વિદેશી કાપડ મળશે તો પહેલાંની માફક જ એ લોકો સ્વદેશીને નામે પરદેશી કાપડ આપણે માથે મારશે. જે રસ્તો સૌથી સીધો હોય છે તે જ ટૂંકામાં ટૂંકો હોય છે. શું યુક્લિડે જ આપણને નથી શીખવ્યું કે સીધી રેખા એટલે બે બિંદુ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર? મિલમાલિકો સાથે સમાધાન કરવા મેં ખૂબ કોશિશ કરી હતી પણ તે નિષ્ફળ ગઈ, એ તમે જાણો છો.

જયરામદાસ દોલતરામ
હૈદ્રાબાદ, (સિંધ)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૯૧૦

૧. આનો ઉલ્લેખ કરતાં શૌકતઅલીએ પોતાના ૨૩ જુલાઈ ૧૯૨૮ના પત્ર (એસ. એન. ૧૩૪૮૪)માં લખ્યું હતું: મારો ટાઇપ કરેલો કાગળ મારી ઑફિસ તમારા પર મોકલી આપશે, પણ એમાં મારી સહી નહીં હોય. તમારા છેલ્લા પત્રનો જવાબ એમાંથી મળી રહેશે.

Gandhi Heritage Portal

## ૧૪૫. ચિરંજીવલાલ મિશ્રને પત્ર[1]

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

હું હજી પણ અંગ્રેજી રાજ્ય વિશે લખ્યા કરું છું, કારણ આપણા જીવનનાં બધાં ક્ષેત્રોમાં એની અસર પહોંચે છે. એ રાજ્યની નિંદા કરવાથી અંગ્રેજ લોકોના સદ્ગુણો પ્રતિ હું અંધ બનતો નથી. ભારતને કદીયે સ્વતંત્રતા મળવાની હશે તો તે બીજાં રાષ્ટ્રોની નકલ કરવાથી નહીં મળે, પણ ખાસ પોતાની જરૂર મુજબનો, પોતાનો નોખો રસ્તો શોધવાથી જ મળશે. જો ભારત વધારે ધાર્મિક હોત તો સ્વરાજ ભણી એની પ્રગતિ વધારે ઝડપથી થાત.

તમારો સહૃદયી

ચિરંજીવલાલ મિશ્રા, વકીલ
હાઈકોર્ટ, જયપુર સિટી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૯

## ૧૪૬. વિશ્વનાથસિંગને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

ફરી લગ્ન કરવાનો તમારો વિચાર હોય, તો હું નિ:સંકોચ જણાવું છું કે તમારે પેલી બાળવિધવાને જ પરણવું જોઈએ, પછી ભલેને એણે પોતાના પ્રથમ પતિ સાથે થોડો સમય ગાળ્યો હોય. જેને બાળક છે એવી વિધવાએ પુનર્લગ્ન ન કરવું જોઈએ એવા તમારા મત સાથે હું મળતો છું.

તમારો સહૃદયી

વિશ્વનાથસિંગ એસ્ક્વાયર
૧૨, હરિ સરકાર લેન, બડા બજાર, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૮

૧. જૂન ૨૯, ૧૯૨૮ના એમના પત્ર (એસ. એન. ૧૩૮૫૦)ના જવાબમાં. પત્રમાં એમણે અંગ્રેજી રાજ્યના ફિટકાર માટે ગાંધીજીની ટીકા કરી હતી. ચિરંજીવલાલે વધુમાં લખ્યું હતું : "મારો નમ્ર મત તો એવો છે કે માણસ જેમ વધારે ધાર્મિક તેમ સ્વદેશના સ્વાતંત્ર્ય યુદ્ધ માટેનો સૈનિક બનવા એ વધારે નાલાયક. ધર્મ એક બિનજરૂરી અનિષ્ટ છે, અને રાજકીય જીવનમાં અંતરાયરૂપ છે..."

Gandhi Heritage Portal

## ૧૪૭. અબદુલ કયૂમને પત્ર[1]

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

પંજાબમાં રહેતા હોય એવા કોઈ પ્રાકૃતિક ચિકિત્સકને હું ઓળખતો નથી. પણ તમારે એવા કોઈની જરૂર જ નથી. વહેલી સવારે ખુલ્લા શરીર પર લઈ શકાય એવો કોમળ તડકો પડતો હોય ત્યારે સૂર્યસ્નાન કરવું, અને સાદો અનુત્તેજક આહાર લેવો એ તમારે માટે પૂરતું છે. આ સારવારથી તમને ફાયદો ન થાય તો બીજી કોઈ રીતે સારું થવાનો સંભવ નથી.

તમારો સહૃદયી

શેખ અબદુલ કયૂમ
બટાલા

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૬

## ૧૪૮. ભૂપેન્દ્રનાથ ઘોષને પત્ર[2]

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલા આશ્રમના નિયમોમાં સુધારાવધારા સૂચવતા તમારા પત્ર માટે આભાર. આ નિયમોની પુનર્વિચારણા વખતે તમારી સૂચનાઓ કાળજીપૂર્વક વિચારીશું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૭

૧. ૪ જુલાઈ, ૧૯૨૮ના એમના પત્ર (એસ. એન. ૧૩૮૭૩)ના જવાબમાં. પોતાને થયેલી કંઠમાળનો ઇલાજ કરાવવા માટે ગાંધીજી કોઈ પ્રાકૃતિક ચિકિત્સકની ભલામણ કરે એવી વિનંતી પત્રમાં હતી.

૨. ૯ જુલાઈ, ૧૯૨૮ના તેમના પત્ર (એસ. એન. ૧૩૮૭૯)ના જવાબમાં. પત્રમાં સૂચવવામાં આવ્યું હતું કે સત્યાગ્રહ આશ્રમે નિભાવ માટે મિત્રોની મદદ પર આધાર ન રાખતાં આત્મનિર્ભર થવું જોઈએ.

Gandhi Heritage Portal

13716

ગાંધી સ્મારક સંગ્રહાલય, અમદાવાદ-૧૩

## ૧૪૯. જી. રામચંદ્રનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

પ્રિય રામચંદ્રન્,

ગયા મહિનાની ૮મીનો તમારો પત્ર મળ્યો. દર પખવાડિયે નિયમિત રીતે તમારે એક પત્ર મને લખવો જોઈએ. વલ્લભભાઈએ મને બારડોલી બોલાવ્યો છે તેથી જ હું ચડી ગયેલા કામને પહોંચી શકું છું.

દેવદાસ દિલ્હીમાં છે. સુરેન્દ્ર હવે ચામડું કેળવવામાં નિષ્ણાત થવા મથી રહ્યા છે. સંયુક્ત રસોડે જમનારની સંખ્યા હવે દોઢસોએ પહોંચી છે. બીજાઓ ઉપરાંત બા, મહાદેવ અને પ્યારેલાલ અહીં બારડોલીમાં છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૫

## ૧૫૦. ચૌધરી મુખ્તારસિંગને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર[1] મળ્યો.

તમારા પત્રમાં સત્ય છુપાયેલું હોવા છતાં, હું ધારું છું કે એમાં વિચારનો ઘણો ગોટાળો છે. કોઈ ઉપયોગી ધંધો અપનાવી જે પ્રજા સ્વાશ્રયી અને ઉદ્યમી બને નહીં તે કદી પણ વિદેશી ધૂંસરી ફગાવી દઈ શકે નહીં. આબાદી, એ શ્રમ દ્વારા સ્વાશ્રયી બનવા કરતાં તદ્દન જુદી જ વસ્તુ છે.

તમારો સહૃદયી

ચૌધરી મુખ્તારસિંગ[2]

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૪

૧. ૧૦ જુલાઈ, ૧૯૨૮નો; એમાં પૂછ્યું હતું : "માત્ર સત્તા જ નહીં, પણ આર્થિક શોષણ પણ જેની નેમ છે, એવા વિદેશીઓના હાથમાં જેનું રાજ્ય છે તેવા દેશમાં પ્રજાના આર્થિક પુનરુત્થાન માટે મહેનત કરવી તે વખત બગાડવા જેવું નથી . . . ?" (એસ. એન. ૧૩૮૮૦).

૨. મેરઠના વકીલ, વિધાનસભાના સભ્ય.

ગાંધી સ્મારક સંગ્રહાલય

Gandhi Heritage Portal

## ૧૫૧. ડી. સી. રાજગોપાલાચારીને[1] પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

તમારામાં મનોબળ હોય તો શેઠિયાઓની નારાજી વહોરીને પણ ખાદી અવશ્ય પહેરવી. આપણી ફરજ એવી રીતે વર્તવાની છે કે જેથી બીજાને નુકસાન ન થાય. ફરજ એ ઋણ છે, અને ઋણ અદા કરવા માટે આત્મસંતોષ સિવાય બીજું ઇનામ હોય નહીં.

શક્તિ અને શુદ્ધિનો અનુભવ કરવા આપણે પ્રાર્થના કરીએ છીએ.

તમારો સહૃદયી

ડી. સી. રાજગોપાલાચારી
એલ/૭૮/૩, કોલ મરચન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૯૦૩

## ૧૫૨. ગિરવરધરને પત્ર[2]

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારી પુસ્તિકા[3] માટે આભાર. એ વાંચી જવાનો વખત મને કદી મળશે કે નહીં તે હું જાણતો નથી.

૧. બિહારમાં હોય છે એવા સ્ત્રીઓ માટે ખાસ અલાયદા વાડા આ બાજુ હોતા નથી.

૨. આવો અલાયદો વાડો કે ઓરડો નથી હોતો એ ખરું, છતાં પુરુષો છૂટથી સ્ત્રીવર્ગ પાસે જઈ શકતા નથી.

---

૧. એક અંગ્રેજ પેઢીના કર્મચારી.

૨. સમસ્તીપુર (બિહાર)ના એક વકીલે પોતાના ૩૦ જૂન ૧૯૨૮ના પત્ર (એસ. એન. ૧૮૮૭૨)માં ગાંધીજીને નીચે મુજબ પ્રશ્ન પૂછ્યા હતા: “(૧) અમારા પ્રાંતની જેમ ત્યાંના દરેક હિંદુના ઘરમાં સ્ત્રીઓ માટે અલાયદા ઓરડાઓવાળા વાડા હોય છે? (૨) પુરુષોના મિત્રો તથા ઓળખીતાઓ આ સ્ત્રી વિભાગમાં છૂટથી આવજા કરી શકે છે? (૩) જાહેર સભાઓમાં સ્ત્રીઓ અલગ બેસે છે કે ગમે તેમ પુરુષોની વચમાં? (૪) ત્યાંની શિક્ષિત સ્ત્રીઓને રાંધવા જેવાં મહેનતનાં કામ માટે નફરત છે કે તેઓ જાતે જ આ બધાં કામ કરે છે? (૫) ઘરના દીવાનખાનામાં પુરુષવર્ગના મિત્રો, ઓળખીતા, અસીલો વગેરે બેઠા હોય તેમની સાથે સ્ત્રીઓ પણ બેસે, કે કામપ્રસંગે જવલ્લે જ ત્યાં આવે?” આ પાંચમા પ્રશ્નનો જવાબ ગાંધીજીએ આપ્યો લાગતો નથી.

૩. નવજીવન તથા યંગ ઇન્ડિયામાં અવલોકન માટે મોકલાયેલી ગ્રામસુધાર નામની હિંદી પુસ્તિકા.

Gandhi Heritage Portal

૩. સામાન્ય રીતે, જાહેર સભાઓમાં સ્ત્રીઓ માટે અલગ બેઠકની વ્યવસ્થા કરેલી હોય છે.
૪. ઘણી શિક્ષિત સ્ત્રીઓને શારીરિક શ્રમ નથી જ ગમતો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૯૦૨

## ૧૫૩. વિષનાથ ટિકૂને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

બધા જ લોકો માટે આપણે હાથે કાંતેલી ખાદી પેદા ન કરી શકીએ એમ કહેવું ખોટું છે. લોકો એવો સંકલ્પ કરે કે તરત જ એમને જરૂરનું બધું કાપડ તેઓ બનાવી શકે, અને તે પણ બજારમાં મળતા કોઈ પણ બીજા કાપડ કરતાં ઘણા ઓછા ખર્ચે.

તમારો સહૃદયી

વિષનાથ ટિકૂ
શાળા કદલ, શ્રીનગર, કાશ્મીર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૮૯૮

## ૧૫૪. પ્યારેલાલ ચોપરાને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો.

તમારે દૂધ ન છોડવું. બહુ અલ્પ પ્રમાણમાં, શરૂઆતમાં રોજ એક અધોળથી વધારે નહીં, એમ લેવાનું રાખો, તો રાંધ્યા વિનાનાં લીલાં શાકભાજી તમે લઈ શકો. ઘઉં છોડી દેવાની જરૂર નથી. આગલી રાતે પાણીમાં પલાળી રાખેલા કાચા ઘઉં પણ લઈ શકાય.

તમારો સહૃદયી

શ્રી પ્યારેલાલ ચોપરા
હેડ કલાર્ક ઇમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયા, દરભંગા

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૯૦૧

Gandhi Heritage Portal

## ૧૫૫. મથુરાપ્રસાદને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્રનો જવાબ વહેલો નથી આપી શક્યો તે બદલ દિલગીર છું.

તમે લખો છો તે બાબતમાં તમને હું કંઈ દોરવણી આપી શકું એમ નથી. તમે પ્રયત્ન કરો, તો સરકાર તરફથી કદાચ કંઈ મદદ મળે.

મથુરાપ્રસાદ
ભભુઆ (બિહાર)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૦૦

## ૧૫૬. એક પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

ઓરિસ્સાથી આવેલા પત્રોની પહોંચ સ્વીકારવાનું કામના દબાણને કારણે જ મારાથી બન્યું નથી. મારી બધી યોજનાઓ ઊંધી વળી જવાથી, છગનલાલ ગાંધીને તમારે ત્યાં મોકલવાનું મારે છેલ્લી ઘડીએ માંડી વાળવું પડયું. તમારા બોર્ડ પર એમને મારા તરફથી નિમાયેલા ગણી બધો પત્રવ્યવહાર એમની સાથે કરશો. એમને તમારી પાસે ક્યારે મોકલી શકાશે તે હું જ જાણતો નથી. મને બારડોલી બોલાવવામાં આવ્યો હોવાથી આ અનિશ્ચિતતામાં ઓર વધારો થયો છે. એટલું જ કહી શકું કે એમને મોકલી આપવામાં મારે જરૂર હશે તેના કરતાં એક મિનિટ પણ મોડું નહીં કરું.

મારી તમને સલાહ છે કે ખાદી બાબતમાં છગનલાલ ગાંધી મારફત મને પુછાવ્યા વિના કંઈ પણ પગલું ભરવું નહીં, અને સરકાર મને ઉપાડી જાય તો છગનલાલને જ સીધું પૂછવું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૯૧૧

Gandhi Heritage Portal

## ૧૫૭. ટી. કે. માધવનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ માધવન્,

૩૦મી મેનો તમારો પત્ર મારી પાસે મહિનાઓથી, જવાબ આપ્યા વગરનો પડી રહ્યો છે. પણ હું લાચાર છું. બારડોલી આવવાનું થયું છે એટલે જ મને આવાં બાકી રહેલાં કામ માટે થોડો સમય મળ્યો છે.

તમે કેટલે પહોંચ્યા છો તે લખશો. ચુકાદો જોઈ જવાનો વખત મને હજી સુધી મળ્યો નથી. તમે જાતે જ રાજગોપાલાચારીને કેમ મળતા નથી? એ જરૂર તમને બનતી મદદ કરશે. પણ હમણાંની એમની તબિયત સારી રહેતી નથી એવું સાંભળ્યું છે.

તમારો સહૃદયી

ટી. કે. માધવન્ એસ્ક્વાયર
ઑરગૅનાઈઝિંગ સેક્રેટરી, શ્રી ના. ગુ. ધ. પ. યોગમ્[1]

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૦૫૪

## ૧૫૮. અબ્બાસ તૈયબજીને પત્ર

ઑગસ્ટ ૪, ૧૯૨૮

પ્રિય ભર્‌ર્‌ર્,[2]

મને ગમવા ન ગમવાની વાત જ નથી. બધા જ જેલમાં પુરાશે ત્યારે બધું પોતાની મેળે જ ચાલશે. પણ મળીશું ત્યારે વિગતે વાત કરશું. રેહાનાને જરા કહી દેજો કે ગોપીની ડાયરી મેં શરૂ તો કરેલી, પણ બારડોલી આવવાનું થતાં પડતી મૂકવી પડી હતી.

તમારો
ભર્‌ર્‌ર્

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૯૫૬૪

૧. શ્રી નારાયણ ગુરુ ધર્મ પરિપાલન યોગમ્.
૨. ગાંધીજી અને તૈયબજી પરસ્પર આ રીતે અભિવાદન કરતા.

Gandhi Heritage Portal

## ૧૫૯. એક પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

દિલગીર છું કે આજ સુધી તમારો પત્ર હાથમાં લઈ શકયો નથી.

મનુષ્યજાતિના મોટા ભાગના લોકો તરફથી આપણને પુરાવો મળે છે કે, હિંદુઓ પોતાના પૂર્વજો માટે જેવી ધાર્મિક વિધિઓ કરે છે તેવી આ લોકોના પૂર્વજોને માટે કરવામાં આવતી નથી; તેથી એ પૂર્વજો નારાજ થયાનું જાણ્યું નથી. રામાયણ તથા મહાભારતમાંના ઉલ્લેખો એવું સાબિત નથી કરતા કે એમાં વર્ણવાયેલી વિધિઓ આપણે કરતા હતા. મારા મતે તો આપણા પૂર્વજોના સદ્‌ગુણોનું અનુકરણ કરવામાં જ એમના તરફનો સાચો પૂજ્યભાવ તથા એમનું સાચું સ્મરણ સમાયેલાં છે. મારા પિતાને માટે હું પોતે તો કોઈ આવી વિધિ કરતો નથી કે એમની સંવત્સરી પણ પાળતો નથી, કારણ મારા રોજે રોજના જીવનમાં એમને યાદ કરવાનો તથા એમના સદ્‌ગુણોને આચરણમાં મૂકવાનો મારો પ્રયત્ન રહ્યો છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૮૯૬

## ૧૬૦. વસુમતીબહેન પંડિતને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
શનિવાર [ઑગસ્ટ ૪, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારા કાગળથી ભડકયો છું. માંદગી સખત થઈ હોય એમ લાગે છે. મને દાક્તરની પાસે લખાવી મોકલવું કે તે શું ધારે છે ને શું દવા આપે છે. અહીંથી કોઈને મોકલવાની જરૂર છે કે?

હું હમણાં બારડોલી છું. મને ઉત્તર બારડોલી લખવો.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન
કન્યાગુરુકૂળ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૯; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૧૬૧. કુસુમબહેન દેસાઈને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૪, ૧૯૨૮

ચિ. કુસુમ દેસાઈ,

તારો કાગળ મળ્યો છે. રોજનીશી તો બરાબર જોઈશે જ. રોજ લખવાથી ટેવ પડી જશે. લખતાં આવડે તો છે જ. કરેલું કામ અને આવેલા વિચાર, થયેલા અનુભવો નોંધવા એમાં બહુ આવડતની જરૂર કયાં છે?

બારડોલીના ખબર તો આપી શકું તે છગનલાલ જોશીના કાગળમાં આપ્યા છે.

હું તો અત્યારે આરામ જ લઈ રહ્યો છું એમ કહેવાય.

રાજકિશોરી[1] શું કરે છે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૭૫૬

## ૧૬૨. સરભોણનું ભાષણ

ઑગસ્ટ ૪, ૧૯૨૮

કેટલાક મુખ્ય મુખ્ય સ્થાનિક કાર્યકરો સાથે ગાંધીજી ગઈ કાલે મોટર દ્વારા સરભોણ ગયા હતા. સ્વયંસેવકો ઉપરાંત જે જે પોલીસપટેલ તથા તલાટીઓએ રાજીનામાં આપ્યાં હતાં તે તેમ જ સરભોણ તાલુકાના પચીસ ગામના પ્રતિનિધિઓ, બધા ગાંધીજીને મળવા ત્યાંના સ્વરાજ આશ્રમમાં ભેગા થયા હતા. પોતાની મુલાકાતનો હેતુ સમજાવતાં ગાંધીજીએ કહ્યું કે હું તો ખાસ તમને અભિનંદન આપવા તથા તમારી સિદ્ધિઓ વિશે વધુ સાંભળવા આવ્યો છું. તલાટીઓને ઉદ્દેશીને ગાંધીજી બોલ્યા :

મારું માનવું છે કે આ લડતમાં બીજા કોઈ પણ વર્ગ કરતાં તલાટીઓએ વધારે ખમીર તથા શૌર્ય બતાવ્યાં છે. આ લડતમાં તમે જે સરસ જુસ્સો બતાવ્યો છે તેવો જ શાંતિ થયા પછી પણ ચાલુ રાખશો ને? આ એટલા માટે કહું છું કે તલાટીઓ ઘણી વાર ગરીબ બિચારા ગામડિયાઓને ત્રાસ આપે છે અને પજવે છે એ હું જાણું છું. આ ગામડિયાઓ તમારાથી ભય ન પામતાં તમને પોતાના મિત્ર ગણે એટલા એમને નિશ્ચિત કરવાનું તમારા હાથમાં છે. બાકી તો લોકો હવે સંપ અને સંગઠનનું મૂલ્ય સમજી ગયા છે, અને આ સમજાયું એટલે વિજય સરળ બને છે.

ત્યાર બાદ સરભોણ તાલુકાના ૨૫ ગામના સાઠેક પ્રતિનિધિઓને ઉદ્દેશી ગાંધીજી થોડું બોલ્યા. એમણે કહ્યું :

૧. શ્રી રાજેન્દ્રબાબુ મારફતે સાબરમતી આશ્રમમાં શિક્ષણ લેવા આવેલાં બિહારનાં એક બહેન.

Gandhi Heritage Portal

આબરૂભેર સમાધાન થતું હશે તો તમારા આગેવાનો એમાં એકદમ આડે આવે એવા નથી; છતાં, અધમ કે નામોશીભર્યા સમાધાનને બાજુએ મૂકવાની એમની ફરજ છે. આપણે બધા શાંતિ માટે આતુર છીએ. પણ આપણે માનભરી શાંતિ જોઈએ છે; સત્યાગ્રહીઓને તથા એમના ધ્યેયને જેબ આપે એવી શાંતિ જોઈએ છીએ; થોડાક દિવસ પહેલાં બાજીપુરાના કેટલાક પ્રતિનિધિઓએ વલ્લભભાઈને કહ્યું હતું કે અમે તમને બધું આપ્યું છે, પણ નાક નથી આપ્યું.[1] મારી તો તમને એવી સલાહ છે કે નાકનું તો ટીચકુંયે ન જવા દેવું. વલ્લભભાઈની વાત કરું તો એ કદી તમારી પાસેથી એવી અપેક્ષા ન રાખે. કારણ એમને પોતાનું સ્વમાન પ્યારું છે, ને બીજાનું સ્વમાન પણ એમને એટલું જ પ્યારું છે. આપણી આબરૂ જાળવવા આપણે કૃતનિશ્ચયી હોઈએ તો કોઈ બીજું તે છીનવી ન શકે. થોડા દિવસમાં જ કદાચ એવો વખત ટૂંકમાં જ આવે કે ડૉ. સુમંત,[2] અબ્બાસ તૈયબજી, તથા અહીંના બધા કાર્યકરો અને સ્વયંસેવકોને તમારી વચ્ચેથી ઉપાડી જવામાં ને જેલમાં ધકેલી દેવામાં આવે. તમારી ખરી કસોટી પણ ત્યારે જ થશે. એવી ઘડી આવ્યે તમારામાંના દરેક જણે છેલ્લા શ્વાસ સુધી પોતાની આબરૂના ગઢનું રક્ષણ કરવાનું છે. સ્વરાજનો અર્થ પણ એ જ છે. ગોરા અમલદારોની જગાએ કાળા અમલદારો બેસાડવાથી આપણને સ્વરાજ નહીં મળે. આપણી આબરૂનું રક્ષણ કરવાની શક્તિ આપણે ખીલવીશું ત્યારે જ સ્વરાજ આવશે. સત્ય અને અહિંસાને તમારી ઢાલ બનાવશો તો હું તમને ખાતરીથી કહું છું કે આ લડતનું પરિણામ ગમે તે આવે, પણ તમે તો એમાંથી તમારી આબરૂને સહેજ પણ બટ્ટો લગાડ્યા વિના બહાર આવશો. સરકાર કદાચ તમને ગોળીએ વીંધી નાખે અગર તમારા ઘરમાંથી તમને બહાર કાઢે એ બંને માટે તમારે તૈયાર રહેવાનું છે. માત્ર વલ્લભભાઈએ તમને કહેલું વચન યાદ રાખજો કે સાચો સૈનિક છાતી પર ગોળીઓ ઝીલે છે, પીઠ પર નહીં.

મહેનત કરવા માટે તમારાં બાવડાં સાબૂત છે ત્યાં સુધી ઘરબાર જપ્ત થઈ જાય તો તેથી વળી ડરવાનું કેવું? આખરે તો તમારાં પેટ કંઈ સરકાર નથી ભરતી પણ આખી સૃષ્ટિને જોનારો ભગવાન ભરે છે. આજ સુધીમાં તમે ઘણું મેળવ્યું છે, અને આ આખરી તાપ અડગ રહી જીરવશો તો દુનિયામાં તમારો ડંકો વાગશે. પણ આ નિર્ણાયક કસોટીમાં જો તમે પાછા પડ્યા તો તમારો વિજય જેમ ભવ્ય છે તેમ તમારો પરાજય પણ નામોશીભર્યો હશે. આજની માફક જ ૧૯૨૨માં તમારો વિજય હાથવેંતમાં હતો, પણ તમે પરિસ્થિતિ ટકાવી ન શક્યા, ને પરિણામે તમે કળણમાં ખૂંપી ગયા. વલ્લભભાઈએ પોતાના ત્યાગ અને તપસ્યાને બળે તમને બહાર કાઢી પહેલાંની માફક ટોચ પર લાવી દીધા ત્યાં સુધી તમે એમ ખૂંપેલા જ રહ્યા. એમણે પોતાનું કર્તવ્ય બજાવ્યું. હવે તમારે તમારું કર્તવ્ય બજાવવાનું છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ७-८-१९२८

૧. જુઓ "બારડોલીમાં ચર્ચા", ૨-૮-૧૯૨૮.

૨. ડૉ. સુમંત મહેતા.

Gandhi Heritage Portal

## ૧૬૩. મણિબહેન પટેલને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
શનિવાર, ઓગસ્ટ ૪, ૧૯૨૮

ચિ. મણિ,

સ્વામી (આનંદ) તો અહીં નથી. પણ તમારો તેની ઉપરનો કાગળ વાંચ્યો. આવવાની હઠ કરવાની જરૂર નથી. સિપાઈયણનો ધર્મ પોતાનું શરીર દુરસ્ત રાખવાનો ને સરદાર કહે તે આનંદિત થઈ માનવાનો છે. તબિયત તો ઝપાટાબંધ સારી થઈ જાય, જો સારી કરવામાં મન પરોવાય તો.

બાપુ અને મહાદેવ તથા સ્વામી પૂના છે. આજે ત્યાંથી નીકળ્યા હશે. પૂનાથી તાર આવવો જોઈતો હતો, તે નથી આવ્યો. સમાધાની થશે કે શું થશે એ હજુ કહેવાય એમ નથી. સરકારમાં લડવાની શક્તિ હાલ નથી એમ મને લાગ્યા કરે છે. જાહેર મત તેની વિરુદ્ધ બહુ છે ને તેનાથી ભૂલો બહુ થઈ છે. આજે સરભોણ જઈ આવ્યો. હમણાં વરસાદ નથી. આજે ઘણાઓ તો સુરત જાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો – ૪: મણિબહેન પટેલને, પા. ૬૭-૮

## ૧૬૪. મગનકાકા

આ મથાળા નીચે પ્રભુદાસ ગાંધીએ સ્વ. મગનલાલ ગાંધીના જીવનની સરસ, વિસ્તારવાળી છતાં બહુ ટૂંકી નોંધ[૧] લખી છે. એમાં સત્ય છે, ભાષાનો કાબૂ છે, ને સત્ય તથા સરળ ભાષાનો મેળ મળ્યો છે તેથી આ વૃત્તાંત કળાની દૃષ્ટિએ પણ શોભી નીકળે એવું છે એમ મારો અભિપ્રાય છે. સ્વ. મગનલાલ ગાંધીના જીવનમાંથી બધાને ઘણુંયે શીખવાનું મળે છે ને 'કહેણી તેવી કરણી'નો તેમનું જીવન નમૂનો હતું. તેથી આ વૃત્તાંત ગુજરાતીઓને લાભદાયી થયા વિના ન રહે એ દૃષ્ટિએ તેને અહીં સ્થાન આપ્યું છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૫–૮–૧૯૨૮

૧. આ નોંધ અહીં આપી નથી.

Gandhi Heritage Portal

## ૧૬૫. રૂનો અભાવ કે ઉદ્યમનો?

બિહારમાં આવેલ માનભૂમ પ્રદેશમાં કસુંડાના બાલક સંમેલનના મંત્રી લખે છે:[1]

આ લખનાર ભાઈ ગુજરાતી છે અને તે બિહારનાં બાળકોના જીવનમાં અને ખાદીમાં રસ લે છે તેને સારુ તેમને હું ધન્યવાદ આપું છું. પણ પૂણીના અભાવે કે રૂના અભાવે રેંટિયા બંધ કરવા પડે એવું લખે છે તેથી દિલગીર થાઉં છું. જેનામાં રેંટિયા મેળવવાની શક્તિ છે તે રૂ તો ગમે ત્યાંથી પેદા કરી શકે અને પૂણીઓ બહારથી મગાવવાપણું હોય જ નહીં. મેં નવજીવનમાં ઘણી વેળા સૂચવ્યું છે કે જેને પીંજતાં અને પૂણી બનાવતાં ન આવડે તેને કાંતતાં આવડે છે એમ કહેવાય જ નહીં. રોટલી બનાવનારને લોટ મસળવાનું અને રોટલી વણવા-શેકવાનું જ્ઞાન હોય તો જ તે રોટલી કરી જાણે છે એમ કહેવાય છે. એ જ પ્રમાણે જે રૂ પીંજી પૂણી બનાવી અને કાંતી જાણે છે તે જ કાંતનાર કહેવાય. એ ત્રણે વસ્તુ ખરું જોતાં એક જ ક્રિયા છે. પૂણીને આપણે જાડામાં જાડું સૂતર કહીએ તોપણ કદાચ અયોગ્ય ન ગણાય. પીંજવાની ક્રિયા સહેલી અને સુંદર છે. એ શીખતાં વાર નથી લાગતી. તેથી મજકૂર કાગળ લખનારને મારો જવાબ તો એ છે કે બિહાર પ્રાંતમાં પૂણીઓ કસુંડા ગામમાં જ મળવી જોઈએ. અને રેંટિયા બંધ કરવા પડ્યા છે તે રૂને કે પૂણીઓને અભાવે નહીં પણ ઉદ્યમને અભાવે બંધ થયા છે, અને આ ઉદ્યમના અભાવમાં હું તો રેંટિયા પ્રત્યેના ખરા પ્રેમનો અભાવ પણ જોઈ રહ્યો છું. હું આશા રાખું છું કે જ્યાં જ્યાં યજ્ઞાર્થે રેંટિયા ચાલે છે ત્યાં ત્યાં કાંતનારાઓ શીઘ્રતાએ પીંજવાનું અને પૂણી બનાવવાનું શીખી લેશે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૫–૮–૧૯૨૮

## ૧૬૬. સમાધાની કે જંગ?

ચોમેરથી સમાધાનીની વાતો ચાલી રહી છે ને તેની પાછળ જંગના પડઘા પણ સંભળાય છે. "સરકાર તો મક્કમ છે. સુરતમાં જે વાત થઈ તેમાંની એક પણ બદલવા તૈયાર નથી," એમ એક વાર સંભળાય છે. બીજી વાર એમ સંભળાય છે કે "સરકાર સમાધાની કરવા ઉત્સુક છે. જેટલું પડતું મેલાય તેટલું પડતું મેલવા ઇચ્છે છે અને તેનું કંઈ નહીં ચાલે તો જ લાચારીથી લડશે."

આ બેમાંથી કઈ વાત સાચી છે તે તો દૈવ જાણે. સત્યાગ્રહી બંને વસ્તુને વિશે ઉદાસીન રહે અને તેમ રહેતાં છતાં બંનેને સારુ તૈયાર રહે. સમાધાનીની એક પણ તકને ન જવા દે, જંગને સારુ નિત્ય તૈયાર રહે. તેની પાસે વાંકાચૂંકા રસ્તા ન હોય. તેની પાસે અભિમન્યુના ચક્રાવા ન હોય. તેની પાસે તો એક જ સોનેરી સીધો રસ્તો હોય જે બચ્ચું પણ જોઈ શકે. તેને કંઈ છુપાવવાનું ન હોય, તેને ભેદનીતિનો આશ્રય ન ખપે. પછી તેને વિચાર શાનો કરવાનો હોય? સોમવારને દહાડે સમાધાનીની ખબર સાંભળે તોયે ઠીક, અને શ્રી વલ્લભભાઈના પકડાવાના ખબર સાંભળે તોયે ઠીક.

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જણાવ્યું હતું કે પૂણીના અભાવે બિહારના કેટલાક ભાગમાં ચાલતા રેંટિયા બંધ થઈ ગયા હતા.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીઓ જો શ્રી વલ્લભભાઈની સરદારી નીચે પૂરો પાઠ ભણી ચૂક્યા હોય તો તેઓ વલ્લભભાઈના કે બીજા નેતાઓના પકડાવાથી મુદ્દલ નહીં ગભરાય. જે થવાનું હોય તે થવા દઈને તેઓ પોતાની ટેક ઉપર કાયમ રહેશે.

જેઓ સમાધાનીની તજવીજ કરી રહ્યા છે તેમને તેમ કરવાનો અધિકાર છે. નકામી લડાઈ થતી અટકાવવામાં ભાગ લેવાનો દરેક શહેરીનો ધર્મ છે. પણ જો તેઓ સત્યાગ્રહીની ખોટી દયા ખાઈને સમાધાનીની જંજાળમાં પડશે તો તેઓ દેશને નુકસાન કરશે ને સત્યાગ્રહીને નથી સમજતા એમ સિદ્ધ કરશે. સત્યાગ્રહી દયાને પાત્ર નથી, તે દયાનો ભૂખ્યો નથી, તે ન્યાયનો ભૂખ્યો છે. તેથી જેઓ તેને નબળો સમજીને તેને સારુ દયા માગવા જશે તેમનો તે પ્રયત્ન નિષ્ફળ જવાનો સંભવ છે. સત્યાગ્રહીની માગણી ન્યાયપુર:સર હોય તો તેને સારુ દૃઢતાપૂર્વક ન્યાય માગવાનો વિષ્ટિકારનો ધર્મ છે. તેને સારુ તેણે તેની માગણીને અને તેની લડતને સમજવાની જરૂર છે. સત્યાગ્રહી દુ:ખને સુખ સમજીને લડતમાં ઊતરે છે. પછી તેની ઉપર પડનારા દુ:ખથી દુ:ખી થઈને તેને નામે સમાધાનીમાં ઊતરવાનો કોઈને અધિકાર નથી. મારો દૃઢ વિશ્વાસ છે કે એવી રીતે વચ્ચે પડનાર લડતને ટૂંકી કરવાને બદલે લંબાવે છે.

સત્યાગ્રહી હમેશાં લોકમત કેળવવા માગે છે. તેથી તે પોતાની હકીકત પૂરેપૂરી સંભળાવવા ઇચ્છે છે. આમ છતાં જેઓ અજ્ઞાનમાં રહી કલ્પિત હકીકતો ઉપર સમાધાનીના માંડવા બાંધે છે, તે માંડવા કાગળના તાબૂતની જેમ સત્યરૂપી એક દીવાસળીના તણખલાથી બળી જવાના. સમાધાની ઇચ્છનાર સહુએ આટલો વિશ્વાસ રાખવાની આવશ્યકતા છે કે જેઓ પોતે પોતાની ઉપર દુ:ખ વહોરી લેવા તૈયાર થયા હશે તેઓ કદી અતિશયતાના દોષમાં નથી પડવાના, તેમના બીજા બધા રસ્તા બંધ થયા પછી જ સત્યાગ્રહનો માર્ગ લેનારા તેઓ હોય. બારડોલી વાલોડના સત્યાગ્રહીઓ તેવા જ છે. તેમના બધા હાથ ભોંય પડ્યા ત્યારે જ તેઓએ સત્યાગ્રહનો માર્ગ લીધો છે.

[મૂળ ગુજરાતી]
**નવજીવન**, ૫–૮–૧૯૨૮

# ૧૬૭. મીરાંબહેનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
[ઑગસ્ટ ૫, ૧૯૨૮][૧]

પ્રિય મીરાં,

તારા પત્ર મળ્યા. રસોડાનો ઘોંઘાટ બંધ થાય એ હેતુથી હું તારું નામ છૂટથી વાપરું છું. આથી કરી કેટલીક બહેનો તારા પર થોડા વખત માટે નારાજ થાય તેનો વાંધો નહીં. એમની સાથે તારે છૂટથી આ બાબત ચર્ચવી જોઈએ.

માસિક અડચણ વખતે પાળવાના નિયમોની તને કંઈ ખબર જ નહોતી, અને તે નિયમોનો તને સખ્ત અણગમો છે એવું છોટેલાલજી લખે છે. આ ખરું છે? હું ધારું છું કે આપણે આ બાબતની ચર્ચા[૨] કરી છે, અને જે લોકોને આ રૂઢિ યોગ્ય લાગતી હોય તેમનાં મન આપણે

૧. બારડોલીના સમાધાનનો જે ઉલ્લેખ છે તે પરથી આ તારીખ મૂકી છે.
૨. જુઓ પુસ્તક ૩૪, પા. ૩૩૨–૪ અને ૩૯૬–૮.

Gandhi Heritage Portal

રાખવાં જોઈએ એમ તેં કબૂલ્યું પણ હતું. છોટેલાલજી સાથે આ વિષયની ચર્ચા કરજે, અને તને જે સમજાય તે મને જણાવજે.

આવતી કાલે અગર મંગળવારે સમાધાનની જાહેરાત થશે એવું હવે લગભગ નક્કી જ છે. પણ નવી પરિસ્થિતિ થાળે પડે ત્યાં સુધી મારે હજી થોડા દિવસ વધુ રોકાવું પડશે.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૦૪ તથા જી. એન. ૮૧૯૪; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૧૬૮. વસુમતીબહેન પંડિતને પત્ર

બારડોલી,
રવિવાર, ઑગસ્ટ ૫, ૧૯૨૮

ચિ. વસુમતી,

આજે કંઈ જ ખબર નથી. કાલે તાર કરીને પુછાવવાનો છું. જો કોઈની મદદની જરૂર હોય તો મને લખતાં મુદ્દલ સંકોચ નથી રાખવાનો. તબિયત બગડવી ન જોઈએ. એક માસ ખાટલાની વાત સમજાતી નથી. ચણાના પાણીની વાત હું તો નથી સમજતો.

ઘણે ભાગે બારડોલીની સમાધાની થઈ જશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૦; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૧૬૯. કુસુમબહેન દેસાઈને પત્ર

બારડોલી,
રવિવાર, ઑગસ્ટ ૫, ૧૯૨૮

ચિ. કુસુમ,

તારો કાગળ મળ્યો. માથું દુખ્યું એ વિચિત્ર છે. સંભાળજે . . .[1] ભાઈ કેમ કબૂલ નથી કરતા એ વિશે તારે વિચારી કંઈ કહેવાપણું હોય તો કહેજે. ક્યાંયે તારા સાંભળવામાં ભૂલ થાય એવો સંભવ છે? મેં તો . . .[2] ભાઈને મુક્ત કરવાનું જ ફરી લખ્યું છે.

બાળમંદિરની ગોઠવણ કઈ રીતે થઈ છે એ લખજે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૭૫૭

૧. અને ૨માં મૂળમાં નામ આપ્યાં નથી.

Gandhi Heritage Portal

## ૧૭૦. રાયમમાં શિસ્ત વિશે ભાષણ

ઑગસ્ટ ૫, ૧૯૨૮

સરદારનો હુકમ છે કે તેમના સિવાય કોઈએ બોલવું નહીં એટલે મારાથી કશું ન બોલાય. સરદાર હોત અને હુકમ કરત તો બોલત. આજે તો તમારી બહાદુરી અને તમારા સંગઠનને માટે તમને ધન્યવાદ આપું છું. રેંટિયાનું પ્રદર્શન જોઈને મને આનંદ થયો, પણ આજે રેંટિયા વિશે પણ ન બોલું. આપણે જેમને સરદાર બનાવ્યા તેમના હુકમ અક્ષરશ: પાળવા એ આપણો ધર્મ છે. હું સરદારનો મોટોભાઈ થાઉં એ વાત સાચી છે, પણ જાહેર જીવનમાં જેની નીચે આપણે કામ કરતા હોઈએ તે આપણો પુત્ર હોય કે નાનો ભાઈ હોય તોપણ તેના હુકમ માન્ય રાખવા જ જોઈએ. એ કંઈ નવો કાયદો નથી. એ આપણો પ્રાચીન ધર્મ છે. એ ધર્મનું પાલન કરવા માટે જ શ્રીકૃષ્ણે અર્જુનનું સારથિપણું કર્યું અને યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે તેમણે પતરાળાં ઉઠાવેલાં. એટલે આજે તો માત્ર તમને ધન્યવાદ જ આપું છું. વલ્લભભાઈએ દેશમાં પ્રસિદ્ધ કર્યા. સરકારે તમને જગપ્રસિદ્ધ કર્યા છે. ભવિષ્યમાં તમને હજીયે મોટી ફતેહ મળો.

[મૂળ ગુજરાતી]
बारडोली सत्याग्रहनो इतिहास, પા. નં. ૨૧૩

## ૧૭૧. જમનાલાલ બજાજને તાર

[સ્વરાજ આશ્રમ], બારડોલી,
ઑગસ્ટ ૬, ૧૯૨૮

જમનાલાલજી,
"પ્રતાપ"ને સરનામે કાનપુર

લગભગ પતી ગયું. સંતોષકારક. હાલ અહીં જ છું.

બાપુ

[મૂળ અંગ્રેજી]
पांचवें पुत्रको बापूके आशीर्वाद, પા. ૬૯



Gandhi Heritage Portal

## ૧૭૨. મીરાંબહેનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૬, ૧૯૨૮

પ્રિય મીરાં,

તારો પત્ર મળ્યો. બેશક, પરાણે તો હું તારી પાસે કશું નથી જ કરાવવાનો. પરંતુ એ સાફ છે કે મારી સ્મરણશક્તિનું કશું ઠેકાણું નથી. જાણે મને બને એટલું સાફ સાફ યાદ છે કે મેં તને વાત કરેલી અને તેં કહેલું કે બીજી બહેનોને ખાતર તારે એમની ઇચ્છા મુજબ કરવું જોઈએ.[1] પણ કાં તો મેં તારી સાથે વાત કરેલી એ કેવળ મારો ભ્રમ છે કે પછી કંઈ ભારે ગોટાળો થયો છે. ગમે તેમ તારે તો સ્વસ્થ રહેવાનું છે. તારી સગવડ પૂરેપૂરી સચવાશે.

સમાધાનનું લગભગ પતી ગયું છે. પણ દેખરેખ સારુ મારે અહીં થોડા દિવસ રોકાવું પડશે.

પ્યાર.

બાપુ

[તા. ક.]

આશા છે કે કુસુમને હવે સારું હશે.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૦૫; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૧૯૫

## ૧૭૩. આશ્રમની બહેનોને પત્ર

બારડોલી,
મૌનવાર, ઑગસ્ટ ૬, ૧૯૨૮

બહેનો,

અહીં તો સમાધાની[2] થઈ ગયા જેવું લાગે છે, એટલે હવે હું વહેલો આવવાની આશા રાખું છું. થોડા દિવસ તો વલ્લભભાઈ મને રોકવા માંગે છે. સમાધાનીની નક્કી ખબર કાલે પડશે.

મને તો રસોડાના જ વિચાર આવે ના? તમે તેમાં પૂરો રસ ને ભાગ લેતાં કેમ થાઓ એ વિચારી રહ્યો છું. રસોડાનો આખો કારભાર તમે ઉપાડો એ જરૂરનું જોઉં છું. તમે ઇચ્છો તે મદદ તમને અપાય, પણ એ તો તમને હિંમત આવે ત્યારે જ થાય. રસોડામાંથી ને કોઠાર-માંથી ઘોંઘાટ જવો જોઈએ. એ ઘોંઘાટમાં મીરાંબહેનને કામ કરવું મુશ્કેલ પડે, છોટેલાલજી પણ

૧. જુઓ "મીરાંબહેનને પત્ર", ૫–૮–૧૯૨૮.

૨. બારડોલી સત્યાગ્રહની લડતની સમાધાનીનો આ ઉલ્લેખ છે. સમાધાની તા. ૬ઠ્ઠી ઑગસ્ટે થઈ. તેની રીતસર જાહેરાત સત્યાગ્રહી કેદીઓને છૂટા કરવાના હુકમ તા. ૭મી એ નીકળ્યા તે ઉપરથી થઈ.

Gandhi Heritage Portal

કાયર થઈ જાય. સ્થિતપ્રજ્ઞના શ્લોક ગાનારે શાંતિપૂર્વક કામ કરવાની આદત પાડવી જ જોઈએ. રોટલી વણતાં કે ચોખા સાફ કરતાં આપણે કેમ અંતર્મુખ થઈ પોતાના કામમાં તન્મય ન રહી શકીએ? પણ તમે તો કહો છો કે, વાતો ન કરાય તો વખત જ ન ખૂટે. આ સાંભળી હું લાચાર બનું છું. પણ મારે કહેવું તો જોઈએ કે તોયે તમારે અવાજ કરવાની જરૂર ન હોય. પણ દિવસના કંઈક શ્લોકના વિચારમાં કાં ગ્રસ્ત ન રહેવાય? જોજો, વિચારજો. યોગ્ય લાગે તે જ કરજો.

**બાપુના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૮૧ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૪૯

## ૧૭૪. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

સ્વરાજ્ય આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૬, ૧૯૨૮

સુજ્ઞ ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. આભાર માનું?

મારે વિશે ચિંતા હોય જ નહીં. ઈશ્વરને જ્યાં લગી કામ લેવું હશે ત્યાં સુધી તેની ગરજે મને ઠીક ઠીક રાખશે ને તે રૂઠશે ત્યારે હજાર હકીમો પણ કામમાં નથી આવવાના. પણ હવે તો સમાધાની જ થઈ લાગે છે.

છતાં વલ્લભભાઈ ઇચ્છે છે કે મારે થોડા દિવસ અહીં રહેવું.

**મોહનદાસના**
વંદે માતરમ્

[તા. ક.]

આશ્રમમાં આવવા બાબત ચિંતામાં ન પડશો. આવવાનો વખત કાઢશો તો સારું છે એમાં શંકા નથી.

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૩૨૨૪; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૧૭૫. વસુમતીબહેન પંડિતને પત્ર

સોમવાર [ઑગસ્ટ ૬, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

આજે ત્રણ પત્તાં ભેળાં મળ્યાં. તેમાં ઠીક ખબર છે. મેં તો તાર તેના પહેલો મોકલ્યો છે. ત્યાં તો દાક્તર કહે તેમ જ કરવું રહ્યું એ જાણું છું. ઈશ્વર જલદી સારી કરી દે.

બારડોલીને સમાધાન જેવું જ છે. પણ થોડા દહાડા રહેવું જોશે.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન

કન્યાગુરુકુળ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૧; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૧૭૬. કુસુમબહેન દેસાઈને પત્ર

બારડોલી,

ઑગસ્ટ ૬, ૧૯૨૮

ચિ. કુસુમ,

તું હજી સાજી નથી થઈ એમ મીરાંબહેન લખે છે. તારો કાગળ આજે નથી તેથી તેના કાગળનો ટેકો મળે છે. વિચારોના વમળમાં તો નથી જ પડી ના?

સમાધાની[2] થયા જેવું જ છે. એટલે થોડી જ મુદતમાં પાછો આવીશ. પણ ધાર્યું હતું તેના કરતાં કંઈક રોકાવું પડશે. વલ્લભભાઈ એમ ઇચ્છે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૭૫૮

૧. ટપાલની છાપ પરથી.

૨. બારડોલીમાં સત્યાગ્રહની લડતના સમાધાનનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

## ૧૭૭. રૈહાનાબહેન તૈયબજીને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૨૮

ચિ. રૈહાના,

તમારો પહેલો ગુજરાતી કાગળ તો સરસ જ ગણાય. એમ ટેવ પાડવાથી ને અક્ષર સુધારવાથી સરસ થઈ શકશે. હવે તો સમાધાની થઈ એટલે અહીં શું કામ સોંપાય?

સહુને વંદે માતરમ્.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : એસ. એન. ૯૬૦૮

## ૧૭૮. બહેચર પરમારને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૨૮

ભાઈશ્રી બહેચર,

તમારો નિર્મળ કાગળ મળ્યો છે. તમે શિક્ષક હોવા છતાં પાણી કાં ન ભરો? હજામત પણ કાં ન કરો? ભલે તેથી તમને રાજ્ય બરતરફી આપે, લોક નીંદે. હું શિક્ષક રહેવાનો આગ્રહ કરું છું તેનું કારણ જ એ છે કે તમે શિક્ષક રહેવા છતાં મજૂરી કરો ને ખોટી શરમ છોડો. અલિપ્ત રહીને તમે કૌટુંબિક બોજો ઊંચકો એમાં કંઈ ખોટું નથી. ભાગી છૂટવાનું કદી ન કરશો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : એસ. એન. ૨૪૭૪૯

Gandhi Heritage Portal

## ૧૭૯. મૂલચંદ અગ્રવાલને પત્ર

સ્વરાજ્ય આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૬, ૧૯૨૮

ભાઈ મૂલચંદજી,

તમારા પત્રનો જવાબ આપવામાં ઢીલ થઈ છે તો ક્ષમા કરશો.

જે બીજાની આજ્ઞામાં રહીને કામ કરે છે, તે પોતાના ઉપરી કરતાં ખરેખર વધારે યોગ્ય હશે તો ઉપરી જ એની યોગ્યતા પારખી લેશે. હા, એમાં એક શરત છે; આજ્ઞાધીન વ્યક્તિમાં પૂર્ણ નમ્રતા અને ધીરજ હોવાં જોઈએ.

તમારો
**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૭૬૨

## ૧૮૦. પ્રભાવતીબહેનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
મૌનવાર [ઑગસ્ટ ૬, ૧૯૨૮]

ચિ. પ્રભાવતી,

તારા સરસ પત્રો મળતા રહે છે. તારા અક્ષર તથા ભાષા બંને ફક્કડ છે. પરોઢિયે પાંચ વાગ્યે રસોડામાં પહોંચવાના પ્રયત્નમાં માંદી ન પડતી. સાડા પાંચે પહોંચીશ તોપણ ચાલશે. હવે તો હું થોડા દિવસમાં જ ત્યાં આવી પહોંચીશ. વિદ્યાવતી[1]ની તબિયત કેમ છે? બાલમંદિરનો હિંદીનો વર્ગ કેવોક ચાલે છે? નિયમિત રોજનીશી લખજે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૩૩૩૧

૧. પ્રભાવતીબહેનનાં બહેન.

Gandhi Heritage Portal

## ૧૮૧. મીરાંબહેનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૭, ૧૯૨૮

પ્રિય મીરાં,

સમાધાન છાપાંમાં પ્રસિદ્ધ થયું છે, એટલે મેં તાર કર્યો નહોતો. હું ત્યાં આવું પછી જ માસિકધર્મની આભડછેટ અંગે વિચારીશ. તેં જે દોષ પ્રત્યે મારું ધ્યાન દોર્યું છે તે મારા ખ્યાલમાં છે. આશ્રમમાંના આગેવાન પુરુષો મક્કમ રહેશે તો આશ્રમમાં બધું થાળે પડી જશે.

પ્યાર.

**બાપુ**

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૦૬ શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૧૯૬

## ૧૮૨. કુસુમબહેન દેસાઈને પત્ર

ચિ. કુસુમ,

બારડોલી,
મંગળવાર, ઑગસ્ટ ૭, ૧૯૨૮

તારો કાગળ મળ્યો. તને સમજવામાં મને મુશ્કેલી આવે છે. તું મને વિનયની ભાષા તો ન જ લખે. તને રોજનીશી[1] લખતાં ન આવડે એ બરાબર નથી. તારો કાગળ લાંબો થઈ ગયો છે ને ટૂંકો લખતાં નથી આવડતો એ પણ લૂખો વિનય છે. તારા કાગળ બધા સરસ છે. એને ટૂંકાવતાં મને તો ન આવડે. ને ટૂંકા-લાંબાનો ભેદ હું ઠીક સમજી શકું છું. એટલે જો આ તારો આત્મવિશ્વાસ સાચે જ ખરો હોય તો તેને કાઢી નાંખજે. અને કેવળ વિનયને ખાતર આત્મનિંદા કરતી હોય તો તે નિંદા બંધ કરજે.

. . .[2]ભાઈ વિશે હવે પત્યું લાગે છે. . . .[3]ભાઈએ પોતાનો દોષ કબૂલ કર્યો જણાય છે. એ કબૂલાત મારી પાસે હજુ સીધી નથી આવી, પણ સુરેન્દ્ર અને છોટેલાલ પાસે કબૂલ કર્યું જણાય છે. તેં ભજવેલો ભાગ સરસ જ છે.

બાળમંદિરનો ક્રમ સારો લાગે છે. હવે જો તેને વળગી રહેવાશે તો કામ આગળ ચાલશે જ.

તારી તબિયત સાચવજે.

૧. જુઓ "કુસુમબહેન દેસાઈને પત્ર", ૪-૮-૧૯૨૮.
૨. ૩. મૂળમાં અહીં નામ કાઢી નાખવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

આ અઠવાડિયાની આખરે કે બીજાના આરંભમાં ત્યાં[1] પહોંચવાની આશા રાખું જ છું. હમણાં ક્યારે ઊઠે છે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : જી. એન. ૧૭૫૯

## ૧૮૩. વસુમતીબહેન પંડિતને પત્ર

ઑગસ્ટ ૭, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. વિદ્યાવતીનો તાર પણ મળ્યો છે. તેમને આ ખબર આપજો. સાજાં થઈ જાઓ ત્યારે રામદેવજી તમને હરદ્વાર લઈ જાય તો જવામાં ને વૈદને બતાવવામાં કશી અડચણ નથી, કદાચ લાભ થાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૨; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૧૮૪. ગંગાબહેન વૈદ્યને પત્ર

સ્વરાજ્ય આશ્રમ, બારડોલી,
ઑગસ્ટ ૭, ૧૯૨૮

ચિ. ગંગાબહેન,

તમારો કાગળ મળ્યો.

જોકે સમાધાની થઈ છે તોયે મને થોડાક દિવસ લાગશે.

તમે પ્રાર્થનામાં નિયમસર જાઓ છો એ તો બરોબર જ છે. કામ ગમે તેટલું કરો પણ વચ્ચે આરામ લેજો ને શાંતિ રાખજો. અધીરા થઈને કશું ન કરજો. મીરાંબહેનનો સહવાસ ખૂબ કેળવજો ને તેને ટોકવાનું કહી રાખજો. જ્યારે તમને ખૂબ અવાજ કરતાં સાંભળે ત્યારે ટોકે. થોડા જ દિવસમાં મૌન ધારણ કરી પ્રસન્નચિત્ત રહી કામ કરવાની ટેવ પડી જશે ને તેથી થાક પણ ઓછો લાગશે.

કૃષ્ણમૈયાદેવીને તમે બરોબર કામમાં લેજો. પ્રેમથી તે જિતાશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
बापुना पत्रो – ६ : गं. स्व. गंगाबहेनने, पा. १४

૧. સાબરમતી આશ્રમમાં.

Gandhi Heritage Portal

## ૧૮૫. મીરાંબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,[1]
ઑગસ્ટ ૮, ૧૯૨૮

ચિ. મીરાં,[2]

ગઈ કાલે રાત્રે સુબૈયા અહીં આવ્યો છે. એટલે હવે તને જાતે કાગળ લખવાને બદલે લખાવવાનો છું.

હું ત્યાં પહોંચું તે પહેલાં એ ઘટના બને તો તને તારી રૂમમાં જ ખાવાનું પીરસાશે. આ ફાવશે ને? અને તારી એવી ઇચ્છા હોય કે આ વાતનો અણસાર પણ કોઈને ન આવવો જોઈએ, તો અત્યારથી જ રૂમમાં પિરસાવવાનું રાખજે.

બીજા કોઈ પણ પ્રસંગે, કે પ્રાર્થના વખતે પણ અલગ બેસાડવાનો પ્રશ્ન જ નથી. માત્ર રસોડામાં અને જમવાના ઓરડામાં શું કરવું એ જ પ્રશ્ન છે.

જે ભાવનાથી તું આ પૂછપરછ કરી રહી છે તેની હું કદર કરું છું. એ બાબતમાં મારે ઘણું કહેવાનું છે જ. પણ પત્રોમાં મારે એ વાતની ચર્ચા કરવી નથી.

રવિવારે અથવા તો પછીના અઠવાડિયાની શરૂઆતના કોઈ સમયે હું ત્યાં પહોંચવાની આશા રાખું છું.

આશ્રમવાસીઓની તેં જે ટીકા કરી હતી, તેથી મારા મનમાં કશી ગેરસમજ પેદા થઈ નથી.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૩૦૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૧૯૭

૧. કાયમનું સરનામું.
૨. આ તથા બીજા પત્રોમાં મીરાંબહેનને કરેલું સંબોધન દેવનાગરી લિપિમાં છે.

Gandhi Heritage Portal

## ૧૮૬. કુસુમબહેન દેસાઈને પત્ર

સ્વરાજ્ય આશ્રમ, બારડોલી,
બુધવાર, ઑગસ્ટ ૮, ૧૯૨૮

ચિ. કુસુમ,

શારદાને તેં જવાબ દીધો એ સચોટ તો ખરો જ, તેમાં રહસ્ય પણ છે.

મારો જવાબ આ છે: લાડકી કોણ કે નહીં એ હું ન જાણું પણ દીકરીઓ પોતે જાણે. પણ હું જેને લખવું આવશ્યક સમજું એને લખું અથવા જે આશા રાખે તેને લખવાનો પ્રયત્ન કરું. આ શારદાને વંચાવજે ને તે જો આશા રાખે તો મને લખો.

સ્ત્રીવિભાગમાં ચોરી થાય છે તો ચોર ગોતી કાઢવાની શક્તિ તમારામાં હોવી જોઈએ. શું ચોરાયું એ મને લખવું જોઈતું હતું.

જેની જેની જે જે વસ્તુ ઊપડી હોય તેની નોંધ મને મોકલજે. શક કોની ઉપર છે એ પણ જણાવજે.

કદાચ ત્યાં રવિવારે પહોંચું અથવા આવતા અઠવાડિયામાં કોઈ વહેલે દહાડે તો છે જ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૧૭૬૦

## ૧૮૭. બધી રીતે સારું

બારડોલી સત્યાગ્રહમાં સમાધાન સાધી શકાયું છે[1] એ ખરેખરા આનંદની વાત છે. કહેવત છે કે સહુ સારું જેનું છેવટ સારું. મુંબઈ સરકારને તથા બારડોલીની અને વાલોડની પ્રજાને, તેમ જ જેમની દૃઢતા તથા નમ્રતા વિના સમાધાન થઈ શકત નહીં એ વલ્લભભાઈને મારાં અભિનંદન છે. વાંચનાર જોશે કે જે માગ્યું હતું તે બધું જ લગભગ સત્યાગ્રહીઓએ મેળવ્યું છે. તપાસ સમિતિને સોંપવામાં આવેલા મુદ્દાઓ બધી અપેક્ષાઓ સંતોષે છે. મહેસૂલ વસૂલ કરવા માટે સરકારે લીધેલાં દમનનાં પગલાં બાબત જે આક્ષેપ છે તેની તપાસ થવાની નથી એ સાચું. પરંતુ જપ્ત થયેલી જમીનો, જેમાં લિલામ થયેલી જમીનો પણ આવી જાય છે, તે બધી જ પાછી સોંપવાની છે, તલાટીઓને ફરી નોકરીમાં લેવાના છે, ને બીજી નાની નાની ફરિયાદો પણ ધ્યાનમાં લેવાવાની છે. એ જોતાં આ આક્ષેપોની તપાસની શરતનો આગ્રહ વલ્લભભાઈએ છોડી દીધો તે એમની ઉદારતા બતાવે છે. નુકસાન ભરપાઈ કરવા સિવાય જેનો બીજો ઈલાજ નથી, એવા જૂના અન્યાયોના પોપડા ન ઉખેળવામાં જ શાણપણ છે. બળજબરીના આરોપ માટે તપાસ કરવાની શરત છોડી દેવાથી મહેસૂલ બાબતની તપાસ વધુ શાંત વાતાવરણમાં થઈ શકશે.

૧. ૧૯૨૮ના ઑગસ્ટની છઠ્ઠીએ પૂનામાં; સમાધાનની શરતો માટે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીઓએ જે વિજય મેળવ્યા છે તેને તેઓ બધી રીતે પાત્ર છે. પણ એ વિજયનો એમને કેફ ન ચડવો જોઈએ. મહેસૂલની આકારણી બાબત પોતે કરેલા આક્ષેપો માટે જરૂરી સામગ્રી એમણે ભેગી કરવાની ને ઝીણવટથી સરખાવવાની છે.

સૌથી અગત્યની વાત તો એ કે પોતાની સ્થિતિ સંગીન બનાવવી હોય, તો તેમણે હવે બેવડા ઉત્સાહથી રચનાત્મક કામો આગળ ધપાવવાં જોઈએ. આ ધીમી, મુશ્કેલ અને નિરાડંબરી પ્રવૃત્તિ તેઓ કેવી કુશળતાથી અને તત્પરતાથી હાથ ધરે છે, એમાં જ એમની તાકાત રહેલી છે. ઘણાં સામાજિક દૂષણોમાંથી એમણે મુક્ત થવાનું છે. ચરખો અપનાવી લઈને પોતાની આર્થિક સ્થિતિ તેમણે સુધારવાની છે. ચરખાથી જ એમનામાં આ જાગૃતિ આવી હતી. દારૂનું દૂષણ તેમણે દૂર કરવું રહ્યું. ગામની સફાઈ હાથમાં લેવી પડશે, અને પ્રત્યેક ગામમાં વ્યવસ્થિત ચાલતી શાળા ઊભી કરવી પડશે. કહેવાતા ઉચ્ચ વર્ણના લોકોએ દબાયેલા-કચડાયેલા વર્ગને મદદ કરવી પડશે. આવી બધી બાબતો પર તેઓ જેટલું વધારે ધ્યાન આપશે તેટલી, જે કટોકટીમાંથી તેઓ પસાર થયા છે તેના જેવી બીજી કટોકટીઓનો સામનો કરવાની તેમની તાકાત વધશે.

વલ્લભભાઈના હાથ નીચે કામ કરવાનું સદ્ભાગ્ય શિષ્ટ સ્વયંસેવકોની જે ટુકડીને મળ્યું હતું તેમની ઉત્તમ શિસ્ત તથા નિષ્ઠાનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં પડે. આ કાર્ય હજી પત્યું નથી. જેમની પાસે ફાજલ સમય છે તેઓ સરદારને એમના રચનાત્મક કામમાં મદદ કરે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ९–८–१९२८

# ૧૮૮. નોંધ

## સ્વ. જસ્ટિસ અમીરઅલી

સ્વ. ન્યાયમૂર્તિ અમીરઅલીનાં સગાંવહાલાંને હું અદબપૂર્વક આશ્વાસન પાઠવું છું. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના હિતને ખાતર ઉપાડેલી ૧૯૦૬–૧૪ની સત્યાગ્રહની લાંબી લડતમાં જેમણે સાથ આપ્યો હતો તથા મદદ કરી હતી એ બધામાં તેમનું સ્થાન પણ કંઈ નાનુંસૂનું નહોતું.

## દક્ષિણ આફ્રિકાનું માફીપત્ર

છાપખાનામાં આ લખાણ મોકલવાની છેલ્લી ઘડીએ મારી પાસે इन्डियन ओपीनियन આવીને પડ્યું છે. એમાં દક્ષિણ આફ્રિકાની માફીપત્રની યોજનાની[1] વિગતો પૂર્તિ તરીકે આપી છે. અત્યારે તો મારી પાસે વધારે સમય ન હોવાથી, નીચે માત્ર અરજીનો નમૂનો આપું છું. આ અરજી[2] ઑક્ટોબરની પહેલી પહેલાં મળી જાય એવી રીતે ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટીરિયર (ઇમિગ્રેશન ઍન્ડ એશિયાટિક અફેર્સ)ને મોકલવાની છે.

દક્ષિણ આફ્રિકા પાછા ફરવા માગતા હોય તેઓ વખતસર પોતાની અરજી મોકલી દે. બીજા કાગળો તથા માહિતી હું આવતા અઠવાડિયે પ્રસિદ્ધ કરવાની આશા રાખું છું.

૧. જુઓ લેખ ૧૯૬ (૧), "દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્ર."
૨. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

### મગનલાલ સ્મારક

વાંચનાર જાણીને ખુશ થશે કે શ્રી મૂળજી સિક્કાએ મગનલાલ સ્મારક માટે રૂપિયા દસ હજારનું દાન કર્યું છે. આ કુટુંબનો ખાદીપ્રેમ જાણીતો છે, અને એ પ્રેમનો પૂરતો પરિચય પણ અનેક રૂપે અવારનવાર મળતો રહ્યો છે.

### ભૂલસુધાર

ગયા જુલાઈની ૧૯મીના યંગ ઇન્ડિયામાં લાલા લજપતરાય મારફત બારડોલી ફંડ માટે મળેલા રૂ. ૨,૦૦૦ની પહોંચ સ્વીકારવામાં આવી છે. આમાં રૂ. ૫૦૦ "અન્ય દાતાઓ તરફથી" મળેલા બતાવ્યા છે. પરંતુ આ રકમ તો ખુદ લાલાજીનું પોતાનું દાન છે. આવી ભારે ભૂલ માટે દિલગીર છું, પણ સંખ્યાબંધ નોંધો રોજ ને રોજ કરવાની હોય, ને આવી યાદીઓ ઘણા હાથમાંથી પસાર થતી હોય, ત્યારે ગમે તેટલી સાવધાની રાખીએ તોપણ આવી ભૂલો અનિવાર્ય બને છે.

[મૂળ અંગ્રેજી]
યંગ ઇન્ડિયા, ૯–૮–૧૯૨૮

## ૧૮૯. વસુમતીબહેન પંડિતને પત્ર

ઑગસ્ટ ૯, ૧૯૨૮

ચિ. વસુમતી,

લાંબો કાગળ આજે મળ્યો છે. હજુ સાવ મુક્તિ તો નથી જ મળી લાગતી. કોઈને અહીંથી તેડાવવાની જરૂર હોય તો લખવું. હું રવિવારે બારડોલી છોડીશ એમ લાગે છે.

[તા. ક.]

વાળ ઉપાધિરૂપ થતા હોય તો કપાવી નાખતાં મુદ્દલ સંકોચ ન રાખવો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૪૯૩; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૧૯૦. મીરાંબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,[1]
ઑગસ્ટ ૧૦, ૧૯૨૮

ચિ. મીરાં,

આ અઠવાડિયાને અંતે બારડોલીથી નીકળી શકીશ એવી આશા છે. તારો પત્ર મળ્યો છે. હાલ પૂરતું તો તું તારી રૂમમાં જ જમે અને રસોડાનો ત્યાગ જ કરે એ ઉત્તમ છે. તેં જે દલીલ આગળ કરી છે એના જવાબમાં મારે ઘણું કહેવાનું છે, પણ સોમવારે સવારે તો હું આશ્રમે પહોંચી જવા ધારું છું એટલે પત્ર દ્વારા આ ચર્ચા ચલાવીશ નહીં. તારે અનિચ્છાએ લેવા પડેલા માર્ગને કારણે મને કશી અકળામણ થઈ નથી.

સ્વરાજ્ય આશ્રમમાં એક ઘણી બહાદુર કન્યાનું મરણ થયું. ગઈ કાલે તો તે સાજીસમી હતી અને પોતાના પિતાને મળવાને માટે આવી હતી. તેના પિતા સાબરમતી જેલમાં છે અને તરતમાં જ તે છૂટવાના હતા. પેટમાં તેને ભયંકર પીડા થઈ આવી. દાક્તરો તેનું દરદ પારખી ન શકયા. આજે મળસકે શાંતિથી તેણે દેહ છોડયો.[2] અને તેથી, આજના કાર્યક્રમમાં હું યંત્રવત્ ભાગ લઈ રહ્યો છું. તેમ છતાં, યમદેવ સાથે મૂક ચર્ચા ચલાવી રહ્યો છું અને મારે માટે મૃત્યુનો અર્થ વધારે સ્પષ્ટ કરી રહ્યો છું.

વધુ રૂબરૂમાં.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૩૦૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૧૯૮

૧. કાયમી સરનામું.

૨. મહાદેવભાઈ દેસાઈએ આ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:
"હરખમાં ને હરખમાં તે આવી, તરત જ માંદી પડી...રાત્રે ત્રણેક વાગ્યે મરણની સમીપ પહોંચેલી એ બહેને માગણી કરી: 'ગાંધીજીને બોલાવોની, મારે એમનાં દર્શન કરી લેવાં છે'...સુભાગ્યે ગાંધીજી બારડોલીમાં જ હતા. ગાંધીજી ત્યાં પહોંચ્યા. બહેન મોતીના પગમાં કે હાથમાં તાકાત નહોતી, આંખે પણ અંધારાં આવતાં હતાં, એટલે બોલી, 'મારી આંખે નથી દેખાતું, પણ ગાંધીજીના અવાજથી ગાંધીજીને ઓળખું છું. મારા બંને હાથ કોઈ જોડી આપો એટલે ગાંધીજીને પગે લાગું.' આ પછી વલ્લભભાઈનાં દર્શનની માગણી કરી. બે એક કલાકમાં તો બિચારીની ઐહિક લીલા સમાપ્ત થઈ...(બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ, પા. ૧૭૭.)

Gandhi Heritage Portal

# ૧૯૧. રૉબર્ટ ફ્રેઝરને પત્ર

બારડોલી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૮

તમારો પત્ર મળ્યો છે.[1] પત્રમાંના વિષય બાબત ડૉ. બિધાન રૉયે મને લખ્યું હતું. આશા રાખું છું કે તમને એમનો જવાબ મળી ગયો હશે.

આદિથી અંત સુધીની વાત બનાવટી છે. એમાં જેમનો ઉલ્લેખ છે તેમાંના કોઈને હું ઓળખતો નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૮૭

# ૧૯૨. ચાર્લ્સ ફ્રેડરિક વેલરને પત્ર[2]

ઑગસ્ટ ૧૦, ૧૯૨૮

સહિષ્ણુતા કરતાં પરસ્પરની કદર કરવા પર તમે જે ભાર મૂકો છો તે મને ગમે જ છે. શિકાગો વગેરે સ્થળોએ ઝુકાવવા તમે તૈયાર છો કે કેમ તે તો હું ન કહી શકું. એ તો તમારી પોતાની લાગણી તથા અનુભવની વાત થઈ. હું તો એક સામાન્ય નિયમ બતાવી શકું કે આવી બાબતમાં સેવાના વિશાળ ક્ષેત્ર કરતાં સેવાના ઊંડાણ માટે મથવું વધારે સારું.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૩૩

૧. ઑગસ્ટની ૨ જીનો; એમાં લખ્યું હતું, "આપને જણાવવાનું કે તાજેતરમાં અમેરિકાના પ્રમુખને એસ્ટેલ કૂપર ગાંધી તરફથી એક તાર મળ્યો હતો, જેમાં લખ્યું હતું: 'બધા અમેરિકન માલનો બૉયકૉટ કરાવજો અને દેશી લોકોને મજૂરીએ રાખતા બધા અમેરિકન બગીચાઓમાં સામાન્ય હડતાલ પાડવાનું એલાન આપવું, તે સિવાય બીજો કોઈ વિકલ્પ નાઝીમોવાએ એમને માટે રાખ્યો નહોતો એવું તમને જણાવવાનું મહાત્મા ગાંધીએ મને કહ્યું છે. નાઝિમોવાને દેશનિકાલ કરવામાં આવે, અને કેથેરિન મેયોને બદનક્ષીના ફોજદારી ગુના માટે અહીં હાજર કરવામાં આવે પછી જ બૉયકૉટ ઊઠી શકે.' આ એસ્ટેલ કૂપર ગાંધી કોણ છે, તથા સદરહુ તાર આપની જાણ તેમ જ મંજૂરીથી મોકલવામાં આવ્યો હતો કે કેમ, તે આપ મને જણાવશો તો ખૂબ આભારી થઈશ. ઉપરાંત, આ બાબતમાં આપને યોગ્ય લાગે તેવી કોઈ ટીકા લખી મોકલશો તો એ સ્વીકારતાં મને આનંદ થશે." "બિધાનચંદ્ર રૉયને પત્ર", ૩-૮-૧૯૨૮ પણ જુઓ.

૨. લીગ ઑફ નેબર્સના કાર્યકારી પ્રમુખ; ફેલોશિપ ઑફ ફેઈથ્સ તથા યુનિયન ઑફ ઈસ્ટ ઍન્ડ વેસ્ટ સાથે સંકળાયેલા. ૨૧ જૂન ૧૯૨૮ના પોતાના પત્રમાં વેલરે લખ્યું હતું. "લાંબા વખતથી મેં સેવેલી અભિલાષાઓમાંની એક હિંદુસ્તાન આવવાની છે......ને ત્યાં એવી સભાઓ ગોઠવવી જેમાં હિંદુઓ ઇસ્લામની પ્રશસ્તિ ગાય, મુસ્લિમો હિંદુ ધર્મની, તથા ખ્રિસ્તીઓ આ બંનેની. . ."

Gandhi Heritage Portal

## ૧૯૩. વસુમતીબહેન પંડિતને પત્ર

શુક્રવાર [ઑગસ્ટ ૧૦, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

આજે લાંબો કાગળ બધી વિગતનો મળ્યો છે. એ સરસ લખાયો છે. મારે જાણવું હતું તે બધું જણાયું. કશી સૂચના કરવાની ઇચ્છા નથી. દાક્તર ભલા છે ને તે કરે તેમાં વચ્ચે કેમ પડું? બાકી ચણાનું પાણી વળી મસાલાવાળું હું તો સહન જ ન કરું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૪; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૧૯૪. ઑલિવ ડોકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,[2]
ઑગસ્ટ ૧૧, ૧૯૨૮

પ્રિય બહેન ઑલિવ,[3]

તારા પોતાના તથા તારા ઉમદા અને અદ્‌ભુત કાર્યના વિગતવાર સમાચાર આપતા તારા પત્ર માટે આભાર. ક્લેમન્ટ[4] તથા કૉમ્બર[5]ના સમાચાર આપવા માટે પણ આભાર.

તું મારા દીકરાઓ વિશે કંઈ જાણવા માગે છે? સૌથી મોટો હરિલાલ બંડખોર નીકળ્યો છે. એ તો દારૂ પણ પીએ છે, ને લહેર કરે છે, અને પ્રામાણિકપણે માને છે કે હું જે કંઈ કરું છું તેમાં આડે રસ્તે દોરવાયેલો છું. મણિલાલ ફિનિક્સમાં છે ને ઇન્ડિયન ઓપીનિયન ટકાવી રહ્યો છે. બે વરસ પર એ પરણ્યો, ને પત્નીને સાથે લઈને ગયો છે. બંને મજામાં છે. રામદાસ અને દેવદાસ બંને મારી સાથે રહી મારા કામમાં મદદ કરે છે. રામદાસ એકાદ વર્ષ પહેલાં પરણ્યો. દેવદાસ હજી કુંવારો છે. હું અહીં ઠીક મોટી એવી એક સંસ્થા ચલાવી રહ્યો છું. સંસ્થાનું બંધારણ તથા તેની રચના સાથેના બિડાણ પરથી સમજાશે.

તારાં કુટુંબીજનોને તું પત્ર લખે ત્યારે પ્રત્યેકને મારા તરફથી પ્રેમ પાઠવજે અને તું પોતે પણ સ્વીકારજે.

તારો સહૃદયી
**મો. ક. ગાંધી**

મિસ. ઑ. સી. ડોક
કાફુલાફુટા, પી. ઑ. નાઓલા, નૉર્થ વેસ્ટ રોડેશિયા (સાઉથ આફ્રિકા)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : સી. ડબ્લ્યુ. ૯૨૨૬; સી. એમ. ડોકના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.
૨. કાયમી સરનામું.
૩. રેવ. જે. જે. ડોકનાં પુત્રી.
૪. અને ૫. ઑલિવના ભાઈઓ.

Gandhi Heritage Portal

## ૧૯૫. વાલોડમાં ભાષણ

[ઑગસ્ટ ૧૧, ૧૯૨૮][1]

તમારામાંના કેટલાકને એમ લાગે છે કે આપણને લડવાનું વધુ મળ્યું હોત તો સારું. મને પણ એમ ભાસે. પણ સત્યાગ્રહી ખોટી રીતે મુદ્દલ લડવા ન માગે, સાચી રીતે જન્મારા સુધી લડયા જ કરે. કારણ એની શાંતિ તો લડાઈમાં જ રહેલી છે. પણ શરતનું પાલન સામો પક્ષ ન કરે તો કેવું સારું કે જેથી લડતનો વધારે રસ લૂંટવાનો મળે — એ સત્યાગ્રહની વૃત્તિ નથી, અસત્યાગ્રહની વૃત્તિ છે. સરદારને સરકારે ન બોલાવ્યા તેથી શું? સરદારને તો મમમમનું કામ હોય, ટપટપનું કામ ન હોય. એટલે તમે જો આગળ વધીને કહો કે અમારા સરદારને બોલાવો તો જ સલાહ કરીએ, તો તમે દોષમાં પડો. તમારા કે તમારા સરદારના સાચા માનની હાનિ હોય એવું કશું બન્યું નથી. શરતનું પાલન કરાવનાર ઈશ્વર હતો. અનેક ઉદ્ધત ભાષણો કર્યા પછી સરકારને આપણી શરતોનું પાલન કરવું પડયું. કમિશનરે પેલો ઉદ્ધત કાગળ બહાર પાડવા દીધો ત્યારે જ મેં કહેલું કે હવે જીત ચોક્કસ છે. જેમ જેમ સરકાર દોષ કરતી ગઈ તેમ તેમ આપણી જીત પાસે આવતી ગઈ. સરકારને વહેલું આટોપવું પડયું એમાં આપણા માનની લેશમાત્ર હાનિ નથી થઈ. આપણે જો ભીનું સંકેલ્યું હોત તો માનહાનિ થાત ખરી. મારા અનુભવમાં સત્યાગ્રહની અનેક લડાઈઓ થઈ ગઈ છે, પણ તેમાંની એકેમાં આના કરતાં વધારે સાચી, વધારે શુદ્ધ જીત બીજે કયાંયે નથી મળી એમ સત્યાગ્રહના શાસ્ત્રી તરીકે હું મારો પુરાવો આપું છું.

[મૂળ ગુજરાતી]

बारडोली सत्याग्रहनो इतिहास, पा. २७४–५

## ૧૯૬. "નિર્બલ કે બલ રામ"

'સત્યાગ્રહીઓ જીત્યા' એમ કહેવામાં અતિશયોક્તિ છે. સત્યાગ્રહીને હારવાનું જ નથી હોતું. તે મરે ત્યારે જ મેલે. એમ છતાં વ્યવહારદૃષ્ટિએ બારડોલીના સત્યાગ્રહીઓ જીત્યા એમ કહેવું જોઈએ. મરતાં લગી ઝૂઝનારની સ્તુતિ સહુ કરશે પણ તેને જીત્યો એમ કોઈ નહીં કહે. બારડોલીના સત્યાગ્રહીઓને માગ્યું મળ્યું એટલે તેઓ જીત્યા કહેવાય.

આ જીતનો યશ વ્યવહાર દૃષ્ટિએ ગમે તેને હોય. સત્યાગ્રહીની દૃષ્ટિએ ને વલ્લભભાઈની દૃષ્ટિએ એનો યશ કેવળ ઈશ્વરને જ હોય. વલ્લભભાઈએ પણ એને જ યશ આપ્યો છે. સત્યાગ્રહી ઈશ્વરને સર્વાર્પણ કરીને રણમાં પડે છે. એટલે સુયશ—અપયશનો ધણી તે નથી રહેતો. લૌકિક દૃષ્ટિએ સત્યાગ્રહી નિર્બલ જોવામાં આવે છે. તેની પાસે શરીરબળ ન હોય એટલે હથિયાર ન હોય. કયાં બારડોલીના લોક ને કયાં બ્રિટિશ સામ્રાજ્ય? એક કીડી, બીજો કુંજર. પણ સત્યાગ્રહી જ્યારે કીડી બને ત્યારે જ હાથીના પગ તળે પડેલી કીડીરૂપ તેને ઈશ્વર બચાવી લે છે. એમ બારડોલીમાં બન્યું છે.

૧. બૉમ્બે સીક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, પા. ૫૫૨, પૅરેગ્રાફ ૧૩૫૩ (૩) પરથી.

Gandhi Heritage Portal

આમ ઈશ્વરનો પ્રથમ પાડ માનીને આપણે આગળ વધીએ.

જો નામદાર ગવર્નર ન ધારત તો સમાધાની થાત જ નહીં. પોતાના તીખા ભાષણ પ્રમાણે ન વર્તતાં તેમણે શાંત નીતિ ગ્રહણ કરીને સત્યાગ્રહીઓની માગણીનો સ્વીકાર કર્યો. આને સારુ તેમને ધન્યવાદ ઘટે છે.

પણ વલ્લભભાઈ પટેલ ઉદાર ન બને તો સમાધાની થાય જ નહીં. તેમના હાથમાં બાજી હતી. મહેસૂલ ઉઘરાવતી વખતે લેવાયેલી સ્વેચ્છાચારિણી રાજનીતિની તપાસનો આગ્રહ કરવાનો અધિકાર હતો તે તેમણે જતો કર્યો. બીજી ઝીણી બાબતોને ન્યાયની દૃષ્ટિએ વળગી શકતા હતા, છતાં તેનો પણ તેમણે ત્યાગ કર્યો. પણ સહુથી વધારે ત્યાગ તો પોતાના દરજ્જાને નહીં વળગી રહેવાનો કર્યો. તેમણે પોતાની ગણતરી જ ન કરી. આજ લગી વલ્લભભાઈને સમાધાનીની રીતસર ખબર સરખીયે નથી કરવામાં આવી. સમાધાની થઈ છે એટલું તેઓ મિત્રોના કાગળો ઉપરથી ને છાપાંમાં આવેલી હકીકત ઉપરથી જ જાણે છે. પણ તેમને મમમમની સાથે કામ છે, ટપટપની સાથે નહીં, તેથી તે માનાપમાન વિશે ઉદાસીન ભાવે વર્તી શકે છે. સત્યાગ્રહીને અંગત માનની ગરજ ન હોય, અથવા કોઈ વેળા તે માનની ઉપર ભાર દેતો દેખાય તો તે લોકોના માનને ખાતર દેતો હોય છે. એટલે જેમ શ્રી વલ્લભભાઈ પટેલ વિના લડત હોત નહીં તેમ તેમની સંમતિ વિના સમાધાની પણ ન હોત.

ત્રીજો યશ બારડોલીનાં સ્ત્રીપુરુષોને તો છે જ. તેમની વીરતા ને તેમની મમતા વિના લડત જામત નહીં, ને તેનો શુભ અંત આવત નહીં.

બીજાઓ ધન્યવાદને પાત્ર નથી એમ નથી. આ લેખનો હેતુ યોગ્ય જગ્યાઓએ ધન્યવાદ પહોંચાડવાનો નથી. એ તો ઘણે સ્થળેથી બધાને મળી ગયા છે. મુખ્ય પાત્રોનો ઉલ્લેખ પણ મૂળ હેતુને અવલંબીને કર્યો છે.

મૂળ હેતુ ભવિષ્ય વિચારવાનો છે. થયેલી જીતને સારુ મીઠાઈ ખાઈ સૂઈ જઈએ તો જીતેલું નિરર્થક જાય ને લોકો જેવા હતા તેવા થઈ રહે. અને ભવિષ્ય વિચારતાં ઉપરનાં ત્રણે પાત્રોને ધ્યાનમાં રાખ્યે જ છૂટકો.

સત્યાગ્રહીઓએ હમેશાં દાવો કર્યો છે કે મહેસૂલમાં વધારો કરવાનું કંઈ જ કારણ નહોતું. અને બારડોલીની જમીન જૂની મહેસૂલ પણ ઝીલી શકે તેવી નથી. આ વસ્તુની તપાસ કરાવવા સમિતિ માગી તે મહામહેનતે મળી. હવે પુરાવો એકઠો કરીને લોકોએ સિદ્ધ કરવાનું છે કે તેઓ મહેસૂલ વધારો ખમી શકે તેમ નથી. તેમાં ઘટાડો થવો જોઈએ. જે રિપોર્ટો ઉપર સરકારે આધાર રાખ્યો છે તે આધાર રાખવા લાયક નહોતા, એ પણ લોકો તરફથી બતાવવાનું રહે છે.

પણ આ ઉપરાંત તો લોકોમાં થયેલી જાગૃતિની પાછળ જે રચનાત્મક કામ થવું જોઈએ તે બહુ મહત્ત્વનું છે. સ્ત્રીઓમાં જે અદ્ભુત જાગૃતિ આવી છે તેનો લાભ લઈ સ્ત્રીઓમાં ફેલાયેલા વહેમો અને હાનિકારક રિવાજો દૂર કરાય. પુરુષોમાં જે એક સંપ જામ્યો છે તેનો ઉપયોગ તેમના સંગઠનને સારુ તેમનામાં આવી ગયેલા ખરાબ રિવાજોને કાઢવા સારુ થવો જોઈએ. રાનીપરજ, દૂબળા, અંત્યજ ઈત્યાદિ પ્રત્યેની વર્તણૂકમાં ફેરફાર થવો જોઈએ. દારૂનો નિષેધ સહેજે થઈ ગયો છે તેને કાયમનો કરવાના પ્રયત્નો થવા જોઈએ. પરદેશી કાપડનો બહિષ્કાર સંપૂર્ણતાએ કરવાને સારુ મહાપ્રયાસની આવશ્યકતા છે. આ રૂના પ્રદેશમાં રેંટિયા હજુ ઘેર ઘેર ચાલતા નથી તે સ્થિતિ બદલાવી જોઈએ. આ અને આવાં કામો કરાય તો જ પ્રજામાં થયેલી જાગૃતિ કાયમ થાય ને લોકો પગભર થાય.


Gandhi Heritage Portal

આ યુદ્ધમાં બહિષ્કારે મોટો ફાળો ભર્યો છે. શાંત, અહિંસક બહિષ્કારને સત્યાગ્રહમાં પૂર્ણ સ્થાન છે. હિંસક, ઝેરી બહિષ્કારને મુદ્દલ સ્થાન નથી. તેથી જ્યાં જ્યાં બહિષ્કાર થયો છે ત્યાં ત્યાં હવે બહિષ્કારને ખેંચી લેવાની આવશ્યકતા રહેશે. શુદ્ધ બહિષ્કારને અંતે ઝેર ફેલાતું નથી પણ પ્રેમની વૃદ્ધિ થાય છે. જેમણે નબળાઈ દેખાડી તેમના પ્રત્યે કટાક્ષ હોય નહીં. જે અમલદારોએ ગેરવર્તણૂક ચલાવી તેમના પ્રત્યે ક્રોધ ન હોય, તેમ તેમની ખુશામત પણ ન હોય. પોતાની સ્વતંત્રતાને જાળવીને લોકો અમલદારવર્ગની સાથે મીઠાશથી વર્તે. તલાટીઓએ બહાદુરી બતાવી છે. હવે તેઓ પોતાની જગ્યા પાછા લેશે, પણ પોતાની નોકરી વફાદારીથી કરતા છતાં તેઓ લોકો પ્રત્યે પણ માનથી ને વફાદારીથી વર્તશે એવી આશા પ્રજા રાખશે.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૧૨–૮–૧૯૨૮

## ૧૯૬(૧). દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્રો[1]

ખોટી રીતે દક્ષિણ આફ્રિકામાં દાખલ થયેલા પણ સાચાં પ્રમાણપત્રો ધરાવનારા હિંદીઓને વિશે મેં જે અગાઉ લખ્યું હતું તે પ્રમાણે મારી પાસે હવે દક્ષિણ આફ્રિકાથી કાગળિયાં આવી ગયાં છે.

તેમાંથી નીચે પ્રમાણે જરૂરનું તારણ આપું છું:

ચાલુ સાલના જાન્યુઆરી મહિનાની ૬ઠ્ઠી તારીખે દક્ષિણ આફ્રિકાના નાતાલ, ટ્રાન્સવાલ અને કેપનાં મુખ્ય હિંદી મંડળોએ સરકારને જણાવ્યું કે તેઓ હિંદી સરકાર અને દક્ષિણ આફ્રિકાની સરકાર સાથે થયેલી સમજૂતી કબૂલ રાખે છે, અને હિંદીઓ ભવિષ્યમાં ગેરકાયદેસર દાખલ થાય તે સાંખશે નહીં.

આ ઠરાવ સરકારને મળ્યો એટલે સરકારે સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસના મંત્રી ભાઈ પ્રાગજી દેસાઈની ઉપર નીચેની મતલબનો કાગળ લખ્યો:

આ પ્રમાણે તમે ખાતરી આપો છો માટે, અને નામદાર શાસ્ત્રી હિંદુસ્તાન સરકારના પહેલા એજન્ટ તરીકે યુનિયનમાં આવ્યા તેમની નિમણૂકના સ્મારક તરીકે યુનિયન સરકારે દક્ષિણ આફ્રિકામાં ૫મી જુલાઈ ૧૯૨૪ પહેલાં દાખલ થયો છે એમ સિદ્ધ કરી આપનાર હિંદીના સંબંધમાં, તે ગેરકાયદેસર દાખલ થયેલો હશે તોપણ, અમુક શરતોથી માફી આપવાનું ઠરાવ્યું છે:

૧. યુનિયનમાં ખોટી રીતે દાખલ થનારા દરેક હિંદીએ ટ્રાન્સવાલમાં પ્રિટોરિયાના કમિશનર ફૉર ઇમિગ્રેશનને, કેપમાં કેપટાઉનના ઇમિગ્રેશન ઑફિસરને અને નાતાલમાં ડરબનના ઇમિગ્રેશન ઑફિસરને, સ્વતંત્ર અરજી કરવી અથવા સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ મારફતે અરજી કરવી. એ અરજી ૧લી ઑક્ટોબર ૧૯૨૮ સુધીમાં પહોંચી જવી જોઈએ. જે હિંદીઓની પાસે યુનિયનમાં દાખલ થવાનો, અથવા રહેવાનો અધિકાર આપનારું

૧. આ જ વિષય પર આ જાતનો લેખ અંગ્રેજીમાં ૧૯–૭–’૨૮ના યંગ ઇન્ડિયામાં ગાંધીજીએ લખ્યો. પણ ગુજરાતીમાં પહેલો પ્રગટ થયો હોવાથી તારીખ પ્રમાણે અંગ્રેજી લેખ ૨૧૭ અહીં ૧૯૬(૧) તરીકે મૂકયો છે.

Gandhi Heritage Portal

રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ હોય, અથવા ડૉમિસાઈલનું સર્ટિફિકેટ હોય, અથવા બીજો કોઈ દસ્તાવેજ હોય અને તે પોતે અને પોતાના તરફથી ખોટી હકીકત કહીને મેળવેલો હોય, તેવા હિંદીએ તે તે દસ્તાવેજ પોતાની પાસે રાખવાને માટે 'પ્રોટેક્શન સર્ટિફિકેટ' મેળવવા અરજી કરવી.

૨. ઉપર પ્રમાણે 'પ્રોટેક્શન સર્ટિફિકેટ' મળશે એટલે તે ધારણ કરનાર ૫મી જુલાઈ ૧૯૨૭ને દિવસે જેટલા હક ભોગવતો હશે તેટલા હક ભોગવી શકશે, પણ એ ધારણ કરનાર જો યુનિયનમાં પોતાની સ્ત્રી કે છોકરાંને લઈ જઈ ચૂક્યો ન હશે તો તે સ્ત્રી કે છોકરાંને આ માફીપત્રથી યુનિયનમાં જવાનો હક નહીં મળે.

૩. ખોટી રીતે દાખલ થયેલા જે હિંદીએ ૧લી નવેમ્બર ૧૯૨૮ સુધીમાં ઉપર પ્રમાણે પ્રોટેક્શન સર્ટિફિકેટ ન મેળવેલું હશે અથવા જેને ખોટી રીતે મેળવેલાં સર્ટિફિકેટ કે દસ્તાવેજ રાખવાનો અધિકાર નહીં મળ્યો હશે તેની સામે કાયદેસર પગલાં લેવામાં આવશે.

૪. ૫મી જુલાઈ ૧૯૨૪ પહેલાં ખોટી રીતે દાખલ થયેલો હોય, અને જેણે તે પછી ડિપોર્ટ કરવા લાયક ગુનો કર્યો હોય તેવા હિંદીની સામે ઇમિગ્રેશન કાયદો લાગુ પડી શકશે.

સરકારનો આ કાગળ આવ્યા પછી ભાઈ પ્રાગજી દેસાઈએ બીજા કેટલાક ખુલાસા માગનારો કાગળ દક્ષિણ આફ્રિકાની સરકારને લખ્યો. આ પછી હિંદીઓ નામદાર શાસ્ત્રીને મળ્યા અને તેમણે ડૉ. મલાનને નીચેની ખાતરી માગનારો પત્ર લખ્યો :

૧. માફીપત્રો સ્મટ્સ-ગાંધી સમાધાની થઈ તે પહેલાં એટલે ૧૯૧૪ પહેલાં ખોટી રીતે દાખલ થયેલા હિંદીઓને લાગુ ન પડવાં જોઈએ.

૨. ખોટી રીતે દાખલ થયા છતાં જેને અગાઉ માફીપત્ર મળેલું હશે તેવા હિંદીને હવે નવું માફીપત્ર મેળવવાની જરૂર નહીં પડે. અને તેનો પોતાનાં બાળબચ્ચાં અને સ્ત્રીને લાવવાનો હક ખોટો થશે નહીં.

૩. નવાં માફીપત્ર જેમને આપવામાં આવે તેમના સગીર દીકરાને સામાન્ય કાયદા મુજબ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મળવાં જોઈએ.

૪. પ્રોટેક્શન સર્ટિફિકેટ ભવિષ્યમાં ગેરકાયદેસર ઠરે અથવા અધૂરું ઠરે તો તેને પાકું કરવા માટે આપે યોગ્ય પગલાં લેવાં.

આ પત્રનો ડૉ. મલાને નામદાર શાસ્ત્રીને નીચે પ્રમાણે જવાબ આપ્યો તે માફીપત્રની યોજનાનો લાભ લેનારા દરેક હિંદીએ યાદ રાખવો જોઈએ.

૧. ૧૯૧૪ પહેલાં ખોટી રીતે દાખલ થયેલા બધા હિંદીઓને સ્મટ્સ-ગાંધી સમાધાનીની માફી મળી ગઈ છે એમ માનવાને એ સમાધાનીની શરતોમાં કશો પુરાવો નથી.

૨. જેની પાસે અગાઉ મેળવેલું માફીપત્ર હોય તેણે નવું માફીપત્ર મેળવવાની જરૂર નથી.

૩. આવા માફીપત્ર મેળવનારા હિંદીના જે સગીર દીકરાને ટ્રાન્સવાલમાં દાખલ થવાના પરવાના મળ્યા હશે તેમને સામાન્ય કાયદા પ્રમાણે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવાની છૂટ રહેશે.

૪. તમે લખેલી ચોથી બાબત વિશે ઘટતું કરવામાં આવશે.

માફીપત્ર મેળવવાને માટે કરવાની અરજીમાં અરજી કરનારનું ખોટું નામ, હિંદુસ્તાનમાં ચાલતું નામ, દક્ષિણ આફ્રિકાનું સિરનામું અને ધંધો જણાવવાં જોઈએ. રજિસ્ટ્રેશન, ડૉમિસાઈલ

Gandhi Heritage Portal

કે બીજા સર્ટિફિકેટનો નંબર, અરજદારની જન્મભૂમિ અને ગામનું નામ, પિતાનું નામ, યુનિયનમાં પ્રથમ દાખલ થયાની તારીખ, અને જ્યાં દાખલ થયો હોય તે જગ્યાનું નામ, સ્ત્રીનું નામ, અને હાલ તે કયાં છે તે, બાળકોનાં નામઠામ, ઉંમર, સ્ત્રી કે પુરુષ એ વિગતો આપીને ઉપરની હકીકત સાચી હોવા બદલ કોઈ મૅજિસ્ટ્રેટની અથવા ઇમિગ્રેશન અમલદારની સહી લઈને અરજી કરવી. સહી ઉપરાંત અંગૂઠો પણ કરવો પડે છે. (અંગ્રેજી ફૉર્મ[1] માટે તા. ૯મી ઑગસ્ટનું યંગ ઇન્ડિયા જુઓ.)

### માફીપત્રની શરતો

નીચેની શરતોએ માફીપત્ર આપવામાં આવશે.

૧. મિનિસ્ટર રદ કરે નહીં ત્યાં સુધી જ એ માફીપત્ર ચાલશે.

૨. ૫મી જુલાઈ ૧૯૨૭ની તારીખે જે હક ભોગવતો હશે તે જ હક તેને આ માફીપત્રથી મળશે, અને તે ૧૯૧૩ના ૨૨મા કાયદાની ૨૫મી કલમની રૂએ દાખલ થયો હોય તેમ મનાશે. માત્ર એટલું જ કે આની તારીખ (એટલે ૨૯મી જૂન, ૧૯૨૮) પહેલાં જો અરજદારની સ્ત્રી અથવા બાળબચ્ચાં દાખલ કરવામાં આવ્યાં ન હોય તો તેમને આ માફીપત્રની રૂએ દાખલ કરવાનો અધિકાર ન મળે.

૩. આ માફીપત્ર મેળવનાર પોતાની પાસે જે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ કે ડૉમિસાઈલનું સર્ટિફિકેટ અથવા બીજો કોઈ દસ્તાવેજ હશે તે તે રાખી શકશે; માત્ર એટલું કે આ માફીપત્ર રદ કરવામાં આવે તો એ સર્ટિફિકેટો અને દસ્તાવેજોનો ૧૯૨૭ના ૩૭મા કાયદાની ૫મી કલમ પ્રમાણે નિકાલ કરવામાં આવશે.

૪. આ માફીપત્ર રદ નહીં કરવામાં આવે; પણ જો તે મેળવનારે ૫મી જુલાઈ ૧૯૨૪ પછી ડિપૉર્ટ થવાને પાત્ર થાય તેવો ગુનો કર્યો હશે તો તે રદ થશે અને તેની ઉપર કાયદેસર કામ ચલાવવામાં આવશે. આ શરતો ઉપર અરજદારની સહી અને અંગૂઠો લેવામાં આવશે.

આ લખાણ દક્ષિણ આફ્રિકામાં જવાનો પોતાનો હક કાયમ રાખનારા ધ્યાનપૂર્વક વાંચી જાય. ઇમિગ્રેશન ઑફિસરની શાખને બદલે અહીંથી અરજી કરનાર અહીંના કોઈ મૅજિસ્ટ્રેટની શાખ તેના સિક્કા સહિત લે. પોતાની અરજી સપ્ટેમ્બરના અંત સુધીમાં પહોંચે તેમ અમલદારને રજિસ્ટરથી મોકલે, અને તેની નકલ ભાઈ પ્રાગજીને મોકલે. જેમણે કાંઈ જૂઠું નથી કર્યું કે ખોટું નામ નથી આપ્યું તેમને અરજી કરવાની આવશ્યકતા નથી. મારે યાદ આપવું જોઈએ કે મને કાગળથી કે મળીને કોઈ વધારે પૂછીને વધારે જાણવાની આશા ન રાખે. મને જેટલી ખબર છે તે બધી મેં આ લેખમાં જણાવી દીધી છે. વધારે પૂછપરછ કરવી હોય તેમણે દક્ષિણ આફ્રિકાની કૉંગ્રેસને પુછાવવું જોઈએ. નવજીવન મારફતે હું ખબર આપી શકું તે ઉપરાંત દક્ષિણ આફ્રિકાવાસી હિંદીને દોરવાની મારી પાસે શક્તિ નથી. જેઓ અરજી મોકલવા ધારતા હોય તેઓ બારડોલી સ્વરાજ આશ્રમમાં જશે તો તેમને જોઈતી મદદ મળી શકશે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૨–૮–૧૯૨૮

૧. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

# ૧૯૭. નોંધ

## કન્યાઓનું બલિદાન

દેહરાદૂન કન્યાગુરુકુળથી શ્રી વિદ્યાવતીદેવી લખે છે તેનો સાર નીચે આપું છું[1]:

આ હૂંડી ત્રણસે ઉપરાંતની છે, ને તેમાં રૂ. ૨૦૦ બ્રહ્મચારિણીઓનું બલિદાન છે. આ બાળાઓને ધન્યવાદ આપું છું. ઈશ્વર તેમની સેવાભાવનાને કાયમ કરો.

## વિદ્યાપીઠને મોટી સખાવત

શ્રી નગીનદાસ અમુલખરાયે રાષ્ટ્રીય કેળવણીમાં હમેશાં રસ લીધો છે. તેમણે તેમાં વખતોવખત દાન પણ દીધું છે. હવે તેમણે એક લાખ રૂપિયાનું દાન કર્યું છે. આ મોટી રકમ તેમણે મારી ઇચ્છા પ્રમાણે વિદ્યાવૃદ્ધિમાં વાપરવા સારુ મોકલેલી હતી, ને તેમની સંમતિથી તે મેં વિદ્યાપીઠને સોંપી છે, ને તેના વહીવટને સારુ પાંચ પ્રતિનિધિઓ નીમ્યા છે. આ દાનને સારુ ભાઈ નગીનદાસને ધન્યવાદ આપું છું. મારો વિશ્વાસ છે કે જે કાર્ય આપણે વિદ્યાપીઠ દ્વારા કરવા ઇચ્છીએ તેને સારુ જેટલાં દાન અપાય તેટલાં ઓછાં છે. વિદ્યાપીઠની હસ્તીનાં પરિણામ આજે આપણે નરી આંખે ભલે ન જોઈ શકીએ. પણ એવો સમય આવશે જ કે જ્યારે રાષ્ટ્રવૃદ્ધિમાં અપાયેલા વિદ્યાપીઠના ફાળાની નોંધ સહુ કોઈ લેશે, કેમ કે તેનો ઉદ્દેશ શુદ્ધ છે, ને તેનું સિંચન કરવામાં સ્વાર્થત્યાગી સેવકો રોકાયેલા છે.

## મગનલાલ ગાંધી સ્મારકને મોટી રકમ

નેપાણી અને ગોંદિયામાં મોટો વેપાર કરનાર શ્રી મૂળજી સિક્કાએ રૂ. ૧૦,૦૦૦ની રકમ આ સ્મારકમાં શ્રી મણિલાલ કોઠારી મારફત ભરી છે. આને સારુ હું તેમને ધન્યવાદ આપું છું. આ ભાઈઓનો ખાદી પ્રત્યેનો પ્રેમ તેમણે અનેકવેળા સિદ્ધ કર્યો છે. આ સ્મારકમાં ફાળો ધીમે ધીમે ભરાય છે. બારડોલી સ્વાભાવિક રીતે લોકોનું ધ્યાન ને દાન ખેંચતું હતું, તેથી આ સ્મારક વિશે હું કંઈ લખતો નહોતો. હવે બારડોલી પ્રકરણનો પૂર્વ ભાગ સમાપ્ત થવાથી અને શ્રી મૂળજી સિક્કાની ઉદારતાનું નિમિત્ત મળવાથી ખાદીપ્રેમી અને સ્વ. મગનલાલની સેવા સમજનારનું ધ્યાન આ સ્મારક તરફ ખેંચું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૮–૧૯૨૮

૧. અહીં આપ્યો નથી. પત્રમાં જણાવ્યું છે કે ગુરુકુળની કન્યાઓએ એક મહિના સુધી ઘી, ફળ તથા મિષ્ટાન્નનો ત્યાગ કરી પૈસા બચાવ્યા હતા.

Gandhi Heritage Portal

# ૧૯૮. આપણી જડતા

એક યુવક લખે છે:

> અમારા ગામમાં લગભગ એક હજાર જૈન હશે. તેમાંથી ૧૫૦ વિધવાઓ અને ૨૫૦ કુંવારા છે. આમાં ૪૦ કુંવારા ૪૦થી ૬૦ વર્ષ સુધીના હશે. તેઓ હજારોનો ખર્ચ ન કરી શકે ત્યાં લગી પરણી ન શકે. કન્યા મેળવવાને સારુ પાંચથી વીસ હજાર રૂપિયા લગીનું ખર્ચ થાય છે. આથી દુરાચાર વધે છે. જૈન સાધુઓ આવી બાબત વિશે કંઈ જ નથી કરતા. તેમને કહીએ તો ઉત્તર આપે છે: 'આ તો સંસારી કામ કહેવાય, તેમાં પડીએ તો મહાવીરની આજ્ઞાનું ઉલ્લંઘન થાય.' તમે આ વિશે કંઈ ન લખો?

એક બીજા વાંચનાર લખે છે:

> મારો એક મિત્ર આશરે ૪૨ વર્ષનો છે. પરણેલ છે પણ સંતાન નથી. તેથી ફરી લગ્ન કરવા ઇચ્છે છે ને બારચૌદ વર્ષની બાળાનો ભવ બગાડવા ઇચ્છે છે. આ મોહ કેમ ટાળી શકાય?

આ બંને કાગળો મેં સાથે લીધા છે, કેમ કે બંને સ્થિતિના મૂળમાં આપણી જડતા રહેલી છે. કેટલાક માને છે કે જે ચાલે છે તે ઠીક જ છે. તેની યોગ્યતા – અયોગ્યતા વિશે આપણે કંઈ વિચાર કરવાની જરૂર નથી ને ચાલતા આવેલા રિવાજ વિશે શંકા કરવી એ પાપ છે. આ વૃત્તિમાં જ્યારે વિષયવૃત્તિ ભળે પછી તો કુરિવાજ સુરિવાજ બને છે.

આવી દયામણી સ્થિતિમાંથી છૂટવા સારુ યુવકવર્ગમાં ઘણી શક્તિની અને શક્તિ સાથે શુદ્ધિની આવશ્યકતા રહે છે. તેઓ પોતાની તપશ્ચર્યાથી અને પોતાના સત્યાગ્રહથી લોકમત કેળવી શકે છે, ને વિષયાસક્તને શરમાવી શકે છે. જૈન જેવી નાની કોમે નાનકડી રહેવાની કશી આવશ્યકતા નથી. જૈન યુવકોએ જૈનેતર કન્યાઓની સાથે વિવાહ કરવાનો આગ્રહ રાખવો ઘટે છે. જૈન ઘણે ભાગે વણિક વર્ગ જ છે, અથવા વૈશ્યવર્ણ છે. તેમણે વર્ણાંતર કરવાની આવશ્યકતા નથી. વૈશ્યવર્ણના કરોડો ભારતવર્ષમાં છે તેમાંથી લાયક વરને કન્યા મળતાં વાર ન લાગે. એવા વરે એક પણ દોકડો ન દેવાલેવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. વળી પેલી ૧૫૦ વિધવા બહેનોમાંની જે બાળવિધવાઓ હોય તેમની સાથે લગ્ન કરવાની જૈન યુવકોની તૈયારી રહેવી જોઈએ. એટલું જ નહીં પણ જ્યાં લગી એવી વિધવા મળે ત્યાં લગી કુંવારી કન્યાને શોધવાનો પ્રયત્ન ન કરવો ઘટે.

જૈન અને બીજા સાધુઓ, ધર્મગુરુઓની અત્યારે બહુ આશા રાખવી ફોગટ માનું છું. તેમની પાસે પણ પેટનો મહાપ્રશ્ન છે, અથવા તેમણે તેને મહાપ્રશ્ન કરી મૂક્યો છે. તેથી લોકમત વિરુદ્ધ જઈ સુધારણા કરવાની સલાહ તેઓ એકાએક આપતા નથી. કેટલાક અપવાદરૂપે સુધારણા કરવા મથી રહ્યા છે, તો તેમની વાત સાંભળવા લોકો તૈયાર નથી થતા. સુધારણા કરવાવાળા સાધુઓ એટલું ચારિત્રબળ નથી રાખતા કે જેનો પ્રભાવ લોકો ઉપર પડે. આ સાધુ વર્ગનો ઉદ્ધાર થાય તો બીજાનો ઉદ્ધાર એની મેળે થાય એમ છે. પણ તે વર્ગમાં સાધુને નામે અત્યારે અસાધુએ પ્રવેશ કર્યો છે, ને ઘણા ધર્મને નામે અધર્મ અથવા વહેમોનો પ્રચાર કરે છે.

Gandhi Heritage Portal

પેલા ૪૨ વર્ષના એક પત્ની જીવતાં છતાં બીજીને પરણવા તૈયાર થનારને સમજાવવાનું કામ મુશ્કેલ છે. તેને કોણ સમજાવે કે સંતતિજનનનો ધર્મ નથી. એક સ્ત્રીથી સંતુષ્ટ રહેવું મનુષ્યનો ધર્મ છે. પુત્રની ઉંમરનાં જેટલાં બાળકો જોવામાં આવે તેમને પુત્ર ગણવાની ભાવના કેળવવી જોઈએ. હિંદુસ્તાન જેવા કંગાળ મુલકમાં તો અસંખ્ય બાળકો માબાપ વિનાનાં રવડે છે. આવી સ્થિતિમાં પુત્ર વિનાના જો એક એક આવા બાળકને પોતાનો કરી પાળે ને ઉછેરે તો તેઓ પુણ્ય કર્મ કરે ને વિષય કર્યા વગર પુત્ર હોવાનો લાભ ઉઠાવે. દત્તક લેવાની પ્રથા હિંદુ ધર્મમાં પ્રચલિત અને પ્રસિદ્ધ છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૨–૮–૧૯૨૮

# ૧૯૯. યંત્રોના ઉપયોગ વિશે

સ્વ૦ મગનલાલે મને ઘણા પ્રજોપયોગી કાગળો લખેલા. પણ મારા સ્વભાવ પ્રમાણે તે મેં ફાડી નાંખેલા. વળી તેમને મારા પહેલાં મરવું છે એવું મેં કદી ધાર્યું જ નહોતું. પણ મરતાં પહેલાં પંદરેક દિવસે લખાયેલો એક કાગળ મારી પાસે રહી ગયેલો તેમાંનો ઉપયોગી ભાગ નીચે આપું છું:[1]

આ બંને ટીકાઓ વિચારવા યોગ્ય છે. ગમે તે પ્રદર્શનમાં આપણને ઝંપલાવવાની આવશ્યકતા ન હોય. પ્રદર્શનમાં આવતી પ્રત્યેક ચીજને વિશે જ્ઞાન ને વિવેકબુદ્ધિ હોય તો જ પ્રદર્શનનો સદુપયોગ લોકો કરે. આપણાં કેટલાક પુરાણાં ઘરગથ્થુ યંત્રોના પૂરા અનુભવ વિના તેમનો ત્યાગ કરવાથી આપણને કેટલું નુકસાન ગયું છે તેનો હિસાબ કરવા કોણ સમર્થ છે? જેમ પુરાણું બધું સારું જ છે એમ કહેવું બેહૂદું ગણાય તેમ જ પુરાણું માટે નકામું એમ કહેવું પણ બેહૂદું છે. યંત્રનો કોઈ વિરોધ નથી કરતું. વિરોધ યંત્રના દુરુપયોગનો, અતિઉપયોગનો છે. ચેતનમય શક્તિથી ચાલતાં યંત્રો ઉપર ૧૫ ટકા જકાત છે ને જડ શક્તિથી ચાલતાં યંત્રો ઉપર ૫ ટકા છે એ વાતની મને તો ખબર ન જ હતી, વાંચનારમાંથીયે ઘણાને નહીં હોય. પણ આ ભેદના જ્ઞાનથી આશ્ચર્ય નથી થતું. કેમ કે ભેદનીતિ મેં જ્યારે સરકારની પ્રત્યેક કૃતિમાં જોઈ ત્યારે જ મને અસહકાર સૂઝ્યો.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૨–૮–૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. ખેતીવાડીનાં પ્રદર્શનોમાં બતાવવામાં આવતાં યંત્રો તથા ઓજારોની ઉપયોગિતા બાબતમાં મગનલાલે શંકા ઉઠાવી હતી, તથા સરકારી ભેદભાવવાળી જકાતનીતિની ટીકા કરી હતી. સરકારી નીતિ વરાળથી કે તેલથી ચાલતાં યંત્રોની આયાતને ઉત્તેજન આપતી હતી ને તેથી બળદથી કે હાથથી ચલાવી શકાય એવાં યંત્રોના ઉત્પાદનને નુકસાન થતું હતું.

Gandhi Heritage Portal

# ૨૦૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

બારડોલી,
ઑગસ્ટ ૧૨, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળો મળ્યા છે. કાગળોની શુષ્કતા વિશે હવે વધારે નહીં લખું.

સુદામાને વિશે સુશીલાએ જે પ્રશ્ન પૂછ્યો છે તેનો જવાબ આ છે. સુદામા કોઈ ઐતિહાસિક વ્યક્તિ હતા કે નહીં તેનું આપણે કશું જાણતા નથી.

ભાગવતમાં સુદામા વિશે શું છે એ મને યાદ નથી. આપણી પાસે તો જે છે તે નરસિંહ મહેતાએ અને પ્રેમાનંદે લખેલું છે તે છે. એ બંને કાલ્પનિક વૃત્તાંતો છે. કવિઓને જેમ યોગ્ય લાગ્યું તેમ ચીતરેલાં એ ચિત્રો છે. તેથી તેના શબ્દે શબ્દ લઈને અમુક સ્થિતિની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર ન કરાય. મને તો પતિપત્ની બંને રૂડાં લાગે છે. ભક્તિનો મહિમા બતાવવાને સારુ રચાયેલાં એ કાવ્યો છે. તે રચતાં સ્ત્રી ઘરને શોભાવનારી, તેની રક્ષા કરનારી ને ચિંતા કરનારી આલેખી છે. ભક્તિ આધીન સુદામા પોતાનો વ્યવહાર જેમતેમ ચલાવી લે છે. સ્ત્રીને બાળબચ્ચાંની રખેવાળી કરવી છે તેથી તે વિરક્ત સુદામાને જાગ્રત કરે છે. ભક્ત સ્વાર્થ દૃષ્ટિએ કંઈ માંગે જ નહીં તેથી સુદામા સંકોચાય છે. પણ સુદામાની માગણી સ્વાર્થી લાગતાં છતાં નિ:સ્વાર્થ છે. સ્ત્રીના પ્રેરાયેલા તે ઉદાસીનભાવે કૃષ્ણ પાસે આવ્યા છે ને પાછા જાય છે. એટલે આપણે તો એમાંથી ભક્તિરસ ચૂસવાનો રહ્યો છે. એ કાવ્યમાંથી સ્ત્રીપુરુષો વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ તે ઘટાવાય નહીં. એને સારુ આપણે બુદ્ધિનો ઉપયોગ કરી જે યોગ્ય છે તે કરીએ. પ્રાચીન દૃષ્ટાંતોને લઈ તેને આજની બુદ્ધિના ચોકઠામાં બેસાડવાનો પ્રયત્ન નિરર્થક, અનાવશ્યક ને કેટલીક વાર હાનિકર છે. આજનું આપણું વર્તન આપણે નીતિના સિદ્ધાંતોને અનુસરીને સ્વતંત્ર રીતે ઘટાવીએ.

મણિલાલનું શાસ્ત્રીજી[1] વિશેનું વિચારસ્વાતંત્ર્ય મને પ્રિય છે પણ વિચારમાં હું દોષ જોઉં છું. પ્રત્યેક મનુષ્યને સારુ નોખું માપ હોય છે. હાથીના ગજથી ઘોડાને માપીએ તો બંનેને અન્યાય થાય. પોતાના ક્ષેત્રમાં બંને શોભે કે ન શોભે એવા હોય. ઘોડાને ઘોડાના માપે ને હાથીને હાથીના માપે માપતાં જે નાપાસ થાય તે નાપાસ ગણાય. શાસ્ત્રીજીને સત્યાગ્રહના માપે માપતાં તેમને ગેરઈન્સાફ થાય. તે સરકારની નોકરી કરતાં છતાં પ્રજાની કેટલી કરે છે એ જોવા બેસીએ ત્યારે એમ માલૂમ પડશે કે તે અદ્વિતીય છે. પછી જો એ સત્યાગ્રહ ક્ષેત્રમાં ઝંપલાવે તો તેમાં પણ અદ્વિતીય થાય એમ બને. શાસ્ત્રીજીના જેટલો સંતોષ પ્રામાણિકપણે બીજું કોઈ નહીં આપી શકે એવી મારી માન્યતા છે. એ જે કરે છે તે શુદ્ધ અંત:કરણથી કરે છે એવો મારો અભિપ્રાય છે.

શાસ્ત્રીજીની મારફતે ખબર પડે છે કે હવે સુશીલા ઠીકઠીક અંગ્રેજી બોલતી થઈ છે. આવી આવી તમારી જાતને વિશેની ખબર તમારી પાસેથી મળવાની આશા હું રાખું.

૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી.

Gandhi Heritage Portal

બારડોલીની સમાધાની થઈ ગઈ છે તેથી હવે હું પાછો આશ્રમ જાઉં છું. બા અને મહાદેવ મારી સાથે છે. સુબૈયા પાછળથી આવી ગયેલ છે. પ્યારેલાલ, રામદાસ અને રસિક તો અહીં પહેલેથી જ આવ્યા હતા. તેઓનું શું થશે એ હવે નક્કી થશે. દેવદાસ દિલ્હીમાં – જામિયા-મિલિયામાં છે. પ્રભુદાસ આલમોડા છે. આશ્રમમાં હાલ એક સંયુક્ત જ રસોડું ચલાવવાનો ધારો થયો છે એટલે હવે નોખા જમનારા બહુ થોડા રહ્યા છે. નવા વર્ષ પહેલાં એ પણ બંધ થવા જોઈએ. હાલ એક રસોડે લગભગ ૧૪૦ માણસ જમે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૭૪૨

## ૨૦૧. બારડોલીમાં ભાષણ[૧]

[ઑગસ્ટ ૧૨, ૧૯૨૮][૨]

આજના કામનો આરંભ આપણે ઈશ્વરભજનથી કર્યો છે. આપણને ચેતવણી મળી ગઈ છે કે વિજયનો ગર્વ કરવાનો ન હોય. પણ વિજયનો ગર્વ ન કરીએ એટલું બસ નથી. એટલું કહેવું કે બારડોલીનાં ભાઈબહેનોએ પોતાનાં પરાક્રમથી જશ પ્રાપ્ત કર્યો તે પણ બસ નથી, વલ્લભભાઈ જેવા સરદારના અથાક પ્રયત્નથી જય મળ્યો એ સાચું તોપણ એટલું બસ નથી. એમને વફાદાર, મહેનતુ અને સાચા સાથી નહીં મળ્યા હોત તો જય ન જ મળી શકત. પણ એટલું કહેવું તેયે બસ નથી.

સત્યાગ્રહનો એવો નિયમ છે કે કોઈને દુશ્મન ન ગણીએ, પણ એવા મનુષ્યો હોય છે જેને આપણે દુશ્મન ન ગણીએ તોપણ આપણને દુશ્મન ગણે ને પોતાને આપણા દુશ્મન મનાવે. આપણે તેવા મનુષ્યોનો નાશ નહીં, હૃદયપલટો ઇચ્છીએ.

અનેક વાર સરદારે તમને તેમ જ સરકારને સંભળાવ્યું હશે કે જ્યાં સુધી સરકારી અમલદારોનો હૃદયપલટો નહીં થાય ત્યાં સુધી સમાધાન થવું શક્ય નથી. હવે સમાધાન થઈ શક્યું છે તો ક્યાંક હૃદયપલટો થયો જ હશે. સત્યાગ્રહી એવો ગર્વ સ્વપ્ને પણ ન કરે કે પોતાના બળથી તેણે કાંઈ કર્યું છે. સત્યાગ્રહી એટલે તો શૂન્ય, સત્યાગ્રહીનું બળ એ ઈશ્વરનું બળ છે. તેના મોંમાં એ જ હોય: 'નિર્બલ કે બલ રામ.' સત્યાગ્રહી પોતાના બળનું અભિમાન છોડે તો જ ઈશ્વર તેને મદદ કરે. ક્યાંક હૃદયપલટો થયો હોય તેને માટે ઈશ્વરનો આપણે આભાર માનીએ. પણ તે આભાર પણ પૂરતો નથી.

એ હૃદયપલટો ગવર્નરસાહેબનો થયો એમ આપણે માનવું જોઈએ. જો તેમનો હૃદયપલટો ન થયો હોત તો શું થાત? જે કંઈ થાત તેનું આપણને તો કશું દુઃખ નહોતું. આપણે તો પ્રતિજ્ઞા લીધેલી હતી અને ભલે તોપ લાવે તોપણ આપણને તેની ચિંતા નહોતી. આજે જયનો ઉત્સવ કરીએ, હર્ષ મનાવીએ, એ ક્ષંતવ્ય છે. પણ તે સાથે તેને સારુ જવાબદાર ગવર્નર છે

૧. મહાદેવ દેસાઈના "અમૃતવાણી" નામના લેખમાંથી.
૨. યંગ ઇન્ડિયા, ૧૩–૯–૧૯૨૮ પરથી.

Gandhi Heritage Portal

એમ હું તમને મનાવવા ઇચ્છું છું. જો તેમણે તેમના ધારાસભાના ભાષણમાં બતાવી તે જ અકડાઈ કાયમ રાખી હોત, અને નમતું ન આપ્યું હોત, અને જો તે ઇચ્છત કે બારડોલીના લોકને ગોળીબારથી ઉડાડી દેવા તો તે આપણને મારી શકત. તમારી તો પ્રતિજ્ઞા હતી કે તે મારવા આવે તોપણ તમે સામે મારવાના નથી; મારવાના નથી તેમ પૂંઠ પણ બતાવવાના નથી, તમે તેમની ગોળી સામે લાકડી કે આંગળી સરખી ઉપાડવાના નથી. તમારી એ પ્રતિજ્ઞા હતી. એટલે જો ગવર્નરે ઇચ્છયું હોત તો બારડોલીને જમીનદોસ્ત કરી શકત. તેમ કરવાથી બારડોલીનો તો જય જ થાત, પણ તે જુદા પ્રકારનો જય હોત. તે જય ઊજવવા આપણે જીવતા ન હોત, આખું હિંદુસ્તાન, આખું જગત તેની ઉજવણી કરત. પણ એટલું કઠણ હૃદય આપણે કોઈમાં — અમલદારમાં પણ—ન ઇચ્છીએ. આ બારડોલી તાલુકાની જંગી સભા કે જ્યાં ૧૯૨૧ની[૧] મહાન પ્રતિજ્ઞા લેનારા ભેગા થયા છો, ત્યાં આ વાત આપણે રખે ભૂલીએ. આપણામાં ક્યાંક પણ અભિમાન છુપાયેલું હોય તો તે કાઢવા મેં આટલી પ્રસ્તાવના કરી લીધી.

હું તો દૂર રહ્યો રહ્યો તમારો જય ઇચ્છતો હતો, પણ તમારી વચ્ચે આવીને કામ કરનારો નથી એ વાત સાચી છે. જોકે હું વલ્લભભાઈના ખિસ્સામાં હતો અને જે ક્ષણે ધારત તે ક્ષણે મને તે બોલાવી શકતા હતા, પણ આ તમારા જયનો યશ હું ન જ લઈ શકું. આ જય તમારો અને તમારા સરદારનો જ છે, અને તેમાં ગવર્નરનો ભાગ છે અને તેમનો ભાગ હોય તો તેમના અમલદારવર્ગનો, ધારાસભાના સભ્યોનો પણ ભાગ તેમાં હોય જ. જે કોઈએ શુદ્ધ હૃદયથી સમાધાનીની ઇચ્છા કરી તે સૌનો આ જયમાં ભાગ સ્વીકારવો જોઈએ. આ જય માટે ઈશ્વરનો આપણે પાડ માનીએ જ. પણ ઈશ્વર તો અલિપ્ત રહી માટીનાં પૂતળાંને નિમિત્ત બનાવી કાર્યો કરાવે છે. એટલે બાકીનાને જેમને જેમને ઘટે છે તે સૌને આ યશ આપણે વાંટી દઈએ. પછી આપણે પોતાને ભાગે ઓછું જ રહેવા પામશે અને ઓછું રહે તે જ ઠીક. આ તો હજી તમારી પ્રતિજ્ઞાના પૂર્વાર્ધનું પાલન થયું છે. તેનો ઉત્તરાર્ધ હજી અમલમાં મૂકવાની બાકી છે. સરકાર પાસેથી લેવાનું હતું તે તો આવ્યું, અને તેણે પોતાનો ભાગ આપ્યો તો હવે તમારે જૂનું મહેસૂલ તરત આપી દેવું જોઈએ. એટલે હવે તે તરત આપી દેજો. વળી હવે જેઓએ આપણો વિરોધ કર્યો હોય તેમની હવે મિત્રતા કરી લેજો. જૂના અમલદારો જે હજુ આ તાલુકામાં રહ્યા હોય તેમની સાથે પણ મિત્રતા કરી લેજો. નહીં તો તમે તમારી પ્રતિજ્ઞા ભંગ કરી કહેવાશે. આપણી પ્રતિજ્ઞાના પહેલા ભાગ માટે સરકાર પાસે જવાનું હતું. આ ઉત્તરાર્ધ આપણે પોતે જ સિદ્ધ કરવાનો છે. હૃદયમાં કોઈને માટે ગાળ ન રહે, કોઈને માટે ક્રોધ ન રહે, એમ કરવું એ આપણી પ્રતિજ્ઞાનો પાળવો રહેલો ભાગ છે.

હવે તેથીયે આગળ ચાલીએ. આ પ્રતિજ્ઞા એ તો આપણી નવી અને નાની સરખી જ પ્રતિજ્ઞા છે. તે તો સમુદ્રમાંનું બિંદુ છે. ૧૯૨૨માં જે પ્રતિજ્ઞા આ તાલુકામાં લેવાઈ હતી તે ભીષણ પ્રતિજ્ઞા હતી. એ ભીષ્મ પ્રતિજ્ઞા હજુ બાકી છે. તેના પાલનને માટે તમે આ તો તાલીમ લીધી છે. હવે એ મહાપ્રતિજ્ઞાનું પાલન પણ કરો એ હું તમારી અને ઈશ્વરની પાસે માગું છું.

જે સરદારની આગેવાની નીચે રહી તમે આ પ્રતિજ્ઞાનું આવું સુંદર પાલન કર્યું એ જ સરદારની નીચે એ પણ કરો. આવો સ્વાર્થત્યાગી સરદાર તમને બીજો નહીં મળે. એ મારા સગા ભાઈ જેવા છે છતાં એટલું પ્રમાણપત્ર તેમને આપતાં મને સંકોચ નથી થતો.

૧. જુઓ પુસ્તક ૨૨, પા. ૯૯–૧૦૦.

Gandhi Heritage Portal

છાતીમાં ગોળી ખાવી એ હું એટલું કઠણ નથી માનતો પણ રોજ કામ કરવું, ક્ષણેક્ષણે પોતા સાથે લડાઈ કરવી, પોતાની આત્મશુદ્ધિ કરવી એ કઠણ કામ છે. ગોળી તો બે રીતે બે જણ ખાઈ શકે છે. ગુનેગાર પણ ગુનો કરીને ખાય છે, પણ તેનાથી કંઈ સ્વરાજ મળે? આત્મશુદ્ધિ કરીને જે ગોળી ખાવામાં આવી હોય તે જ સ્વરાજ લાવવાને સમર્થ છે. અને તે મુશ્કેલ છે. જેને ખાવાનું નથી, જેની પાસે પીવાનું નથી, જેને પહેરવાનું નથી, તેને ખાતા-પીતા કરવા, ઉદ્યમી કરવા, તેને ઓઢાડવા — તેમાં ફાળો આપવો એ મુશ્કેલીનું કામ છે. ઉત્કલવાસીઓની કેવી દીનહીન દશા છે તે તમે ઘણી બહેનો અને ભાઈઓ જાણતા નહીં હો. ત્યાંના હાડપિંજરની વાત મેં ખાસ કરીને બહેનોને ઘણી વાર કરી છે. જો તે તમને કહેવા બેસું તો તમારી અને મારી આંખોમાંથી આંસુ ખરે. તમને અતિશયોક્તિ લાગશે, પણ ત્યાં તમને લઈ જાઉં તો તમે એ બધું નજરે જુઓ. હાડપિંજરમાં કંઈક ચરબી અને માંસ પૂરવાં એ કામ મુશ્કેલ છે. પણ એ આપણી પ્રતિજ્ઞા છે.

એ પ્રતિજ્ઞાનું પાલન ન કરો ત્યાં સુધી તમારે માથે કરજ રહેલું છે એમ સમજજો. તે કરજ ફેડવાની ઈશ્વર તમને અને આપણને સૌને સન્મતિ અને શક્તિ આપો.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૯–૮–૧૯૨૮

## ૨૦૨. બારડોલીના સ્વયંસેવકો સમક્ષ ભાષણ[૧]

### વણપળાયેલી પ્રતિજ્ઞા

ઑગસ્ટ ૧૨, ૧૯૨૮

મારે તમને એ વાત યાદ આપવી હતી કે ૧૯૨૨માં ઊલટતપાસ[૨] પછી જે પ્રતિજ્ઞા લીધી હતી તે આજે હજુ કાયમ છે. તે પ્રતિજ્ઞા એક વખત જ નથી લેવાઈ. અનેક વખત પાછળથી પાકી કરવામાં આવી છે. વાઈસરૉય પરનો કાગળ પાછો ખેંચ્યો તે સાથે પ્રતિજ્ઞા કાંઈ પાછી ખેંચી નથી. લોકો સાથે મસલત પછી એ પ્રતિજ્ઞાના પાલન માટે સંગઠન પણ તાલુકામાં કરવામાં આવ્યું. બારડોલીની અંદર ચાલતા રચનાત્મક કામની એ ઉત્પત્તિ. એ કામ કંઈ અહીં બધું વગર અડચણે, સરળપણે થયું છે એમ નથી. અહીં સ્વયંસેવકોને કેવી વિપત્તિઓમાંથી પસાર થવું પડયું, ભાઈ નરહરિને[૩] ઉપવાસ કરવા પડ્યા, એ તો એક ઐતિહાસિક બનાવ છે, પણ એમાં આજે હું ઊતરવા ઇચ્છતો નથી. આ પ્રતિજ્ઞાનું પાલન થયું નથી ત્યાં સુધી કોઈથી નિશ્ચિંત બેસી શકાય નહીં.

તેથી જોકે ઉત્સવ ઊજવવા તમે ભેગા થયા છો, તોપણ ફરજનું ભાન ભૂલો નહીં એટલા માટે ઉત્સવને આત્મનિરીક્ષણ સારુ વાપરી લો. સ્વયંસેવક તો પોતાના ઉત્સવોને તેમ જ વાપરે.

૧. મહાદેવ દેસાઈના "અમૃતવાણી" નામના લેખમાંથી.
૨. જુઓ પુ. ૨૨, પા. ૨૯૨–૮.
૩. નરહરિ પરીખ; એમને સોંપાયેલ ગામડાંના લોકો, દૂબળાઓ તરફનું પોતાનું અમાનુષી વર્તન સુધારવા તૈયાર નહોતા તેથી તેઓ ઉપવાસ પર ઊતર્યા હતા.

Gandhi Heritage Portal

આ વિજય એ તો સમુદ્રમાંનું બિંદુ માત્ર છે. જ્યાં આવી સરદારી હોય ને નિયમપાલન કરનારા સ્વયંસેવકો હોય ત્યાં આવા વિજય મેળવવા એ હું ભારે નથી માનતો. આમાં રાજ્યની સત્તા પર હાથ નાંખવાનો નહોતો. અમુક અન્યાયના સંબંધમાં ઇન્સાફ જ માગવામાં આવ્યો હતો. મારો વિશ્વાસ છે કે આ સત્યાગ્રહની રીતે આવા ઇન્સાફ જેટલી સહેલાઈથી મેળવી શકાય છે તેટલી સહેલાઈથી બીજી કોઈ રીતે મેળવવા શક્ય નથી.

### સત્યાગ્રહનો પ્રતાપ

હિંદુસ્તાને આ લડતથી આટલું આશ્ચર્યચકિત થવાનું કંઈ કારણ નથી. પણ તેને આશ્ચર્ય લાગ્યું તેનું કારણ છે. સત્યાગ્રહ પરનો વિશ્વાસ ડગી ગયો હતો. હિંદુસ્તાન પાસે તેનો આટલો જબરદસ્ત બીજો દાખલો નહોતો. બોરસદ, નાગપુરના દાખલાઓ થઈ ગયા એ ખરું. અને મેં કોઈ જગાએ હજુ દર્શાવ્યું નથી, છતાં હું માનું છું કે નાગપુરનો વિજય પણ સંપૂર્ણ હતો. આપણે સારે કે નઠારે નસીબે તે વખતે આપણને टाइम्स ऑफ इन्डियाना પ્રતિનિધિ જેવો આપણી જાહેરાત કરનાર કોઈ ન મળેલો. તેની વગોવણીથી હિંદુસ્તાનમાં જ નહીં, પણ આખા જગતમાં બારડોલીની પ્રસિદ્ધિ થઈ છે. બાકી આપણે કંઈ એવું ભારે કરી નાંખ્યું નથી. ભારે તો ત્યારે કર્યું ગણાશે કે જ્યારે ૧૯૨૧ની અધૂરી રહી ગયેલી પ્રતિજ્ઞાનું પાલન કરીએ, તે નથી કર્યું ત્યાં સુધી બારડોલી પર એની જવાબદારી રહેલી છે. હું હમણાં કહેવા જતો હતો કે પ્રતિજ્ઞા પાલન કરીએ ત્યારે જ બારડોલી પર કલંક આવ્યું છે તે દૂર થાય. પણ મેં એ શબ્દ પાછો વાળી લીધો. કલંક આપણે ન કહીએ, કારણ બારડોલીમાં ન થયું તે કંઈ બારડોલી બહાર પણ ક્યાંયે આપણે કરી શક્યા નથી. પણ એને જવાબદારી ઉઠાવવાની કહો કે કલંક ધોવાનું કહો તેનો સમય હજુ બાકી જ છે. એ કરવામાં આ લડત મદદરૂપ થઈ પડશે તે માટે મેં તેને વધાવી લીધી છે.

### સોળ આની જીત

આપણું કેવું સદ્‌ભાગ્ય કે બારડોલીમાં જ આવી લડતનો પ્રસંગ આપણને મળ્યો ને તેમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ. જે માગ્યું તે સોળે સોળ આના મળ્યું. આપણે માગી તેનાથી બીજી ઘણી શરતો માગી શકતા હતા. તપાસની શરતોમાં આપણે કહી શકતા હતા કે મહેસૂલ ઊઘરાવતાં જે જે જુલમો કરવામાં આવ્યા છે તેની તપાસ કરવી જોઈએ. પણ એવી માગણી આપણે નથી કરી એ વલ્લભભાઈની ઉદારતા. સત્યાગ્રહીને તાત્ત્વિક વસ્તુ મળે એટલે તે રાજી થાય છે, અને લોભ કે આગ્રહ રાખતો નથી.

### હવે શું કરવું?

ત્યારે હવે આપણે શું કરવું? આ ઉત્સવને આત્મનિરીક્ષણનો અવસર બનાવી દઈએ. જે સ્વયંસેવકો આ લડત પૂરતા જ આવ્યા હતા, લડત આટોપાય કે તરત પાછા જવાનું ધારીને આવ્યા હતા, તે જાય જ. પણ જેને તેમ જવાની જરૂર નથી, જે સ્વયંસેવક ઉપર વલ્લભભાઈની નજર ઠરી હોય તેઓ તો અહીં જ રહે. અને એમ જાણે કે આ જ કામ કરવા યોગ્ય છે. એ કામ તમારી કસોટી કરનારું નીવડશે.

### યોદ્ધાઓ કેવળ લડાયક હોય છે?

જો કોઈ એમ જાણતા હો કે હિંદુસ્તાનનું સ્વરાજ્ય લડાયક થઈને જ લઈ શકાશે તો તે ભ્રમ છે એમ હું કહેવા ઇચ્છું છું. હિંસક લડાઈમાં પણ યોદ્ધાઓ આખો વખત યુદ્ધના

Gandhi Heritage Portal

જ વિચાર કરતા હશે એમ કોઈ માનતું હોય તો તે ભૂલ છે. ગૅરીબાલ્ડી એ તો ઇટાલીનો મહાન સેનાપતિ થઈ ગયો. લડવામાં તે ભારે વીરતા બતાવી ગયો; પણ લડાઈ ન હોય ત્યારે તો તે હળ હાંકીને ખેતી કરતો હતો. દક્ષિણ આફ્રિકાનો જનરલ બોથા કોણ હતો? બારડોલીના ખેડૂત જેવો એક ખેડૂત હતો. ૪૦ હજાર તો તે ઘેટાં રાખતો. ઘેટાંની તેના જેવી પરીક્ષા કોઈ ભરવાડ પણ કરી શકતો નહીં. તે વિદ્યામાં તે પૅરિસની પરીક્ષામાં પાસ થયો હતો. તેણે લડવૈયા તરીકે નામના કાઢી, પણ લડાઈના પ્રસંગ તો તેની જિંદગીમાં ઓછા હતા. રચનાત્મક કામમાં જ જિંદગીનો વધુ ભાગ તેણે ગાળ્યો હતો. એટલો મોટો ધંધો ચલાવનારને કેટલી રચના-કૌશલ્યની જરૂર પડી હશે. ત્યાર પછી જનરલ સ્મટ્સનો દાખલો લઈએ. એ એકલો જનરલ જ નથી, એ તો ધંધે વકીલ છે. વકીલાતમાં ઍટર્ની જનરલ હોવા સાથે એટલો જ કુશળ ખેડૂત હતો. પ્રિટોરિયા પાસે તેની વિશાળ જમીનદારી આવેલી છે. ત્યાં જેવી સુંદર ફળફળાદિની વાડી છે તેવી એ આખા પ્રદેશમાં બીજા પાસે ભાગ્યે જ હશે. આ બધા જગતના જાણીતા જનરલો હોવા છતાં રચનાત્મક કાર્યના ફાયદા સારી પેઠે સમજેલાનાં દૃષ્ટાંતો છે.

આ બધી જાહોજલાલી દક્ષિણ આફ્રિકામાં કાંઈ મૂળથી જ નહોતી. ત્યાં તો હબસી લોકો રહેલા. પછી નવા લોકોએ આવીને મુલક વસાવ્યો. પણ શું તેઓએ લડાઈ કરીને વસાવ્યો હતો? લડાઈથી તો મુલક સર કરાય, પણ વસાવાય તો રચનાત્મક કાર્યથી જ. તમે સૌએ લડતમાં તો વલ્લભભાઈની સરદારી સ્વીકારી. હવે રચનાત્મક કાર્યમાં પણ વલ્લભભાઈની સરદારી સ્વીકારી શકશો ખરા? એ તમારાથી બની શકશે? એ નહીં બને તો કરી કમાણી ધૂળ મળવાની છે એ યાદ રાખજો. પછી એક લાખ રૂપિયા બારડોલીના ખેડૂતોના બચ્યા તોયે શું અને ન બચ્યા તોયે શું?

## સફાઈ અને દુરસ્તી

બારડોલી ગામના રસ્તા જુઓ. અહીં રહેનાર સ્વયંસેવકોને સારુ એને સાફ કરવા એ એક દિવસનું કામ છે. તે પછી તો હમેશાં અડધો કલાક વખત આપી લોકને શીખવે તોયે બસ થાય. તમે પૂછશો કે એને ને સ્વરાજને શો સંબંધ? હું કહું છું કે બહુ નિકટનો સંબંધ છે. અંગ્રેજ સાથે લડીને જ સ્વરાજ નથી આવવાનું. જ્યાં આપણી સ્વતંત્રતામાં દખલ કરે ત્યાં લડીએ. પણ શું આપણે જંગલી માણસોના જેવું સ્વરાજ જોઈએ છે કે અંગ્રેજો જાય ત્યાર પછી ગમે તેમ રહીએ, ગમે ત્યાં ગંદકી કરીએ? કાલે જ અમે વાલોડથી બારડોલી મોટરમાં આવ્યા. એવા રસ્તામાં મારા જેવો નબળો માણસ તો થાકી જ જાય. તેમાં કોનો વાંક? તેમાં સરકારનો જ વાંક કાઢવો ન જોઈએ. આપણો પણ વાંક તેમાં રહેલો છે. ગુજરાતના જેવી ચંપારણ્યમાં પણ સ્થિતિ હતી અને ત્યાં સ્વયંસેવકોએ રસ્તા દુરસ્ત કર્યા હતા. હું એમ નથી સૂચવવા ઇચ્છતો કે કાલે અમારે જવું હતું તેથી રસ્તાની ફરિયાદ કરું છું. પણ રસ્તાને હમેશાં આપણે જ સારા રાખતા થવું જોઈએ. એ કરવાની ફરજ ભલે સરકારની હશે, પણ આપણે જો એટલી સેવા કરીએ તો સરકાર કાંઈ ના નહીં જ પાડે.

છાવણીઓએ આરોગ્યના નિયમનો કેટલે અંશે પ્રચાર કર્યો છે? આમાં તો છૂતઅછૂતનો પ્રશ્ન નથી ને? આ તો એ પ્રશ્ન છે કે આપણી દિલસોજી જે લોક સાથે આપણે રહીએ છીએ તેમની સાથે કેટલી છે? જો પોતાની આસપાસનું જ આંગણું સાફ રાખવાથી આપણે સંતોષ માની લઈએ તો સ્વરાજ ન લઈ શકીએ. જ્યારે લોક તરફથી આટલો સહકાર ને

Gandhi Heritage Portal

અનુકૂળતા છે તો આ તાલુકાની જમીનને સુવર્ણભૂમિ કરી શકાય. અહીંની કાળી માટી તો સુવર્ણ જેવી છે જ. જો તેના રસ્તાઓ સાફ રાખીએ તો વીંછી, સાપ વગેરેની જે ફરિયાદો રહે છે તે પણ ગામડાંમાંથી કાયમની ટળે. હું તમને મનાવવા ઇચ્છું છું કે આ કામ સ્વરાજનું જ અંગ છે.

### મદ્યપાનનિષેધ

તેટલી જ દારૂના પ્રશ્નને લેવાની આપણી ફરજ છે. એમાં સરકાર શું મદદ કરી શકે? તે બહુ તો પીઠાંના ઇજારા ન આપે. પણ લોકને પીવાની આદત પડી છે તેને સરકાર કેમ સુધારી શકે? જે દિવસે ૨૫ કરોડની ઊપજ બંધ કરવાની શકિત સરકાર બતાવવા તૈયાર થશે તે દિવસે પણ લોક પાસે મદ્ય છોડાવવા ફૂલચંદભાઈની ભજનમંડળીને જ જવું પડશે. લોકના ઘા એ રીતે માથા ઉપર ઝીલવા તૈયાર થશો? હિંદુ અને મુસલમાન એક બીજાનાં માથાં ફોડતા હોય ત્યાં છાતી પર ગોળી ઝીલવા તમે તૈયાર થશો? તેની સામે આવો જ શુદ્ધ સત્યાગ્રહ કરી શકશો? ૧૯૨૧માં[૧] દારૂ પર ચોકી શરૂ કરેલી પણ આપણાએ જ તે વખતે ત્રાસ છોડાવ્યો હતો. જેઓ પોતે પીનારા હતા તેમણે જ બીજાના પર જુલમ ગુજાર્યો. તેથી જ તે કામ બંધ કરવું પડેલું.

### રેંટિયાશાસ્ત્રી બનો

ત્યાર પછી રેંટિયા પર આવીએ. રેંટિયા વિશે તમારી શ્રદ્ધા જામેલી છે? તમને એટલી શ્રદ્ધા બેઠી છે કે રેંટિયો ન હોત તો આ લડત શકય જ ન બનત? રાનીપરજમાં કેટલાક સુંદર સેવકોએ રેંટિયાથી સારી છાપ પાડી અને તેમની પ્રીતિ સંપાદન કરી હતી એ વસ્તુ જો સમજ્યા હો તો રેંટિયાશાસ્ત્રી થવા તૈયાર થશો? રામ કે અલ્લાહનું નામ લેતા કે મૂંગા મૂંગા રેંટિયાનું કામ કરશો? આજ આખા દેશમાં ત્રાક સુધારનાર માત્ર છ કે સાત માણસ છે. ઠરડ વિનાની ત્રાક હોવી જોઈએ એ શોધ તો રેંટિયાયુગ શરૂ થયો ત્યારથી જ થઈ. મૈસૂર રાજ્ય તરફથી રેંટિયાની પ્રવૃત્તિ થઈ રહી છે. તેમણે પણ સીધી ત્રાક બનાવવાનો પ્રયત્ન કરી જોયો છે. ત્યાંથી નમૂના આવ્યા પણ બધી ત્રાકો પાછી મોકલવી પડી. લક્ષ્મીદાસ શુદ્ધ ત્રાક માટે જર્મની સાથે પત્રવહેવાર કરી રહ્યા છે. જો દરેકને રસ પડી શકે તો સૌ પોતપોતાને હાથે કરી લઈ શકે. ત્રાક સીધી કરતાં જો દરેકને આવડે તો કેટલું સરળ કામ થાય? રેંટિયાપ્રવૃત્તિમાં આવી જે બે ચાર આંટી છે તે ઉકેલીએ તો આ જ રેંટિયા મારફત ઘણું વધારે કામ લઈ શકીએ. એ કામમાં સરદાર તમને રસ પાડી શકશે? અથવા તમે કહેશો કે વલ્લભભાઈ એવું કામ નહીં બતાવે, એ તો પેલો સાબરમતીવાળો લપલપ કર્યા કરશે? પણ તેને એ સિવાય બીજું કંઈ ન આવડે ત્યારે શું કરે?

### દલિત કોમોનો કોયડો

તે પછી ભયંકર કોયડો અંત્યજનો છે. તેમાં જ દૂબળાઓનો પ્રશ્ન સમાઈ જાય છે. રાની-પરજ સાથે ઉજળિયાત કહેવાતો વર્ગ ઓતપ્રોત થઈ શકશે? એ ન કરી શકો તોપણ શું તમને ભાસે છે કે તમે સ્વરાજ લઈ શકશો? શું તમને લાગે છે કે એકવાર સ્વરાજ મળશે એટલે પછી તેવા હઠીલાઓને મારી મારીને તમે સીધા કરી દેશો?

૧. ૧૭ નવેમ્બરે, પ્રિન્સ ઑફ વેલ્સ મુંબઈ આવ્યા ત્યારે.

Gandhi Heritage Portal

### જીતનો સાચો ઉપયોગ

જો આ જીતને આખા હિંદુસ્તાનને મુક્ત કરવામાં વાપરવા માગતા હો તો આ અને આવા બધા જ કોયડાઓનો ઉકેલ કાઢ્યે જ છૂટકો. જો આ નહીં ને બીજું કંઈ રચનાત્મક કામ તમે જાણતા હો તો ભલે તે કરો. લડાઈ તો થોડી વાર ચાલીને પછી મંદ પડવી જ જોઈએ, પણ લડવાની શક્તિ તો વડવાનલ જેવી સુષુપ્ત દશામાં હોય જ. લોકોમાં કામ કરવાનાં ઘણાં છે કેમ કે આપણામાં સડો ઓછો ધોવાનો નથી. મિસ મેયોને ગાળો દેવી સહેલી છે. તેણે લખ્યું તે બધું દુશ્મનભાવે લખ્યું છે એ ખરું, પણ તેણે જે કંઈ લખ્યું છે તેમાં કશું રહસ્ય નથી એમ કોઈ કહે તો હું તે કબૂલ નહીં કરું. તેણે મૂકેલા કેટલાક પુરાવા તો સાચા છે, જોકે તે પરથી તેણે ખેંચેલાં અનુમાનો ખોટાં છે. આપણામાં જે બાળવિવાહ છે, આપણામાં જે વૃદ્ધવિવાહ છે, વિધવાઓ તરફ જે અમાનુષી વર્તાવ છે તે બધાનું આપણે શું કરશું?

ઠીક થયું કે બારડોલી તાલુકાની લડત દરમિયાન હિંદુ, મુસલમાન, પારસી બધા સાથે રહી શક્યા. પણ તે પરથી એમ કંઈ માની શકાય કે બધા સંપૂર્ણ અને કાયમને સારુ એકદિલ થઈ ગયા છે? એકતા થઈ તેમાં સરદારની કુનેહ ઉપરાંત તેમની સાથે અબ્બાસસાહેબ અને ઇમામ-સાહેબ જેવા બેઠા હતા એ કારણ છે. પણ હિંદુસ્તાનમાં બીજે ગમે તેટલા કોમી ઝઘડા ફાટી નીકળે તોયે અહીં તેના છાંટા ઊડે જ નહીં એવી સ્થિતિ હજુ ન જ માની લેવાય.

આ બધી બાબતોના નિકાલ કર્યા વિના સ્વરાજ આવવાનું નથી. વિલાયતથી બે ચોપડીઓ કાયદાની લખાઈ આવે તેનાથી સ્વરાજ્ય સ્થપાવાનું નથી. તેનાથી ખેડૂતો પર શો પ્રભાવ પડે? પ્રજાને શો લાભ પહોંચે? આ બધું ચલાવતાં આવડે ને આ બધી મુશ્કેલીઓના ઉકેલ કરતાં આવડે એનું જ નામ સ્વરાજ.

### સ્વયંસેવકની નીતિ

અહીં જે સ્વયંસેવકો રહ્યા છે તેઓ પ્રજાનો પૈસો કૃપણ થઈ વાપરે કે બહોળે હાથે? પોતા પ્રત્યે ઉદાર રહેવું તે તો મોટું દૂષણ છે. ઉદાર બીજા પ્રત્યે થવાય, પોતા પ્રત્યે કૃપણ અને બીજા પ્રત્યે ઉદાર રહેતાં આવડે ત્યારે જ પોતા અને બીજા વચ્ચેના સંબંધનો મેળ રહે. હું માનું કે તમે જે ખર્ચ કર્યું છે તે ઉડાઉ નહોતું છતાં તે પૂરી કૃપણતાથી વપરાયું છે એમ આપણે સિદ્ધ કરી શકશું તો હું ઘણો ખુશી થઈશ. દેશના બીજા ભાગોમાં આવે પ્રસંગે જે રીતે સ્વયંસેવકો વર્તે છે તેના કરતાં તમે ચડી ગયા છો એમ જોઈશ ત્યારે રાજી થઈશ.

### આપણા જીવનનું ધોરણ કેવું હોય?

આપણો દેશ એક તો જગતમાં સૌથી કંગાળ, વળી આપણી સરકાર એવી જે અમેરિકાને બાદ કરીએ તો દુનિયામાં સૌથી ઉડાઉ છે. આપણે અહીંની ઇસ્પિતાલો જોઈએ તો તેમાં ઇંગ્લંડને ધોરણે ખર્ચ થાય છે. સ્કૉટલૅન્ડની ઇસ્પિતાલો પણ આપણા જેટલો ખર્ચ ન કરે. કર્નલ મેડકે જ મને કહેલું કે અહીં જેમ વપરાયેલા પાટા-કપડાં ફેંકી દઈએ તેમ અમારે સ્કૉટલૅન્ડમાં ન ચાલે. ત્યાં તો અમે ધોઈને ફરીથી પાછા વાપરીએ. ઇંગ્લંડને એ બધું પાલવે, તેના લોકો ઘર છોડીને બહાર નીકળી પડેલા. વળી તેમાં હિંદુસ્તાન જેવું ક્ષેત્ર લૂંટવા મળી ગયું. પણ આપણું ખરું પ્રમાણ તો હિંદુસ્તાનના મોટા ભાગના લોકોને શું પહેરવાનું મળે છે, શું ઓઢવાનું મળે છે તે પરથી ઠરાવાય. તેના પ્રમાણમાં આપણને કેટલી જરૂર છે, એ વિચાર કરીને તમે તમારું ખર્ચ ચલાવો. તેમ નહીં કરીએ તો છેવટે હારી જવાય.

Gandhi Heritage Portal

### પ્રજાપ્રેમની પારાશીશી

જેને ધીરજ અને શ્રદ્ધા હશે તે તો આ બધાં કાર્યો ચલાવ્યા જ કરશે. મારા જેવા મરણ-કાંઠે પહોંચ્યા છે તેમને વરસમાં સ્વરાજ જોવાની ઇચ્છા હોય તે ભલે ન ફળે, પણ તમે તો તમારી જિંદગીમાં જોવા ઇચ્છો જ. તો પછી અંતરમાં ઊતરીને વિચારો કે જે સમુદાયને તમારે સુધારવો છે તેના પ્રત્યે તમને સાચો પ્રેમ, સાચી સહાનુભૂતિ છે કે નહીં? તેમાંના કોઈનું માથું દુ:ખે તો આપણું માથું દુ:ખવા જેટલું દર્દ થાય છે કે નહીં? તેમનાં પાયખાનાં મેલાં હોય તો તે સાફ કરવાને આપણે તૈયાર છીએ કે નહીં?

### સ્વરાજ લેવું સહેલું છે

એ બધાં રચનાત્મક કાર્ય માટે આટલા સેવકો પૂરા નથી. આપણી એવી સ્થિતિ હોવી જોઈએ કે સરદારે કહ્યું કે ફલાણું કામ થાઓ કે થયું જ છે, વાસણ માંજવાનું કે પાયખાનાં સાફ કરવાનું કામ સોંપ્યું હોય કે મોટરમાં બેસવાનું કામ સોંપ્યું હોય – તે સરખા પ્રેમથી, સરખી પ્રામાણિકતાથી થયું જ છે. એ લાયકાત જો આપણામાં હોય તો જેટલી સહેલાઈથી આ જમીન-મહેસૂલની નાની લડતમાં જીત મેળવી તેટલી જ સહેલાઈથી સ્વરાજ મેળવીએ એ વિશે મારા મનમાં શંકા નથી.

[મૂળ ગુજરાતી]
*નવજીવન*, ૧૯–૮–૧૯૨૮

## ૨૦૩. સુરતનું ભાષણ[૧]

[ઑગસ્ટ ૧૨, ૧૯૨૮][૨]

[૩]બારડોલીના વિજય માટે ઈશ્વર સિવાય કોઈનો આભાર માનવાનો કે સ્તુતિ કરવાની હોય નહીં. એથી વધારે સાચી વાત સત્યાગ્રહી માટે કહેવાની હોય નહીં. આપણે એથી વધારે કહેવાની જરૂર પણ નથી. પણ હું જાણું છું કે એટલાથી આપણને સંતોષ થવાનો નથી, કારણ આપણે સૌ ઈશ્વરનાં હથિયાર છીએ અને તે પોતાની ઇચ્છા મુજબ આપણો ઉપયોગ કરે છે એવી દૃઢ શ્રદ્ધા હજી આપણા હૃદયમાં છેક ઊંડે સુધી ઊતરી નથી. ઈશ્વરને બધું અર્પણ કરી દેવાનો સદ્‌ગુણ હજી આપણે શીખ્યા નથી. મનુષ્ય હજી થોડો પશુ છે, થોડો માનવ છે; કહો કે વધારે પશુ છે, અને તેથી એનું અહં એકલા ઈશ્વરને જશ આપવાથી સંતોષાતું નથી. વસ્તુત: આવા પ્રસંગોએ ભગવાનને યાદ કરી આપણે જાણે એના પર પાડ ચડાવીએ છીએ. એટલે, આપણા પશુભાવને આગળ કરી આપણે આપણા સરદારને, એમના સાથીઓને, સ્વયંસેવકોને તથા બારડોલીનાં ભાઈબહેનોને ધન્યવાદ આપીશું. પોતાના સાથીઓ તરફથી વફાદારી તથા સહકાર

૧. સુરતની વિરાટ સભા આગળ આપેલું આ ભાષણ મહાદેવ દેસાઈના "અમૃતવાણી" નામના લેખમાં "દેશને સંદેશ" એ પેટામથાળા નીચે છપાયું હતું.

૨. *બૉમ્બે ક્રૉનિકલ*ના ૧૪–૮–૧૯૨૮ના અંક પરથી.

૩. આ પૅરેગ્રાફનું ભાષાંતર *યંગ ઇન્ડિયા* ૧૬–૮–૧૯૨૮ના અંક પરથી કર્યું છે.

Gandhi Heritage Portal

ન મળ્યાં હોત તો વલ્લભભાઈ એકલા આ લડત જીતી શકત નહીં. વળી એ જ રીતે નામદાર ગવર્નર, એમના અધિકારીઓ તથા વિધાનસભાના સભ્યોનો પણ આ સુખદ સમાધાન લાવવામાં મદદ કરવા માટે આપણે આભાર માનવો જોઈએ. જેઓ આપણો વિરોધ કરતા હતા એમનો પણ આભાર માનવાની ફરજ આપણે ચૂકીએ તો તે આપણી નમ્રતાની ખામી ગણાય. સત્યાગ્રહી તરીકે આપણે એટલા કાચા ગણાઈએ.

આજે સુરતના શહેરીઓ આટલી બધી અગવડ સહન કરીને અહીં શાંતિથી બેઠા છે એ મને ૧૯૨૧ની યાદ કરાવે છે. આ જ મેદાનમાં મેં તમારી આગળ જે ભાષણ કર્યું હતું તેના ભણકારા હજી મારા કાનમાં વાગે છે, કદાચ તે તમારા કાનમાં પણ વાગતા હશે. તે વેળાના કાર્યક્રમમાં તમે જે નથી કર્યું તેની આજે તમને યાદ દેવડાવવા ઇચ્છું છું. બારડોલીના વિજયથી તમે અને બારડોલી શાંત થઈને બેસી ન જાઓ, સહભોજન કરીને તમને ધન્યભાગ્ય માની બેસશો તો સમજજો કે તમે બારડોલીનું રહસ્ય નથી જાણ્યું, બારડોલીની જીતમાંથી જેટલો લાભ ઉઠાવવો જોઈએ તે નથી ઉઠાવ્યો. હું તો વલ્લભભાઈ સાથે ચાર-પાંચ દિવસ રહ્યો તેટલામાં તેમની પાસે સાંભળી લીધું કે સરકારની સામે લડવું એ સહેલું છે પણ લોકોની સાથે લડવું એ મુશ્કેલ છે. સરકારની સાથે લડવું સહેલું છે, કારણ સરકારનો રજ અન્યાય હોય તેને આપણને ગજ કરતાં આવડે છે, કીડીના જેવડો અન્યાય પણ હાથીના જેવડો આપણને લાગે છે – અને લાગવો જોઈએ, જેને ન લાગે તે પ્રજા મૂર્છામાં છે – પણ આપણે જ્યારે પોતા થકી કશું કરવાનું આવે છે ત્યારે કર્તવ્યથી ભાગી છૂટીએ છીએ. એટલે મેં બારડોલીના લોકોને પહેલું કહ્યું: 'તમે પ્રતિજ્ઞાનો પૂર્વાર્ધ પાળ્યો, હવે ઉત્તરાર્ધ પાળો.' ઉત્તરાર્ધ જૂનું મહેસૂલ ભરી દેવામાં છે. એ મહેસૂલ તો ઝપાટાબંધ ભરી દેવામાં આવશે એવી મારી ખાતરી છે. પણ એ મહેસૂલ ભરવાના ગર્ભની અંદર રહેલી રચનાત્મક કાર્યની પ્રતિજ્ઞા હજી પાળવાની રહેલી છે. બારડોલીમાં જે અસીમ જાગૃતિ જોઈને હું આવું છું, તે બહેનોની સેવા આપણે કઈ રીતે કરશું, તેમનાં દુ:ખ શી રીતે ટાળશું, એમાં તમે શહેરીઓ શો ભાગ ભરશો? એ પ્રશ્નનો ઉકેલ તમારે કરવો રહ્યો છે. ૧૯૨૧માં તમારી પાસેથી જઈને મેં વાઈસરૉયને લાંબો કાગળ લખેલો એમ સમજીને તમે અને બારડોલી મારી પ્રતિજ્ઞામાં સામેલ રહેશો. પણ તે વેળા જે કરવાનું હતું તે આપણે આજ સુધી નથી કર્યું. સત્યાગ્રહની અંદર સવિનયભંગ આવી જાય છે, આંધળી સત્તાના અમલનો સદા વિરોધ કરવાનું આવી જાય છે, પણ એ વિરોધનો જેના ઉપર આધાર છે તે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, રચનાત્મક કાર્ય એ તમે કેટલું કરેલું છે તેનો હિસાબ માગું તો મને લાગે છે કે તમારી અને મારી આંખમાંથી આંસુ પડાવી શકું.

હું તો ૧૯૨૧માં હતો તેનો તે જ આજે પણ છું. તે વેળા જે કઠણ શરતો મૂકી હતી તે જ શરતો આજે મૂકનારો છું. એ શરતો વિના હિંદુસ્તાનમાં જે સુખ, શાંતિ, વૈભવ, સ્વરાજ, રામરાજ્ય જોઈએ છે તે અસંભવિત માનું છું. જ્યાં સુધી અલબેલી કહેવાતી સુરત નગરીના હિંદુમુસલમાન પાગલ બને અને ખુદાને નિંદીને ધર્મને ખોટે નામે લાઠીઓ ચલાવે, અને અદાલતમાં જઈને ઇન્સાફ માગે ત્યાં સુધી તેમને સ્વરાજનું નામ લેવાનો અધિકાર નથી. મેં તે દિવસોમાં પણ કહેલું કે તમે ખરા બહાદુર હો તો તમને એકબીજા સાથે લડવાનો અધિકાર છે, પણ અદાલતમાં જવાનો અધિકાર નથી. આજ સુધી જગતમાં એવા લડવૈયા નથી જાણ્યા જે લડીને અદાલતમાં ગયા હોય. અંગ્રેજ અને જર્મનો તોપ-બંદૂકથી લડ્યા, પણ અદાલતની પાસે ન્યાય માગવા ન ગયા. એમાં અમુક અંશે બહાદુરી રહેલી છે. હિંદુમુસલમાન એમ કરે તો તે



Gandhi Heritage Portal

કરવાનો તેમને અધિકાર છે; જો તેઓ લડતની નીતિ અને મર્યાદા જાળવીને લડશે તો તેમનાં નામ ઇતિહાસમાં રહેશે. તેઓ જ્યાં સુધી વકીલની મદદ ન લે, પૈસાની મદદ ન લે, તલવાર પર જ ઝૂઝશે તો શૂરવીર કહેવાશે, પણ આજે આપણે જે ઢંગથી કામ લઈએ છીએ તે રીતે તો નામર્દ બનવાના છીએ. એમાં ધર્મ નથી. ધર્મ તો નમ્રતામાં છે, નમતું મૂકવામાં છે, મરવામાં અથવા લડતાં લડતાં મારીને મરવામાં છે, પણ લડીને અદાલતમાં જવામાં નથી. આજે આખા હિંદુસ્તાનની અંદર દીનહીન સ્થિતિ વ્યાપી રહેલી છે. એમાંથી નીકળી જવાના પાઠ આપણે બારડોલીમાં શીખ્યા છીએ. બારડોલીમાં શૂરાતન બતાવ્યું તેથી આપણને શું ઝાંઝ પખાજ વગાડી રાચવાનો અધિકાર મળી જાય છે? (અહીં ખૂબ વરસાદ પડવા માંડ્યો, પણ લોકો પોતાને સ્થાનેથી ખસ્યા નહીં.) મેં તો તમને સત્યાગ્રહી તરીકે આત્મશુદ્ધિનો ધર્મ સમજાવ્યો. આપણે હિંદુસ્તાનમાં રહેનારા એક જ માટીમાંથી પાકેલા એક જ હિંદમાતાની ગોદમાંથી પેદા થયેલા છતાં વિધર્મી સગા ભાઈઓ તરીકે કેમ રહી શકીએ?

બીજો એક કાર્યક્રમ તો છે જ. હિંદુઓ તરીકે આપણે હિંદુજાતિની સુધારણા કરી ચૂક્યા? આપણી પતિત સ્થિતિ માટે આપણે કેટલા જવાબદાર છીએ? તમે તમારી મેળે જ હિસાબ કરશો તો જોશો કે એ શુદ્ધિ વિના સ્વરાજ ન મળે. બીજી કોઈ રીતે મને સ્વરાજ લેતાં આવડતું નથી. એ મારી મર્યાદા છે, એ સત્યાગ્રહની પણ મર્યાદા છે. જો સ્વરાજ બીજે કોઈ રસ્તે મળતું હોય તો તે સ્વરાજ ન હોય પણ બીજું જ કાંઈ હશે.

જેમ હિંદુ ધર્મનો સડો કાઢવાનો છે તેમ હિંદુ તેમ જ બીજા ધર્મીઓનો હિંદુસ્તાનનાં હાડપિંજર પ્રત્યે શો ધર્મ છે? હિંદુસ્તાનના હાડપિંજરમાં તમે ચરબી અને માંસ દાખલ કરવા ઇચ્છતા હો તો રેંટિયા સિવાય એકે બીજો રસ્તો નથી. એનું નાનકડું કારણ હમણાં જ મારા જોવામાં આવ્યું તે સંભળાવી દઉં. ખેતીવાડી કમિશનનો રિપોર્ટ સેંકડો પાનાંનો બહાર પડ્યો છે, તેના ઉપર સર લલ્લુભાઈ શામળદાસની ટીકા વાંચી. તેમણે જણાવ્યું છે કે કમિશનના સભ્યો ભીંત ભૂલ્યા છે, ગ્રામ્ય ઉદ્યોગોના પ્રકરણમાં એમને રેંટિયાનું નામ લેવું પણ યોગ્ય નથી લાગ્યું. સર લલ્લુભાઈ કહે છે તેમ એ નામથી પણ તેઓ ભડક્યા અને અસ્પૃશ્ય માનીને આઘા ખસ્યા છે. એના ઉચ્ચારણથી પણ શરમાયા છે. એ શા કારણે હશે? જે રેંટિયા પાછળ કેટલાક ઘેલા થયેલા છે એનું નામનિશાન નહીં, અરે એની નિંદા કે ટીકા પણ નહીં. એનું કારણ શું? એની શક્તિથી એ લોકો ભડક્યા છે, અને એમાં રેંટિયાનો જબરદસ્ત બચાવ મળતો લાગે છે.

(વળી વરસાદનું ઝાપટું. અંગ્રેજી માલના બહિષ્કારની વાત ઉપર આવતા હતા, પણ ભાષણ અહીં જ પૂરું કર્યું)

મેં કહેવાનું કહી દીધું છે, હવે કાંઈ કહેવાનું બાકી રહ્યું નથી.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १९–८–१९२८

Gandhi Heritage Portal

## ૨૦૪. પ્રભાવતીબહેનને પત્ર

સ્વરાજ આશ્રમ, બારડોલી,
[ઑગસ્ટ ૧૩, ૧૯૨૮ પહેલાં][1]

ચિ. પ્રભાવતી,

વિદ્યાવતી બાફ લે છે કે નહીં? ઠંડા પાણીમાં પલાળેલી ચાદરમાં એને લપેટીને સુવાડી રાખવી જોઈએ. ચોખ્ખા ઠંડા પાણીમાં ચાદરને બોળી, બરોબર નિચોવી નાખી પથારીમાં પાથરવી, ને વિદ્યાવતીને એમાં સુવાડી ચાદર શરીરે લપેટી દેવી. ઉપર ગરમ કામળો ઓઢાડવો. મોં બહાર રાખવું; અને ચાદર પર ઉઘાડા સૂવું જોઈએ. આવી રીતે સૂતા પછી શરીરમાં ગરમી ન આવે, ને ઊલટી ઠંડી ચડે તો ઊઠી જવું. મને એવો ખ્યાલ છે કે ગંગાબહેનને આ સ્નાનની રીત ખબર છે કારણ મેં એને આવું સ્નાન કરાવેલું. આ રીત બરોબર ન સમજાઈ હોય તો ન કરવી. લીમડાનાં પાન પાણીમાં ઉકાળી, એ પાણીથી નાહવાથી પણ ફાયદો થાય ખરો. ખાવાપીવામાં વિદ્યાવતી બરોબર પરેજી પાળતી નથી એવી શંકા મને છે.

માની તબિયત સારી છે જાણી આનંદ.

કમળાબહેન ગાંધીને ખબર આપજે કે હું ત્યાં સોમવારે પહોંચવાનો છું એટલે એમના કાગળનો જવાબ લખતો નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૩૩૨૬

## ૨૦૫. નાનાભાઈ ઇ. મશરૂવાળાને તાર[2]

[ઑગસ્ટ ૧૩, ૧૯૨૮]

નાનાભાઈ મશરૂવાળા
અકોલા

બાલુભાઈના મૃત્યુથી[3] આશ્રમમાં ઊંડો શોક.

બાપુ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૫૭

૧. સોમવાર, તા. ૧૩મી ઑગસ્ટે સાબરમતી આશ્રમ પહોંચવાના ઉલ્લેખ પરથી. "પ્રભાવતીબહેનને પત્ર", ૯–૮–૧૯૨૮ પણ જુઓ.

૨. ૧૩ ઑગસ્ટ ૧૯૨૮ના તારના જવાબમાં. એ તાર હતો : "દિલગીરીપૂર્વક જણાવવાનું કે બાલુભાઈ એકાએક આજ સવારે મુંબઈમાં ગુજરી ગયા. નાનાભાઈ, કિશોરલાલ." આ પછીના બે પત્રો પણ જુઓ.

૩. "એક મૂક સેવકનો દેહાંત", ૧૯–૮–૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૨૦૬. કિશોરલાલ મશરૂવાળાને પત્ર

સોમવાર [ઑગસ્ટ ૧૩, ૧૯૨૮][૧]

ચિ. કિશોરલાલ,[૨]

તમને કે નાનાભાઈને હું શું આશ્વાસન આપું? તમે બંને મોતને મિત્ર સમજો એવા છો. જે દુ:ખ થાય છે તે આપણા સ્વાર્થનું જ હોય. મરતાં પહેલાં બાલુભાઈ મને મીઠો કાગળ લખી ગયા. તે બારડોલી વિશે હતો. તેની તો આવવાની ઇચ્છા હતી. દાક્તરે ના પાડી એટલે કાગળથી સંતોષ વાળ્યો. આશ્રમ કંઈ કરી શકે એવી સેવા લેતાં ચૂકશો તો દોષ કરશો. છોકરાં-ઓને પણ સચવાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૨૬૫૯; શ્રી કનુભાઈ નાનાલાલ મશરૂવાળાના સૌજન્યથી

## ૨૦૭. નીલકંઠ મશરૂવાળાને પત્ર

સોમવાર [ઑગસ્ટ ૧૩, ૧૯૨૮][૩]

ચિ. નીલકંઠ,

તમારી તરફથી તો તાર નથી પણ અકોલાથી મળ્યો. બાલુભાઈનો આત્મા તો શાંતિમાં જ છે. સ્વાર્થને લઈને આપણે રડવું હોય તો રડીએ. પણ તમે તો પરમાર્થનો પાઠ શીખ્યા છો તેનો ઉપયોગ અટાણે કરજો ને ધીરજ રાખી બીજાઓને ધીરજ દેજો. અહીંથી જે સેવા થઈ શકે તે લેજો.

મને લખતા રહેજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૯૧૭૨; શ્રી નીલકંઠ મશરૂવાળાના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.
૨. બાલુભાઈ ઇચ્છારામ મશરૂવાળાના સૌથી નાના ભાઈ
૩. નીલકંઠના પિતા બાલુભાઈના મૃત્યુના ઉલ્લેખ પરથી. આ પહેલાંના બે પત્ર પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૨૦૮. સુભાષચંદ્ર બોઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

પ્રદર્શનના પરિપત્ર સાથેનો તમારો કાગળ મળ્યો. તમારું લક્ષ્ય હવે હું સમજી શકું છું ને તમારા દૃષ્ટિબિંદુની કદર કરી શકું છું. પરંતુ દિલગીર છું કે હું એમાં હા ભણી શકતો નથી. આ પરિપત્ર પ્રમાણે તો ઘણા વિદેશી નમૂના તેમ જ મિલકાપડને સ્થાન આપવાની તમને છૂટ રહેશે. મદ્રાસ અને કલકત્તાનાં પ્રદર્શનોમાં એટલો જ ફેર રહેશે કે મદ્રાસમાં બ્રિટિશ યંત્રો બતાવવામાં આવ્યાં હતાં, ત્યારે કલકત્તામાં કોઈ બ્રિટિશ માલ સ્થાન નહીં પામે. આ સંજોગોમાં અખિલ હિંદ ચરખા સંઘને પ્રદર્શન સાથે નહીં સંડોવવાનું હું અંગત રીતે પસંદ કરું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રી સુભાષચંદ્ર બોઝ
બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ
૧, વુડબર્ન પાર્ક, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૯૫

## ૨૦૯. ડૉ. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૪, ૧૯૨૮

પ્રિય સુરેશબાબુ,

હું હમણાં જ બારડોલીથી આવું છું. તમારા બે પત્રો મને ત્યાં મળ્યા હતા. *યંગ ઇન્ડિયા*[૧]માં તમારા અહેવાલ વિશે હું ચોક્કસ લખીશ.

પ્રદર્શન બાબત લખવાનું કે હું શ્રીયુત સુભાષબાબુના સંપર્કમાં જ છું. તેમના ઉપરના મારા છેલ્લા પત્ર[૨]ની નકલ આ સાથે બીડી છે. મારે કબૂલ કરવું પડે છે કે આગામી પ્રદર્શન અંગે જે ચાલી રહ્યું છે તે મને પસંદ નથી. મારું ચાલે તો એકલો બ્રિટિશ માલ નહીં પણ વિદેશી વસ્તુ માત્રને હું પ્રદર્શનમાંથી બાકાત રાખું; સિવાય કે તે વસ્તુને કૉંગ્રેસના પ્રદર્શન મારફત થતી જાહેરાતની ખાસ જરૂર હોય અને તે ખૂબ ઉપયોગી છતાં તદ્દન અપરિચિત હોય.

૧. જુઓ "અભય આશ્રમ", ૨૭-૯-૧૯૨૮.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

અને મિલકાપડને તો હું પ્રદર્શનમાં કદી સ્થાન ન આપું, કારણ મિલોને આપણા તરફથી જાહેરાતની જરૂર નથી; એ માટે મિલો લાયક પણ નથી.

તમારો સહૃદયી

ડૉ. સુરેશચંદ્ર બૅનરજી
કોમિલ્લા

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી. એસ. એન. ૧૩૬૫૮

## ૨૧૦. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો.

સુભાષબાબુના પત્રનો મેં જે જવાબ[1] આપ્યો છે તેની નકલ આ સાથે બીડી છે.

બારડોલીથી હું હમણાં જ આવ્યો.

શ્રી સતીશચંદ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન, સોદપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૫૫

## ૨૧૧. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ ગોવિંદ,

તમારો પત્ર મળ્યો. વિજ્ઞાનના વિષયને લગતી તમારી નોંધ[2]ની હસ્તપ્રત મને મળશે કે તરત જ હું વાંચી જઈશ, અને ત્યાર બાદ કાકાને પણ એમના અભિપ્રાય માટે આપીશ.

એના પ્રકાશન બાબત જણાવવાનું કે તમારી બધી દલીલોને[3] સમજું છું, પણ કોણ જાણે કેમ મારા અંતરાત્માને એ વાત ગમતી નથી. છતાં પણ લખાણ જોયા બાદ હું યોગ્ય નિર્ણય કરી શકીશ.

અમેરિકા ઊપડતાં પહેલાં જ વધુપડતા કામના બોજાથી તમે માંદગી વહોરી નહીં લો એવી આશા રાખું છું. સંપૂર્ણ તંદુરસ્તી સાથે તમે વિદાય થાઓ એમ હું ઇચ્છું.

૧. ૧૪ ઑગસ્ટ, ૧૯૨૮નો.
૨. સાયન્સ ફૉર કિડીસ (બાળવિજ્ઞાન) નામની પુસ્તિકા.
૩. આ પુસ્તિકાના પ્રકાશનનું કામ મૅકમિલન ઍન્ડ કંપનીને આપવાની તરફેણમાં.

Gandhi Heritage Portal

તમને સહેલાઈથી વખત ન મળે તેમ હોય તો વિષયસૂચિ વગેરે બધું પછીથી થઈ શકે.

ઍન્ડ્રૂઝ ઇંગ્લંડમાં છે એ વાતની તમને ખબર નથી એનો તો મને ખ્યાલ પણ નહીં. એ અહીં હતા ત્યારથી જ અમેરિકા જવાનો એમનો ઇરાદો હતો. તમે તો એમને ત્યાં મળશો જ. એ સપ્ટેમ્બરમાં જશે.

હા, બારડોલીએ ભવ્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે. એનાથી અહિંસક માર્ગમાં તથા જનશક્તિમાં લોકોની શ્રદ્ધા પાછી સજીવન થઈ છે.

સ્ટોક્સ દંપતીને પ્યાર.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૮૯

## ૨૧૨. ગિરધારીલાલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૮

પ્રિય લાલા ગિરધારીલાલ,

હા, બારડોલી સંબંધે તમે જે લખો છો તે બધું ખરું છે. સત્યાગ્રહીઓ, અને તેમાં ખાસ કરીને વલ્લભભાઈ, એમને મળેલી પ્રશંસાને સર્વથા લાયક છે.

તાર કરવાની લાલચને રોકીને તમે થોડા પૈસા બચાવ્યા તે મને ગમ્યું. પણ આ વાતથી એય સાબિત થાય છે કે તમે ફરી હાર્યા છો. તમે મોટી મોટી યોજનાઓમાં ન પડો ને ભગવાન થોડુંઘણું કંઈ આપે તેથી સંતોષ માનો તો હું બહુ રાજી થાઉં.

તમારો સહૃદયી

લાલા ગિરધારીલાલ
"દીવાન ભવન", દિલ્હી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૯૨

Gandhi Heritage Portal

## ૨૧૩. જેઠાલાલ જોશીને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૮

ભાઈશ્રી ૫ જેઠાલાલ,

તમારો પત્ર મળ્યો. બ્રહ્મચર્ય વિશે વધુ વિચારજો અને પ્રયત્નશીલ રહેજો. સહભોજન ને પરિગ્રહને વિશે ઉતાવળની જરૂર નથી. શાંતિ નિરંતર સેવામાં રહેલી છે. સંપૂર્ણ નમ્રતા વિના સંપૂર્ણ સેવા થઈ ન શકે. નિષ્કામ એ આશા ત્યાગનો માર્ગ છે અને જેણે આશાનો ત્યાગ કર્યો છે તેને નિરાશા ઉત્પન્ન થાય જ શાની? આ વૃત્તિ કેળવવાને સારુ ભગવદ્ગીતા ને રામાયણનું વાચન આવશ્યક છે.

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી ૫ જેઠાલાલ જોશી
સેવકાની વાડી
ખાડિયા
અમદાવાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૩૪૫

## ૨૧૪. વસુમતીબહેન પંડિતને પત્ર

બુધવાર [ઑગસ્ટ ૧૫, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારા કાગળ મળ્યા છે. હવે તબિયત ઠેકાણે આવી ગણાય. હકીમની દવાથી સારું થઈ જાય ને હંમેશની વ્યાધિ જાય તો તો બહુ ઠીક થાય. રામદેવજીનો પત્ર નથી મળ્યો.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૬; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૨૧૫. બહેચર પરમારને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૮

ભાઈ બહેચર,

તમારો પત્ર મળ્યો. હજામના ધંધાને સારુ તમે લાયકાત ખોઈ બેઠા છો એવું હું જાણતો નથી, અને ખોઈ બેઠા હો તોપણ તે ધંધા તરફ વળવું આવશ્યક હોય તો તે શીખી લેવાની હું આવશ્યકતા ગણું. તમે શિક્ષક ન હોત તો તે બનવાનું હું તમને ન કહેત પણ વાળત. હવે તો તમે શિક્ષક છો એટલે તેમાંથી મળતી આજીવિકાને ગૌણ ગણી તેમાં થતી સેવાને પ્રધાનપદ આપી તમે સેવાકાર્યમાં પરાયણ થાઓ એ હેતુથી તે કાર્ય ન છોડવાની હું સલાહ આપી રહ્યો છું. શિક્ષક તરીકે તમારી પાસે સેવાના પ્રસંગો છે. અને તે પ્રસંગોનો સદુપયોગ કરતાં તમે આત્મસુધારણા સહેજે સાધી શકો છો. શિક્ષક તરીકે સેવા કરતાં તમે ખોટી શરમ છોડી શકશો. મજૂરીનો મહિમા સમજશો અને તમારી નીચે રહેલાં બાળકોને શીખવશો તો તેમાં તમારું કલ્યાણ છે, બાળકોને લાભ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૫૫૭૫

## ૨૧૬. તુલસી મહેરને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૮

ચિ. તુલસી મહેર,

તારો પત્ર મળ્યો છે. હિમાલયના પ્રદેશની મનોહરતાનું તે કંઈ વર્ણન કરવાનું હોય? આશ્રમમાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે. કિશોરલાલના મોટાભાઈ બાલુભાઈ ગુજરી ગયા છે. ખાદીનો નમૂનો તો સરસ છે. એના કેટલા પૈસા થાય છે?

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૬૫૩૫

Gandhi Heritage Portal

## ૨૧૭. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્રો[1]

## ૨૧૮. કાળની એંધાણી

બારડોલીનો કિસ્સો કાળની એંધાણી છે. સરકાર તથા પ્રજા, બન્નેએ એમાંથી શીખવાનું છે. જ્યારે સત્ય પ્રજાના પક્ષે હોય છે, અને એના સમર્થનમાં પ્રજા અહિંસક સંગઠન સાધી શકે છે ત્યારે પ્રજા શક્તિમાન બને છે. એ વાત જો સરકાર સ્વીકારે તો એ સરકારે શીખવાનો પાઠ છે. આવા સ્વીકારથી એક ડાહી સરકાર પોતાની સત્તા દૃઢ કરે છે. પછી આ સત્તાની પ્રજાના સદ્ભાવ અને સહકાર પર માંડણી થાય છે. આ સહકાર પાશવી બળથી પરાણે કરાવેલાં કામમાં બને છે તેમ ખાલી કામ દ્વારા જ નહીં, પણ મનથી અને વાણીથી પણ સરકારને મળે છે. અહિંસક શક્તિ યોગ્ય માર્ગે સંઘરવામાં આવે તો એમાંથી અજેય સામર્થ્ય પેદા થાય છે. હું સમજું છું ત્યાં સુધી તો એ વાતમાં શંકા નથી કે રોજ રોજ ભૂમિતિ શ્રેઢીમાં વધતા જતા લોકમતના દબાણને લીધે સરકારને સમાધાન પરાણે કરવું પડયું છે. કહેવાય છે કે નામદાર ગવર્નરસાહેબ તો શરૂઆતથી જ સત્યાગ્રહીઓની માગણીઓ કબૂલ રાખવા પૂરેપૂરા ખુશી હતા. પણ એમના સલાહકારો આ માગણીઓનો વિરોધ કરવામાં એટલા જ દૃઢ હતા. આ વાત સાચી હોય તો ગવર્નરસાહેબને તો ધન્યવાદ ઘટે છે, પણ સરકાર માટે આ અપશુકનિયાળ છે; કારણ અંગ્રેજ સરકાર વ્યક્તિનિષ્ઠ નથી, એ તો વ્યક્તિઓથી નિરપેક્ષ રીતે કાર્ય કરી શકતું શક્તિશાળી તંત્ર છે. ગ્લેડસ્ટન, ડિઝરાયલી, કિચનર અને રૉબર્ટ્સ વગર પણ એ રાજ્ય ટકી રહ્યું છે. હિંદમાં સરકારનું પીઠબળ અહીંની સિવિલસર્વિસનું સંગઠન છે. આ સિવિલસર્વિસનો હૃદયપલટો કરવાની બારડોલીના સરદારની ઈચ્છા હતી. જે જોઈએ છીએ ને જે જાણીએ છીએ તે પરથી સમજાય છે કે આ સિવિલસર્વિસના અમલદારોને આ સમાધાન ગમ્યું નથી. જો આ અધિકારીઓને ખરેખર સંતોષ હોત તો સરદાર અને એમનાં કાર્યો વિશે જૂઠાણાં ફેલાવવાની જે એકધારી ઝુંબેશ ચાલી રહી છે તે બંધ થઈ ગઈ હોત. હું બારડોલી હતો ત્યારે સરકારપ્રેરિત છાપાંઓના પૅરેગ્રાફોમાં વારંવાર એવી ફરિયાદ સાંભળવા મળતી કે વલ્લભભાઈ પટેલે સમાધાનીની પોતે પાળવાની શરતો પાળી નહોતી. હું તો જાણતો જ હતો કે બને તેટલી ઝડપથી વલ્લભભાઈ બધી શરતોનો અમલ કરી રહ્યા હતા, અને જે મુદ્દા સંબંધી ફરિયાદ થઈ હતી તે તો ફરિયાદ થઈ તેથીયે પહેલાં, ક્યારનોય પતી ગયો હતો. સરકારની અમલદારશાહી સમાધાનનો વિરોધ કરી રહી છે એ વાત સાચી હોય તો હું તો એટલું કહું કે આ સરકારનું આવી બન્યું છે. પણ તે તો જ બને જો બારડોલીમાં જન્મેલી અહિંસા કોઈ પણ વ્યક્તિ પર આધાર ન રાખતાં એક સ્વતંત્ર સંગઠન તરીકે ટકી રહે.

એટલે હવે આપણે બારડોલીના લોકોની વાત કરીએ. એમણે જે પાઠ શીખવાનો છે તે એ કે જ્યાં સુધી પોતે અહિંસક રહીને એકતા જાળવશે ત્યાં સુધી એમને માથે કશાનો ભય

૧. આ જ વિષય પર આ જાતનું લખાણ નવજીવન, ૧૨–૮–૧૯૨૮ના અંકમાં ગુજરાતીમાં પહેલું પ્રગટ થઈ ગયું છે. એ માટે જુઓ લેખ ૧૯૬(૧).

Gandhi Heritage Portal

નથી — નારાજ અમલદારોનો પણ નહીં. પણ આ પાઠ લોકો શીખ્યા છે ખરા? અહિંસામાં રહેલી અદીઠ શક્તિનું એમને ભાન થયું છે? એમણે એકાદું હિંસક આચરણ કર્યું હોત તો એમનો આખો કેસ માર્યો જાત એ તેઓ સમજ્યા છે? જો આવો પાઠ શીખ્યા હશે, તો એમને રોજ ને રોજ સમજાતું જશે કે જેને સતત સામૂહિક આત્મશુદ્ધિની પ્રક્રિયા કહી શકાય એવી પ્રક્રિયામાંથી પોતે પસાર નહીં થાય તો અહિંસક સંગઠન ઊભું નહીં થઈ શકે. જેમાં સર્વનો સહકાર હોય ને જેનાથી સર્વનું કલ્યાણ થાય એવો સુયોજિત રચનાત્મક કાર્યક્રમ વિચારી કાઢી તેના અમલમાં મંડયા રહેવાથી જ એ સંગઠન ઊભું થઈ શકે. અર્થાત્ પોતે એક અહિંસક સંસ્થા કે મંડળી બન્યા છે એવો દાવો કરતાં પહેલાં એમણે અહિંસાનું શિક્ષણ અને એવું શિક્ષણ કેવળ ભાષણો કે લેખો, તે ઉપયોગી હોવા છતાં, તે દ્વારા નહીં પણ જેનાથી અહિંસાની ભાવના જાગે એવાં અનેક સામૂહિક કામો નિરંતર કરતા રહીને મેળવવું પડશે. પોતાને શું કરવાનું છે તે વલ્લભભાઈ પટેલ બરોબર જાણે છે. આંતરિક શુદ્ધિ અથવા રચનાત્મક કાર્યનું વધારે અઘરું ધ્યેય એમણે પોતાની સમક્ષ રાખ્યું છે. સરકારની સામે લડવામાં એ જેટલા સફળ થયા છે એટલા જ સફળ આ કાર્યમાં ભગવાન એમને કરે એ જ પ્રાર્થના.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १६–८–१९२८

## ૨૧૯. નેહરુ રિપોર્ટ

છેલ્લા કેટલાય મહિનાથી બધા પક્ષોને પરેશાન કરી રહેલા પ્રશ્ન અંગે આવો ઉપયોગી અને લગભગ સર્વસંમત અહેવાલ બહાર પાડવા માટે પંડિત મોતીલાલ નેહરુ તથા એમના સહકાર્યકર્તાઓને[1] ભારે ધન્યવાદ ઘટે છે. આ રિપોર્ટનો ઉઠાવ બહુ સરસ છે, એ પુસ્તકાકારે મળે છે અને મોટા અક્ષરે છપાયેલો છે. કોઈ પણ જાહેર કાર્યકર આ અહેવાલ વિના ચલાવી શકે નહીં. પંડિત મોતીલાલ નેહરુ, સર અલી ઇમામ, સર તેજ બહાદુર સપ્રુ, શ્રી એમ. એસ. અણે, સરદાર મંગલસિંગ, મૌલાના શ્વેબ કુરેશી, શ્રી સુભાષચંદ્ર બોઝ અને શ્રી જી. આર. પ્રધાને એમાં સહીઓ કરી છે. છતાં મૌલાના શ્વેબ કુરેશીની સહી બાબતમાં રિપોર્ટના અંતભાગમાં નીચે મુજબ નોંધ છે:

> આ રિપોર્ટના મુસદ્દા પર વિચારણા કરવા સમિતિની છેલ્લી બેઠક મળી ત્યારે કમનસીબે શ્રી શ્વેબ કુરેશી હાજર રહી શક્યા નહોતા. પરંતુ મુસદ્દાની નકલ એમને મોકલવામાં આવી હતી, અને એમણે અમને જણાવ્યું હતું કે અહેવાલના ત્રીજા પ્રકરણમાં સમાવેલી ભલામણો બાબત એમનો મત એવો છે કે મધ્યસ્થ ધારાસભામાં કુલ બેઠકોનો $\frac{1}{3}$ ભાગ મુસ્લિમો માટે અનામત રાખવો જોઈએ. તેઓ આગળ ઉમેરે છે: "૭મી જુલાઈએ મળેલી અવિધિસરની બેઠકે પસાર કરેલો ઠરાવ હું માન્ય રાખું છું, પણ એના સમર્થનમાં રજૂ કરવામાં આવેલા બધા જ આંકડા તથા દલીલો સાથે હું સંમત નથી."

૧. ૧૯મી મે ૧૯૨૮ના રોજ મુંબઈ મુકામે મળેલી સર્વપક્ષીય પરિષદે "ભારત માટેના રાજ્ય-બંધારણના સિદ્ધાંત નક્કી કરવા" નીમેલી પેટા સમિતિ (इन्डिया इन १९२८–२९, પા. ૨૬).

Gandhi Heritage Portal

મૂળ અહેવાલનાં ૧૩૩ પાનાં છે, ને ૧૯ પાનાં પરિશિષ્ટોનાં છે. એમાં દસ પ્રકરણો પાડ્યાં છે. આમાંથી ચાર પ્રકરણોમાં કોમી બાબતો, અનામત બેઠકો, પ્રાંતોની પુનર્રચના તથા દેશી રાજ્યો અંગેની ચર્ચા છે. સાતમા પ્રકરણમાં સમિતિની આખરી ભલામણો આપી છે. રિપોર્ટનો સાર આપવાનો પ્રયત્ન મારે ન કરવો જોઈએ; કેવળ એ કારણે પણ કે यंग इन्डिया માટેના છેલ્લા લેખ મોકલાઈ રહ્યા હતા ત્યારે જ મારા હાથમાં એ અહેવાલ આવ્યો. વળી એમાં ઊડતી નજર નાખવા સિવાય એનો પૂરો અભ્યાસ કરવાનો વખત પણ મારી પાસે નથી. પણ એનો મોટો ગુણ તો એ છે કે સર્વપક્ષીય પરિષદની સમિતિ આખરે સર્વસંમત રિપોર્ટ બહાર પાડી શકી છે અને તેના પર પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓની સહીઓ છે. બંધારણ ઘડવાનો મુખ્ય મુદ્દો બંધારણ માટે ખામીરહિત ભલામણો કરવાનો નહીં પણ વર્તમાન પરિસ્થિતિમાં ઉત્તમ જણાય તેવી ભલામણો અંગે એકમત સાધવાનો હતો. અને આ સમિતિએ મહામહેનતે સાધેલા વહેવારુ એકમત પર હવે લખનૌ[1]માં મળનારી પરિષદ પોતાની મહોર મારશે તો પાયાનું કહેવાય એવા સ્વરાજથી ભિન્ન એવા બંધારણીય સ્વરાજની દિશામાં એક મહા મોટું પગલું ભરાયું ગણાશે. વર્ષોથી દેશમાં ખળભળાટ મચાવી રહેલા પ્રશ્નો અંગે દેશ જો વહેવારુ એકમત સાધી શકે, તો પછી આપણે માટે બીજું પગલું એ આવે કે આપણી માગણીઓ સ્વીકારાય તે માટે કામ શરૂ કરવું. અને દેશના ઇતિહાસમાં, આપણે વિકાસક્રમના એવા તબક્કે પહોંચ્યા છીએ કે જો કોઈ પણ વાજબી પ્રસ્તાવ પર આપણે સાચી સર્વસંમતિ સાધી શકીએ, તો પછી એનો સ્વીકાર કરાવવામાં કોઈ પણ મુશ્કેલી નડે નહીં. આથી હું આશા રાખું છું કે લખનૌમાં પરિષદ રિપોર્ટ પસાર કરવાના દૃઢ નિશ્ચયથી મળશે અને ત્યાં હાજર રહેલા સભ્યો રિપોર્ટના ફુરચા ઉડાવવાની દૃષ્ટિથી નહીં પણ પ્રશ્નનો યોગ્ય તોડ કાઢવો જ છે એવા નિશ્ચયથી એની આલોચના કરશે. અને જો આવી ભાવનાથી તેઓ રિપોર્ટ હાથમાં લેશે તો તો તેઓ એમાંની ભલામણો મંજૂર કરશે જ; હા, સિવાય કે તેમ નહીં કરવા માટે કોઈ પણ સમજદાર માણસ સ્વીકારે એવાં ઉચિત કારણો હોય. જાહેર જનતાને આ રિપોર્ટની ભલામણ કરવાની સાથે સાથે હું પંડિત મોતીલાલ નેહરુને અભિનંદન આપું છું. એમના પ્રયત્ન વગર ન તો કોઈ સમિતિ રચાઈ હોત, ન તો કોઈ એકમત સધાયો હોત કે ન તો કોઈ રિપોર્ટ તૈયાર થઈ શક્યો હોત.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૬–૮–૧૯૨૮

૧. ૨૮–૮–૧૯૨૮ને દિવસે; જુઓ "લખનૌ પછી", ૬–૯–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૨૦. નોંધ

### બારડોલી સત્યાગ્રહ ફાળો[1]

બારડોલી સત્યાગ્રહ ફાળામાં દેશવિદેશથી અને દરેક પ્રાંતને ખૂણેખૂણેથી જે નાણાં આવ્યાં છે અને હજી આવ્યે જાય છે તે બતાવે છે કે બારડોલી સત્યાગ્રહે લોકોનાં હૃદયમાં કેવું સ્થાન લીધું છે. પણ હવે સમાધાની થઈ જવાને લીધે સત્યાગ્રહ બંધ થયો છે એટલે એ ફંડ ખુલ્લું રાખવાની જરૂર રહી નથી. માટે લોકોને વિનંતી કરવામાં આવે છે કે હવે તેમણે આ ફંડને માટે નાણાં ઉઘરાવવાનું અને મોકલવાનું બંધ કરવું.

પણ ત્યાં હવે કશું કામ જ નથી રહ્યું અને પૈસાની કશી જરૂર નથી રહી એમ કોઈ રખે માને. તપાસનું કામ તો હજી ઊભું જ છે, અને એમાં કેટલાક કાર્યકર્તાઓને રોકવા તો પડશે જ, એટલે તેને અંગે ખર્ચ તો થશે જ. અને સત્યાગ્રહની લડતની જે શક્તિનો મહાપ્રવાહ મુક્ત થયો છે તેને વ્યર્થ જવા ન દેવો હોય તો રચનાત્મક કાર્ય બેવડા વેગથી ચલાવવું જોઈએ. એટલે હવે બચેલા પૈસા તપાસકાર્યને અંગે થનારા ખર્ચ માટે અને સાથે સાથે રચનાત્મક કાર્યને માટે વાપરવામાં આવશે. બારડોલીની લડત, છેલ્લાં સાત વર્ષ થયાં બારડોલીમાં ચાલી રહેલા રચનાત્મક કાર્યક્રમને લીધે જ, ચાલી શકી એ વિશે કશી શંકા નથી.

ઘણે ઠેકાણે પ્રાંતિક સમિતિઓએ અને વ્યક્તિઓએ નાણાં ભેગાં કર્યાં છે, અને તેમાંનો કેટલોક ભાગ તેઓ મોકલી ચૂકયા છે, પણ કેટલોક મોકલવાનો રહ્યો છે એની મને ખબર છે. તેમણે તો વસૂલ થઈ ગયેલાં નાણાંનો બાકીનો ભાગ સત્યાગ્રહાશ્રમ, સાબરમતી, અથવા સ્વરાજ આશ્રમ, બારડોલી, અથવા નવજીવન કે યંગ ઇન્ડિયા ઑફિસ, અમદાવાદ, અથવા પ્રાંતિક સમિતિના મંત્રી, અમદાવાદને મોકલી આપવાં.

બારડોલી સત્યાગ્રહ ફાળાનો હિસાબ બરોબર ઑડિટ કરાવી બહાર પાડવાની તજવીજ શ્રી વલ્લભભાઈ પટેલ કરી ચૂકયા છે, અને તે ઑડિટ થાય કે તરત જ બહાર પડશે, એવી મને ખબર મળી છે.

### દક્ષિણ આફ્રિકાનો ફાળો

દક્ષિણ આફ્રિકાથી એક મિત્ર લખે છે :

> દક્ષિણ આફ્રિકામાં રહેતા હિંદીઓ બારડોલીની ના-કરની લડત માટે દર મહિને પાંચ લાખ રૂપિયા મોકલે છે, એવો તાર રૉઈટરે હિંદથી અહીં મોકલ્યો હતો. આ સમાચારમાં ભારોભાર અતિશયોક્તિ છે એટલું જ નહીં, દુષ્ટતા પણ છે. હિંદુસ્તાન ખાતે જતાં નાણાં માટે અહીંના લોકોને જે પૂર્વગ્રહ છે તે હવે વધુ ઘેરો ને તીવ્ર બનશે. હું ખાતરી કરી શક્યો છું ત્યાં સુધી તો બારડોલી ફંડ માટે અહીંથી એકંદરે લગભગ ૫૦૦ પાઉન્ડ મોકલાયા છે.

બારડોલીની લડત બાબત ચારે બાજુથી જૂઠાણાં ફેલાવવાની જે ઝુંબેશ ચાલી રહી છે, તે મેં બહુ દુ:ખપૂર્વક જોયા કરી છે. આ આંદોલનમાં કશું ગુપ્ત નહોતું, કોઈને પણ ઈજા

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૬-૮-૧૯૨૮ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

પહોંચાડવાની તેની નેમ નહોતી કે તેને કોઈ ખાસ રાજકીય હેતુ સિદ્ધ કરવાનો નહોતો. છતાં એ જાહેર છે કે તેને નુકસાન પહોંચાડવા માટે નીચમાં નીચ અને સ્પષ્ટપણે વાહિયાત પ્રચારનો આશરો લેવામાં આવ્યો હતો. પૂરી તપાસ વિના, કદાચ દુષ્ટ હેતુપૂર્વક એવી ખોટી અફવા ફેલાવવામાં આવી હતી કે સત્યાગ્રહીઓને દક્ષિણ આફ્રિકામાંથી લાખો રૂપિયા મળે છે. ભલે, પણ આ અસત્યથી સત્યાગ્રહના આંદોલનને કશું નુકસાન થયું નથી. પરંતુ દક્ષિણ આફ્રિકાના ગોરાઓને જો એમ સમજાવવામાં આવે કે, એમને ન ગમે એવી ચળવળ માટે દક્ષિણ આફ્રિકાથી મોટી મોટી રકમ મોકલવામાં આવે છે, તો ત્યાં રહેતા હિંદીઓને તથા એમના ધ્યેયને સહેજે નુકસાન પહોંચે. આમ છતાં હું આશા રાખું છું કે રૉઈટરના તાર પર આફ્રિકામાં કોઈએ બહુ ધ્યાન નહીં આપ્યું હોય. તે જે હોય તે, પણ પત્રલેખક જે કહે છે તેને હું ટેકો આપું છું. અહીં બારડોલીમાં બારડોલી ફંડની આવકનો હિસાબ રાખેલો છે તે જોઈ કોઈ પણ ખાતરી કરી શકે છે કે દક્ષિણ આફ્રિકા ગયેલા તારમાં જે ભડકાવનારી માહિતી હતી એના કરતાં પત્રલેખકે જણાવેલી હકીકત સત્યની વધારે નજીક છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १६–८–१९२८

## ૨૨૧. આપણી જેલો

હિંદની જેલોમાં મેં બે વર્ષ ગાળ્યાં હોવા છતાં, મારાથી ઓછા સમય માટે જેલમાં રહેલા લોકો જેલના વહીવટ અંગે મારા કરતાં વધારે જાણકાર છે એ હું જોઈ રહ્યો છું. કેદીઓ તરફ માનવતાથી જોવામાં આવે તો ઘણી તકલીફો ઓછી થઈ શકે એવી છે એમ તાજેતરમાં છૂટેલા સત્યાગ્રહી કેદીઓ મને જણાવે છે. સુરત જેલમાં રહેલા એક સત્યાગ્રહી કેદીના અનુભવ પ્રમાણે તો બધા કેદીઓને એક નાના હવાઉજાસ વિનાના ઓરડામાં ગોંધવામાં આવ્યા છે, ભાગ્યે જ હજમ થાય એવો ખોરાક મળે છે અને નાહવાધોવાની પૂરી સગવડ પણ અપાતી નથી.

સાબરમતી સેન્ટ્રલ જેલના કેદીઓ વધારે વિગતવાર માહિતી મને આપે છે. એમને મળતા લોટમાં કાંકરી હોય છે, દાળમાં મરડિયા હોય છે ને કોઈ વાર હગાર પણ. આ બાબતમાં જેલ સત્તાવાળાઓની કસૂર નહીં પણ અનાજ સાફ કરવાની તથા દળવાની ફરજ બજાવતા કેદીઓની કસૂર હતી એવું સત્યાગ્રહી કેદીઓને લાગતું હતું. આવું વલણ હું નથી લઈ શકતો. મને તો લાગે છે કે ખોરાકની સ્વચ્છતાનું ધ્યાન રાખવાની ફરજ સત્તાવાળાઓની છે; કાં તો એ પૂરતી દેખરેખ રાખે અગર જેલ બહાર સાફ કરાવી લે. કેદીઓને જે રીતે રખાય છે તે જોતાં તો એમની પાસેથી એવી અપેક્ષા રાખવી કે તેઓ આ કે બીજું કોઈ પણ કામ સારું અગર દિલથી કરે, એ ફોગટ છે. રસોઈ જેવું અગત્યનું કામ કેદીઓ પાસે કરાવવાને બદલે તે કોઈ વિશ્વાસ-પાત્ર વ્યક્તિ કે સંસ્થાને સોંપાય, અને કેદીઓને વધારે કમાઉ તેમ જ આરોગ્યને હાનિકારક ન હોય એવા કામમાં જોતરાય તો સરવાળે સારું અને સસ્તું પડે.

ખોરાક અસ્વચ્છ અને કાચોપાકો મળતો એટલી એક જ ફરિયાદ આ અંગે નહોતી. ગંધાતી, ફુગાયેલી કોબીજ લીલા શાકભાજીના રૅશનમાં મળતી. આ મિત્રોએ કરેલા વર્ણન પરથી હું એવું સમજ્યો કે ઢોરને માટે જેમ ઘાસ દબાવી દબાવી સંઘરવામાં આવે છે તેમ આ કોબીજ

Gandhi Heritage Portal

મનુષ્યો માટે સંઘરાયેલી, અને પછી રાંધતી વખતે એમાં ખૂબ આથો લાવી ખાવા લાયક બનાવેલી. આ હકીકત સાચી હોય, તો મારે એમ જ કહેવું જોઈએ કે પોતાને સોંપાયેલા કેદીઓની જિંદગી સાથે સત્તાવાળાઓ રમત રમી રહ્યા છે.

છૂટેલા કેદીઓમાંથી ત્રણ નબળા પડી ગયેલા હતા; તેમાં એક વિદ્યાર્થી હતો જેને સજાની મુદત પૂરી થતાં ખૂબ ગંભીર હાલતમાં છોડવામાં આવ્યો હતો. એની તબિયત એટલી ખરાબ હતી કે મહાવિદ્યાલયના આચાર્યો તથા વિદ્યાર્થીઓની કાળજીપૂર્વકની તથા માયાળુ સારવાર, તથા કુશળ તબીબોની મદદ છતાં, એ હજી ભયમુક્ત થયો નથી. મને જાણવા મળ્યું છે કે આ દરદીને જેલમાં ઘણા દિવસ તાવ રહેલો છતાં એને ખોરાકમાં ખડબચડો જુવારનો રોટલો જ આપવામાં આવતો. આવા અપાચ્ય રોટલાથી આંતરડામાં સોજો આવ્યો હોય તો નવાઈ નહીં.

આ બધા આક્ષેપોના ખુલાસામાં સત્તાવાળાઓને કંઈ કહેવાનું હોય તો હું ખુશીથી છાપીશ.

વર્તમાન સંજોગોમાં, ઘેર મળે છે એવી સગવડો જેલમાં મળે એવી અપેક્ષા કેદીઓથી ન રખાય તે હું સમજું છું. હું એ પણ સમજું છું કે એક રીતે સ્વેચ્છાએ વહોરી લીધેલાં કષ્ટો માટે સત્યાગ્રહીથી બબડાટ ન થાય. તેમ છતાં, સત્યાગ્રહીને પણ માનવતાભરી સરભરા મળવી જોઈએ, પછી એ ફરિયાદ કરે કે ન કરે. વળી એના શરીરને માફક આવે તેવો ખોરાક એને મળવો જોઈએ, અને ખાસ કરીને આ ખોરાક શુદ્ધ તથા સ્વચ્છ રીતે રંધાયેલો હોવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૧૬–૮–૧૯૨૮

## ૨૨૨. મોતીલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૬,૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

તમારો રિપોર્ટ એક મહાન દસ્તાવેજ બન્યો છે. હું આશા રાખું છું કે લખનૌમાં મળનારી પરિષદ એ ઠરાવને યોગ્ય એવી ગંભીરતાથી એનો વિચાર કરશે અને ઉપર ઉપરથી જોઈ એના ફુરચા નહીં ઉડાડે. રિપોર્ટ ખુદ જ એટલો મહત્ત્વનો છે કે લખનૌ[1]માં પૂરી હાજરી રહેશે એ વાત નક્કી.

તમારી ચેતવણી મળ્યા પહેલાં જ આવતા વર્ષે શું કરી શકીએ તેના વિચારે હું ચડયો હતો. પણ મારે કબૂલ કરવું પડે છે કે મને પોતાને સંતોષ થાય એવો કોઈ ઉપાય મને જડયો નથી. કદાચ લખનૌમાંથી પ્રેરણા મળે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ એન. ૧૩૬૬૦

૧. "નેહરુ રિપોર્ટ", ૧૬–૮–૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૨૨૩. નાનાભાઈ ઈ. મશરૂવાળાને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૬, ૧૯૨૮

ભાઈશ્રી ૫ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો છે. નીલકંઠનો પણ મળ્યો છે. ને કિશોરલાલનો પણ આવી ગયો છે. જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ લાગે છે કે બાલુભાઈ ગયા જ નથી. એણે ફેલાવેલી સુવાસ કંઈ ઊડી જઈ શકે એમ છે? એમ છતાં તેના દેહાંતનું દુ:ખ લાગે. એ દુ:ખમાં મને ભાગીદાર ગણજો. નાથને કહેજો કે કાલે કિશોરલાલને અકોલામાં રોકાઈ જવાનો તાર કર્યો છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

આ સવારે ત્રણ વાગે લખાવ્યો હતો. ત્યાર પછી તમારો મુંબઈનો કાગળ મળ્યો.

ભાઈશ્રી નાનાભાઈ ઇચ્છારામ મશરૂવાળા
ટોપીવાળાનો માળો
સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૨૬૬૦; શ્રી કનુભાઈ નાનાભાઈના સૌજન્યથી

## ૨૨૪. અમદાવાદમાં ભાષણ[1]

[ઑગસ્ટ ૧૬, ૧૯૨૮][2]

**સત્યાગ્રહનું રહસ્ય પચાવો**

આજના મેળાવડાની અંદર ન મને આવવાની આવશ્યકતા હોય, ન મને એકે શબ્દ બોલવાનું પ્રયોજન હોય. વલ્લભભાઈને માનપત્ર અપાય અને એમાં મારા જેવાની હાજરી હોય અને મને બોલવાનું કહેવામાં આવે એનો અર્થ એ કે અમે બંને ભેળા થઈને તમારી હાજરીમાં અને તમારી સંમતિથી એક પરસ્પર સ્તુતિકારક મંડળ બનાવીએ અને તેના અમે બે જણા સભાસદ બનીએ. એ અમદાવાદના ચતુર શહેરીઓએ ઘડીભર પણ સહન ન કરવું જોઈએ.

વલ્લભભાઈ નામે અને શાખે પટેલ છે. બારડોલીનો વિજય મેળવીને એમણે પટેલની શાખ કાયમ રાખી. જે માલધારી પોતાની શાખ કાયમ રાખે તેને કોઈ માનપત્ર આપે એવું જાણ્યું-સાંભળ્યું નથી. મંગળદાસ શેઠ પોતાને ત્યાં આવતી બધી હૂંડીઓ સ્વીકારે તે માટે આપણે તેમને કેટલાં માનપત્ર આપ્યાં? અને હૂંડી ન સ્વીકારે તો તમે શું કરો તે નથી જાણતો.

૧. મહાદેવ દેસાઈના "અમૃતવાણી" નામના લેખમાંથી.
૨. બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, પા. ૫૩૯, પૅરેગ્રાફ ૧૩૧૪.

Gandhi Heritage Portal

તમે જો વિજયને માટે ધન્યવાદ લેવા માગો કે આપવા માગો તો વિજયનું ખરું રહસ્ય સમજો અને સમજીને અનુકરણ કરો, ખરી રીતે કહું તો તમારાથી જેટલું હજમ થઈ શકે તેટલું પચાવો. પણ અનુકરણમાં જ સફળતા નથી રહેલી, અને અક્ષરશઃ અનુકરણ સહેલું પણ નથી હોતું. પ્રસંગ પ્રસંગમાં સામ્ય ભલે દેખાય, પણ જેમ મનુષ્ય મનુષ્યમાં વ્યકિતત્વ રહેલું છે તેમ પ્રસંગોમાં પણ પોતપોતાનું વ્યકિતત્વ રહેલું છે. એટલે જે માણસ સત્યાગ્રહના પ્રસંગોને સમજી, સિદ્ધાંતનું રહસ્ય સમજી તેને પચાવે, તેનો અનુવાદ કરી તેને વર્તનમાં ઉતારે તે જ સફળતા મેળવે.

અસહકાર, સત્યાગ્રહ, સવિનયભંગ જેવા શબ્દોનું કરોડો વાર નામ લેવાય છે, એને નામે જેમ સારાં કામ થયાં છે તેમ કેટલીક વાર જૂઠાં કામ પણ થયાં છે. એનું નામ લઈએ છીએ, કારણ દરેક પક્ષના કાર્યકર્તાની અંદર સ્વરાજની ઝંખના રહેલી છે. પણ માત્ર ઝંખનાથી અર્થ નથી સિદ્ધ થઈ શકતો. તરસ્યા માણસની તરસ 'તરસ' 'તરસ' પોકારે નથી છીપતી, પણ તળાવ, કૂવા ખોદાવે, અથવા તેમાંથી પાણી મંગાવે, એટલે તરસ છિપાવવાનો ઉદ્યમ કરે તો જ છીપે છે. તેમ તમે અહીં સત્યાગ્રહની સ્તુતિનાં વચન સાંભળી કૃતકૃત્યતા માનશો તો ભૂલ કરવાના છો.

એટલે મારી તમને વિનંતી છે કે તમે સત્યાગ્રહનું રહસ્ય સમજો. બારડોલીમાં વલ્લભભાઈ પટેલનો વિજય નથી થયો, સત્ય અને અહિંસાનો વિજય થયો છે. જો એ તમને બરોબર થયું છે એમ ભાસતું હોય તો એનો પ્રત્યેક કાર્યમાં તમે પ્રયોગ કરો. એ પ્રયોગથી તમને સફળતા મળશે જ એમ તો હું ન કહી શકું. ઈશ્વરે આપણને ત્રિકાળદર્શી નથી કર્યા એટલે સફળતા સાચી મળી છે કે નહીં એની આપણને ખબર નથી પડતી. માણસ સફળ થયો કે અફળ થયો તે આખર સુધી કહી નથી શકતો, એટલે જ મણિલાલ પોતાનું અમર વાક્ય કહી ગયા છે: 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.' એટલે નિરાશ્રિત થઈને, નિષ્કામ ભાવથી જે સત્ય અને અહિંસાની વલ્લભભાઈએ આરાધના કરી તે સત્ય ને અહિંસાની તમે પૂર્ણ આરાધના કરશો તો તમને જયમાળા પહેરાવનારાં તો મળી જ રહેશે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૯–૮–૧૯૨૮



Gandhi Heritage Portal

## ૨૨૫. રાજેન્દ્રપ્રસાદને કેબલ[1]

[ઑગસ્ટ ૧૯ કે તે પછી, ૧૯૨૮]

રાજેન્દ્રપ્રસાદ

જયવતી

લંડન

પરિષદને[2] ફત્તેહ ઇચ્છું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૩૮૧

## ૨૨૬. સી. એ. ઍલેક્ઝાન્ડરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,

ઑગસ્ટ ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા ઝડપી જવાબ[3] માટે આભાર. સકલાતવાલા તરફથી પણ મને હવે પત્ર મળી ગયો છે.[4]

મારી ખબર પૂછવા બદલ આભાર. મને જણાવતાં આનંદ થાય છે કે મારી તબિયત તદ્દન સારી છે.

હું હવે સાબરમતી પાછો આવી ગયો છું.

તમારો સહૃદયી

સી. એ. ઍલેક્ઝાન્ડર, એસ્ક્વાયર

જનરલ મૅનેજર, ધ તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની લિ.

જમશેદપુર (વાયા તાતાનગર)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૭૭૮

૧. "યુવક સંમેલન સંદેશો માગે છે. કેબલ કરો", એવા ૧૯ ઑગસ્ટ, ૧૯૨૮ના રોજ મળેલા એમના કેબલના જવાબમાં.

૨. હોલૅન્ડમાં અર્ડ મુકામે ભરાયેલી વિશ્વ યુવક કૉંગ્રેસ.

૩. ઑગસ્ટ ૧૧નો. એમાં લખ્યું હતું: "હું . . . કહેવાની રજા લઉં છું કે આપના ભાષણમાંનો ઉતારો એક પત્રિકામાં મૂકવામાં આવ્યો હતો. આ પત્રિકા અમારા ચૅરમૅન શ્રી [એન. બી.] સકલાતવાલા તથા આપના પરિચિત અન્ય સજ્જનોએ અમારી મુંબઈની મુખ્ય ઑફિસમાં ઘડી હતી." એસ. એન. ૧૩૨૩૯

૪. સકલાતવાલાએ પોતાના ૧૫ ઑગસ્ટના પત્ર (એસ. એન. ૧૪૪૫૭)માં લખ્યું હતું: "આ કમનસીબ [મજૂર માલિક] ઝઘડામાં અમે આપનું નામ અયોગ્ય રીતે વાપર્યું હોય તો મારે માટે એ ભારે દુઃખની વાત ગણાય. . . . કારખાનું ચાલુ રહે તે કેટલું અગત્યનું છે તથા અમારી પરિસ્થિતિ માણસોને સમજાવવાની આશાથી અને આવા સંજોગોમાં શાંતિભર્યું વાતાવરણ સ્થપાય એ આશાએ આપનું નામ વપરાય એ અમને વાજબી લાગ્યું હતું. . ."

Gandhi Heritage Portal

## ૨૨૭. ઊર્મિલાદેવીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૧૮, ૧૯૨૮

બહેનશ્રી,

છાપાં પરથી તમે જાણ્યું હશે કે હું આશ્રમે પાછો આવી ગયો છું. હવે ધીરેનને લઈને તમને મન થાય ત્યારે આવજો. ધીરેનને થયેલી નિરાશા હું સમજી શકું છું ને તેની કદર પણ કરું છું. પરંતુ ધીરજનાં ફળ મીઠાં છે ને ધીરેન ધીરજ રાખશે અને લાયકાત મેળવશે તો આખરી જંગમાં ભાગ લેવાનું એને ભાગે આવશે. લડતમાં ભાગ લેવાની ઇચ્છા રાખનાર એવું કરે કે જેથી એ લડત જલદી આવી પડે તો આ આખરી જંગ વહેલો મોડો આવવાનો જ છે.

આશા રાખું છું કે સુધીર હવે તદ્દન સારો થઈ ગયો હશે.

તમારો સહૃદયી

શ્રીમતી ઊર્મિલાદેવી
૪/એ નફર કુન્ડુ રોડ, કાલીઘાટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૯૩

## ૨૨૮. ધર્મને નામે અધર્મ

મથુરાથી એક ગૃહસ્થ લખે છે:[1]

આ હિંદી સમજવામાં સહેલું હોઈને મેં તરજુમો નથી કર્યો. ઉત્તર હિંદુસ્તાનમાં વસતા શાસ્ત્રને જાણનારા બ્રાહ્મણો પણ ગુજરાતના શ્રદ્ધાળુ પણ અવળે માર્ગે દોરાઈ રહેલા વૈષ્ણવોને વિશે શું ધારે છે એ તેમના જ શબ્દમાં બતાવવાને ખાતર મેં ઉપલો કાગળ લખનારની જ ભાષામાં આપ્યો છે. મિષ્ટાન્ન ભોજન કરવા કરાવવામાં હજારો રૂપિયા ખરચવા અને તે ક્રિયાને ધર્મ તરીકે ઓળખાવવી એ તો આ જમાનાની બલિહારી જ ગણાય. વૈષ્ણવ ધર્મમાં 'પરાઈ પીડ'નું દર્શન એ મધ્યબિંદુ છે, જ્યારે ભાવિક ગણાતા વૈષ્ણવોએ તેને ભોગ ભોગવવાનું સાધન કરી મૂકેલો છે. જેમ આ દેશમાં બીજી જગાએ થાય છે તેમ ગોવર્ધનમાં ગોવંશનો નાશ થતો જાય છે. દૂધઘીની અછતની વાત મજકૂર પત્રમાં લખી છે તેનો અનુભવ સૌ કોઈ યાત્રાળુને થયો છે. ગુજરાતના ધનિક વૈષ્ણવો આ કાગળ ઉપર ધ્યાન આપે, ચેતે અને ધર્મને નામે થતા અધર્મમાંથી બચે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૯–૮–૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. તેમાં મથુરામાં ધર્મને નામે થતા પૈસાના અને અન્નના વ્યયનું તથા ગાયો તરફ બતાવાતા ખરાબ વર્તનનું અને દૂધની બનાવટોની વર્તાતી અછતનું વર્ણન છે.

Gandhi Heritage Portal

## ૨૨૯. 'શાસ્ત્રને અનુકૂળ'

અસ્પૃશ્યતાની જડ કેટલી ઢીલી થઈ ગઈ છે એનો પુરાવો ઠેકઠેકાણેથી મળ્યા કરે છે. ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજી સનાતન ધર્મના સ્તંભ છે. એમણે વર્ધામાં લક્ષ્મીનારાયણ મંદિર વિશે નીચે પ્રમાણે શ્રી જમનાલાલજીને પત્ર લખ્યો છે:[1]

આવા જ અભિપ્રાય જમનાલાલજીને શ્રી પ્રમથનાથ તર્કભૂષણ શર્મા અને શ્રી આનંદશંકર ધ્રુવ તરફથી પણ મળ્યા છે. શું જેઓ સનાતન ધર્મનું પાલન કરવાનો દાવો કરે છે તેઓ હજુ અસ્પૃશ્યતાને ધર્મ સમજી વળગી રહેશે?

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૧૯-૮-૧૯૨૮

## ૨૩૦. એક અદૃશ્ય સેવકનો દેહાંત

માંચડા ઉપર ઊભતા અને બેસતા આગેવાનોને તો આપણે સહુ જાણીએ. પણ માંચડો તૂટી પડે એટલે સુધી તેની ઉપર દબાઈ દબાઈને આપણે સહુ બેસવા ઇચ્છીએ તોયે તેની ઉપર બેસનારા સમુદ્રમાં જેમ બિંદુ તેમ લાગીએ અને રહીએ, પણ સમુદ્રની આગળ બિંદુની જેટલી કિંમત તેટલી માંચડાવાળાની હોય; એટલે માંચડા ઉપર બેસવાની કદી ઇચ્છા નહીં રાખનારા આમવર્ગરૂપી સમુદ્રમાં જ રહીને આનંદમાં રહેનારા, અદૃશ્ય રીતે સેવા કરી રહેલા સિપાહીઓ જ સાચા સેવક છે. આવા એક સેવક મુંબઈમાં રહેતા બાલુભાઈ ઇચ્છારામ મશરૂવાળા હતા. એમની પાસે ધન હતું; બુદ્ધિ હતી; તેનો ઉપયોગ તેમણે હમેશાં અદૃશ્ય રીતે સેવા કરવામાં જ કરેલો. બાલુભાઈનું આખું કુટુંબ સંસ્કારી છે. પોતે ધનથી, મનથી અને તનથી જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં સેવા કરી છૂટી સંતોષ ન માન્યો. પોતાના સૌથી નાના ભાઈ કિશોરલાલને સુંદર સંસ્કારો પાડ્યા, વકીલ બનાવ્યા અને પછી દેશસેવાને સારુ અર્પણ કર્યા. આ સંસ્કારી સેવકનો દેહાંત ગયે અઠવાડિયે[2] થયો. પ્રભુ તે આત્માને શાંતિ આપો, ને તેવા નિરભિમાન રહી સેવા કરનારા અસંખ્ય સેવકોને તૈયાર કરો. મરતાં મરતાં તેઓ એક કાગળ લખી ગયા. તે દેશ, સત્ય અને અહિંસા પ્રત્યેનો તેમનો પ્રેમ બતાવનારો હોવાથી અહીં મૂકું છું:[3]

એમને વિશે અતિશય કરુણાજનક એક ટૂંકું શબ્દચિત્ર ભાઈ કિશોરલાલે પોતાના મારી ઉપરના કાગળમાં આપ્યું છે તે પણ અહીં ટાંકું છું:[4]

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૧૯-૮-૧૯૨૮

૧. આ પત્ર અહીં આપ્યો નથી. બધા જ હિંદુઓ માટે મંદિર ખુલ્લું મૂકવા માટે તથા સૌને જેમાંથી પાણી ખેંચવાનો હક હોય એવો કૂવો ખોદાવવા માટે માલવિયાજીએ જમનાલાલ બન્નેને ધન્યવાદ આપ્યા હતા. "નોંધ" ૨૬-૭-૧૯૨૮, પેટામથાળું "વર્ધામાં અસ્પૃશ્યતાનિવારણ" પણ જુઓ.

૨. જુઓ "નાનાભાઈ ઇ. મશરૂવાળાને તાર", ૧૩-૮-૧૯૨૮.

૩. અને ૪. અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

## ૨૩૧. રાજસત્તા વિ. લોકસત્તા

રાજસત્તા કરતાં લોકસત્તા અધિક છે એમ બારડોલીએ બે ને બે ચાર જેવું સિદ્ધ કરી આપ્યું છે. અને એમ કહી શકાય કે એ સિદ્ધિનો આધાર કેવળ લોકોની શાંતિ જાળવવાની ને શાંત અવરોધ કરવાની શકિત ઉપર જ રહેલો છે.

રાજસત્તાનો બધો આધાર રાજદંડ ઉપર છે. રાજદંડનો ભય છોડી દંડને મિથ્યા ગણી તેનો પ્રતિકાર દંડથી ન કરી જે લોક નિર્ભયપણે વિચરે તેનો સર્વકાળે જય જ છે. બારડોલીના લોકોને જ્યાં લગી રાજદંડનો ડર હતો ત્યાં લગી તેઓ ન્યાય મેળવવા અસમર્થ હતા. જ્યારે તેનો ભય તેમણે છોડયો ત્યારે તેમણે પળવારમાં જોયું કે અમલદારો લોકો ઉપર નભતા હતા, નહીં કે લોકો અમલદારો ઉપર.

લોકોએ એમ પણ જોયું કે જો તેઓ દંડની સામે દંડ વાપરે તો રાજદંડ જ ફાવે. જો લોકો રાજદંડનો તાપ સહન કરી લે તો તે દંડ નિરર્થક થઈ પડે. દંડની મર્યાદા લોકોનાં શરીર અને માલની ઉપરાંત નથી જઈ શકતી એમ પણ તેમણે જોયું. તેમના હૃદયને તો રાજદંડ સ્પર્શ સરખોયે નથી કરી શકતો એ પણ તેમણે જોયું. પોતાનું હૃદય પોતાના સરદારને સોંપી તેઓ રાજદંડના ભયમાંથી મુકત થયા.

આમાંથી આપણે જોઈ શકીએ છીએ કે લોકોને પોતાની મુકિતને સારુ નથી શરીરબળની જરૂર, નથી બુદ્ધિબળની જરૂર, તેમને માત્ર હૃદયબળની જ જરૂર પડે છે. હૃદયબળનો આધાર શ્રદ્ધા ઉપર છે. અહીં તેમને પોતાના સરદાર ઉપર શ્રદ્ધા રાખવાની હતી. આ શ્રદ્ધા કૃત્રિમ રીતે ન આવે. એ શ્રદ્ધાને પાત્ર સરદાર મળ્યા, એટલે તેમણે લોકોનાં હૃદય લોહચુંબકની જેમ પોતા ભણી ખેંચી લીધાં.

એટલે આપણે જોયું કે સત્યાગ્રહની લડતમાં સંસ્કારી, ત્યાગી અને લોકોની લાગણીને પારખનારો સરદાર મળે, તો, અને લોકો વફાદાર રહે તો તેનો જય જ થાય.

આ લડતમાં સત્ય અને શાંતિ પ્રધાન વસ્તુ હતાં. લોકોની માગણી સાચી હતી, અને તેને સિદ્ધ કરવામાં લોકોએ અસત્યનો ઉપયોગ નથી કર્યો. લોકોને અશાંત થવાના, હિંસા કરવાના પ્રસંગો ઘણા આવ્યા હતા, પણ તેમણે ખૂબ શાંતિ જાળવી. આનો અર્થ એવો નથી કે લોકો શાંતિને ધર્મરૂપે સમજ્યા અથવા તો મનમાંય ક્રોધ ન કર્યો, પણ તેઓ વ્યાવહારિક શાંતિને સમજ્યા, પોતાના ક્રોધને રોકયો ને મારફાડ ન કરતાં જે જે કષ્ટો આવ્યાં તે તેમણે સહન કર્યાં.

[મૂળ ગુજરાતી]
नवजीवन, १९-८-१९२८

Gandhi Heritage Portal

# ૨૩૨. હિંદુ ધર્મની બ્રાહ્મસમાજે કરેલી સેવા[1]

ઑગસ્ટ ૨૦, ૧૯૨૮

આ સભામાં આવીને આવે શુભ પ્રસંગે એટલે કે બ્રાહ્મસમાજની શતાબ્દીને દિવસે હું કંઈ પણ કહેવાને લાયક છું એમ મારા મનમાં હું મુદ્દલ માનતો નથી. આ વિવેકની નહીં પણ સાચી ભાષા છે. છતાં હું અહીં બેઠો છું, અને કંઈક પણ બ્રાહ્મસમાજને વિશે કહીશ તો તે પ્રેમ અને ભક્તિને વશ થઈને કહીશ. હું પોતે રમણભાઈનો ભક્ત છું. જ્યારથી મેં રમણભાઈને ઓળખ્યા ત્યારથી હું સમજતો આવ્યો છું કે રમણભાઈ અમદાવાદનું ભૂષણ છે, ગુજરાતનું નાક છે. તેથી જ્યારે વિદ્યાબહેને લખ્યું કે હું આવું અને બે બોલ કહું તો તેમને ગમશે, ત્યારે હું એમના વચનને ઠેલી ન શક્યો. મેં લખ્યું કે હું એ પ્રસંગને માટે કાંઈ તૈયારી કરી શકું એમ નથી. પણ તેમણે તૈયારી કર્યા વિના જે કાંઈ અનુભવમાંથી કહેવાનું સૂઝે તે કહેવાનું કહ્યું, તેથી હું તમારી સમક્ષ આવ્યો છું.

હું પોતાને આ કાર્યને માટે લાયક ગણતો નથી, તેનું કારણ બતાવવું આવશ્યક છે. રાજા રામમોહન રાયની કારકિર્દી વિશે હું કંઈ પણ જાણતો હોઉં તો તે મિત્રોની પાસેથી સાંભળેલું અથવા મેં છૂટુંછવાયું વર્તમાનપત્રોમાં વાંચેલું તેટલું જ. તે સિવાય કંઈ જ જાણતો નથી. એનો અર્થ રામમોહન રાય વિશે મારો ઓછો આદર છે એમ નથી. પણ મારો અભ્યાસક્રમ બંધ થયો ત્યારથી આજ સુધી મારી જિંદગી અનેક તોફાનોમાંથી પસાર થઈ છે, એટલે મને વાચન કરવાનો ઓછામાં ઓછો સમય મળ્યો છે. તેથી મારાથી બ્રાહ્મસમાજને વિશે અભ્યાસનો દાવો નહીં કરી શકાય. અત્યારે હું શું કહું એની મને પોતાને ખબર નથી. મારી આજે એવી કરુણાજનક સ્થિતિ છે કે સભામાં આવવાનું કબૂલ કર્યું તોયે હું કશી તૈયારી કરી શક્યો નથી. આજે મેં ઘણાં ફાંફાં માર્યાં કે રામમોહન રાયનું નાનું જીવનચરિત્ર મારી પાસે પડયું છે તે તો વાંચી જાઉં, બ્રાહ્મસમાજને વિશે કંઈક સાહિત્ય તો જોઈ જાઉં. પણ મને એક ક્ષણ પણ એને સારુ ન મળી. તેથી મેં ઈશ્વર પાસે પ્રાર્થના કરી કે મને તું એવા શબ્દો આપજે જેથી મારું કામ હું કંઈક રીતે આટોપી શકું.

પણ બ્રાહ્મસમાજ વિશેનો મારો અભ્યાસ જોકે મુદ્દલ નથી, તોપણ તે સમાજ સાથેનો મારો સંબંધ અતિશય નિકટ છે, અને ઘણાં વર્ષોનો છે. હું ૧૯૧૫માં હિંદુસ્તાનમાં આવ્યો ત્યારથી બ્રાહ્મસમાજીઓના નિકટ પરિચયમાં આવ્યો છું. એટલું જ નહીં પણ મને યાદ છે કે ૧૯૦૧માં, અને તેથીયે પહેલાં ૧૮૯૬ની સાલમાં હું કલકત્તા ગયેલો ત્યારે પણ બ્રાહ્મસમાજનો કંઈક પરિચય મેં કરેલો. જે વખતે હું વગર ધંધાના બૅરિસ્ટર તરીકે મુંબઈમાં આંટા મારતો હતો તે વખતે પણ મારામાં એક જાતની ધર્મજાગૃતિ હતી, એક જાતની જિજ્ઞાસા હતી. તે વખતે મારામાં

૧. અહીં મહાદેવ દેસાઈની શરૂઆતની નોંધ આ પ્રમાણે છે: "બ્રાહ્મસમાજની સ્થાપના રાજા રામમોહન રાયે ૨૦મી ઑગસ્ટ ૧૮૨૮ને દિને કરી હતી. ૨૦મી ઑગસ્ટે તેને ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેની શતાબ્દી નિમિત્તે અમદાવાદના પ્રાર્થના સમાજમાં તે દિવસે ખાસ ઉપાસના થઈ હતી અને પ્રસંગોચિત વ્યાખ્યાન આપવાની વિનંતી ગાંધીજીને કરાઈ હતી."

Gandhi Heritage Portal

સહિષ્ણુતા પાર વગરની હતી. આવું પ્રમાણપત્ર કોઈ માણસ પોતાને જ આપે તો તે આત્મશ્લાઘામાં ખપી જાય. મારે વિશે તમે કોઈ આવો આરોપ ન મૂકજો. હું સાઠ વરસનો છું એમ કહું તેમાં જેમ આત્મશ્લાઘા નથી પણ સાચી હકીકત છે, તેટલે જ અંશે આ દાવો સાચો છે. કોઈ પણ દિવસ મને કોઈ ધર્મની નિંદા કરવાનું મન જ નથી થયું. સર્વ ધર્મમાં જે સારું જણાય તે લેવું, અને નઠારું જણાય તેને વિશે ઉદાસીન રહેવું. એ મારા સ્વભાવને વશ થઈને હું ભટકતો ભટકતો મુંબઈના પ્રાર્થનાસમાજમાં જતો. મેં જોયું કે ત્યાં ઘણાં માણસો નથી આવતાં, ને આવે છે તે મુખ્યત્વે શિક્ષિતવર્ગના છે. એ ૧૮૯૨ની વાત. પછી ૧૮૯૬માં અને પછી ૧૯૦૧ની સાલમાં હું કલકત્તા ગયો અને ૧૯૦૧માં ગોખલે મારફતે તેમ જ પી. સી. રાય મારફતે ઘણા બ્રાહ્મસમાજીઓના પરિચયમાં આવ્યો. તે વખતે પ્રો. કાથવટે ગોખલેને ત્યાં રહેતા હતા. એ અરસામાં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરને ત્યાં કંઈક ઉત્સવ હતો. અમને મહર્ષિનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. અમે ગોખલેની રજા લઈને નીકળી પડ્યા, અને ચાલતા ગયા. અમોને મહર્ષિનાં દર્શનની ઘણી ઇચ્છા હતી, પણ એઓ એટલા બીમાર હતા કે તેઓ અમને ન મળી શક્યા. કાથવટે તો સંસ્કૃતના પંડિત રહ્યા, એમને હિંદુસ્તાનના ધર્મોનો બહોળો પરિચય હોય જ. પણ હું તો જુવાન રહ્યો. તેથી મારાથી જેટલું સાંભળી શકાય તેટલું બધું સાંભળીને જાણી લેતો. બ્રાહ્મસમાજનાં મંદિરોમાં પણ જતો. પંડિત શિવનાથ શાસ્ત્રીનો પરિચય પણ તે વખતે મને થયો. બ્રાહ્મસમાજમાં ત્રણ ફાંટા છે એ મેં આ વેળા જ જાણ્યું. પ્રતાપચંદ્ર મઝુમદારનાં વ્યાખ્યાનો સાંભળવા પણ હું જતો. ત્યાર પછી બંગાળમાં બ્રાહ્મસમાજનો મારો પરિચય વધતો ગયો.

આ બધામાંથી હું જોઈ શક્યો કે બ્રાહ્મસમાજે હિંદુ ધર્મને એક જબરદસ્ત ફાળો આપ્યો છે. ત્યારથી મારી કલ્પના એવી બંધાઈ છે કે બ્રાહ્મસમાજે હિંદુસ્તાનના – મુખ્યત્વે બંગાળના શિક્ષિતવર્ગને ઉગારી લીધો છે. એને મેં શિક્ષિતવર્ગનો સંપ્રદાય તે વખતે માનેલો. આજે આટલા નિકટ સંબંધ પછી મારો એ જ અભિપ્રાય કાયમ છે. તે વખતે શિક્ષિત સમાજ ભયમાં હતો, કદાચ નાસ્તિક થઈ જાય એવો ભય હતો. મારો ભારતવર્ષને વિશે એવો મોહ છે કે હું માનું છું કે ભારતવર્ષમાં માણસને એકાએક નાસ્તિક થવું ને રહેવું અસંભવિત છે. ભારતવર્ષમાં ધર્મની ભાવના ઘણી છે. તે ઘણી વેળા વહેમનું, જડતાનું, વેવલાપણાનું રૂપ લે છે. છતાં મેં માન્યું છે – મોહને વશ થઈને કહો કે પ્રેમને વશ થઈને કહો – કે ભારતવર્ષમાં લાંબા કાળ લગી માણસ નાસ્તિક રહે એવું સંભવતું નથી. છતાં આ શિક્ષિત સમાજ પર ભયની તલવાર લટકતી હતી એમાં શંકા નથી. એ વખતે રામમોહન રાયનો જન્મ થયો. મેં સાંભળ્યું છે ને હું જોઈ શક્યો છું ત્યાં સુધી ખ્રિસ્તી પાદરીઓની અસર એમના પર હતી. કાકાસાહેબ પાસેથી મેં પહેલાં સાંભળેલું અને આજે પણ સાંભળ્યું કે રામમોહન રાયે ફારસીનો અને અરબીનો ઊંડો અભ્યાસ કર્યો હતો. રામમોહન રાયની વિદ્વત્તા વિશે બે મત નથી. તેમની ઉદારતા વિશે બે મત ન જ હોય. હિંદુ ધર્મનો અને તેમાંયે વેદ ધર્મનો તેમણે ખાસ અભ્યાસ કર્યો. એ ત્રણે ધર્મની અસર પોતા પર થવા દીધી. પરિણામે બંગાળમાં નવો સંપ્રદાય ઊભો કર્યા સિવાય ઉપાય જ નથી એમ તેમને લાગ્યું. ગુજરાતમાં એ સાંભળીને આપણને આશ્ચર્ય લાગે. આપણે વેપારી રહ્યા. બંગાળમાં એથી ઊલટી પરિસ્થિતિ હોવાને લીધે વહેમો પણ એટલા ઊંડા ગયેલા હતા, આંધળો ધર્મ પણ એટલો બધો પ્રચલિત હતો કે જે રીતે આપણે ગુજરાતમાં રહી શકીએ છીએ તે રીતે રામમોહન રાય કદાચ ન રહી શકે. ૪૦ વરસ પર કાઠિયાવાડમાં કોઈ પણ હિંદુને જે પ્રકારનું જીવન ગાળવું હોય, જે વિચારો રાખવા હોય તેમાં કોઈ આડે આવતું નહીં. મારી બાલ્યાવસ્થામાં

Gandhi Heritage Portal

હું જે વિચારો કરતો એમાં માતાપિતા કે બીજું કોઈ આડે ન આવતું. બંગાળમાં એથી ઊલટી પરિસ્થિતિ હતી. શિક્ષિતવર્ગને સારુ ધર્મવિકાસના કંઈક સાધનની જરૂર હતી. ધર્મને નામે હિંસા થાય, ધર્મને નામે પશુનું બલિદાન અપાય, એ શિક્ષિતવર્ગને કેમ ભાવે, એને તે કેમ માન્ય રાખે? જ્યાં બુદ્ધિને કશું સ્થાન ન હોય, જ્યાં આંધળી શ્રદ્ધાને જ ધર્મનું સ્વરૂપ અપાતું હોય ત્યાં શિક્ષિતવર્ગ સામેલ કેમ રહી શકે? એના મનમાં એ કેમ ઊતરી શકે? રામમોહન રાય પોતાનો જ કોયડો ઉકેલીને બેસી રહી શકતા હતા, પોતાનું સમાધાન વૃદ્ધો પાસેથી મેળવી શકતા હતા. પણ તેઓ તો સુધારક હતા. પોતાને જડી તે વસ્તુ ખિસ્સામાં કે તાળાકૂચીમાં સંઘરી રાખે એવા નહોતા. તેથી તેમણે પોતાના વિચારો પ્રગટ કર્યા, બીજાને તેમાં ભેળવ્યા, ને આ સમાજની ઉત્પત્તિ થઈ.

છતાં એ સમાજ ટકી ન શકત, જો એમાં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર જેવી વ્યક્તિ ભળી ન હોત તો. ટાગોર કુટુંબે બંગાળના જીવનમાં, હિંદુસ્તાનના જીવનમાં, અને આગળ જઈને કહું તો જગતના જીવનમાં કેટલો મોટો ફાળો આપ્યો છે તે ભવિષ્ય નક્કી કરશે. જેઓ હિમાલયની તળેટીમાં વસે છે તેઓ હિમાલયની પૂરી શોભા નથી જોઈ શકતા, તેમ ટાગોર કુટુંબનો ફાળો ધર્મના ઇતિહાસમાં કેટલો છે તે આપણે આંકી નથી શકતા. આપણે એનાથી અંજાઈ જઈએ છીએ. તેમાંયે રવીન્દ્રનાથ ટાગોરે તો આડો આંક વાળ્યો છે. એ પ્રભાવ બ્રાહ્મસમાજનો છે. બ્રાહ્મસમાજે બુદ્ધિનાં દ્વાર ખુલ્લાં કર્યાં, છતાં શ્રદ્ધાનું સ્થાન કાયમ રાખ્યું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનો એમાં બહુ મોટો ફાળો છે. બ્રાહ્મસમાજ સંકુચિત થવાનો ભય એક વાર હતો; ખ્રિસ્તી ધર્મની અસર એટલી બધી વધી ગઈ હતી કે વેદ ધર્મ સાથેનો સંબંધ તોડી નાંખત. પણ દેવેન્દ્રનાથનાં તપશ્ચર્યા અને જ્ઞાનથી બ્રાહ્મસમાજ ભયમાંથી ઊગરી ગયો અને હિંદુ ધર્મની શાખા જ રહ્યો.

બ્રાહ્મસમાજનો ફાળો સો વર્ષ પછી આંકવા બેસીએ તો એ સમાજની સંખ્યા પરથી ન આંકવો જોઈએ. એની સંખ્યા ઓછી છે. એ સંખ્યાની વૃદ્ધિમાં રોકાયેલી સંસ્થા પણ નથી. બ્રાહ્મસમાજીઓ પોતે કામ કરી રહ્યા છે, સમાજનો પ્રચાર કરવામાં રોકાયા નથી, તેથી તેઓ ઓછા રહ્યા છે. બ્રાહ્મસમાજની હિંદુ ધર્મની સેવા તો હિંદુ ધર્મને શુદ્ધ રાખવામાં, હિંદુ ધર્મમાં બુદ્ધિવાદને મોટું સ્થાન આપવામાં છે. આપણે જોઈ શકીએ છીએ કે બ્રાહ્મસમાજમાં ઉદારતા છે, તેમાં ઝઘડા નથી. તે સંકુચિત નથી, કૃપણ નથી; બીજા ધર્મો પ્રત્યે તે ઉદાર છે. કંઈક સાંકડા મનના હિંદુઓએ એક વખતે માનેલું કે બ્રાહ્મસમાજ એ હિંદુ ધર્મથી નોખો ધર્મ છે; કેટલાક બ્રાહ્મસમાજીઓ પણ કહેતા કે અમે નોખા જ છીએ, અમે હિંદુ નથી. આ બંને માન્યતા ભૂલ ભરેલી હતી. આ પુસ્તકો અહીં પડેલાં છે તે મેં પહેલાં કદી જોયાં નહોતાં. એ પુસ્તકો સહેજ જોતાં મેં જોયું કે એના પર વેદ ધર્મની છાયા પડેલી જ છે, વેદ ધર્મ એ બ્રાહ્મસમાજમાં વ્યાપક વસ્તુ છે. બ્રાહ્મસમાજની સેવાની આંકણી કરતાં ઇતિહાસ એમ નહીં કહે કે એમાં આટલા માણસો હતા; પણ તેણે હિંદુ ધર્મમાં પ્રવેશી તેની ઉદારતા કાયમ રાખી, અને શુદ્ધ ધર્મભાવના અને એક ઈશ્વરની ભક્તિનું તત્ત્વ સુંદર રીતે ખીલવ્યું.

હું બ્રાહ્મસમાજની ટીકાઓ સંભળાવવા બેસું તો ન સંભળાવી શકું એમ નથી. મારા નિકટ પરિચયથી હું કેટલુંયે જોઈ શક્યો છું પણ તે સંભળાવવાનો આજે પ્રસંગ નથી. આજે બ્રાહ્મ-સમાજની શતાબ્દી છે. એટલે એમાં મેં જે સારું જોયું તે મારે તમારી પાસે મૂકવું જોઈએ. હવે હું કામ કાઢી લેવા ઇચ્છું છું ખરો. બ્રાહ્મસમાજનાં મધુર સ્મરણો મેં તમને સંભળાવ્યાં છે,

Gandhi Heritage Portal

તે એટલા માટે કે તમારો ધર્મભાવ કાયમ રહો; તમારામાં ધર્મને વિશે ઉદાસીનતા હોય તો તમારી ધર્મભાવના જાગ્રત થાઓ.

મુંબઈ ઇલાકામાં બ્રાહ્મસમાજની ઓછામાં ઓછી અસર થયેલી છે. એનો અર્થ મુંબઈમાં ધર્મભાવના ઓછી હતી એમ નહીં. પણ ત્યાં જેટલા સંપ્રદાયો હતા તે જાગ્રત રહ્યા છે. મુંબઈના પ્રાર્થનાસમાજનો ઉદ્દેશ પણ જે અમુકવર્ગ ધર્મને વિશે ઉદાસીન કે નાસ્તિક હતા તેમને કંઈક ધર્મભાવના મળે એ હતો. હું તો એટલું જ કહેવા માગતો હતો કે બ્રાહ્મસમાજને જેટલી સફળતા બંગાળમાં મળી તેટલી મુંબઈ ઇલાકામાં ન મળી, એનું કારણ મુંબઈ ઇલાકામાં ધર્મભાવના એટલી ઓછી થઈ ગઈ નહોતી.

ધર્મ એટલે સંકુચિત સંપ્રદાય નથી, કેવળ બાહ્યાચાર નથી. બહોળા વ્યાપક અર્થમાં ધર્મ એટલે ઈશ્વરત્વ વિશે આપણી અચલિત શ્રદ્ધા, પુનર્જન્મ વિશે અચલિત શ્રદ્ધા, સત્ય અને અહિંસા વિશે આપણી સંપૂર્ણ શ્રદ્ધા. અત્યારે તો ઘણે ઠેકાણે ધર્મને વિશે પુસ્તકો કે નિબંધોમાં ચર્ચા ચાલે છે એટલું જ. આજે ધર્મને નામે અધર્મ ચાલે છે. પશુબલિ ચાલે છે. બંગાળમાં આજે પણ હજારો નિર્દોષ બકરાંઘેટાંનો બલિ અપાય છે. મદ્રાસ ઇલાકામાં અને મહારાષ્ટ્રમાં કોઈ સ્થળે જે વસ્તુનો લોપ થયો હું માનું તેનો આજે પણ પ્રચાર ચાલે છે. હું માનું છું કે આ ધર્મ નથી, અધર્મ છે; એક પ્રકારનો મહાસંમોહ છે. એ મોહમાંથી નીકળી જવું એ યુવકવર્ગનો, શિક્ષિતવર્ગનો ધર્મ છે. રાજ્યપ્રકરણી વિષયોમાં આપણે એટલો બધો રસ લઈએ છીએ કે રાજ્ય-પ્રકરણી સભાઓમાં હજારોની સંખ્યામાં જઈએ છીએ. એટલો રસ આપણને ધર્મમંદિરોને વિશે નથી. ધર્મમંદિરો, હવેલીઓ વગેરેને આપણે સ્ત્રીઓને સારુ, અજાણ વર્ગને સારુ કે વેવલા પુરુષોને સારુ આંકી મૂકેલાં છે. જ્યાં ખરેખર ઈશ્વરની પ્રાર્થના થાય છે ત્યાં ઓછામાં ઓછા લોકો જતા હશે. એ વૃત્તિમાંથી આપણે શિક્ષિતવર્ગે નીકળી જવાની આવશ્યકતા છે.

તમને ખબર નહીં હોય, તો હું તમને ખબર આપું. વલ્લભભાઈ બારડોલીમાં જઈ જીત મેળવી આવ્યા, તેમને તમે સુવર્ણના હાર પહેરાવ્યા, હજુ જાફતો આપી રહ્યા છો, પૈસા આપી રહ્યા છો, પણ એમણે જે બીજી એક જીત મેળવી તેની તમને ખબર નથી. વલ્લભભાઈને બાર-ડોલીની લડતમાં વલ્લભ મળ્યા છે. એ વલ્લભભાઈની કહેલી વાત નથી, પણ જે સેવકો એમના હાથ નીચે કામ કરી રહેલા હતા તેમણે—એક નહીં પણ અનેકે મને કહેલી વાત છે. લોકોને પોતાની શકિતનું ભાન કરાવતાં કરાવતાં વલ્લભભાઈની ધર્મજાગૃતિ વિશેષ થઈ. તેમનામાં ધર્મ-જાગૃતિ નહોતી એમ નહીં, પણ ધર્મ કેવી ચમત્કારી વસ્તુ છે તે તેઓ બારડોલીમાં શીખ્યા. જો આપણે અભણ પ્રજામાં કામ કરવું હોય, રાનીપરજ—જેને આપણે ગઈ કાલ સુધી કાળી-પરજ કહેતા હતા તેમની સેવા કરવી હોય, તેમને સ્વરાજ્યવાદી એટલે કે રામરાજ્યવાદી બના-વવા હોય તો તે ધર્મજાગૃતિની મારફતે જ થઈ શકશે એમ તેમણે જોયું. જો કોઈ વલ્લભભાઈએ બારડોલીમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ કરીને છપાવે તો તે ધર્મનાં વ્યાખ્યાનોનો સંગ્રહ થઈ જશે. તેઓ લોકોને એક કરી શકયા તો તે રામનામથી. તેમના સ્વયંસેવકો રઘુપતિ રાઘવ રાજા-રામની ધૂનમાં લોકોને તલ્લીન કરી દેતા. વલ્લભભાઈ લોકોને સમજાવી શકયા કે જે ઈશ્વરને નામે આપણે પ્રતિજ્ઞા લીધેલી છે તેને દગો ન દઈએ. હું તો બારડોલીના લોકોને ઓળખનાર રહ્યો, કારણ ઘણા દક્ષિણ આફ્રિકામાં મારા અસીલો હતા. એ લોકોને પ્રતિજ્ઞાની કેટલી કિંમત છે તે પણ હું જાણું. એવા લોકોને વલ્લભભાઈ કેમ સમજાવી શકયા? તેમની આગળ અર્થવાદ

Gandhi Heritage Portal

મૂકીને? એક લાખ બચાવવાની આ લડત નહોતી. એવા તો કેંક લાખ ફગાવી દે એવા બારડોલીના લોકો છે. બારડોલીના પટેલિયાને એક લાખ રૂપિયા તો તેમના હાથનો મેલ છે. એને તેઓ ગમે ત્યારે ફેંકી દઈ શકે. વલ્લભભાઈએ તેમને સમજાવ્યું કે ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડનાર પર ઈશ્વર રૂઠશે, રાજા પણ એની રક્ષા નહીં કરી શકે. એ ધર્મ વાટે તેમણે સ્ત્રીઓમાં પણ જાગૃતિ આણી. હું કહેવા એ માગું છું કે શિક્ષિતવર્ગને જો લોકસેવા કરવી હશે તો તેમાં જો ધર્મ નહીં હોય તો કમાન ઢીલી જ છે.

મારી પાસે જુવાનોના સંખ્યાબંધ કાગળો આવે છે, તે પોતાની અનેક કુટેવોની વાત દુઃખથી લખે છે, અને પોતાના જીવનની શૂન્યતાની વાત કરે છે. હું એમને દાકતરી સલાહ શી આપું? વૈદકીય સલાહ આ બાબતમાં ઓછામાં ઓછી કામની છે. કુટેવોમાંથી ખરી મુકિત એ વસ્તુ ઈશ્વરની પ્રસાદી વિના ન મળી શકે એમ ધર્મ પોકારીને કહે છે. યુવકવર્ગ જો એ મેળવવા ઈચ્છતા હોય તો આજે આ શુભ પ્રસંગે, આપણને ઘટે છે કે ગમે તેમ કરીને ધર્મને આપણા જીવનમાં જે સ્થાન હોવું જોઈએ તે આપવું.

છેવટે યુવકવર્ગને હું અખાની વાણીમાં કહેવા માગું છું:

‘સુતર આવે તેમ તું રહે,
જેમ તેમ કરીને હરિને લહે.’

[મૂળ ગુજરાતી]
**नवजीवन**, ૨૬–૮–૧૯૨૮

## ૨૩૩. મોતીલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૧, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

તમારો પત્ર મળ્યો. આગામી પરિષદ[1] વિશે મેં આ અઠવાડિયાના **यंग इन्डिया**માં પણ લખ્યું છે. મને લાગ્યું કે મુખ્ય વિષય હું હાથ ધરું તેના કરતાં રિપોર્ટની સૈદ્ધાંતિક ચર્ચાથી દૂર રહેવાના મહત્ત્વ પર હું ભાર મૂકું અને હિંદુ તથા મુસલમાન બંનેને અપીલ કરું કે પોતપોતાની વાતને તેઓ પકડી ન રાખે તો વધુ સારું. ભલામણો વિશે હું લખું તેનો શો અર્થ? અત્યારે તો મારું મન તેમાં પરાણે જોતરું તે સિવાય તેના સ્વરૂપ વિશે વિચારવાની જ ના પાડે છે. કારણ મારું એવું માનવું છે કે બંધારણને અમલમાં મૂકનારી વ્યકિતઓ પૂરેપૂરી યોગ્ય નહીં હોય તો ગમે તેવું સારું બંધારણ પણ આપણને કામ આવશે નહીં. અને તેથી જો કેવળ બધા એકમત હોય તો કોઈપણ વાજબી વાત સ્વીકારી લેવી મને ઠીક લાગે છે કારણ બંધારણની બાબતમાં સર્વસંમતિ સૌથી મહત્ત્વની વાત જણાય છે. સામાન્ય રીતે હું કહી શકું છું કે સર તેજબહાદુર સપ્રુ અને સર અલી ઈમામને સમજાવી લેવામાં તમને અદ્‌ભુત

૧. જુઓ, “બધાંની નજર લખનૌ પર”, ૨૩–૮–૧૯૨૮. પહેલાંના લેખ માટે જુઓ “નેહરુ રિપોર્ટ”, ૧૯–૮–૧૯૨૮.

Gandhi Heritage Portal

સફળતા મળી છે. દાખલા તરીકે, મતાધિકાર બાબત, કે દેશી રાજ્યોના તમે સૂચવેલા ઉકેલ સાથે તેઓ સંમત થશે એમ હું માનતો નહોતો. આમ છતાં, હિંદુમુસ્લિમ પ્રશ્ન તો હજી એવો જ કાંટાળો રહેશે એમ દેખાય છે.

મારી વાત કરું તો, હાલમાં સાબરમતીમાંથી ખસવાનું મને જરાપણ મન નથી. ખરું પૂછો તો, સાબરમતીમાં જ દટાઈ રહી યંગ ઇન્ડિયા અને નવજીવનમાં લેખો લખીને, તથા પત્ર-વ્યવહાર દ્વારા જે કંઈ બની શકે તે કરી છૂટવાનું મને વધારે ગમે. આશ્રમમાં જ મારે હદ બહારનું કામ રહે છે. આશ્રમ હતો તો જ બારડોલીની લડત શક્ય બની એ વાત તમે પામી ગયા છો કે નહીં તેની મને ખબર નથી. બારડોલીમાંના મોટા ભાગના કાર્યકર્તાઓને સીધી કે આડકતરી રીતે આશ્રમ દ્વારા તાલીમ મળેલી છે. મારી ધારણા મુજબ હું આશ્રમને ઘડી શકું તો મોટા પાયા પર લડત ઉપાડવા હું તૈયાર થાઉં.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૬૭

## ૨૩૪. બહેરામજી ખંભાતાને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી ૫ ખંભાતા,

તમારો કાગળ મળ્યો. રૂ. ૧૦૦) પણ મળ્યા. તમારું નામ પહોંચમાં ઈરાદાપૂર્વક તો પ્રગટ કરવામાં નથી આવ્યું. તમે નામના ભૂખ્યા નથી એ વાતનું જ્ઞાન જ તમારે સારુ તો બસ છે. નામ પ્રગટ થઈ જતાં તમને નુકસાન તો ન જ થાય. આ વખતે તો વધારે સાવચેતી રાખી છે. તમારું દરદ નાબૂદ થાય તો આપણે ઈશ્વરનો પાડ માનીએ. મને તે વિશે ખબર લખ્યા કરજો.

તમને બંનેને
બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૧૭; શ્રીમતી તહેમીનાબહેન ખંભાતાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૨૩૫. "સાચી અને ખોટી મૂડી"

સર ડૅનિયલ હૅમિલ્ટન મોટી મિલકતના માલિક છે, સુંદરવનમાં એમની મોટી મોટી જાગીરો છે; તેમ જ સહકારી ચળવળ તથા બૅન્કિંગના એ ખંતીલા અભ્યાસી છે. ગયા બાર મહિનામાં હિંદી બૅન્કિંગ વિશે એમણે ઘણા લેખો લખ્યા છે, ને વખતોવખત મને એ લેખોની નકલો મોકલતા રહેવાનું સૌજન્ય પણ એમણે દાખવ્યું છે. यंग इन्डियाના વાચકો માટે લોકપ્રિય શૈલીમાં બૅન્કિંગ વિશે કંઈ લખવા મેં એમને નિમંત્રણ આપ્યું હતું. તેમણે તરત જ નિમંત્રણ સ્વીકાર્યું, અને જોકે એમણે ચોક્કસ વાયદો કર્યો ન હોવા છતાં એ સ્વીકારનો ઝડપથી અમલ પણ કર્યો. પરિણામે "માનવ કે અર્થપિશાચ?" અથવા "સાચી અને ખોટી મૂડી" એવો એક નિબંધ મળ્યો છે. મેં એના પાંચ ભાગ પાડ્યા છે; એમાંનો પહેલો यंग इन्डियाના આ જ અંકમાં અન્યત્ર[1] છાપ્યો છે. બૅન્કિંગનો કક્કોય જાણતો હોવાનો હું દાવો કરતો નથી. મારે દિલગીરી સાથે કબૂલ કરવું પડે છે કે હિંદનો નાણાંવહેવાર એ એક અગત્યનો વિષય ગણવા છતાં એનો અભ્યાસ કરવા પૂરતો સમય હું મેળવી શક્યો નથી. એટલે સર ડૅનિયલ હૅમિલ્ટનની દલીલ વિશે હું કશો અભિપ્રાય આપી શકતો નથી. પણ સર ડૅનિયલે સ્પષ્ટ રીતે કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના અને સચ્ચાઈથી લખ્યું છે, એટલું મારે માટે પૂરતું છે. यंग इन्डियाના વાચકોને સર ડૅનિયલ હૅમિલ્ટનના લેખોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાની મારી ભલામણ છે. આ અંગે હિંદના કોઈ નાણાંશાસ્ત્રીને કંઈ ટીકા કરવાની હશે તો હું તે ખુશીથી છાપીશ.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૨૩–૮–૧૯૨૮

## ૨૩૬. બધાંની નજર લખનૌ પર

નેહરુ કમિટીના રિપોર્ટ તરફ બધાંનું ધ્યાન ગયું છે તે યોગ્ય જ છે. હિંદના જે જે અગ્રણીઓ એને વિશે બોલ્યા છે, તે બધાએ રિપોર્ટને પોતાના આશીર્વાદ આપ્યા છે. ટીકાકારોને એને વિશે લખતાં નોંધપાત્ર સંયમ જાળવવો પડ્યો છે અને ઘણી વાર ખાસ ઇચ્છા વિના પણ તેનાં વખાણ કરવાં પડ્યાં છે. રિપોર્ટે બધાંને વિચાર કરતા કરી મૂક્યા છે.

આથી સ્વાભાવિક રીતે જ ડૉ. અનસારીએ લખનૌમાં બોલાવેલી સર્વપક્ષીય પરિષદ પર બધાંની મીટ મંડાઈ છે. જે રિપોર્ટે આટલું ધ્યાન ખેંચ્યું તે નક્કી ઘણી મોટી અને પ્રતિનિધિરૂપ હાજરી આકર્ષે જ.

પણ આ પરિષદ કરશે શું? પરિષદની કાર્યવાહીને નિરર્થક બનાવી દેવાનું તથા નેહરુ કમિટીની મહેનતને ધૂળમાં મેળવવાનું તો સાવ સહેલું છે. ઘણા પરિશ્રમ અને ધીરજથી ચણેલી આ મહાન ઇમારત મુસલમાનો પોતાને જોઈતું બધું જ નથી મળ્યું એ બહાને જમીનદોસ્ત કરી શકે છે. એક તસુ પણ ન ખસવાના શપથ લઈ હિંદુઓ પ્રગતિને અશક્ય બનાવી શકે છે. રાજકારણના પંડિતો એનાં મોટાં છિદ્રો શોધી બતાવી શકે છે. પણ આ બધા જો પોતપોતાના

૧. અહીં આપ્યો નથી. બાકીના ચાર ભાગ પછીના અંકોમાં દર અઠવાડિયે પ્રસિદ્ધ થયા હતા.

Gandhi Heritage Portal

દૃષ્ટિબિંદુથી જ રિપોર્ટને મૂલવશે તો બધા જ થાપ ખાઈ જશે. જુદા જુદા પક્ષના અગ્રણી પ્રતિનિધિઓની સહીઓ જેમાં પડી છે એવા આ રિપોર્ટ જેવું સારું બીજું કંઈ આપણને સહેલાઈથી નહીં મળે.

અને તેથી સૌ કોઈ એકમાત્ર રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી જ રિપોર્ટને વિચારે. કમિટીએ જે બંધારણ ઘડયું છે તે મુજબ બધાને પોતપોતાની પૂરી ઉન્નતિ કરવાનો અવકાશ છે. જેના પોતામાં જ વિકાસ સાધવાની શકિત પડેલી છે એવા પ્રત્યેક વાજબી હિતના રક્ષણની ગેરંટી અપાયેલી છે. વળી મતાધિકાર તો એટલો વિશાળ બનાવ્યો છે કે એનાથી વધુ વિશાળ તેને બનાવવાનું શકય નથી.

અધીરા અંતિમવાદીને તો સંતોષ નહીં જ થાય. તે સમજે કે વારંવાર તદ્દન વિરુદ્ધ મત ધરાવતા પક્ષો વચ્ચે સાધી શકાય એટલી વધુમાં વધુ સમજૂતી રિપોર્ટ રજૂ કરે છે. આવું પ્રતિનિધિત્વ ધરાવતો રિપોર્ટ જે કંઈ આપે છે તે ભાંગી પડે એટલી હદે તેનો વિરોધ કરવો એ તો દેશદ્રોહ જ કહેવાય.

તાત્કાલિક ઉપયોગિતાની વાત બાજુએ રાખતાં પણ હું કહીશ કે, આ રિપોર્ટ બધી વાજબી આકાંક્ષાઓ સંતોષે છે અને તેની પોતાની આંતરિક ગુણવત્તાના જોર પર ટકી રહેવા એ પૂરેપૂરો સમર્થ છે. એટલે નેહરુ કમિટીના કાર્યને છેવટનો ઓપ આપવા માટે તો કેવળ સહેજ સહિષ્ણુતા, પરસ્પર થોડો સદ્ભાવ, એકમેકમાં જરા વિશ્વાસ, થોડી બાંધછોડની વૃત્તિ અને પોતાની જાતમાં નહીં પણ જે મહાન રાષ્ટ્રના આપણે દરેક સભ્ય છીએ તેનામાં ઊંડી શ્રદ્ધાની જરૂર છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २३-८-१९२८

## ૨૩૭. નોંધ

### હિંદી – હિંદુસ્તાની

મદ્રાસ મુકામે ટ્રિપ્લીકેનમાં આવેલી હિંદુ હાઈસ્કૂલમાં સર ટી. વિજયરાઘવાચારી “ભારતીય શિક્ષણમાં હિંદીનું સ્થાન” એ વિષય પર જાહેર ભાષણ આપે એ ઘટના પલટાતા સમયની એંધાણી છે. વળી ગયાં સાત વર્ષથી હિંદી પ્રચારનું કામ કરી રહેલા મદ્રાસના હિંદી પ્રચાર કાર્યાલયના અસરકારક કાર્યની એમાંથી સાબિતી પણ મળે છે. ભાષણકર્તા સહેલાઈથી બતાવી શકયા કે, ભારતના ત્રીસ કરોડ લોકોમાંથી બાર કરોડ હિંદી બોલે છે, અને બીજા આઠ કરોડ તે સમજે છે, અને દુનિયામાં વ્યાપક રીતે બોલાતી ભાષાઓમાં હિંદીનો નંબર ત્રીજો આવે છે, એ હકીકત જ “પ્રત્યેક જણ હિંદી શીખે તે માટેનું સબળ કારણ છે.” “આ ભાષા સારી રીતે શીખવા છ મહિના પૂરતા થઈ પડે” એવું વિદ્વાન વકતાનું માનવું બરોબર છે. એમણે હિમાયત કરી કે “ભારતીય શિક્ષણમાં હિંદીને ફરજિયાત સ્થાન મળવું જોઈએ. સ્કૂલ, કૉલેજ અને યુનિવર્સિટીમાં હિંદીને ફરજિયાત ભાષા તરીકે રાખવી જોઈએ.” ભાષણના અંતે તેમણે કહ્યું:

> આપણે સૌ પ્રથમ ભારતીય છીએ અને પછી મદ્રાસી કે બંગાળી છીએ એવું આપણે માનતા થઈએ તે દિવસની આપણે સૌ ઉત્કંઠાથી રાહ જોઈ રહ્યા છીએ. આ બાબતમાં

Gandhi Heritage Portal

સૌથી વધારે દોષપાત્ર એવા મદ્રાસીઓ મોટી સંખ્યામાં હિંદી શીખવા માંડશે તો આ દિવસ વહેલો આવશે.

હિંદી પ્રચાર કાર્યાલય દ્વારા દક્ષિણ હિંદના લોકોને હિંદી શીખવા માટે પૂરતી સગવડ અપાય છે. પોતપોતાના પ્રાંત માટે આપણને જેટલો પ્રેમ છે એટલો ને એવો પ્રેમ હિંદ માટે હોત તો વિનાવિલંબે આપણે બધા હિંદી શીખવા માંડત, અને આપણી લોકસભાની એટલે મહાસમિતિની કાર્યવાહી જે પૂરેપૂરી નહીં તો મુખ્યત્વે અંગ્રેજીમાં ચાલે છે તે નામોશીભરી સ્થિતિમાંથી આપણે બચી શકત. મેં અનેકવાર કહ્યું છે તે ફરી કહું છું કે હિંદી દ્વારા પ્રાંતીય ભાષાઓ દબાઈ જાય એવો મારો ઈરાદો નથી, પણ જુદા જુદા પ્રાંતો પરસ્પર જીવંત સંપર્ક સાધી શકે માટે પ્રાદેશિક ભાષાઓમાં હિંદી ઉમેરવા કહું છું. આને પરિણામે હિંદી અને પ્રાદેશિક ભાષા બંને અવશ્ય સમૃદ્ધ થશે.

## બારડોલી — શાંતિનો વિજય

શ્રીમતી સરોજિનીદેવીના પ્રેમાળ પત્રમાંનો એક કાવ્યમય ફકરો અહીં ઉતારવા જેવો છે:

મારી ચારે બાજુ ગ્રામ્ય પ્રદેશનું શાંત સૌંદર્ય વિલસી રહ્યું છે; આથમતા સૂર્યે પશ્ચિમ દિશાનાં વાદળોમાં અગ્નિજવાળાના ચમકતા રંગો પૂર્યા છે, ત્યારે પૂર્વમાં પુષ્પોના સુકોમળ રંગો રેલાવ્યા છે; ડુંગરાઓએ નીલા જાંબુડિયા રંગની, સ્વપ્ન સમી છાયા ઓઢી લીધી છે; તરત જ નીચે તરંગની જેમ ક્યારેક ઊંચી તો ક્યારેક નીચી જતી ખીણ જાણે કે વિશ્રામની તૈયારી કરતી જણાય છે, ચરવા ગયેલાં ઘેટાં પોતાનાં ટોળામાં પાછાં આવી ગયાં છે; જંગલી કબૂતર, બાજ વગેરે જંપી જવાની તૈયારીમાં છે; વૃક્ષોની છાયામાં બાંધેલી ઘાસની ઝૂંપડીઓમાં ખેડૂતો તથા મજૂરોનાં નાનાં જૂથો પાછાં વળ્યાં છે . . . આ વનરાઈની ગોદમાં આવેલી આ એકાંત વસાહતનાં બધાં વતનીઓ થોડી જ વારમાં પોતપોતાની પથારીમાં પડીને પોઢી જશે, અને રાત્રિ આ ડુંગરા, ખીણ તથા વનપ્રદેશને જોતજોતામાં અંધકારની મખમલી ચાદરમાં લપેટી લેશે . . . પરંતુ, અફસોસ! અંધકાર દુ:ખીઓને માટે સદા આશ્વાસન લાવતો નથી. તેઓને ઊંઘ કેવી? . . .[1] જેના ઉપર આવી પડે તેને રાત્રે કેવા આકરા ઉજાગરા કરવા પડે છે તેની જગતને ક્યાં ખબર પડે છે? બારડોલીના લોકોએ રાતો સુધી એવા કેટલાય આકરા ઉજાગરા કર્યા છે! . . . પણ મને આનંદ થાય છે કે આજે રાત્રે તો એ ભયાનક દિવસોમાં જે લોકોએ ઊંઘ અને આરામ જાણ્યો નથી તેમને મીઠી નિદ્રા આવશે અને તેથીયે અધિક મીઠાં સ્વપ્નો આવશે. . . . સત્યાગ્રહીનું કાર્ય સમાપ્ત થયું એટલે તેને જે મીઠી નિદ્રા આવે છે તે તો દેવોની જ દીધેલી હોય છે. જર્મન ફિલસૂફના શબ્દો તમે જાણો છો? — 'તમારું કાર્ય એટલે યુદ્ધ,' અને 'તમારી શાંતિ એટલે વિજય.' બારડોલીમાં પણ એમ જ થયું. બારડોલીમાં આજે શાંતિની અને યુદ્ધના શાંત માર્ગની વિજયપતાકા ફરકે છે. . . . હમણાં જ મેં તમારા સત્યાગ્રહના ઈતિહાસનાં હૈયાને હલાવનારાં અને તાદૃશ ચિતાર આપનારાં પાનાંમાંનું છેલ્લું પૂરું કર્યું, ત્યાં ટપાલમાં બારડોલીની સમાધાનીના ખુશ ખબર આવ્યા, જેને માટે ઘણો સમય થયાં રાહ જોવાતી હતી . . . સમાધાની બંને પક્ષને શોભે એવી છે. મેં 'સરદાર' વલ્લભભાઈને એક મહિના ઉપર લખ્યું હતું તેમ

૧. આ પછીના ભાગનું ભાષાંતર બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસમાંથી લેવામાં આવ્યુ છે. પા. ૨૨૧

Gandhi Heritage Portal

સત્યાગ્રહનો ઊંડો, સાચો અર્થ ખરેખર 'નિર્બલની સંપત છે' – જેમને સાચી વસ્તુ મેળવીને સંતોષ છે, અને જેઓ અસત્યની માયા પાછળ ભમનારા નથી, તેમની સંપત છે. બારડોલી મારફત જગતને સત્યાગ્રહનો પદાર્થપાઠ આપવાનું તમારું સ્વપ્ન આજે બારડોલીએ પોતાની રીતે સફળ કર્યું છે."

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २३-८-१९२८

## ૨૩૮. ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર વાંચી આનંદ થયો. આ વર્ષે તો હું યુરોપ નથી આવી શક્યો, પણ સંજોગો અનુકૂળ હશે તો આવતે વર્ષે આવવા ધારું છું; અને ત્યારે તો અવશ્ય આપણે ક્યાંક ને ક્યાંક મળશું જ. અલબત્ત, ભારતની સૂચિત[1] મુલાકાતે તમારે ધાર્યા કરતાં વહેલા આવવાનું થાય તો બેશક આપણે અહીં તો મળીશું જ.

તમારો સહૃદયી

ડૉ. જોસિયા ઓલ્ડફીલ્ડ
લેડી માર્ગરેટ હૉસ્પિટલ, ડૉડિંગ્ટન, કેન્ટ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૬૬

## ૨૩૯. બિ. દ. લિગ્ટને[2] પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમે બહુ સૌજન્યતાપૂર્વક મારે માટે કરેલા તમારા ખુલ્લા પત્રનો અંગ્રેજી ભાષાંતર સાથેનો તમારો કાગળ મળ્યો. મારે એટલું કામ રહે છે કે ખુલ્લો પત્ર જોઈ જવાનો વખત મને મળ્યો નથી. પણ આખો કાગળ વાંચી જવાની અને શક્ય તેટલો જલદી તમને એનો ઉત્તર

૧. જુલાઈ ૩૦, ૧૯૨૮ના પોતાના પત્ર (એસ. એન. ૧૪૩૬૫)માં ડૉ. જોસિયાએ લખ્યું હતું, "માનવનો માનવેતર પ્રાણી સાથેનો સંબંધ" એ વિષય પર એક વ્યાખ્યાન યાત્રા માટે મારે ફરી ભારત આવવાનું બને ખરું.

૨. કૉન્ક્વેસ્ટ ઑફ વાયોલન્સના લેખક.

Gandhi Heritage Portal

આપવાની મને આશા છે. કદાચ યંગ ઇન્ડિયા[1] દ્વારા જવાબ આપવાનું મને જરૂરી લાગે. એમ બને તો, તમને વાંધો નથી એવું માની લઉં છું.

તમારો સહૃદયી

બિ. દ. લિગ્ટ એસ્ક્વાયર
ઓનેક્સ (જિનીવા), સ્વિટ્ઝર્લૅન્ડ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૩૮૯

## ૨૪૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ ચાર્લી,

તમારો પત્ર મળ્યો. આશા છે પાછળથી બીજો વધારે લાંબો કાગળ મળશે.

બારડોલીનો વિજય સાચે જ સત્ય અને અહિંસાનો વિજય હતો. રાજકીય ક્ષેત્રે અહિંસા પરથી ઊઠી ગયેલી શ્રદ્ધા આ વિજયથી લગભગ ફરીથી પ્રતિષ્ઠિત થઈ છે. વલ્લભભાઈ આ લડતમાં જેવા ઝળકી ઊઠ્યા છે એવા પહેલાં તે કદી ઝળક્યા નહોતા.

ગોપબન્ધુ દાસ વિશે લેખ બીડવાનું તમે લખ્યું છે, પણ મને એમના વિશેનું તમારું કોઈ જ લખાણ મળ્યું નથી. એમના અવસાનથી દેશને ભારે ખોટ ગઈ છે. એમના આત્મત્યાગ તથા આત્મવિલોપનની બરાબરી કરી શકે એવું ઓરિસ્સામાં કોઈ નથી.

તમે ઇંગ્લંડ ગયા છો, અને ત્યાંથી થોડા જ વખતમાં અમેરિકા જવાના છો એવું ગ્રેગ જાણતા ન હતા. ગ્રેગ પોતે જ નવેમ્બરમાં અમેરિકા જનાર છે.

આશ્રમમાં અમે બધાં સારાં છીએ. દેવદાસ જામિયા મિલિયામાં છે. એને મદદ કરવા રસિક અને નવીન ત્યાં જઈ રહ્યા છે. આશા રાખું છું કે તમે આરામ લેતા હશો, અને ત્યાંથી તમારા જેવા સ્વભાવવાળી વ્યકિત માટે મેળવવી શક્ય હોય એટલી પૂરી સ્વસ્થતા મેળવીને જ પાછા ફરશો.

તમારા અમેરિકાના ખર્ચ માટે મારે વધુ કંઈ ન ઉઘરાવવું એવી તમારી ઇચ્છાની મેં નોંધ લીધી છે. સરોજિની નાયડુ સપ્ટેમ્બરમાં અમેરિકા જવા ધારે છે.

સસ્નેહ,

તમારો
**મોહન**

સી. એફ. ઍન્ડ્રૂઝ
અમેરિકન એક્સ્પ્રેસ કંપનીની ઑફિસ
૬, રે માર્કેટ, લંડન

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૨૬૨૯

૧. જુઓ "યુદ્ધ વિશે મારું વલણ", ૧૩–૯–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૪૧. સર ડૅનિયલ હૅમિલ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો લેખ આટલો જલદી મળી જશે એવું મેં કલ્પ્યું નહોતું. મેં એના પાંચ ભાગ પાડયા છે;[1] પહેલો તો પ્રસિદ્ધ પણ થઈ ગયો છે. એની નકલ આ સાથે બીડી છે.

તમારું લખાણ મેં સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને અભિપ્રાય માટે મોકલ્યું હતું. એમણે બહુ નિખાલસતાથી જવાબ આપ્યો છે. એમની રજાથી જવાબની નકલ તમારા પર મોકલું છું. મારા જેવા સામાન્ય માણસ માટે તો આવાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ સમજવાનું અઘરું છે. વકીલો અને ડૉક્ટરોની જેમ નાણાશાસ્ત્રીઓમાં પણ પાયાની બાબતોમાંયે મતભેદ શા માટે હશે એ મારે મન હમેશ એક કોયડો જ રહ્યો છે.

તમે જાણીને રાજી થશો કે બારડોલીની લડતનો સુખદ અંત આવ્યો છે.

તમારો સહૃદયી

બિડાણ: ૧
સર ડૅનિયલ હૅમિલ્ટન

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૨૩૮

## ૨૪૨. વિલિયમ એચ. ડૅનફૉર્થને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્ર તથા શ્રી બી. એન. બિરલા મારફત મોકલેલા તમારી ખાદ્ય બનાવટોના પાર્સલ માટે આભારી છું. હિંદુસ્તાનના તમારા અનુભવો વિશેના તમારા પુસ્તકની એક નકલ પણ બિરલાએ મારા પર મોકલી હતી.

મારા ભોજનમાં મર્યાદિત વાનીઓ હોય છે, તથા જેને તૈયાર કરવામાં કયા કયા પદાર્થો વપરાયા છે તેની મને ખબર ન હોય તેવી વાની હું ખાતો નથી, તેથી તમે પ્રેમથી મોકલેલી સ્વાદિષ્ટ વાનીઓ હું ચાખી શક્યો નથી. પણ તમારાં બિસ્કિટ મેં આશ્રમવાસીઓને વહેંચી દીધાં છે. તમે મોકલેલાં મકાઈના ફ્લેક્સ[2]ની બનાવટ ગુપ્ત ન હોય તો એ કેવી રીતે તૈયાર

૧. જુઓ "સાચી અને ખોટી મૂડી", ૨૩-૮-૧૯૨૮.

૨. ફ્લેક્સ એ અમુક અમુક અનાજોમાંથી બનતી પૌંઆ જેવી કોઈ વાનગી હોય એમ લાગે છે.



Gandhi Heritage Portal

કરાય છે તેમ જ એમાં ઘઉં સિવાય બીજું કંઈ વપરાય છે કે નહીં એ જાણવાનું મને ગમે; ડૉ. કેલૉગના બૅટલ ક્રીક સેનેટોરિયમમાં જે ઘઉંના ફ્લેક્સ બને છે તે જ આ નથી?

તમારો સહૃદયી

ડબ્લ્યુ એસ. ડૅનફોર્થ,[1] એસ્કવાયર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૮૪

## ૨૪૩. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૫, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારો કાગળ આવ્યા કરે છે. તબિયત હવે પૂરેપૂરી સુધારજો જો એ શક્ય હોય તો. શક્ય હોવું જોઈએ. તમે કેફ શબ્દ લખ્યો છે પણ શબ્દ કફ છે. કફ અંગ્રેજી શબ્દમાંથી લેવાયેલો છે. આપણે એને ગળફા કહીએ છીએ, પણ કફ રૂઢ થઈ ગયેલો શબ્દ છે. એટલે વાપરી શકાય. કેફ એટલે નશો ને એ અંગ્રેજીમાંથી લેવાયેલો શબ્દ નથી.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૭; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૨૪૪. છગનલાલ જોશીને પત્ર

ઑગસ્ટ ૨૫, ૧૯૨૮

ભાઈશ્રી પ છગનલાલ જોશી,

ચિ. નવીનને જામિયા મિલિયામાં દેવદાસને મદદ કરવા સારુ મોકલવાનો છે. એથી તેને ચાર માસને સારુ છૂટો કરશો. વધારે મુદત જોઈશે તો મુદત વીત્યે વિચારશું. ચિ. રસિક તો હાલ છૂટો જ છે. તેને પણ દિલ્હી જવાનું છે. બંને પીંજવા વગેરેમાં તૈયાર થાય તેને સારુ થોડા દિવસ અહીં જ તાલીમ લે એ જરૂરનું છે.

બાપુ

[મૂળ ગુજરાતી]
પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૬૨

૧. ખાદ્ય પદાર્થો બનાવતી મિસુરીની રાલ્સ્ટન પ્યુરીના કંપનીવાળા ભાઈ.

Gandhi Heritage Portal

# ૨૪૫. સત્યાગ્રહનો ઉપયોગ

વૃદ્ધબાળ લગ્ન અટકાવવા સારુ અધીરા થયેલ એક મિત્ર લખે છે:

વૃદ્ધલગ્ન અટકાવવા સારુ જલદ શસ્ત્રોનો ઉપયોગ કરવો જોઈએ એમ મને ઘણા વખત થયાં લાગ્યું છે.

પચીસ જુવાન ચારિત્ર્યવાન સત્યાગ્રહીઓએ પોતાની મંડળી જમાવવી, જ્યાં વૃદ્ધ લગ્નો થતાં હોય ત્યાં આઠદસ દહાડા અગાઉ પહોંચી જવું. ત્યાં તે બંને પક્ષોને સમજાવે, જ્ઞાતિને, મહાજનને, શહેરીઓને, સત્તાવાળાને સૌને વીનવે "વૃદ્ધલગ્ન ભયંકર પાપ છે," "ગરીબ ગાયને કતલખાનામાંથી બચાવો," "ગામમાં થતો જુલમ અટકાવો," "જુવાનો ધર્મ સમજી જાગો, બાળાને બચાવો"– આ પ્રકારનાં વાક્યો લખી તેનાં પાટિયાં ગળામાં ઘાલી તથા ખાદીના તેવા પડદા કરી તેમાં આવાં સૂત્રો લખી સરઘસના આકારમાં આ મંડળી ફરે. આખા શહેરમાં અને ખાસ કરીને લગ્ન થવાનાં હોય તે લત્તામાં ફરે, સૌને જાગ્રત કરે, અને વૃદ્ધલગ્ન સામે આ રીતે પ્રચંડ વાતાવરણ ઊભું કરે. વૃદ્ધલગ્ન ભારે પાપ છે એ સૂચવનારાં ગીતો પણ લલકારતા જાય અને આઠ દહાડા પોતે સુખે બેસે નહીં, ગામલોકોને પણ પાપ દૂર ન થાય ત્યાં સુધી સુખે બેસવા ન દે. કોઈ એને ત્યાં જમવા ન જાય, જાનૈયા પણ નાસી જાય, ગોર પણ પરણાવવા ન આવે– આવું બધું કરવા તનતોડ પ્રયાસ કરે, શાંતિ પૂર્ણ સાચવે અને હઠે નહીં. વર કે કન્યાપક્ષના સત્તાવાળાની મદદ માગે અને રાજસત્તા મંડળી પૈકી કોઈને જેલની સજા કરે, તોપણ સુખેથી જેલમાં જાય પણ ધાર્મિક ચળવળમાંથી પાછા ન પડે.

સમય જતાં આ મંડળીની છાપ એવી પડી જાય કે વૃદ્ધલગ્ન કરનારા આપોઆપ અટકી જાય.

આ સૂચના લાગે છે રૂડીરૂપાળી, પણ તેનો અમલ એકથી વધારે વાર ન થઈ શકે એવો મને ભય છે. જ્યાં વ્યભિચારી અને લોભી મળે ત્યાં ગરીબ ગાયની કતલ થતી અટકાવવી લગભગ અશક્ય છે. વૃદ્ધ વ્યભિચારી અને લોભી બાપ જ્યારે સત્યાગ્રહીથી ત્રાસશે ત્યારે લગ્નની કોઈને અગાઉથી ખબર આપવાના નથી. એ જોડી લગ્ન છાનાં કરશે, લગ્નક્રિયા કરનારા કહેવાતા બ્રાહ્મણ અને થોડા જાનૈયા સહેજે મેળવી લેશે. એક કિસ્સો આવો જ થોડા દિવસ પહેલાં બની ગયો એનું સ્મરણ નવજીવનના વાંચનારને હશે. એ કિસ્સામાં નાનકડી બાળાની સાથે લગ્ન કરનાર પુરુષે પોતાની બધી વિદ્વત્તા અને ચતુરાઈ ખરચી નાખ્યાં, સૌને ભમાવ્યા. લગ્ન બંધ રાખવાનો ને પશ્ચાત્તાપનો ડોળ કર્યો. પોતાના પાપનો સ્વીકાર કર્યો, સુધારકોની માફી માગી. સુધારકો રાજી થયા, અને તેમના આનંદનો અંત નહોતો આવ્યો તેટલામાં તો આ ભાઈ ગુપ્ત રીતે પરણી ચૂકયા. જે આ એક કેસમાં બન્યું તે અનેકમાં બનવાનો સંભવ છે. તેથી વૃદ્ધબાળ લગ્ન ઈત્યાદિ દોષો દૂર કરવાને સારુ કંઈક બીજી જાતના ઉપાયો શોધવાની આવશ્યકતા છે. મને લાગે છે કે વ્યભિચારીને પહોંચવા કરતાં લોભીને પહોંચવું કદાચ સહેલું હશે. બાળલગ્નોની સામે લોકમત ઊભો કરી શકાય તો સુધારો આપોઆપ થઈ શકે, અને તેમ કરવાને સારુ તે તે સ્થાનમાં કેળવણી આપવાની આવશ્યકતા રહે છે. કેળવણી એટલે અક્ષરજ્ઞાન એમ

Gandhi Heritage Portal

સૂચવવાનો આશય નથી. જે માબાપો લોભને વશ થઈ પોતાની બાળાને વેચવા તૈયાર થાય છે તેમને શોધી કાઢવાનાં રહ્યાં, તેમને સમજાવવાનાં રહ્યાં, મહાજનો પાસે કન્યાવિક્રયની સામે ઠરાવો કરાવવાના રહ્યા. આવું ઝીણું કામ વિશાળ ક્ષેત્રમાં ન થઈ શકે એ દેખીતું છે. ચોવીસે કલાક કામ કરનારા સત્યાગ્રહીની કન્યાકુમારીમાં રહેનારી ટોળી કાશ્મીરમાં થનારા રાક્ષસી લગ્નને નહીં અટકાવી શકે. સંસારસુધારો ઇચ્છનારા સત્યાગ્રહીઓએ ધીરજ રાખવી પડશે, નાનકડા ક્ષેત્રથી સંતુષ્ટ રહેવું પડશે, પોતાની મર્યાદા જાણી લેવી જોઈશે. આપણે જગતના કાજી નથી બની શકતા.

પ્રેમ અથવા અહિંસાની ગતિ ન્યારી છે. એને ધાંધલની, આડંબરની, ઝાંઝ-પખાજની આવશ્યકતા હોય નહીં. એને આત્મવિશ્વાસ હોવો જોઈએ. અને આત્મવિશ્વાસ મેળવવાને સારુ આત્મશુદ્ધિ હોવી જોઈએ. શુદ્ધિ થયેલી છે એવા માણસોના વચનની ઉપર લોકો શ્રદ્ધા રાખશે ને આસપાસનું વાતાવરણ એની મેળે શુદ્ધ થશે. મેં તો ઘણા કાળથી માન્યું છે કે રાજ્યપ્રકરણી ચળવળ કરતાં સંસારસુધારાની ચળવળ ઘણી વધારે મુશ્કેલ છે. રાજ્યપ્રકરણી ચળવળને સારુ વાતાવરણ તૈયાર છે. તેમાં લોકોને રસ છે. તે કામ આંતરશુદ્ધિ વિના પણ થઈ શકે છે એવી માન્યતા છે. સંસારસુધારાના કામમાં રસ ઓછો છે, બાહ્ય પરિણામ નજીવું જેવું લાગે છે, અને તેમાં માનપાનાદિને બહુ ઓછું સ્થાન છે, તેથી સંસારસુધારો કરનારે કેટલાક કાળ સુધી તો પોતાની સતત તૈયારીથી અને જૂજ પરિણામથી સંતુષ્ટ રહેવું પડશે.

એક વ્યાવહારિક સૂચના કરી દઉં. વૃદ્ધબાળ લગ્નની સામે વાતાવરણ તૈયાર કરવાનો જલદ ઉપાય તો એ છે કે તાજાં થયેલાં લગ્નની સામે લોકમત એકઠો કરવો અને વૃદ્ધ પતિનો તથા લોભી બાપનો અહિંસક બહિષ્કાર સાધવો. આવો એક પણ શુદ્ધ બહિષ્કાર સાધી શકાય તો સહેજે બીજાં માબાપો પોતાની દીકરીને વેચતાં સંકોચાશે અને વૃદ્ધો બાળકન્યાને પરણતા અટકશે.

વૃદ્ધ વ્યભિચારી પોતાની વિષયવાસનાને એકાએક છોડવાનો નથી. તેથી તેવાઓને જો પરણવું જ હોય તો વિધવા લગ્ન કરવા પ્રેરવા જોઈએ. યુરોપમાં વૃદ્ધ પુરુષો સહેજે વિધવાઓને શોધી કાઢે છે.

છેવટમાં આપણે વૃદ્ધબાળ લગ્નનો વિરોધ કરવામાં શું સાધવા માગીએ છીએ એ પણ સમજી લેવું જોઈએ. આપણે વૃદ્ધના વ્યભિચારને નહીં રોકી શકીએ, તેના વ્યભિચારને જ રોકવો હોય તો જુવાનના વ્યભિચારને પણ રોકવો જોઈએ. પણ એ વિષય આપણા ગજા ઉપરવટ હોઈ તેને અત્યારે જતો કરીએ છીએ. વૃદ્ધ લગ્નને વિશે સત્યાગ્રહનો ઉદ્દેશ બાળાને વેચાઈ જતી બચાવવાનો હોય. એટલે સુધારકનું કામ કન્યાવિક્રય રોકવાનું છે. જે અસર પાડવાની છે તે બાળાઓનાં માબાપની ઉપર. એટલે પોતે આંકેલા ક્ષેત્રમાં જેટલી કન્યાઓ હોય તેમની સત્યાગ્રહી પાસે નોંધ હોય, તેણે તેમનાં માતપિતાની ઓળખાણ કરેલી હોય, ને તેમને જો ભાન ન હોય તો કન્યા પ્રત્યેના તેમના ધર્મનું ભાન કરાવવાનો તે પ્રયત્ન કરે. આ પગથિયાં ટપી જઈને મજકૂર કાગળમાં વર્ણવેલા ઉપાયો જે યોજે તેને વિજય મળવાનો બહુ ઓછો સંભવ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૮–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૨૪૬. નોંધ

## મૅટ્રિકનો રાફડો

એક પ્રશ્નકાર લખે છે:[1]

આ પ્રશ્ન પૂછવા લાયક છે. ઉત્તર તો ઘણી વેળા આ પત્રમાં અપાયો છે. સરકરી છાપનો મોહ આપણને ગુલામ બનાવે છે. તેથી સરકારી શાળા છોડવાનો ધર્મ મેં તો સૂચવ્યો છે. પણ મોહજાળમાંથી વિદ્યાર્થીને કોણ છોડાવે? સરકારની મહોર વિના લાંચ ખાઈ શકાય એવી નોકરી કેમ મળે? જ્યાં લગી વિદ્યાર્થી મજૂરીને, શરીરમહેનતને વધાવી નહીં લે, તેને અક્ષરજ્ઞાન કરતાં વધારે કીમતી નહીં ગણે, ત્યાં લગી તે મોહજાળમાંથી નહીં બચે. રેંટિયાને મહત્ત્વ આપવાનું આ એક કારણ તો છે જ. રેંટિયો શરીરમહેનતનું વ્યાપક ચિહ્ન છે. નવજીવનના પ્રથમના અંકમાં એક ચિત્ર આપવામાં આવ્યું હતું, તેમાં હળ અને રેંટિયાને સ્થાન અપાયું છે. રેંટિયાની હાલત સુધરે એટલે આપોઆપ મજૂરીને અને ખાનદાન ગરીબીને તેનું યોગ્ય સ્થાન મળશે. આનો આશય એ નથી કે બધા રેંટિયા વડે આજીવિકા મેળવે. પણ આનો આશય એ છે જ કે બધા કંઈક પણ પોષક મજૂરી વડે આજીવિકા મેળવે. વિદ્યાર્થીઓમાં વિલાયતી રહેણીનો ને વિલાયતી વસ્તુનો શોખ વધ્યો છે તે નિશાળોના વાતાવરણને આભારી છે. એ શોખમાંથી તો કોઈક જ વિદ્યાર્થી ઊગરે છે.

## પ્રાયમસ-સ્ટવની હોળી

એ જ પ્રશ્નકાર પ્રાયમસ-સ્ટવ વિશે નીચે પ્રમાણે લખે છે:[2]

પ્રાયમસ-સ્ટવનું ગુજરાતી સ્ત્રીઓમાં સામ્રાજ્ય છે એમ કહી શકાય ખરું. એ સ્ટવની જરૂર મનાઈ છે એટલી નથી એમ પણ હું માનું છું. ગુજરાતી સાડી શોભા આપે છે એ નિર્વિવાદ છે, પણ એ સાડી કામઢી સ્ત્રીને તો અગવડ જ પેદા કરે છે. ગુજરાતી સ્ત્રીઓમાં પ્રાયમસથી જે અકસ્માત થયા છે તેમાં સાડી જવાબદાર છે એ વાત ખરી લાગે છે. બહેનોને હું સમજાવી શકું તો પ્રાયમસ-સ્ટવનો મોહ ઉતરાવું ને કામ કરતી વખતે બારડોલીની વીરાંગનાના કચ્છનું અનુકરણ કરવા તેમને લલચાવું. એ કચ્છમાં મારી દૃષ્ટિએ ઓછી શોભા નથી. કામ કરવાની તો તે કચ્છ પૂરી મોકળાશ આપે છે, ને ઊંડે ઊતરીને જોવામાં આવે તો એ કચ્છ ભર્યો પોશાક છે ને સ્ત્રીનું વધારે રક્ષણ કરે છે. બારડોલીની બહેનો પોતાનાં ખેતરોમાં લટકતી સાડીએ કામ જ ન કરી શકે, એ તો જેણે તેમને કામ કરતાં જોઈ હોય એ તુરત સિદ્ધ કરી શકે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૬–૮–૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. મૅટ્રિક થયેલાઓની સંખ્યા તરફ અને તેમને નોકરી અપાવવાના પ્રશ્ન તરફ પત્રલેખક એમાં ધ્યાન દોરે છે.

૨. પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

## ૨૪૭. ટી. પ્રકાશમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ પ્રકાશમ્,

તમારો પત્ર[1] મળ્યો. અખિલ ભારત ચરખા સંઘ અને તમારી વચ્ચે જે બાબત છે તે અંગે એક માત્ર લવાદ તરીકે ન્યાયમૂર્તિ વેંકટસુબ્બા રાવને તમે મેળવી શકો તો તો ઘણું સરસ. તમે જરૂર એમની સંમતિ મેળવવાનો પ્રયત્ન કરો, અને પરિણામ મને જણાવો.

તમારો સહૃદયી

શ્રી ટી. પ્રકાશમ્
સ્વરાજ્ય મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૭૨

## ૨૪૮. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૬, ૧૯૨૮

અંગ્રેજીના જ્ઞાનને ઝટપટ પહોંચી વળવાની ચિંતામાં કેશુ પડયો છે. એને ઠીક ઠીક આવડે છે. મને લાગે છે કે એને બિયરમ્ દંપતીના ભેગો રાખી શકાય તો એને સારું આવડે. તમે કંઈ સલાહ આપશો? મારી વાત તમારે ગળે ઊતરે તો બિયરમ્ દંપતીને તમે જ મળી લેજો. અથવા તો આ સિવાય બીજો કોઈ રસ્તો તમને સૂઝે કે બેંગલોરને બદલે બીજું સ્થળ ઠીક લાગે તો મને જણાવજો.

તમારી તથા શંકરલાલની તબિયત કેમ રહે છે તે મને ખાસ લખજો. તમારે બંનેએ સાજા થઈ જવું જ જોઈએ.

શ્રી ચ. રાજગોપાલાચારિયર
ખાદી વસ્ત્રાલયમાં, ફૉર્ટ, બેંગલોર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૯૬

૧. ૧૪ ઑગસ્ટ ૧૯૨૮નો; એમાં લખ્યું હતું, "આ બાબતમા લવાદ તરીકે કામ કરવા મદ્રાસ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ વેંકટસુબ્બા રાવનું નામ હું સૂચવું છું; તેઓ અંગત હેસિયતથી કામ કરશે." (એસ. એન. ૧૩૬૫૭). "ટી. પ્રકાશમને પત્ર", ૨૦-૭-૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૨૪૯. જેઠાલાલ જોશીને પત્ર

બીજો શ્રાવણ, સુદ ૧૧ [ઑગસ્ટ ૨૬, ૧૯૨૮][1]

ભાઈશ્રી ૫ જેઠાલાલ,

તમારો કાગળ મળ્યો.

બચ્ચાંઓ વિશે તમે લખો છો એ સાચું છે.

મલેરિયા વિશે તમારી સૂચના વિચારવા લાયક છે.

વાછડા વિશે કેવળ અહિંસાનો પ્રશ્ન ન હતો. મારી વ્યાખ્યા પ્રમાણે મારવામાં હિંસા તો ન જ કહેવાય, પણ તેમ છતાં તે કર્તવ્ય હતું કે નહીં એ પ્રશ્ન હતો. મને કર્તવ્ય લાગ્યું.

થોડા દિવસને સારુ તો પૂણી મળે, પણ તમારે ઝટ શીખી લેવું જોઈએ.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૩૪૬

## ૨૫૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ઑગસ્ટ ૨૭, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળ મળ્યા છે. બાલુભાઈ વિશે તો તમને બધી ખબર મળ્યા જ કરે એટલે હું કશું લખતો નથી. સારાં સગાંના ગુણોનું સ્મરણ કરી તેને આપણા જીવનમાં ઉતારીએ તો તે મરતાં છતાં જીવે છે ને સમાજ ઉત્તરોત્તર વધે છે. સામાન્ય રીતે એથી ઊલટું થતું જોવામાં આવે છે. એ આપણી શિથિલતા છે. સ્વાર્થને વશ થઈ મોતનું દુ:ખ રડી આપણે કૃતાર્થ થયા માનીએ છીએ ને ઊતરીએ છીએ. મૃત્યુને જે રીતે હું સૂચવું છું તેમ ગણીએ તો તેનો શોક કદી ન કરીએ પણ તેને આપણી શુદ્ધિનું કારણ બનાવીએ.

રામદાસ ગઈ કાલે બારડોલી પાછો ફર્યો. હવે ત્યાં જ સ્થિર થઈ રચનાત્મક કામમાં ભાગ લેવા ધારે છે. સ્થિર થયે નિમુને[2] બોલાવશે. નવીન[3] અને રસિક દેવદાસને મદદ કરવા થોડા દિવસમાં દિલ્હી જશે.

અમે બધા કુશળ છીએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૭૪૩

૧. કાગળમાં વાછરડાને મારવાની જે વાત આવે છે તેના પરથી વર્ષ નક્કી કર્યું છે.
૨. રામદાસ ગાંધીનાં પત્ની.
૩. આશ્રમનો વિદ્યાર્થી.

Gandhi Heritage Portal

## ૨૫૧. વસુમતીબહેન પંડિતને પત્ર

મૌનવાર [ઑગસ્ટ ૨૭, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. દાક્તર અને હકીમનું બિલ હોય તે ચૂકવી દેવું. કેટલું ચડે છે તે પહેલેથી જ જાણી લેવાની જરૂર છે. જો ત્યાં તબિયત ઠેકાણે ન જ આવે તો અહીં આવતા રહેવું એ જ ઠીક થશે. વિદ્યાવતીજીને કહેવું કે ત્યાં બોજારૂપ રહેવા કરતાં આશ્રમ પહોંચી જવું એ જ બરોબર છે. તબિયત સાવ સારી થયા પછી જવું ઘટે તો ફરી જઈ શકાય. અથવા ત્યાંથી એક વિદ્યાર્થીને અહીં મોકલે ને તે શીખી જાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
છબી પરથી : એસ. એન. ૯૨૫૧

## ૨૫૨. પેરિનબહેન કૅપ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

વહાલાં બહેન,[2]

તમારો પત્ર મળ્યો. યંગ ઇન્ડિયા[3]ના હવે પછીના અંકમાં તમારા પત્રો વિશે લખવા ધારું છું.

આશ્રમમાં પડેલા માલની યાદી નારણદાસે તમારા પર મોકલી દીધી હશે.

રૂ. ૪૫--૧૩--૬ની મહાદેવને યાદ આપી છે. તમને આ વિશે સુબૈયા લખશે. મેં મીઠુબહેનને હજી સુધી લખ્યું નથી, પણ હવે લખીશ. વળી રૂ. ૩૭-૪-૦ બાબત ફૂલચંદને પણ લખી દઈશ. ભરતકામમાં વપરાતા દોરા વિશે હું કાકાસાહેબને વાત કરીશ.

કલકત્તામાં ખાદી પ્રદર્શન ભરાવાનું હશે તો તો તમને વખતસર ખબર મળશે જ.

અહીં તમારી યાદી પૂરી થાય છે. હવે આવો ત્યારે માત્ર બે દિવસ માટે ન આવતાં.

શ્રીમતી પેરિનબહેન કૅપ્ટન, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૦૧

૧. ટપાલની છાપ પરથી.
૨. પત્ર અંગ્રેજીમાં છે, પણ સંબોધન ઉપર મુજબ ગુજરાતીમાં જ છે.
૩. જુઓ, "નોંધ", ૧૩-૯-૧૯૨૮નું પેટામથાળું "રાષ્ટ્રીય સ્ત્રી સભા અને ખાદી."

Gandhi Heritage Portal

## ૨૫૩. એમા હાર્કરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો હતો. તમે જાતે જ આવીને આશ્રમ જોઈ શકો છો. પરંતુ મને લાગે છે કે આશ્રમજીવન તમને કોઈ રીતે કે રૂપે માફક નહીં આવે. તમારા જેવો ઉછેર પામેલાં માટે અહીંનું જીવન સાચે જ વધુ પડતું સાદું તેમ જ કઠણ છે. અહીં ઘણા વખતથી રહેનારાને પણ તે કઠણ લાગે છે. વળી અહીં શરીરશ્રમ તો સતત કરવો જ પડે છે.

તમારો સહૃદયી

એમા હાર્કર
૨, બેલ્ગ્રેડ ટેરેસ, કરાંચી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૦૨

## ૨૫૪. એન. સી. બારદોલાઈને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર[1] મેં અખિલ ભારત ચરખા સંઘની ઑફિસને નિકાલ માટે મોકલ્યો હતો. આ ઑફિસે તૈયાર કરેલી માહિતી[2] આ સાથે બીડી છે. હું કંઈ નિર્ણય નહીં આપું. પણ તમે પોતે જ વસ્તુસ્થિતિ સમજો એવું ઇચ્છું છું. જાહેર પૈસાના વહીવટમાં ઢીલાશ ન જ હોઈ શકે. વળી શિસ્તની વાત આવતાં છેડાઈ પડવાનો મોટો અવગુણ આપણામાં છે એવો મારો મત છે. શિસ્ત ન હોત તો બારડોલી મોટું ફારસ બની જાત. વલ્લભભાઈના હાથ નીચે સો કાર્યકર્તા હતા. પણ બધા જ એક માણસની માફક કામ કરતા. ત્યાં કોઈ પણ વખત કશી ગેરસમજ થયાનું મેં જાણ્યું નથી. ગયે વર્ષે પૂર રાહતના કાર્યમાં હજારથી વધારે કાર્યકર્તા હતા; તે વખતે પણ બારડોલીની માફક એકમતીથી કામ થતું હતું.

તમારો સહૃદયી

શ્રી એન. સી. બારદોલાઈ
શાંતિભવન, ગૌહત્તી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૭૩

૧. ૨૩ જૂન ૧૯૨૮નો (એસ. એન. ૧૩૬૨૮).
૨. માહિતીપત્રમાં ૧૯૨૫થી ૧૯૨૮ સુધીમાં ઉત્પન્ન થયેલી ખાદીના આંકડા સાલવાર આપ્યા હતા.

Gandhi Heritage Portal

## ૨૫૫. વરદાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

પ્રિય ભાઈ વરદાચારી,

આ સાથે બીડેલા કાગળ તથા એના મેં આપેલા જવાબ પરથી આપોઆપ સ્પષ્ટતા થઈ જશે. પત્રલેખકની ફરિયાદને સુબૈયા ટેકો આપે છે, અને જણાવે છે કે તામિલનાડનો ખાદી ભંડાર યજ્ઞાર્થે કાંતનારને જરા પણ ઉત્તેજન આપતો નથી. આમ ન થવું જોઈએ.

તમારો સહૃદયી

બિડાણ : ૧

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૭૪

## ૨૫૬. આર. દોરાઈસ્વામીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. મારે એ હકીકત તરફ તમારું ધ્યાન દોરવું જોઈએ કે "કાંતનાર"ની મારી વ્યાખ્યા પગારદાર કાંતનારાઓને નહીં પણ યજ્ઞાર્થે કાંતનારને લાગુ પડે છે. અનુભવે મેં જોયું છે કે પોતાના ખપ પૂરતું રૂ પીંજી લેવામાં ઝાઝો વખત જતો નથી, ને જેઓ શોખથી કાંતે છે તેઓ પોતાનું જરૂરિયાત પૂરતું થોડું રૂ પીંજી લેવાનો સમય સાધારણ રીતે કાઢી શકે છે. મેં પોતે આ કરી જોયું છે. પણ મને પૂણીઓ આપનારા ઘણા છે એટલે મારી મિનિટે મિનિટ બચાવવાને ખાતર તે મેં છોડી દીધું છે. હાલ મારી તબિયત ઘણી નરમ રહે છે, છતાં ચોકસાઈને ખાતર મારી પૂણીઓ હું જાતે પીંજી લેવા ધારું છું, ને મારા પ્રયોગનાં પરિણામ યંગ ઇન્ડિયામાં છાપવાનો છું. તામિલનાડની શાખામાંથી અને સત્યાગ્રહ આશ્રમમાંથી કે બારડોલીમાંથી તમને ત્રાકો મળવી જ જોઈએ. પણ અસંખ્ય સીધી ત્રાકો મેળવવાની મોટી મુશ્કેલી છે કારણ ત્રાકને સીધી બનાવવામાં કારીગરની આંખને બહુ શ્રમ પડે છે, અને એ શ્રમ એટલો બધો ભારે હોય છે કે રોજની ૬૦ ત્રાકો સીધી કરનાર એક ભાઈએ પોતાની આંખો લગભગ ગુમાવી દીધી છે. આથી અમારા આશ્રમમાં કે બારડોલીમાં સીધી ત્રાકોની માગણી કરનારને ઝાઝું ઉત્તેજન અપાતું નથી. અનુભવે ત્રાક સીધી કરવાની કળા શીખી શકાય છે. કાંતનાર એક વાર શીખી લે, પછી એને પોતાની ત્રાક સીધી કરતાં વાર નથી લાગતી, ને આમ પ્રસંગોપાત્ત ત્રાક સીધી કરવાથી આંખોને કંઈ શ્રમ પણ પડતો નથી. સીધી ત્રાકો બનાવી શકે એવા યંત્રની શોધ ચરખા સંઘે

Gandhi Heritage Portal

કરી તો હતી, પરંતુ હજી સુધી એવું યંત્ર શોધવાનો યત્ન સફળ થયો નથી. છતાં યજ્ઞાર્થે કાંતનારાઓને મદદ કરવા બનતું બધું કરી શકાય તે ખાતર તમારો પત્ર હું તામિલનાડ શાખા પર મોકલી આપું છું.

આર. દોરાઈસ્વામી
ખાદી એજન્ટ, કુંભકોણમ્

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૭૫

## ૨૫૭. બી. જી. હૉર્નિમનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી,

મારી પાસેથી લેખ મેળવવો એ તો જીવતો દાંત ખેંચી કાઢવા જેટલું કપરું છે! એટલે હું તો તમને સંદેશો જ મોકલી શકું; અને તે આ રહ્યો:

લખનૌમાં થતા પ્રયાસોથી બંધારણીય સ્વરાજ્ય મળી શકે, પણ સાચું સ્વરાજ્ય અર્થાત્ રામ-રાજ્ય તો બારડોલીને માર્ગે જવાથી જ મળી શકે.

તમારો સહૃદયી

બી. જી. હૉર્નિમન, એસ્ક્વાયર
ઇન્ડિયન નૅશનલ હૅરલ્ડ
પોસ્ટ બૉક્સ નં. ૮૦૦, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૯૭

Gandhi Heritage Portal

## ૨૫૮. સતીશચન્દ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. પૂજાના તહેવારોમાં ભરવાના પ્રદર્શન અંગે મારે કશું લખવાનું નથી. તમને ઠીક લાગે તેમ ત્યાંની વ્યવસ્થા ગોઠવજો.

સોદપુર આશ્રમમાં અપાતા ખોરાકમાં તમે જે ફેરફાર કર્યા છે તે આશ્રમવાસીઓને વધુ પડતો આકરો પડે એવો નહીં હોય એવી આશા રાખું છું. આવી બાબતમાં ખોટી ઉતાવળ કરવી નહીં. ગુજરાતમાં જે બાબત મુશ્કેલીથી થઈ શકે તે બંગાળમાં કદાચ લગભગ અશકય બને.

તમે અહીં નાખેલી પાણીની નાની ટાંકી સંતોષકારક કામ આપે છે. પણ પાણી જલદી જલદી ખલાસ થઈ જાય છે. પાણીની ટાંકીઓ ખુલ્લી રાખવી જોઈએ એવું તો નથી ના? વખતોવખત આ ટાંકીઓ સાફ કરાવવાની કે નહીં? સાફ કરાવવાની હોય તો એ કામ અઘરું ન પડે? તમે કંઈ સૂચનાઓ આપશો?

શ્રી બિરલા સાથે તમને આટલું બધું ફાવી ગયું છે જાણીને રાજી થયો. આને લીધે તમારા માથેથી મોટો આર્થિક બોજો ઊતરી ગયો હશે.

વધારે સૂતર આપતો ચરખો તમે બનાવી શકો તો તો ખસૂસ ઘણો લાભ થાય.

હેમપ્રભાદેવીની તબિયત કેમ રહે છે?

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૯૮

## ૨૫૯. કે. એસ. કરન્થને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારો પ્રશ્ન મને તો ઘણો સહેલો લાગે છે. ત્યાં જે ઉલ્લેખ છે તે બ્રાહ્મણ એટલે બ્રહ્મમય જીવનનો ઉલ્લેખ છે. ત્યાં વપરાયેલો બ્રાહ્મણ શબ્દ કોઈ વર્ણ કે જાતિને નથી લાગુ પડતો, પણ એ જ વ્યક્તિની આંતરિક અવસ્થાને લાગુ પડે છે. બ્રહ્મને ઓળખે તે બ્રાહ્મણ; અને શૂદ્ર પણ આવો બ્રહ્મસાક્ષાત્કાર સાધી શકે છે. એ સાધે તો તે બ્રાહ્મી અથવા બ્રાહ્મણની સ્થિતિએ પહોંચ્યો કહેવાય, અને બ્રાહ્મણ કુળમાં જન્મેલો હોય પણ બ્રહ્મજ્ઞાન રહિત હોય તો એનું જીવ્યું ફોગટ છે.

તમારો સહૃદયી

શ્રી કે. એસ. કરન્થ
વસન્ત, પોસ્ટ કોડાઈબેઈલ, મૅંગલોર.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૯૯

Gandhi Heritage Portal

## ૨૬૦. રોહિણીબહેન પૂવૈયાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૨૮, ૧૯૨૮

પ્રિય બહેન રોહિણી,

તારો પત્ર મળતાં આનંદ થયો. તારું ઠેકાણું પડી ગયું જાણી સંતોષ થયો. આશા છે કે તારે આ જગા છોડવી નહીં પડે.

સંયુક્ત રસોડું મઝેથી ચાલે છે, જોકે રોજ ને રોજ કંઈ ને કંઈ મુશ્કેલ પ્રશ્નો ઉકેલવાના આવે છે. લગભગ ૧૬૦ જણ ભેગાં બેસી જમે છે. પગારદાર માણસો રાખ્યા વિના આટલું મોટું રસોડું ચલાવવું તે નાનીસૂની વાત નથી.

હું લખનૌ નથી ગયો એ તું સમજી જ હશે. વળી નજીકના ભવિષ્યમાં અલ્લાહાબાદથી મારે પસાર થવાનું બને એવું પણ દેખાતું નથી.

અવારનવાર જરૂર લખતી રહેજે.

તારો સહૃદયી

શ્રીમતી રોહિણી પૂવૈયા
લેડી પ્રિન્સિપલ, ક્રૉસ્થ્વેઇટ ગર્લ્સ કૉલેજ, અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૦૦

## ૨૬૧. યુરોપ જનારા ચેતે

હવે જ્યારે ઘણા લોકોએ યુરોપ જવા માંડયું છે, અને અસહકારના દિવસો બાદ હિંદ તથા હિંદીઓમાં વધારે રસ લેવાવા લાગ્યો છે, ત્યારે યુરોપમાંની સાર્વજનિક સંસ્થાઓ તથા રાજકીય પક્ષો ત્યાં જતા હિંદીઓ પાસેથી વધારે ને વધારે અપેક્ષાઓ રાખે છે તથા સમય પણ માંગે છે. આમ છતાં રાજેન્દ્રબાબુને જે વીત્યું તેને માટે આપણે કોઈ તૈયાર નહોતા. થોડાક મહિના ઉપર એક અગત્યના મુકદ્દમા અંગે રાજેન્દ્રબાબુ લંડન ગયા હતા. પોતાનો કેસ પતી ગયો, એટલે યુરોપમાં એ થોડું ફર્યા, અને સાથે સાથે વિયેનામાં મળેલી યુદ્ધવિરોધી પરિષદમાં હાજરી આપી. આ સ્થળની પાસે જ બીજી જગ્યાએ પણ એક અજાણ્યા ભાઈની સૂચનાથી તેઓ વ્યાખ્યાન આપવા ગયા હતા. થોડા દિવસ પર बॉम्बे क्रॉनिकलમાં વિદેશમાંથી આવેલો એ મતલબનો એક કેબલ છપાયો હતો કે બાબુ રાજેન્દ્રપ્રસાદ એક જાહેર સભામાં શાંતિ ઉપર બોલી રહ્યા હતા ત્યારે ફાસિસ્ટોએ સભામાં ભંગાણ પાડી વક્તા પર હુમલો કર્યો હતો. મારા પર રાજેન્દ્રબાબુનો કોઈ કેબલ ન હોવાથી હુમલાની વાત મેં માની નહીં. જે દિવસે છાપામાં આવેલા સમાચાર મેં જોયા તે જ દિવસે હોલૅન્ડમાં મળી રહેલી યુવક પરિષદ માટે સંદેશો[1]

૧. જુઓ "રાજેન્દ્રપ્રસાદને કેબલ", ૧૯-૮-૧૯૨૮ કે તે પછી.

Gandhi Heritage Portal

માગતો રાજેન્દ્રબાબુનો કેબલ મારા પર આવ્યો હતો. પરિણામે હુમલા વિશેની બધી શંકા દૂર થઈ. પણ ગઈ ટપાલમાં બે ઑસ્ટ્રિયન મિત્રો, એક પ્રોફેસર અને તેમનાં પત્ની, તરફથી મારા પર એક પત્ર આવ્યો છે, તેનાથી છાપાએ આપેલા અહેવાલને ટેકો મળે છે તથા આખા બનાવનું હૂબહૂ વર્ણન પણ પત્રમાં છે. પત્રમાંનો આવશ્યક ભાગ નીચે છાપ્યો છે; વધુમાં યુરોપ જનારા સૌને માટે એમાં અગત્યની ચેતવણી પણ છે :

> રાજેન્દ્રપ્રસાદની ઓળખ આપતો આપનો પત્ર મળવાથી હું બહુ રાજી થઈ હતી, પરંતુ આપના પત્રની પાછળ અમને તદ્દન અપરિચિત એવા . . . ની તાજા કલમ વાંચી ગભરાઈ ગઈ હતી. આપના માયાળુ પત્રમાં તો કોઈ સભાનો ઉલ્લેખ નહોતો, પણ પત્રની પાછળ આ શ્રી . . .[1]એ લખ્યું હતું, "કૉમરેડ રાજ. પ્રસાદ સ્ટેનફેલ્ડર સેલની સભામાં બોલવાના છે; તમે પણ ત્યાં આવો એવી એમની ઇચ્છા છે." આ વાંચી મને બહુ નવાઈ લાગી; બીક પણ લાગી. કારણ આ "સ્ટેનફેલ્ડર સેલ" તો બિયરનું પીઠું છે, અને ત્યાં તે જ દિવસે "ઇન્ટરનેશનલ વિમિન્સ લીગ ફૉર પીસ ઍન્ડ ફ્રીડમ" [શાંતિ તથા સ્વાતંત્ર્ય માટેનું આંતરરાષ્ટ્રીય મહિલા મંડળ]ની સભા ભરાવાની હતી. આ લીગ વિશે હું કંઈ જ જાણતી ન હતી. ઑગસ્ટની પહેલીની સવારે નવ વાગ્યે આ પત્ર અમારા હાથમાં આવ્યો, અને બપોર પહેલાંનો બધો સમય અમે સદરહુ સભાની સહીસલામતી વિશે માહિતી મેળવવામાં ગાળ્યો, પણ કોઈ પણ ડિરેક્ટરીમાંથી કે ટેલિફોનની ચોપડીમાંથી પેલા મહિલા મંડળ કે તેના કોઈ સભ્યનું નામ કે સરનામું મળ્યું નહીં. એટલે ભાઈ પ્રસાદને લેવા અમે સ્ટેશને ગયાં. અમારે તો એમને અમારે ઘેર લાવવા હતા. પણ એમને પેલી સભા કે સભાસ્થાન વિશે કશી માહિતી નહોતી. વળી, શ્રી . . . અંગે પણ પૂરી ખબર નહોતી એટલે એમણે સભામાં બોલવાની મિ. . . . ને હા પાડી. ગામમાંથી તથા આજુબાજુથી હિંસા તથા યુદ્ધના ટેકેદારો સ્ત્રીઓની આ સભામાં ધાંધલ કરવા ભેગા થયા હતા. આ બધાથી બેખબર . . . તથા હું શ્રી પ્રસાદ પોતાનું વચન પાળી શકે તેથી એમની સાથે ગયાં. પેલા શ્રીમાન. . . સભાસ્થાને હાજર નહોતા, તેમ જ મહિલા મંડળનું પણ કોઈ નહોતું. આખો હૉલ સિગારેટના ધુમાડાથી છવાઈ ગયો હતો, ટેબલો પર બિયરના ગ્લાસ ખડકાયા હતા, પુરુષો બૂમો પાડતા હતા—અમે પા કલાક તો મોડાં હતાં, છતાં પેલી કમિટીમાંનું કોઈ જ હાજર નહોતું. આ કમિટી માટે રાખેલા ટેબલ પાસે અમે પહોંચ્યાં કે તરત જ, મીટિંગ શરૂ થાય તે પહેલાં જ અમારા પર હુમલો થયો, અને અમારાં શરીર વચમાં ધરવા છતાં, ભાઈ પ્રસાદને અમે ઈજામાંથી બચાવી ન શક્યાં. અમે ઘવાયાં પછી જાણવા મળ્યું કે, (૧) આ સભામાં અમુક . . . જેનું નામ અમે પહેલાં સાંભળેલું જ નહીં, તે બોલવાના હતા, અને પેલા લોકોએ ભૂલથી પ્રસાદને આ વ્યક્તિ માન્યા; (૨) પેલા શ્રીમાન . . . અરાજ્ય-વાદી હતા અને એક અરાજક છાપાના તંત્રી હતા! આ આખી ઘટનાથી અમને બહુ દુ:ખ થયું છે. આ દુ:ખનું કારણ અમને થયેલા જખમો જ નથી; સદ્ભાગ્યે ખાદીની બેવડી ગાદી વાળી મારી હૅટ તથા મારા અંબોડાને લીધે લાઠીના, ખુરશીના તથા ગ્લાસના ઘણા ફટકા હું ઝીલી શકી, પણ ભાઈ પ્રસાદને માથામાં, કપાળ પર તથા એક હાથ પર થોડું થોડું વાગ્યું છે . . . અને એક આંખ નીચે ગાલ પર ખુરશીના પાયાથી ઈજા પહોંચી છે,

૧. મૂળમાં નામ આપ્યું નથી

Gandhi Heritage Portal

તેનું વધુ દુઃખ છે. આ . . . નો નાનો ઘા અને પ્રસાદજીના કપાળ પરનો ઘા આંખ માટે જોખમકારક નીવડી શકે; એવી જ રીતે મેં મારા હાથ પર ઝીલેલો ચપ્પુનો ઘા પણ થાત; જોકે એ રુઝાઈ ગયો છે. અમારા ત્રણ પર તૂટી પડેલા અને હું તેમનો બચાવ કરતી હતી એટલે મને ગાળો દેતા હજારેક માણસના ટોળામાંથી રસ્તો કાઢવા આટલા બધા ફટકા ઝીલતી હતી અને બીજાથી મેં ભાઈ પ્રસાદને એક બાજુથી પકડયા હતા; . . . પણ એમને બીજી તરફથી બચાવતા હતા. પ્રસાદજીની ગાંધી ટોપી બચાવવાના અમારા બંનેના પ્રયત્ન નિષ્ફળ ગયા. આ ટોપી આખરે ગુમ થઈ. અમારા બંનેના હાથેપગે લીલાં ચકામાં પડી ગયાં હતાં, અને મારું માથું બે દિવસ સુધી થોડું થોડું ઘૂમતું હતું. "મારો, મારો"ની બૂમો પડતી હતી અને આખું દૃશ્ય ભયંકર હતું . . . આપણા ભલા મિત્રને અમે અમારે ઘેર જ રાખ્યા છે, અને પાટાપિંડી કર્યાં છે. બીજે દિવસે તો એમને સારું હતું અને અમે એમની રજા લેતાં પહેલાં રેલવેમાં એક કલાક એમની સાથે પ્રવાસ કર્યો હતો. બીજે દિવસે અમને એમનો પત્ર મળ્યો. પત્રમાં સમાચાર હતા કે એમના જખમ દાક્તરે તપાસ્યા હતા અને સારે નસીબે બધું બરાબર હતું. એમની તબિયત પણ સારી હતી. આજે તેઓ વિલેનૂવમાં મોં. રોમાં રોલાંને ત્યાં રહ્યા છે. મેં રોમાં રોલાંને વિગતવાર ખુલાસાનો કાગળ લખ્યો છે. હવે મારી આપને વિનંતી છે કે યુરોપ આવતા કે યુરોપમાં રહેતા બધા મિત્રોને આપે ચેતવણી આપવી કે તેઓ કોઈ પણ અજાણી ચળવળમાં ભેરવાઈ ન પડે. અહીંના રાજકીય પક્ષો આપના અહિંસા, સત્ય આદિના સિદ્ધાંતને ખોટી રીતે રજૂ કરી એનો દુરુ-પયોગ કરે છે. આપણા હિંદી ભાઈઓ બિચારા બહુ ભલાભોળા હોય છે. દાખલા તરીકે, અમે સાંભળ્યું છે કે કોઈ યુરોપિયન પોતે શાકાહારી છે એવું કોઈ હિંદીને કહે તો પેલા ભલા હિંદી ભાઈ એવું માની બેસે છે કે પેલા યુરોપિયનને આપના બધા સિદ્ધાંત માન્ય છે. પરંતુ હકીકતમાં તે અરાજકતાવાદી વગેરે પણ હોઈ શકે. અજાણ્યા સાથે કશો જ વ્યવહાર ન રાખે એવી સ્પષ્ટ ચેતવણી હિંદી ભાઈઓને આપી દેવા આપને મારી નમ્ર વિનંતી છે.

પોતાના જાનને જોખમે રાજેન્દ્રબાબુનું રક્ષણ કરવા બદલ આ બહાદુર મિત્રોનો રાજેન્દ્ર-બાબુનાં સગાંઓએ તથા તેમના અનેક મિત્રોએ સાચા હૃદયથી આભાર માનવો જોઈએ. મનુષ્ય-સ્વભાવ તત્ત્વતઃ બધે જ કેવો સરખો છે તેનું સરસ દૃષ્ટાંત આ કિસ્સામાંથી મળે છે; વળી તે એ પણ બતાવે છે કે કુલીનતા, સ્વાર્પણ તથા ઉદારતા એ કંઈ કેવળ એક જાતિ કે એક ધર્મનો ઇજારો નથી.

પરંતુ પત્રનો સૌથી અગત્યનો ભાગ તો તેમાં આપેલી ચેતવણી છે. એ વાત તો નિઃશંક છે કે યુરોપમાંના જાતજાતના પક્ષો—ત્યાં જતા હિંદીઓનો પોતપોતાના હેતુ સાધવા માટે લાભ ઉઠાવે છે. આ લોકો હિંદના જાહેર જીવનમાં પ્રતિષ્ઠા પામેલા હોય તો તો ખાસ આવું બને છે. એટલે શેક્સપિયરે આપેલી પેલી ચેતવણી "કાન ખુલ્લા રાખો, મોં બંધ રાખો" ધ્યાનમાં રાખવી એ વધારે સારું છે. યુરોપ જનારા હિંદીઓના મનમાં એવી શુભકામના હોય કે પોતે ત્યાંના લોકોને પોતાના દેશનો આદર્શ સમજાવે તથા તેનો પ્રચાર કરે, તે યોગ્ય જ છે. તેમ છતાં એ પણ યાદ રાખવા જેવું છે કે બધાં ક્ષેત્રે સેવેલો આદર્શ સંયમ અનેક જાહેર

Gandhi Heritage Portal

ભાષણો કરતાં પણ વધારે વ્યાપક રીતે હિંદના ધ્યેયને ફેલાવશે. શબ્દોની શક્તિ કરતાં ચારિત્ર્યની શક્તિ સર્વદા અને સર્વથા વધારે અસરકારક હોય છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૩૦–૮–૧૯૨૮

## ૨૬૨. નોંધ

### જોઈએ છે ખાદી માટે પ્રકાશન ખાતું[1]

શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીને એક ખબરપત્રી લખે છે :

> ૨૭–૭–'૨૮ના બિલ સાથે તમારું ખાદીનું પારસલ મળ્યું તે માટે આભાર. આથી મને બહુ સંતોષ થયો અને મિત્રોને કપડાં બહુ ગમ્યાં છે. ખાદીનો સંદેશ બહુ ઓછા માણસોને પહોંચ્યો છે અને પ્રકાશનની બાબતમાં તો ખાદીની હિલચાલ, બીજી પેઢીઓ કરતાં પાછળ પડે એમ મને લાગે છે. ખાદી ખરીદનારને ખબર જ નથી પડતી કે પોતાને જોઈતી ખાદીને માટે ક્યાં જવું. કારણ દુકાન આખા પ્રાંતમાં ગણીગાંઠી અને તે પણ કોઈ જાણતું ન હોય. તમે તમારું સૂચિપત્ર જરા વધારો અને સચિત્ર કરો તો તેમાં તમને ખોટ નહીં જાય. ખાદીને માટે પ્રકાશન વિભાગ કાઢવો એ નિરર્થક તો ન જ થઈ પડે. જો તમને આ સૂચના પસંદ પડે અને એનો તમે અમલ કરો તો એ ખાતે ૧૦૦ રૂપિયા હું મોકલી આપીશ.

આ ભાઈની ફરિયાદમાં બહુ તથ્ય છે. અખિલ ભારત ચરખા સંઘે જાહેરખબરના જેવું બાહ્ય કાર્ય કરવા કરતાં આંતરવ્યવસ્થા સુંદર કરવા તરફ વધારે ધ્યાન આપ્યું છે — એવા હેતુથી કે આંતરવ્યવસ્થા ઉત્તમ થશે એટલે તે આપોઆપ કામને જાહેર કરશે. એટલે પ્રકાશનકાર્ય ઉપર ખર્ચ કરતાં સંઘે સંકોચ જ રાખ્યો છે. પણ પ્રકાશનકાર્યને માટે ખાદીપ્રેમીઓ ખર્ચમાં ફાળો આપશે તો સંઘ અવશ્ય એ સૂચના ઉપાડી લેશે એ વિશે મને શંકા નથી.

પણ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે પ્રકાશનકાર્ય ઉત્તમ કરવું હોય તો તેની ઉપર બહુ પૈસો ખરચવો જોઈએ. સામાન્ય રીતે પ્રકાશનનું ખર્ચ પ્રકાશિત વસ્તુના ખર્ચ ઉપર જ નાખવામાં આવે છે. અખિલ ભારત ચરખા સંઘને એ રીતે ખાદીની કિંમત વધારવાનું ઠીક નથી લાગ્યું. એટલે પ્રકાશનખાતું ખોલવું હોય તો ખાદીની ખૂબી સમજનારા અને સાધનસંપન્ન હોય તેવા તરફથી તેનું ખર્ચ નીકળવું જોઈએ. એટલે ઉપરનો કાગળ લખનાર સજ્જનની જેમ બીજા પણ આ પ્રકાશનકાર્યનું ખર્ચ ઉઠાવવાને તૈયાર હોય તો તેમણે મને એ ખાસ કાર્યને માટે પૈસા મોકલવા. જો પૂરતાં નાણાં ન આવે તો દાતાઓને તેમનાં નાણાં તેઓ ઇચ્છશે તો પાછાં મોકલવામાં આવશે.

### મૈસૂરમાં રેંટિયો[2]

મૈસૂર રાજ્યમાં રેંટિયાપ્રવૃત્તિ ચલાવવામાં રાજ્યને મદદ કરવાને ચરખા સંઘ તરફથી શ્રી. પૂજારીને નીમવામાં આવેલા છે. તેમના પત્રમાંથી નીચેની ખબર ઉતારું છું:

૧. અને ૨. આ બે પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨–૯–૧૯૨૮ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

૧લી નવેમ્બર ૧૯૨૭ને દિવસે કામ શરૂ થયું. કામ પગભર થયું છે. ગયા જુલાઈની આખરે ૧,૦૦૦ રેંટિયા ૬૦ ગામમાં ચાલતા હતા અને બાવન સાળોને કામ મળતું હતું. ખાદીઉત્પત્તિ ૨,૦૦૦ રૂપિયાની થઈ.

શ્રી પૂજારી લખે છે:

મારા નવ મહિનાના અનુભવ ઉપરથી હું જણાવી શકું છું કે

૧. આ ભાગોમાં વધારાના ગૃહઉદ્યોગની ચોખ્ખી જરૂર છે;

૨. એ જરૂર રેંટિયાથી જેવી પૂરી પડે છે તેવી કશાથી નથી પડતી;

૩. અહીંયાં કાર્ય કરી શકાયું છે, કારણ રાજ્યે એને ઉત્તેજન આપ્યું છે, અને કાંતનારા અને વણનારાને પોતાનાં સૂતર અને ખાદી હમેશાં ખપી જવાની ખાતરી છે;

૪. દેશના બીજા ભાગોમાં પણ આ જ સ્થિતિ હોય તો એ જ પરિણામ લાવી શકાય;

૫. કાંતણકામને લીધે ગામમાં પૈસાની સદા હરફર ચાલુ રહે છે — રૈયતનાં ઝૂંપડાંમાંથી રાજ્યની પાસે અને રાજ્યની પાસેથી રૈયતની પાસે;

૬. દેશનાં ૬,૮૫,૦૦૦ ગામોમાં વસતી વિશાળ ખેડૂત વસ્તીનો બચતો વખત અને શક્તિ ઉપયોગમાં લેવાની આ ઉત્તમોત્તમ રીત છે;

૭. ગામડિયાની કમાણીમાં રેંટિયાને લીધે કલાકે એક પૈસો વધારો થાય છે. જે પ્રજાને માથા દીઠ રોજનો માંડ દોઢ આનો મળે તેને આટલો વધારો કાંઈ નજીવો ન ગણાય.

મૈસૂર રાજ્યના ઉત્તમ દાખલાનું બીજાં રાજ્યો અનુકરણ કરે તો કેવું સારું!

મનેયે થાય છે કે એમ થાય તો કેવું સારું!

## બળદો પર અત્યાચાર

એક અંગ્રેજ બહેન લખે છે:

આ દેશના લોકો, તેમાંય ખાસ કરીને પોતાને ગોરક્ષકો કહેવડાવતા હિંદુઓ તરફથી બળદો પર હંમેશ જે ત્રાસ ગુજારવામાં આવે છે તે જોઈ મને બહુ દુ:ખ તેમ જ મૂંઝવણ થાય છે. આ દેશમાં આવનાર પ્રવાસી કદી ન ભૂલી શકે એવું દૃશ્ય રસ્તા પર ઘસડાતું ચાલતું આ પશુ પૂરું પાડે છે. રસ્તા પરથી જે બોજો એ ખેંચી જાય છે તે એના ગજા બહારનો હોય છે; એની પૂંછડી સાંધામાંથી ખસી ગઈ હોય છે, ને એને તોડી નાખવામાં આવી હોય છે. આ બિચારાં થથરતાં પ્રાણીનું પૂંછડું પોતે જ આમળાઈ આમળાઈને તૂટું તૂટું થઈ રહ્યું હોય છે ત્યારે એને પકડીને પીઠ સાથેના સાંધામાંથી આમળી આમળી પેલો નઠોર હાંકનાર પોતાના ઘાતકી મલિન હાથથી જે રીતે મચડે છે તે આખું દૃશ્ય હિંદુ ધર્મ માટે શરમજનક છે. આપના પત્ર યંગ ઇન્ડિયા મારફત આ ગરીબ પ્રાણીઓ માટે આપ કંઈ ન કરી શકો? અને પેલી ગરીબ મરઘીઓ માટે પણ? એમને ટાંટિયાથી પકડી ઊંધે માથે લટકાવી, હલાલ કરવા માટે માઈલો સુધી લઈ જાય છે! ખેતરમાં કામ કરતા ઇંગ્લંડના બળદનું ચિત્ર આ સાથે હું મોકલું છું. એમાં દેખાતો સાજ હિંદીઓ પણ પોતાના બળદ માટે કેમ ન અપનાવે? એમણે પોતાને માટે તો વિદેશી મોટર અપનાવી છે ને?

બધા જ હિંદીઓ સ્વભાવત: જ બળદો પર આવો જુલમ ગુજારે છે એવું આ પ્રવાસી સન્નારીનું વિધાન ઉતાવળિયું છે, કારણ દરેક હિંદી, દસે એક પણ, બળદો પર આવો અત્યાચાર



Gandhi Heritage Portal

નથી કરતો. છતાં શહેરોમાં કેટલાક લોકો ઉપલા પત્રમાં વર્ણવેલી ઘાતકી રીતે બળદ હાંકે છે એમાં શંકા નથી. વળી રસ્તે ચાલનાર રાહદારીને આ ત્રાસની લેશ પણ પરવા નથી હોતી એ પણ સાચું છે. મરઘીઓને લટકતી લઈ જવાની પાશવી રીતનું વર્ણન પણ એટલું જ સાચું છે. આપણા જેવા અહિંસાની વાતો કરનારા માટે એમ કહી શકાય કે આપણે નજીવી બાબતો માટે ચીકણાવેડા કરીએ છીએ ને મહત્ત્વની બાબતોની ઉપેક્ષા કરીએ છીએ. હડકાયા કૂતરાને કોઈ ગોળી મારે તો આપણે ત્યાં ખળભળાટ મચી જાય, પણ મેં ઉતારેલા પત્રમાં વર્ણવેલી નિર્દયતા આપણે ખુશીથી નહીં, તો બેપરવાઈથી, જોઈ રહીએ છીએ. આપણે તો એવું માની બેઠા છીએ કે કોઈની સીધી હત્યા આપણે ન કરીએ એટલે અહિંસાનું પૂરેપૂરું પાલન થઈ ગયું. મારા મતે, આ અહિંસાની મશ્કરી છે. જીવતા કોઈ પણ પ્રાણીને ઈજા પહોંચાડતી પ્રત્યેક ક્રિયા, અને આ હિંસક ક્રિયા અહિંસક રીતે રોકવાનું શક્ય હોય છતાં નિષ્ક્રિય રહી હિંસા થવા દેવી, એ બંનેમાં અહિંસા ધર્મનું ખંડન છે. જે ધાર્મિક સંસ્થાઓને પોતાના સિદ્ધાંતોમાં શ્રદ્ધા હોય તેમને સારુ અહીં સેવાક્ષેત્ર પડયું છે. શહેરોમાં દેખાતી મૂંગાં પ્રાણીઓ પ્રત્યેની ઘાતકી વર્તણૂક સામે તેઓ જેહાદ ઉપાડી શકે છે. બળદને જોતરવા ધૂંસરીને બદલે ઘોડા જેવો સાજ બેશક ઈચ્છવા જેવો છે.

### એક ખાદીમય હાઈસ્કૂલ

ચિત્તાગોંગથી ડૉ. પી. બી. દત્ત નીચે એક હાઈસ્કૂલની ખબર આપે છે, જ્યાં છેલ્લાં ચાર વર્ષો થયાં તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખાદી પહેરે છે:[1]

### ૧૮૯૭માં વરાડ પ્રાંત[2]

મેજર ગૅરેટ 'હૈદરાબાદ એસાઈન્ડ ડિસ્ટ્રિક્ટ્સમાં થતા સુતરાઉ માલ' ઉપર લખેલા પોતાના ચોપાનિયામાં ૧૮૯૭માં લખે છે:

> વરાડમાં સુંદર રૂ થાય છે, પણ સુતરાઉ માલ નથી થતો, માત્ર ગરીબ લોકો વાપરે એવી જાડી ખાદી ઉપરાંત કશું જ નથી થતું એમ કહેવાય.
>
> કાંતવાનું તો આખા પ્રાંતમાં ચાલે છે, ને અમુક મત અથવા અમુક ભાગમાં જ ચાલે છે એમ નથી.
>
> એક સ્ત્રી અઠવાડિયાના એક રતલથી વધારે સૂતર ન કાઢી શકે. એની કિંમત ૮ આના આવે, એટલે લગભગ ૪ આના કંતાઈ કહેવાય. છતાં સ્ત્રીઓ નવરાશના વખતમાં કંઈક કામ મેળવવાના હેતુથી એ કામ કરે છે.

૧૮૯૭માં વરાડ વિશે જે વાત સાચી હતી તે આજે વધારે સાચી છે. કારણ વરાડમાં થતો કપાસ વેચાતો લેવાનો મોહ એટલો બધો છે કે સ્ત્રીઓએ રેંટિયો છોડયો છે અને વરાડમાં હવે બહુ સૂતર થતું નથી. જો વરાડને ખરેખરું ઔદ્યોગિક કરવામાં આવે તો વરાડમાંથી રૂ

૧. આ અહેવાલ અહીં આપ્યો નથી. ચિત્તાગોંગની દુર્ગાપુર હાઈસ્કૂલે ખાદીને સંપૂર્ણ રીતે અપનાવી લીધાની વાત એમાં હતી. આની સરસ અસર આજુબાજુનાં ગામ પર થઈ હતી. સંસ્થાની ખેતીવિષયક પ્રવૃત્તિઓનો તથા ગોશાળા અને ઉદ્યોગમંદિર સ્થાપવાની યોજનાનો પણ અહેવાલમાં ઉલ્લેખ હતો.

૨. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨-૯-૧૯૨૮ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

જવાની જરૂર જ રહે નહીં, બધું જ રૂ ગામડિયાઓએ નવરાશના સમયમાં ઘેર બેઠાં તૈયાર કરેલી ખાદીને રૂપે જ બહાર જાય.

**ખાદી ખરીદવાની સહકારી રીત**

નાગપુરથી જી. વી. આર. લખે છે:[1]

**નાણાંની પહોંચ**

પિલ્સના નામની આગબોટના ઉતારુઓ પાસેથી ઉઘરાવેલી રકમ (રૂ. ૨૭૦) શ્રી દીવાન એ. મહેતા મારફત મને મળી છે. આ રકમ બારડોલી માટે હતી, પણ જો બારડોલીની લડત પતી ગઈ હોય તો મને ગમતા કોઈ પણ સામાજિક કાર્ય માટે તે વાપરવાની હતી. મેં આ રકમ હરિજનસેવા માટે અંકિત કરી છે, અને તેની પહોંચ હું કૃતજ્ઞતાપૂર્વક અહીં સ્વીકારું છું, કારણ, યંગ ઇન્ડિયાની પૂર્તિ તરીકે દર અઠવાડિયે પ્રગટ થતી બારડોલી ફાળાની યાદીમાં તો આ ન જ છાપી શકાય.

[મૂળ અંગ્રેજી]
યંગ ઇન્ડિયા, ૩૦–૮–૧૯૨૮

## ૨૬૩. મોતીલાલ નેહરુને તાર[2]

[ઑગસ્ટ ૩૧, ૧૯૨૮]

તાર મળ્યો. પ્રભુનો પાડ. આ ઝળકતી ફતેહને આપણા ધ્યેયની અંતિમ પ્રાપ્તિ સુધી લઈ જવાની શક્તિ પરમાત્મા તમને આપો એ પ્રાર્થના.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૭૮

૧. પત્ર અહીં આપ્યો નથી; રેલવે કર્મચારીઓ ખાદીની ખરીદી માટે સહકારી મંડળીઓ રચે એવા સૂચન સાથે તેના ફાયદા પત્રલેખકે બતાવ્યા હતા.

૨. ૩૧–૮–૧૯૨૮ના એમના તારના જવાબમાં. તારમાં લખ્યું હતું,” “હાર્દિક અભિનંદન. સંપૂર્ણ સફળતા. બધી ભલામણો મંજૂર. પ્રતિનિધિત્વ બાબત હિંદુ-મુસ્લિમ મતભેદ ઊકલી ગયા. પંજાબનો પ્રશ્ન પત્યો. સિંધ અંગે હિંદુમુસ્લિમ એકમત. પક્ષો ખુશમિજાજમાં. આવતી કાલે અલ્લાહાબાદ જઈશ. ત્રીજીએ સિમલા.”

Gandhi Heritage Portal

## ૨૬૪. હરદયાળ નાગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્રો મળ્યા છે. કામના દબાણને લીધે હું તમને આથી વહેલો જવાબ આપી શક્યો નથી.

તમારા સૂચનની અગત્ય હું સમજું છું. પણ મારી ખાતરી છે કે કૉંગ્રેસ પ્રમુખ તરીકે વલ્લભભાઈ ચૂંટાયા હોત તો એ સ્થાનમાં તેઓ બંધ ના બેસત. વળી જે બનાવો બની ગયા છે તે સાબિત કરે છે કે મોતીલાલજીની પસંદગીમાં પૂરું શાણપણ હતું.

તમારો સહૃદયી

શ્રી હરદયાળ નાગ
ચાંદપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૦૩

## ૨૬૫. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑગસ્ટ ૩૧, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. હકીમ દાક્તરની ફીની બાબતમાં હું લખી ચૂક્યો છું.[૧] ત્યાં અનુકૂળ ન પડે તો અહીં આવવા વિશે પણ લખી ચૂક્યો છું. પણ જો મસૂરી જવાની સગવડ હોય અને ત્યાં એટલું બધું સારું લાગ્યું હોય તો કેમ જઈને તબિયત સંપૂર્ણ રીતે સરસ ન કરી મૂકવી? અને પછી દહેરાદૂનમાં રહેવું અશક્ય થઈ પડયું હોય તો અહીં આવી જવું. આ તો મારી સૂચના છે. પણ જો ત્યાંથી હવે તદ્દન જીવ ઊઠયો જ હોય અને કામ કરી શકાય એવી સ્થિતિ ન હોય તો અહીં તુરત આવતા રહેવું. ફરી મારી રજા મંગાવવાની જરૂર ન સમજવી. વિદ્યાવતીને કંઈ લખવાની જરૂર તો નહીં હોય. ગમે તેમ હોય મુદ્દલ ગભરાવું તો નહીં જ અને શરમને માર્યે પોતાની શક્તિની બહાર પણ ન જવું. શક્તિ હોય તેના પ્રમાણમાં જ નમ્રપણે આપણે વર્તીએ એટલું શોભે અને ફળે. આ અર્થ શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃનો[૨] છે.

૧. જુઓ "વસુમતીબહેન પંડિતને પત્ર", ૨૭-૮-૧૯૨૮.
૨. ભગવદ્‌ગીતા, ૧૮, ૪૭.

Gandhi Heritage Portal

આ કાગળ લખાવી રહ્યા બાદ તમારો કાગળ આવ્યો છે. ને હવે છોડવાનો નિશ્ચય કર્યો જ છે તો એમાં ફેરફાર કરવાની જરૂર નથી. પણ મસૂરી જવાય એવું હોય અને જવાની ઇચ્છા હોય તો જવામાં હરકત પણ નથી. દિલ્હીમાં એક દિવસ રહેવાની ઇચ્છા છે એટલે દેવદાસને મળી આવવું હોય તો જવું. એ જામિયા મિલિયામાં છે. જામિયા મિલિયા કરોલ બાગમાં છે. જામિયા મિલિયા એ મુસલમાન ભાઈઓની વિદ્યાપીઠ કહેવાય. દેવદાસને મદદ કરવા નવીન અને રસિક રવિવારે નીકળશે. સોમવારે પહોંચશે.

ફરી નથી વાંચ્યો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૪૯૯; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૨૬૬. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

[ઑગસ્ટ ૩૧, ૧૯૨૮ પછી][1]

ચિ. મણિલાલ તથા સુશીલા,

તમારા કાગળો નિયમસર આવે છે. હું પખવાડિયે લખવાનો પ્રયત્ન તો કરું જ છું. પણ અઠવાડિયું આડુંઅવળું થઈ જતું હશે.

શાસ્ત્રીજીની ગેરહાજરીમાં તેનું સ્મરણ વધારે થશે. તેના જેવો સરળ એજંટ બીજો મળવાનો જ નથી. હું નામો વિચાર્યા જ કરું છું પણ એકે મારી નજરે ચડતો નથી. દોષો જોવા બેસીએ ત્યારે કોના નહીં મળે? હિંદુ ધર્મે તો શિવજી જેવાના પણ દોષો કલ્પ્યા છે, પણ તુલસીદાસ કહે છે :

जड चेतन गुन दोषमय विश्व कीन्ह करतार ।
संत हंस गुन गर्हांहि पय परिहरि वारि विकार ।।

તમારું ગીતાજીનું વાચન તો ચાલતું જ હશે. દેવદાસ દિલ્હીમાં છે. ને હવે તેને મદદ દેવા નવીન ને રસિક ગયા છે. બંનેનું ઠીક ચાલી રહ્યું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૭૩૦

૧. છેલ્લા પૅરેગ્રાફમાં નવીન અને રસિક દિલ્હી ગયા હોવાના ઉલ્લેખ પરથી; જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

## ૨૬૭. જુગલકિશોરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ જુગલકિશોર,[૧]

તમારો પત્ર મળ્યો. તમારી માગણી સંતોષવાનું કામ ઘણું કઠણ છે. તમે માગો છો એવો શિક્ષક અમે હજી સુધી તો પેદા કરી શક્યા નથી. જેઓ ભણેલા છે તે કાંતણ વણાટ શીખવા તૈયાર નથી, અને જે થોડાઘણાએ આ શીખી લીધું છે તે એવા રોકાયેલા છે કે છૂટા થઈ શકે નહીં. છતાં તમારા મનમાં કોઈ અમુક વ્યક્તિ હોય તો મને જણાવજો. વધુમાં, તમે લખ્યું છે તે હું ધ્યાનમાં રાખીશ, અને તમારા બરનો કોઈ શિક્ષક મળી આવશે તો તમને જણાવીશ.

માની લઉં છું કે ત્યાં તમારું સારું ચાલતું હશે. તમે ફરી આશ્રમ આવશો ત્યારે તમને થોડા ફેરફારો જોવા મળશે. હવે અમારે ત્યાં માત્ર એક જ મોટું રસોડું ચાલે છે; આ રસોડે સ્ત્રી પુરુષ બાળકો મળી ૧૫૦થી પણ વધારે જણ જમે છે.

તમારો સહૃદયી
બાપુ

[તા. ક.]

તપાસ કરતાં જાણવા મળે છે કે જમનાલાલજી મારફત એક નામ તો તમારા પર ક્યારનું મોકલી દેવાયું છે.

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૭૯

## ૨૬૮. બી. ડબ્લ્યુ. ટકરને પત્ર[૨]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ બૉઈડ,

કેટલાક દિવસથી તમારો પત્ર મારી ફાઈલમાં પડેલો છે.

મને લાગે છે કે મારું દૃષ્ટિબિંદુ તમે ઠીક સારી રીતે રજૂ કર્યું છે. એક વાત છે કે કદાચ એ રજૂ કરવાની રીતથી થોડી ગેરસમજ પેદા થાય. બીજાઓ મારું દૃષ્ટિબિંદુ સ્વીકારે એવું હું

૧. વૃંદાવનના પ્રેમ મહાવિદ્યાલયના આચાર્ય.

૨. ૧૫–૮–૧૯૨૮ના એમના પત્ર (એસ. એન. ૧૩૪૯૧)ના જવાબમાં. પત્રમાં લખ્યું હતું: "ગયા જાન્યુઆરીમાં સાબરમતીમાં મળેલી કાઉન્સિલ ઑફ ધ ઇન્ટરનૅશનલ ફેલોશિપ [આંતરરાષ્ટ્રીય મૈત્રી પરિષદ]ની સભામાં એક મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. આ અંગે આપના તરફથી થોડો વધારે ખુલાસો મળે તો સારું. આ મુદ્દો આપે કરેલા એક વિધાન અંગે છે. આપે કહેલું કે, 'અમુક ધર્મના અગર અમુક ધાર્મિક માન્યતાઓ ધરાવતા કોઈ મંડળે પોતાના મનના ખૂણામાં પણ એવું ન ઇચ્છવું જોઈએ કે બીજાઓ એમનો ધર્મ કે એમની માન્યતાઓ સ્વીકારે.' આપના શબ્દો ટાંકવામાં મારી ભૂલ પણ હોય. મને યાદ છે તે પ્રમાણે તો મારું વિધાન કદાચ આથી પણ વધારે વિલક્ષણ હોય......" સદરહુ કાઉન્સિલમાં ગાંધીજીએ આપેલા ભાષણ માટે જુઓ પુસ્તક ૩૫, પા. ૪૧૭–૧૯.

Gandhi Heritage Portal

ન ઇચ્છું, એમ મેં નહોતું કહ્યું. મેં એટલું તો કહ્યું હતું જ કે બીજા મારો ધર્મ સ્વીકારે એવું હું ન ઇચ્છું. દેખાય છે કે ‘દૃષ્ટિબિંદુ’ શબ્દ તમે ‘ધર્મ’ના અર્થમાં વાપર્યો છે. હું એ અર્થમાં નથી વાપરતો. મારો ધર્મ તો હું બીજા પર ન લાદું, પણ મારું દૃષ્ટિબિંદુ હું બીજા સમક્ષ ભારપૂર્વક રજૂ તો કરું જ. મને લાગે છે કે આપણે બધાએ આ તો કરવું જોઈએ. ધર્મ એ ભાવનાનો, હૃદયનો વિષય છે, અને તેથી દલીલો ત્યાં પ્રસ્તુત નથી. મને મારી ભાવના જેટલી વહાલી હોય એટલી જ બીજાની હું ગણું, કારણ મારી લાગણીઓને બીજા માન આપે એવું હું ઇચ્છું છું. દૃષ્ટિબિંદુ એ તર્કની, મનની, બુદ્ધિની બાબત છે. હૃદયને સ્પર્શ પણ કર્યા વિના આ તો સમય સમયે બદલાય. પણ ધર્મપરિવર્તન એ તો જીવનપરિવર્તન છે. દૃષ્ટિપરિવર્તન ઘણી વાર આકસ્મિક હોય છે, બાહ્ય નિમિત્તોથી થતું હોય છે. ઈશ્વરના અસ્તિત્વ વિશે મારો જે ભાવ છે તે સહેલાઈથી ન બદલાય. પણ ઈશ્વર શબ્દની વ્યાખ્યા અંગેનું મારું દૃષ્ટિબિંદુ વખતોવખત બદલાય પણ ખરું, અને મારી બુદ્ધિની સાથે સાથે વધુ વિકસે પણ ખરું. ધર્મ બધી વ્યાખ્યાઓથી પર છે, અને મારા નમ્ર મતે તો અન્યના ધર્મ સંબંધી ચર્ચા કરવામાં પણ ધૃષ્ટતા છે. જ્યારે દૃષ્ટિબિંદુ તો હમેશ સમજાવી શકાય એવું જ હોય. મેં આવો ભેદ એટલા સારુ પાડ્યો છે કે આ રીતે ધર્મ સંબંધી મારી જે સમજ છે તે હું બીજી રીતે આટલી સ્પષ્ટતાથી નથી સમજાવી શકતો. તમે હિંદુ બની જાઓ એવું હું ચાહતો નથી. પણ હું એવું તો ઇચ્છું જ કે હિંદુ ધર્મમાં જે કંઈ ઉમદા તત્ત્વ હોય, અને જે ખ્રિસ્તી ધર્મમાં તમને મળે જ નહીં કે ઓછું મળે તે બધું આત્મસાત્ કરી તમે વધુ સારા ખ્રિસ્તી બનો. હિંદુ જ રહેવામાં અને હિંદુ તરીકે ઓળખાવામાં મને કેમ આનંદ છે તે હું નથી સમજાવી શકતો, પણ ખ્રિસ્તીધર્મ, ઇસ્લામ તથા જગતના બીજા ધર્મોમાં જે કંઈ રૂડું ને ઉન્નત છે તે સ્વીકારવામાં મારું હિંદુપણું મને નડતું નથી.

મારા ખુલાસાથી તમને સંતોષ થશે કે નહીં, તે હું જાણતો નથી. ન થાય તો જરૂર ફરી પૂછશો.

બારડોલી વિશે તમે કહો છો તે બધું તદ્દન સાચું છે.

તમારો સહૃદયી

રેવરન્ડ બી. ડબ્લ્યુ. ટકર
પ્રિન્સિપાલ, કૉલિન્સ હાઈસ્કૂલ
૧૪૦, ધરમતલા સ્ટ્રીટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૦૫

Gandhi Heritage Portal

# ૨૯૯. અહિંસા કોને કહેવી?

વિદ્યાપીઠમાં કેટલાંક અઠવાડિયાં થયાં હું દર શનિવારે વિદ્યાર્થીઓને એક કલાક આપી ઘણાં વર્ષોના ચડેલા ઋણના વ્યાજનો કંઈક હિસ્સો ભરું છું. તેમાં પહેલો કાર્યક્રમ અધ્યાપકોએ કે વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછવાનો હતો. તે પ્રશ્નોને પહોંચી ન વળ્યો તેટલામાં કંઈક પુસ્તક વાંચવાની મારી પાસે માગણી થઈ ને ગયે અઠવાડિયેથી હિન્દ સ્વરાજ વાંચવાનો આરંભ થયો. મને પહોંચેલા પ્રશ્નોમાંથી કેટલાક અગત્યના હોવાથી તેવા પ્રશ્નો મેં તારવી લીધા છે, અને તેના ઉત્તર નવજીવનમાં આપવાનો ઇરાદો રાખ્યો છે. એ પ્રશ્નો એવા છે કે વિદ્યાર્થીઓ ઉપરાંત બીજા વર્ગને પણ ઉપયોગી છે. તેમાંનો એક પ્રશ્ન નીચે પ્રમાણે છે:

> અહિંસા વિશેની ચર્ચા આવી કે તરત જ કેટલાક લોકો કૂતરાં, વાઘ, વરુ, સાપ, જૂ, માંકણ વગેરેને મારવા ન મારવાની અથવા બટાટા રીંગણ ખાવા ન ખાવાની વાત છેડે છે.
>
> નહીં તો ફોજ રખાય કે નહીં, સરકાર સામે સશસ્ત્ર બંડ કરાય કે નહીં, એના શાસ્ત્રાર્થમાં ઊતરે છે. કેળવણીમાં અહિંસાને લીધે કેવી દૃષ્ટિ કેળવાવી જોઈએ એ વાત તો કોઈ વિચારતું જ નથી કે પૂછતું નથી. એને વિશે વિસ્તારપૂર્વક કંઈ કહેશો?

આ પ્રશ્ન નવા નથી. મેં એને નવજીવનમાં ઘણી વેળા એ જ નહીં તો બીજે રૂપે ચર્ચ્યો છે. પણ હું જોઉં છું કે એમ છતાં એનો નિકાલ નથી થયો. નિકાલ કરવો મારા ગજા ઉપરવટ છે. તેના નિકાલમાં યત્કિંચિત ફાળો હું ભરી શકું તો મને કૃતાર્થ થયેલો માનું.

પ્રશ્નનો પહેલો ભાગ આપણી સંકુચિત દૃષ્ટિનો સૂચક છે. મનુષ્યેતર હિંસક પ્રાણીઓને મારવાં ન મારવાંના વમળમાં પડીને આપણી બધાની સામે રોજનો રહેલો ધર્મ આપણે ભૂલી જવા લાગતા જણાઈએ છીએ. સર્પાદિને મારવાના પ્રસંગ સૌને પેદા નથી થતા. તેમને ન મારવા પૂરતી હિંમત કે દયા આપણે મેળવી નથી. આપણામાં રહેલા ક્રોધાદિ સર્પોને આપણે દયાથી, પ્રેમથી જીત્યા નથી, છતાં આપણે સર્પાદિની હિંસાની વાતને છેડી ઉભયભ્રષ્ટ થઈએ છીએ. ક્રોધાદિને જીતતા નથી ને સર્પાદિને ન હણવાની શક્તિથી વંચિત રહી આત્મવંચના કરીએ છીએ. અહિંસા ધર્મને પાળવા ઇચ્છનારાએ સર્પાદિને ભૂલી જવાની આવશ્યકતા છે. તેમને મારવામાંથી હાલ ન છૂટી શકે તો તેને વિશે દુ:ખ ન માનતાં સાર્વભૌમ પ્રેમ કેળવવાના પ્રથમ પગથિયા રૂપ મનુષ્યોના ક્રોધદ્વેષાદિને સહન કરી તેને જીતવાનો પ્રયત્ન કરે.

બટાટા અને રીંગણાં ન ખાવાં હોય તે ન ખાય. પણ તે ન ખાવામાં મહાપુણ્ય છે, અથવા તેમાં અહિંસાનું પાલન છે એવી વાત સરખીયે કરતાં આપણે લજ્જિત થઈએ. અહિંસા ખાદ્યાખાદ્યના વિષયથી પર છે. સંયમની આવશ્યકતા સદાય છે. ખાદ્ય પદાર્થમાં જેટલો ત્યાગ કરવો હોય તેટલો સૌ કરે. તે ત્યાગ સારો છે, આવશ્યક છે, પણ તેમાં અહિંસા જૂજ છે. પરપીડા જોઈને દયાથી પીડાતો, રાગદ્વેષાદિથી રહિત નિત્ય કંદમૂળાદિ ખાનાર પુરુષ અહિંસાની મૂર્તિરૂપ છે, વંદનીય છે. પરપીડાને વિશે ઉદાસીન, સ્વાર્થને વશવર્તી, બીજાને પીડનાર રાગદ્વેષાદિથી ભરેલો કંદમૂળાદિનો હમેશાંને સારુ ત્યાગ કરનાર મનુષ્ય તુચ્છ પ્રાણી છે, તેનાથી અહિંસાદેવી ભાગતી ફરે છે.

Gandhi Heritage Portal

રાષ્ટ્રમાં ફોજને સ્થાન છે કે નહીં, સરકાર સામે હથિયાર કે શરીરબળ વપરાય કે નહીં એ અવશ્ય મહાપ્રશ્ન છે. તેનો નિકાલ આપણે કોઈક દિવસ કરવો પડશે. મહાસભાએ પોતાના ઉદ્દેશને સારુ તેના એક ભાગનો નિકાલ કર્યો કહેવાય છે. છતાં એ પ્રશ્ન પણ જનસાધારણને સારુ આવશ્યક નથી. તેથી કેળવણીના પ્રેમીને અને વિદ્યાર્થીને સારુ જે અહિંસાની દૃષ્ટિ છે તે મારી મતિ પ્રમાણે ઉપલા બંને પ્રશ્નોથી ભિન્ન છે, અથવા પર છે. કેળવણીમાં જે દૃષ્ટિ કેળવવાની છે તે તો પરસ્પરના નિત્ય સંબંધની છે. જ્યાં વાતાવરણ અહિંસા રૂપી પ્રાણવાયુ વડે સ્વચ્છ અને સુગંધિત થયું છે, ત્યાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સગાં ભાઈબહેન સમાં પોતાની મર્યાદામાં રહી વિચરતાં હશે, ત્યાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે પિતાપુત્ર જેવો પ્રેમ હશે, એકબીજા પ્રત્યે આદર હશે, એકબીજા વચ્ચે વિશ્વાસ હશે. આવો સ્વચ્છ વાયુ એ જ અહિંસાનો નિત્ય, સતત પદાર્થપાઠ છે. આવા અહિંસામય વાતાવરણમાં ઊછરેલા વિદ્યાર્થીઓ નિરંતર સર્વ પ્રત્યે ઉદાર હશે, તેઓ સહેજે સમાજસેવાને સારુ લાયક હશે. તેને સારુ સામાજિક સડાનો નોખો પ્રશ્ન નહીં હોય. અહિંસારૂપી અગ્નિમાં તે સડા ભસ્મ થઈ ગયા હશે. અહિંસાના વાતાવરણમાં ઊછરેલો બાળલગ્ન કરશે? અથવા કન્યાના માબાપને દંડશે? અથવા પરણ્યા પછી પોતાની પત્નીને પોતાની દાસી ગણશે? અથવા તેને પોતાના વિષયનું ભાજન ગણશે? ને પોતાને અહિંસક મનાવશે? અથવા એવા વાતાવરણમાં કેળવાયેલો યુવક સહધર્મી કે પરધર્મી સામે લડશે?

અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમાં પરમ પુરુષાર્થ છે. તે ભીરુથી દૂર દૂર ભાગે છે. તે વીર પુરુષની શોભા છે, તેનું સર્વસ્વ છે. એ શુષ્ક, નીરસ, જડ પદાર્થ નથી. એ ચેતનમય છે. એ આત્માનો વિશેષ ગુણ છે તેથી જ તેને પરમધર્મ રૂપે વર્ણવ્યો છે. તેથી કેળવણીમાં અહિંસાની દૃષ્ટિ એટલે કેળવણીના પ્રત્યેક અંગમાં નિત્ય નવો લાગતો ઊછળતો, ઊભરાતો, શુદ્ધતમ પ્રેમ. એ પ્રેમની સામે વેરભાવ ટકી જ ન શકે. અહિંસારૂપી પ્રેમ સૂર્ય છે, વેરભાવ ઘોર અંધારું છે. જો સૂર્ય છાબડે ઢાંકયો છાનો રહે તો કેળવણીમાં રહેલી અહિંસાદૃષ્ટિ છુપાવી શકાય. એવી અહિંસા જે વિદ્યાપીઠમાં પ્રગટશે ત્યાં અહિંસાના કોયડા પૂછવાપણું કોઈને હશે જ નહીં.

[મૂળ ગુજરાતી]
नवजीवन, २–९–१९२८

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.
13716
Gandhi Heritage Portal

# ૨૭૦. નોંધ

## વરની કિંમત

એક પ્રશ્નકાર વરના જુલમ વિશે નીચે પ્રમાણે લખે છે:[1]

બાપ કન્યાને વેચે છે એ રિવાજ તો દુષ્ટ છે જ, પણ વર જ્યારે કન્યાના બાપની પાસેથી પરણવાની મહેરબાનીનો દંડ લે છે ત્યારે નીચતાની હદ આવી રહે છે. બાપે આવો દંડ નહીં આપવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. કન્યાને મોટી થવા દેવી જોઈએ, ને મોટી થયેલી કન્યાને લાલચુ જુવાનની સામે જોવાની જ ના પાડવી જોઈએ. વિવાહ એ જિંદગીનું પરમ કર્તવ્ય નથી. પૈસાની લાલચે કરેલા વિવાહ વિવાહ નથી, એક નીચ સોદો છે. નવયુવકોએ આવા સોદામાંથી ઊગરવું જોઈએ. સસરાને દંડીને મોજશોખ માણવા અથવા ભણવું એ મોજશોખમાં કે ભણવામાં પાપ છે, એમ તેઓ નવયુવકો સમજે.

## સાધુનો ત્રાસ

પ્રશ્નકારનો એક પ્રશ્ન આ છે:[2]

આમ લોકોને દંડનારા સાધુ કહેવાવાને લાયક નથી. વેશથી ભોળવાતો આ દેશ ભગવાં વસ્ત્ર પહેરનાર કે માત્ર લંગોટીથી નિર્વાહ કરનાર લોકોથી ભોળવાઈ તેમને સાધુ તરીકે પૂજે છે. વેશથી કોઈ સાધુ બની નથી શકતો. સાધુવેશે હજારો અસાધુ આ દેશમાં ભટકે છે. સાધુ રૂપે દેખાતા કે ખરી રીતે પ્રગટ થયેલા અસાધુઓથી ગામડાંના લોકોએ ડરી જવાનું કંઈ જ કારણ નથી. ગામડાંના લોકોમાં સાધુને ઓળખવાની શક્તિ આવવી જોઈએ. અને દુષ્ટ લોકોનો તેમણે ડર છોડવો જોઈએ. તેમની સામે થવાની શક્તિ તેમણે મેળવવી જોઈએ. વહેમ અને ભય બંને શત્રુઓને ગામડાંમાંથી કાઢી મૂકવા સારુ કેળવણી પામેલા વર્ગે ગામડામાં પ્રવેશ કરવાની આવશ્યકતા છે. સરદાર વલ્લભભાઈએ આખા હિંદુસ્તાનને ગ્રામપ્રવેશનો ધોરી માર્ગ બતાવ્યો છે. ઉપરનાં જેવાં ઘણાં કામો હવેના રચનાત્મક કાર્યક્રમમાં બારડોલીમાં થશે, ને પ્રજા નવા પદાર્થપાઠો શીખશે.

## ધર્મ શામાં છે?

પ્રશ્નકારનો છેલ્લો પ્રશ્ન આ છે:[3]

કંદમૂળનો જૈન વિરોધ મેં બચપણથી જાણ્યો છે. પણ તેનો ધાર્મિક પ્રતિબંધ હું સમજી નથી શક્યો. કંદમૂળમાં વધારે જીવ છે એ વસ્તુ સમજાય છે, પણ એવી જાતના સૂક્ષ્મ ભેદમાં હું અહિંસા નથી જોતો. જેણે પટેટા ઇત્યાદિ કદી ખાધાં નથી એવો શ્રાવક જે રોજ ચોરી કરે છે, તે રોજ પટેટા ખાનાર સત્યશીલ વેપારી કરતાં બહુ મોટી હિંસા કરે છે. પટેટા ખાનારની હિંસા બુદ્ધિનો પ્રયોગ છે, તેના હૃદયનો તે સ્પર્શ નથી કરી શકતી. ચોરી કરનાર પોતાના

૧. પત્ર અહીં આપ્યો નથી.

૨. પ્રશ્ન અહીં આપ્યો નથી.

૩. અહીં આપ્યો નથી, બટાટા રીંગણાં વગેરે ખાવામાં પાપ છે એવી જૈનોમાં પ્રવર્તતી માન્યતા ઉપર ટીકા કરવા પત્રલેખક એમાં ગાંધીજીને કહે છે.

Gandhi Heritage Portal

આત્માને હણે છે. સંયમમાત્ર સારો છે. હિંસામાં ડૂબી રહેલો મનુષ્યસમાજ પોતાના ખાવા પરત્વે પણ ઓછી હિંસા કરે એ સ્તુત્ય છે. વનસ્પતિજીવને વિશે પણ આપણે જ્ઞાનપૂર્વક દયાભાવ કેળવીએ એ યોગ્ય છે. ઇંદ્રિયદમનને અર્થે અનેક સ્વાદોનો ત્યાગ આવશ્યક છે. આમ કબૂલ કરતાં છતાં, અનેક પદાર્થોના ત્યાગનો મને મહાવરો હોવા છતાં, શ્રાવકોનો ગાઢ ને મીઠો પરિચય હોવા છતાં પટેટા ઇત્યાદિના ત્યાગમાં ભારે ધર્મ જોવાની મારું હૃદય ચોખ્ખી ના પાડે છે. આ ત્યાગને ચારિત્રની સાથે કંઈ જ સંબંધ જોવામાં નથી આવતો. મને તો લાગે છે કે જ્યારે ધર્મભાવના મંદ થઈ હશે તે કાળે આપણા પૂર્વજો ખાદ્યાખાદ્યના સૂક્ષ્મ ઝઘડાઓમાં પડ્યા હશે. લોકાચારને વશ રહેવા ખાતર જેને પટેટા ઇત્યાદિ છોડવાં હોય તે છોડે, પણ તેની ઉપર ધર્મની રચના તો કદી ન બંધાય, એ પતિપત્ની વચ્ચે કંકાસનો વિષય કદી ન થવો જોઈએ.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨–૯–૧૯૨૮

## ૨૭૧. ગ્રામ્ય કેળવણીને લગતી યોજના

શ્રી નગીનદાસના એક લાખ રૂપિયાના દાનની જાહેરાત પછી તેમની ઉપર પૈસાની મદદ વિશે તેમ જ સૂચના રૂપે કાગળો આવવા લાગ્યા છે. તે તેમણે મને મોકલ્યા છે, અને મેં તે કાકાસાહેબ કાલેલકરને મોકલી દીધા છે. એ દાનનો ઉપયોગ કઈ રીતે ને કેવી રીતે થશે એ વિશે ગુજરાતીઓ અજ્ઞાત ન રહે તે હેતુથી શ્રી નગીનદાસ ઉપર કાકાસાહેબે યોજના વિશે જે કાગળ લખ્યો છે તેમાંથી જ યોજના અને તેની સમજૂતી પૂરતો જે ભાગ છે તે આ અંકમાં વાંચનાર જોશે. તે ઉપરથી યોજના પૂરી સમજાશે. એ ઉપરથી વાંચનાર જોશે કે યોજનાના ત્રણ વિભાગ છે:

૧. એક તો લોકસેવા કહો કે લોકશિક્ષણ આપી શકે તેવા શિક્ષકો કે સેવકો વિદ્યાર્થીઓ-માંથી તૈયાર કરવા. આ સેવા લોકસેવા હોવાને સારુ ગ્રામસેવા જ હોઈ શકે એ તો દેખીતું છે.

૨. બીજું તેમની મારફતે ફરતી અને છેવટે સ્થાયી શાળાઓ ગામોમાં સ્થાપવી.

૩. ત્રીજું આને લગતું આવશ્યક સાહિત્ય તૈયાર કરવું ને કરાવવું.

વાંચનાર જોશે કે આ યોજના લોભી ને વિશાળ છે. એ અમલમાં મૂકી શકાય તો શ્રી નગીનદાસની સખાવત સફળ થાય.

આવું કામ ઉતાવળે થઈ શકે તેમ નથી. આ યોજનાનું ક્ષેત્ર નવું છે. આજ લગીની કેળવણી જો હોય તો શહેરી જીવનની પોષક છે. “જો હોય તો” એવી શંકા ઇરાદાપૂર્વક મૂકી છે. મને ભય, અથવા મારો અભિપ્રાય એવો છે કે આજ લગીની કેળવણી રાષ્ટ્રીય ન હોવાથી શહેરોની પણ પોષક હોય તેવો અનુભવ નથી થયો, પણ તે પરતંત્રતાની પોષક યોજાઈ હતી અને અનુભવાઈ છે. અને કેળવણી તેવી હોવાથી તેની મારફતે ઘણે ભાગે નોકરિયાત મુત્સદ્દીવર્ગ અને લહિયા કારકુન તૈયાર થયા છે. મજકૂર યોજનાને આવા ડહોળાયેલા વાતાવરણમાંથી પસાર થવાનું રહ્યું છે. તેથી તેનો અમલ થતાં કંઈક વખત જાય જ.

કાકાસાહેબે દસ વર્ષ ગણ્યાં છે તે વધારે પડતાં નથી. એમ બને કે પ્રજામાં સન ૧૯૨૧ના જેવો વ્યાપક પણ સ્થાયી ઉત્સાહ તે મુદત દરમિયાન પેદા થાય, ને ધારેલા વિદ્યાર્થીઓ અને

Gandhi Heritage Portal

શિક્ષા આપવાને લાયક માણસો જોઈતી સંખ્યામાં તરત મળી આવે; એમ થાય તો ઓછી મુદતમાં એ કામ પાર પડે, આવી આશા રાખવામાં હાનિ નથી. કાર્યક્રમ ચાલુ પરિસ્થિતિને અવલંબીને ઘડવો ઘટે. કાકાસાહેબનો નિશ્ચય કશું કામ ઉતાવળમાં ને વગરવિચાર્યે કરવાનો નથી; ધીમે પણ પાકે પાયે જ ચણતર કરવા તેઓ માંગે છે અને કેળવણીકારને એ જ શોભે.

શ્રી નગીનદાસનું દાન રકમ જોતાં મોટું છે, એટલું જ નહીં પણ તેમના કાગળ ઉપરથી જોઉં છું કે તેમણે તો પોતાથી બચાવી શકાય એવી બધી રકમ કેળવણીના જ કામમાં રોકી દીધી છે. એથી એ દાનની કિંમત બહુ વધે છે. આથી કાકાસાહેબની ને મારી જવાબદારી વધી છે. અમે બંને જાગ્રત હતા જ. વિદ્યાપીઠમાંથી રાષ્ટ્રને સારુ બહુ મેળવવાની આશા તો રાખીએ છીએ. પણ શ્રી નગીનદાસની સખાવતનો ઈતિહાસ જાણ્યા પછી તેનો સારામાં સારો ઉપયોગ કરવા વિશે વિશેષ ચિંતા રાખતા થયા છીએ. તેમાં ઈશ્વરની સહાય તો યાચીએ જ છીએ. અને ગુજરાતી પ્રજાની સહાયની આશા રાખીએ છીએ. જો આ વિદ્યાપીઠનું કામ ધારણા પ્રમાણે પાર પડે તો સહેજે બીજી વિદ્યાપીઠો ઉપર ને આખા રાષ્ટ્ર ઉપર તેની અસર પડે. આમ કહેવામાં આશય એવો મુદ્દલ નથી કે બીજી રાષ્ટ્રીય વિદ્યાપીઠો ઓછું કામ કરવા ઇચ્છે છે, પણ એમ કહેવાનો આશય અવશ્ય છે કે જે સગવડો ગૂજરાત વિદ્યાપીઠે ભોગવી છે તેવી બીજીએ નથી ભોગવી, અને તેથી તેની પાસેથી પ્રજાને વધારે કામની આશા રાખવાનો અધિકાર છે.

જેમને રાષ્ટ્રીય કેળવણીમાં રસ છે અને જેઓને મજકૂર યોજનાનો ઉદ્દેશ ગમે, તેઓ ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્રને અમદાવાદને શિરનામે પોતાની સૂચનાઓ મોકલશે તો તેમની ઉપર પૂરું ધ્યાન દેવામાં આવશે એવી તેઓ ખાતરી રાખે. શ્રી નગીનદાસને તસ્દી ન આપવાની મારી સહુને ભલામણ છે. વાંચનાર જોશે કે તેમણે પોતાની સખાવત ઉપર કશોયે અંકુશ રાખ્યો નથી.

[મૂળ ગુજરાતી]
नवजीवन, २-९-१९२८

## ૨૭૨. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

સપ્ટેમ્બર ૨, ૧૯૨૮

પંચગનીની મરકી આપણને મનુષ્ય તરીકે શરમ ઉપજાવનારી વાત છે. સરસ હવાપાણીના સ્થળને આપણી રહેણીકરણીથી આપણે ગંદું કરી મૂક્યું છે. અને તેને મરકીરહિત કરવાની શક્તિ કે સાહસ આપણામાં રહ્યાં નથી.

[મૂળ ગુજરાતી]
बापुनी प्रसादी, पा. नं. ९४

Gandhi Heritage Portal

## ૨૭૩. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

સપ્ટેમ્બર ૨, ૧૯૨૮

ચિ. બ્રજકૃષ્ણ

તારા કાગળ તો મળ્યા છે, પરંતુ આજકાલ સવારે ત્રણ વાગ્યે ઊઠું છું છતાં જવાબ આપવાનો જરાયે વખત મળતો નથી.

જમવા માટે ગમે ત્યાં જઈએ પરંતુ પોતાનો નિયમ ન છોડવો અને મિત્રને તકલીફ પણ ન આપવી. એટલે તેને ત્યાં જઈને આપણાથી જે જમાય એવું હોય તે જમવું. રોટલી અને ભાત તો બધે રંધાય છે જ. આ બે વાનીઓ થોડા મીઠા સાથે ખાઈ લેવી ને મિત્રનો આભાર માનવો.

બારડોલીના પૈસા બાબત હું લાલા શંકરલાલને લખીશ. તારી તબિયત કેમ છે?

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૩૫૮

## ૨૭૪. ઉત્કલની વહારે આવો

ઉત્કલમાં અખિલભારત ચરખાસંઘના પ્રતિનિધિ શ્રી નિરંજન પટનાયક લખે છે:

કેટલાક માસ થયાં સંઘના ખાદીખાતાનું વેચાણકામ સંતોષકારક નથી ચાલતું. ઉત્પન્ન તો ઠીક જ ચાલી રહ્યું છે. દર માસે લગભગ ચાર હજાર રૂપિયાની ખાદી થાય છે. તમારી સૂચનાથી જ્યાં વધારે દરિદ્રતા છે એવા બે ભાગોમાં શાખાઓ ખોલી છે. એટલે કે આઉલ અને ટેહીડી. આ બંને ઠેકાણે મળીને લગભગ ત્રણસેં કાંતનારી બાઈઓ કામ કરે છે. તેમણે આજ લગીમાં લગભગ નવ બંગાળી મણ સૂતર કાંત્યું છે, જેના આંક બાર, પંદર અને કોઈ વેળા વીસ લગી ગયા છે. પણ વેચાણ બહુ ધીમું છે. ગયે વર્ષે અમે દર માસે, કંઈ નહીં તો રૂ. ૨,૭૪૧નું વેચાણ કરતા. તમારી આ પ્રાંતની મુસાફરી દરમ્યાન અને તે પહેલાં થોડા સમયમાં લગભગ વીસ હજારની ખાદી અમે વેચી.

એટલે જોકે બાર મહિનાની સરેરાશ સાડાત્રણ હજાર રૂપિયા થવા જાય છે, પણ છેલ્લા મહિનાઓમાં દર માસે બે હજારથી ઓછું વેચાણ છે. તેનું પરિણામ એ આવ્યું છે કે અમારી પાસે હવે ચાળીસ હજાર રૂપિયાની ખાદી એકઠી થઈ ગઈ છે. ગયે વર્ષે અમને અમારું ખર્ચ બાદ ન કરતાં નફો સેંકડે ૧૦ ૩/૧૦ થયો. અમે તે હિસાબે ખાદીના દામ આંક્યા છે. નીચે જ હું ખાદીનું પડતર દામ અને વેચાણની કિંમત આપું છું. એ હિસાબ પચીસ ઇંચ પનાની દસ વાર ખાદીના શર્ટિંગનો છે. તેનું વજન ૪ રતલ, ૨૮ તોલા છે, અને તેમાં તાણાના એક ઇંચમાં આઠથી નવ આંકની છવીસ દોરીઓ છે.

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૧. ૫ રતલની કિંમત | રૂ. | ૨–૮–૦ |
| ૨. ૧ રતલે ૨ા તોલા ખરાબીના બાદ કરતાં કંતામણ | ,, | ૧–૪–૦ |
| ૩. વણામણ વારે ૦–૩–૦ લેખે | ,, | ૨–૦–૬ |
| ૪. ધોલાઈ | ,, | ૦–૩–૦ |
| ૫. દેહાતથી ખાદી ભંડાર સુધી ખાદી લાવવાનું ગાડાભાડું | ,, | ૦–૪–૮ |
| આમ મજૂરો સુધી અપાતું ખર્ચ | રૂ. | ૬–૪–૨ |
| દર વારના ૦–૧૦–૯ લેખે વેચવાની કિંમત | રૂ. | ૬–૧૧–૬ |
| તફાવત | રૂ. | ૦–૭–૪ |

આ પ્રમાણે વેચતાં ઑફિસોના ખર્ચને સારુ રૂપિયે એક આનો પણ પડતો નથી. ઉત્કલમાં તમે જ્યારે ગયે વર્ષે આવ્યા હતા, ત્યારે વેચાણ બાબત ચિંતા ન કરતાં ગરીબોને કામ આપી ઉત્પન્ન કરાવવામાં અમારી બધી મહેનત વાપરવાની તમે ભલામણ કરી હતી. અમારી ખાદી વેચવામાં મદદ કરવાનું મંત્રીને હું વીનવી રહ્યો છું. તમને યોગ્ય લાગે તો તમારાં અખબારોમાં આ વિષય તરફ વાંચનારાઓનું ધ્યાન ખેંચી અમને મદદ કરશો.

મને ખાદીમાં વિશ્વાસ છે તેટલો જ લોકોમાં પણ છે, અને તેથી મારી મુસાફરી દરમ્યાન મેં નિરંજનબાબુને અવશ્ય કહેલું કે તેમણે ખાદીના ઉત્પન્ન ઉપર વધારે ધ્યાન દેવું. ઉત્કલનાં હાડપિંજર ને તેમનામાં રહેલી નિસ્તેજ આંખો જોયા કરવી, અને તેમને સારુ કામ છતાં કદાચ ખાદી નહીં વેચાય તે બીકે કામ ન આપવું, એ મારે સારુ અશક્ય હતું. વાંચનારને કદાચ આશ્ચર્ય થશે કે ગુજરાતને છોડીને બીજા પ્રાંતોની ખાદી કરતાં ઉત્કલની ખાદી મોંઘી છે. આનું કારણ સ્પષ્ટ છે. લોકો અતિશય ગરીબાઈને લીધે વધારે નિરાધાર થઈ ગયા છે, તેથી તેમનામાં કામ કરવાની ઇચ્છા પ્રગટાવવી એ મુશ્કેલીનું કામ રહ્યું. વળી ત્યાં કામદારો પણ ઝટ ન મળે. નિરાશામય વાતાવરણમાં બીજા સંજોગો અનુકૂળ હોવાને બદલે હમેશાં પ્રતિકૂળ થઈ જાય છે. જ્યાં ઉલ્લસિત વાતાવરણ હોય છે ત્યાં બધી સગવડો તેમની મેળે પેદા થાય છે. પણ ઉત્કલમાંયે જેમ જેમ કાર્યશક્તિ અને ઉત્પન્ન વધે છે, તેમ તેમ ખાદીની કિંમત ઓછી થવા તરફ વલણ રહે છે. પણ એમ ન થાય ત્યાં લગી મારે તો ઉત્કલનાં કંગાલોની મદદને અર્થે લોકોની ઉદારવૃત્તિ અને તેમના સ્વદેશપ્રેમને જાગ્રત કરવાનાં રહ્યાં. ખર્ચના આંકડાઓ ઉપર આપ્યા છે. તેમનું પૃથક્કરણ કરતાં જોવામાં આવશે કે ઘણાખરા રૂપિયા સીધા ગરીબોના ખીસામાં જ જાય છે. દર રૂ. ૬–૧૧–૬માંથી માત્ર રૂ. ૦–૭–૪ જ ઑફિસખર્ચ ખાતે જાય છે, અને આ ખર્ચ પણ દેશમાં જ રહે છે, અને મધ્યમવર્ગના એટ મહેતાવર્ગને પગાર ચૂકવવામાં જાય છે. આમ ખાદી ઉત્પન્ન કરવામાં એકબીજા ઉપર પડવાપણું મુદ્લ નથી. એ એક નવી જ પ્રવૃત્તિ હોવાને લીધે ગમે તેટલા ઓછા પ્રમાણમાં કહો તોપણ દેશની પૂંજી વધારવામાં તે પ્રવૃત્તિ કામ આવે છે; અને તેની મારફતે મધ્યમ વર્ગના યુવકવર્ગને અંગ્રેજી નિશાળોમાં જવાની જરૂર પડ્યા વિના શુદ્ધ કોદીની નોકરી મળી શકે છે. ખાદીનો જે જથો વધી ગયો છે તેનો નિકાલ બે રીતે થઈ શકે: કાં તો સખી લોક પોતાની વપરાશને સારુ ખાદી ખરીદે, અથવા ખાદીની કિંમત ઓછી કરી સ્થાનિક ગરીબ લોકોને ઓછે દામે વેચવાને ખાતર તેઓ દાન આપે. મારી ઉમેદ છે કે જેઓ

Gandhi Heritage Portal

ઉત્કલની દયામણી સ્થિતિ જાણે છે, અને પ્રજાની આર્થિક હાલત સુધારવામાં ખાદીનો કેટલો મોટો ફાળો હોઈ શકે છે એ સમજે છે, તેઓ મેં સૂચવેલા બે માર્ગોમાંથી એક તો ગ્રહણ કરશે જ. અખિલ ભારત ચરખા સંઘની ઉત્કલ શાખાના મથકનું ઠેકાણું સ્વરાજ આશ્રમ, બહેરામપુર, બંગાળ નાગપુર રેલવે છે.

[મૂળ અંગ્રેજી]
યંગ ઇન્ડિયા, ૬–૯–૧૯૨૮
ભાષાંતર : નવજીવન, ૯–૯–૧૯૨૮

## ૨૭૫. લખનૌ પછી

બારડોલીને પગલે પગલે આવતી, લખનૌમાં[૧] મળેલી અત્યંત જ્વલંત ફતેહથી, ઘટનાઓનું સુંદર સંધાણ થયું છે. આજે દેશમાં પંડિત મોતીલાલ જેટલું કૃતાર્થ કોઈ નથી, અને એવું ગૌરવ લેવાનો એમને અધિકાર છે. છતાં બધાંએ ભેગાં મળીને પરિષદ કાર્યવાહીને સફળ બનાવવાનો પુરુષાર્થ ન કર્યો હોત, તો એ પણ એકલા કશું ન કરી શકત. હવનમાં હાડકાં નાખવાનું તો હિંદુ કે મુસલમાન સહેલાઈથી કરી શકત. શીખો પણ એવું કરી શકત. પરંતુ નેહરુ કમિટીના આ ધીરજપૂર્વકના પરિશ્રમ પર પાણી ફેરવવા કોઈ રાજી નહોતું. પછી પંડિત માલવિયાજી જેવા અદમ્ય આશાવાદી એમ કહે કે ૧૯૩૦માં સ્વરાજ આવશે, તો એમાં નવાઈ શી?

આ સિદ્ધિ મેળવવાના માન માટે ડૉ. અનસારી પંડિત નેહરુ જેટલા જ હકદાર છે. લખનૌ પરિષદની કાર્યવાહીમાં એમણે કુશળતાપૂર્વક પ્રત્યક્ષ દોરવણી આપી પણ એમણે જે પરોક્ષ મદદ કરી તે તો તેનાથીયે વિશેષ હતી. નેહરુ સમિતિની મદદમાં એ ખડે પગે રહ્યા હતા. મુસલમાનોનો વિરોધ શમાવી દેવામાં એમણે પોતાની અનન્ય એવી બધી જ વગ વાપરી. એમની પારદર્શક સચ્ચાઈથી તથા એવી જ રાષ્ટ્રીયતાથી હિંદુઓ જિતાઈ ગયા. સર તેજબહાદુર સપ્રુની આગેવાની નીચે લિબરલ પક્ષે પણ પરિષદને બળ આપ્યું. એ બળ અન્યથા ન મળત. લિબરલ પક્ષ હવે રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પાછો ભળી જાય એવી ડૉ. બેસન્ટે દર્શાવેલી અપેક્ષામાં હું મારો સૂર પુરાવું છું. જેમ હિંદુ અને મુસલમાન સંગઠનો પોતપોતાનું વ્યક્તિત્વ જાળવી રહ્યાં છે તેમ તેઓ પણ પોતાનું અલગ અસ્તિત્વ જાળવી શકે છે.

લિબરલ પક્ષના ઉલ્લેખ સાથે જ ભવિષ્યના કાર્યનો વિચાર ઊભો થાય છે. મુત્સદ્દીગીરીનું કામ તો હજી ઘણું કરવાનું બાકી છે. પરંતુ આથી વધારે મહત્ત્વનું કામ શક્તિનો સંચય કરવાનું છે. પંડિત જવાહરલાલે યોગ્ય જ કહ્યું છે કે આપણું ધ્યેય સાંસ્થાનિક સ્વરાજ્ય હોય કે પૂર્ણ સ્વાતંત્ર્ય હોય, દેશના એ દાવાને કબુલાવવા માટે યોગ્ય શક્તિ ભેગી કરવાનું આવશ્યક છે. આ શક્તિ અહિંસક માર્ગે મેળવવી હોય તો બારડોલીએ રસ્તો ચીંધેલો છે. કૉંગ્રેસના સિદ્ધાંતમાં અહિંસા અંગભૂત છે. બારડોલી પહેલાં અહિંસા ઢંકાઈ ગઈ હતી એમાં શંકા નથી. પણ જેમ નેહરુ રિપોર્ટ દ્વારા સમસ્ત દેશ એક અવાજે બોલી શક્યો છે, તેમ અહિંસામાંથી ઓસરી ગયેલી શ્રદ્ધા બારડોલી બાદ ફરી જાગી છે.

૧. જ્યાં ૨૮મી ઑગસ્ટથી ૩૦મી ઑગસ્ટ સુધી સર્વપક્ષીય પરિષદ મળી હતી અને સર્વાનુમતિથી હિંદને માટે સાંસ્થાનિક સ્વરાજ્યની ભલામણ કરતા નેહરુ રિપોર્ટને બહાલી આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

જરૂરી શક્તિ ઊભી કરી શકીશું એવી આપણને ખાતરી હોય તો સ્વરાજ સાંસ્થાનિક છે કે પૂર્ણ છે તેની ચિંતા કરવાની જરૂર નથી. સાંસ્થાનિક સ્વરાજ્ય પણ જો એની પાછળ પૂરતી શક્તિ હોય તો સહેજે પૂર્ણ સ્વરાજથીયે વિશેષ બની શકે છે; અને શક્તિ વિનાનું પૂર્ણ સ્વરાજ પણ ફારસ બની શકે છે. આપણને તત્ત્વ મળે તો પછી નામ શું વધારે છે? ગુલાબને ગુલાબ કહીએ કે બીજું નામ આપીએ, એની સુગંધ તો એવી ને એવી જ મધુર રહે છે. એટલે આપણે સૌએ નિશ્ચય કરી લેવાનો છે કે આપણે હિંસા જોઈએ છે કે અહિંસા, અને પછી એ નિશ્ચય મુજબ સામાન્ય નાગરિકે ખંતપૂર્વક પીઠબળ ભેગું કરવાના કામે લાગી જવાનું છે, જેમ રાજકારણીઓએ બંધારણ ઘડી કાઢવાનું છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ६–९–१९२८

## ૨૭૬. આપણી ગરીબાઈ

હિંદની ગરીબાઈ વિશે આ પત્રમાં પ્રસિદ્ધ થયેલા પ્રો. સી. એન. વકીલના અભ્યાસપૂર્ણ અને વ્યવસ્થિત લેખો વાચકે જોયા હશે એવી આશા રાખું છું. વાત એમ બની કે પ્રો. હિગિનબૉટમ તરફથી મને એક પરિપત્ર મળ્યો હતો. એમાં નીચેના ચાર મુદ્દાઓ ચર્ચાવિચારણા માટે રજૂ કરવામાં આવ્યા હતા:

૧. ગરીબાઈની કસોટી શી?

૨. આજથી પચીસ વર્ષ પર કે તે પહેલાંના હિંદ કરતાં આજનું હિંદ વધારે ગરીબ છે કે શ્રીમંત?

૩. હિંદમાં ગરીબી સામાન્ય છે કે અમુક વર્ગો પૂરતી મર્યાદિત છે?

૪. ગરીબીનાં કારણ તથા તેના ઉપાય.

હું આ વિષયનો નિષ્ણાત ન હોઈ જે કંઈ પ્રમાણ આપું તેથી કોઈ ટીકાકારને સંતોષ ન થાય. તેથી આ મહત્ત્વપૂર્ણ અને પ્રસંગોચિત પ્રશ્નો મેં અર્થશાસ્ત્રના નિષ્ણાત એવા મારા મિત્રોને મોકલ્યા હતા અને તેમને વિનંતી કરી હતી કે તમને સમય હોય તો આ પ્રશ્નોના વિગતવાર જવાબ આપશો. મારી વિનંતી પ્રો. વકીલે તરત જ સ્વીકારી અને ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે લેખો મોકલી આપ્યા. ખરી રીતે આ લેખમાળા હજી પૂરી નથી થઈ. ગરીબીના ઇલાજ વિશેનું આ માળાનું છેલ્લું પ્રકરણ વાંચતાં મને લાગ્યું કે આ પ્રકરણ ફરીથી લખાય તો સારું, જેથી એ વિસ્તારી શકાય અને વધારે પ્રમાણભૂત પણ બને. એમને સમય હોય ને એમ કરવા તેઓ રાજી હોય તો આ પ્રકરણ ફરીથી લખવા હું પ્રો. વકીલને સમજાવી રહ્યો છું. એમના તરફથી કંઈ મળે તો વાચક એક વધારાના હપતાની આશા રાખે.[૧] ત્યાં સુધી તો આ માળા સમાપ્ત થઈ છે એમ માનવાનું છે.

આ લેખો પરથી ચોખ્ખું, બલ્કે અસંદિગ્ધ રીતે, સમજાય છે કે આજથી પચીસ કે વધારે વર્ષ પહેલાં હિંદ હતું તેના કરતાં આજે વધુ ગરીબ છે, અને આ ગરીબી અમુક વર્ગ કે જૂથ

૧. "ગરીબીના ઇલાજ" એ મથાળા નીચે પ્રો. સી. એન. વકીલની નવી લેખમાળા ૧૯૨૮માં સપ્ટેમ્બર ૨૭, ઑક્ટોબર ૪, ૧૧, અને ૧૮ના યંગ ઇન્ડિયામાં પ્રગટ થઈ હતી.

Gandhi Heritage Portal

પૂરતી મર્યાદિત નહીં પણ સાર્વત્રિક છે. પોતાના વિધાનને કસી જોવા પ્રો. વકીલે બે કસોટીઓ વાપરી છે. એમણે બતાવ્યું છે કે ગયાં ૪૦ વર્ષમાં આપણી સરેરાશ આવક ૧ : ૨.૭૪ (એમણે દરેક કિસ્સામાં ઊંચામાં ઊંચો આંક લીધો છે) ના પ્રમાણમાં વધ્યા છતાં જીવન-નિર્વાહનો આંક ૧ અને ૩.૭૮ના પ્રમાણમાં વધ્યો છે, અર્થાત્ ૪૦ વર્ષ પર આપણે હતા તેથી આજે ઘણા ગરીબ બન્યા છીએ. આ પછી તેઓ વસ્તીના આંકડા આપે છે. આ આંકડા પરથી પણ તેઓ ઉપરના જ નિર્ણય પર આવે છે. તેઓ બતાવે છે કે વસ્તીવધારાના પ્રમાણમાં વસ્તીને નિભાવવાની શક્તિ સાથે સાથે વધી તો નથી, બલ્કે સંભવત: ઘટી છે.

આ વધતી જતી ગરીબીનાં છ કારણો પ્રો. વકીલે નીચે મુજબ ગણાવ્યાં છે:

૧. ખેતીમાં પડેલા મોટા માનવસમુદાયને ખેતી સિવાયની મોસમમાં પૂરતું કામ મળતું નથી.

૨. દેશની સમાજવ્યવસ્થા જેમાં મોટા કુટુંબને નભાવવાની જવાબદારી એક જ વ્યક્તિ પર પડે છે.

૩. સાધુને નામે ખપતા તગડા ભિખારીઓની મોટી સંખ્યા.

૪. જલદી થાકી જવાય એવી આબોહવા.

૫. પ્રારબ્ધવાદ અને પરિણામે ગરીબી સામે લડવાના પુરુષાર્થનો અભાવ.

૬. ખામીભરી કેળવણી પદ્ધતિ.

આ બધાં કારણો ગરીબી પેદા કરવામાં ઓછેવત્તે સહાયક હોવા છતાં, પહેલાંને બાદ કરતાં એક પણ કારણ આ પ્રશ્નના મૂળ સુધી જતું હોય એવું મને લાગતું નથી. ગરીબીનું એક કારણ વિદેશીઓએ કરેલું હિંદનું શોષણ છે એવું બતાવતી ઘણી સામગ્રી આ લેખોમાં બેશક પડેલી જ છે. છતાં બધાં કારણો ભેગાં કરીને આપતી વખતે સૌથી મહત્ત્વના કારણનો ઉલ્લેખ કરતાં પ્રોફેસર સાહેબ થોડા ખચકાયા એ જણાઈ આવે છે. આ વિદેશી શોષણ તો પ્રસંગે પ્રસંગે જરૂર મુજબ પોતાનું મહોરું બદલતો એક બહુરૂપી રાક્ષસ છે. આ વિદેશી હકૂમતનું નૌકાદળ, એનું લશ્કર, એનું ચલણીનાણું, એની રેલવે અને એની મહેસૂલનીતિ બધું જ આ દુનિયાએ કદી નહીં જોયેલા એવા શોષણને હેતુપૂર્વક ઉત્તેજી રહ્યું છે. આ શોષણ વિનારોકટોક ચાલુ રહેશે ત્યાં સુધી હિંદની ગરીબી હઠવાની નથી. દાદાભાઈ નવરોજી જેને ભયંકર શોષણ કહેતા હતા તે બંધ ન થાય ત્યાં સુધી કરોડો ખેડૂતોને રેંટિયો કે બીજો કોઈ પૂરક ઉદ્યોગ આપવાથી પણ માત્ર અંશત: રાહત જ મળવાની. માટે આપણી ગરીબી હઠાવવાના ઇલાજો શોધવા ઇચ્છનારે પહેલ પ્રથમ આ કાયમી શોષણ કેમ અટકાવી શકાય તેનો જ વિચાર કરવો પડશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६–९–१९२८



Gandhi Heritage Portal

# ૨૭૭. જૉન હેન્સ હોમ્સને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

माई एक्स्पेरिमेन्ट्स विथ ट्रुथ (सत्यना प्रयोगो अथवा आत्मकथा)નો સંક્ષેપ ભાઈ ઍન્ડ્રૂઝ એક અંગ્રેજ પેઢી માટે કરી રહ્યા છે. આને કારણે મૅકમિલન કંપનીને કશો વાંધો નહીં આવે એવું સમજીને હું આમાં વચ્ચે પડયો નથી. પણ મારી અને મૅકમિલન કંપની વચ્ચે થયેલા કરારને ફરી વાંચી જતાં, મને લાગે છે કે, કોઈ પણ પ્રકારના સંક્ષેપના પ્રકાશનથી કરારનો ભંગ થાય છે એવું એ કંપનીને કદાચ લાગી શકે. આવું જ હોય તો મને જણાવશો. મને પોતાને તો લાગે છે કે મૅકમિલન કંપનીને આ કરાર કશા કામનો નથી કારણ એ લેખમાળાનાં પ્રકરણો ચાલુ છે, ને હજી લાંબો વખત ચાલવા સંભવ છે. કંપની ઇચ્છે તો કરાર રદ કરવા હું બિલકુલ ખુશી છું. સદરહુ પ્રકરણોને પુસ્તકાકારે છપાવી એમાંથી પૈસા કમાવાની મને કંઈ પડી નથી. પરંતુ વચગાળામાં એનો સંક્ષેપ વગેરે પ્રસિદ્ધ થાય તો એ રોકવાનું મને ન ગમે. જો મૅકમિલન કંપની એકી સાથે બધાં પ્રકરણો પુસ્તકાકારે અમુક ભાગમાં છાપી દેવા તૈયાર હોય, તો પછી તેના સંક્ષેપ કે તેમાંથી પસંદ કરેલા સંગ્રહ પ્રસિદ્ધ કરવા પર તેઓ પ્રતિબંધ મૂકી શકે છે. પણ જો કંપની આવાં પુસ્તકો છપાવવાની ન હોય કે કરાર રદ કરવાની ન હોય, તો આખું લખાણ સાદ્યંત એમના હાથમાં સોંપું તે દરમિયાન હિંદમાં કે હિંદ બહાર એનો સંક્ષેપ છપાય તો તેમણે વાંધો ન લેવો જોઈએ.

તમારો સહૃદયી

રેવરન્ડ જૉન હેન્સ હોમ્સ
૧૨ પાર્ક ઍવિન્યૂ, ન્યૂયૉર્ક સિટી (યુ. એસ. એ.)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૭૬૯

Gandhi Heritage Portal

# ૨૭૮. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

મારી આત્મકથાનાં પ્રકરણોનો તમે જે સંક્ષેપ કરી રહ્યા છો, તેથી ન્યૂયોર્કની મૅકમિલન કંપની સાથે મેં કરેલા કરારનો કદાચ ભંગ થાય એ શકયતા તરફ સુબૈયાએ થોડા વખત પર જ મારું ધ્યાન ખેંચ્યું છે. મારો મત એવો છે કે પ્રકરણો પૂરાં ન થાય, અને આખી નકલ હું કંપનીને સોંપું નહીં ત્યાં સુધી કશો ભંગ થતો નથી. આમ છતાં, એક અગમચેતી તરીકે મેં રેવ. હોમ્સને લખેલા પત્રની[1] નકલ તમારા માર્ગદર્શન માટે બીડું છું.

સાઈમન કમિશનથી કશો શુક્કરવાર વળવાનો નથી એવા તમારા અભિપ્રાય સાથે હું સંમત છું.

થોડા વખતમાં જ સરોજિની અમેરિકા જવા ઊપડશે. આજે રાત્રે એ અહીં આવશે. તમે અમેરિકા જાઓ ત્યારે ગ્રેગનાં સગાંવહાલાંને મળો એવી ગ્રેગની ખાસ ઇચ્છા છે. એ લોકોનું સરનામું મળી આવશે તો આ પત્ર સાથે જ બીડીશ.

આત્મકથાનો ખંડ[2] પૂરો થયો, ત્યાર પછીના *યંગ ઇન્ડિયા*ના અંકોની બબ્બે નકલો તમને મોકલવા કોશિશ કરું છું.

ગજા ઉપરવટ કામ કરી માંદા પડવાની તમારી જીદ તમે નહીં જ છોડવાના. છેક ૧૯૧૪માં કેપટાઉનમાં મેં તમને કહેલું કે તમારે માટે કોઈ સંભાળ રાખનારની જરૂર છે. મારો એ અભિપ્રાય આજ પણ કાયમ છે.

વલ્લભભાઈને સ્થળાંતરની જરૂર હતી, ને વિઠ્ઠલભાઈને થોડા દિવસ એમના ભેગા રહેવાનું મન હતું એટલે વલ્લભભાઈ સિમલા ગયા છે. મહાદેવ પણ સાથે છે.

સી. એફ. ઍન્ડ્રૂઝ એસ્કવાયર
૧૧૨, ગાવર સ્ટ્રીટ, લંડન, ડબ્લ્યુ ૧.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૨૭૮૦

૧. આ પહેલાંનો પત્ર જુઓ.

૨. આ ઉલ્લેખ *એન ઑટોબાયોગ્રાફી*ના ગ્રંથાકારે છપાયેલા પ્રથમ ખંડના ભાગ ૧, ૨ તથા ૩ અંગે છે. આ ગ્રંથ ૧૯૨૭ના ઑગસ્ટમાં બહાર પડ્યો. એનો છેલ્લો હપતો ૧૨–૫–૧૯૨૭ના *યંગ ઇન્ડિયા*માં પ્રસિદ્ધ થયો હતો. ભાગ ૪ નું પહેલું પ્રકરણ તે પછીના અંકમાં પ્રસિદ્ધ થયું.

Gandhi Heritage Portal

## ૨૭૯. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

કલકત્તામાં બેરીબેરીનો રોગ ફરીથી ફાટી નીકળ્યો છે એવું છાપામાં વાંચી મારો જીવ અધ્ધર થઈ ગયો, ને તેથી તમે તથા હેમપ્રભાદેવી સ્થળાંતર કરો, એવો તાર આજે સવારે મેં કર્યો છે. અલબત્ત, અહીં તો તમે ગમે ત્યારે આવી શકો છો, અને આવ્યા બાદ તમારો વખત નકામો તો નહીં જ જાય. ખરું જોતાં જેને કાંતતાં આવડે છે, એનો વખત ક્યાંય બગડતો નથી. એટલે મારી સૂચનાનો બરોબર વિચાર કરજો.

પ્રદર્શન અંગે તો હું બધાં ખાદી સંગઠનોને એવી સલાહ આપી રહ્યો છું કે કોંગ્રેસ વખતે ભરાનાર પ્રદર્શનમાં ખાદી ન મૂકવી એવું હાલ તો નક્કી થયું છે.

જે હાથપંપ તમે નાખી ગયા હતા તે બગડી ગયો છે. આવી જાતનાં યંત્રોના જાણકાર યોગ્ય કારીગરની મદદ ગમે ત્યારે મળી શકે એવું ન હોય તો તે નાખવાં સલામત નથી એવું મને લાગે છે. હમણાં થોડા જ દિવસ પર આ હાથપંપ એકાએક બગડી ગયો ને અમે પાણી વગર રહ્યાં; ને આવી કટોકટી માટે સજ્જ પણ નહોતા. આજે વળી પાણી ચડાવવાની ડોલ તૂટી ગઈ, એટલે પાછો પાણીનો દુકાળ પડ્યો; અને માણસો તો એક વાર જુએ કે હવે પાણી ખેંચવાની જરૂર નથી, એટલે પછી એ કામને ફરી અડવા નારાજ જ હોય છે. હું સમજું છું કે જ્યાં યંત્રમય વાતાવરણ હોય ત્યાં આવી મુશ્કેલીઓ નહીં આવવાની. આ બધી માહિતી તમને એટલા માટે આપી છે કે તમને સૂઝે તેવી સલાહ તમે આપી શકો. પંપ લીધો જ છે, તો હું સહેજે હારી નહીં જાઉં.

આ હાથપંપ બાબત હું પૂરેપૂરો નિર્ભય થઈ જાઉં પછી જ તમે ઘડી આપેલી પેલી મોટી યોજના[1] બાબત હું વિચારીશ.

શ્રી સતીશચન્દ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન, સોદપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૧૦

૧. સાબરમતી આશ્રમમાં ટ્યૂબવેલથી પાણી પૂરું પાડવાની યોજના.

Gandhi Heritage Portal

## ૨૮૦. કે. સદાશિવરાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાશિવરાવ,

તમારો પત્ર મળ્યો. આપણે પંડનો વિચાર કર્યા વિના દેશની સેવા કરવી હશે તો તો દુનિયા પથ્થર મારે કે રંજાડે તોપણ આપણે ખુશી માનીશું. અને મારી તો ખાતરી છે કે આવી પડેલા આઘાત તમે પ્રસન્નતાથી ઝીલશો તો ઊલટું વધારે સારું લાગશે ને તમે વધુ દૃઢ બનશો તેમ જ તમને સાચે જ લાગશે કે તમારે માથેથી મોટો બોજો ઊતરી ગયો છે.

તમારો સહૃદયી

શ્રી સદાશિવરાવ કર્ણાદ
કોડાઈબેઈલ, મેંગલોર

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૧૧

## ૨૮૧. ધનગોપાળ મુકરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર[1] મળ્યો. મારા કોઈ પણ લખાણમાં ઋણસ્વીકાર કર્યા વિના ટૉલ્સ્ટૉય કે બીજા કોઈ લેખકને મેં કદી ટાંક્યા નથી. વળી મારા લેખોમાં બીજા લેખકોમાંથી વારંવાર ઉતારા આપ્યાનું મને યાદ પણ નથી. આનો અર્થ એવો નથી કે આ વાત મને ગમતી નથી, પણ મારું વાચન જ બહુ થોડું છે; અને વાંચેલું યાદ રાખી તેને ટાંકવાની શક્તિ તો એથી પણ ઓછી છે.

ટૉલ્સ્ટૉયનાં લખાણો ઠીક ઠીક વાંચ્યા બાદ જ મેં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી એમાં શંકા જ નથી. ગીતાના ઉપદેશથી મારું જીવન ઘડાયું છે એવું સામાન્ય રીતે કહેવું યથાર્થ હોવા છતાં બ્રહ્મચર્ય પાળવાના મારા નિશ્ચય પર ટૉલ્સ્ટૉયનાં લખાણ તેમ જ ઉપદેશની અસર નહોતી એવું હું ખાતરીપૂર્વક ન કહી શકું.

આટલું તમારી અંગત માહિતી માટે. તમે ઉઠાવેલા મહત્ત્વના પ્રશ્નની ચર્ચા યંગ ઇન્ડિયામાં હવે પછી કરવાની ઉમેદ રાખું છું.

તમારો સહૃદયી

ધનગોપાળ મુકરજી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૭૮

૧. ૧૪ ઑગસ્ટના પોતાના પત્રમાં પત્રલેખકે બીજી બાબતો સાથે ગાંધીજીને વિનંતી કરી હતી કે આપ ટૉલ્સ્ટૉય સાથેના આપના પરિચય વિશે યંગ ઇન્ડિયામાં લખો. આ મુદ્દો ગાંધીજીએ પોતાના ભાષણમાં ચર્ચ્યો હતો. જુઓ: "ટૉલ્સ્ટૉયની શતાબ્દી", ૧૦-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૮૨. એચ. એસ. એલ. પોલાકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

તમારો પત્ર મળ્યો; મિલી[1]નો પણ મળ્યો છે. ઘણે લાંબે વખતે એમનો સીધો પત્ર મળ્યો તેથી બહુ આનંદ થયો. વળી તમે કૅલનબૅકને મળી શકયા તેથી ખૂબ સારું લાગ્યું. મિલીને જુદો પ્રેમપત્ર લખવાનો પ્રયત્ન સરખો નહીં થઈ શકે. અહીંનું મારું જીવન દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રવૃત્તિમય તેમ જ સખત થતું જાય છે. આમ છતાં મારી તબિયત સરસ રહે છે.

નેશનલ મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પીંજણ, કાંતણ તથા હિંદી શીખવવા દેવદાસ દિલ્હી ગયો છે. રામદાસ બારડોલીમાં છે. સત્યાગ્રહ ચાલુ હતો ત્યારે પણ ત્યાં જ હતો. મદ્ય-નિષેધ, કાંતણ કામ, સમાજસુધારા, ઇત્યાદિ રચનાત્મક કામમાં એ હવે લાગેલો છે.

વેલ્શ નમૂનાનો રેંટિયો[2] ગયે અઠવાડિયે આવ્યો નથી. કદાચ આવતી કાલે આવે.

લિયોન મને યાદ કરે છે ખરો?

તમારો સહૃદયી

એચ. એસ. એલ. પોલાક
૨૯૫, સ્ટ્રૅન્ડ, લંડન, ડબ્લ્યુ સી. ૨

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૮૦

## ૨૮૩. બહેરાં-મૂંગાંની શાળાના ખાતમુહૂર્ત પ્રસંગે ભાષણ

સપ્ટેમ્બર ૭, ૧૯૨૮

આ શાળા સાથેનો મારો સંબંધ ૧૯૧૫ની સાલથી છે. શેઠ મંગળદાસ અને રા. પ્રાણશંકરના કહેવાથી અનેક વ્યવસાયો હોવા છતાં આવ્યો છું. આ બહેરાં-મૂંગાંની એક નાની શાળા છે, પણ મેં તો હજારો બહેરાં-મૂંગાંની નિશાળ ચલાવવાનું અને અજ્ઞાનને વશ થઈ જે ભૂખમરો વેઠવો પડે છે તે દૂર કરવાનું કામ ઉપાડયું છે. શેઠ મંગળદાસ જેવા આ શાળામાં નાની રકમ આપી પોતાની જાતને છોડાવી શકે તેમ નથી. આવી શાળા તો અમદાવાદનો એક જ શેઠિયો ચલાવી શકે. અમદાવાદમાં આવી ઘણી શાળાઓ ચલાવવાની શક્તિ છે. ઈશ્વરે આપણને વાચા અને આંખ આપી છે તેનો થોડોઘણો ઉપકાર આવાં બહેરાં-મૂંગાંઓની સેવા કરીને આપણે માની શકીએ. રા. પ્રાણશંકરે શાળાની હકીકત આપી પણ એ કહ્યું નથી કે આ શાળાની ઉત્પત્તિ કેમ થઈ? તેમનો પોતાનો એક પુત્ર બહેરો અને મૂંગો હતો અને તેને કેળવણી તો આપવી જ જોઈએ એવું એમને લાગવાથી એને કેળવવાનું કામ શરૂ કર્યું અને તેમાં સ્વાર્થ સાથે પરમાર્થ જોડયો તેથી આ શાળા હસ્તીમાં આવી. સ્વાર્થની સાથે લોકસેવાને જોડવી એ એક સાધારણ

૧. મિસિસ પોલાક.
૨. ઊન કાંતવા માટે.

Gandhi Heritage Portal

વાત હોવી જોઈએ. પણ અમદાવાદ કે જ્યાં બધા જ ધન ભેગું કરવા લાગી ગયા છે ત્યાં સ્વાર્થની સાથે પરમાર્થ કરવાનું સમજાવું કઠણ છે. રા. પ્રાણશંકરે આંકડા રજૂ કર્યા છે કે ૭૦ હજાર બહેરાં-મૂંગાં માટે ઈલાકામાં ત્રણ શાળાઓ છે અને હિંદનાં બે લાખ બહેરાં-મૂંગાંઓમાંથી માત્ર ૫૦૦ની જ દરકાર લેવાય છે. આ ઉપરથી આપણને જણાશે કે તેઓની કેળવણી માટે જોઈતો પ્રયત્ન થતો નથી. આપણે તેમને દાન આપી પેટ ભરતા કરીએ છીએ, પણ કેળવણી આપવાનું સારું કામ નથી કરતા. એક આળસુ માણસ બે માણસના ખભા પર ચડી બેસે છે એવી કહેવત છે. આપણે આ બહેરાં-મૂંગાંઓને આળસુ ન બનાવવાં જોઈએ, પણ તેમને કમાતાં શીખવવું જોઈએ, અમદાવાદને આવી શાળા માટે મદદ લેવા બહાર જવાનું ન હોય, ઊલટું અમદાવાદ બહારથી આવતા અભ્યાગતોને સુપાત્રે દાન આપી શકે. અમદાવાદના સંબંધમાં બીજી એક વાત ઉપર પણ હું આપ સૌનું ધ્યાન દોરીશ. ડૉ. હરિપ્રસાદે[1] ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સારુ લખેલું એક પુસ્તક હમણાં જ મારા વાંચવામાં આવ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે હિંદુસ્તાનમાં અમદાવાદ શહેર એવું છે કે જેમાં સૌથી વધારે માણસો મરે છે. જ્યારે હિંદુસ્તાનમાં તે પ્રથમ પદે છે. તો સારી દુનિયામાં તે હોય જ એ ખુલ્લું છે. મારી પાસે અમેરિકા, ઈંગ્લંડ અને દુનિયાના જુદા જુદા ભાગના મુસાફરો આવે છે અને તેઓ જ્યારે શહેરની ગંદી પોળો અને રસ્તાઓ સંબંધી વાતો કરે છે ત્યારે મારે નીચું જોવું પડે છે. આ સ્થિતિ આપણે સુધારવી જોઈએ. બુદ્ધિ અને શરીરશક્તિનો ઉપયોગ કરીએ તો આપણે અમદાવાદને એક રમણીય શહેર બનાવી શકીએ. છેવટમાં આ શાળાનો પાયો નાખવાની ક્રિયા કરવાની મને તક આપી છે તે સારુ તમારો આભાર માનું છું. અને પ્રતિદિન શાળા વધારે ને વધારે આબાદ થાય એ ઇચ્છું છું. શિક્ષિત લોકો ભલે કમાય પણ તેનો સંગ્રહ પોતાને માટે ન કરે, પણ ઉદારતાથી બીજાને તેનો લાભ આપે એવી મારી નમ્ર પ્રાર્થના છે.

[મૂળ ગુજરાતી]
પ્રજાબંધુ, ૯–૯–૧૯૨૮

## ૨૮૪. મૌલાના ઝફરુલમુલ્કને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. આશા રાખું છું કે તમારી યોજનાને લોકપ્રિય બનાવવાનો તમારો પ્રચાર સફળ થશે. તમે અહીં આવો ત્યારે મારી સાથે એની ચર્ચા થઈ શકશે.

બંધારણ તો મને પણ પૂરેપૂરું પાશ્ચાત્ય ઢબનું લાગે છે. પણ એ પાશ્ચાત્ય છે કે પૌરસ્ત્ય, એની માથાકૂટમાં હું પડ્યો નથી. પણ આપણે ખરેખર જાગ્રત હોઈશું તો આપણી મરજી મુજબ તેને આકાર આપી શકીશું, અને તેના ગુલામ બનવાને બદલે આપણું હિત સધાય તે રીતે તેનો અમલ કરીશું. આપણા દેશની આજની સંસ્થાઓ જોતાં તેમાંથી આવું જ બંધારણ નીપજે. ધારાસભામાં બેસનાર વ્યક્તિ આથી જુદા પ્રકારનું બંધારણ ઘડી શકે જ નહીં; અને હિંદ સરકારની

૧. અમદાવાદની યુવકસભાના પ્રમુખ.

Gandhi Heritage Portal

વર્તમાન પદ્ધતિમાંથી સ્વાભાવિક રીતે જે જાતનું બંધારણ આપણને મળી શકે તે મેળવ્યા પછી એ જનતાના મિજાજને માફક નહીં આવે તો ખાતરી રાખજો કે લોકો એનો નાશ કરશે અને નવું બંધારણ ઘડશે. ખરી જરૂર આપણને કચડી રહેલા જુલમને દૂર કરવાની છે. બીજું, આવા કામચલાઉ બંધારણ પર આપણે ઠીક ઠીક એકમત સાધી શક્યા છીએ તે જોતાં એનો અસ્વીકાર કરીશું તો આપણે મૂર્ખામાં ખપીશું એવું મને લાગે છે. આ જ કારણે મેં દેશને એ પૂરા દિલથી સ્વીકારવા ભલામણ કરી છે.

તમારો સહૃદયી

મૌલાના ઝફરુલમુલ્ક
લખનૌ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૧૨

## ૨૮૫. શ્રદ્ધા ચૈતન્ય બ્રહ્મચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

દિલગીર છું કે તમને યંગ ઇન્ડિયા કે બીજું તે દ્વારા પ્રસિદ્ધ થતું સાહિત્ય મફત મોકલી શકતો નથી. આવી સંખ્યાબંધ અરજીઓ રોજ આવે છે. કેવળ એ કારણે પણ વ્યવસ્થાપકો એ જાતની અરજીઓને પ્રોત્સાહન આપતા નથી. તમે જાણો છો કે યંગ ઇન્ડિયા ધંધાર્થે ચાલતું નથી. રામકૃષ્ણ મિશન જેવી જ આ પરોપકારી પ્રવૃત્તિ છે એટલે બહુ થોડા લોકોને યંગ ઇન્ડિયા ભેટ તરીકે મોકલાય છે.

તમારો સહૃદયી

શ્રી શ્રદ્ધા ચૈતન્ય બ્રહ્મચારી
શ્રી રામકૃષ્ણ મઠ, ગૅરિસન રોડ, દિલ્હી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૧૩

Gandhi Heritage Portal

## ૨૮૬. આર. ડી. પ્રભુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમે સ્નાન કરો એથી ઇનામદારના મનનું સમાધાન થતું હોય, તો સ્નાન કરવું. એનો અર્થ એવો નથી કે તમે તે જરૂરી માનો છો. તમારે તો ઇનામદારને ખાતર અને તેથી જે અસ્પૃશ્ય ભાઈઓની તમે સેવા કરવા માગો છો તેમને ખાતર સ્નાન કરવાનું છે.

નિશાળમાં મહાર વિદ્યાર્થીઓ પણ આવે છે. એ કારણે મરાઠા વિદ્યાર્થીઓ નિશાળ છોડી જાય તો તમારે ગણકારવું નહીં. તમારે તો મહાર બાળકોને ભણાવવાનું ગમે તે ભોગે ચાલુ રાખવું.

તમારો સહૃદયી

શ્રી આર. ડી. પ્રભુ
વિઝણે, પોસ્ટ હાલકરણી, મહાલ ચાંદગઢ, જિલ્લો બેલગામ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૧૪

## ૨૮૭. પી. એ. વાડિયાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

મહાદેવ ઉપરનો તમારો પત્ર મેં વાંચ્યો છે. મહાદેવ વલ્લભભાઈ પટેલની સાથે સિમલા ગયા છે. જરા પણ સંભવ હોય તો 'રિટ્રીટ'[1]માં જોડાવું મને ઘણું ગમે. પણ હું જોઈ શકું છું ત્યાં સુધી આજે તો એવો સંભવ દેખાતો નથી. છતાં છેક અત્યારથી તમને 'હા' પાડી દઉં એવી જરૂર નથી. હું આવીશ એવી આશામાં તમે કંઈ ગોઠવતા નહીં. અવાય તોપણ તમારે મને અતિથિ જ ગણવાનો અને એટલા માટે રિટ્રીટનો સમય પાસે આવે ત્યારે મને જરા યાદ કરાવજો.

દેશમાં ભાષાવાર પ્રાંતો રચવાની દરખાસ્ત અંગે તમારું મંતવ્ય મેં રસપૂર્વક વાંચ્યું છે. મને એવું લાગે છે કે બહારથી કંઈ લાદીને આપણે રાષ્ટ્રીય એકતાની ભાવના ન પોષી શકીએ. એટલે મને લાગે છે કે ભાષાવાર જે કુદરતી ભાગલા દેશમાં પડેલા છે તે સ્વીકારી લેવામાં કશી હાનિ નથી. હા, પછી વિશિષ્ટ વર્ગો અને સામાન્ય જનતા માટે જુદી જુદી પ્રાંતીય ભાષાઓને સ્થાને એક સર્વ સામાન્ય રાષ્ટ્રભાષા આપણે દાખલ કરીએ તો જુદી વાત છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૧૫

૧. મુંબઈના આંતરરાષ્ટ્રીય મૈત્રી સંઘ દ્વારા એનું આયોજન કરવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

## ૨૮૮. ખાદી વિજયને સંદેશો[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ખાદી વિજય એટલે ખાદીની જીત. ખાદીની સેવામાં એક માસિક નીકળે એ તો સારી વાત છે જ; પણ એથી વધારે સારું તો એ કે લોકો, ખાસ કરીને વેપારી વર્ગ, નિષ્ઠાપૂર્વક ખાદીનું કામ ઉપાડી લે. પછી ખાદીનો વિજય નિશ્ચિત છે.

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૧૬

## ૨૮૯. ગંગાધરરાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ ગંગાધરરાવ,

શ્રીયુત નંજપ્પા માટે તમે સંદેશો માગ્યો છે એવું કાકા જણાવે છે. આ રહ્યો એ સંદેશો.[2]

આશા રાખું છું કે તમારા વિષાદ તેમ જ માંદગીમાંથી તમે બહાર આવ્યા હશો. પૂનામાં તમને મળેલા વિજયથી તમે છો તેના કરતાં વીસ વર્ષ નાના દેખાતા હશો એવી પણ આશા રાખું છું. ખાદી માટેનો આ નવો ઉત્સાહ ટકી રહેશે એવી આશા છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૧૭

૧. હવે પછીના પત્ર સાથે આ લખાણ બીડેલું હતું.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

## ૨૯૦. ચિંતામણિ બ. ખાદિલકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારો કેસ ચોખ્ખો સત્યાગ્રહનો જ છે. જે કલબના બીજા સભ્યોએ પોતે લીધેલી પ્રતિજ્ઞા તોડી છે એવી કલબના તમે સભ્ય છો. એટલે, તમારામાં હિંમત હોય તો, આ ભાઈઓ ઉપર ગુસ્સે થયા વિના તમારે સત્યાગ્રહ કરવો. પણ આ કરતાં પહેલાં એમની સાથે ચર્ચા કરી, તેઓ પોતાની પ્રતિજ્ઞા પાળે એવું સમજાવવા પૂરતો પ્રયત્ન કરશો. જો તેઓ ન માને તો કેવી રીતનો સત્યાગ્રહ તમે કરી શકો તે બાબત કાળજીપૂર્વક વિચારશો.

તમારો સહૃદયી

શ્રી ચિંતામણિ બળવંત ખાદિલકર
રૂમ નં. ૩૩૨, ફર્ગ્યુસન કૉલેજ હૉસ્ટેલ
ડેક્કન જિમખાના, પૂના સિટી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૧૮

## ૨૯૧. બાળકો શું સમજે?

ગૂજરાત વિદ્યાપીઠના એક વિદ્યાર્થી લખે છે:[1]

આ કાગળમાં જે ઉતારા આપ્યા છે તે ઉતારાઓવાળા લેખ હું વાંચી શક્યો નથી. કોઈ લેખમાંથી એક ઉતારો તારવી લઈ આગળપાછળનો સંબંધ વિચાર્યા વિના તેને બંધબેસતો અર્થ કાઢવો એ હમેશાં સંભવિત નથી. છતાં મજકૂર ઉતારામાં જે ભાવ રહેલો છે તે મારા અનુભવમાંથી નીકળેલો છે એટલે મૂળ લેખ વાંચ્યા વિના ઉત્તર દેવામાં મને મુશ્કેલી નથી. વાંચનાર બાળકોનો અર્થ અહીં બે વર્ષનું બાળક ન કરે પણ જે વર્ષે સામાન્ય રીતે બાળકને નિશાળે મૂકવામાં આવે છે તે વર્ષનું બાળક એવો અર્થ કરવો ઘટે છે.

હું ગીતાજી વાંચું તે વખતે બાળકો સૂઈ જાય એ તેની સમજશક્તિનો અભાવ જ સૂચવે છે એમ ન કહેવાય. ગીતાજીના વાચનમાં હું રસ નથી ઉપજાવી શક્યો એમ ભલે કહેવાય, અથવા બાળક એ વખતે થાકેલ હોય એમ બની શકે. અંકગણિત શીખવતી વખતે, રમૂજી વાતો સાંભળતી વખતે, નાટકો જોતી વખતે બાળકોને સૂઈ ગયેલાં મેં ઘણી વખત જોયાં છે. અને ગીતાજી ઇત્યાદિના વાચન વખતે મોટી ઉંમરનાઓને પણ ઝોલાં ખાતા મેં જોયા છે. એટલે ઊંઘનો અને આળસનો ઉપરના પ્રશ્નોનો વિચાર કરતાં આપણે છેદ ઉડાડી દઈએ.

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકની ફરિયાદ હતી કે ગાંધીજીનાં લખાણો પરથી એવું દેખાય છે કે ગાંધીજી બાળકો પાસેથી વધારે પડતી અપેક્ષા રાખે છે.

Gandhi Heritage Portal

બાળકના શરીરના જન્મ પહેલાં આત્માની સ્થિતિ હતી; આત્મા અનાદિ છે, અને તેને બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા, ઇત્યાદિ સ્થિતિઓ નથી, એ વાત જેને દીવા જેવી સ્પષ્ટ છે તેના મનમાં ઉપરના પ્રશ્નો ઊઠવા જ ન જોઈએ. દેહાધ્યાસને લઈને અને ચાલુ પવનને અનુસરીને તેમ જ ઊંડે ઊતરીને વિચાર કરવાના આળસને લઈને આપણે માની લઈએ છીએ કે બાળક કેવળ રમી જ જાણે અથવા બહુ થાય તો અક્ષર ઘૂંટી જાણે, અને તેથી આગળ વધે તો યુરોપ-અમેરિકાની નદીઓ ઇત્યાદિનાં અટપટાં નામ ગોખી જાણે, અને મુશ્કેલીથી ઉચ્ચારણ કરી શકાય એવાં નામવાળા ત્યાંના રાજાઓ, લૂંટારાઓ અને ખૂનીઓનો ઇતિહાસ સમજી શકે.

મારો પોતાનો અનુભવ એથી ઊલટો છે. બાળક સમજી શકે એવી ભાષામાં આત્મા, સત્ય, પ્રેમ શું છે એ તેની પાસે અવશ્ય મૂકી શકાય. દુનિયાનું ડહાપણ મુદ્દલ ન ડહોળ્યું હોય એવા નાના એક બાળકને નહીં પણ અનેક બાળકોને, મરેલાને જોઈને પૂછતા સાંભળ્યા છે, “આ માણસનો જીવ કયાં ગયો?” જે બાળક આવો પ્રશ્ન સહેજે કરી શકે તેને આત્માનું ભાન અવશ્ય કરાવી શકાય. હિંદુસ્તાનનાં કરોડો નિરક્ષર બાળકો સત્યાસત્યનો ભેદ, પ્રેમઅપ્રેમનો ભેદ સમજણાં થાય ત્યારથી જ જાણી શકે છે. કયું બાળક પોતાનાં માતપિતાની આંખમાંથી ઝરતું પ્રેમામૃત અથવા તેમાંથી ઝરતા ક્રોધનો અંગાર ઓળખી શકતું નથી? પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થી પોતાનું બચપણ જ ભૂલી ગયેલ છે. એને હું યાદ દેવડાવવા ઇચ્છું છું કે તેને અક્ષરજ્ઞાન મળ્યું તે પહેલાં તે માતાપિતાના પ્રેમનો અનુભવ કરી ચૂકેલ હતો. પ્રેમને, સત્યને, આત્માને પ્રગટ થવાને સારુ ભાષાની જરૂર હોત તો એનો કયારનોયે લોપ થઈ ગયો હોત.

મજકૂર ઉતારાઓમાં બાળકોની પાસે “તત્ત્વનું ટૂંપણું” મૂકવાની વાત નથી, પણ સત્યાદિ શાશ્વત ગુણોનું તેમની પાસે પ્રદર્શન કરી તે તેમનામાં પણ છે એવું તેમની પાસે સિદ્ધ કરી દેવાની વાત છે. ટૂંકામાં અક્ષરજ્ઞાન ચારિત્રની પછી શોભે. તે પહેલાં મૂકીએ તો ગાડીની પાછળ ઘોડાને મૂકી તેના નાક વતી ગાડીને ઠેલાવવાની ક્રિયા જેટલી શોભે અને જેટલી સફળ થાય તેટલું તે અક્ષરજ્ઞાન શોભે અને સફળ થાય. આવા અનુભવથી જ ડાર્વિનનો સમકાલીન વિજ્ઞાનશાસ્ત્રી વૉલેસ નેવું વર્ષની ઉંમરે કહી ગયો કે અક્ષરજ્ઞાન પામેલી સુધરેલી કહેવાતી પ્રજાની મૂળ નીતિમાં જંગલી કહેવાતા હબસીઓની નીતિના કરતાં તેણે કંઈ વધારો ભાળ્યો નહીં. જો આજકાલનાં અનેક પ્રકારનાં બાહ્ય પ્રલોભનોથી આપણે ઘસડાઈ ન ગયા હોઈએ તો વૉલેસે કહેલી વાત અનુભવીએ અને આપણા વિદ્યાભ્યાસને જુદી રીતે કલ્પીએ અને ઘડીએ.

દસ માથાંવાળા રાવણ વિશેના પ્રશ્નના ઉત્તરમાં હું એક સામો પ્રશ્ન પૂછું : બાળકને શું સમજાવવું સહેલું છે? દસ માથાંવાળું પ્રાણી કોઈ પણ કાળે બનાવી જ ન શકાય તેવો એક રાવણ થઈ ગયો, એનો ઘૂંટડો ઉતારવો એ સહેલું, કે સૌના હૃદયમાં ચોરની જેમ સંતાઈ રહેલો દસ માથાંવાળા રાવણનો સાક્ષાત્કાર કરાવવો એ સહેલું? બાળકને કલ્પના અને બુદ્ધિશક્તિહીન માનવામાં તેમને આપણે ઘોર અન્યાય કરીએ છીએ અને પોતાની અવગણના કરીએ છીએ. “બાળક સમજે જ છે” એનો અર્થ એમ કરી લેવાની આવશ્યકતા નથી કે સમજાવ્યા વગર સમજે છે. દસ માથાંવાળો શરીરધારી માનવી હોઈ શકે એ વાત તો બહુ સમજાવતાં છતાંયે બાળક નથી સમજવાનું, ને દસ માથાંવાળા હૃદયમાં પેસી ગયેલ રાવણની વાત તો કહેતાંવેંત જ બાળક સમજી જશે.

હવે મારી ઉમેદ છે કે તુલસીદાસનું રામાયણ અને વ્યાસની ગીતા બાળકો પાસે વાંચતાં હું કેમ શરમાતો નથી. એ પ્રશ્ન વિદ્યાર્થીને પૂછવાપણું નહીં હોય. મારે બાળકોને “કર્મ,”

Gandhi Heritage Portal

"ત્યાગ," "સ્થિતપ્રજ્ઞતા"નું તત્ત્વજ્ઞાન નથી આપવું. હું પોતે તે જ્ઞાન પામ્યો હોઉં એમ માનતો નથી, જાણતો નથી. કદાચ કર્માદિ વિશેનાં તત્ત્વજ્ઞાનથી ભરપૂર પુસ્તકો વાંચતાં હું સમજું્યે નહીં, અને મુશ્કેલીથી સમજું તોપણ કંટાળો તો જરૂર આવે. અને જ્યાં કંટાળો ઊપજે ત્યાં મીઠી ઊંઘેય આવે. પણ જ્યારે કરોડોને અર્થે કાંતવાનું કે યજ્ઞકર્મ કરવાનો વિચાર થાય અને તેને અર્થે ભોગોના ત્યાગનો વિચાર થાય ત્યારે મીઠી ઊંઘ ઝેર સમાન લાગે અને જાગી જાઉં. ગીતાજી ઇત્યાદિનો સરળભાવે બચપણમાં કરાવેલો અભ્યાસ બાળકોને ભવિષ્યમાં અવશ્ય ઊગી નીકળે એવો મારો અનુભવ ઉપર રચાયેલો નિશ્ચલ વિશ્વાસ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯-૯-૧૯૨૮

# ૨૯૨. લખનૌ

જો બારડોલીની જીત ઇતિહાસમાં નોંધાશે તો લખનૌની જીત પણ નોંધાશે. બારડોલીએ જીવતા સ્વરાજનો—રામરાજનો માર્ગ બતાવ્યો. લખનૌએ કાનૂની સ્વરાજનાં દ્વાર ખોલ્યાં. બંનેની આવશ્યકતા હતી. લખનૌ સ્વરાજને સારુ વિદ્વાન રાજનીતિકુશળ નેતાઓની જરૂર હતી, બારડોલી સ્વરાજને સારુ સાધારણ, અભણ જનસમાજની જરૂર હતી. એકમાં બુદ્ધિ પ્રધાન હતી, બીજામાં શ્રદ્ધા પ્રધાન હતી. બારડોલીની જીત પછી તુરત જ લખનૌની સભા થઈ એ કાંઈ ઇરાદાપૂર્વક સાધેલો યોગ નહોતો, એટલે શ્રદ્ધાળુ તેમાં ઈશ્વરનો સંકેત માને. લખનૌમાં પ્રજાને મળેલી જીતને સારુ પંડિત મોતીલાલજી ધન્યવાદના હકદાર છે. તેમની એકનિષ્ઠા, તેમની કાર્યકુશળતા, તેમનો ઉદ્યમ, તેમની શ્રદ્ધા ન હોત તો કદી સફળતા ન મળત. સફળતા સારામાં સારું બંધારણ આપવામાં નથી, પણ સ્વમાન જાળવી શકાય, બધાના હકો સાચવી શકાય એવા બંધારણને વિશે એકમત સાધવામાં રહેલી છે. ભિન્ન ભિન્ન પક્ષોની સભા તો કેટલાયે માસ થયાં ભરાયા કરી છે. પણ તેનું દૃશ્ય પરિણામ તો લખનૌમાં જ આવ્યું. આ જીત પંડિત મોતીલાલજીની છે.

તેમાં દાક્તર અનસારીને ઉમેર્યા વિના ન જ ચાલે. દાક્તર અનસારીએ પોતાની ચતુરાઈથી ને ધીરજથી જુદા જુદા પક્ષના અનુયાયીઓને એકઠા રાખ્યા એ તો સહુ જોઈ શક્યા. પણ કેટલાક માસ થયાં અદૃશ્ય રીતે તેઓ જે કામ કરી રહ્યા હતા તે તો જાણનારા જ જાણે છે. દાક્તર અનસારી જો નેહરુ સમિતિની સોડે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે ન ઊભા રહ્યા હોત તો સફળતા અસંભવિત હતી. મુસલમાનોની ઉપરના તેમના પ્રભાવનો તેમણે પૂરો ઉપયોગ કર્યો. કોઈ પણ હિંદુ તેમના ઉજ્જ્વળ દેશપ્રેમની સામે થઈ શકે તેમ રહ્યું જ નહોતું, તેથી તેઓ સહુનો વિશ્વાસ સંપાદન કરી શક્યા.

વિનીત પક્ષના સભ્યોની, સર અલી ઇમામની અને દાક્તર બેસંટની હાજરીથી સભા શોભતી હતી અને તેનું વજન વધ્યું હતું.

પણ જેમ બારડોલીની જીત પછી સરદાર સૂઈ જઈ નથી શકતા, તેમ લખનૌની જીત પછી પંડિતજી અને બીજા સભ્યો નિરાંત વાળી બેસી શકતા નથી. બાકી રહેલું કાર્ય ઝપાટાબંધ ન થાય ત્યાં લગી ૧૯૩૦માં સ્વરાજની સ્થાપના થવાની ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજીની શુભ ભવિષ્યવાણી ફળી ન શકે. ઈશ્વર ઊંઘતાને નહીં પણ જાગ્રત રહેનારને સહાય કરે

Gandhi Heritage Portal

છે. નેહરુ બંધારણની આસપાસ પ્રજામત એકત્રિત કરવાનું કાર્ય તો છે જ. પણ તેથી વધારે મહત્ત્વનું કાર્ય તે બંધારણનો અમલ કરાવનારું બળ કેળવવાનું છે. પંડિત જવાહરલાલે લખનૌમાં જ આ વસ્તુનું સ્મરણ સભાને કરાવ્યું હતું. 'ડોમિનિયન સ્ટેટસ' આરાધો કે 'ઇંડિપેન્ડન્સ,' બંનેને સારુ મેળવવાની શકિત તો પેદા કરવાની રહેશે જ. એ શક્તિ વિના બેમાંથી એકે વસ્તુ મળવાની નથી. સ્વરાજ અંતરિક્ષમાંથી ઊતરવાનું નથી. એ અંગ્રેજી સલ્તનતની બક્ષિસ રૂપે પણ નહીં મળે. એ તો પુરુષાર્થની જ પ્રસાદી હોય. સ્વરાજનો અર્થ જ પ્રજાપુરુષાર્થ છે. બકરીને સ્વરાજની શી ખબર પડે? એને સિંહાદિ હિંસક પ્રાણીઓ મુક્તિ આપે તેથી તેને સ્વતંત્રતાનો સ્વાદ થોડો જ આવવાનો છે? સિંહ નહીં તો સિંહના પિતરાઈ તેને ખાઈ જવા તૈયાર જ હશે. તેમ જ આપણું છે. આપણામાં સ્વરાજ મેળવવાની શક્તિ પેદા થશે ત્યારે આપણને કોઈ રોકી શકનાર નથી. સહુનો છુટકારો પોતાના હાથમાં જ છે.

આપણી પાસે બે માર્ગ છે : એક હિંસાનો, બીજો અહિંસાનો; એક શરીર બળનો, બીજો આત્મબળનો; એક વેરભાવનો, બીજો પ્રેમભાવનો; એક અશાંતિનો, બીજો શાંતિનો; એક આસુરી, બીજો દૈવી. બારડોલીએ શાંતિનો પદાર્થપાઠ શીખવ્યો. મહાસભાની પ્રતિજ્ઞામાં શાંતિમાર્ગનો જ ઉલ્લેખ છે. પણ બારડોલીની જીત પહેલાં શાંતિ વિશેની શ્રદ્ધા પ્રજા ખોઈ બેઠેલી જોવામાં આવતી હતી. બારડોલીની જીત પછી શાંતિમાર્ગ પર પાછો વિશ્વાસ બેઠેલો જણાયો. જો સ્વરાજ લેવું હશે તો કોઈ એક માર્ગની આરાધના આપણે અવિશ્રાંત પ્રયત્નથી કરવી પડશે. બંને માર્ગ પરસ્પર-વિરોધી હોઈ, તે તે માર્ગે મળવાનું સ્વરાજરૂપી ફળ પણ ભિન્ન હશે. નામ એક છતાં ગુણ નોખા હશે. જેવું બીજ વાવશું તેવું ફળ મેળવશું.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૯–૯–૧૯૨૮

## ૨૯૩. સુરત જિલ્લામાં મદ્યપાન નિષેધ

શ્રીમતી મીઠુબહેન પિટીટના સાહસથી સુરત જિલ્લાને સારુ મદ્યપાન નિષેધ મંડળ સ્થાપવામાં આવ્યું છે તેની નોંધ તેમણે મોકલી છે, જે નીચે પ્રમાણે છે :[૧]

સરદાર વલ્લભભાઈને મીઠુબહેનની ઘણી જબરદસ્ત ઓથ હતી એમ તેમણે ઘણી વાર કહ્યું છે. આ પારસી બહેન, જેમણે પૂર્વે કોઈ દહાડો કશી અગવડ વેઠી નહોતી તે ખેડૂતોનાં ઘરમાં ખેડૂતની જેમ રહ્યાં છે, તેમના સાદા ખોરાકથી સંતોષ પામ્યાં છે, અને પોતાનું શરીર નાજુક છતાં, અનેક સગવડો જે ભોગવવાની ટેવ પડી ગઈ હતી તેનો અભાવ છતાં, તેમણે પોતાના શરીરને ટકાવી રાખી રાત અને દહાડો મહેનત કરી છે. તેમના પોતાના શૌર્યથી બારડોલીનાં ભાઈ અને બહેનોને તેમણે શૂરતાનો પાઠ આપ્યો છે. અતૂટ મહેનત કરીને તેમણે નવ-યુવકોને લજવ્યા છે. ખાદીઘેલાં હોઈ ઘેર ઘેર ખાદીની ફેરી કરી લોકોમાં ખાદીનો રસ પેદા કર્યો છે. ઉદ્યમ વિના એક ક્ષણ પણ ન રહી શકે તેથી વલ્લભભાઈએ તેમને ચંચળબહેનનું નામ આપેલું છે. સુરત જિલ્લામાં મદ્યપાન બહુ જ થાય છે તે આ બહેન જોઈ ગયાં. દારૂનાં પીઠાંના ઘણા માલિકો પારસી ભાઈઓ છે એ પણ તેમણે જોયું તેથી તેમણે આખા સુરત જિલ્લામાં

૧. અહીં આપી નથી. તેમાં મંડળના સભ્યોનાં નામની યાદી આપી હતી.

Gandhi Heritage Portal

મદ્યપાન નિષેધનું કાર્ય કરવાનો નિશ્ચય કર્યો, અને હવે તેમના સાહસથી ઉપર પ્રમાણે મંડળ સ્થપાયું છે. તેમાં નિમાયેલ અધિકારી વર્ગનાં નામ જોતાં હું જોઉં છું કે તેમની પાસેથી મીઠુબહેન પૂરું કામ લેવા ધારે છે. મારી આશા છે કે અધિકારીઓ પૂરું કામ આપશે. મીઠુબહેન કામ લીધા વિના છોડે એવાં નથી. આ મંડળનું કામ સફળ થાય તો એ સફળતા બારડોલીના રચનાત્મક કામનો એક અતિસુંદર ફાળો ગણાશે અને તેથી સુરત જિલ્લાના લાખો રૂપિયા બચી જશે, એટલું જ નહીં પણ તેની અસર આખા ભારતવર્ષમાં વ્યાપી જશે. મદ્યપાનથી વીસ કરોડ રૂપિયાની પ્રતિવર્ષ હોળી થાય છે, એટલું જ નહીં પણ તેથી લાખો લોકની નીતિની પણ હોળી થાય છે, અને હજારો કુટુંબો પાયમાલ થાય છે. જેને ખાદીનો ખરો રસ લાગ્યો છે તે આ વસ્તુને સહેજે જોઈ લે છે. મીઠુબહેન પણ તે જોઈ ગયાં અને તેમની સાહસિક વૃત્તિએ તેમને આ મહાભારત કામ કરવા પ્રેર્યાં છે. ઈશ્વર તેમને આરોગ્ય અને શક્તિ આપે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૯-૯-૧૯૨૮

## ૨૯૪. રાષ્ટ્રીય છાત્રાલયોમાં પંક્તિભેદ?

કાકાસાહેબ કાલેલકરની વધતી જતી ટપાલમાં અનેક જાતના પ્રશ્નો આવે છે, તેમાં એક કાગળ પંક્તિભેદ વિશે હતો. તેનો જે ઉત્તર તેમણે આપ્યો છે તેની નકલ મારી ઉપર તેમણે મોકલી દીધી છે. એમાંના વિચારો રાષ્ટ્રીય છાત્રાલયોને માર્ગદર્શક હોવાથી નીચે શબ્દશઃ આપું છું:[1]

કાકાસાહેબ જોઈ જોઈને પગ મૂકવા માંગે છે. માબાપોને કે વિદ્યાર્થીઓને બની શકે ત્યાં લગી તેઓ આઘાત પહોંચાડવા નથી ઇચ્છતા તેથી કહે છે: "છાત્રાલયમાં બ્રાહ્મણ રસોઈયાને હાથે જ રસોઈ થાય છે. શૌચાચારમાં રસોઈ વિશિષ્ટ ઢબે તૈયાર થયેલી હોય એ આગ્રહ હોય છે તે આ રીતે પળાય છે." મારો તો અભિપ્રાય છે કે બ્રાહ્મણ રસોઈયાનો આગ્રહ લાંબા વખત સુધી રાખવો અશક્ય છે. જે અર્થમાં અહીં બ્રાહ્મણ શબ્દ વપરાયો છે તેવા બ્રાહ્મણોથી જ શૌચાચારનું પાલન થાય એવું તો કંઈ નથી જ, એટલું જ નહીં પણ એવા બ્રાહ્મણોથી શૌચાચારનું પાલન થાય જ છે એવુંયે નથી. ગંદકીથી ભરપૂર, આરોગ્યના નિયમોનો ભંગ કરનારા બ્રાહ્મણ રસોઈયા મેં તો કેટલાયે ભાળ્યા છે. બે આંખાળા કયા માનવીએ નહીં જોયા હોય? શૌચાચારમાં કુશળ, આરોગ્યના નિયમોને જાણનાર અને તેને પાળનાર બ્રાહ્મણેતર રસોઈયા પણ ઘણાયે મેં જોયા છે. તેથી જો બ્રાહ્મણ શબ્દનો મૂળ અર્થ ધ્યાનમાં લઈ જે શૌચાચારને પાળે તે બ્રાહ્મણ એમ ગણીએ તો બધાં રાષ્ટ્રીય છાત્રાલયો સુગમતાથી કાકાસાહેબનો નિયમ પાળી શકશે. જો જન્મે બ્રાહ્મણ તેને જ બ્રાહ્મણ ગણવામાં આવશે તો તો શૌચાચારનું પાલન કરે એવા બ્રાહ્મણ રસોઈયા ઘણા મળવાના જ નથી, અને જે મળશે તે એવો મોટો પગાર માગશે અને એટલા માથે ચડશે કે તેમને રાખવા અને સાચવવા એ લગભગ અશક્ય થઈ પડશે. વિદ્યાપીઠ સત્ય અને અહિંસાની આરાધના કરે છે, તેથી આપણાં છાત્રાલયોમાં જે સ્થિતિ જેવી હશે તેવી જ તેણે

૧. કાકાસાહેબનો પત્ર અહીં આપ્યો નથી. એમણે જણાવ્યું હતું કે વિદ્યાપીઠનાં છાત્રાલયોમાં પંક્તિભેદ પળાતો નહોતો.

Gandhi Heritage Portal

પ્રગટ કરવી જોઈએ. અંદર કે બહાર આંખ આડા કાન નહીં કરી શકાય. તેથી જ કાકાસાહેબે સ્પષ્ટ કર્યું છે કે વિદ્યાપીઠના છાત્રાલયમાં પંક્તિભેદને સ્થાન નથી. પંક્તિભેદના ગર્ભમાં જ ઊંચનીચનો ભેદ સમાયેલો છે. વર્ણભેદની સાથે ઊંચનીચતાને કશો સંબંધ નથી. ઊંચતાનો દાવો કરનાર બ્રાહ્મણ નીચે જાય છે અને નીચ બને છે. પોતાને નીચ માનનારને અને નીચે રહેનારને જગત ઊંચું સ્થાન આપે છે. જ્યાં મોક્ષ આદર્શ છે, જ્યાં અહિંસા પરમ ધર્મ છે, જ્યાં આત્માનો અભેદ છે ત્યાં ઊંચતા અને નીચતાને સારુ અવકાશ જ ક્યાં છે? એટલે રાષ્ટ્રીય છાત્રાલયોને વિશે મારી મતિ પ્રમાણે તો એટલું જ કહી શકાય કે ત્યાં શૌચાચાર સંપૂર્ણ પાળવાનો પૂર્ણ પ્રયત્ન થશે, એટલે સાચો બ્રાહ્મણ ધર્મ આદર્શ રહેશે. આડંબરી અને નામનો બ્રાહ્મણ ધર્મ પાળવાનો આદર્શ હોય જ નહીં, કેમ કે એ દોષ છે અને તેથી ત્યાજ્ય છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૯–૯–૧૯૨૮

## ૨૯૫. નોંધ

### જીવતી ઘંટીનો અનાદર

બારડોલીમાં કામ કરનાર એક સ્વયંસેવક લખે છે:[૧]

જે ફરિયાદ આ સ્વયંસેવક કરે છે તે થોડેઘણે અંશે બીજા ઘણાને વિશે કરી શકાય તેમ છે. દાંત એ કુદરતે આપેલી એક મોટી બક્ષિસ છે. એ જીવતી ઘંટી છે. તેનો જે અનાદર કરે છે તે પોતાનું આયુષ્ય ટૂંકું કરે છે. સૂર્યના અગ્નિથી પાકેલા અનાજને ફરી પકાવવાની જરૂર હોય જ નહીં. પણ જીભનો જ્યારથી સ્વાદને સારુ ઉપયોગ શરૂ થયો ત્યારથી પાકેલાને ફરી પકાવવાનું મનુષ્યે શરૂ કર્યું, અને તેમ કરતાંની સાથે મનુષ્ય દીર્ઘાયુ મટી અલ્પાયુ બન્યો. પરંપરાથી ઊતરેલી કુટેવને આપણે ભલે એકાએક ન કાઢી શકીએ, ભલે ચૂલાનો બહિષ્કાર સર્વથા ન કરી શકીએ, પણ તેનો ઓછામાં ઓછો ઉપયોગ કરતા થઈ જઈએ તો ઘણો વખત બચાવી શકીએ અને ઘણો પૈસો બચાવી શકીએ. રાંધેલું અનાજ આપણે જેટલું ખાઈએ છીએ તેટલું વનપકવ કદી ન ખાઈ શકાય. ભીંજવીને ચોળેલું જેટલું ખાઈએ છીએ તેટલું સૂકું ન ખાઈ શકાય, સૂકાને ભીંજવવાને સારુ કુદરતે આપણા તાળવામાં અમૃત આપેલું છે; દળવાને સારુ દાંત આપ્યા છે. સ્વાદના ગુલામ થઈને આ બંને બક્ષિસોનો આપણે તિરસ્કાર કરીએ છીએ અને તેથી દોષમાં પડીએ છીએ, એટલું જ નહીં પણ હોજરીની ઉપર નકામો બોજો મૂકીને જિંદગી ટૂંકી કરીએ છીએ, અને ટૂંકી જિંદગીમાં પણ અનેક રોગોના ભોગ થઈએ છીએ. તેથી જોકે આપણે સૂર્યના તાપથી જ પાકેલા અનાજથી સંતોષ પામવા તૈયાર ન હોઈએ તોપણ રાંધેલા અનાજને દાંતથી ચાવી ચાવીને ખાવાનો અભ્યાસ રાખવો જોઈએ. ચાવલ પણ ચાવી શકાય, લીલોતરી જરૂર કાચી ખાઈ શકાય. લીલોતરી કાચી ખાવાની દાક્તરો ભલામણ કરે છે. કાચી લીલોતરીની મારફતે જે સત્ત્વની આપણને જરૂર છે તે મળે છે. તેનું અંગ્રેજી નામ 'વિટામિન' છે. અને દાક્તરો કહે

૧. પત્ર અહીં આપ્યો નથી. ઘઉં અગર બાજરીના રોટલા દૂધમાં પલાળી બરાબર ચાવ્યા વિના ગળે ઉતારી દેવાની ગ્રામવાસીઓની સામાન્ય કુટેવ તરફ પત્રલેખકે ધ્યાન દોર્યું હતું.

Gandhi Heritage Portal

છે કે રાંધવાથી લીલોતરીમાં રહેલા ઉપયોગી વિટામિનનો નાશ થાય છે અને વિટામિનના નાશથી આરોગ્ય બગડે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯-૯-૧૯૨૮

## ૨૯૬. ધાર્મિક કેળવણી

વિદ્યાપીઠમાં થયેલા પ્રશ્નોમાંના રહી ગયેલા પ્રશ્નોમાંના એકની ચર્ચા હું ગયે અઠવાડિયે કરી ગયો. બીજો પ્રશ્ન આ છે:

વિદ્યાપીઠમાં ધાર્મિક કેળવણીનું સ્થૂલ રૂપ કેવું હોય?

મારે મન ધર્મ એટલે સત્ય અને અહિંસા, અથવા કેવળ સત્ય કહો તોયે બસ થાય. અહિંસા સત્યના પેટમાં જ સમાયેલી છે. તે વિના સત્યની ઝાંખી સરખીયે ન થાય. આવાં સત્ય અને અહિંસાનું જે રીતે પાલન થાય તે રીતે જે કેળવણી અપાય તે ધાર્મિક કેળવણી થઈ. અને આવી કેળવણી આપવાનો સારામાં સારો સારો રસ્તો એ છે કે શિક્ષકો માત્ર સત્ય અને અહિંસાનું પાલન કરનારા હોય. વિદ્યાર્થીઓને તેમનો સત્સંગ એ વિદ્યાર્થીઓને ધાર્મિક કેળવણી; પછી ભલે તેઓ ગુજરાતી વર્ગમાં, સંસ્કૃતમાં કે ગણિત વર્ગમાં, અંગ્રેજી વર્ગમાં કે ગમે તે બીજા વર્ગમાં બેઠા હોય.

પણ આ કદાચ ધાર્મિક કેળવણીમાં સૂક્ષ્મ રૂપ ગણાય. ધાર્મિક કેળવણીને કંઈક નોખું અને તે જ નામનું સ્થાન હોઈ શકે. તેથી દરેક વિદ્યાર્થીને જે સંપ્રદાય પોતે માનતો હોય તે સંપ્રદાયનું બીજા સંપ્રદાયોનું અવિરોધી એવું જ્ઞાન મેળવવાનું ઉત્તેજન આપવું જોઈએ. અને એવો એક સમય દરેક વર્ગમાં રાખ્યો હોય કે જેમાં બધા સંપ્રદાયોનું ઉદાર અને નિષ્પક્ષાપાત તેમ જ આદરભાવથી સામાન્ય જ્ઞાન અપાય. વિદ્યાપીઠમાં બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મળીને પ્રથમ ઈશ્વરનું ધ્યાન ધરે છે, અને પછી પોતપોતાના વર્ગમાં જાય છે. એથી વધારે આજે કદાચ કંઈ શકય નથી. એ ઈશ્વરના ધ્યાનને વખતે થોડો સમય પ્રત્યેક ધર્મને વિશે કંઈક જ્ઞાન અપાતું હોય તો હું તેને ધાર્મિક કેળવણીનું સ્થૂલરૂપ ગણું. જેઓ દુનિયાના અંકાયેલા ધર્મો પ્રત્યે આદર કેળવવા માગતા હોય તેમણે તે તે ધર્મોનું સામાન્ય જ્ઞાન મેળવવું આવશ્યક છે. અને આવા ધર્મગ્રંથો આદરપૂર્વક વાંચ્યા હોય તો તેમાંથી વાંચનાર નીતિજ્ઞાન અને આધ્યાત્મિક આશ્વાસન મેળવી લે છે. આમ જુદા જુદા ધર્મગ્રંથોનો અભ્યાસ કરતાંકરાવતાં એક વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ; એટલે કે તે તે ધર્મના પ્રસિદ્ધ માણસોએ લખેલા ગ્રંથો વાંચવા વિચારવા જોઈએ. મારે ભાગવત વાંચવું હોય તો હું ખ્રિસ્તી મિશનરીએ ટીકાની દૃષ્ટિથી કરેલો તરજુમો ન વાંચું, પણ ભાગવતના ભક્તે કરેલો તરજુમો વાંચું. મારે તરજુમાનો ઉલ્લેખ કરવો પડે છે, કેમ કે આપણે ઘણા ગ્રંથો તરજુમા મારફતે જ વાંચીએ છીએ. તેમ જ બાઈબલ વાંચવું હોય તો તેની હિંદુએ લખેલી ટીકા નહીં વાંચું; સંસ્કારી ખ્રિસ્તીએ તેને વિશે શું લખ્યું છે તે વાંચું. આમ વાંચવાથી આપણને બધા ધર્મોનો દૃઢભાજક મળી આવે છે, ને તેમાંથી સંપ્રદાયોની પેલી પાર રહેલો જે શુદ્ધ ધર્મ છે તેની ઝાંખી કરીએ છીએ.



Gandhi Heritage Portal

આવો અભ્યાસ કરતાં પોતાના ધર્મને વિશે ઉદાસીનતા આવવાનો ભય કોઈ ન રાખે. આપણી વિચારશ્રેણીમાં બધા ધર્મોને સાચા કલ્પ્યા છે, બધાને વિશે આદર કલ્પ્યો છે. આવી સ્થિતિ છે ત્યાં પોતાના ધર્મનો પ્રેમ તો હોય જ; બીજા પ્રત્યે તે કેળવવો રહ્યો. જ્યાં ઉદારવૃત્તિ છે ત્યાં બીજા ધર્મોમાં જેટલી વિશેષતા જોવામાં આવે તે પોતાના ધર્મમાં લેવાની પૂરી છૂટ રહે છે.

ધર્મને સભ્યતાની સાથે સરખાવી શકાય. જેમ આપણે પોતાની સભ્યતાને સાચવતા છતાં બીજી સભ્યતામાં જે સારું હોય તેનો અનાદર ન કરતાં તેમાંથી તે લઈએ છીએ, તેમ પરધર્મને વિશે પણ કરાય. અત્યારે જે ભય રહ્યો છે તે આસપાસના વાયુમંડળને આભારી છે. એકબીજા પ્રત્યે દ્વેષ છે એકબીજાનો વિશ્વાસ નથી, આપણને કે આપણાંને પરધર્મી વટલાવશે તો? એવો ભય રહે છે, ને તેથી પરધર્મોના ગ્રંથોને દોષવત્ સમજી તેમનાથી આપણે દૂર ભાગીએ છીએ. જ્યારે ધર્મો અને ધર્મીઓ પ્રત્યે આદરપૂર્વક વર્તન હશે ત્યારે અસ્વાભાવિક ભય દૂર થશે.

[મૂળ ગુજરાતી]
**નવજીવન, ૯–૯–૧૯૨૮**

## ૨૯૭. જયરામદાસ દોલતરામને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૯, ૧૯૨૮

પ્રિય ભાઈ જયરામદાસ,

તમારો પત્ર મળ્યો. તમારા ભાષણની તમે મોકલેલી નકલ પર હું નજર ફેરવી ગયો છું. દેવનાગરી કે ઉર્દૂ લિપિ વિકલ્પે વપરાય એનો મને પોતાને તો કાંઈ વાંધો નથી. કારણ, જે લિપિના વાપરનારા વધારે પ્રાણવાન હશે, તે જ આખરે તો ટકશે. ખરી વાત એ છે કે આવી બાબતોની હું બહુ ચિંતા કરતો નથી. મારા કોઈ પાયાના સિદ્ધાંતનો ભંગ ન થતો હોય તો આપણા નેતાઓ જે કંઈ ઉકેલ શોધી કાઢે તે સ્વીકારી લેવામાં હું માનું છું.

સિંધના પ્રશ્નમાં તમે નમતું જોખ્યું તે તો અલબત્ત મને ખૂબ ગમ્યું. હું જાણું છું કે આ બાબત તમારા વિચારો બહુ દૃઢ હતા. તેનો આગ્રહ મૂકી દેવા તમે કેમ પ્રેરાયા તે જાણવા હું આતુર હતો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૧૯

Gandhi Heritage Portal

## ૨૯૮. જી. રામચંદ્રનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૯, ૧૯૨૮

પ્રિય ભાઈ રામચંદ્રન્,

તમારો પત્ર મળ્યો. મારો ચુકાદો આવો છે. ઉમેદવારી પૂરી કર્યાનું પ્રમાણપત્ર તમે પોતે જ તમારી જાતને ન આપશો. રાજાજીને નક્કી કરવા દો. એ કહે કે તમે કેરળથી શરૂઆત કરી શકશો, તો અવશ્ય તેમ કરવું. પણ એવી રજા એ ન આપે તો એમને ખાતરી થતાં સુધી રાહ જોજો. તમારા કાર્ય માટે આ જ સારામાં સારો રસ્તો મને લાગે છે. તમારું અનુમાન સાચું હોય તો રાજાજીને ગળે તે ઉતારવાની તમારી શક્તિમાં તમને વિશ્વાસ હોવો જોઈએ. જો યોગ્ય માણસો ખાદીના કામમાં શક્તિ કેન્દ્રિત કરે તો, કેરળમાં ખાદી સફળ થાય એ બાબતમાં મને પોતાને શંકા જ નથી. ગાંધી સેવા સંઘના સભ્ય થઈ જવાનો તમારો વિચાર અલબત્ત મને ગમે જ છે.

મહાદેવ સિમલામાં છે. બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ લખવા વલ્લભભાઈ એમને ત્યાં લઈ ગયા છે. દેવદાસને એના જામિયાના કામમાં મદદ કરવા રસિક અને નવીન ગાંધી દિલ્હી ગયા છે.

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૨૦

## ૨૯૯. હ્યુગો બુશરને પત્ર[૧]

સપ્ટેમ્બર ૯, ૧૯૨૮

કોઈની માગણી મુજબ લેખ લખી નાખવાની મારામાં શક્તિ પણ નથી, તેમ એવું કંઈ કરવાની મારી ઈચ્છા પણ નથી.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૩૮૨

૧. જિનીવાથી આવેલા એમના પત્રના જવાબમાં. "યુરોપનાં અતિમહત્ત્વનાં દૈનિકોના પ્રતિનિધિ" તરીકે પત્રલેખકે ગાંધીજીને વિનંતી કરી હતી કે આપ વખતોવખત મને અહીં વિદેશોમાં પ્રકાશન કરવા લેખો મોકલી આપશો. આપને સારો એવો પુરસ્કાર મળશે એની ગૅરંટી આપું છું.

Gandhi Heritage Portal

## ૩૦૦. કૃષ્ણદાસને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૦, ૧૯૨૮

પ્રિય ભાઈ કૃષ્ણદાસ,

રામવિનોદ સંબંધી તમારો પત્ર વાંચી ઘણી નિરાંત થઈ. આ પત્રની નકલ હું જમનાલાલજી વગેરેને મોકલું છું. રામવિનોદે કરેલી કહેવાતી ખરીદી બાબત તમે કંઈ લખ્યું નથી. આ આક્ષેપોમાં કંઈ તથ્ય છે?

સેવન મન્થ્સની[2] બંગાળી આવૃત્તિ મને મળી છે. તેનું વેચાણ ઠીક થાય છે? અંગ્રેજી આવૃત્તિમાં સૂચિની ખોટ ખૂબ સાલે છે. છાપભૂલો પણ છે.

તમારી તબિયત કેમ રહે છે? અને ગુરુજી?

આશ્રમમાં ભારે ફેરફાર થઈ રહ્યા છે; ગિરિરાજે કદાચ તમને લખ્યું હશે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૫૪

## ૩૦૧. બાળકૃષ્ણ ભાવેને પત્ર

આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૦, ૧૯૨૮

ચિ. બાળકૃષ્ણ,

તમારો કાગળ મળ્યો. બહારથી સિપાઈ જેવો નહીં પણ સિપાઈ જ હોય તે પણ જ્ઞાની જ હોવો જોઈએ એવું તો મેં કદી માન્યું જ નથી. પણ જે સિપાઈ નથી અથવા ન થઈ શકે તે જ્ઞાની કદી હોઈ જ ન શકે એમ અવશ્ય કહું છું. એમ જ બ્રહ્મચારીને વિશે પણ કહી શકાય. એક ઇન્દ્રિયનો દમન કરનાર જ્ઞાની જ હોય એમ આપણે અનુભવતા નથી. પણ જ્ઞાનીને વિશે વ્યભિચાર ન જ સંભવે એવું તો આપણે બધા જ માનનારા છીએ. જે છોકરીઓના ખભા ઉપર હું હાથ મૂકીને ચાલું અને તેને વિશે નિર્વિકાર રહું તેમાં જ્ઞાનની આવશ્યકતા મને લાગતી નથી. જે બાપને ઘણી જુવાન દીકરીઓ હોય અને તેને વિશે એ નિર્વિકાર હોય છતાં બીજી રીતે એ જડ પણ હોઈ શકે. બીજી સ્ત્રીઓને વિશે તેનામાં વિકાર પણ ભર્યા હોય. આશ્રમની છોકરીઓને

૧. ૩૦-૮-૧૯૨૮ના એમના પત્રના જવાબમાં. સદરહુ પત્રમાં વરાડના ખાદીકામમાં વાપરવા મળેલાં નાણાંનો દુર્વ્યય કર્યાના આરોપમાંથી રામવિનોદને નિર્દોષ ઠરાવ્યા હતા.
૨. કૃષ્ણદાસ લિખિત સેવન મન્થ્સ વિથ મહાત્મા ગાંધી.

Gandhi Heritage Portal

વિશે મારામાં પિતાભાવ હોય એ કેવળ સ્વાભાવિક વસ્તુ છે. એ ગુણ ઘણાં વર્ષોથી કેળવેલો છે. અને એવી રીતે ઘણી સ્ત્રીઓને વિશે નિર્વિકાર હોવા છતાં સ્ત્રી માત્રને વિશે નિર્વિકારપણું મેં હમેશાં ભોગવ્યું છે એટલો દાવો પણ મારાથી થઈ શકે તેમ નથી. એવી સ્થિતિ તો આધુનિક છે ખરી પણ જ્યાં સુધી વિકાર માત્ર મારામાંથી શમ્યા નથી ત્યાં સુધી હું ભવિષ્યને વિશે નિઃશંક છું એમ પણ ન કહું. મારે વિશે જ્ઞાનીપણું મેં કદી માન્યું નથી અને અનુભવ્યું નથી. મારું અજ્ઞાન રોજ અનુભવું છું. છોકરીઓના ખભા ઉપર હાથ મૂકવામાં મારે વિશે મેં જરાયે દોષ માન્યો નથી. કેમ કે હું જાણું છું કે તેઓ તો મને દીકરી જ છે. તેથી મારા એ વર્તનથી તેઓને હાનિ થઈ હોય એમ પણ નથી. એ સહવાસથી તેઓના હૃદયમાં મેં પ્રવેશ કર્યો હોય અને તેઓ પુરુષ પ્રત્યે વધારે નિર્વિકાર થતાં શીખી હોય એમ મને લાગ્યું છે. લોકસંગ્રહની દૃષ્ટિ પણ મેં તો વિચારી હતી. હિંદુ સમાજમાં એવી માન્યતા છે ખરી કે બાપે પણ દીકરીનો સ્પર્શ કરતાં ડરવું. મને તો આ વિચાર દોષિત લાગ્યો છે. બ્રહ્મચર્યનો ઘાતક છે. જે બ્રહ્મચર્યને એવો ડર રાખવો પડે છે તે બ્રહ્મચર્ય જ નથી. ઋષ્યશૃંગનું[1] બ્રહ્મચર્ય આપણો આદર્શ નથી. છતાં હાલ ત્રણેક અઠવાડિયાં થયાં મોટી ગણાતી છોકરીઓના ખભા ઉપર હાથ મૂકવાનું ઘણે ભાગે બંધ કર્યું છે. કેમ કે જે વિચાર તમને ઊઠ્યો તે જ બીજા આશ્રમવાસીઓને ઊઠેલો. આવી બાબતમાં મારે આગ્રહ કરવાપણું હોય નહીં. હાથ મૂકવાનો સિદ્ધાંત તો ન જ બને તેથી એ પ્રશ્ન ઊઠ્યો કે તરત જ બધાયની સાથે ચર્ચા કરી લીધી અને હાથ મૂકવાની ટેવ છાંડી દીધી. છોકરીઓને તેથી કંઈક આઘાત પહોંચ્યો છે. પણ તેઓનું સમાધાન ઘણું જ થઈ ગયું છે. કાળે કરીને પૂરું થઈ રહેશે. ખભે હાથ મૂકવાના વર્તનનું અનુકરણ તો સર્વથા ત્યાજ્ય જ હોય. જેનામાં બાપપણું હશે તે અવસર આવ્યે બાપને શોભે એવો દીકરીઓનો સ્પર્શ કર્યા વિના રહેશે જ નહીં અને તેને જગત નિંદશે પણ નહીં.

. . .[2]વિશે તમારું લખાણ અને તમારું દુઃખ ન સમજાય એવું છે. મારી સલાહ પ્રમાણે વર્તવાનું તમે તેને લખ્યું. તેને દોરવાનું મને લખ્યું, તેને વિશે તમે ભૂલ કરી એમ સ્વીકાર્યું. પછી મારે તમારી સાથે મસલત કરવાપણું ક્યાં હતું? વળી . . .ની સાથે તેની સ્ત્રીને કેવો વ્યવહાર હતો તે વિશે . . . જે કહે તેના ઉપરાંત તમે કંઈ વિશેષ મને કહી શકો એ તો હું કેમ ધારી શકું? તમે હવે જે લખો છો તે છતાં પણ હું માનું છું કે . . .ને મેં જે સલાહ આપી તે જ યથાર્થ છે. . . .એ જો પોતાની સ્ત્રીને વિશે બ્રહ્મચર્યનું વ્રત ખરેખરું લીધું હશે તો એ તેનું હજુયે પાલન કરશે એ ભલામણથી, એ આશાથી તેને ત્યાં મોકલ્યા છે. . . . પોતાની સ્ત્રી પ્રત્યે ભાઈપણું અને સાચા મિત્રપણું સિદ્ધ કરવા ગયા છે. આ મારી દૃષ્ટિ — જે તે સંપૂર્ણ રીતે સમજ્યા છે. ભાઈ થવાને બદલે પતિપણું આચરે તો એમ જાણજો કે . . . નું તેની પત્નીને વિશેનું બ્રહ્મચર્ય મિથ્યા હતું. એ તૂટી પડવાનો અવકાશ જ શોધી રહ્યું હતું. બીજી સ્ત્રીઓને વિશે તો એ નિર્વિકાર હતા જ નહીં એ વાત તો તમારા ધ્યાન બહાર નથી ને? જો . . . પોતાને વિશે તમને હજુ કંઈ લખી રહ્યા હોય તો મારી એવી સલાહ છે કે તમે એને વિશે મને મળી જજો. મેં તો પહેલાં પણ એ ધર્મ તમને સૂચવ્યો હતો. . . .ને

૧. રામાયણના એક ઋષિ. એમને સ્ત્રીઓનો પરિચય જ નહોતો, ને તેથી જે સ્ત્રી પહેલી મળી તેના મોહમાં પડી ગયા.

૨. નામ આપ્યું નથી.

Gandhi Heritage Portal

સ્વતંત્ર રીતે દોરવાનું તમે છોડી દો એ મને ઇષ્ટ લાગે છે. મેં લખ્યું છે એ ન સમજાયું હોય તો ફરી પૂછજો. . . . મેં આપેલી સલાહની યોગ્યતા વિશે તમને મુદ્દલ શંકા ન હજો. મને નથી. પણ તમને જરાયે હોય અથવા આવે તો ફરી ફરીને પૂછજો.

સંયુક્ત રસોડા વિશે તમારી ચેતવણી મને બહુ ગમી છે. આશ્રમને વિશે આપણી કલ્પના તો એવી છે કે મુલાકાતાર્થે આવેલા હોય તે પણ આશ્રમમાં હોય ત્યાં લગી બ્રહ્મચર્યનું પાલન કરે. નવી નિયમાવલીમાં આ નિયમને વધારે સ્થાયીરૂપ આપ્યું છે. તેથી સ્વાભાવિક રીતે રસોડું વધારે સંયુક્ત થયું. જેઓ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરે તેઓ પણ સ્વેચ્છાએ બ્રહ્મચારી નથી એમ અપણે કેમ કહી શકીએ? પણ મારી શરમને લીધે ઘણા સંયુક્ત રસોડામાં આવ્યા છે એ તમારું કહેવું હું માનું છું. હાલ કેટલાક દહાડા થયાં સંયુક્ત રસોડાએ નવા વિચારને જન્મ આપ્યો છે. સંયુક્ત રસોડું તોડવાની વાત નથી ચાલતી પણ હવે જેઓ તેમાં અંતઃકરણપૂર્વક ન ભળી શકે અને સંયુક્ત રસોડાના ગર્ભમાં રહેલી બીજી વસ્તુઓને ન ઝીલી શકે તેણે આશ્રમમાં રહેવું કે નહીં એ ચર્ચા ચાલી રહી છે.

અળસીના તેલના ઉપયોગનાં પરિણામો [વિશે તમારા] કાગળની [રાહ] જોઈશ. અળસીનું તાજું તેલ કેવી રીતે મેળવો [છો]? રોજેરોજનું કે મહિને મહિને? દેશી ઘાણીનું કે વિલાયતી ચક્કીનું? દેશી ઘાણીનું હોય તો અને પીલવા પહેલાં અળસીની ઉપર શું સંસ્કાર કરવામાં આવે છે એ જાણતા હો તો અથવા ન જાણતા હો તો જાણીને બની શકે તો લખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૮૦૧; શ્રી બાળકૃષ્ણ ભાવેના સૌજન્યથી

## ૩૦૨. ટૉલ્સ્ટૉય શતાબ્દી[1]

સપ્ટેમ્બર ૧૦, ૧૯૨૮

### વડીલોનું શ્રાદ્ધ

મારી પોતાની માનસિક સ્થિતિ અત્યારે મુદ્દલ એવી નથી કે હું એક્કે તિથિ અથવા એકે ઉત્સવ ઉજવવાને લાયક રહ્યો હોઉં. થોડા વખત પર નવજીવન કે યંગ ઇન્ડિયાના એક વાચકે મને પ્રશ્ન પૂછેલો: "તમે શ્રાદ્ધ વિશે લખતાં લખી ચૂક્યા છો[2] કે વડીલોનું ખરું શ્રાદ્ધ તેમની પુણ્યતિથિને દિવસે તેમના ગુણોનું સ્મરણ કરવાથી ને તે પોતાનામાં વણી કાઢવાથી થઈ શકે છે. તેથી હું પૂછું છું કે તમે તમારા વડીલની શ્રાદ્ધતિથિ કઈ રીતે ઊજવો છો?" વડીલની શ્રાદ્ધતિથિ હું જુવાન હતો ત્યારે ઊજવતો. પણ અત્યારે તમને કહેતાં શરમાતો નથી કે મને વડીલની શ્રાદ્ધતિથિનું સ્મરણ સરખુંયે નથી. કેટલાંયે વર્ષો થયાં એક પણ શ્રાદ્ધતિથિ ઊજવ્યાનું મને સ્મરણ નથી. એટલી મારી કઠિન સ્થિતિ છે, અથવા કહો કે સુંદર સ્થિતિ છે, અથવા કેટલાક મિત્રો માને છે તેમ ગાઢ મોહની સ્થિતિ છે. જે કાર્ય હાથમાં લીધું હોય તેનું ચોવીસે કલાક

૧. અમદાવાદ યુવકસભાને આશ્રયે આશ્રમમાં મળેલ સભામાં આ ભાષણ આપ્યું હતું.
૨. જુઓ પુસ્તક ૩૪, પા. ૪૧૪–૧૫.

Gandhi Heritage Portal

રટણ કરવું, મનન કરવું, જેટલે અંશે બને તેટલે અંશે તેને સુવ્યવસ્થિત કરવું તેમાં બધું આવી જાય છે એવું મારું માનવું છે. એમાં વડીલોની શ્રાદ્ધતિથિ ઊજવવાનું આવી જાય છે, ટૉલ્સ્ટૉય જેવાના ઉત્સવો પણ આવી જાય છે. દાક્તર હરિપ્રસાદે મને જાળમાં ન ફસાવ્યો હોત તો તદ્દન સંભવિત છે કે આ દસમી તારીખ મેં કોઈ પણ રીતે આશ્રમમાં ઊજવી ન હોત; એવો પણ સંભવ છે કે હું તે વીસરી ગયો હોત. ત્રણ માસ પૂર્વે મારી પાસે એલ્મર મૉડ તેમ જ ટૉલ્સ્ટૉયનું સાહિત્ય એકઠું કરનારા બીજાઓ તરફથી કાગળો આવેલા કે આ શતાબ્દી નિમિત્તે મારે કંઈક લખી મોકલવું, અને આ તારીખનું હિંદુસ્તાનમાં સ્મરણ દેવડાવવું. એલ્મર મૉડના કાગળનું તારણ કે આખો કાગળ યંગ ઇન્ડિયા[1]માં છાપેલો તમે જોયો હશે. તે પછી પાછો હું આ વાત તદ્દન ભૂલી ગયેલો. આ પ્રસંગ મારે સારુ એક શુભ અવસર છે. છતાંય એ હું ભૂલી ગયો હોત તો પશ્ચાત્તાપ ન કરત પણ યુવકસંઘના સભ્યોએ આ તિથિ અહીં ઊજવવાનો પ્રસંગ આપ્યો એ મારે માટે આવકારલાયક છે.

## ધર્મગુરુને શોધું છું

દત્તાત્રેયની માફક મેં જગતમાં ઘણા ગુરુ કર્યા છે એમ હું મારે વિશે કહી શકું તો મને ગમે, પણ મારી એ સ્થિતિ નથી. મેં તો એથી ઊલટું કહ્યું છે કે હું હજી સુધી ધર્મગુરુને શોધવા મથી રહ્યો છું. ગુરુ મેળવવાને મોટી લાયકાત જોઈએ છે એવી મારી માન્યતા છે, અને તે દિવસે દિવસે દૃઢ થતી જાય છે. જેને એ લાયકાત મળી રહે છે તેની પાસે ગુરુ ચાલીને આવે છે. મારામાં એ લાયકાત નથી. ગોખલેને મેં રાજ્યપ્રકરણી ગુરુ કહ્યા છે. તેમણે મને તે ક્ષેત્રપરત્વે પૂરો સંતોષ આપ્યો હતો. એમના કહેવાને વિશે કે એમની આજ્ઞાને વિશે મને તર્ક-વિતર્ક કદી ન થતા. એ મારી સ્થિતિ કોઈ ધર્મગુરુને વિશે નથી.

## ટૉલ્સ્ટૉયની અસર

છતાં એટલું તો કહું કે ત્રણ પુરુષોએ મારા જીવન પર મોટામાં મોટી અસર કરી છે. એમાં પહેલું સ્થાન હું રાજચંદ્ર કવિને આપું છું, બીજું ટૉલ્સ્ટૉયને, અને ત્રીજું રસ્કિનને. ટૉલ્સ્ટૉય અને રસ્કિન વચ્ચે હરીફાઈ ચાલે, અને બંનેનાં જીવન વિશે હું વધારે જાણું તો બેમાં કોને પહેલાં મૂકું એ નથી જાણતો. પણ અત્યારે તો બીજું સ્થાન ટૉલ્સ્ટૉયને આપું છું. ટૉલ્સ્ટૉયના જીવન વિશે ઘણાએ વાંચ્યું હશે તેટલું મેં નથી વાંચેલું. તેમણે લખેલાં પુસ્તકોનું મારું વાચન પણ બહુ ઓછું છે એમ કહીએ તો ચાલે. એમના જે પુસ્તકની અસર મારા પર બહુ જ પડી તેનું નામ *Kingdom of God Is within You* એનો અર્થ એ કે ઈશ્વરનું રાજ્ય તમારા હૃદયમાં છે; એને બહાર શોધવા જશો તો ક્યાંય નહીં મળે. એ મેં ચાળીસ વરસ પર વાંચેલું. તે વેળા મારા વિચારો કેટલીયે બાબતમાં શંકાશીલ હતા; કેટલીયે વખત મને નાસ્તિકતાના વિચારો આવી જતા. વિલાયત ગયો ત્યારે તો હું હિંસક હતો; હિંસા પર મને શ્રદ્ધા હતી, અને અહિંસા વિશે અશ્રદ્ધા હતી. આ પુસ્તક વાંચ્યા પછી મારી એ અશ્રદ્ધા ચાલી ગઈ. ત્યાર પછી એમનાં કેટલાંક બીજાં પુસ્તકો મેં વાંચ્યાં તેની દરેકની શી અસર થઈ તે ન કહી શકું; પણ તેમના સમગ્ર જીવનની શી અસર થઈ તે જ કહી શકું છું.

૧. જુઓ પુસ્તક ૩૯. પા. ૭૨.

Gandhi Heritage Portal

### સત્ય અને અહિંસાની મૂર્તિ

એમના જીવનમાંથી બે વસ્તુ મને પોતાને ભારે લાગે છે. એ કહે તેવું કરનાર પુરુષ હતા. એમની સાદાઈ અદ્‌ભુત હતી; બાહ્ય સાદાઈ તો હતી, એ અમીર વર્ગના માણસ; આ જગતના છપ્પને ભોગ તેમણે ભોગવેલા. ધનદોલતને વિશે મનુષ્ય જેટલું ઇચ્છે તે બધું તેમને સાંપડેલું. છતાં એમણે ભરજુવાનીમાં પોતાના સુકાનને ફેરવ્યું. દુનિયાના અનેક પ્રકારના રંગો જોયા છતાં, અનેક પ્રકારના સ્વાદ ચાખ્યા છતાં, જ્યારે એમને લાગ્યું કે આમાં કંઈ જ નથી ત્યારે તેમણે પૂંઠ ફેરવી; અને છેવટ સુધી પોતાના વિચારોમાં કાયમ રહ્યા. તેથી એક ઠેકાણે તો મેં લખી મોકલ્યું છે કે ટૉલ્સ્ટૉય આ યુગની સત્યની મૂર્તિ હતા. એમણે સત્યને જેવું માન્યું તેવી રીતે ચાલવાને ઉગ્ર પ્રયત્ન કર્યો; સત્યને છુપાવવાનો કે મોળું કરવાનો પ્રયત્ન ન કર્યો. લોકોને દુ:ખ થશે કે સારું લાગશે, મોટા શહેનશાહને ઠીક લાગશે કે નહીં, એનો વિચાર કર્યા વિના તેમને જે પ્રકારે જે વસ્તુ ભાસી તે જ પ્રકારે તેમણે કહી. ટૉલ્સ્ટૉય એ પોતાના યુગને માટે અહિંસાના એક ભારે પ્રવર્તક હતા. અહિંસાને વિશે જેટલું સાહિત્ય પશ્ચિમને સારુ ટૉલ્સ્ટૉયે લખ્યું તેટલું સોંસરવું ચાલી જાય એવું બીજા કોઈએ લખેલું મારી જાણમાં નથી. એથી આગળ જઈને કહું તો અહિંસાનું સૂક્ષ્મ દર્શન ટૉલ્સ્ટૉયે જેટલું કર્યું, અને એના પાલનનો જેટલો પ્રયત્ન ટૉલ્સ્ટૉયે કર્યો, એટલો અમલ કે એટલો પ્રયત્ન કરનાર અત્યારે હિંદુસ્તાનમાં કોઈ છે એવો મને ખ્યાલ નથી; એવા કોઈ મનુષ્યને હું જાણતો નથી.

### અહિંસા એટલે પ્રેમસાગર

મારે સારુ આ સ્થિતિ દુ:ખદાયક છે, મને એ ગમતી નથી. હિંદુસ્તાન કર્મભૂમિ છે. હિંદુસ્તાનમાં ઋષિમુનિઓએ અહિંસાના ક્ષેત્રમાં મોટામાં મોટી શોધો કરેલી છે. પણ આપણે વડીલોપાર્જિત મિલકત પર નભી નથી શકતા. એમાં જો વૃદ્ધિ ન કરતા રહીએ તો એને ખાઈ જઈએ છીએ. એ વિશે ન્યાયમૂર્તિ રાનડેએ આપણને ચેતવી મૂકેલા છે. વેદાદિ સાહિત્યમાંથી કે જૈન સાહિત્યમાંથી મોટી મોટી વાતો ગમે એટલી કરીએ, કે સિદ્ધાંતોને વિશે પ્રમાણો ગમે એટલાં ટાંકીએ અને દુનિયાને આશ્ચર્યચકિત કરીએ, તોપણ દુનિયા આપણને ખરા નહીં ગણે. તેથી રાનડેએ આપણો ધર્મ એ બતાવેલો કે આપણે એ મૂડીમાં વધારો કરવો; બીજા ધર્મવિચારકોએ લખેલું હોય તેની સાથે એની સરખામણી કરવી; તેમ કરતાં કાંઈ નવું મળી આવે કે નવું અજવાળું પડે તો તેનો તિરસ્કાર ન કરવો. પણ આપણે તે પ્રમાણે કર્યું નથી. આપણા ધર્માધ્યક્ષોએ એકપક્ષી જ વિચાર કર્યો છે, તેમનાં વાચન, કથન અને વર્તનમાં એકમેળ પણ નથી. પ્રજાને સારું લાગે કે નહીં, જે સમાજમાં પોતે કામ કરે છે તે સમાજને સારું લાગે કે નહીં તોપણ ટૉલ્સ્ટૉયની માફક ચોખ્ખેચોખ્ખું સંભળાવનારા માણસો આપણે ત્યાં નથી મળી આવતા. એવી આપણા આ અહિંસાપ્રધાન મુલકની દયામણી દશા છે.

આપણી અહિંસા નિંદવાલાયક છે. માંકડ, મચ્છર, ચાંચડ, પક્ષી અને પશુઓને જેમતેમ કરીને નભાવવામાં જાણે આપણે અહિંસાની સમાપ્તિ જોઈ રહ્યા છીએ. તે પ્રાણીઓ રિબાય તો ફિકર નથી કરતા; રિબાવવામાં પોતે ભાગ લેતા હોઈએ તોયે ફિકર નથી કરતા. પણ રિબાતા પ્રાણીને કોઈ પ્રાણમુક્ત કરે, અથવા આપણે તેમાં ભાગ લઈએ, તો તેમાં આપણને ઘોર પાપ લાગે છે. એ અહિંસા નથી એવું હું લખી ગયો છું. અને ટૉલ્સ્ટૉયનું સ્મરણ કરાવતી વખતે ફરી કહું છું કે અહિંસાનો અર્થ એ નથી. અહિંસા એટલે પ્રેમનો સમુદ્ર; અહિંસા એટલે વેર-

Gandhi Heritage Portal

ભાવનો સર્વથા ત્યાગ. અહિંસામાં દીનતા, ભીરુતા ન હોય, ડરી ડરીને ભાગવાનું ન હોય. અહિંસામાં તો દૃઢતા, વીરતા, નિશ્ચલપણું હોવું જોઈએ.

## મહાપુરુષોને કેમ મપાય?

આ અહિંસા હિંદુસ્તાનમાં શિક્ષિતવર્ગમાં જોવામાં આવતી નથી. તેમને સારુ ટૉલ્સ્ટૉયનું જીવન પ્રેરણારૂપ છે. એમણે જે વસ્તુ માની તેનું પાલન કરવાનો ભારે પ્રયત્ન કર્યો, અને એમાંથી કદી પાછા ન ફર્યા. હું માનતો નથી કે એમને પેલી સોટી[1] ન મળી. ન મળી એમ તો એમણે પોતે કહ્યું. એમને એમ કહેવું શોભતું હતું. પણ ટૉલ્સ્ટૉયના ટીકાકારો લખે છે કે સોટી તેમને ન મળી, તે હું માનતો નથી. એમને જે અહિંસાનું દર્શન થયું એનો એમણે સર્વાંશે અમલ ન કર્યો એમ કોઈ કહે તો હું માનું. આ જગતમાં એવો જીવતો પુરુષ કોણ છે જે પૂરો અમલ કરી શક્યો છે? મારું તો માનવું છે કે દેહધારીને માટે સંપૂર્ણ અહિંસાનો અમલ અશક્ય છે. દેહ રહ્યો છે ત્યાં સુધી કંઈક પણ અહંભાવ તો રહ્યો જ છે. અહંભાવ છે ત્યાં સુધી જ શરીરને ધારણ કરવાપણું છે. તેથી શરીરની સાથે હિંસા રહેલી જ છે. ટૉલ્સ્ટૉયે પોતે જ કહેલું કે જે પોતાને આદર્શે પહોંચ્યો માને તે ખલાસ થયો સમજવો, ત્યારથી એની અધોગતિ શરૂ થઈ. જેમ જેમ આદર્શની નજીક જઈએ તેમ તેમ આદર્શ દૂર ભાગતો જાય છે. જેમ તેની શોધમાં આગળ વધતા જઈએ તેમ જણાય છે કે હજી એક ટૂક ચડવી બાકી છે. કોઈ ઝપાટાબંધ ટૂકો ન જ ચડી શકે. એમ માનવામાં હીણપત નથી, નિરાશા નથી, પણ નમ્રતા અવશ્ય છે. તેથી આપણા ઋષિઓએ કહ્યું કે મોક્ષ એ શૂન્યતા છે. મોક્ષ મેળવનારે શૂન્યતા મેળવવાની છે. એ ઈશ્વરપ્રસાદ વિના ન આવે. એ શૂન્યતા જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી આદર્શરૂપે જ રહે છે. એ વસ્તુને ટૉલ્સ્ટૉયે ચોખ્ખી જોઈ, તેને બુદ્ધિમાં અંકિત કરી, તેની તરફ બે પગલાં ભર્યાં, તે જ વખતે એમને લીલી સોટી જડી. એ સોટીનું એ વર્ણન ન કરી શકે, મળી શકે એટલું જ કહી શકે. છતાં મળી એમ કહ્યું હોત તો ટૉલ્સ્ટૉયનું જીવન સમાપ્ત થાત.

ટૉલ્સ્ટૉયના જીવનમાં જે વિરોધાભાસ દેખાય છે તે ટૉલ્સ્ટૉયની નામોશી કે ઊણપ નથી, પણ જોનારાની છે. એમર્સને કહ્યું છે કે અવિરોધ એ નાનકડા માણસોનું ભૂત છે. આપણા જીવનમાં કદી વિરોધ નથી આવવાનો એમ બતાવવા જઈએ તો આપણે મૂઆ પડ્યા છીએ. તેમ કરવા જતાં ગઈ કાલનું કાર્ય યાદ રાખીને તેની સાથે આજનો મેળ કરવો પડે, અને એવો કૃત્રિમ મેળ સાધતાં અસત્ય આચરવું પડે. સીધો રસ્તો જ એ છે કે જે ઘડીએ જે સત્ય લાગે તે આચરવું. આપણી જો ઉત્તરોત્તર વૃદ્ધિ થતી હોય તો આપણાં બધાં કાર્યોમાં બીજાને વિરોધ ભાસે તેથી શું? ખરું જોતાં એ વિરોધ નથી પણ ઉન્નતિ છે. તેમ ટૉલ્સ્ટૉયના જીવનમાં જે વિરોધ જણાય છે તે વિરોધ નથી, પણ આપણા મનમાં લાગતો વિરોધનો ભાસ છે. મનુષ્ય પોતાના હૃદયમાં કેટલા પ્રયત્નો કરતો હશે, રામ રાવણના યુદ્ધમાં કેટલી જીતો મેળવતો હશે એનું ભાન એને પોતાને નથી હોતું, જોનારાને તો ન જ હોઈ શકે. તે જરાક લપસ્યો તો તે કંઈ જ નથી એમ જગતને લાગે છે; અને લાગે છે તે સારું જ છે. તેને સારુ જગત નિંદાને યોગ્ય નથી. તેથી સંતોએ કહ્યું છે કે જગત જ્યારે આપણને નિંદે ત્યારે આપણે આનંદ માનવો, અને સ્તુતિ કરે ત્યારે થથરવું. જગત બીજું ન કરી શકે; તેણે તો મેલ જુએ ત્યાં તે નિંદવો જ

૧. ડૉ. હરિપ્રસાદે એમના પ્રાસ્તાવિક ભાષણમાં કહ્યું હતું કે ટૉલ્સ્ટૉયના ભાઈએ અનેક સદ્‌ગુણોવાળી જે લીલી સોટી શોધવાનું કહ્યું હતું તે તેઓ શોધી ન શક્યા.

Gandhi Heritage Portal

રહ્યો. પણ મહાપુરુષનું જીવન જોવા બેસીએ ત્યારે મેં કહેલી વાત યાદ રાખવી. પોતે હૃદયમાં કેટલાં યુદ્ધો કર્યાં હશે અને કેટલી જીતો મેળવી હશે એનો પ્રભુ સાક્ષી છે; એ જ નિષ્ફળતાઓ એ સફળતાનાં નિશાન છે.

### દોષનો દંશ

આટલું કહીને હું એમ સમજાવવા નથી માગતો કે તમે તમારા દોષોને ઢાંકજો કે પહાડ જેવા હોય તેને રજ જેવા માનજો. આ તો મેં બીજાને વિશે કહ્યું છે. બીજાના હિમાલય જેવડા દોષોને રાઈ જેવડા માનીએ, અને આપણા રાઈ જેવડાને હિમાલય જેવડા માનીએ. આપણામાં જરા પણ દોષ જણાય, જાણ્યે કે અજાણ્યે અસત્ય થઈ ગયું દેખાય તો આપણને બળી મરવા જેવું થવું જોઈએ, ઝાળ લાગવી જોઈએ. સર્પ કે વીંછીનો દંશ તો કંઈ નથી; એને ઉતારનારા ઘણા મળે પણ અસત્ય અને હિંસાના દંશમાંથી મુક્તિ કોણ આપે? એ મુક્તિ ઈશ્વર જ આપી શકે; અને આપણો પુરુષાર્થ હોય તો જ મળે. તેથી આપણા દોષોને વિશે આપણે સાવધાન રહીએ, તેને જેટલા મોટા જોઈ શકાય તેટલા જોઈએ. અને જગત આપણને દોષિત ઠરાવે ત્યારે એમ ન માનીએ કે જગત કેટલું કૃપણ છે કે નાના દોષને મોટો કહે છે! ટૉલ્સ્ટૉયને કોઈ એમનો દોષ બતાવે તો એને એ ભયંકર કરી મૂકતા. જોકે એમનો દોષ બતાવવાનો પ્રસંગ ભાગ્યે જ આવ્યો હોય. કારણ એ ભારે આત્મનિરીક્ષણ કરતા. બીજા બતાવે તે પહેલાં તો એમણે પોતાનો દોષ જોઈ લીધો હોય, અને એને સારુ પોતે જે પ્રાયશ્ચિત્ત કલ્પેલાં તે પણ કરી નાખ્યાં હોય. એ સાધુતાની નિશાની છે; તેથી હું માનું છું કે એમને પેલી સોટી મળી હતી.

### 'બ્રેડ લેબર' અથવા યજ્ઞધર્મ

બીજી એક અદ્‌ભુત વસ્તુનું ભાન ટૉલ્સ્ટૉયે લખીને અને પોતાના જીવનમાં ઉતારીને કરાવ્યું. અને તે 'બ્રેડ લેબર'. એ એમની પોતાની શોધ ન હતી. એક લેખકે એ વસ્તુ રશિયાના સર્વ-સંગ્રહમાં લખેલી. એ લેખકને ટૉલ્સ્ટૉયે જગત આગળ ઓળખાવ્યો, અને એમની વાત પણ મૂકી. જગતમાં જે અસરખાપણું જણાય છે, દોલત અને કંગાલિયત દેખાય છે, તેનું કારણ એ છે કે આપણે જીવનનો કાયદો ભૂલી ગયા છીએ. એ કાયદો તે 'બ્રેડ લેબર'. ગીતાના ત્રીજા અધ્યાયને આધારે હું એને યજ્ઞ કહું છું. ગીતાએ કહ્યું છે કે યજ્ઞ કર્યા વિના ખાય તે ચોર છે, પાપી છે. તે જ વસ્તુ ટૉલ્સ્ટૉયે કહી બતાવી છે. 'બ્રેડ લેબર'નો આડોઅવળો ભાવાર્થ કરી આપણે તેને ન ઉડાવી દઈએ. એનો સીધો અર્થ એ છે કે શરીર વાંકું વાળીને જે મજૂરી ન કરે તેને ખાવાનો અધિકાર નથી. આપણે દરેક જણ ખાવાપૂરતી મહેનત કરી નાખીએ તો જે ગરીબાઈ જગતમાં દેખાય છે તે ન જોઈએ. એક આળસુ બેને ભૂખે મારે છે, કારણ તેથી તેનું કામ બીજાને કરવું પડે છે. ટૉલ્સ્ટૉયે કહ્યું કે લોકો પરોપકાર કરવા મથી રહ્યા છે, તેને નિમિત્તે પૈસા ખરચે છે ને ઇલકાબ મેળવે છે. પણ તેમ કરવાને બદલે જરાક જેટલું કામ કરે—એટલે કે બીજાના ખભા પરથી ઊતરી જાય તો બસ છે. અને એ ખરી વાત છે. એ નમ્રતાનું વચન છે. પરોપકાર કરીએ પણ અમારા એશઆરામમાંથી લવલેશ ન છોડીએ એમ કહેવું એ તો અખા ભગતે કહ્યું એના જેવું થયું: "એરણની ચોરી, સોયનું દાન." એમ કંઈ વૈમાન આવી શકે?

ટૉલ્સ્ટૉયે કહ્યું તે બીજાઓએ નથી કહ્યું એમ નહીં. પણ એમની ભાષામાં ચમત્કાર હતો; કેમ કે જે કહ્યું તેનો એમણે અમલ કર્યો. ગાદીતકિયે બેસનાર તે મજૂરી કરવા લાગ્યા. આઠ કલાક ખેતીનું કે બીજી મજૂરીનું તેમણે કામ કર્યું. એટલે એમણે સાહિત્યનું કામ ન કર્યું એમ નહીં.

Gandhi Heritage Portal

જ્યારે તે શરીરમહેનત કરતા થયા ત્યાર પછી તો એમનું સાહિત્ય વધારે શોભ્યું. એમણે જેને પોતાનું મોટામાં મોટું પુસ્તક કહેલું છે તે कळा एटले शुं? (वॉट इज़ आर्ट?) એ તેમણે આ યજ્ઞકાળમાં મજૂરી ઉપરાંતના વખતમાં લખેલું. મજૂરીથી તેમનું શરીર ન ઘસાયું. તેમની બુદ્ધિ વધારે તેજસ્વી થઈ એમ તેમણે પોતે માનેલું. અને એમના ગ્રંથોના અભ્યાસીઓ કહી શકશે કે એ સાચી વાત છે.

## સ્વેચ્છાચાર કે સંયમ?

ટૉલ્સ્ટૉયના જીવનનો ઉપયોગ કરવો હોય તો તેમના જીવનમાંથી ઉપલી ત્રણ વસ્તુઓ આપણે જાણી લેવી જોઈએ. યુવકસંઘના સભ્યોને આ વચનો કહેતાં હું તેમને યાદ દેવા માગું છું કે તમારી પાસે બે માર્ગ છે: એક સ્વેચ્છાચારનો અને બીજો સંયમનો. તમને જો લાગે કે ટૉલ્સ્ટૉયે જીવી જાણ્યું ને મરી જાણ્યું, તો તમે જોશો કે જગતમાં ખરેખરો માર્ગ બધાંને સારુ અને યુવકોને સારુ તો વિશેષે કરીને — સંયમનો જ છે; હિંદુસ્તાનમાં તો ખાસ છે. "સ્વરાજ" એ કંઈ સરકાર પાસેથી લેવાનું છે એમ નથી. આપણી પડતી સ્થિતિનાં કારણો તપાસતાં તમને જણાશે કે તેમાં સરકારના કરતાં આપણો હાથ વધારે છે. તમે જોશો કે સ્વરાજની ચાવી આપણા હાથમાં છે; તે નથી ઇંગ્લંડમાં, નથી સિમલામાં કે નથી દિલ્હીમાં. એ ચાવી તમારા ને મારા ખિસ્સામાં છે. આપણા સમાજની અધોગતિ અને મંદતા દૂર કરવામાં શિથિલતા રહેલી છે. એ બધું કાઢી નાખીએ તો જગતમાં એવી કોઈ શક્તિ નથી જે આપણને પોતાની ઉન્નતિ કરતાં, સ્વરાજ મેળવતાં રોકી શકે. આપણા રસ્તામાં આપણે પોતે જ આળોટી રહ્યા છીએ અને ત્યાંથી નીકળવાનો ઇનકાર કરીએ છીએ. યુવકસંઘના સભ્યોને હું કહું છું કે તમારે માટે આ સુંદર કાળ છે, બીજી રીતે કહું તો વિષમ કાળ છે, ત્રીજી રીતે કહું તો પરીક્ષાનો કાળ છે. યુનિવર્સિટીની પરીક્ષા આપી પદવી મેળવો એ બસ નથી. જગતની પરીક્ષા અને ઠોકરોમાંથી પસાર થાઓ ત્યારે ખરી પદવી મેળવી કહેવાય. તમારે સારુ આ સંધિકાળ છે, સુવર્ણકાળ છે. તેમાં તમારી સામે બે માર્ગ પડ્યા છે: એક ઉત્તર જાય છે તો બીજો દક્ષિણ જાય છે; એક પૂર્વ જાય છે તો બીજો પશ્ચિમ જાય છે. એમાંથી તમારે પસંદગી કરવાની છે. એમાંથી કયો પસંદ કરશો તે વિચારી લેવાનું છે. દેશમાં પશ્ચિમમાંથી અનેક વાયુ — મારી દૃષ્ટિએ ઝેરી વાયુ — આવે છે. ટૉલ્સ્ટૉયના જીવન જેવા સુંદર વાયુ પણ આવે છે ખરા. પણ એ કંઈ દરેક સ્ટીમરમાં થોડા આવે છે? દરેક સ્ટીમરમાં, અથવા કહો કે દરરોજ. કારણ દરરોજ કોઈ ને કોઈ સ્ટીમર તો મુંબઈ કે કલકત્તાના બારામાં આવે જ છે. બીજા પરદેશી માલ જોડે પરદેશી સાહિત્ય પણ આવે છે. એમાંના વિચારો માણસને ચકચૂર કરનારા છે, સ્વેચ્છાચાર તરફ લઈ જનારા છે, એ ખચીત માનજો. એવું ગુમાન નહીં રાખતા કે તમે જે વિચારો કરેલા છે, કે જે પુસ્તકો તમે અધકચરી સ્થિતિમાં વાંચેલાં છે તેમાંથી જે સમજ્યા છો તે જ સાચું છે, જે પુરાણું છે તે જંગલી, અસભ્ય છે, ને નવી શોધો થઈ છે તે જ સાચી છે. તમે એ ગુમાનમાં હો તો મને નથી લાગતું કે તમે તમારા સંઘને શોભાવશો. સરલાદેવી પાસેથી તમે નમ્રતા, સભ્યતા, મર્યાદા, પવિત્રતા શીખ્યા છો એ આશા હજી સુધી ખરી ન પાડી શક્યા હો તો હવે પછી પાડજો. તમે કેટલાંક સારાં કામ કર્યાં છે એની પ્રશંસાથી ફુલાશો નહીં પ્રશંસાથી ભાગતા રહેજો. ઘણું કરી નાખ્યું એમ ન માનજો. બારડોલીને સારુ તમે પૈસા ભેગા કર્યા, પરસેવો ઉતાર્યો, બેચાર જેલમાં ગયા, તો હું અનુભવી તરીકે તમને કહું છું કે એમાં તમે શું કર્યું? કર્યું એમ બીજા ભલે કહે, તમે એટલાથી બેસી ન જજો. તમારે અંતરજીવન

Gandhi Heritage Portal

સુધારવાનું છે, અંતરાત્મા પાસેથી ખરું પ્રમાણપત્ર મેળવવાનું છે. ખરું જોતાં આપણો આત્મા પણ સૂતેલો હોય છે. ટિળક મહારાજ કહી ગયા છે: આપણે ત્યાં "કૉન્શ્યન્સ"ને લગતો શબ્દ નથી. દરેક જણને "કૉન્શ્યન્સ" હોય છે એમ આપણે માનતા નથી, પશ્ચિમમાં માને છે. વ્યભિચારીને, લંપટને "કૉન્શ્યન્સ" શું હોય? તેથી ટિળક મહારાજે "કૉન્શ્યન્સ"નો છેદ ઉડાવી દીધો. આપણા ઋષિમુનિઓએ કહ્યું છે કે અંતરનાદ સાંભળવા માટે અંતરકાન જોઈએ, અંતરચક્ષુ જોઈએ, અને તે મેળવવા સંયમ જોઈએ. તેથી પાતંજલ યોગદર્શનમાં યોગાભ્યાસ કરનારને સારુ, આત્મદર્શનની ઇચ્છાવાળાને સારુ પહેલો પાઠ યમનિયમના પાલનનો બતાવ્યો છે. સંયમ સિવાય મારી, તમારી કે કોઈની પાસે બીજો રસ્તો નથી. એ ટૉલ્સ્ટૉયે પોતાના લાંબા જીવનમાં સંયમી રહીને બતાવ્યું. હું ઇચ્છું છું, પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે એ વસ્તુ આપણે દીવા જેવી શુદ્ધ રીતે જોઈ શકીએ, અને આજે ભેળા થયા છીએ તો નિશ્ચય કરીને વિખેરાઈએ કે ટૉલ્સ્ટૉયના જીવનમાંથી આપણે સંયમ જ સાધવાના છીએ.

### રત્નત્રયી

આપણે નિશ્ચય કરીએ કે સત્યની આરાધના છોડવાના નથી. સત્ય માટે દુનિયામાં સાચી અહિંસા એ જ ધર્મ છે. અહિંસા તે પ્રેમનો સાગર છે. તેનું માપ જગતમાં કોઈ કાઢી જ શક્યું નથી. એ પ્રેમસાગરથી આપણે ઊભરાઈ જઈએ તો આપણામાં એવી ઉદારતા આવે કે તેમાં આખા જગતને આપણે સંકેલી શકીએ છીએ. એ કઠિન વસ્તુ છે ખરી, છતાં સાધ્ય છે. તેથી આપણે શરૂઆતની પ્રાર્થનામાં સાંભળ્યું કે શંકર હો કે વિષ્ણુ, બ્રહ્મા હો કે ઇન્દ્ર, બુદ્ધ હો કે સિદ્ધ, મારું માથું તેને જ નમે જે રાગદ્વેષરહિત છે, જેણે કામો જીતેલા છે, જે અહિંસાની — પ્રેમની મૂર્તિ છે. એ અહિંસા લૂલાંલંગડાં પ્રાણીને ન મારવામાં જ નથી આવી જતી. એમાં ધર્મ હોય ખરો, પણ પ્રેમ તો એથી અનંત ગણો આગળ જાય છે. એની ઝાંખી જેને નથી તે લૂલાંલંગડાં પ્રાણીઓને બચાવે તોય શું? ઈશ્વરના દરબારમાં એની કિંમત ઓછી જ અંકાશે. ત્રીજી વસ્તુ તે 'બ્રેડ લેબર' — યજ્ઞ. શરીરને કષ્ટ આપીને, મહેનત કરીને જ ખાવાનો આપણને અધિકાર છે. પારમાર્થિક દૃષ્ટિએ કરેલું કામ તે યજ્ઞ. મજૂરી કરીને પણ સેવાને અર્થે જીવવાનું છે, લંપટ થવાને કે દુનિયાના ભોગો ભોગવવા માટે જીવવાનું નથી. કોઈ કસરતી જુવાન આઠ કલાક કસરત કરે તો એ 'બ્રેડ લેબર' નથી. તમે કસરત કરો, શરીરને મજબૂત બનાવો, એને હું અવગણી નાખતો નથી. પણ જે યજ્ઞ ટૉલ્સ્ટૉયે કહ્યો છે, ગીતાના ત્રીજા અધ્યાયમાં બતાવ્યો છે તે એ નથી. જીવન એ યજ્ઞને ખાતર છે, સેવાને ખાતર છે એમ જે માનશે તે ભોગોને સંકેલતો જશે. એ આદર્શ સાધવાના પ્રયત્નમાં જ પુરુષાર્થ છે. એ વસ્તુ ભલે સંપૂર્ણતાએ કોઈએ મેળવી નથી. એ દૂર જ ભલે રહે. ફરહાદે શિરીનને સારુ પથ્થરો ફોડ્યા તેમ આપણે પણ ફોડીએ. આપણી એ શિરીન તે અહિંસા. એમાં આપણું નાનકડું સ્વરાજ તો સમાયેલું જ છે. પણ એમાં તો બધું છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૯–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૦૩. છગનલાલ જોશીને પત્ર[1]

[સપ્ટેમ્બર ૧૦, ૧૯૨૮ પછી]

શ્રદ્ધાનંદજીવાળા પૈસા સ્મારક મંત્રી, દિલ્હી, હિન્દુસ્તાન ટાઇમ્સની [ઑફિસ]માં[2] મોકલો તો ચાલે. ચેક ક્રૉસ કરજો.

ભાઈ પુરુષોત્તમનો કાગળ [મળ્યો નથી.][3]

બાપુ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: એસ. એન. ૧૪૭૭૨

## ૩૦૪. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

સપ્ટેમ્બર ૧૨, ૧૯૨૮

ચિ. બ્રજકિશોર,[4]

તારો પત્ર મળ્યો. જે ભત્રીજો આવો ઉચ્છૃંખલ થઈ ગયો છે એનો બહિષ્કાર કરીને જ એની સેવા થઈ શકે. જરૂર લાગે તો એને ખીસાખર્ચ માટે માસિક કંઈ રકમ આપવી.

શરીર સુધારજે. સારા શરીર માટે સ્વચ્છ મન તો જોઈએ જ.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી: જી. એન. ૨૩૫૯

૧. શ્રી છગનલાલ જોશીના તેમના ૧૦ સપ્ટેમ્બરના પત્રના જવાબમાં.

૨. ૩., મૂળમાં આ શબ્દો ભૂંસાઈ ગયા છે.

૪. "બ્રજકૃષ્ણ"ને બદલે "બ્રજકિશોર" ભૂલથી લખાયું લાગે છે, કેમ કે બ્રજકૃષ્ણ ચાંદીવાલાના મૂળ પત્રોમાં આ પત્ર પણ છે.

Gandhi Heritage Portal

# ૩૦૫. યુદ્ધ વિશે મારું વલણ

ઈવલૂશન નામના ફ્રેંચ સામયિકમાં રેવરંડ બી. દ. લિગ્ટે મને એક ખુલ્લો પત્ર લખ્યો છે. આ પત્રનું ભાષાંતર કરી મોકલવાની સજ્જનતા એમણે દાખવી છે. બોઅર યુદ્ધ[૧] અને પ્રથમ વિશ્વયુદ્ધમાં[૨] ભાગ લેવા માટે સદરહુ પત્રમાં મારી કડક ટીકા કરવામાં આવી છે, અને અહિંસાની દૃષ્ટિએ મારા આ વર્તનનો ખુલાસો માગ્યો છે. આ પ્રશ્ન બીજા મિત્રોએ પણ પૂછ્યો છે, ને મેં યંગ ઇન્ડિયામાં એનો ખુલાસો પણ ઘણી વાર કરેલો છે.[૩]

કેવળ અહિંસાના ગજથી માપતાં મારા વર્તન માટે કશો બચાવ નથી. ઘવાયેલાઓની સેવાનું કામ કરનારાઓ અને વિનાશક શસ્ત્રો વાપરનારાઓ વચ્ચે હું કશો ભેદ જોતો નથી. બંને યુદ્ધમાં ભાગ લે છે અને તેના કાર્યને આગળ ધપાવે છે. બંને યુદ્ધનો ગુનો કરવાવાળા છે. પરંતુ આટલાં વરસના આત્મનિરીક્ષણ પછી પણ મને લાગે છે કે, હું જે સંજોગોમાં હતો તે જોતાં, બોઅર યુદ્ધ વખતે, યુરોપના મહાયુદ્ધ વખતે અને ૧૯૦૬ની સાલના નાતાલના કહેવાતા ઝૂલુ 'બળવા'[૪] વખતે પણ મેં લીધેલો માર્ગ લેવાની મારી ફરજ હતી.

જીવનનું નિયમન અનેક બળો કરે છે. માણસ પોતાની કાર્યદિશા કોઈ એક સર્વસામાન્ય સિદ્ધાંતની રાહે કરાવી શકતો હોય, અને એ સિદ્ધાંત એવો સરળ હોય કે, અમુક પ્રસંગે તેનો અમલ કરવા માટે એક ક્ષણનો પણ વિચાર કરવાની જરૂર ન રહે, તો જીવનયાત્રા સુગમ બની જાય. પણ જેને વિશે નિર્ણય એટલી સહેલાઈથી કરી શકાય એવું એક પણ કાર્ય હું યાદ કરી શકતો નથી.

હું પાકો યુદ્ધનિષેધક હોવાથી, વિનાશકારી શસ્ત્રોની તાલીમ લેવાની તકો મને મળી હોવા છતાં મેં કદી પણ તેમનો લાભ લીધો નથી. કદાચ એ રીતે જ, હું માનવવધના દોષમાંથી ઊગરી ગયો છું. પરંતુ શસ્ત્રબળના પાયા પર રચાયેલા રાજ્યતંત્ર નીચે હું જ્યાં સુધી રહેતો હોઉં તથા તેણે મારે માટે નિર્માણ કરેલી અનેક સુખસગવડો તથા હકોનો હું સ્વેચ્છાએ ઉપભોગ કરતો હોઉં, ત્યાં સુધી એ રાજ્યની સરકાર કોઈ યુદ્ધમાં સંડોવાઈ હોય, તો મારે યથાશક્તિ તેને મદદ કરવી જોઈએ. હા, એ સરકાર સાથે મેં અસહકાર કર્યો હોય અને તેના દ્વારા મને મળતા હકોનો મારાથી બની શકે એટલા પ્રમાણમાં વધુમાં વધુ ત્યાગ કર્યો હોય તો જુદી વાત છે.

એક દાખલો આપું : હું એવી એક સંસ્થાનો સભ્ય છું, જેની થોડા એકર જમીન પર પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને એ પાકને વાંદરાં ગમે ત્યારે આવીને વણસાડે એવું જોખમ છે. હું જીવમાત્રને પવિત્ર માનું અને તેથી વાંદરાઓને કશી પણ ઈજા કરવી એને હું અહિંસાનો ભંગ લેખું છું. પરંતુ પાક બચાવવા[૫] માટે વાંદરા પર હુમલો કરવા પ્રેરવાને તથા

૧. જુઓ પુસ્તક ૩, પા. ૧૪૬–૪૭; ૧૫૫-૬૦, ૧૬૬-૬૭, ૨૪૬-૫૦.
૨. જુઓ પુસ્તક ૧૨, પા. ૪૬૦; ૪૬૫-૬૬, ૪૭૮–૭૯. તથા પુ. ૧૪, પા. ૨૩૧–૩ અને ૩૮૯–૯૨.
૩. આ પછીનું ભાષાંતર આપણે સૌ એક પિતાનાં સંતાન, પા. ૪૬–૯ પરથી લીધું છે.
૪. જુઓ પુ. ૫; પા. ૩૧૯, ૩૬૦, ૩૬૬, ૪૦૧.
૫. જુઓ "પાવકની જ્વાળા", ૩૦–૯–૧૯૨૮, પેટામથાળું "અહિંસક પ્રાણહરણ".

Gandhi Heritage Portal

દોરવણી આપવાને હું અચકાઉં નહીં. આવો દોષ કરવાપણું ટાળી શકાય તો મને ગમે. પણ એ સંસ્થા છોડી દઈને અથવા તેને વિખેરી નાખીને જ હું એ વસ્તુ ટાળી શકું. પરંતુ હું એમ કરતો નથી, કારણ કે, જ્યાં ખેતીવાડી ન હોય અને તેથી સ્વલ્પ અંશે પણ હિંસા માટે અવકાશ ન હોય એવો સમાજ મળવાની હું આશા રાખતો નથી. તેથી પાપભીરુ બનીને નમ્રતાપૂર્વક અને તિતિક્ષાથી હું વાંદરા પર ગુજારવામાં આવતી ઈજામાં ભાગ લઉં — એવી આશાથી કે, કોક દિવસ એમાંથી નીકળવાનો માર્ગ મળી રહેશે.

એ જ ભાવનાથી પ્રેરાઈને યુદ્ધના ઉપર ગણાવેલા ત્રણ પ્રસંગોમાં મેં ભાગ લીધો હતો. જે સમાજનો હું છું તેની સાથેનો મારો સંબંધ હું તોડી શકતો નહોતો. એમ કરવું એ મારે માટે ગાંડપણ ગણાય. અને એ ત્રણ પ્રસંગોએ બ્રિટિશ સરકાર સાથે અસહકાર કરવાનો વિચાર સરખો મારા મનમાં નહોતો. સરકાર સાથેની મારી આજની સ્થિતિ સર્વથા ભિન્ન છે અને તેથી તેનાં યુદ્ધોમાં સ્વેચ્છાએ મારે ભાગ લેવો ન જોઈએ તથા શસ્ત્ર ધારણ કરવાની અથવા લશ્કરી કામગીરીમાં બીજી કોઈ રીતે ભાગ લેવાની મને બળજબરીથી ફરજ પાડવામાં આવે તો મારે જેલ વહોરવાનું કે ફાંસીએ ચડવાનું પણ જોખમ ખેડવું જોઈએ.

પણ એથીયે કોયડાનો ઉકેલ આવતો નથી. રાષ્ટ્રીય સરકાર હોત તો, કોઈ પણ યુદ્ધમાં મારે સીધો ભાગ તો ન જ લેવો જોઈએ એ ખરું, પરંતુ હું એવા પ્રસંગો કલ્પી શકું જ્યારે, લશ્કરી તાલીમ લેવા ઇચ્છનારાઓને તે આપવાના પક્ષમાં મત આપવાનો મારો ધર્મ થઈ પડે; કેમ કે, તેના બધા સભ્યો અહિંસાને વિશે મારા જેટલી શ્રદ્ધા ધરાવતા નથી, એ હું જાણું છું. કોઈ પણ વ્યક્તિને કે સમાજને બળાત્કારે અહિંસક ન બનાવી શકાય.

અહિંસા બહુ ગૂઢ રીતે કામ કરે છે. અહિંસાની દૃષ્ટિથી તપાસવા બેસીએ તો ઘણી વાર માણસનાં કાર્યોમાં કશી સમજ પડતી નથી. એ જ રીતે, ઘણી વાર એમ પણ બને છે કે, માણસનાં કાર્યો હિંસક દેખાય અને છતાં તે અહિંસાના શ્રેષ્ઠ અર્થમાં સર્વથા અહિંસક હોય અને પાછળથી એવું પુરવાર પણ થાય. આમ હોવાથી, મારા વર્તન વિશે હું એટલો દાવો કરી શકું કે, ઉપરના પ્રસંગોએ મારું આચરણ અહિંસાના હિતની દૃષ્ટિથી પ્રેરાઈને કરવામાં આવ્યું હતું. તેમાં રાષ્ટ્રના કે અન્ય કોઈ ક્ષુદ્ર હિતનો વિચાર નહોતો. કોઈ બીજા હિતને ભોગે રાષ્ટ્રનું કે બીજું કોઈ હિત સાધવામાં હું માનતો નથી.

મારી દલીલ આથી આગળ લઈ જવાની જરૂર નથી. પોતાના વિચારો સંપૂર્ણ રીતે દર્શાવવા માટે ભાષા આખરે કંગાળ વાહન છે. અહિંસા મારે માટે કેવળ ફિલસૂફીનો સિદ્ધાંત નથી. એ મારા જીવનનો નિયંતા અને પ્રાણ છે. હું જાણું છું કે હું ઘણી વાર નિષ્ફળ નીવડું છું — કેટલીક વાર સજાણપણે, પણ મોટે ભાગે અજાણપણે. એ બુદ્ધિના નહીં પણ હૃદયના ક્ષેત્રની બાબત છે. એમાં સાચી દોરવણી સતત ઈશ્વરની ઉપાસનાથી, અપાર નમ્રતા અને સ્વાર્પણથી, પોતાની જાતનું બલિદાન આપવાને સદૈવ તૈયાર રહેવાથી મળે છે. એના પાલન માટે સર્વોચ્ચ કક્ષાની નિર્ભયતા અને હિંમત જોઈએ.

પરંતુ મારા અંતરમાં બળતી જ્યોત સ્પષ્ટ અને અચળ છે. સત્ય અને અહિંસા વિના આપણામાંના કોઈનોયે ઉગારો નથી. યુદ્ધ ખોટું છે, હડહડતું પાપ છે, એ હું જાણું છું. માણસને યુદ્ધનો રસ્તો છોડ્યા વગર છૂટકો નથી એ પણ હું જાણું છું. લોહી રેડીને કે કૂડકપટથી મેળવેલી સ્વતંત્રતા એ સ્વતંત્રતા નથી, એ પણ હું દૃઢપણે માનું છું. મારું કોઈ પણ કાર્ય અહિંસાને ક્ષતિ પહોંચાડનારું લેખવામાં આવે, હું કદી પણ, કોઈ પણ જાતનાં કે રૂપનાં હિંસા કે અસત્યનો

Gandhi Heritage Portal

પક્ષકાર લેખાઉં, તેના કરતાં તો, મારે નામે ચડાવાતાં કામોનો બચાવ ન થાય એ બહેતર છે. અહિંસા અને સત્ય એ જ આપણો જીવનસિદ્ધાંત છે, નહીં હિંસા, નહીં અસત્ય.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १३–९–१९२८

## ૩૦૬. દક્ષિણ આફ્રિકામાં માફી પ્રદાન

સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી નીચે મુજબનો કેબલ મળ્યો છે :

> છેલ્લી સ્ટીમર દ્વારા હિંદુસ્તાનથી ન નીકળી શકયા હોય એવા માફીપત્રના ઉમેદવારોએ 'કૉમાશિયા' (કમિશનર ઑફ એશિયાટિકસનું તારનું સરનામું) પ્રિટોરિયાને તાર કરી, પોતે માફીપત્ર માટે અરજી કરવા ઇચ્છે છે એમ ૩૦મી સપ્ટેમ્બર પહેલાં જણાવવું, અને સાથે સાથે કાયમી નિવાસના પ્રમાણપત્રનો પત્રક ક્રમાંક કે ઓળખપત્રનો ક્રમાંક ટાંકવો. હિંદભરમાં આ માહિતીની છાપાં દ્વારા વ્યાપક જાહેરાત કરવા વિનંતી.

આ કેબલ મને મળ્યો કે તરત છાપાંઓમાં મોકલ્યો હતો. આ પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલી યોજના[1] જેને લાગુ પડતી હોય તેવા જ આવો કેબલ કરે. બીજાઓ કેબલનો નાહક ખર્ચ ન કરે એવો મારો ખાસ આગ્રહ છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १३–९–१९२८

## ૩૦૭. નોંધ

### પરદેશમાં પ્રચાર અને સરોજિનીદેવી

પરદેશોમાં આપણે પ્રચાર કરવા વિશેનો સામાન્ય ખ્યાલ એવો છે કે દેશદેશાવરમાં આપણાં કેન્દ્ર સ્થાપવાં ને પ્રવાસી પ્રતિનિધિ મંડળો મોકલવાં. મને બેમાંથી એકેમાં શ્રદ્ધા નથી. પણ પશ્ચિમના દેશોના પ્રવાસે જતાં સરોજિનીદેવી આ પ્રવાસ દરમિયાન જે પ્રચાર કરશે તે કોઈ પણ સ્થાપિત કેન્દ્ર દ્વારા થતા પ્રચાર કરતાં વધારે અસરકારક નીવડશે; કેમ કે જેઓને આપણામાં રસ નથી એમને આવા કેન્દ્રનું ભાન પણ નહીં હોય, અને જેમના અભિપ્રાયની આપણને કિંમત છે તેઓ આવા કેન્દ્રની અવગણના કરશે. પણ હિંદના બુલબુલની અવગણના નહીં થઈ શકે. એમને પશ્ચિમના લોકો ઓળખે છે. એ જ્યાં જશે ત્યાં લોકો એમને સાંભળશે જ. એમનામાં ઉત્તમ વકતૃત્વકળા છે, ને એથી ચડી જાય એવી કવિત્વ શક્તિ છે; વળી વિશેષમાં શું બોલવું તથા ક્યારે બોલવું તેની સૂક્ષ્મ સમજ અને દૂભવ્યા વિના સત્ય કહેવાની ચાણક્યબુદ્ધિ પણ એમનામાં છે. આથી કરીને એમની પશ્ચિમની યાત્રાનું સુંદર પરિણામ આવશે એવી આશા રાખી શકાય. એક સન્નારીને શોભે એવી સહજ રીતે એમણે નિર્ણય કરી લીધો છે કે મિસ મેયોએ

૧. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

કરેલી આપણી ઉદ્ધતાઈભરી બદનક્ષી[1] બાબત સીધા ખંડનમાં ન ઊતરવું. ભારતને તથા ભારતને લગતી દરેક બાબતને ઉતારી પાડવાના એકમાત્ર ઉદ્દેશથી ત્યાંનાં મંડળોએ કાચા કાનની અમેરિકન પ્રજાના કાનમાં જૂઠાણાંઓનું જે ઝેર રેડયું છે તેનો સચોટ અને સંપૂર્ણ જવાબ એમની પ્રત્યક્ષ હાજરીથી તથા હકીકતમાં ભારત કેવું છે અને તેમનાં હૃદયમાં પોતાના દેશ માટે કેવી ઊર્મિઓ ઊભરાય છે એના એમના વિવરણથી મળી રહેશે.[2]

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १३–९–१९२८

## રાષ્ટ્રીય સ્ત્રીસભા અને ખાદી[3]

રાષ્ટ્રીય સ્ત્રીસભાએ ખાદીના કામમાં નાનોસૂનો ફાળો નથી ભર્યો. ફેશનને પૂજનારી મુંબઈની બહેનોમાં એ સભા ખાદીને દાખલ કરી શકી છે. તેની મારફત ઘણી ગરીબ બહેનોને આજીવિકા મળે છે અને ખાદીનું કામ થાય છે. ખાદી કંગાળને કાવડિયાં આપે છે, મુંબઈ જેવા શહેરની ગરીબ બહેનોને તેમના પેટપૂરતી રૂપિયાની રોજી પણ આપી શકે છે. એવી જેની ભારે શક્તિ છે તેની શક્તિને પણ મર્યાદા તો છે જ. તે વિલાયતી કાપડની જેમ અથવા બીજી વસ્તુઓની જેમ ઉધાર વેચી શકાતી નથી. જે ચીજ આપણને ઉધાર મળે છે તે ચીજનું આપણને વધારે દામ આપવું પડે છે, એ આપણે ઘણી વેળા ભૂલી જઈએ છીએ. ખાદી જેવી પરોપકારી વસ્તુ ઉધાર આપવી પાલવે નહીં. પૈસાની દૃષ્ટિએ માપતાં એ વધારે કીમતી તો ગણાય જ છે. અને ઉધાર ધંધો કરી તેની કિંમતમાં બીજો વધારો હવે ન કરી શકાય. તેથી શ્રીમતી પેરીનબાઈ કૅપ્ટને જે જે બહેનો અને ભાઈઓ આજ લગી રાષ્ટ્રીય સ્ત્રીસભાની ખાદી લેતાં આવ્યાં છે તેમને કાગળ લખ્યો છે, કે “તેમણે ખાદી ઉધાર લેવાનો આગ્રહ છોડી દેવો જોઈએ.” આ માગણી યથાર્થ છે. ચરખાસંઘે કડવા અનુભવ પછી એ નીતિ ગ્રહણ કરી છે તેથી આંધ્રદેશ વગેરે સ્થળોમાંથી જે ખાદી રાષ્ટ્રીય સ્ત્રીસભા મંગાવે છે તેને સારુ રોકડાં નાણાં આપવાં પડે છે. જે ગરીબ બહેનોનું પોષણ તે સભા કરે છે તેમને સારુ તો રોકડ જોઈએ જ. આ સભાની પાસે મોટી થાપણ તો છે જ નહીં, એટલે જેમ ખાદી વેચાતી જાય અને તેનું દામ મળતું જાય તેમ તેમ જ નવી ખાદી મંગાવી શકાય, પગારો ચૂકવી શકાય અને કામ નિભાવી શકાય. એટલે જેઓ રાષ્ટ્રીય સ્ત્રીસભાની ભાતીગર ખાદી લેતા આવ્યા છે તેઓ રોકડે તે ખાદી લેવાનો નિયમ જાળવશે અને જેટલી ખાદી લઈ શકાય તેટલી લેતા રહેશે એવી ઉમેદ છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૬–૯–૧૯૨૮

૧. મધર ઇન્ડિયાનો ઉલ્લેખ છે.

૨. આના પછી યંગ ઇન્ડિયામાં “બારડોલીનો પહેલો ફણગો” એ પેટામથાળાવાળી નોંધ આવે છે. એ અહીં આપી નથી. કેમ કે ૯–૯–૧૯૨૮ના નવજીવનમાં એ “સુરત જિલ્લામાં મદ્યપાનનિષેધ” નામના લેખમાં આવી જાય છે. એ માટે જુઓ લેખ ૨૯૩. અંગ્રેજી આવૃત્તિમાં પણ એ નવજીવન પ્રમાણે જ લીધી છે.

૩. આ જ વિષય પર એક નોંધ ૧૩–૯–૧૯૨૮ના યંગ ઇન્ડિયામાં આવી હતી.



Gandhi Heritage Portal

## ૩૦૮. ચ. રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ સી. આર.

તમારો પત્ર મળ્યો. કેશુના રહેવા-ખાવાના તથા ભણવાના રૂ. ૬૦ હું ન આપું. છતાં હું કબૂલ કરું છું કે મિ. કૉક્સની શરતો તદ્દન વાજબી છે. મારા તરફથી મિ. બિયરમ્ તથા મિ. કૉક્સનો બંનેનો આભાર માનશો. હું કંઈ બીજી વ્યવસ્થા કરી રહ્યો છું. શું કરીશ તે નક્કી નથી, ને હાલ તો કેશુ પણ અહીં નથી. એ રાજકોટથી આવી જશે પછી મને કંઈ કરવાની સૂઝ પડશે.

મૈસૂર રાજ્યમાં હિંદુમુસ્લિમ ઝઘડા અંગે આ શું ચાલી રહ્યું છે? ટાઇમ્સ[1] તો હમેશાં જ સનસનાટીભર્યાં મથાળાં છાપે છે, ને મૈસૂર રાજ્યને તદ્દન ઉતારી પાડતા એવા જ સનસનાટી-ભર્યા અહેવાલ છાપે છે! આ બધું શું સાચું છે? રાજ્ય સામે કંઈ કાવતરું છે કે શું? ટાઇમ્સમાં આવતા અહેવાલ વિશે તમને કંઈ ખબર છે?

તા. ૨૦મીના અરસામાં મહાદેવ પાછા આવશે. આશા છે કે તમારા બંનેની તબિયત દિનપ્રતિદિન સુધરતી હશે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૨૨

## ૩૦૯. નિરંજન પટનાયકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ નિરંજનબાબુ,

આ રહ્યો મારો સંદેશો :

“સર પી. સી. રાય અને સતીશબાબુનો ઓરિસ્સાનો પ્રવાસ જોઈએ તેવાં સરસ પરિણામ આપશે એવી મને આશા છે. જમા થયેલા માલમાંથી મોટો ભાગ તો વેચાઈ જ જવો જોઈએ. ઓરિસ્સાની ગ્રામપ્રજા ગરીબ હોવા છતાં શહેરના નાગરિકો એટલા ગરીબ નથી કે તમારી પાસે એકઠી થયેલી ખાદી ન ખરીદી શકે. જરૂર છે સંકલ્પબળની ને દેશના ગરીબો માટેના પ્રેમની.”

તમારો સહૃદયી

શ્રી નિરંજન પટનાયક
સ્વરાજ આશ્રમ, બરહામપુર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૮૩

૧. टाइम्स ऑफ इन्डिया।

Gandhi Heritage Portal

## ૩૧૦. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

પ્રિય સુરેશબાબુ,

તમારો પત્ર મળ્યો. ૭મી ઑગસ્ટના તમારા જે પત્રના જવાબમાં મેં તાર કર્યો હતો તેમાં તમે આ પ્રમાણે લખ્યું હતું :

> અમારા આશ્રમનો ૧૯૨૭નો રિપોર્ટ આ સાથે મોકલું છું. યંગ ઇન્ડિયાના એકાદ અંકમાં આપની યોગ્ય નોંધ સાથે આ રિપોર્ટને પ્રસિદ્ધિ આપશો તો આભારી થઈશું.

તમારી માગણી મુજબ યંગ ઇન્ડિયામાં હું લખી શકું માટે મજકૂર રિપોર્ટ મેં મગાવ્યો હતો.[1] એ રિપોર્ટ તો હજી પણ મને મળ્યો નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૮૪

## ૩૧૧. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ સુબ્રહ્મણ્યમ્,

હું પરિપત્ર[2] વાંચી ગયો છું. એમાં મેં કરેલા સુધારાવધારા આ સાથે બીડેલા કાગળમાં છે.

કાંતનારાની સંખ્યા આપવા બાબત મારો મત એવો છે કે દર વર્ષે અને બની શકે એટલી કાળજીથી આ ગણના થવી જોઈએ.

તમારો સહૃદયી

બિડાણ : ૧
શ્રી કે. એસ. સુબ્રહ્મણ્યમ્
અખિલ હિંદ ચરખા સંઘ, અમદાવાદ.

[બિડાણ]

**૨૨મી જૂન ૧૯૨૮ના પરિપત્રમાં ઉમેરેલું લખાણ**

નં. ૨૮. "સાધેલી પ્રગતિ" પછી ઉમેરો :
અને તકલી પર કાંત્યું છે કે રેંટિયા પર તથા કંતાયેલા સૂતરનું શું કર્યું તે પણ જણાવવું.

૧. જુઓ, "અભય આશ્રમ", ૨૭–૯–૧૯૨૮.
૨. અખિલ હિંદ ચરખા સંઘનો

Gandhi Heritage Portal

૩૨મી કલમ તરીકે નીચેનું ઉમેરવું :

કાંતનારા, વણનારા, પીંજનારા વગેરેની સામાન્ય સ્થિતિ, જેમાં એ જણાવવું કે તેઓ વરસમાં કેટલા દિવસ કાંતે છે, રોજના કેટલા કલાકના હિસાબે કાંતે છે, એમનો બીજો ધંધો જો હોય તો, અને કાંતવા-વણવા તથા પીંજવા સિવાયના આ બીજા ધંધામાંથી થતી સરાસરી કમાણી.

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૮૯

## ૩૧૨. કર્બી પેજને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર તથા સાથે મોકલેલી રેવ. બી. દ. લિગ્ટના ખુલ્લા પત્રના ભાષાંતરની નકલ મળ્યાં. તમારો પત્ર મળ્યો તેના બે અઠવાડિયાં અગાઉ લેખકે પોતે જ મને એક નકલ મોકલી હતી. પોતાના સામયિકમાં છાપવા માટે મારો જવાબ પણ એમણે માગ્યો હતો. પણ મને લાગ્યું કે મારો જવાબ *યંગ ઇન્ડિયા*માં ટૂંકાણમાં છપાય તો મારાં લખાણો વાંચવાને ટેવાયેલા વિશાળ વર્ગને તે પહોંચે. અને તેથી મેં એમ જ કર્યું.[1] મારી પાસે આથી વિશેષ કરવાનો સમય ન હતો. તમારા પત્ર માટે એની નકલ તમે અવશ્ય કરી શકો છો. *યંગ ઇન્ડિયા*ના જે અંકમાં મારો લેખ છપાયો છે તેની નકલ નિશાની કરીને તમારા પર મોકલું છું.

તમારો સહૃદયી

કર્બી પેજ, એસ્ક્વાયર
ધ વર્લ્ડ ટુમૉરો
૫૨, વાન્ડરબિલ્ટ ઍવિન્યૂ, ન્યૂયૉર્ક સિટી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૬૮

૧. જુઓ "યુદ્ધ વિશે મારું વલણ", ૧૩-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૧૩. બી. દ. લિગ્ટને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૪, ૧૯૨૮

ભાઈશ્રી,

યંગ ઇન્ડિયાના અંકમાં તમને જવાબ આપવાનો પ્રયત્ન મેં તાજેતરમાં કર્યો છે. સદરહુ અંકની નિશાની કરેલી નકલ હું મોકલું છું. તમે ઈવલૂશનમાં એનું ભાષાંતર જરૂર છાપજો. તમે ઊભો કરેલો કોઈ મુદ્દો મારા જવાબમાં રહી ગયો હોય તો બેલાશક મને લખજો.

તમારો સહૃદયી

રેવરન્ડ બી. દ. લિગ્ટ
ઓનેંકસ, જિનીવા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૯૫

## ૩૧૪. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

સપ્ટેમ્બર ૧૫, ૧૯૨૮

પ્રિય ભાઈ ડૉ. અનસારી,

દક્ષિણ આફ્રિકામાંના મારા એક સાથી, ભાઈ મહંમદ ખાન, આ ચિઠ્ઠી લઈ તમારી પાસે આવશે. હાલ તે રેલવેમાં કામ કરે છે. કેટલાક વખતથી એ બીમાર રહ્યા કરે છે. એક વાર હકીમસાહેબ પર એમણે ચિઠ્ઠી માગેલી તે પણ મેં લખી આપી હતી. હકીમસાહેબની સારવારથી પોતાને થોડા દિવસ સારું લાગેલું એવું તે કહે છે. એમના રોગે પાછો ઊથલો ખાધો છે, ને હવે એ તમારા પર ભલામણ પત્ર માગે છે, જે હું ખુશીથી આપું છું. બની શકતી બધી સલાહ તમે આપશો એવો મને વિશ્વાસ છે.

તમારો સહૃદયી

ડૉ. એમ. એ. અનસારી
૧, દરિયાગંજ, દિલ્હી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૨૪

Gandhi Heritage Portal

# ૩૧૫. મૂંગાં-બહેરાં અને અમદાવાદ

અમદાવાદની સોડમાં રહ્યા છતાં હું અમદાવાદ વિશે કંઈ ભાગ્યે જ લખું છું, તે અનિચ્છાએ નહીં પણ અશક્તિને લીધે. તેના જીવનમાં ભાગ લેવાના ‘ઉધામા’ તો ઘણીયે વાર આવ્યા ને શમી ગયા. મિત્રોએ ‘કચરાપટ્ટી’માં પ્રવેશ કરી કામ કરવાનું સૂચવ્યું, તેમાં કામ કરવાનું ગમે, પણ પ્રવેશ કરવાની હિંમત જ ન ચાલી. અમદાવાદના કોઈ શહેરી એમ ન માને કે હવે મરણને કાંઠે આવીને તેવી હિંમત આવી છે. અમદાવાદનું મારે માથે ઋણ રહી જાય છે, એ કબૂલાત કરવા આ ઉલ્લેખ છે.

અમદાવાદમાં શ્રી પ્રાણશંકર દેસાઈ મૂંગાં-બહેરાંની નિશાળ ચલાવી રહ્યા છે. એ નિશાળનો પરિચય મને સન ૧૯૧૫થી એટલે હું અમદાવાદમાં વસ્યો છું ત્યારથી છે. આવી સંસ્થાઓ શહેર બહાર હોવી જોઈએ એમ મેં ત્યારથી માન્યું છે. આ નિશાળ હવે શહેર બહાર આવશે. તેનું ખાતમુહૂર્ત શેઠ મંગળદાસની ઇચ્છાથી ગયે અઠવાડિયે[1] મારે હાથે થયું. મારી દૃષ્ટિએ વીસ વર્ષ મોડું થયું. નિશાળ વીસ વર્ષ પહેલાં ઊઘડી. પણ એ સ્થળની પસંદગી ભાઈ પ્રાણશંકરને હાથ નહોતી. એ તો અમદાવાદના દેવતાને હાથ હતી. હાલની ભાષામાં કહીએ તો તે વસ્તુ અમદાવાદના વાતાવરણને આધીન હતી. ધાર્મિક વૃત્તિવાળા જેમ શરીરને વિશે આત્મા રહે છે એમ માને છે, તેમ શહેરરૂપ શરીરને વિશે પણ આત્માનું આરોપણ કરે, ને તેને તે શહેરના દેવતારૂપે ઓળખે. અમદાવાદનો દેવતા કંજૂસ છે તેથી તેણે પોતાના શરીરમાં રહેલા જીવોને ગીચોગીચ રાખ્યા છે, ગંદકીમાં રાખ્યા છે, ને તેની હવા બગાડી છે. આમ જીવોને દુ:ખી કરીને પોતે કેટલો ગૂંગળાતો હશે એ તેના વિના બીજું કોણ જાણે? દાક્તર હરિપ્રસાદે પોતાના આરોગ્યશાસ્ત્ર નામના નિબંધમાં કહ્યું છે કે હિંદુસ્તાનનાં શહેરોમાં મરણસંખ્યામાં એટલે ગંદકીમાં અમદાવાદ પ્રથમપદ ભોગવે છે.

ધનિક લોકો ને વિદ્વાન લોકો ધારે તો અમદાવાદની સૂરત બદલી શકે છે. જૈનની સર્વોપરી પેઢી અમદાવાદમાં છે. જગતમાં કોઈ ધાર્મિક સંસ્થાને નામે ઓળખાતી પેઢીની પાસે નથી એટલું ધન આણંદજી કલ્યાણજીની પેઢી પાસે છે એમ કહેવાય છે. અમદાવાદ ગુજરાતનું પાટનગર છે, તો તે જૈનોનું પણ છે. તેની પાસે જીવદયાનો ઇજારો છે. પણ ખરી જીવદયાની ઓળખ હજુ તેણે હવે કરવાની છે. મોટાં ઢોરોને જેમ તેમ ગીચોગીચ વસ્તીમાં પાળવાં એ સંકુચિત અને ઓછામાં ઓછી જીવદયા છે. જીવદયાનો વિસ્તાર સાગર સમાન હોય, ને જેમ સાગરમાંથી જીવતદાન દેનારો પ્રાણવાયુ ચોવીસે કલાક પોતાની સુગંધી ફેલાવ્યા કરે છે તેમ જીવદયાનો પ્રાણવાયુ તેવી સુગંધી ફેલાવ્યા કરે, ને મનુષ્યથી માંડી બીજાં બધાં પ્રાણીઓને સુખ-શાંતિ ને આરોગ્ય આપે. પણ આરોગ્યદાન કંઈ માત્ર જૈનદર્શનમાં જ પરિમિત નથી થતું. વૈષ્ણવો તેનો દાવો ઓછો નથી કરતા, ઈસ્લામમાં તેની ઓછી કદર નથી. આ ધર્મીઓ પણ અમદાવાદમાં વસે છે. અમદાવાદના લાંછનના ત્રણે સરખા ભાગીદાર ગણાય.

અમદાવાદની પાસે એટલું ધન છે કે તે આ રળિયામણી તરીકે ગવાયેલી ગુજરાતના પાટનગરને હિંદુસ્તાનમાં સૌથી વધારે રળિયામણું ને તનથી તથા મનથી સૌથી વધારે આરોગ્યવાન કરી શકે.

૧. જુઓ, “બહેરાં-મૂંગાંની શાળાના ખાતમુહૂર્ત પ્રસંગે ભાષણ”, ૭-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

અમદાવાદને કુદરતે એવાં હવાપાણી બક્ષ્યાં છે કે તે આરોગ્યભવન થઈ શકે. પણ મનુષ્યો તે બંનેને મેલાં કરી રહ્યાં છે. અમદાવાદની ઈસ્પિતાલ, તેનાં મંદિરો, નિશાળો, અનાથાલયો બહાર જવાં જોઈએ. તેની પોળોમાંનો ભરાવો દૂર થવો જોઈએ. શહેરની વચ્ચે નાનાં મેદાનો હોવાં જોઈએ. જ્યાં જુઓ ત્યાં આજે દુર્ગંધ વ્યાપી રહી છે તેને બદલે સુગંધ ફેલાયેલી હોવી જોઈએ.

આ કામ શહેરીઓની શક્તિની બહાર નથી. તેમાં કરોડોનું ખર્ચ નથી. વળી જે ખર્ચ થાય તેનું બેવડું વળતર મળી રહે એવો દુનિયાનાં બધાં આબાદ થયેલાં શહેરોનો નિરપવાદ અનુભવ છે. હા, જે ખર્ચ થાય તે જ્ઞાનપૂર્વક, ઉદારતાથી ને શુદ્ધ દાનતથી થવું જોઈએ. જેમ મનુષ્યને વિશે તેમ જ શહેરોને વિશે છે. પોતાની મુક્તિ પોતાના હાથમાં છે. લોકવૃત્તિ, લોકમત બદલાવા જોઈએ. તે બદલાવવાને સારુ નાયકોએ બલિદાન દેવાં જોઈએ. એક ચેમ્બરલેને બર્મિંગહામનું સ્વરૂપ બદલ્યું. અમદાવાદને પણ તેના ચેમ્બરલેનની જરૂર છે. અથવા જેમ ફ્રાંસમાં નાયક વિના વિપ્લવના યોદ્ધા ઝૂઝ્યા, તેમ ચેમ્બરલેન તૈયાર ન થાય તો યુવકસંઘ જેવી સંસ્થા અમદાવાદના વાતાવરણને પોતાનું બલિદાન આપી દુર્ગંધમાંથી સુગંધમાં ન લઈ જાય?

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૬–૯–૧૯૨૮

# ૩૧૬. ખાદીપ્રચાર ફાળો

આ ફાળામાં શ્રી ગોપાલલાલ મથુરાવાળાએ રૂ. ૧૦૦ મોકલ્યા છે, અને તે મોકલતાં લખે છે:

> આ રકમ ખાદીપ્રચારના કાર્યમાં કે બીજા કોઈ પણ કાર્યમાં વાપરી શકો છો. કોઈ સંજોગોમાં પાછી મોકલવાની જરૂર નથી.

[મૂળ ગુજરાતી]
**નવજીવન, ૧૬–૯–૧૯૨૮**

# ૩૧૭. નોંધ

### સરોજિનીદેવી

અમેરિકા જવાને સારુ ગયે બુધવારે સરોજિનીદેવીએ હિંદુસ્તાનનો કિનારો છોડયો. યુરોપ, અમેરિકા ઈત્યાદિ મુલકોમાં આપણી પેઢીઓ સ્થાપી અથવા વખતોવખત પ્રતિનિધિઓ મોકલીને પશ્ચિમના લોકોને હિંદુસ્તાનની ખરી સ્થિતિનો ખ્યાલ આપવાની અને તે મારફતે ત્યાં આપણે વિશે જે ખોટી માન્યતાઓનો પ્રચાર થઈ રહ્યો છે તે દૂર કરવાની ઘણાઓ આશા રાખે છે. મને એ આશા હમેશાં ફોગટ જણાઈ છે. તેમ કરીને આપણે જાહેર પૈસાનો અને જેમનો હિંદુસ્તાનમાં વધારે સારો ઉપયોગ થઈ શકે છે તેવાઓના વખતનો દુરુપયોગ કરીએ. પણ જો પશ્ચિમમાં કોઈનું પણ જવું ફળી શકે એમ હોય તો તે સરોજિનીદેવી કે કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું જવું અવશ્ય ફળે. સરોજિનીદેવીનું નામ તેમનાં કાવ્યોથી પશ્ચિમમાં પ્રસિદ્ધ છે. તેમનામાં કવિત્વશક્તિ છે તેમ જ વકતૃત્વ છે. તેમની ચતુરાઈ પણ તેવી જ છે. ક્યાં, કેટલું અને શું બોલવું જોઈએ એ તે સારી રીતે જાણે છે. ડંખ દીધા વિના સાચું કહી દેવાની કળા

Gandhi Heritage Portal

તેમણે સાધેલી છે. જ્યાં જાય છે ત્યાં લોકોને તેમની વાત સાંભળ્યા વિના ચાલતું નથી. દક્ષિણ આફ્રિકામાં પોતાની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરીને તેમણે દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોનાં મન હરણ કર્યાં હતાં, અને સરસ જીત મેળવી સર મહમદ હબીબુલ્લાહના[1] પ્રતિનિધિમંડળનો રસ્તો સાફ કરી મૂકયો હતો. ત્યાંનું કામ કઠણ હતું; પણ તેમણે પોતાની મર્યાદાને આંકીને, તેનો સ્વીકાર કરીને, કાયદાની આંટીઘૂંટીઓમાં ન પડતાં મુખ્ય વાતોને વળગી રહી પોતાનું કાર્ય ઘણી સરસ રીતે આટોપ્યું હતું અને હિંદુસ્તાનનું નામ દીપાવ્યું હતું. એવું જ કામ તે અમેરિકા ઇત્યાદિ દેશોમાં કરશે. અમેરિકામાં તેમની હાજરી જ મિસ મેયોનાં અસત્યોના જવાબરૂપ થઈ પડશે. તેમની હિંમત પણ તેમની બીજી શક્તિઓના જેવી જ છે. પરદેશ જતાં જતાં તેમને કોઈ સાથીની મદદની જરૂર નથી રહેતી, નથી તેમને કોઈ મંત્રીની જરૂર. જ્યાં જવું હોય ત્યાં એકલાં નિર્ભયતાથી વિચરી શકે છે. તેમની આવી નિર્ભયતા સ્ત્રીઓને સારુ તો અનુકરણીય છે, પણ પુરુષોને પણ લજવી શકે તેમ છે. તેમની પશ્ચિમની મુસાફરીમાંથી સારું ફળ નીપજવાની આપણે અવશ્ય આશા રાખી શકીએ છીએ.

## કાકાની અધીરાઈ

"યમુનારાણી" નામે જે પદ્ય-ગદ્ય કાકાસાહેબની સહીથી આ અંકમાં છપાયું છે તે મોકલતાં કાકાસાહેબ લખે છે:[2]

કાકાસાહેબ ગુજરાતને શુદ્ધ કેળવણી આપવા અધીરા થઈ રહ્યા છે. તેમ ન હોય તો ગંગામૈયાનું સ્તવન લખ્યા પછી, યમુનારાણીની ખુશામત બે વર્ષ લગી મુલતવી રાખ્યા બાદ એકાએક તે લેખ આ અંકમાં છાપવાનો કેમ આગ્રહ રાખે? વળી મારે સારુ ના કહેવા જેટલો અવકાશ રાખ્યો જ નથી; કેમ કે સંસ્કૃતનું ભાષાંતર પરબારું મોકલવાનો નિશ્ચય જાહેર કરી મને બાંધી લીધો છે. એમ કરી કાકાસાહેબે મને પણ ગુજરાતની કેળવણી વિશે અધીરો માની લીધો. તેમ કરવાનો તેમને અધિકાર હતો. શ્રી નગીનદાસ અને શ્રી પૂંજાભાઈનાં બલિદાને અમને બંનેને અધીરા કરી મૂકયા છે. અમારે મન વિદ્યાપીઠ એટલે સાબરમતીને પશ્ચિમ કિનારે ખડકેલી ઈંટો ને તેમાં અક્ષરજ્ઞાન ને ઉદ્યોગજ્ઞાન પામતાં મુઠ્ઠીભર વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓ જ નહીં. વિદ્યાપીઠનું કામ ગામડાંમાં વૃદ્ધ સ્ત્રીપુરુષો અને બાળક તેમ જ બાળાઓમાં ખરી કેળવણીનો પ્રચાર કરવાનું છે. ખરી કેળવણી એટલે સ્વત્વનું જ્ઞાન પામવું ને તેને શોભતું આચરણ કરવું. આવી કેળવણી અક્ષરજ્ઞાન ન પામ્યા હોય તે પણ મેળવી શકે એવો પ્રબંધ કરવાની કાકાસાહેબની અભિલાષા છે. તેથી આ લેખ, જે કેટલાક સમય પૂર્વે લખાયેલો હતો તે આજે નવજીવનમાં સ્થાન મેળવે છે. તે ભાવાવિલાસી, દેશપ્રેમી વાંચે, સમજે, બીજાને વંચાવે અને સમજાવે એ ઉદ્દેશ છે. બધા વાંચનારને પણ સમજવામાં આ લેખ કઠણ છે. લેખનું મથાળું જ ભડકાવે. કાલિંદીને જમના નદી તરીકે કેટલા ઓળખે? જમનાને યમુના તરીકે પણ જાણનારા ગામડાંમાં તો થોડા જ નીકળે. પણ જેમ વખત જતો જાય ને લોકોમાં દેશપ્રેમ વધતો જાય તેમ તેઓ ગંગા-જમનાનાં દર્શન કરવા ઉત્સુક થાય. બધા ત્યાં જઈ ન શકે. તેમને આવા લેખો તૃપ્તિ આપે. તે ઘેરબેઠાં ગંગા-જમના આણી આપે, ને ત્યાં ગયા જેટલો રસ પહોંચાડે. તેમની ઊંડી

૧. જુઓ પુસ્તક ૨૪.
૨. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

ભાવના સમજી પવિત્ર થાય તો ગંગાસ્નાન કર્યા જેટલું વાંચનાર પુણ્ય પામે; જ્યારે ગંગાના તટ પર રહેનારા ને રોજ તેના પવિત્ર જળને બગાડવાનો પ્રયત્ન કરનારા પાખંડી હોય તે પુણ્યને બદલે પાપનો પુંજ ખડકતા હોય.

ઉપરની દૃષ્ટિએ વાંચનારને મારી સલાહ છે કે તે એક નકશો પાસે લઈને આવા લેખ વાંચે. આવા લેખો વાંચવાનું સુગમ પડે તે અર્થે વિદ્યાપીઠ ગુજરાતી ભાષામાં કોઈ દહાડો નથી રચાયો તેવો શબ્દકોશ તો રચી જ રહેલ છે. તે કોશ વાંચનારને હાથ ન આવે ત્યાં લગી તે ગમે ત્યાંથી શબ્દોના અર્થો મેળવી પોતાનો શબ્દકોશ બનાવી લે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૬–૯–૧૯૨૮

## ૩૧૮. અંધશ્રદ્ધા

શ્રી હરજીવન કોટક કાશ્મીરના પાટનગર શ્રીનગરમાં ચરખા સંઘ વતી ખાદીકામ કરી રહ્યા છે. પણ ખાદીસેવકનું હૃદય જ્યાં દુ:ખ જુએ ત્યાં પીગળે તો ખરું જ. તેથી જ્યારે અમરનાથના યાત્રાળુઓ અતિવૃષ્ટિને લીધે પીડાયા ત્યારે તેમણે તાર કર્યો. મેં હકીકત માગી તેનો જવાબ નીચે મુજબ આવ્યો છે:[1]

અમરનાથ ક્યાં ને મોટરલૉરી ક્યાં? એવો એક સમય હતો કે જ્યારે અસંખ્ય યાત્રાળુઓ કન્યાકુમારીથી કાશ્મીર લગી પગપાળા જઈ, અનેક સંકટો વેઠી અમરનાથ ચડતા. તે વેળા પણ જીવને જોખમ હતું. તે વેળા કેટલાએ પુણ્યની શોધમાં નીકળતા પોતાના વહાલા જીવ ખોયા હશે તેના આંકડા આપણી પાસે નથી, નહોતા તે દહાડે પણ કોઈની પાસે. આ ખરી યાત્રા હતી.

આજે તો અમરનાથની તળેટી લગી મોટરલૉરી જેમ માલ ઉતારે તેમ યાત્રાળુઓને ઉતારે છે, ને યાત્રાળુઓ તેમ સુખેથી જવામાં પુણ્ય માને છે. પછીનો રસ્તો પગપાળા કે ઘોડે જવાનો રહ્યો, તે આ યાત્રાળુઓ જેમ તેમ કરી કાપે છે. જો છેવટ લગી કોઈ લૉરી લઈ જાય અથવા હવાઈ જહાજથી અમરનાથની ટોચે તેમને ઉતારે તો તેઓ તેમ જાય.

આમ મનુષ્ય સુખ શોધતો છતો ધર્મભાવનાને વશ રહી દુ:ખ વેઠે છે ને મરણની ભેટ પણ કરે છે. આમાં અંધશ્રદ્ધા છે. અંધશ્રદ્ધા સુખ શોધતી દુ:ખ વેઠવા તૈયાર રહે છે. શુદ્ધ સાત્વિક શ્રદ્ધા દુ:ખ વેઠવામાં સુખ જુએ છે, ને તેથી જાણે છે કે વૈમાનમાં બેસીને અમરનાથ જવું તે કુતૂહલ શાંત કરવાનો માર્ગ છે, યાત્રાનો નહીં. સાત્વિક શ્રદ્ધા તો ઉઘાડે પગે જ હીંડતી જાય; કાંટાની, ટાઢ–તડકાની, વાઘવરુની પીડાની બરદાસ કરે, ને અમરનાથ ન પહોંચે તોયે પહોંચવાનું ફળ મેળવી લે. તેની પાસે વૈમાન, મોટર, રેલ અને પગથી એમ ચાર પસંદગી હોય તોયે તે પગથીને પસંદ કરી સુખ મહાલે. આવી દૃઢતા જ્યારે લોક મેળવે ત્યારે તેનો ધર્મ જુદું

૧. અહીં આપ્યો નથી. અમરનાથની જાત્રાએ જતો ૫૦૦૦ સ્ત્રીપુરુષો અને બાળકોનો સંઘ વરસાદના તોફાનમાં સપડાઈ ગયો હતો. તોફાન અઠવાડિયું ચાલ્યું હતું અને તેથી બધો વ્યવહાર કપાઈ ગયો હતો.

Gandhi Heritage Portal

જ સ્વરૂપ પકડે. ત્યારે તે અમરનાથની યાત્રામાં ને સ્વરાજ્યયાત્રામાં ભેદ ન માને. અમરનાથ જતાં દુ:ખ વેઠવામાં પુણ્ય માને, અને સ્વરાજને સારુ ફાંસીએ ચડતાં પણ પુણ્ય માને. જે પાછા હઠે એ ધર્મને જાણતા નથી.

લોકસેવકની પાસે કામ કરવા સારુ લોકની શ્રદ્ધાનું અપરિમિત ક્ષેત્ર પડ્યું છે. વલ્લભભાઈ તેને ઓળખી ગયા. તેમણે સરકારની સામે અહિંસક યુદ્ધ કરવામાં ધર્મ છે એમ લોકોને બતાવ્યું. લોકો ધર્મનું નામ જાણી દોરાયા, તેમણે સાચે જ સત્યાગ્રહમાં ધર્મ જોયો, ને તેઓ યાત્રાનો શુદ્ધ અર્થ સમજ્યા. ખરી યાત્રા હૃદયમાં છે; ખરી યાત્રા પારમાર્થિક ભાવે દુ:ખ વહોરવામાં ને વેઠવામાં છે.

વાંચનાર જોશે કે અમરનાથના યાત્રાળુઓના દુ:ખનિવારણ સારુ મેં મદદ માગી નથી, તેમને સારુ દિલગીરી પણ જાહેર નથી કરી. યાત્રાળુઓ મદદ પામે એવું છે નહીં, યત્કિંચિત્ જોઈએ તે ત્યાંથી જ મળી રહી હોય. જે ગયા તે ગયા, રહ્યા તે તળેટીએ પહોંચતાં મુક્ત થયા. મહાન શિખરોએ ચડનારા અસંખ્ય લોકોને સારુ અમરનાથના અનુભવ સાવ સાધારણ બનાવ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૯–૧૯૨૮

## ૩૧૯. તહેવાર કેમ ઊજવાય?

મુંબઈથી પર્યુષણના ઉત્સવ નિમિત્તે બે ભાઈઓએ રૂ. ૭૫ની હૂંડી ગમે ત્યાં સદુપયોગ કરવા સારુ મોકલાવી છે. આનો ઉપયોગ અંત્યજ ભાઈબહેનોના ખાતે થશે. તહેવારો ઊજવવામાં સામાન્ય રીતે આપણે પોતાની ઉપર, મોજશોખમાં, ખાવાપીવામાં ને ખવડાવવા પિવડાવવામાં પૈસો બરબાદ કરીએ છીએ. તેને બદલે આ ભાઈઓએ જે નીતિ ગ્રહણ કરી છે ને બીજાઓ ગ્રહણ કરી રહ્યાનાં દૃષ્ટાંત નવજીવનમાં આપવામાં આવે છે તેમની નીતિ ગ્રહણ કરવા યોગ્ય છે. મરણ, વિવાહ, જન્મ ઇત્યાદિ પ્રસંગે જે ધામધૂમ થાય છે અને ખાણાં આપવામાં આવે છે, તેમાં વપરાતાં નાણાં પૂરાં અથવા તેનો ઘણો ભાગ બચાવવામાં આવે અને બચેલાંના પચાસ ટકા સાર્વજનિક કામોમાં આપવામાં આવે તો ધર્મ અને અર્થ, સ્વાર્થ અને પરમાર્થ બંને સચવાય. ઘણાને તો માત્ર લોકલાજ આડે આવે છે. આવી લોકલાજના ભૂતથી ન ડરી જેઓ આ વસ્તુ સમજ્યા છે તે ઉપલાં દૃષ્ટાંતોને અનુસરે એ ઇચ્છવા યોગ્ય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૯–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૨૦. વલ્લભભાઈ પટેલને તાર

આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૭, ૧૯૨૮

વલ્લભભાઈ પટેલ
હોટેલ સેસિલ, સિમલા

લાયલપુરના કાર્યકરો જણાવે છે કે હું હા પાડું તો તમે પ્રમુખપદ[1] સ્વીકારો. તમે વખત આપી શકો એમ છો એવું તમને લાગતું હોય ને તમારી ઇચ્છા હોય તો મારો વિરોધ અફર નથી.

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૮૬૩

## ૩૨૧. પંજાબ રાજકીય પરિષદના સેક્રેટરીને તાર

આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૧૮, ૧૯૨૮

સેક્રેટરી
પંજાબ રાજકીય પરિષદ
લાયલપુર

તાર મળ્યો. વલ્લભભાઈને તાર[2] કર્યો છે; પ્રમુખ થવા સમય નથી, ઇચ્છા નથી એવું કહે છે, તેથી લાચાર છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૮૬૪

૧. પંજાબ રાજકીય પરિષદનું.
૨. જુઓ આ પહેલાંનો તાર.

Gandhi Heritage Portal

## ૩૨૨. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સપ્ટેમ્બર ૧૮, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારા પત્રો મળ્યા છે. ૨૫મીએ તો આપણે મળીશું એવી ધારણા છે, તેથી વધુ લખતો નથી.

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૯૬

## ૩૨૩. કેદીઓ પ્રત્યેનું વર્તન

૧૨મી સપ્ટેમ્બરની પોતાની યાદીમાં માહિતીખાતાના અધ્યક્ષે ૧૬મી ઑગસ્ટના યંગ ઇન્ડિયામાં સાબરમતી જેલમાં કેદીઓને અપાતા ખોરાક વિશે લખાયેલ લેખનો[1] જવાબ આપવા પ્રયત્ન કર્યો છે. સદરહુ લેખમાં કરેલાં વિધાનો ખોટાં છે એવું તેઓ હિંમતથી કહે છે. પરંતુ બેદરકારીનો જેમના પર આક્ષેપ છે તે જ પક્ષે આપેલી માહિતી ઉપર પોતે આધાર રાખ્યો છે, અને જાતે કશી તપાસ કરી નથી એવું તેમની યાદી પરથી તદ્દન સ્પષ્ટ થાય છે. જેલમાં રહેતા કેદીઓની તબિયત જેલ બહાર રહેતી જનતાની તબિયત કરતાં વધારે સારી હોય છે એવું આંકડા પુરવાર કરે છે, એ વિધાનનો મારે રદિયો આપવાની જરૂર નથી. આ તો સર્વસ્વીકૃત હકીકત છે, અને તેનું સીધુંસાદું કારણ એ છે કે આરોગ્યને લગતા કાયદાઓનો અમલ જેલ બહાર થાય છે તેનાં કરતાં જેલમાં બહુ સારી રીતે થતો હોય છે. પણ જેલમાં આરોગ્યની વ્યવસ્થા સારી હોય તેથી કેદીઓ તરફનું વર્તન વધારે માનવતાભર્યું હોય કે એમની વધારે કાળજી રખાતી હોય એવું સાબિત થતું નથી. જેલોની આખી વ્યવસ્થામાં માનવતાનો અભાવ છે એ જ મારો મુદ્દો છે. એટલે, બહારની જનતા કરતાં કેદીઓની તબિયત એકંદરે સારી હોય છે એવું કહેવાનો કશો જ અર્થ નથી. વળી જે વર્ગમાંથી સત્યાગ્રહી કેદીઓ આવે છે તે વર્ગને ઉપલું વિધાન લાગુ પાડીએ તો તે તદ્દન નિરાધાર બને છે એવો હું દાવો કરું છું. અધ્યક્ષે ઇચ્છયું હોત તો તેમને એવું કહેવાની છૂટ હતી કે સત્યાગ્રહી કેદીઓ બરોબર જાણતા હતા કે જેલની દીવાલોની અંદર માનવતા જોવા મળવાની નથી. પેલા લેખમાં મેં કરેલાં વિધાનોમાં તથ્ય હતું : કારણ, એવો દાવો વારંવાર કરવામાં આવે છે કે હિંદની જેલોમાં કેદીઓ સાથે માનવતાભર્યો વ્યવહાર થાય છે, અને કેદીઓની રાખી શકાય એટલી કાળજી આ જેલોમાં રખાય છે.

અધ્યક્ષે પોતાની યાદીમાં કરેલાં અમુક અમુક ચોક્કસ વિધાનો બાબત તો કેદમાંથી છૂટેલા કેદીઓએ કરેલાં નિવેદનોમાંથી હું ઉતારા આપી શકું. આ કેદીઓમાંના પ્રત્યેકને જેલના આખા

૧ જુઓ "આપણી જેલો", ૧૬-૮-૧૯૨૮.

Gandhi Heritage Portal

અમલદાર વર્ગ કરતાં હું વધારે વિશ્વાસપાત્ર ગણું છું. આ નિવેદનો સત્યાગ્રહી કેદીઓએ જેલમાંથી છૂટયા બાદ, જેલમાં કેદીઓ સાથે કેવી રીતે વર્તવામાં આવતું હતું એવા મારા પ્રશ્નના જવાબમાં કર્યાં હતાં. જેલમાં જતાં પહેલાં જેમની તબિયત ખૂબ સરસ હોવાની મને ખબર હતી તે જ ભાઈ શ્રી ચિનાઈની ભાંગી ગયેલી હાલત સગી આંખે જોઈ, તથા વિદ્યાપીઠના વિદ્યાર્થી ભાઈ દિનકરને, જો એને ઉત્તમોત્તમ માવજત તથા કુશળ તબીબી સારવાર જેલમાંથી છૂટયા બાદ ન મળી હોત તો એનો જીવ જાત, એવા હઠીલા તાવથી પીડાતો જોયો, ત્યારે મેં આ પ્રશ્ન કર્યો હતો.

વાલોડના એક પ્રતિષ્ઠિત સજ્જન ભાઈ સન્મુખલાલના નિવેદનમાંથી હું પ્રથમ ઉતારો આપું છું. ખરાબ ખોરાકને પરિણામે એમને બે વાર મરડો થયો હતો.

> અમને આપવામાં આવતી ભાજી એવી ખરાબ હતી કે વાત નહીં . . . લૂણીની ભાજી તો એવી ગંધાતી કે ગંધ નાકમાંથી નીકળે જ નહીં, ને મારે તો બંધ જ કરવી પડી. લૂણી પૂરી થઈ એટલે મૂળાની ભાજી તથા કોબીજને મળતાં સૂકાં પાનાંનો ખીચડો શરૂ થયો; પરિણામે, કેદીઓમાંના ઘણાને તરત જ આંતરડાની તકલીફો શરૂ થઈ. પણ સુપરિન્ટેન્ડેન્ટને આ અંગે ફરિયાદ કરવા જેટલી હિંમત કોઈ દાખવી શકયા નહીં. કેટલાક કેદીઓ તરફથી એવું પણ જાણવા મળ્યું કે આવી ફરિયાદ કરવા બદલ એક કેદી ભાઈને મહિનાઓ સુધી દંડા બેડીની સજા કરવામાં આવી હતી. . . .
>
> થોડા વખત બાદ પરિસ્થિતિ કંઈક સુધરી . . . કોળું, ડુંગળી અને પાછળથી તૂરિયાં, ગવાર વગેરે ભાજીમાં ઉમેરાયાં. ગવાર તથા તૂરિયાં બંને વધુ પડતાં પાકી ગયેલાં હોવાથી કઠણ અને રેસાદાર આવતાં, છતાં કેદીઓ આ બે ચીજોને સ્વાદિષ્ટ ગણી વીણી વીણી ખાતા.
>
> જુવારનો જે રોટલો મળતો તે અર્ધો કાચો આવતો, અને એમાં એટલી બધી કાંકરી આવતી કે ચાવી શકાય જ નહીં, ને ચાવ્યા વગર જ ઉતારી જવો પડે. દળવાની ઘંટી જ્યારે તાજી ટંકાઈ હોય ત્યારે આ ખાસ બનતું. આ ખોરાકને કારણે મને મરડો લાગુ પડયો, ને અમારામાંથી અર્ધા લોકોની મારા જેવી જ હાલત થઈ.

શ્રી સી. એલ. ચિનાઈ પોતાના નિવેદનમાં એની એ જ હકીકત ફરીથી કહે છે:

> ત્યાંનો ખોરાક મને માફક ન આવવાથી મને પેટનો દુખાવો શરૂ થયો ને ત્યાર બાદ ઝાડા થવા લાગ્યા. કોઈ કોઈ વાર દિવસના ૩૦થી ૩૫ ઝાડા થઈ જતા. જે દહાડે હું ભાજી લેતો તે દહાડે ખસૂસ મને ઝાડા થતા. આને લીધે મારું વજન ઝડપથી ઘટવા માંડયું. દાક્તરને મેં આ વિશે ફરિયાદ કરી ત્યારે સલાહ મળી કે તબિયત જાળવવી હોય તો મારે ભાજી છોડી દેવી જોઈએ. મેં તેમ કર્યું અને તે સમયથી માંડીને છેક સુધી માત્ર રોટલા ને પાણી પર રહ્યો. મેં સુપરિન્ટેન્ડેન્ટને આ બાબત ફરિયાદ કરેલી નહીં કેમ કે કેદીઓની ખોરાક બાબતની ફરિયાદ તો તે ધ્યાનમાં લેતા જ નહીં. મેં તો એમ પણ સાંભળેલું કે આવી ફરિયાદ કરવા માટે કેદીઓને સજા ફટકાર્યાના દાખલા પણ બન્યા હતા. પરિણામે સત્તાવાળાઓ આગળ આવી બાબતો રજૂ કરવાની કોઈ હિંમત કરતું નહીં.

લોખંડી બાંધાવાળા રવિશંકર વ્યાસને પણ પોતાના નિવેદનમાં કહેવું પડયું છે કે:

Gandhi Heritage Portal

ભાજીમાં સૂકાં, ચવ્વડ, ચામડા જેવાં પાંદડાં ને થોડું કોળું ભેગાં કરી આપતા. આ ખાધું એટલે પેટમાં દુખાવો થયો જ જાણો.

ભાઈ ચિનાઈને એમના ગજા બહારની સખત મજૂરી આપવામાં આવી હતી, ને તેને લીધે એમને ચક્કર આવતાં, છતાં વીસ દિવસ સુધી એમને તેની દવા મળી નહોતી. જેલવાસ દરમિયાન એમનું વજન ૨૦ રતલ ઘટી ગયું હતું. આવો જ કિસ્સો ગોવિંદ ગોસાંઈનો છે. એમને સજા થઈ ત્યારે જ એમની હાલત નબળી હતી, ને છૂટયા બાદ તો એટલી કથળી ગઈ હતી કે એ પરાણે ઊભા રહી શકતા.

મારી પાસે પડેલાં નિવેદનોમાંથી મેં તો માત્ર ટૂંકા ઉતારા જ આપ્યા છે. જો સત્તાવાળાઓ આ બાબતમાં ગંભીર હોય, તો મારી પાસેનાં બધાં નિવેદનો હું ખુશીથી એમનાં પર મોકલી આપીશ ને બીજા કંઈ વધુ પુરાવા જોઈશે તો તે પણ આપીશ. માહિતી ખાતાના અધ્યક્ષે જે રદિયા આપ્યા છે તેવા રદિયાની તો લોકો પર કશી અસર પડતી નથી એની મને તો ખાતરી છે; ને તેથી કેદીઓની હાલતમાં સુધારો પણ નથી જ થતો, તેમ જેલોમાં માનવતા પણ પાંગરતી નથી. માનવતા દાખલ કરવાની પહેલી શરત તો એ છે કે માણસ થોડો નમ્ર બને, પોતે જ સાચો છે એમ માની લેતાં જરા ખચકાય અને મન ખુલ્લું રાખે. અધ્યક્ષે આપેલા રદિયામાં આ ત્રણે વાતનો અભાવ છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २०-९-१९२८

## ૩૨૪. રેંટિયો કેમ લાધ્યો?

તામિલ પ્રદેશમાં ચરખા સંઘના કામનો અભ્યાસ કરનાર એક મિત્ર લખે છે:

અહીં રેંટિયાનું અને સાળનું કામ સરસ ચાલી રહ્યું છે. લગભગ એક હજાર કાંતનારીઓ રેંટિયા ચલાવી રહી છે. તેમનામાંની ઘણીને તેમની ઝૂંપડીઓમાં જ જઈને મળી આવ્યો છું, અને જેમ જેમ અનુભવ લેતો જાઉં છું તેમ તેમ તમને રેંટિયો કેમ જડયો એને વિશે આશ્ચર્યપૂર્વક વિચાર કર્યા કરું છું. તમને એ કેમ જડયો એ તમે એક દહાડો તમારાં છાપાં દ્વારા નહીં જણાવો? જોવામાં તો રમકડા જેવડો, પરિણામે પહાડ જેવડો આ રેંટિયો છે. એને જોઉં છું ને મને વરસાદનાં ટીપાં યાદ આવે છે. ટીપાં કેવાં નાનાં પણ તેમના સંઘમાંથી બનેલો મહાસમુદ્ર એ કેવડો મહાન! તમે હિંદુસ્તાનને કાંતવાનું કહ્યું અને તેથી જ તે કાંતે છે એમ કહેવું એ કેટલું ભૂલ ભરેલું છે! સાચી વાત તો મને એ લાગે છે કે કરોડો ગામડિયાઓએ તમને રેંટિયો દેખાડયો અને તમને તેમનું સૂતર ખપાવવાને સારું પ્રતિનિધિ થવા પ્રેર્યા. રોજ હું ઘરડી સ્ત્રીઓનાં અને છોકરીઓનાં ટોળાં પોતાનું સૂતર માથા ઉપર રહેલી ટોપલીઓમાં લાવતાં જોઉં છું તે વખતે તેમના ચહેરા ઉપર આનંદ છવાઈ રહ્યો હોય છે, અને માતા જેમ બચ્ચાંને સાચવે તેમ તે પોતાના સૂતરને સાચવતી હોય છે. હું જોઉં છું કે લોકોનું લોહી ચૂસનારી નિર્દય વેપારનીતિથી પ્રજાનું જે સત્ત્વ હણાઈ રહ્યું છે તે ખાદીની મારફતે ધીમે ધીમે પાછું આવતું જાય છે. તમે કહ્યું છે કે એક દહાડો એવો

Gandhi Heritage Portal

આવશે કે જ્યારે દુનિયા એમ કહેશે કે ખાદી એ તમારી સર્વોત્તમ કૃતિ છે. આ સત્ય હું પૂર્વે સમજ્યો હતો તેના કરતાં હવે અહીંના અનુભવો પછી વધારે સારી રીતે સમજતો થયો છું.

મજકૂર મિત્રની વાત સાવ સાચી છે કે હિંદુસ્તાનના ભૂખે મરતા કરોડો મજૂરની દુ:ખી હાલતના વિચારમાંથી મને રેંટિયો જડ્યો છે. તેની પ્રથમ ઝાંખી મને વિલાયતમાં સને ૧૯૦૯ની[૧] સાલમાં થઈ. ત્યાં હું દક્ષિણ આફ્રિકાના હિંદીઓના કામને સારુ ગયેલો હતો, તે વખતે ઘણા દેશભક્ત હિંદીઓના પ્રસંગમાં આવ્યો હતો. તેમની સાથે વાત કરતાં હિંદુસ્તાનની કંગાળિયતનો ચિતાર મારી પાસે ખડો થયો, અને તેને નિહાળતાં નિહાળતાં વીજળીના ઝબકારાની જેમ વિચાર ઝબકી ઊઠ્યા કે રેંટિયા વિના સ્વરાજ અશક્ય છે. મેં એકદમ જોઈ લીધું કે નાના મોટા, ભણેલા-અભણ, ધનિક-ગરીબ, બધાએ કાંતવું જોઈએ. પણ તે વખતે સાળ અને રેંટિયા વચ્ચેનો ભેદ સરખોયે હું નહોતો જાણતો. કાંતવાની ક્રિયા કદી જોઈ નહોતી, સાળ પણ ક્યાંયે જોયાનું યાદ નથી. પણ જ્યાં સુધી હિંદુસ્તાનનો મધ્યમવર્ગ કાંતવાનો યજ્ઞ ન કરે ત્યાં લગી ભૂખે મરતા કદી નહીં કાંતે એમ હું દીવા જેવું એ વખતે જોઈ શક્યો અને હિન્દ સ્વરાજ[૨]માં છેલ્લા પ્રકરણમાં મેં નીચે પ્રમાણે લખ્યું :

માંગ્યું નહીં મળે; લીધું લેવાશે. લેવાનું બળ જોઈએ. તે બળ તો તેને જ હશે કે—

૨. જે વકીલ હોઈ પોતાની વકીલાત છોડી દેશે ને પોતે ઘરમાં રેંટિયો લઈ લૂગડાં વણશે.

૮. જે દાક્તર હોવા છતાં રેંટિયો પોતે પણ લેશે.

૧૦. જે ધનાઢ્ય હોઈ પોતાનો પૈસો રેંટિયા સ્થાપવામાં વાપરશે ને પાતે માત્ર સ્વદેશી માલ પહેરી, વાપરી બીજાને ઉત્તેજન આપશે.

આમ જે વાત મેં સને ૧૯૦૯માં કરી અને ત્યારે સાચી હતી તેટલી જ તે વાત આજે સાચી છે. અને આજે તો વકીલો, દાક્તરો અને એવા બીજા યજ્ઞાર્થે કાંતતા થઈ ગયા છે, એટલું જ નહીં પણ તેઓ ખાદીની હિલચાલને ચલાવી રહ્યા છે. દુર્દૈવ એ છે કે ભૂખથી પીડાતા લોકોના જીવનમાં નિરાશાથી ઉત્પન્ન થયેલી જે મંદતા આવી ગયેલી છે તેમાંથી તેમને જાગ્રત કરવાને સારુ જેટલા જોઈએ તેટલા આ પ્રતિષ્ઠિત વર્ગના માણસો હજુ નીકળી પડ્યા નથી. તેમનો મોટો ભાગ તો દૂર રહી શંકાની નજરે જોયા કરે છે, અથવા કેમ જાણે તેમને કરોડો ગરીબની સાથે લેવાદેવા જ ન હોય તેમ બેદરકાર રહે છે. હાલ જે દાવાનળ તેની સમક્ષ સળગી રહ્યો છે તેના કરતાં પણ મોટા દાવાનળની તેઓ રાહ જોઈ રહેલા લાગે છે. શું જ્યારે કરોડો એકસામટા ભૂખના દુ:ખથી મરી જશે ત્યારે જ તેઓ નિદ્રામાંથી ઊઠશે અને કંઈક કરતા થઈ જશે? તેમની ઉદાસીનતા અથવા બેદરકારીનું ગમે તે કારણ હો, આટલું તો સ્પષ્ટ છે કે જેની હૂંફ ભૂખથી પીડાતા કરોડોને ન મળે તે જીવતું સ્વરાજ ન જ ગણી શકાય, અને જ્યાં લગી જે મધ્યમવર્ગ ગરીબોને ચૂસી ચૂસીને અમનચમન ભોગવી રહ્યો છે તેની વચ્ચે ને ગરીબોની વચ્ચે ખરો ભાઈના જેવો જીવતો નિર્મળ સંબંધ બંધાયો નથી ત્યાં સુધી હિંદુસ્તાનના દરિદ્રોને સ્વરાજની હૂંફ મળવાની જ નથી.

૧. મૂળમાં '૧૯૦૮' છે.
૨. જુઓ પુસ્તક ૧૦ પા. ૧૪–૬૫.

Gandhi Heritage Portal

આવો સંબંધ બંધાવી આપનારી પ્રચંડ શક્તિરૂપે રેંટિયાનાં માનસિક દર્શન સને ૧૯૦૯ની સાલમાં મેં કર્યાં. પણ મૂર્તિમંત રૂપે તો મેં તે ત્રણ વર્ષના મહાપ્રયત્ન પછી સને ૧૯૧૮ની સાલમાં જોયો. સને ૧૯૧૯[1]ની સાલમાં મુંબઈની શૃંગારપ્રિય બહેનોની સગવડને ખાતર મર્યાદાથી અંકાયેલ ખાદીની પહેલી પ્રતિજ્ઞા લેવાઈ. સને ૧૯૨૧[2]ની સાલમાં રેંટિયાને મહાસભાના ઠરાવોમાં સ્થાન મળ્યું. ત્યાર પછીનો ઇતિહાસ જગજાહેર છે. ચરખા સંઘના લગભગ બે હજાર કાર્યકર્તાઓ અને લગભગ સિત્તેર હજાર કાંતનારીઓના જીવનમાં તે ઇતિહાસ હજુ ઘડાઈ રહ્યો છે. સિત્તેર હજાર કાંતનારીઓનાં ઝૂંપડાંમાં ઘોર અંધારું હતું ત્યાં રેંટિયાએ કંઈક અજવાળું આણ્યું છે. એ જ અજવાળું કરોડોનાં ઝૂંપડાંમાં દાખલ કરવાની એ ચક્રની શક્તિ છે. આપણે જો શહેરના આડંબરી તેજથી અંજાઈ ન ગયા હોઈએ તો આપણે તુરત જોઈ શકીએ કે બધા મળીને ઇરાદાપૂર્વક શુદ્ધ પ્રયત્ન કરીએ તો હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંના દરેક ઝૂંપડામાં રેંટિયાનો પ્રવેશ કરાવી શકીએ. ધારો કે ત્રીસ કરોડમાંથી દસ કરોડ કાંતતા હોય અને એક રેંટિયાના ઉત્પન્નને દસ કરોડે ગુણી કાઢો તો રેંટિયાની શક્તિનું આપણને ઠીક ઠીક માપ મળી આવશે. પણ જે શંકાશીલ છે, જે રેંટિયાના પ્રત્યે વહેમાઈ ગયેલ છે તે કશું સાંભળવાની ના પાડશે, અને કહેશે : "આંકડાની દૃષ્ટિએ તમે ગમે તે સિદ્ધ કરો તેથી શું થયું? અમે તો વ્યવહારદૃષ્ટિને જ જાણીએ, અને તે દૃષ્ટિએ જોતાં તમારો હિસાબ ખોટો છે." આપણામાં કહેવત છે કે "ઊંઘતાને જગાડી શકાય" પણ જાગતો જે ઊંઘનો ઢોંગ કરે છે તેના કાનમાં ઢોલ વગાડો તોયે તે નહીં જાગે. પણ આવી સ્થિતિમાં જ શુદ્ધ કાંતનારની ધીરજ કામમાં આવવાની છે. તેના શબ્દકોશમાં પરાજયને સ્થાન નથી. પણ જ્યાં સુધી રેંટિયાને હિંદુસ્તાનના પ્રત્યેક ઘરમાં ને ઝૂંપડામાં જેમ ચૂલાને છે તેમ જ સ્થાન નથી મળ્યું ત્યાં લગી લખનાર મિત્રના પ્રશ્નનો ખરો જવાબ તો કદાચ આ હોય : રેંટિયો હજુ જડયો નથી પણ જડી રહ્યો છે. આટલી તો મને અચલિત શ્રદ્ધા છે કે કોક દિવસે એ જડશે જ. કેમ કે હવે દેશમાં કેટલાક એવા રેંટિયાપ્રેમી પડયા છે કે જેઓ તેની ખરી શોધને, એટલે કે તે તેનું અસલી સ્થાન પ્રત્યેક ઘરમાં પામે તેને સારુ પોતાના પ્રાણ પાથરવાને તૈયાર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०–९–१९२८

ભાષાંતર : नवजीवन, ७–१०–१९२८

૧. જુઓ પુસ્તક ૧૫, પા. ૨૯૩–૫.

૨. જુઓ પુસ્તક ૨૨, પા. ૩૪૬.

Gandhi Heritage Portal

## ૩૨૫. ગોરક્ષા, સાચી અને ખોટી

ભારતમાં પ્રવર્તમાન ગોપૂજાનું આંતરિક રહસ્ય સમજવાની જેમની ઇચ્છા હોય તે સૌને સમર્થ કલમે લખાયેલો આ લેખ[1] ધ્યાનથી વાંચી જવાની હું ભલામણ કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-९-१९२८

## ૩૨૬. નોંધ

ગુરુવાર [સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૮]

### ગોધરામાં હિંદુમુસલમાન વચ્ચે લડાઈ

ગોધરાથી મને બુધવારે એક પત્તું મળ્યું તેમાં ખબર મળ્યા કે પર્યુષણના ઉત્સવ સમયે હિંદુ-મુસલમાન વચ્ચે લડાઈ થઈ તેમાં શ્રી વામનરાવ મુકાદમ, શ્રી પુરુષોત્તમદાસ શાહ અને બીજા કેટલાક હિંદુઓને ગંભીર જખમ થયા. આજે આ લખતી વખતે (ગુરુવારે) તાર મળ્યો છે કે શ્રી પુરુષોત્તમદાસનો સ્વર્ગવાસ થયો છે. મરનારના કુટુંબને મારી લાગણી બતાવવા ઉપરાંત હું કંઈ જ નથી કરી શકતો એ મારી અશક્તિ હું જાણું છું, ને દુ:ખી થાઉં છું. તેથી આ મારા ખાસ વિષય વિશે હું આજકાલ કંઈ જ લખતો નથી. મને કશું કહેવાનો અધિકાર છે એમ હું માનતો નથી. મારી પાસે જે ઔષધ છે તે બંને પક્ષને સારુ નિરુપયોગી છે એમ હું જોઈ ગયો છું. અહિંસા અથવા પ્રેમ સિવાય મારી પાસે બીજું ઔષધ નથી. એ ઔષધની ઉપયોગિતા હું અત્યારે કોઈને સમજાવી શકું તેમ નથી. એટલે મારે સારુ મૌન યોગ્ય છે એમ હું માનું છું ને જાણું છું. મારું મૌન એ જ મારો ઐક્ય વધારવાના પ્રયત્નોમાં ફાળો છે. પણ એ મૌન એટલે ઉદાસીનતા નથી. હું પ્રાર્થનાને માનનારો હોઈ ઈશ્વર પ્રત્યે નિરંતર માગું છું કે બંને કોમોને તે સન્મતિ આપે અને બંનેમાં હાર્દિક ઐક્ય ફેલાય. એ પ્રાર્થના સાચી જ હશે તો આ વેર મટાડનારી કંઈક વસ્તુ મને વહેલીમોડી જડશે.

### ખાદીના ભાવમાં મુદતી ઘટાડો

અમદાવાદ રિચીરોડ પર આવેલા શુદ્ધ ખાદીભંડારના વ્યવસ્થાપક લખે છે કે તા. ૧૦ ઑક્ટોબરથી તા. ૨૦ ઑક્ટોબર સુધી ખાદી નીચે પ્રમાણે ઘટાડેલ ભાવથી વેચવામાં આવશે :[2]

આ સિવાય બીજી કેટલીક જાતો જેવી કે શાલ, સાડી, છીંટ, ટુવાલ, રૂમાલ, ધોતી, ટોપી, ઝીણી તથા જાડી નાનામોટા પનાની ખાદી તથા તેની અનેક જાતો તથા ગરમ માલ વગેરેમાં સવાછથી સાડાબાર ટકા સુધી વળતર કાપી આપવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २३-९-१९२८

૧. પ્યારેલાલે લખેલો. એમાંના ઉતારા માટે જુઓ પરિશિષ્ટ ૪.

૨. ભાવોનું પત્રક અહીં આપ્યું નથી.



Gandhi Heritage Portal

## ૩૨૭. અમૃતલાલ ઠક્કરને તાર

[સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૮][1]

અમૃતલાલ ઠક્કર
ગોધરા

શાહના મૃત્યુના સમાચારથી ઊંડું દુ:ખ થયું છે. કુટુંબને મારા તરફથી આશ્વાસન પહોંચાડશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૭૭૬

## ૩૨૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ

[સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૮][2]

પરમ માનનીય શાસ્ત્રી
પ્રિટોરિયા

અબુબકરની પ્રિટોરિયામાંની મિલકત બાબત જાતે રસ લેશો. એમના ભાઈ ઉમર ઝવેરી તમને મળશે. મિલકત ૧૯૦૮ના પબ્લિક સેટલમેન્ટની બાબત હતી. વારસદાર તથા ઉત્તરાધિકારીઓ માટે જાળવાવી જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૧૯૬૧

## ૩૨૯. ઉમર ઝવેરીને કેબલ

[સપ્ટેમ્બર ૨૦, ૧૯૨૮][3]

ઉમર ઝવેરી
ડરબન

શાસ્ત્રીજીને કેબલ કર્યો છે. એમને રૂબરૂ મળો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૧૯૬૧

૧. જુઓ આ પહેલાંના લેખની પહેલી નોંધ.
૨. અને ૩. ટાઇપ કરેલી નકલ પરથી (એસ. એન. ૧૧૯૮૭).

Gandhi Heritage Portal

## ૩૩૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ ચાર્લી,

તમારા પત્રો મળ્યા છે. સાઈમન કમિશનમાં મને કશો રસ રહ્યો નથી. કમિશન તરફથી જે કંઈ બહાર પડે છે તેમાં મને સચ્ચાઈ દેખાતી નથી. સર જૉન સાઈમનના પત્રોમાં અસત્યનો રણકો સંભળાય છે; આમ તેઓ ઈરાદાપૂર્વક ન કરતા હોય તો તો નક્કી, સાચી પરિસ્થિતિ વિશે એમને છેક જ અંધારામાં રાખવામાં આવ્યા છે.

મહાદેવ સિમલાથી આજે પાછા ફરે છે. એમને થોડો આરામ મળ્યો તથા રોજિંદા કામમાંથી છૂટી શકયા તેનો મને આનંદ છે. બેશક, સિમલામાં રહીને જ બારડોલી વિશેના પોતાના આગામી પુસ્તકનાં પ્રકરણો એમણે લખ્યાં. વલ્લભભાઈ તથા સ્વામી પણ આજે સિમલાથી આવે છે. જોકે સિમલાના વાતાવરણથી આ ત્રણે કંટાળી ગયા હતા.

દેવદાસ દિલ્હી છે. કૃષ્ણદાસ બિહારમાં રામવિનોદ પાસે છે. પ્યારેલાલ તથા સુબૈયા અહીં છે. આવતા અઠવાડિયામાં મીરાંબહેન થોડા દિવસના પ્રવાસે જશે. ખાદીભંડારો જોવાનો એમનો ઈરાદો છે. ત્યાં રહીને તમે ગજા ઉપરનું કામ નહીં કરો એવી આશા છે.

ઈટલીથી આવેલા કેટલાક પત્રો આ સાથે બીડયા છે.

પ્યાર.

**મોહન**

સી. એફ. ઍન્ડ્રૂઝ એસ્ક્વાયર
૧૧૨ ગાવર સ્ટ્રીટ, લંડન, ડબ્લ્યુ. સી. ૧

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૨૬૩૦

Gandhi Heritage Portal

## ૩૩૧. એમ. આર. જયકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ જયકર,

તમારો પત્ર મળ્યો. તમારી સમક્ષ આવેલી દરખાસ્ત વિશે મહાદેવે મને વાત કરી છે. મારા પર એક ટૂંકો પત્ર પણ મોકલ્યો છે, પણ તે જણાવે છે કે એના અહીં આવ્યા પછી જ મારે જવાબ લખવો. આ કારણે આ વિશે વિચાર કરવા મને એક રાત મળી, અને ચારે બાજુનો વિચાર કરતાં એ નિર્ણય પર આવ્યો છું કે તમારે તે સ્થાન સ્વીકારવું નહીં. મારો અભિપ્રાય તો એવો છે કે શાસ્ત્રીના[1] અનુગામીને પસંદ કરવામાં વાઈસરૉયે શાસ્ત્રીની જ સલાહ લેવી જોઈએ. પણ જો વાઈસરૉય તેમ ન કરે, તો મહારાજ કુંવરસિંહ તે જગાએ જવું જોઈએ. આ સ્થાનની જવાબદારી ભારે કપરી છે, અને જેને દૃઢ શ્રદ્ધા હોય કે બ્રિટિશ સરકાર સાથેનો સંબંધ ઇષ્ટ છે, ને ચાલુ રાખવો જોઈએ, તે જ એ સ્થાને રહી શકે. મારી આ માન્યતા પાછળ રહેલાં કારણો સમજાવવાનું અઘરું છે, પણ મારી ખાતરી છે કે મારું દૃષ્ટિબિંદુ સમજવામાં તમને તો મુશ્કેલી નહીં જ પડે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૯૯૫

## ૩૩૨. ઈ. સી. ડેવિકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્ર માટે તથા સ્ટયૂડન્ટ વર્લ્ડના એપ્રિલ ને જુલાઈના અંકો માટે આભાર.

ડિસેમ્બરમાં મૈસૂર ખાતે મળનાર પરિષદ[2] વિશે તમે લખ્યું તે ધ્યાનમાં છે. તમને ચોક્કસ જવાબ આપવાનું હજી શકય નથી. વળી, હું પરિષદમાં આવી શકું એ આશાએ કશા ઘોડા નહીં ઘડવા માટે મેં તમને ચેતવેલા જ છે.

તમારો સહૃદયી

રેવરન્ડ ઈ. સી. ડેવિક
૫, રસેલ રોડ, કલકત્તા.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૨૯

૧. દક્ષિણ આફ્રિકા ખાતેના હિંદ સરકારના એજન્ટ જનરલ, વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી.
૨. વર્લ્ડ્ઝ સ્ટયૂડન્ટ ક્રિશ્ચિયન ફેડરેશનની.

Gandhi Heritage Portal

## ૩૩૩. ચોઇથરામ પી. ગિદવાણીને પત્ર

સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી ડૉ. ચોઇથરામ,

હાલ તો આશ્રમ છોડીને મારાથી ખસાય એવું જ નથી; અને વલ્લભભાઈ પણ કામમાં ગળાડૂબ છે. હાલ વલ્લભભાઈને આપણે તસ્દી ન આપીએ એ જ મને ઠીક લાગે છે. બારડોલી ખાતેનો રચનાત્મક કાર્યક્રમ એમને પૂરો કરવા દો. સરકારની સાથે લડવા કરતાં આ કામ ઘણું વધારે કઠિન છે. આમ છતાં તમારો કાગળ હું વલ્લભભાઈને બતાવીશ, અને તમને જવાબ લખવા કહીશ.

તમારો સહૃદયી

ડૉ. ચોઇથરામ પી. ગિદવાણી
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૩૦

## ૩૩૪. ધન્વંતરિને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્રો મળ્યા છે. વિદ્યાર્થી મંડળને હું આપી શકું એવો સંદેશો આ છે:

"તમારા માર્ગમાં આડે આવતી સરકાર કે બીજી કોઈ સત્તાથી ડરશો નહીં. આગળ ધપો, અને શિક્ષણ શબ્દનો અર્થ પણ ન સમજનાર સખત મહેનત કરનારા કરોડો લોકો સાથે અતૂટ સંબંધ બાંધો."

તમારો સહૃદયી

શ્રી ધન્વંતરિ
સેક્રેટરી : લાહોર વિદ્યાર્થી મંડળ, લાહોર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૩૧

Gandhi Heritage Portal

## ૩૩૫. કૃષ્ણદાસને પત્ર

સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ કૃષ્ણદાસ,

તમારું પોસ્ટકાર્ડ મળ્યું. . . .[1] તો હરામખોર છે. તમને મળવા અહીંથી છેક કલકત્તા સુધી પોતે ચાલતો આવ્યો છે એવું એ કહેતો હોય તો એ જૂઠું બોલે છે. એ તો ઘણી જગાએ ફરતો ફરે છે; વૃંદાવન પણ ગયેલો ને ત્યાંથી લખેલું કે પોતે હવે લગભગ સ્થિર થઈ ગયો છે. એ દિલનો ભલો છે, પણ બિલકુલ વિશ્વાસપાત્ર નથી.

યુરોપથી પાછા ફરતાં રાજેન્દ્રબાબુ અહીં આવેલા, તેમને તમારો રામવિનોદ માટેનો પત્ર[2] મેં વંચાવ્યો હતો. એ માને છે કે કંઈક પગલાં તો લેવાં પડશે.

શ્રી કૃષ્ણદાસ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૮૯

## ૩૩૬. એમી ટરટોરને પત્ર

સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

બહેનશ્રી,

તમારા પત્ર માટે તથા શણના સુંદર કકડા માટે આભાર. અમે અહીં જે કામ કરીએ છીએ તેનો નમૂનો આ સાથે મોકલ્યો છે.

તમે મારે માટે પ્રાર્થના કરો છો તે બદલ પણ આભાર. હું ભાઈ ઍન્ડ્રૂઝને[3] આપણા પત્રો મોકલી આપું છું.

તમારો સહૃદયી

ઍમ. એમી ટરટોર

કેમોલિયા, ૪૭ સિયેના, ઇટલી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૩૯૮

૧. નામ છોડી દીધું છે.

૨. ૩૦મી ઑગસ્ટનો; જુઓ, "કૃષ્ણદાસને પત્ર", ૧૦–૯–૧૯૨૮.

૩. જુઓ, "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૨૧–૯–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૩૭. જેઠાલાલ જોશીને પત્ર

આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૧, ૧૯૨૮

ભાઈ જેઠાલાલ,

કામવાસના જીતવાનો માર્ગ ભગવદ્ગીતામાં બતાવ્યો છે તે ઈશ્વરપ્રસાદી છે અને તે પ્રસાદી તેની આરાધનાથી જ મળે છે.

તમે વિદ્યાપીઠમાં રહેવાની બાબતમાં કાકાસાહેબને મળજો. ત્યાં પગાર તો વધારેમાં વધારે રૂ. ૭૫-) અપાય છે. તમે તેટલાની અંદર રહી શકો તો કદાચ કાકાસાહેબ તમને ગોઠવી શકશે. આશ્રમમાં તો બ્રહ્મચર્ય વિના ન રહેવાય એમ માનું છું.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૩૪૪

## ૩૩૮. જે. એસ. અકર્તેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. વધારે ને વધારે યુવાનો બાળલગ્નનો વિરોધ કરતા થાય, અને જ્યારે જ્યારે તક મળે ત્યારે એ વિરોધ અમલમાં મૂકવા માંડે, તો મને શંકા નથી કે બાળલગ્નની દુષ્ટ પ્રથા બહુ ઝડપથી નાબૂદ થાય. આ કુરિવાજ વિશે મેં યંગ ઇન્ડિયામાં એટલી બધી વાર લખ્યું છે કે ખાસ તમારી નાત માટે જુદું લખવાની જરૂર જણાતી નથી.

તમારો સહૃદયી

શ્રી જે. એસ. અકર્તે
સિનિયર બી. એ. કલાસ, હિસ્લૉપ કૉલેજ, નાગપુર

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૩૨

Gandhi Heritage Portal

## ૩૩૯. એન. લક્ષ્મીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો. હાલ તો હું તમને એટલી જ સલાહ આપું કે ગીતાંજલિ વાંચવાનું ચાલુ રાખવું અને સાથે સાથે ગીતામાંથી પણ થોડું વાંચવું.

યંગ ઇન્ડિયા તમે નિયમિત વાંચતાં હો તો તમારા પ્રશ્નોના જવાબ આપવાનું રહેતું નથી.

તમારો સહૃદયી

શ્રીમતી એન. લક્ષ્મી
મેડિકલ સ્કૂલ, વેલોર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૩૩

## ૩૪૦. રામાનંદ ચૅટરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૮

પ્રિય રામાનંદબાબુ,

તમારા પત્ર માટે આભાર. બહુ શરમ સાથે મારે કબૂલ કરવું પડે છે કે ડૉ. સન્ડરલૅન્ડની હસ્તપ્રત હું હાથમાં લઈ શકયો નથી. મેં આ પ્રત મારા ટેબલ પર જ રાખી છે, ને રોજ મારા સામે ડોળા કાઢતી મને દેખાય છે. છતાં એ કયારે વંચાશે તે કહી શકતો નથી.

તમે મોકલેલા સુધારાવધારા હું એ હસ્તપ્રતની સાથે જ રાખીશ.

તમારો સહૃદયી

શ્રી રામાનંદ ચૅટરજી
તંત્રી મૉડર્ન રિવ્યૂ
૯૧ અપર સકર્યુલર રોડ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૩૪

Gandhi Heritage Portal

# ૩૪૧. ભોગીલાલને પત્ર

સપ્ટેમ્બર ૨૨, ૧૯૨૮

ભાઈશ્રી ભોગીલાલ,

વાછરડાનો મેં ઈરાદાપૂર્વક વધ[1] કર્યો તેને વિશે ટૂંકામાં ટૂંકી આ દલીલ છે:

૧. વાછરડો અત્યંત રિબાતો હતો. દાક્તરોની દવા કરી હતી. તેમણે હાથ ધોયા હતા. વાછરડાને અમે કંઈ મદદ કરી શકતા ન હતા. ચારપાંચ માણસ હોય ત્યારે જ તેનું પડખું ફેરવી શકાય. એ પણ તેને દુ:ખદાયક હતું. આ સ્થિતિમાં તેનો પ્રાણ હરણ કરવો એ મને ધર્મ જણાયો.

૨. જે કાયદો બીજાં પ્રાણીઓને હું લાગુ પાડું તે જ મનુષ્યને સારુ પણ, ઠીક તેવી સ્થિતિમાં લાગુ પાડવાનો ધર્મ સમજું છું. મનુષ્યને વિશે એવા પ્રસંગો ઓછા બને છે કેમ કે તેને સહાય કરવાનાં સાધનો અને તેની સૂઝ આપણી પાસે વિશેષ પ્રકારે છે. પણ એવા સંજોગો ઈતિહાસમાંથી નીકળી આવે છે, અને બીજા આપણે કલ્પી શકીએ છીએ કે એમાં વધ કરવામાં અહિંસા સમાયેલી હોય જેમ દાક્તરે કરેલી શસ્ત્રક્રિયામાં અહિંસા હોય છે તેમ.

૩. જે જીવને પેદા નથી કરી શકતો તેને તે લેવાનો અધિકાર નથી અને એકના ધર્મનો બીજો નાશ નથી કરી શકતો. એ દલીલ આ જગાએ અસ્થાને છે. હિંસા એટલે નિર્દયતા અટકાવવાને અર્થે જ એ દલીલને સ્થાન હોય. જેની અહિંસાવૃત્તિને વિશે આપણને શંકા જ ન હોય તેની પાસે આવી દલીલ કરવી એ પોતે હિંસક કાર્ય છે. કેમ કે અહિંસક વૃત્તિવાળાને જો તે અસાવધાન હોય તો ગૂંચવાડામાં નાખી દે અને કદાચ અહિંસાધર્મ પાળતાં તેને અટકાવે.

૪. મજકૂર કાર્યને વિશે રહેલી અહિંસા સમજવાને સારુ ત્રણ વસ્તુ ધ્યાનમાં રાખવી ઘટે છે. ૧. વધમાત્ર હિંસા જ છે એમ માનવું અજ્ઞાન છે. ૨. જેમ વધ કરવામાં હિંસા છે તેમ જ વધ કરતાં જેને આપણે ઓછું દુ:ખ માનીએ છીએ તેમાંયે હિંસા રહેલી છે. ૩. હિંસા-અહિંસા એ છેવટમાં માનસિક વસ્તુ છે, ભાવનાત્મક છે, ક્રોધમાં મારેલો તમાચો એ કેવળ હિંસા છે. જેને સરપ કરડયો છે તેને જાગ્રત રાખવા પૂરતો મારેલો તમાચો એ કેવળ અહિંસા છે.

આમાંથી જ બીજી દલીલો ઘણી ઘટાવી શકાય. કેવળ ધર્માર્થે જ મને વિશેષ પૂછવાપણું હોય તો અવશ્ય પૂછજો. આ કાગળનો જ્યાં અને જે ઉપયોગ કરવો હોય તે કરશો. મારે તો ધર્મ શોધવો છે, જાણવો છે, આચરવો છે. તે સિવાય એક શ્વાસ લેવાની પણ ઈચ્છા નથી.

**મોહનદાસ ગાંધીના**

વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૧૮૧૧

૧. જુઓ "પાવકની જ્વાળા", ૩૦-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૩૪૨. અમલનો જુલમ

ધોળકાથી એક ખબરપત્રી લખે છે:[1]

આવી જાતનો ત્રાસ ભારતવર્ષમાં તો નહીં પણ ગુજરાતમાં તો નવાઈની વાત હોવી જોઈએ. ધોળકા તાલુકા સમિતિએ પોલીસનો ત્રાસ મટાડવાનું કામ માથે લીધું છે એ યોગ્ય છે. મહાસભાની સમિતિઓ આવાં કામ કરવા બંધાયેલી છે. પણ કલેક્ટરની પાસે ફરિયાદ કરવી, અથવા અદાલતમાં પહોંચી દાદ મેળવવી, એ સમિતિઓને સારુ આ દિશામાં ઓછામાં ઓછું કામ છે. જ્યાં અનિવાર્ય થઈ પડે ત્યાં આવાં કામ ભલે થાય. પણ ખરું કામ તો જે બારડોલીમાં થયું તેવું થવું જોઈએ. એટલે કે લોકોમાં વસી લોકોને નિર્ભયતાની કેળવણી આપવી. આ કેળવણી માત્ર ભાષણોથી નથી અપાતી, પણ પોતે નિર્ભય રહી લોકને નિર્ભયતાનો ચેપ લગાડવાથી અપાય. એવો ચેપ લગાડવાને સારુ લોકોમાં કંઈક આવશ્યક રચનાત્મક કાર્ય થવું જોઈએ. તે વિના લોકોના સંબંધમાં આવી શકાતું નથી, તેમના જીવનમાં પ્રવેશ કરી શકાતો નથી, તેમનો વિશ્વાસ સંપાદન કરી શકાતો નથી. પોતાની હદમાં વસતા પ્રત્યેક કુટુંબના સંબંધમાં આવવાને સારુ ખાદીકાર્ય ભારેમાં ભારે વસ્તુ છે એ વાત પ્રતિદિન વધારે ને વધારે સ્પષ્ટ થતી જાય છે. આવું કાર્ય કરતાં તલાટી અને પોલીસના સંબંધમાં પણ આવવું જોઈએ. તેઓ પણ કપડાં પહેરે છે. તેમને ખાદીનો સંદેશો પહોંચવો જોઈએ. પોલીસ, તલાટીના જુલમનું નિવારણ તેમના હૃદયનો સ્પર્શ કરીને થઈ શકે. એક પોલીસનો કે તલાટીનો દંડ થાય તેથી જુલમ બંધ નહીં થાય. પણ પોલીસ, તલાટી વગેરે નોકરી કરતા છતાં પણ લોકોના મિત્ર અથવા સેવક છે એવું તેમને ભાન કરાવવાથી તેમનું વર્તન બદલાય. બારડોલીના લોકો નિર્ભય થયા એટલે સ્થાનિક પોલીસ અને તલાટી તેમના મિત્ર થયા. દંડ અથવા બરતરફી કરતાં બહિષ્કાર ઘણું વધારે અસરકારક શસ્ત્ર છે, પણ બહિષ્કારનું શસ્ત્ર નિર્ભય માણસો જ વાપરી શકે. એટલે ધોળકા તાલુકા સમિતિને મારી ભલામણ છે કે તે અદાલતમાંથી અને કલેક્ટર પાસેથી દાદ મેળવવાનું ઉપાડેલું કામ અનિવાર્ય હોય તો જારી રાખતાં છતાં લોકોને નિર્ભય બનાવવાનું કામ જોરથી અને ધીરજપૂર્વક ઉપાડે. એમ કરતાં તે અનુભવશે કે કચેરીનું અને રચનાનું કામ સાથે સાથે ભળી નહીં શકે. એકને સાધતાં બીજું જતું કરવું પડશે. લોકો જ્યાં બહુ દબાયેલા અને ભયભીત રહેતા હોય ત્યાં કાર્યના આરંભકાળમાં જાણીતા નેતાઓને લઈ જવા અને લોકોને તેમનો પરિચય કરાવવો એ કદાચ આવશ્યક હોય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૩-૯-૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જણાવ્યું હતું કે ચોરીની શંકા પરથી પકડાયેલા એક અનાથ બાળકને પોલીસે સખત માર માર્યો હતો. મહેસૂલની વસૂલાત માટે ખેડૂતોને સતાવવામાં આવતા હતા. આવા બનાવ સત્તાવાળાઓના ધ્યાન પર લાવવામાં આવે તો લોકોમાંથી કોઈ સાચી હકીકત કહેવા આગળ આવતું નહોતું.

Gandhi Heritage Portal

# ૩૪૩. ખાદીની સ્વાવલંબન પદ્ધતિ

"બીજોલિયામાં ખાદીકાર્ય" નામે જે લાંબો લેખ આ અંકમાં આપ્યો છે તે તરફ હું વાંચનારનું ધ્યાન ખેંચું છું. શ્રી જેઠાલાલ ગોવિંદજીએ એ જે પ્રમાણે લખી મોકલ્યો છે તેવો જ જૂજ ભાષાને અંગે કરેલા ફેરફારો કરી તે છાપ્યો છે. લેખની લંબાઈથી કોઈ નહીં ભડકે એવી મારી ઉમેદ છે. આપણી પાસે રહેલા ઘણા જ થોડા ખાદીઘેલાઓમાંના એક શ્રી જેઠાલાલ છે. ખાદીઘેલા એટલે ગીતાની ભાષામાં સ્વકર્મનિરત. પરમાર્થે ગ્રહણ કરેલા પોતાના કાર્યમાં રચ્યા-પચ્યા માણસોની દેશમાં બહુ જરૂર છે. વળી બીજોલિયાના ખાદીકાર્યમાં બીજાં ખાદીકાર્યની સરખામણીમાં વહેલામાં વહેલી સફળતા મળી છે. આવી સફળતા કઈ રીતે મળી છે, કેટલે અંશે મળી છે એ જાણવાની પ્રત્યેક ખાદીસેવકની ફરજ છે. એવી સમજથી મેં આ આખો લેખ છાપ્યો છે. આ કાર્યની સફળતાના મૂળમાં ખાદીની અવ્યભિચારિણી ભક્તિ અને તેમાંથી ઉત્પન્ન થતી ધીરજ અને દૃઢતા છે એમ વાંચનાર સ્પષ્ટ રીતે જોઈ શકશે. લેખનો આ ભાગ સૌએ નોંધી લેવા જેવો છે:

> અહીં બતાવવું જોઈએ કે જાણે ખાદીની ગાંડાઈ જ લાગી હોય, અથવા ખાદી સિવાય અમે કંઈ સમજતા જાણતા જ ન હોઈએ એવો સંયમ પાળવો અમે નક્કી કર્યો હતો. ખાદીનો ઉપદેશ લોકોને મીઠો નહોતો લાગતો, ક્રિયાત્મક વાત હોઈ માણસ હા ભણતાં પણ વિચાર કરે. મનુષ્યત્વ નિચોવી નાખે એવી સ્થિતિઓ – બીમારી, ગંદકી, અનીતિ, સામાજિક અને રાજનૈતિક અશાંતિ અમે નજરે જોતા હતા. અમારી વાતો પતી રહે એટલે બીજી વાતો થાય કે અમે રસ લેતા નહોતા. આપણે બીજી વાતમાં રસ લીધો કે આપણી ખાદીની દલીલનું જોર ગયું એમ અમે સમજતા.

આવા ચુસ્ત માણસો જ "શિયાળાની સવારની ટાઢ, ઉનાળાનો બપોરનો સખ્ત તાપ, અને ચોમાસાની વરસતી હેલી અને વેંત વેંતનો કીચડ" આનંદથી સહન કરે ને લોકોને ખાદીનો સંદેશો પહોંચાડે; ખેડૂતોનો જે આરામનો વખત તે ખાદી કામ કરનારાઓને સારુ શ્રી જેઠાલાલના શબ્દમાં "કામની મોસમ" અને કામની સફળતા તો કામની મોસમમાં જ તે કામ કરવામાં રહેલી હોય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૩-૯-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૪૪. મુંબઈની રાષ્ટ્રીય શાળા

દેશમાં જે ખોબા જેટલી રાષ્ટ્રીય શાળાઓ હજુ નભી રહી છે તે જોનારની દૃષ્ટિએ વેરાન સૂકા રણમાં જેમ એક નાનકડું તળાવડું પણ શોભી નીકળે તેમ શોભી રહી છે. એવી શાળાઓમાંની એક મુંબઈની રાષ્ટ્રીય શાળા છે. એ શાળાને અનેક મુસીબતોની સામે થઈને કામ કરવું પડયું છે અને હજુ પણ તે મુસીબતો કાયમ છે. એમાં મુખ્ય મુસીબત પૈસાની છે. વિદ્યાપીઠના કડક નિયમોમાં આવી શાળાનો સર્વથા સમાવેશ કરવામાં અડચણો છે. વિદ્યાપીઠે એક એવું ધોરણ રાખ્યું છે કે જે શાળાના શિક્ષકો પોતે દ્રવ્ય મેળવવાની શક્તિ ન મેળવી શકે તેને તે કંઈ જ મદદ ન આપે. વિદ્યાપીઠ પોતે જો કોઈ દહાડો સ્વાવલંબી થવાની હોય તો તેણે આ નિયમનું પાલન દિવસે દિવસે વધારે સખ્તીથી કરવું જોઈશે. અહીં સ્વાવલંબનનો અર્થ સમજી લેવાની જરૂર છે. "સ્વાવલંબી" એટલે આચાર્યથી માંડી બીજા અધ્યાપકોની પ્રતિષ્ઠા ઉપર જે શાળા સહેલાઈથી પોતાનું ખર્ચ ઉઠાવી લે. એવી રાષ્ટ્રીય શાળાઓના વિદ્યાર્થીઓ જ શાળાઓના ખર્ચ જેટલું પોતાના ઉદ્યોગથી કમાઈ લે એ તો ઉત્તમ પ્રકારનું સ્વાવલંબન છે. એવું સ્વાવલંબન મારી કલ્પના બહાર નથી. અમેરિકામાં અસંખ્ય વિદ્યાર્થીઓ પોતાની ફી કમાઈ લે છે ને ફીની ઉપર તેમની શાળા જીવે છે. હિંદુસ્તાનમાં સરકારી છાયા તળે ચાલતી ઘણી શાળાઓ પોતાનો ખર્ચ ઉપાડે છે ને તેના માલિકો ઠીક દ્રવ્ય કમાય છે. કારણ સ્પષ્ટ છે. સરકારી કેળવણીનું બજારદામ અંકાયેલું છે, ને તે કેળવણીની માગણી સરકારની તે આપવાની શક્તિ કે ઇચ્છા કરતાં વધારે છે. રાષ્ટ્રીય કેળવણીને પોતાની કિંમત અંકાવવી રહી છે. જો તેની કિંમત અંકાઈ ગઈ હોય તો આજે આપણે સ્વરાજ ભોગવતા હોઈએ. પણ મારી કલ્પનાનું સ્વાવલંબન સરકારની છાયા તળે ચાલતી શાળાઓના સ્વાવલંબન કરતાં પર છે; અમેરિકાના સ્વાવલંબન કરતાં પણ ભિન્ન છે.

આ દેશમાં ઉદ્યોગના વાતાવરણની જરૂર છે. આ દેશની કેળવણીમાં ઉદ્યોગ તેનું પ્રધાન અંગ હોવું જોઈએ. જ્યારે ઉદ્યોગ પ્રધાન અંગ થશે ત્યારે વિદ્યાર્થીઓ જે ઉદ્યમ શીખતા જશે તેમાંથી શાળાનું ખર્ચ કમાશે. આવી કલ્પના શ્રી મધુસૂદન દાસે પોતાના કટકના ચર્માલયને અંગે કરી હતી. યોજના સુંદર હતી. પણ દેશમાં ઉદ્યોગનું અને ચર્માલયને ઉત્તેજન આપનારું વાતાવરણ ન હોવાથી તે પડી ભાંગી. સુથારીકામ આપણી ઊંચા પ્રકારની કેળવણીનું અવિભાજ્ય અંગ કાં ન હોય? વણાટ વિનાની કેળવણી તે તો સૂર્ય વિનાના સૂર્યમંડળ જેવી ગણાય. આવા ધંધા સાચી રીતે શિખાતા હોય ત્યાં વિદ્યાર્થીઓ પોતાની શાળાનો ખર્ચ કાઢતા હોવા જોઈએ. આ યોજના સફળ થવાને સારુ વિદ્યાર્થીઓમાં શરીરશક્તિ, ઇચ્છાશક્તિ અને શિક્ષકોએ પેદા કરેલું અનુકૂળ વાતાવરણ હોવાં જોઈએ. જો એક વણકર કબીર પેદા થયો, તો બીજા વણકરો કબીર નહીં તો ગિદવાણી, કૃપાલાની કે કાલેલકર કાં ન થાય? જો એક મોચી શેક્સપિયર થઈ શકયો, તો અનેક મોચી મહાન કવિ ભલે ન થાય પણ અનેક મોચી રસાયણના, અર્થશાસ્ત્ર ઇત્યાદિના વિશારદ કેમ ન થઈ શકે? ઉદ્યોગ અને બૌદ્ધિક જ્ઞાન વચ્ચે વિરોધ માનવામાં આપણે મોટી ભ્રમણામાં પડી પ્રજાની પ્રગતિને રોકી રહ્યા છીએ એ સમજી લેવાની અત્યાવશ્યકતા છે. એ સમજાવવાનું કામ વિદ્યાપીઠે હાથ ધર્યું છે. દરમિયાન રાષ્ટ્રીય કેળવણીને માનનારાઓએ મુંબઈની

Gandhi Heritage Portal

રાષ્ટ્રીય શાળા જેવી શાળાને યથાશક્તિ મદદ આપવી ઘટે છે. અને તે મદદ મુંબઈના શહેરીઓ ન આપે તો કોણ આપે? મુંબઈનો વેપાર મંદ છે એમ કહીને કોઈ ન છૂટી જાય એવી હું આશા રાખું છું. મુંબઈના શહેરીઓમાં ઘણાયે દોષો હશે પણ કૃપણતાનો દોષ હજુ મેં ભાળ્યો નથી. એટલે આચાર્ય ગોકુલભાઈની ઝોળી મુંબઈના રાષ્ટ્રપ્રેમી સજ્જનો ભરી તેમને ચિંતામુક્ત કરશે એવી આશા રાખું છું.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૩–૯–૧૯૨૮

## ૩૪૫. સીમંત ઈત્યાદિના વરા

જંબુસરથી શ્રી મણિલાલ છત્રપતિ લખે છે કે તેમના કુટુંબમાં સીમંતનો પ્રસંગ આવવાથી એમણે છેવટે ન્યાતવરા નહીં કરવાની હિંમત કરી છે. આને સારુ હું તેમને ધન્યવાદ આપું છું. મહાસભાનું કામ કરનારા સેવકોમાં આટલી હિંમત એ નવાઈની વાત ગણાવી જ નહીં જોઈએ. એવી હિંમત આવવાને સારુ એક જ વસ્તુની જરૂર હોય છે, એટલે કે ન્યાતબહાર થવાને વિશે નીડરતા. ન્યાતબહાર થવું એટલે તેના જમણ ઇત્યાદિમાં ન જવાય ને છોકરાંછોકરીઓની લેવડદેવ તે ન્યાતમાં ન થાય. જમણોનો જ જ્યાં બહિષ્કાર કરવો છે ત્યાં જમણમાં નોતરું ન મળે એ તો 'ભલું થયું ભાંગી જંજાળ'. અને દીકરાદીકરીની સગાઈ તે ન્યાતમાં ન થાય એટલે સહેજે ન્યાતના વાડા ભાંગી શકાય. જો દેશનો ઉદય થવાનો હોય તો તે વાડા તો ભાંગવાના જ છે. એટલે શ્રી મણિલાલ છત્રપતિ જેવા સુધારકોએ કશી વસ્તુનો ડર રાખવાનું કારણ જ નથી. આ જમણવારો સભ્યને જંગલી બનાવે છે, ગરીબોને કચરે છે, દેશને કલંક પહોંચાડે છે. પૈસેટકે સુખી લોકો પણ જમણઘેલા થાય એ આપણને મુદ્દલ ન શોભે એવી વસ્તુ છે. એટલે શ્રી મણિલાલ છત્રપતિ જેવા સુધારકો જેમ જેમ વધતા જશે તેમ તેમ કુરિવાજ મોળો પડતો જશે. આવા વરાથી બચતાં નાણાંનો કંઈક ભાગ સુધારકોએ જાહેર કામમાં ને ન્યાતના વાડામાં રહેવા માગતા હોય તેમની સાત્ત્વિક સેવામાં વાપરવો ઘટે છે. જ્યાં મહાજન અજ્ઞાનવશ વર્તે છે ત્યાં તે પોતાનું મહાપદ છોડી દે છે ને માનને પાત્ર નથી રહેતું તેથી ન્યાતના સુધારકને સારુ યોજેલું દ્રવ્ય પણ સીધી રીતે વપરાય તેની ચોકસી દાન કરનારે કરવી ઘટે છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૩–૯–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૪૬. નાનાભાઈ ઇ. મશરૂવાળાને પત્ર

આશ્રમ, સાબરમતી,
સપ્ટેમ્બર ૨૩, ૧૯૨૮

ભાઈશ્રી ૫ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો. મારા જન્મ દિવસોને હવે હું જાણી શકું એમ નથી. પહેલાં એક હતો હવે અનેક થયા. ટિળક પંચાંગ પ્રમાણે એક જેની મને તો ખબર ન હતી. અંગ્રેજી તારીખ પ્રમાણે બીજો, સનાતન પંચાંગ પ્રમાણે ત્રીજો, સૌર પ્રમાણે ચોથો, સાયન પંચાંગ પ્રમાણે પાંચમો, પછી તો વળી બીજા શોધાય તે ખરા! એ નિમિત્તે સૌ તમારી જેમ અખંડ રેંટિયો ચલાવતા થઈ જાય તો રોજ એક એક જન્મદિવસ ચાલે તોયે હું ન બબડું. કિશોરલાલને મુંબઈ સદતું જણાતું નથી. ફિનિક્સમાં મણિલાલ અને સુશીલા એકબીજામાં ઓતપ્રોત થઈ ગયેલાં જણાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૬૬૭૬

## ૩૪૭. શૌકતઅલીને પત્ર

સાબરમતી,
સપ્ટેમ્બર ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મહાદેવ સિમલાથી હમણાં જ આવ્યા છે. એમના કહેવાથી જાણ્યું કે તમે છાપાંઓમાં મારે માટે એવું લખ્યું છે કે નેહરુ સમિતિમાં શ્વેબ ન આવે તે માટે મેં પ્રાપ્ય બધા ઉપાય અજમાવ્યા હતા. તમારી તથા ડૉ. અનસારી વચ્ચે ચાલી રહેલા ઝઘડાની વિગતો પર હું ધ્યાન આપી શક્યો નથી. માત્ર તમારો એક પત્ર છાપામાં જોયેલો, અને તે પણ ઉપર ઉપરથી. અને તેથી મહાદેવે કરેલી ગપસપ મારી નજરે ચડેલી નહીં. શ્વેબને બહાર રાખવા મેં પ્રયત્ન કરેલો એ વાત મારે માટે તો નવી જ છે. એમને વિશે કે બીજાઓ વિશે હું શું બોલેલો તે પણ મને યાદ નથી. હું તો એટલું જ જાણું છું કે શ્વેબને કશામાંથી બાકાત રાખવાનું મેં સ્વપ્ને પણ વિચાર્યું નહોતું. એમની ઈમાનદારી તથા સ્વતંત્ર બુદ્ધિ માટે મને એટલું બધું માન છે કે એમને બાકાત રાખવા ઈચ્છું પણ નહીં. અને તમને તો મારા સ્વભાવનો ખ્યાલ હોવો જ જોઈએ. હું વિરોધીઓને પણ બાકાત નથી રાખતો; રાખવા ચાહું તો એવું સ્પષ્ટ કહી દઉં છું. ઈરાદાપૂર્વક હું શ્વેબને બહાર રાખવા ચાહું છું એવું તમે શાથી ધાર્યું?

તમારી લાગણીનો જ આ સવાલ હોય તો તો મારું ભવિષ્યનું વર્તન અને કાળ જ તમારી એ લાગણી દૂર કરી શકે.

Gandhi Heritage Portal

મહાદેવ પાસેથી આ વાત જાણી ત્યારે મને થયું કે મારા ખુલાસાથી તમારી ભ્રાન્તિ દૂર થઈ શકતી હોય તો મારું કરવી જોઈએ.

મારે કબૂલ કરવું જોઈએ કે તમે ડૉ. અનસારી પર લખેલા પત્રોમાંથી જે એક જ મેં વાંચેલો તે મને બિલકુલ ગમ્યો નહોતો. મને એ તદ્દન બિનજરૂરી લાગ્યો હતો. પરંતુ એ વિશે તમને કંઈ કહેવાનું મને ઠીક ન લાગ્યું. હું જાણું છું કે તમે એટલા બધા ભલાભોળા છો કે પોતાની ભૂલ તમને જો દેખાય તો તરત જ તે સુધારી દો. તમે સત્યનિષ્ઠ છો અને ઈશ્વરથી ડરો છો એવું હું માનું છું, અને માનતો રહીશ ત્યાં સુધી તમારા દોષો સાથે પણ તમે મને વહાલા લાગવાના. હું પોતે ઘણી વાર ભૂલો કરું છું અને મિત્રો તથા વિરોધીઓ બંને નિભાવી લે એવી અપેક્ષા મને રહે જ છે, પછી મારી દૃષ્ટિએ જણાતી તમારી ભૂલ માટે હું શું કામ ચિંતા કરું?

સસ્નેહ,

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૯૨

## ૩૪૮. શ્યામનારાયણને તાર[1]

[સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૮]

શ્યામનારાયણ
પ્રોસિક્યૂટિંગ ઇન્સ્પેક્ટર, મેરઠ શહેર

સહીસલામત પહોંચ્યો છે. તમે આવો ત્યાં સુધી રોકીશું.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૮૦

૧. ૨૫ સપ્ટેમ્બરના એમના તારના જવાબમાં. એ તાર હતો : "મારો દીકરો સત્યનારાયણ, અઢારેકનો, ફીકો, દૂબળો, કૉલેજથી ભાગ્યો છે. રોકશો; આવું છું."

Gandhi Heritage Portal

# ૩૪૯. ચોઇથરામ પી. ગિદવાણીને તાર[1]

[સપ્ટેમ્બર ૨૫, ૧૯૨૮]

ડૉ. ચોઇથરામ
હૈદરાબાદ (સિંધ)

વલ્લભભાઈ બારડોલી ગયા છે. સ્થાન છોડવું મુશ્કેલ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૮૧

# ૩૫૦. "ભડકામણા નિર્ણયો"

પ્રકાશકની પ્રસ્તાવના મુજબ વિલિયમ આર. થર્સ્ટન યુનાઈટેડ સ્ટેટ્સના લશ્કરમાં લગભગ દસ વર્ષ રહ્યા હતા અને મેજર બન્યા હતા. આ વરસો દરમિયાન, ચીન સુધ્ધાં દુનિયાના અનેક દેશોમાં એમને વિવિધ અનુભવો મળ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તે તે દેશોમાં પ્રવર્તતા લગ્નના કાયદા તથા રિવાજનો તેમણે અભ્યાસ કર્યો હતો, અને પરિણામે લગ્નસંસ્થા વિશે એક પુસ્તક લખવા તે પ્રેરાયા. આ પુસ્તકનું નામ છે: થર્સ્ટન્સ ફિલૉસૉફી ઑફ મૅરિજ (થર્સ્ટનનું લગ્નનું તત્ત્વજ્ઞાન). ગયે વર્ષે ન્યૂ યૉર્કના ટિફની પ્રેસ દ્વારા આ પુસ્તક પ્રસિદ્ધ થયું હતું. પુસ્તકમાં મોટા ટાઈપમાં છાપેલાં માત્ર ૩૨ પાનાં છે, ને કલાકમાં વાંચી નખાય એવું છે. લેખકે લાંબી દલીલ ન કરતાં પોતે જે નિર્ણયો તારવ્યા તેના ટેકામાં એકબે દલીલ રજૂ કરી પોતાનો આખરી સાર જ આપી દીધો છે. પ્રકાશકે લેખકના નિર્ણયોને "ભડકામણા" કહ્યા છે. પોતે જે નિર્ણયો તારવ્યા છે તેના આધારની સામગ્રી લેખકે ઉપોદ્‌ઘાતમાં જણાવ્યા મુજબ "અંગત નિરીક્ષણ, તબીબો પાસેથી મેળવેલી માહિતી, સામાજિક સ્વાસ્થ્યના આંકડા તથા ચિકિત્સા સંબંધી આંકડા" વગેરેમાંથી લીધેલી છે. યુદ્ધ દરમિયાન આ સામગ્રી ભેગી કરવામાં આવી હતી. લેખકનાં અનુમાન નીચે પ્રમાણે છે:[2]

૧. સ્ત્રીને પુરુષ ખાવાપીવા અને રહેવાની સગવડ કરી આપે તેના બદલામાં સ્ત્રી પુરુષની ગુલામડી થઈને રહે, અને તેની પરણેતર કહેવાય એટલા જ કારણે તેની સાથે એક જ ઘરમાં રહી અથવા એક જ પથારીમાં સૂઈ નિત્ય તેના વિષયનું સાધન બને એવું કુદરતે તો નિર્માણ કર્યું જ નથી.

૧. "પત્ર મળ્યો; માત્ર એક દિવસ માટે વલ્લભભાઈને છોડવા વિનંતી" એવા તા. ૨૫ સપ્ટેમ્બરના એમના તારના જવાબમાં.

૨. હવે પછીનું નં ૧થી ૯ સુધીનું ભાષાંતર 'સર્વરોગનું મૂળ' નામના મહાદેવભાઈના લેખમાંથી આપવામાં આવ્યું છે. નવજીવન ૩૦-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

૨. વિવાહના બંધનમાં જોડાઈ એટલા જ કારણથી સ્ત્રી પુરુષની વિષયેચ્છા સંતોષવાને બંધાયેલી છે એ રીતનો રિવાજ સર્વત્ર પડી ગયેલો છે, અને પરિણામે રાતદિવસ અમર્યાદિત વિષયભોગનું સાધન બની વિવાહિત સ્ત્રીઓમાંની સેંકડે ૯૦ ટકા જેટલી વેશ્યા જેવું જીવન ગાળે છે. આવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે તેનું કારણ એ છે કે, આ વેશ્યાવટું સ્વાભાવિક અને યોગ્ય માનવામાં આવ્યું છે; કારણ વિવાહનો કાયદો તેમ મનાવે છે અને પતિના પ્રેમને જાળવવાને માટે પત્ની તેમ કરવાને બંધાયેલી છે એમ પણ મનાય છે.

આ પછી લેખક આવા ચાલુ "નિરંકુશ વિષયભોગ"નાં પરિણામો વર્ણવે છે. હું તે ટૂંકમાં નીચે આપું છું:

૧. સ્ત્રીના જ્ઞાનતંતુઓ અતિશય નબળા પડી જાય છે, તેને અકાળે ઘડપણ આવે છે, શરીર રોગનું ઘર બને છે, સ્વભાવ ચીડિયો અને ઉત્પાતિયો થઈ જાય છે, અને જે બાળકો થાય તેની પણ તે પૂરી કાળજી રાખી શકતી નથી.

૨. ગરીબ વર્ગમાં એટલાં બાળકો ઉત્પન્ન થાય છે કે, તેમને પૂરું પોષણ આપવું અને માવજત કરવી અશક્ય થઈ પડે છે. આવાં બાળકોને રોગો થાય છે, અને મોટાં થયે તેઓ ગુનેગાર નીવડે છે.

૩. ઉપલા વર્ગના લોકોમાં નિરંકુશ વિષયભોગને લીધે પ્રજોત્પત્તિ અટકાવવાનાં અને ગર્ભપાતનાં સાધનોનો ઉપયોગ થાય છે. આ સાધનોનો ઉપયોગ જો આમવર્ગની સ્ત્રીઓને શીખવવામાં આવે તો પ્રજા રોગિષ્ઠ, અનીતિમાન અને ભ્રષ્ટ થશે અને આખરે તેનો વિનાશ થશે.

૪. અતિશય સંભોગને લીધે પુરુષનું પુરુષાતન નષ્ટ થાય છે, તે કામ કરીને પોતાનો નિર્વાહ કરવાને પણ અશક્ત થાય છે અને અનેક રોગોને પરિણામે તે કમોતે મરણને શરણ થાય છે. અમેરિકામાં આજે વિધુરોના કરતાં ૨૦ લાખ વધારે વિધવાઓ છે. આ વિધવાઓમાં જૂજ જ લડાઈને પરિણામે થયેલી વિધવાઓ છે.

૫. અતિશય સંભોગને પરિણામે પુરુષ અને સ્ત્રી બંનેમાં એક પ્રકારની હતાશા આવી જાય છે. દુનિયામાં આજે જે દારિદ્રય છે, શહેરોમાં જે ગોજા અને ગરીબ લત્તાઓ છે, તે માણસને મજૂરી ન મળવાને લીધે નથી ઉત્પન્ન થયા, પણ તે આજની વૈવાહિક સ્થિતિને લીધે પોષાતા નિરંકુશ વિષયભોગનું પરિણામ છે.

૬. સગર્ભાવસ્થામાં સ્ત્રી વિષયભોગનું સાધન બને છે. તેનાં પરિણામ પ્રજાના ભાવિની દૃષ્ટિએ ભયંકર છે.

આ પછી ચીન અને ભારત સામે લેખકે તહોમતનામું ફરમાવ્યું છે. પણ હું એમાં નહીં પડું. આટલે આવતાં અર્ધું પુસ્તક પૂરું થાય છે. બાકીના અર્ધા ભાગમાં આ સ્થિતિના નિવારણના ઉપાયો સૂચવ્યા છે. ઉપાયનો મુખ્ય મુદ્દો આ છે: પતિ પત્નીએ હમેશાં અલગ અલગ ઓરડામાં રહેવું, અર્થાત્ અનિવાર્યપણે અલગ અલગ પથારીમાં સૂવું અને સંતાનની ઇચ્છા થાય — ખાસ કરીને પત્નીને એવી ઇચ્છા થાય — ત્યારે જ મળવું. લગ્નના કાયદામાં લેખકે જે સુધારા સૂચવ્યા છે તે હું અહીં આપતો નથી. લગ્ન સંબંધથી જોડાયેલાં સ્ત્રીપુરુષો એક જ ઓરડામાં ને એક જ પથારીમાં સૂવાનું રાખે એ રિવાજ તો દુનિયાભરની લગ્નપ્રથાઓમાં સામાન્ય છે.

Gandhi Heritage Portal

લેખકે આ પ્રથાને અપાર શબ્દોમાં વખોડી કાઢી છે; અને મારે કહેવું પડશે કે એ યોગ્ય જ કર્યું છે. પતિપત્નીએ એક જ ઓરડામાં રહેવું જોઈએ તથા એક જ પથારીમાં સૂવું જોઈએ એવા ધર્મસંમત વહેમને કારણે જ બહુધા મનુષ્ય, પછી તે પુરુષ હોય કે સ્ત્રી હોય, કામલોલુપ બન્યો છે એમાં શંકા નથી. એ વહેમે પેદા કરેલા વાતાવરણમાં જીવનાર આપણે બરોબર કળી પણ ન શકીએ એવી અનર્થકારી અસર ઉપજાવતી મનોદશા તેમાંથી પેદા થઈ છે.

આપણે જોઈ ગયા તેમ લેખક પ્રજોત્પત્તિ અટકાવવાનાં સાધનોના ઉપયોગના પણ એટલા જ વિરોધી છે.

મદ્રાસના સાહસિક પ્રકાશક ભાઈ એસ. ગણેસને મજકૂર પુસ્તકનો હિંદમાં ફેલાવો થાય તે વાસ્તે લેખક પાસેથી એના પુનર્મુદ્રણની પરવાનગી મેળવી છે. જો તેઓ પુનર્મુદ્રણ કરે તો વાચકને આ પુસ્તક બહુ નજીવી કિંમતે મળશે. ભાઈ ગણેસને ભાષાંતરના હક પણ મેળવી લીધા છે.

લેખકે સૂચવેલા બીજા ઇલાજોમાંના ઘણા મને આપણે માટે વ્યવહારુ લાગ્યા નથી. વળી તેમાં કાયદાની મંજૂરીની આવશ્યકતા પણ રહે છે. છતાં પ્રત્યેક પતિ પત્ની આજથી જ એવો દૃઢ નિશ્ચય કરી શકે કે પોતે રાત્રે અલગ અલગ પથારીમાં અને અલગ ઓરડામાં સૂશે તથા પશુ અને મનુષ્યમાં પ્રજોત્પત્તિના જે પરમોચ્ચ હેતુ અર્થે આ વૃત્તિ મૂકવામાં આવી છે તે અર્થે જ બંને મળશે. પશુઓ તો આ નિયમમાં અપવાદ કરતાં જ નથી. મનુષ્યને આ બાબતમાં પસંદગી કરવાની છૂટ હોઈ તે ખોટી પસંદગી કરવાની ભયંકર ભૂલ કરી બેઠો છે. દરેક સ્ત્રી કૃત્રિમ ગર્ભ-નિરોધનો વિરોધ કરી શકે. સ્ત્રી તથા પુરુષ બંનેએ સમજવું જોઈએ કે વિષયવાસનાની તૃપ્તિથી દૂર રહેવાથી રોગ પેદા થવાને બદલે આરોગ્ય તથા સ્ફૂર્તિ મળે છે. શરત એટલી કે કેવળ શરીર જ નહીં, માણસનું મન પણ એવી વાસનાની તૃપ્તિમાં ન રાચતું હોય. આ લેખક તો એવું માને છે કે આજના લગ્ન સંબંધી કાયદાઓ જ "આજની દુનિયાનાં મોટા ભાગનાં અનિષ્ટો માટે જવાબદાર છે." મેં ઉપર સૂચવેલા બે અંતિમ નિર્ણયો પર આવવા માટે લેખકે કરેલા અતિવ્યાપક વિધાન સાથે સંમત થવું આવશ્યક નથી. પણ આપણે સ્ત્રીપુરુષના સંબંધને સ્વસ્થ તથા નિર્મળ દૃષ્ટિથી જોતાં શીખીએ અને ભવિષ્યની પ્રજાના નૈતિક કલ્યાણના આપણે ટ્રસ્ટી છીએ એવું આપણે સ્વીકારીએ તો આજનાં મોટા ભાગનાં દુ:ખો નિવારી શકાય એમાં શંકા નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २७-९-१९२८

Gandhi Heritage Portal

## ૩૫૧. બિજોલિયામાં ખાદીકામ

ખાદી ઉત્પાદનની સ્વાવલંબી પદ્ધતિના નિષ્ણાત એવા આપણા અતિપરિશ્રમી કાર્યકર શ્રી જેઠાલાલ ગોવિંદજીએ ખાદી કાર્યકર્તાઓ માટે ઝીણવટથી તૈયાર કરેલા રિપોર્ટનો સાર[1] નીચે આપ્યો છે. ભાઈ જેઠાલાલને પોતાની પદ્ધતિમાં અડગ વિશ્વાસ છે. આપણે એમની સાથે સંમત થઈએ કે ન થઈએ, જે એકનિષ્ઠ ઉત્સાહથી એમણે પોતાની પદ્ધતિ વિકસાવી છે તેની પ્રશંસા કર્યા વિના રહેવાય એવું નથી. જાતે વહોરી લીધેલા આ કઠણ કામમાં જે તલ્લીનતાથી એ ડૂબ્યા રહે છે તે અનુકરણીય છે. આવી તાલાવેલી હાર શું તે જાણતી જ નથી. આવા કાર્યકરના અનુભવો પ્રત્યેક રાષ્ટ્રસેવક માટે ઉપયોગી હોય જ.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૨૭–૯–૧૯૨૮

## ૩૫૨. અભય આશ્રમ

બંગાળમાં ઘણી સંસ્થાઓ બહુ કુશળતાથી ચાલી રહી છે. અભય આશ્રમ એક એવી સંસ્થા છે. રાષ્ટ્રની સેવા માટે પોતાનું જીવન સમર્પી દીધું હોય એવા ઘણા યુવકો અહીં છે. यंग इन्डियाના વાચકો અભય આશ્રમથી અપરિચિત હોવાનો સંભવ નથી, કારણ ઘણી વાર આ પાનાંમાં એનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે. ૧૯૨૭ની સાલનો સંસ્થાનો રિપોર્ટ મને મળ્યો છે. રિપોર્ટની ૩૫ પાનાંની એક નાની પુસ્તિકા જ બની છે; એમાં સારાં ચિત્રો પણ છે, ને સંસ્થાની ચાલુ પ્રગતિનો ઈતિહાસ છે. એના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ સુરેશચંદ્ર બૅનરજી છે, ને ડૉ. પ્રફુલ્લ-ચંદ્ર ઘોષ સેક્રેટરી છે. વ્યવસ્થાપક મંડળમાં ૧૩ સભ્યો છે. આ સૌએ અભય, સત્ય, પ્રેમ, અસ્તેય, શ્રમ, પવિત્રતા તથા દેશભક્તિનું વ્રત લીધેલું છે. માતૃભૂમિની સેવા દ્વારા આત્મસાક્ષા-ત્કાર કરવાનું સંસ્થાનું ધ્યેય છે. આશ્રમનું મુખ્ય મથક કોમિલ્લામાં છે. એની પ્રવૃત્તિઓ છે: કાંતણ, તબીબી રાહત, અસ્પૃશ્યતાનિવારણ, રાષ્ટ્રીય શિક્ષણ, ગોપાલન તથા ખેતી. આ બધામાં ખાદીની પ્રવૃત્તિ સૌથી વ્યાપક છે. ખાદીકામ દ્વારા આશ્રમે ૬૬,૦૦૦થી પણ વધારે રૂપિયા કારીગરોમાં ગઈ સાલ વહેંચ્યા હતા. એમાંથી ૨૮,૦૦૦ વણકરોને મળ્યા હતા, ૨૭,૦૦૦ કાંત-નારાને, ખાદી પર ભરતકામ કરનાર સ્ત્રીઓને ૧,૨૦૦ થી વધારે, ધોબીઓને ૩,૦૦૦થી વધુ અને ૬૦૦૦થી ઉપર દરજીઓને મળ્યા હતા. અહેવાલના વર્ષ દરમિયાન ૧,૪૨,૦૦૦થી વધારે રૂપિયાની ખાદી વેચાઈ હતી. ખાદી વિભાગ નફો કરતો હતો. ઉત્પાદન તથા વેચાણ ખર્ચ મળી કુલ ખર્ચ વેચાણના ૧૩ ટકા જેટલું થતું હતું. ૧,૨૦૦થી પણ વધારે રૂપિયાનો નફો સંસ્થાએ કર્યો હતો. ખાદી વિભાગમાં ૬૩ પૂરા સમયના કર્મચારીઓ છે. આ લોકો આખા પ્રાંતમાં પથરાયેલાં ૨૦ કેન્દ્રો સંભાળે છે. અને રિપોર્ટમાં જણાવ્યા મુજબ "ખાદી સંગઠન સ્વાભાવિક રીતે જ એવું કેન્દ્ર બની જાય છે જેની આજુબાજુ રાષ્ટ્રનિર્માણની બીજી સંસ્થાઓ ઊભી થાય છે."

૧. અહીં આપ્યો નથી "ખાદીની સ્વાવલંબન પદ્ધતિ", ૨૩–૯–૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

આ નિયમ અનુસાર અહીં પણ વાંચનાલયો, ગ્રંથાલયો, પ્રાથમિક શાળાઓ, વ્યાયામશાળાઓ અને બીજી સામાજિક સેવાની સંસ્થાઓ આશ્રમે સ્થાપેલા ખાદી સંગઠનની આજુબાજુ ઊભી થઈ રહી છે. તબીબી રાહત વિભાગ, અસ્પૃશ્યતાનિવારણ કાર્ય, રાષ્ટ્રીય શિક્ષણ ઇત્યાદિ વિષયોની રસપ્રદ વિગતો મારે છોડી દેવી રહી, અને વાચકને મૂળ રિપોર્ટ જ વાંચી લેવાની ભલામણ કરવી જોઈએ. રિપોર્ટમાં વિશેષ એ જણાવ્યું છે કે આશ્રમનો વિકાસ ચાલુ રાખવો હોય તો જુદા જુદા વિભાગ માટે આર્થિક મદદની પણ જરૂર પડશે. મદદનો કુલ અંદાજ રૂ. ૬૧,૦૦૦ થાય છે. એમાંથી ૧૦,૦૦૦ રંગાટી વિભાગ માટે જોઈશે, રૂ. ૪૦,૦૦૦ ખાદીકામને વિસ્તારવા જોઈશે, ખેતી માટે રૂ. ૩,૫૦૦, ગૌશાળા માટે રૂ. ૨,૫૦૦ અને રૂ. ૫,૦૦૦ નવાં વધારાનાં મકાન માટે. અભય આશ્રમ જેવી નિત્ય વિકસતી સંસ્થા માટે આવાં મકાનોની જોગવાઈ અનિવાર્ય છે. સંસ્થાના મોટા ભાગના કાર્યકરો બધા પોતાના નિર્વાહ પૂરતું જ મેળવે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. બીજા પ્રાંતોની સરખામણીમાં બહુધા બંગાળ તો બલિદાનની ભાવનાનો ભવ્ય ભંડાર છે, અને અભય આશ્રમ આ સુંદર ભાવનાનું પ્રતીક છે. વાચકને મારી વિનંતી છે કે તે આ રિપોર્ટ મેળવે, વાંચે અને આ મહાન સંસ્થાને બનતી બધી મદદ કરે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २७-९-१९२८

## ૩૫૩. મીરાંબહેનને પત્ર

[સપ્ટેમ્બર ૨૮, ૧૯૨૮][1]

ચિ. મીરાં,

તારો પત્ર મળ્યો છે એટલું જણાવવા જ આ લખું છું. જમનાલાલજીના પિતાનું અવસાન થયું છે એ તું જાણે છે? હજી કંઈ નિર્ણય થયો નથી. કાલ થઈ જશે એવી આશા છે. ભઠ્ઠી તૈયાર થઈ ગઈ છે. છોટેલાલને સારું છે.

પ્યાર.

બાપુ

શ્રીમતી મીરાંબાઈ
આશ્રમ, હતુન્ડી, અજમેર (રજપુતાના)

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૦૯; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી; તથા જી. એન. ૮૧૯૯.

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૩૫૪. પાવકની જ્વાળા[1]

## ૧

### અહિંસક પ્રાણહરણ

સત્યાગ્રહાશ્રમ ગોસેવા સંઘની વતી આદર્શ દુગ્ધાલય ચર્માલયના પ્રયોગો કરી રહેલ છે. તેને અંગે ક્ષણેક્ષણે ધર્મસંકટો પેદા થાય છે. જો આશ્રમનો આદર્શ કેવળ અહિંસાને જ માર્ગે સત્યની શોધનો ન હોત તો એવાં સંકટો ઉત્પન્ન ન થાત.

કેટલાક દિવસો પૂર્વે આશ્રમનો એક અપંગ થઈ ગયેલો વાછડો રિબાતો હતો. તેની દવા કરી, પશુના દાક્તરની સલાહ લીધી. તેમણે તેના જીવવાની આશા છોડી. અમે પણ જોઈ શક્યા કે તે રિબાય છે. તેને પડખું ફેરવાવતાંયે દુઃખ થાય.

મને લાગ્યું કે આવી સ્થિતિમાં આ વાછડાનો પ્રાણ લેવો એ ધર્મ છે, અહિંસા છે. મેં સાથીઓની સાથે મસલત કરી. તેમનામાંના ઘણાએ મારા અભિપ્રાયને ટેકો આપ્યો. પછી આખા આશ્રમના લોકોની પાસે વાત કરી. તેમાં એક ભાઈએ ખૂબ દલીલથી સખત વિરોધ કર્યો, પોતે સેવા કરવાનું માથે લીધું ને તેના પ્રાણ હરણ કર્યા ત્યાં લગી તેણે અને કેટલીક બહેનોએ તેની ઉપરથી માખીઓ ઉડાડવાનું કામ કર્યું.

મજકૂર ભાઈની દલીલ એ હતી કે જેને પ્રાણ આપવાની શક્તિ નથી તે પ્રાણહરણ ન કરે. મને આ દલીલ આ પ્રસંગે અસ્થાને લાગી. જ્યાં સ્વાર્થભાવનાથી કોઈ બીજાનો પ્રાણ હરણ કરે ત્યાં તેવી દલીલને સ્થાન હોય. છેવટે દીન ભાવે પણ દૃઢતાપૂર્વક પાસે ઊભા રહીને દાકતરની મારફતે ઝેરની પિચકારી દેવડાવી વાછડાના પ્રાણ હરણ કર્યા. પ્રાણ જતાં બે મિનિટથી ઓછો વખત ગયો હશે.

હું જાણતો હતો કે આ કામ ચાલુ લોકમતને પસંદ ન પડે, એમાં ચાલુ લોકમત હિંસા જ જોશે. પણ ધર્મ લોકમતનો વિચાર ન કરે. જ્યાં હું ધર્મ જોઉં ત્યાં બીજા અધર્મ જુએ, તોપણ મારે તો મને સૂઝેલો ધર્મ જ આચરવો જોઈએ એમ હું શીખ્યો છું, અને એ જ બરોબર છે એમ મારી આગળ અનુભવે સિદ્ધ કર્યું છે. વાસ્તવિક રીતે મેં માનેલો ધર્મ અધર્મ હોઈ શકે. પણ કેટલીક વાર અણજાણ ભૂલ કર્યા વિના અધર્મની ખબર પડતી નથી. લોકમતને વશ થઈ કે બીજા કોઈ ભયને વશ થઈ હું જેને ધર્મ માનું તે ન આચરું તો ધર્માધર્મનો નિર્ણય હું કોઈ દહાડો કરવા ન પામું, ને છેવટે હું ધર્મહીન થઈ જાઉં. આવા જ કારણથી પ્રીતમે ગાયું છે કે :

'પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને'

અહિંસાધર્મનો પ્રેમ એ પ્રેમપંથ છે. તે પંથે માણસને ઘણી વેળા એકાકી વિચરવું પડે છે.

જેવું વાછડાને વિશે તેવું મારે વિશે હું ઇચ્છું? તેવું મનુષ્યને વિશે હું કરવા તૈયાર થાઉં? આ પ્રશ્ન મેં મનની સાથે ને મિત્રોની સાથે ચર્ચ્યો. મને લાગ્યું કે બંનેને એક જ ન્યાય લાગુ

૧. આશ્રમના એક અપંગ રિબાતા વાછડાના પ્રાણહરણ કરાયા પછી અમદાવાદના કેટલાક લોકો નારાજ થયા હતા અને ગાંધીજી ઉપર તીખા કાગળોનો વરસાદ વરસ્યો હતો. અહિંસાની દૃષ્ટિએ ગાંધીજીએ આ લેખમાં તેની ચર્ચા કરી છે.

Gandhi Heritage Portal

પડે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ મહાવાક્ય અહીં લાગુ ન પડે તો વાછડાને ન હણાય એમ મને સ્પષ્ટ લાગ્યું. એવાં દૃષ્ટાંતો કલ્પી શકાય કે જ્યારે હણવામાં અહિંસા અને ન હણવામાં હિંસા હોય. મારી દીકરી જે અભિપ્રાય આપવા યોગ્ય નથી તેની ઉપર આક્રમણ કરનાર કોઈ ચડી આવે, મને તેને જીતવાનો બીજો માર્ગ ન જ મળે તો હું દીકરીનો પ્રાણ લઉં, અને આક્રમણ કરનારની તલવારને વશ થાઉં તેમાં હું શુદ્ધ અહિંસા જોઉં. દરદોથી પીડાતાં પ્રિયજનોને આપણે હણતા નથી કેમ કે આપણી પાસે તેમની સેવા કરવાનાં સાધનો હોય છે ને તેમને સમજ હોય છે. પણ સેવા શક્ય ન હોય, જીવવાની આશા જ ન હોય, તે બેશુદ્ધ હોય અને મહાદુ:ખ ભોગવતા હોય તો તેમના પ્રાણહરણમાં હું લેશમાત્ર પણ દોષ ન જોઉં.

જેમ દરદીના સારાને સારુ તેની વાઢકાપ કરતાં દાક્તર હિંસા નથી કરતો પણ શુદ્ધ અહિંસાધર્મ પાળે છે તેમ જ મારતાં પણ અહિંસાનું પાલન હોઈ શકે. વાઢકાપમાં મનુષ્ય સાજો થવાનો સંભવ છે, પ્રાણહરણમાં તો પ્રાણ જ જાય છે એવી દલીલ કરવામાં આવી છે. પણ વિચાર કરતાં જણાશે કે બંનેમાં સાધ્ય વસ્તુ એક જ છે. પ્રાણ હરીને અને વાઢકાપ કરીને શરીરમાં રહેલા આત્માને દુ:ખમુક્તિ કરવાની ધારણા સામાન્ય છે. શરીરની વાઢકાપ કરીને સુખ શરીરને નહીં પણ આત્માને આપવાનું છે. આત્મારહિત શરીરમાં સુખદુ:ખ ભોગવવાની શક્તિ જ નથી.

મૃત્યુદંડનો જે ડર અત્યારે સમાજમાં જોવામાં આવે છે તે અહિંસાધર્મના પ્રચારમાં ભારે બાધા કરનારી વસ્તુ છે. કોઈને ગાળ દેવી, તેનું બૂરું ઇચ્છવું, તેને તાડન કરવું, તેને રિબાવવું એ બધું હિંસા જ છે. અને કેટલીક વેળા રિબાવવું એ મૃત્યુદંડના કરતાં અતિશય ઘોર હિંસા હોઈ શકે. જે મનુષ્ય પોતાના સ્વાર્થને સારુ બીજાને રિબાવે છે, તેનાં નાકકાન કાપે છે, તેને પૂરી મૂકી ખાવાનું નથી આપતો ને બીજી રીતે તેનું અપમાન કરે છે તે મૃત્યુદંડ દેનાર કરતાં બહુ વધારે નિર્દયતા વાપરે છે. જેમણે અમૃતસરની ગલીમાં લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા તેમણે જો તેમને મારી નાખ્યા હોત તો તે ઓછા ઘાતકી ગણાત. પેટે ચાલનારા આજ જીવે છે એમ કહી કોઈ પેટે ચલાવવાની શિક્ષાને મૃત્યુદંડના કરતાં હલકી માને તો તે અહિંસાને નથી જાણતા એમ કહેતાં મને જરાયે સંકોચ નથી થતો. એવા અનેક પ્રસંગો છે કે જ્યારે માણસે તેમને વટાવી જવા મોતને વધાવવું ઘટે. જેઓ આ ધર્મ ન સમજે તે અહિંસાના મૂળ તત્ત્વને નથી જાણતા.

'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને'

'હે નાથ! હું અસત્ય આચરીને જીવું તેના કરતાં મને તું મોત આપજે,' એ પ્રાર્થના આપણી ઈશ્વર પ્રત્યે નિત્ય હોય.

'હે દુશ્મન! મારું અપમાન કરે, મારી પાસેથી તું અમાનુષી કર્મ કરાવે તેના કરતાં તું મને મારી નાખ તો હું તારો પાડ માનું.' આવી પ્રાર્થના અહિંસાધર્મનું પાલન કરનાર મનુષ્ય દુશ્મન પ્રત્યે કરશે.

આ દૃષ્ટાંતો રજૂ કરવાની મતલબ એ બતાવવાની છે કે મૃત્યુદંડ એ હમેશાં હિંસા જ નથી. વાછડાની સ્થિતિમાં રહેલા પશુનો પ્રાણ લેવો એ ઉપરનાં દૃષ્ટાંતોની સાથે બંધ બેસે કે નહીં એ ભલે નોખો પ્રશ્ન ગણાય, એ વિશે ભલે મતભેદ હોય. અહીં તો મારે અહિંસાને વિશે ચાલતી કેટલીક ગેરસમજ બતાવવી છે.

Gandhi Heritage Portal

કેવળ મરણમાંથી જ માનવી અથવા પશુને થોડા કાળને સારુ પણ બચાવી લેવામાં અહિંસા છે જ એ માન્યતા વહેમ છે, અને એથી આજે દેશમાં ઘોર હિંસા થઈ રહેલી હું જોઉં છું. એક રિબાતા પશુના પ્રાણ લેવાથી થયેલા આઘાતની સાથે જ્યારે હું અસંખ્ય પ્રકારની ચાલતી નિર્દયતાને વિશેની ઉદાસીનતાને સરખાવું છું ત્યારે આપણે અહિંસાધર્મી છીએ કે આપણે અહિંસાને નામે જાણે કે અજાણે અધર્મ આચરનારા છીએ એ પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય છે.

આપણા અવિચાર અને આપણી ભીરુતાને લીધે હું તો ડગલે ને પગલે હિંસા થતી જોઈ રહ્યો છું. આપણી પાંજરાપોળો અને ગોશાળાઓ હિંસાનાં સ્થાન થઈ પડયાં છે, સ્વાર્થથી અંધ થઈ આપણે રોજ આપણાં પશુઓ ઉપર અત્યાચાર કરીએ છીએ, તેમને રિબાવીએ છીએ. તેમને વાચા હોય તો તેઓ આપણને અવશ્ય કહે: 'અમને આમ રિબાવો છો તેના કરતાં અમને મારી નાખો તો તમારો પાડ માનીએ.' તેમની આંખોમાં આવી માગણી મેં તો અનેક વાર વાંચી છે.

આ ઉપરથી એમ કહી શકાય કે સ્વાર્થને વશ થઈને કે ક્રોધમાં કોઈ પણ જીવને દીધેલું દુ:ખ કે તેનું ઇચ્છેલું અનિષ્ટ કે પ્રાણહરણ તે હિંસા. નિ:સ્વાર્થ બુદ્ધિથી, શાંત ચિત્તથી કોઈ પણ જીવના ભૌતિક કે આધ્યાત્મિક ભલાને સારુ તેને દીધેલું દુ:ખ કે તેનું પ્રાણહરણ શુદ્ધ અહિંસા હોઈ શકે. આવું દુ:ખ કે પ્રાણહરણ કયારે અહિંસા કહેવાય તે પ્રત્યેક દૃષ્ટાંત વિચારીને જ કહી શકાય. છેવટમાં અહિંસાની પરીક્ષા ભાવના ઉપર આધાર રાખે છે.

## ૨

## હિંસક પ્રાણહરણ

મજકૂર દૃષ્ટાંતથી ઊલટું એક બીજું સંકટ આશ્રમ ઉપર છે. પહેલાંનું નિવારણ થઈ શકયું છે, બીજાનું હજુ મળ્યું નથી. આશ્રમમાં વાંદરાંનો ઉપદ્રવ દિવસે દિવસે વધતો જાય છે. તેઓ ફળઝાડનો અને શાકભાજીનો નાશ કરી રહ્યાં છે. આ ઉપદ્રવમાંથી કેમ બચવું એ હું શોધી રહ્યો છું; જેઓ આ બાબતમાં દોરી શકે તેમની સલાહ લઈ રહ્યો છું. મને હજુ કોઈ નિર્દોષ ઉપાય મળ્યો નથી. પણ અનેક સાથે ચર્ચા કરું છું તેથી અનેક પ્રકારની અફવા શહેરમાં ચાલી રહી છે, ને મારી પાસે કેટલાક તીખા કાગળો આવ્યા છે. એક કાગળ લખનાર માને છે કે વાંદરાંને આશ્રમમાં તીરથી ઘાયલ કરવામાં આવે છે ને કેટલાંક મરી ગયાં છે. આ ખોટી ખબર છે. વાંદરાંઓને હાંકી કાઢવાનો પ્રયત્ન અવશ્ય ચાલે છે. તીર પણ વપરાયાં છે, પણ કોઈ વાંદરું ઘાયલ કરવામાં આવ્યું નથી, કોઈ મૂએલું નથી.

ઘાયલ કરવાનું કામ મને પોતાને અસહ્ય છે, અનિવાર્ય થઈ પડે તો તેને મારી નાખવાની વાત હું ચર્ચી રહ્યો છું, પણ આ પ્રશ્ન વાછડાના પ્રશ્ન જેવો સહેલો નથી.

વાંદરાંને હાંકી કાઢવામાં હું ચોખ્ખી હિંસા જોઉં છું. તેમને મારવાં પડે તો વધારે હિંસા થાય એ પણ સ્પષ્ટ છે. આ હિંસા ત્રણે કાળે હિંસા જ ગણાવાની. તેમાં સ્વાર્થ છે, તેમાં વાંદરાંના હિતઅહિતનો વિચાર નથી પણ આશ્રમના હિતનો જ વિચાર રહ્યો છે.

દેહધારી જીવમાત્ર હિંસાથી જ જીવે છે. તેના પરમ ધર્મનો દર્શક શબ્દ નકારવાચક નીકળ્યો. —જગત એટલે દેહમાત્ર—હિંસામય છે તેથી અહિંસાપ્રાપ્તિને અર્થે દેહના આત્યંતિક મોક્ષની તીવ્ર ઇચ્છા પેદા થઈ.

Gandhi Heritage Portal

હિંસા વિના કોઈ દેહધારી પ્રાણી જીવી જ નથી શકતાં, જીવવાની ઇચ્છા છૂટતી નથી, અનશન કરી મનને છૂટી જવાને હિંમત નથી, દેહ અનશન કરે ને મન અશન કરે તે અનશન દંભમાં ખપે, ને આત્માને વધારે બંધનમાં નાખે. આવી દયામણી સ્થિતિમાં રહેલા જીવવા ઇચ્છતા જીવે શું કરવું? કઈ ને કેટલી હિંસા તે અનિવાર્ય ગણે? સમાજે કેટલીક હિંસાને અનિવાર્ય ગણી વ્યક્તિને વિચાર કરવાના ભારમાંથી મુક્ત કરી. છતાં પ્રત્યેક જિજ્ઞાસુએ પોતાનું હિંસાક્ષેત્ર જાણી તેને નિત્ય સંકેલવાનો પ્રયત્ન કરવો રહ્યો જ છે.

આ દૃષ્ટિએ સર્વવ્યાપી ખેતીના ધંધામાં રહેલી હિંસાની મર્યાદા અહિંસાધર્મ પાળવા ઇચ્છતા ખેડૂતે આંકવાની રહેલી છે. હું મને પોતાને ખેડૂત ગણું છું. મારી સામે કોઈ સીધો ચીલો નથી. પ્રત્યેક ખેડૂત વગરવિચાર્યે જેમ તેમ પોતાનો ગુજરો ચલાવી લે છે. કેમ કે શિષ્ટવર્ગે તેને અવગણ્યો છે. તેના જીવનમાં તેણે ભાગ નથી લીધો, રસ નથી લીધો, તેથી તે પોતાના જીવનમાં ઉત્તરોત્તર ઉન્નતિ નથી કરી શક્યો.

એટલે મારા જેવા ખેડૂતે પોતાનો માર્ગ શોધી બીજા ખેડૂત ભાઈઓને સારુ બની શકે તો માર્ગદર્શક થવું રહ્યું.

આ રીતે ખેતીને લગતા અનેક પ્રશ્નો જે નિત્ય પેદા થાય છે તેમાંનો વાંદરાંનો આ એક અટપટો પ્રશ્ન છે.

પણ તેને મૃત્યુદંડ આપવામાં હિંસા રહેલી છે તેથી તે અંતિમ પગલું ભરતાં પહેલાં જેટલાની સલાહ લઈ શકાય તેમની લેવા ઇચ્છું છું. અને નવજીવનના વાંચનારમાંથી કોઈ અનુભવી સજ્જન આશ્રમને દોરી શકશે તો તે ઉપકાર કરશે.

મેં સાંભળ્યું છે કે ગુજરાતના ખેડૂતો એવા મારાઓ રાખે છે જેમને જોતાં જ વાંદરાંઓ ત્રાસી નાસી જાય છે, ને આમ ખેડૂતો અંતિમ હિંસામાંથી બચે છે એમ માને છે. આ સંભવિત છે, પણ તેની પાછળ મરણદંડ તો રહ્યો જ છે; કેમ કે હું જાણું છું કે વાંદરાંઓ એવાં વિચક્ષણ છે કે જ્યારે તેઓ સમજી લે છે કે તેમને કોઈ મારી નાખનાર નથી ત્યારે તે ગોળીબારથી પણ ડરતાં નથી, ને ઊલટાં કિકિયારી કરે છે. એટલે સલાહકાર એમ ન માને કે ઉપદ્રવમાંથી નીકળી જવાનો એકે માર્ગ હજુ લગી આશ્રમે જાણ્યો કે વિચાર્યો નથી. જેટલા જાણ્યા છે તે બધામાં હિંસા તો છે જ. જો વગર હિંસાથી આ ઉપદ્રવમાંથી ખેતીને ન જ બચાવી શકાય તો કેટલી ઓછામાં ઓછી હિંસાથી તે બચી શકે એ વિચારવાનું રહે છે, ને તેમાં હું અનુભવીની મદદ યાચું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૯–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૩૫૫. કામરોગનું નિવારણ

વિવાહ વિશેના થર્સ્ટન નામે લેખકના નવા પુસ્તકના[1] મુખ્ય ભાગનો અનુવાદ આ અંકમાં છાપ્યો છે તેનું ધ્યાનપૂર્વક મનન દરેક સ્ત્રીપુરુષ કરે એ ઇચ્છવાયોગ્ય છે. આપણામાં પંદર વર્ષના બાળકથી માંડી પચાસ વર્ષના પુરુષમાં અને બાળકની અથવા તેથી નાની વયની બાળાથી માંડી પચાસ વર્ષ લગીની સ્ત્રીમાં એવી કલ્પના રહેલી છે કે વિષયભોગ વિના રહી જ ન શકાય. તેથી બંને વિહ્‌વળ રહે છે. એકબીજાનો વિશ્વાસ નથી કરતાં ને સ્ત્રીને જોતાં પુરુષ રાતોપીળો થઈ જાય, સ્ત્રી પુરુષને જોઈને તેવી થઈ જાય. આથી કેટલાક રિવાજો એવા પડી ગયા છે કે જેથી સ્ત્રીપુરુષો નમાલાં, રોગી ને નિરુત્સાહી જોવામાં આવે છે, ને આપણી જિંદગી મનુષ્યને ન ઘટે એવી હલકી થઈ પડી છે.

આવા વાતાવરણમાં ઉત્પન્ન થયેલા શાસ્ત્રમાં પણ એવી જાતની આજ્ઞાઓ અને માન્યતા જોવામાં આવે છે કે જેને પરિણામે સ્ત્રીપુરુષ બંને એકબીજાનાં દુશ્મન હોય એમ તેમને વરતવું પડે છે. કેમ કે એકને જોઈને બીજો કે બીજી વિકારવશ થઈ જાય છે અથવા થઈ જવાની તેને ધાસ્તી રહે છે.

આ માન્યતાને લીધે અને તેને આધારે ઘડાયેલા રિવાજોને લીધે જીવન કાં તો વિષયભોગમાં અથવા તેના વિચારમાં ચાલ્યું જાય છે અને પછી સંસાર કડવો ઝેર જેવો થઈ પડે છે.

વાસ્તવિક રીતે મનુષ્યમાં વિવેકબુદ્ધિ હોવાથી તેનામાં પશુના કરતાં વધારે ત્યાગશક્તિ ને સંયમ હોવાં જોઈએ. છતાં પશુ નરમાદાની મર્યાદાનો કાયદો જેટલે અંશે પાળે છે તેટલે અંશે મનુષ્ય નથી પાળતો, એ આપણે રોજ અનુભવીએ છીએ. સામાન્ય રીતે સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ માતાપુત્ર, બહેનભાઈ કે પુત્રીપિતા જેવો હોવો જોઈએ. દંપતી સંબંધ તો અપવાદ રૂપે જ હોય એ દેખીતું છે, ને જો ભાઈને બહેનથી કે બહેનને ભાઈથી ડરવાપણું હોય તો પુરુષ અન્ય સ્ત્રીથી કે સ્ત્રી અન્ય પુરુષથી ડરે. તેથી ઊલટું હકીકત એવી છે કે ભાઈબહેન વચ્ચે પણ સંકોચ રાખવામાં આવે છે, ને રાખવાનું શીખવવામાં આવે છે.

આ દયામણી સ્થિતિમાંથી એટલે વિષયવાસનાથી દુર્ગંધિત થયેલા વાયુમાંથી ઊગરી જવાની પૂરી આવશ્યકતા છે. એ વાસનામાંથી ન જ ઊગરી શકાય એવા વહેમે આપણામાં જડ ઘાલી છે, તેનું છેદન કરવામાં પુરુષાર્થ છે ને તે શક્ય છે એવો દૃઢ વિશ્વાસ આપણામાં ઉત્પન્ન થવો જોઈએ.

આવો પુરુષાર્થ કરવામાં થર્સ્ટનનું નાનકડું પુસ્તક બહુ મદદ આપે છે. વિષયવાસનાના મૂળમાં આજકાલની વિવાહ વિશેની માન્યતા ને તેની ઉપર રચાયેલો પૂર્વપશ્ચિમ બધે વ્યાપી રહેલો રિવાજ છે, એવી આ લેખકની શોધ મને તો બરોબર લાગે છે. સ્ત્રીપુરુષનું રાત્રિએ એકાંતમાં, એક ઓરડીમાં ને એક પથારીએ સૂવું બંનેને સારુ ઘાતક છે ને વિષયવાસનાને વ્યાપક અને સ્થાયી કરવાનો પ્રચંડ ઉપાય છે. એક તરફથી આખો દંપતીસંસાર આમ વરતે ને બીજી તરફથી ધર્મોપદેશકો ને સુધારકો સંયમનો ઉપદેશ કરે તે આભમાં થીગડું દેવા બરોબર છે. આવા વિષય-વ્યાપી વાતાવરણમાં સંયમના ઉપાયો નિરર્થક થાય એમાં નવાઈ નથી. શાસ્ત્રો પોકારીને કહે છે કે

૧. થર્સ્ટન્સ ફિલૉસૉફી ઑફ મૅરેજ; જુઓ "ભડકામણા નિર્ણયો", ૨૭-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

વિષયભોગ કેવળ પ્રજોત્પત્તિને જ અંગે કરાય. આ આજ્ઞાનું ઉલ્લંઘન પ્રતિક્ષણ થાય છે ને તે છતાં રોગો થાય તેનાં બીજાં કારણો શોધવામાં આવે છે એ કાખમાં છોકરું હોવા છતાં ગામ બધું ગોતવા નીકળવા જેવો વ્યાપાર છે. આટલી દીવા જેવી સ્પષ્ટ વસ્તુ જો સમજાઈ હોય તો:

૧. સ્ત્રીપુરુષો આજથી પ્રતિજ્ઞા કરે કે તેમણે એકાંતમાં સૂવું જ નથી, ને બંનેની ઇચ્છા વિના પ્રજોત્પત્તિના કામમાં રોકાવું નથી. જ્યાં સંભવે ત્યાં નોખી કોટડીમાં બંનેએ સૂવું જોઈએ. ગરીબાઈને લીધે એ છેક અસંભવિત હોય ત્યાં સ્ત્રીપુરુષે દૂર અને નોખી પથારીએ, વચ્ચે કોઈ મિત્રને કે સગાને સુવાડીને સૂવું જોઈએ.

૨. સમજુ માબાપ પોતાની દીકરીને એવે ઘેર આપવાની ચોખ્ખી ના પાડે જ્યાં છોકરીને નોખી કોટડી ને પથારી ન મળે. વિવાહ એક મિત્રતા છે. સ્ત્રીપુરુષ સુખદુ:ખનાં સાથી બને છે પણ વિવાહ થયા એટલે પહેલી જ રાતે દંપતીએ વિષયભોગમાં આળોટી જિંદગી બરબાદ કરવાનો પાયો ન ખોદવો જોઈએ એવું શિક્ષણ બાળકોએ પામવું જોઈએ.

થર્સ્ટનની શોધને કબૂલ કરવાની પાછળ જે નવી, આશ્ચર્યકારક, કલ્યાણકર, શાંતિપ્રદ કલ્પના રહેલી છે તેનું મનન કરવા યોગ્ય છે ને તેની પાછળ રહેલા વિવાહસંબંધી ચાલતા વિચારોમાં ફેરફાર થવા જોઈએ તે સમજવા ઘટે છે. આમ થાય તો જ એ શોધનો લાભ મળે. આ શોધ જેઓ હજમ કરી શક્યાં હોય તેઓ જો બાળબચ્ચાંવાળાં હોય તો પોતાનાં છોકરાંની કેળવણી અને ઘરનું વાતાવરણ ફેરવે.

આ શોધની પાછળ વિષયભોગ ભોગવતાં છતાં પ્રજોત્પત્તિ નિવારવાના જે કૃત્રિમ ઉપાયોનો ભયંકર પ્રચાર આજે ચાલી રહ્યો છે તે હાનિકર છે એટલું સમજવાને સારુ આપણને થર્સ્ટનની સાક્ષીની કે તેના ટેકાની આવશ્યકતા હોવી ન જોઈએ. એ ઉપાયો હિંદુસ્તાનમાં કેમ ચાલી શકે છે એ જ નવાઈ છે. શિક્ષા પામેલાં માણસો હિંદુસ્તાનના નબળા વાતાવરણમાં તેનો ઉપાય કેમ સૂચવે છે એ મારી અક્કલ સમજી શકતી નથી.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૩૦–૯–૧૯૨૮

# ૩૫૬. ગુજરાતમાં સંગીત

અમદાવાદમાં રાષ્ટ્રીય સંગીત મંડળની પ્રવૃત્તિ કેટલાંક વર્ષ થયાં ચાલ્યા કરે છે એથી વાંચનાર વાકેફ છે. તેના પ્રમુખ દાક્તર હરિપ્રસાદ દેસાઈ છે ને મંત્રી સંગીતશાસ્ત્રી નારાયણ મોરેશ્વર ખરે છે. આ મંડળ પોતાનું કામ ધીરે ધીરે ગુજરાતમાં કરી રહેલ છે. બંગાળ, મહારાષ્ટ્ર અને દક્ષિણપ્રાંતોના પ્રમાણમાં ગુજરાત સંગીતમાં બહુ ઊતરતું છે એ સહુ ગુજરાતી જાણે છે અથવા તેણે જાણવું જોઈએ. ગુજરાતી પુરુષો ને સ્ત્રીઓમાં સંગીત ઓછું છે, એટલું જ નહીં પણ બાળકો અને બાળાઓ પણ સામાન્ય રીતે એકસૂરમાં સાદી કવિતા પણ ગાઈ શકતાં નથી. એટલે સંગીતના પ્રચારની આવશ્યકતા વિશે મતભેદ ન હોય એમ મનાય. વળી જે સંગીતનો પ્રચાર ખરે શાસ્ત્રી કરે છે તે નીતિવર્ધક અને ઈશ્વરસ્તવનથી ભરપૂર છે.

આ મંડળને જોકે અમદાવાદમાંથી થોડીઘણી મદદ મળી રહે છે પણ જોઈએ તે પ્રમાણમાં નથી મળતી; કેમ કે પ્રજાને હજુ તેની આવશ્યકતા પૂરી સૂઝી નથી, અથવા કહો કે તે પ્રચાર જોઈએ તેટલો લોકપ્રિય નથી. દાક્તર હરિપ્રસાદ અને શાસ્ત્રી ખરે આર્થિક મદદ અને

Gandhi Heritage Portal

લોકપ્રિયતાની વૃદ્ધિ સાથે ચાલતી જોવા ઇચ્છે છે તેથી, અને ધનિકવર્ગની મદદ ઓછી મળે છે તેથી, તેમણે નવી યોજના પ્રગટ કરી છે તેમાંથી નીચેનો ફકરો લઉં છું:[1]

મારી ઉમેદ છે કે આ યોજનાને અમદાવાદના શહેરીઓ વધાવી લેશે ને સો સભાસદોનાં નામ તુરત નોંધાઈ જશે. વિશેષ વિગત જાણવા ઇચ્છનારે શાસ્ત્રીજીને આશ્રમને સિરનામે લખવું.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૩૦-૯-૧૯૨૮

## ૩૫૭. મોતીલાલ નેહરુને પત્ર

સપ્ટેમ્બર ૩૦, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

મહાદેવે તમારો સંદેશો આપ્યો હતો. પણ મારે ખાસ કંઈ લખવાનું નહોતું, અને આશ્રમના કામમાં હું દટાઈ ગયો હોવાથી આ પહેલાં પત્ર લખ્યો નહોતો.

મહાસમિતિની બેઠકમાં હું હાજરી આપું એવી તમારી ઇચ્છા છે એમ મહાદેવ કહે છે. હું આવીને શું કરું? મારાથી થાય પણ શું? હું સમજું છું કે રાષ્ટ્રીય કાર્યની આ બાજુ પણ ઉપયોગી છે, પરંતુ મારું દિલ એમાંથી ઊઠી ગયું છે, અને રચનાત્મક કાર્યક્રમ તરીકે ટૂંકમાં જે બધી પ્રવૃત્તિ ઓળખાય છે તેમાં જ મારો સમય આપવાનું મને વધુ ગમે છે. એકલી ખાદીની જ હું વાત નથી કરતો, કારણ કૉંગ્રેસના કાર્યક્રમમાં સામેલ પણ કર્યાં ન હોય એવાં બીજાં રચનાત્મક કાર્યો પ્રત્યે પણ હું બનતું ધ્યાન આપી રહ્યો છું. હું જોઉં છું કે સર્વત્ર મનોબળ પેદા કરવાનું અનિવાર્ય છે કેમ કે જેટલા પ્રમાણમાં આ બળ પેદા થશે તેટલા પ્રમાણમાં પ્રતિકાર શક્તિ આવશે. લખનૌની ઘટનાઓ વિશાળ આમવર્ગને સ્પર્શી પણ નથી એ સ્પષ્ટ દેખાઈ આવે છે. જ્યાં હિંદુમુસ્લિમ હુલ્લડો ભૂતકાળમાં કદી થયાં નહોતાં એવા ગુજરાતમાં પણ આજે હુલ્લડો ચાલે છે. હમણાં જ સમાચાર મળ્યા છે કે આશ્રમના એક બહાદુર છોકરાને ગઈ કાલે મરણતોલ માર પડયો છે. આ છોકરો એક છાપખાનામાં હતો તે દરમિયાન ગુંડાઓ બારણાં તોડી મકાનમાં ધૂસી ગયા અને એમાં જે કોઈ હતું તેના પર શારીરિક હુમલો કરી મકાનને આગ ચાંપી. ગોધરાના એક નામાંકિત વકીલને જીવલેણ ઈજા થઈ, અને મુંબઈની વિધાનસભાના સભ્ય તથા તમારા પરિચિત એવા વામનરાવ પર ગંભીર હુમલો થયો. રોજ ને રોજ કોઈને કોઈ જગાએથી હુલ્લડના નવા નવા સમાચાર આવ્યા કરે છે.

આ બધું છતાં બંધારણ ઘડવાનું કામ તો કરવું જ જોઈએ એ હું સમજું છું. મારે તો એટલું જ કહેવાનું છે કે આ હુલ્લડો મને સદરહુ કામ માટે ઘણે અંશે અયોગ્ય બનાવી દે છે. સાચું પૂછો તો કૉંગ્રેસ વખતે પણ તમારી રજા મળે તો ગેરહાજર રહેવાનું હું વિચારી રહ્યો

૧. અહીં આપ્યો નથી. યોજના એવી હતી કે જુદા જુદા રાગના પ્રદર્શન માટે તે તે રાગને ઉચિત એવા સમયે સવારે, સાંજે, કે રાત્રે સાપ્તાહિક જલસાઓ ગોઠવી કંઠ્ય અને વાદ્ય સંગીતને લોકપ્રિય બનાવવું. ૧૨ રૂપિયાની વાર્ષિક ફી ભરનાર એક સો સભ્યો નોંધાયા બાદ આ યોજનાનો અમલ થવાનો હતો.

Gandhi Heritage Portal

છું. આમ વિચારવાનાં બે કારણ છે: હાલનું વાતાવરણ, તથા મદ્રાસના જેવું પ્રદર્શન[1] ભરવાનો કલકત્તા કમિટીનો નિર્ણય. અખિલ હિંદ ચરખા સંઘની કારોબારીએ આ પ્રદર્શનમાં ભાગ નહીં લેવાનો ઠરાવ કર્યો છે. મદ્રાસ પ્રદર્શનના નમૂના મુજબ પ્રદર્શન ગોઠવવામાં સ્પષ્ટ ભૂલ થાય છે એવું જાણવા છતાં જાહેરમાં મારે આવી ટીકા કરવી નથી. હું કલકત્તા આવું તો મારી હાજરીથી ત્યાંની કમિટીને મૂંઝવણ થાય અને મારે ચૂપ રહેવું પડે તો હું મૂંઝાઉં.

મારા દિલમાં હાલ જે મંથન ચાલી રહ્યું છે તેનો ખ્યાલ મેં તમને અહીં આપી દીધો છે. હવે તમારે નિર્ણય કરવાનો છે. પ્રથમ તો એ કે મહાસમિતિ માટે હું કલકત્તા આવું એવું તમે ઇચ્છો છો? અને બીજું એ કે ડિસેમ્બરમાં ભરાનાર કૉંગ્રેસમાં હું હાજરી આપું એમ તમે ઇચ્છો છો?

તમે તથા વિઠ્ઠલભાઈએ મળીને સિમલામાં તો જાદુ કરી દીધો!

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૯૫

## ૩૫૮. ડબ્લ્યુ. ડબ્લ્યુ. હૉલને[2] આપેલી મુલાકાત

[ઑક્ટોબર, ૧૯૨૮ પહેલાં]

પોતે તૈયાર કરેલી પ્રશ્નાવલિ ગાંધીજી આગળ કેવી રીતે મૂકી તેનું મિ. હૉલ . . . બયાન કરે છે. એમનો પહેલો પ્રશ્ન હતો: "સમાજને જેનાથી વધારેમાં વધારે ફાયદો થાય એવી કારકિર્દી કેવી રીતે પસંદ કરવી?" જવાબમાં ગાંધીજીએ કહ્યું:

પ્રાણપ્રશ્ન એ નથી કે એક અગર બીજી કારકિર્દીમાંથી કઈ પસંદ કરવી, પણ વધારે મહત્ત્વનો પ્રશ્ન આત્મસાક્ષાત્કાર કરવાનો છે . . . પોતાની કારકિર્દી પસંદ કરતી વેળાએ સૌથી વધારે મહત્ત્વ જીવનની આધ્યાત્મિક બાજુઓને આપવું જોઈએ. આ વિચારને પ્રધાન સ્થાને રાખી માણસે પોતાની શક્તિઓનો તાગ કાઢવો જોઈએ, અને પોતે જે સમાજમાં મુકાયેલો છે તે સ્થાનિક સમાજની વિશિષ્ટ આવશ્યકતાઓ ઉત્તમ રીતે પૂરી પાડવા શું થઈ શકે તેની ખોજ કરી બધી શક્તિથી એ કામમાં લાગી જવું જોઈએ.

પ્ર. આપણા આજના કાર્યક્રમમાં ધર્મ અને ચારિત્ર્યને શિક્ષણના ક્ષેત્રમાં કેવું સ્થાન હોવું જોઈએ?

ઉ. શિક્ષણ, ચારિત્ર્ય અને ધર્મ એ ત્રણે શબ્દોને એકબીજાના પર્યાય ગણવા જોઈએ. જેમાં ચારિત્ર્યનું ઘડતર થતું ન હોય એ સાચું શિક્ષણ હોઈ ન શકે, ને જે ધર્મ ચારિત્ર્યનું નિર્માણ નથી કરતો તે સાચો ધર્મ નથી. સમગ્ર જીવનને આવરી લે તેનું નામ શિક્ષણ. કેવળ ગોખણ-પટ્ટી કે પુસ્તકિયું જ્ઞાન સાચું શિક્ષણ નથી. ચારિત્ર્યના પીઠબળ વિનાના પંડિતો પેદા કરનારી આજકાલની શિક્ષણપ્રથાઓમાં મને વિશ્વાસ નથી.

૧. જુઓ પુસ્તક ૩૫, પા. ૩૯૬–૮.
૨. नॉर्थ अमेरिकन रिव्यू વાળા. અમદાવાદના આશ્રમમાં આ મુલાકાત યોજાઈ હતી.

Gandhi Heritage Portal

પ્ર. પાશ્ચાત્ય દેશોએ લશ્કરવાદની અવેજીમાં શું અપનાવવું જોઈએ?

ઉ. લશ્કરશાહીના મૂળમાં અહંકાર છે. એટલે હું તેને બદલે "આત્મભોગ" સૂચવું છું.

પ્ર. પણ "આત્મભોગ" એટલે શું?

ઉ. ક્રાઇસ્ટે જે કહ્યું હતું તે જ: "જે જીવન સમર્પણ કરશે તે જીવન પામશે."

પ્ર. આજે દુનિયાભરમાં જુદા જુદા ધાર્મિક પંથો વચ્ચે ઉપર ઉપરથી જોતાં જે નિરાશાજનક વૈમનસ્ય દેખાઈ રહ્યું છે તેનો ઈલાજ શો?

ઉ. ઉદારતા. આપણે બીજાઓ પ્રત્યે સહિષ્ણુતા અને આદરભાવ કેળવવાનાં છે. પ્રત્યેક ધર્મ વત્તેઓછે અંશે મનુષ્યની આધ્યાત્મિક ભૂખને સંતોષે છે. ઢોલ કે ઘંટ વગાડવા જેવી એકાદ ધાર્મિક ક્રિયાથી મને ચીડ ચડતી હોય તો એને અટકાવી દેવાનો પ્રયત્ન કરવાને બદલે મારે સમજવું જોઈએ કે સદરહુ ક્રિયા કેટલાક લોકો માટે જરૂરી છે, ને તેથી મારે એ કજિયાના સ્થળેથી ખસી જવું જોઈએ.

આ મુદ્દા પર મારા વિચારો જાહેરમાં વ્યક્ત કરવાનું મેં બંધ કર્યું છે. મારા વિચારો સર્વત્ર જાણીતા છે. એક ફ્રેન્ચ કહેવત છે કે "પોતાનો બચાવ કરનાર ખરેખર તો પોતાના પર આરોપ જ મૂકતા હોય છે." હું તો માનું છું કે વારંવાર ઉપદેશ આપવાને બદલે મૌન પાળવાથી મારા સંદેશાની વધારે અસર થાય છે. પણ સત્યને લગતા આ અગર બીજા કોઈ મુદ્દા અંગે નિરાશાને સ્થાન નથી. દુનિયા સાચા રસ્તે જ જઈ રહી છે. સનાતન કાળના પ્રવાહમાં આપણું મર્ત્ય જીવન તો એક બિંદુ જેવું છે એ ધ્યાનમાં લઈએ તો દુનિયા પ્રગતિ કરી રહી છે એવું સ્પષ્ટ ન દેખાતું હોવા છતાં વાસ્તવમાં તે પ્રગતિ કરી રહી હોય એવું બને, એ વાત સંભવ છે કે આપણને સમજાય. હું પોતે તો પરમ આશાવાદી છું.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન રિવ્યૂ, ઑક્ટોબર ૧૯૨૮

## ૩૫૯. એની બેસંટના જન્મદિને અમદાવાદમાં ભાષણ

ઑક્ટોબર ૧, ૧૯૨૮

આજ સાંજે ડૉ. બેસંટની ૮૨મી જન્મજયંતી અહીં ઊજવાઈ. તે પ્રસંગે મહાત્મા ગાંધી પ્રમુખસ્થાને હતા. એક પછી એક ઘણા વક્તાઓએ ડૉ. બેસંટને ભવ્ય અંજલિઓ આપી.

ગાંધીજીએ કહ્યું કે આપણે ડૉ. બેસંટને પગલે પગલે ચાલીએ તો જ એમની જયંતી યોગ્ય રીતે ઊજવી ગણાય. એ બાઈ જે માને છે તે પ્રમાણે ચાલે છે, ને પોતાનાં મંતવ્યોને હિંમતથી વળગી રહે છે. એમના ઉદ્ગારોમાં અદમ્ય અભિલાષા તથા અડગ નિશ્ચય વરતાય છે.

ડૉ. બેસંટના જીવનની સાદાઈ તથા આત્મનિરીક્ષણની એમની શક્તિનું અનુકરણ કરવા ગાંધીજીએ સભાને સલાહ આપી. એમણે જણાવ્યું :

નાની નાની બાબતોમાં પણ તમે જો આ સંકલ્પબળ તથા નિશ્ચયબળ કેળવશો તો મહાન કાર્યો કરી શકશો. હિંદને સ્વરાજ તો જોઈએ છે પણ તે માટેની લાયકાત ક્યાં છે? આજ તો ભારતમાતા બંધનમાં છે. એ બંધન તોડીને આપણે સ્વરાજની લાયકાત મેળવીશું ત્યારે સ્વરાજ મળશે, ને પછી જગતમાં કોઈ એવી સત્તા નહીં હોય જે એનો સામનો કરી શકે.

Gandhi Heritage Portal

મહાત્માજીએ જણાવ્યું કે રાજકારણ અને ધર્મ વચ્ચેની ખાઈ પૂરનાર ડૉ. બેસંટ હતાં. ધર્મ વિનાનું રાજકારણ આત્મા વિનાના શરીર જેવું છે. ધર્મ વિનાનું સ્વરાજ કશા ખપનું નીવડે નહીં. ભારતને એની ઘોર નિદ્રામાંથી ડૉ. બેસંટે જ જગાડયું હતું. ડૉ. બેસંટના મત મુજબ જગતમાં કશું અશકય નથી. દૃઢ નિશ્ચય, સાદાઈ, ત્યાગ અને તપશ્ચર્યા — એ એમના જીવનનાં ખાસ લક્ષણો છે. મારી દેશના યુવક વર્ગને આગ્રહભરી પ્રાર્થના છે કે તેઓ પોતાના જીવનમાં આ સદ્‌ગુણો ઉતારવાનું વ્રત લે.

[મૂળ અંગ્રેજી]
હિન્દુ, ૨–૧૦–૧૯૨૮

# ૩૬૦. શ્રીપ્રકાશને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑકટોબર ૨, ૧૯૨૮

પ્રિય ભાઈ શ્રીપ્રકાશ,

તમારું સૂતર પહેલાં કરતાં સારું ઊતરે છે, પણ હજી જોઈએ તેવું નથી. તમને કાંતવાની સાચી રીત શીખવી શકે એવા કોઈને કૃપાલાનીના આશ્રમમાંથી[1] બોલાવી લો, અગર તો તમે જાતે અહીં આવી શીખી લો.

બનારસના પ્રસંગ[2] બાબત જણાવવાનું કે બીજા ઘણા રસમય પ્રસંગોની માફક આ પણ મેં જાણી જોઈને આત્મકથામાં આપ્યો નથી. સાચું કહું તો પ્રકરણો જેમ જેમ લખાતાં જાય છે તેમ તેમ મારી મૂંઝવણ વધતી જાય છે કેમ કે મુખ્ય પાત્રો હાલ હયાત છે, અને લોકોમાં સારી પેઠે જાણીતાં છે. કોઈ કોઈ વાર તો મને થાય છે કે હવે આગળનાં પ્રકરણો લખવાનું મારે બંધ કરી દેવું જોઈએ; પણ કૉંગ્રેસની ૧૯૨૦ની ખાસ બેઠક[3] સુધી પહોંચું નહીં ત્યાં સુધી બંધ કરવાની હિંમત ચાલતી નથી. બેશક, બનારસની એ ઘટનાને હું પણ મારા જીવનનું એક ગૌરવપૂર્ણ પ્રકરણ ગણું છું. એને માટે મારી કશી જ તૈયારી નહોતી અને એ કપરી કસોટીમાં ટકી રહેવાની તાકાત મારામાં કયાંથી આવી તે આજે પણ હું જાણતો નથી. "તારી શ્રદ્ધા જ તારું કવચ બની છે" એવું મારા જીવનના ઘણા પ્રસંગો માટે હું કહી શકું.

૧. ગાંધી આશ્રમ, બનારસ.

૨. જુઓ પુસ્તક ૧૩ પા. ૧૯૬–૭. ૨૦ સપ્ટેમ્બરના પોતાના પત્રમાં શ્રીપ્રકાશે લખ્યું હતું: "બનારસ હિંદુ યુનિવર્સિટીનો આપે પાયો નાખ્યો તે પ્રસંગ, અને તે વખતના આપના ભાષણમાં આપે રાજામહારાજાઓને એમનાં ઝવેરાત વેચી દેવાનું કહેતાં તે સૌ સભામાંથી ઊઠી ચાલી ગયેલા એ બધી વિગતો વર્ણવતા પ્રકરણની આપની આત્મકથામાં હું ઉત્સુકતાથી રાહ જોતો હતો. આ ઊણપની મેં જમનાલાલજી આગળ 'ફરિયાદ' પણ કરી. એમણે આપને લખવા સૂચવ્યું. આ મુજબ હું આપને લખી રહ્યો છું. આશા છે કે પેલું સુંદર પ્રકરણ હજી પણ લખાશે અને એ મહાન ઘટના કાયમને માટે નોંધાઈ જશે."

૩. કલકત્તામાં મળેલી રાષ્ટ્રીય મહાસભાની બેઠક.

Gandhi Heritage Portal

તમે મોકલેલો ચેક બરોબર મળી ગયો હતો.

તમારો સહૃદયી

શ્રીયુત શ્રીપ્રકાશ
સેવાશ્રમ, બનારસ કૅન્ટોનમેન્ટ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૩૮.

## ૩૬૧. ડૉ. પી. સી. રાયને પત્ર

ઑક્ટોબર ૨, ૧૯૨૮

પ્રિય ડૉ. રાય,

પ્રો. સી. એન. વકીલે યંગ ઇન્ડિયામાં ભારતની ગરીબી વિશે લખેલી લેખમાળા[1] આ સાથે બીડી છે. તમારે આ લેખો જોઈએ છે એવું પ્રો. વકીલે મને લખ્યું હતું. આ બધા લેખો ભેગા કરતાં થોડી ઢીલ થઈ છે કેમ કે આ લેખમાળાના કોઈ કોઈ અંકો મેળવતાં મુશ્કેલી પડી હતી.

આશા છે કે કુશળ હશો.

તમારો સહૃદયી

ડૉ. પ્રફુલ્લચંદ્ર રાય
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૩૯

## ૩૬૨. નાનકચંદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨, ૧૯૨૮

પ્રિય ભાઈ નાનકચંદ,

તમારો પત્ર વાંચી આનંદ થયો. તમે કુશળ છો જાણી રાજી થયો. હવે પૂરેપૂરા મજબૂત, તંદુરસ્ત અને ખડતલ બનવા પ્રયત્ન કરજો. તમને ત્યાં બધા મોજશોખ મળે એમ છે, પણ અહીં આવવાનો વિચાર કરો તે પહેલાં તમારે દૃઢતાપૂર્વક એથી વેગળા રહી તમારો બાંધો મજબૂત બનાવવાનો છે અને સંકલ્પબળ કેળવવાનું છે. આશ્રમજીવનનો તમને થોડોઘણો ખ્યાલ તો છે જ. એમાંથી જે તમને ગમ્યું હોય તેનો મહાવરો ત્યાં પાડજો.

તમારો સહૃદયી

શ્રી નાનકચંદ, બી. એ.
શામલાલ ઍડવોકેટને ત્યાં
રોહતક

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૪૦

૧. જુઓ “નોંધ”, ૧૨–૭–૧૯૨૮નું પેટામથાળું “આપણે વધારે ગરીબ બનીએ છીએ?”

Gandhi Heritage Portal

## ૩૬૩. એની બેસંટને પત્ર

ઑક્ટોબર ૨, ૧૯૨૮

પ્રિય ડૉ. બેસંટ,

લખનૌ મુકામે મળેલી સર્વપક્ષીય પરિષદના રિપોર્ટને ટેકો આપવા મદ્રાસમાં રચવામાં આવેલી સમિતિના સેક્રેટરી તરીકે તમારી સહીવાળી નોંધ મળી છે. ઘણો સમય તથા મહેનત માગી લે એવો તમારો આ પ્રયત્ન છે, અને તેથી તેમાં મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. મારી ખાતરી છે કે રિપોર્ટને લોકપ્રિય બનાવવા લીધેલી મહેનત ને સમય એળે નહીં જાય. કારણ બધા પક્ષોની મંજૂરીવાળો દસ્તાવેજ આખરે તૈયાર થઈ શક્યો છે ત્યારે દેશની સમસ્ત જનતા તે વધાવી ન લે તો રાષ્ટ્ર માટે મોટી કરુણતા કહેવાય.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

ડૉ. બેસંટ
અડ્યાર, મદ્રાસ

[તા. ક.]

આજનો દિવસ[1] અનેક વાર આવે એ જ શુભેચ્છા.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૬૯૯

## ૩૬૪. કલ્યાણજી મહેતા અને કાંતિને પત્ર

[ઑક્ટોબર ૨, ૧૯૨૮][2]

ભાઈશ્રી ૫ કલ્યાણજી,

તમારો ને કાંતિનો કાગળ મળ્યો. હું બહુ રાજી થયો છું. તમે દૂધ ઠીક આપ્યું. વેરને આપણે પ્રેમથી જ જીતવું છે. કાંતિના સવિસ્તાર ખબર આપ્યા કરજો.

ચિ. કાંતિ,

તેં ખૂબ કરી છે. મન એવું જ કોમળ રાખજે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૬૮૧

૧. ડૉ. બેસંટનો ૮૨મો જન્મદિન ઑક્ટોબરની ૧લીએ હતો.
૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૩૬૫. કલ્યાણજી મહેતાને લખેલા પત્રનો અંશ

[ઑક્ટોબર ૩, ૧૯૨૮ કે તે પહેલાં][1]

સુરતના કૉંગ્રેસી કાર્યકર શ્રી કલ્યાણજી મહેતાને મહાત્મા ગાંધીએ સુરતનાં હુલ્લડો વિશે એક પત્ર લખ્યો છે. ગાંધીજી લખે છે કે કૉંગ્રેસ સ્વયંસેવક કાન્તિ હુલ્લડમાં ઘવાયો તેનું પોતાને દુ:ખ નથી, પણ પોતે આવાં હુલ્લડોમાં મદદ કરવા સાવ અશક્ત છે એનું દુ:ખ છે. ગાંધીજી લખે છે:

પણ આ અશક્તિમાંથી જ નવી શક્તિ પેદા થશે એ આશાએ હું મારું જીવન ટકાવી રહ્યો છું.

ગાંધીજીએ શ્રી કલ્યાણજીને રોજેરોજના રિપોર્ટ મોકલવા વિનંતી કરી છે ને મનમાં પણ મુસલમાનો પર ગુસ્સો ન કરવા જણાવ્યું છે. છેવટમાં ગાંધીજી લખે છે:

લોકો જ્યારે પાગલ બને છે ત્યારે આમ જ વર્તે છે. પણ આપણે જો શાંત રહીએ તો કોક દિવસ સાચે જ આપણે કશું મેળવી શકીશું.

[મૂળ અંગ્રેજી]
हिन्दु, ૫–૧૦–૧૯૨૮

## ૩૬૬. મીરાંબહેનને પત્ર

સાબરમતી,
ઑક્ટોબર ૩, ૧૯૨૮

ચિ. મીરાં,

તારો તાર મળ્યો. તારું પોસ્ટકાર્ડ પણ મળ્યું હતું. મારું પત્તું તને મળ્યું? "સારી છું" એવો તાર તું કરી શકી તેથી રાજી થયો. મને થોડી ચિંતા રહેતી હતી. કાન્તિ પારેખના બધા સમાચાર પ્રભુદાસ તને આપશે. એને કહેજે કે એનો કાગળ મને મળ્યો છે. આજ તો હું જવાબ નહીં લખી શકું. સભાએ ઉદ્યોગમંદિરવાળો ઠરાવ સ્વીકાર્યો તો ખરો પણ હજી ઘણું કરવાનું બાકી રહે છે.

પ્યાર.

બાપુ

શ્રીમતી મીરાંબાઈ
પ્રભુદાસ ગાંધીને ત્યાં
શૈલા ખાદી શાળા, આલમોડા, યુક્ત પ્રાંત

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૦; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૦

૧. સદરહુ સમાચાર "અમદાવાદ, ઑક્ટોબર ૩" એ તારીખ નીચે છપાયેલા.



Gandhi Heritage Portal

# ૩૬૭. બબન ગોખલેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩, ૧૯૨૮

ભાઈશ્રી,

દલિતવર્ગનાં બાળકો માટે એક હૉલ, એક છાત્રાલય તેમ જ એક નિશાળ પણ બાંધવાનું કેટલાક દલિતવર્ગના મિત્રો વિચારી રહ્યા છે એ તો તમે જાણો છો. હું તબિયત સુધારવા જૂહુ રહ્યો હતો ત્યારે આ ભાઈઓ મને મળ્યા હતા. મેં એમને કહ્યું હતું કે તમે થોડા પૈસા ઉઘરાવી લાવો પછી હું એમાં ખુશીથી રસ લઉં અને હું પોતે થોડી રકમ ઉઘરાવવા કોશિશ કરું એમ પણ મેં એમને કહ્યું. એમણે ઠીક ઠીક પ્રયત્ન કર્યા તથા થોડાઘણા સફળ પણ થયા. આ માટે ઘડવાના ટ્રસ્ટડીડના કેટલાક મુસદ્દાના નમૂના પણ આ ભાઈઓએ મને બતાવ્યા. એમાંનો છેલ્લો મુસદ્દો આ સાથે બીડયો છે. એમનામાંથી બે જણને ટ્રસ્ટી તરીકે રાખી બાકીનાં નામ મારે સૂચવવાનાં છે. આ બે જણનાં નામ છે, શ્રી રામચંદ્ર સાતવજી નિકલજે અને શ્રી જયરામ તાબાજી ગાયકવાડ. આ બાબતમાં તમે રસ લો એવી મારી ઇચ્છા છે. તમે જાતે જ બધી વિગતો જોઈ જજો, સ્થળો જાતે જ જોઈ આવજો, મુખ્ય મુખ્ય માણસોને મળજો, અને પછી તમારો અભિપ્રાય મને લખજો. સદરહુ ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને સેક્રેટરી પણ તમે જ બનો તો સારું. બીજા ટ્રસ્ટીઓનાં નામ પણ સૂચવજો. મને લાગે છે કે સર પુરુષોત્તમદાસને તમે રૂબરૂ મળી પૂછી જુઓ કે તેમણે પાંચ હજાર રૂપિયા આપવાનું કબૂલ રાખ્યું છે? તેઓ આપશે અને સંસ્થાના ટ્રસ્ટી બનશે? આ ઉપરાંત બીજાં નામ પણ સૂચવશો. હું પોતે આટલાં નામ સૂચવું છું: રાષ્ટ્રીયશાળાવાળા શ્રી ગોકુળભાઈ ભટ્ટ, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રીમતી અવંતિકાબાઈ ગોખલે, શેઠ જમનાલાલ બજાજ, સર્વશ્રી જેરાજાણી અને યશવંતપ્રસાદ દેસાઈ. આવું ટ્રસ્ટ બની શકે તો વ્યવસ્થિત કામ થાય. પ્રમુખ સર પુરુષોત્તમદાસ થાય. શ્રી જયકર જોડાય તો ઘણું સારું. પણ તમે આ બધાં નામ પડતાં મૂકી બીજાં નવાં જ નામ સૂચવવા છૂટા છો. મારા મનમાં રામેશ્વર બિરલા પણ છે. જોકે ટ્રસ્ટી થવાની એ કદાચ ના પાડે. આમ તો એમણે આવાં કામ માટે મને ઘણાં નાણાં આપ્યાં છે, અને આ કામ અંગે પણ એમને મારા તરફથી ખાતરી મળે કે આ ટ્રસ્ટ સક્રિય રહેશે અને એના મંત્રી તરીકે તમારા જેવું કોઈ હશે, તો એ સારું એવું દાન આપે એવી મને આશા છે. બાકીની માહિતી તમને આ પત્ર લઈને આવનાર શ્રી ભોંસલે આપશે.

તમારો સહૃદયી

શ્રી બબન ગોખલે
ગીરગામ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૩૬

Gandhi Heritage Portal

## ૩૬૮. ફૂલસિંહને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩, ૧૯૨૮

ભાઈ ફૂલસિંહજી,

તમારો પત્ર મળ્યો. વાંદરા બાબત તમે જાણો છો તે તુરત લખવાને સારુ આભાર માનું છું. બંને કેસમાં ઉપદ્રવ સાવ મટે છે એમ તમે ખાતરી કરી જોઈ છે? હજુ વધારે ઝીણવટથી તપાસ કરજો ને જણાવજો.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
છબી પરથી : જી. એન. ૨૨૭

## ૩૬૯. ખોટી દયા?

શ્રી જમશેદ મહેતા યોગ્ય રીતે કરાંચીના સાચામાં સાચા માણસ તરીકે મનાય છે. ત્યાંની એક પણ લોકોપયોગી પ્રવૃત્તિ એવી ન હશે કે જે તેમણે અપનાવી ન હોય. તેઓ લોકોપયોગી પ્રવૃત્તિમાં જ પોતાનો લગભગ બધો સમય આપે છે. 'થિયૉસૉફિકલ' સંપ્રદાયના તેઓ એક ઉત્તમ પ્રતિનિધિ છે. જેમ તેમની દેશભક્તિ વિશે શંકા નથી તેમ જ તેમની પ્રામાણિકતા અને સ્વતંત્ર મિજાજ વિશે પણ શંકા નથી. એટલે જ્યારે આવા પુરુષ વિચારદોષ કરે અથવા લોકમતને કોરે મૂકીને વર્તે ત્યારે તેમના મિત્રોનાં દિલ દુભાય એમાં નવાઈ નથી. આવો વિચારદોષ કરાંચી મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે શ્રી જમશેદ મહેતાએ કર્યો છે એમ મને લાગે છે. પોતે ખાદીને ચાહનારા છે, છતાં થોડા દિવસ ઉપર તેમણે ખાદી વિશે એક એવો ઠરાવ એક ગેરહાજર સભ્યની વતી રજૂ કર્યો કે જેનો બીજા સભ્યોએ ઘણો સખત વિરોધ કર્યો. બીજી તેમની ભૂલ થયેલી જણાય છે તે હિંદુસ્તાનમાં 'વેજિટેબલ ઘી' (વનસ્પતિનું ઘી)ના નામે યુરોપથી આવતા એક પદાર્થ વિશે તેમણે જાહેર કરેલા અભિપ્રાયમાં છે.

આ બંને બાબતો ઉપર કરાંચીમાં ચાલી રહેલી ચર્ચા વિશે અમારા બંનેના સામાન્ય મિત્રો તરફથી મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે, અને તે વિશે મારા વિચાર દર્શાવવાની તેમણે માગણી કરી છે. આ તો કદાચ એવી આશાએ હશે કે કાં તો પ્રમુખસાહેબ, જેઓ તેમને માટેની મારી માનની લાગણી જાણે છે તેમના ઉપર મારા વિચારોની અસર થાય, અથવા તો કાંઈ નહીં તો કરાંચીના નાગરિકોમાંના કેટલાક મારા વિચારો જાણી પોતાના લોકપ્રિય પ્રમુખના જે વિચારો ભૂલભરેલા પેલા મિત્રો માને છે તેથી ખોટું પગલું લેતાં અટકે. મારા વિચારોથી આ બેમાંથી એકે પરિણામ આવે કે ન આવે, તોપણ શ્રી જમશેદ મહેતાના આ બંને બાબત વિશેના વિચારો ધીરજથી અને આદરથી તપાસવા ઘટે છે.

Gandhi Heritage Portal

૧

શ્રી જમશેદ મહેતા મને જણાવે છે કે ખાદી વિશેનો ઠરાવ તેમણે કેવળ મ્યુનિસિપાલિટીની લાગણીની પરીક્ષા કરવા માટે રજૂ કર્યો હતો, અને સભ્યો તે ઠરાવની વિરુદ્ધ છે એમ તેમણે જાણ્યું ત્યારે તે તેમણે ખેંચી લીધો. સદરહુ ઠરાવ અને તે રજૂ કરતાં તેમણે કરેલી દલીલ કરાંચીના એક છાપામાંથી અહીં આપું છું:

> ઠરાવ – આ કૉર્પોરેશન બીજી જુલાઈ ૧૯૨૪નો નં. ૩૦૪મો ઠરાવ રદ કરવાનું ઠરાવે છે, કારણ બધાં કામમાં ખાદી ખરીદવાની અને વાપરવાની ફરજ પાડવાને લીધે ઘણી વાર મ્યુનિસિપાલિટીનાં જુદાં જુદાં ખાતાંમાં નાણાંની ચોખ્ખી બરબાદી થઈ છે.
>
> આ ઠરાવ રજૂ કરતાં પ્રમુખે આરંભમાં જ જણાવ્યું કે હું પોતે ખાદીનો વપરાશ સાર્વત્રિક થવાના પક્ષમાં છું, છતાં છેલ્લાં ત્રણ વર્ષમાં આ લોકપ્રિય ગૃહઉદ્યોગના ઉત્તેજનની ખાતર મ્યુનિસિપાલિટીએ ઓછામાં ઓછા એક લાખ રૂપિયા ખર્ચ્યા છે તોપણ મ્યુનિસિપાલિટીએ આપેલી ખાદી પહેરનારા પટાવાળા અને ભંગીઓને તો ભારે વિટંબણા જ વેઠવી પડી છે એવો મારો પ્રામાણિક અભિપ્રાય છે. આવી રીતે જે ખાદીથી પહેરનારાઓનું કશું ભલું નથી થતું તેના ઉપર અઢળક પૈસો ખર્ચવામાં મ્યુનિસિપાલિટીના સભ્યો પોતાને તેમ જ કર ભરનારાઓને અન્યાય કરે છે. ભંગીઓને આવી જાડી ખાદી પહેરીને પોતાનું કામ કરવાની ફરજ પાડવી એ તો ઘાતકીપણું જ કહેવાય. વળી ધોળી ખાદી તરત મેલી થાય છે, અને ગરીબ પટાવાળાઓને તેની ધોવરામણ ભારે પડે છે. રંગેલી ખાદીનો અખતરો કરવામાં આવ્યો પણ તે નિષ્ફળ ગયો. મ્યુનિસિપાલિટી માત્ર કપડાંની બે જોડી આપી શકે અને તેને ચોખ્ખી રાખતાં તેમને ભારે વિટંબણા પડે છે. આટલું કહીને પ્રમુખસાહેબે આગ્રહપૂર્વક જણાવ્યું હતું: 'હું તમને ખાતરી આપું છું કે એ ખરેખર ઘાતકીપણું છે. આપણે લગભગ લાખ રૂપિયા ખર્ચ્યા છે પણ તેમાંના ૮૫,૦૦૦ રૂપિયા તો ચોખ્ખા એળે ગયા છે. આપણો હેતુ પાર પડ્યો નથી. વધારે ઊંચા પ્રકારની ઝીણી અને વજનમાં હલકી ખાદી આજના કરતાં બેવડી કિંમતે આપણે તેમને આપી ન શકીએ તો તેમને ખાદીની જોડી આપવાનો વિચાર આપણે માંડી વાળવો જોઈએ. આજકાલ આપણે જે ખાદી તેમને આપીએ છીએ તે તો એવી રદ્દી છે કે તે જોઈને આપણી આંખમાં આંસુ આવે.

આ દલીલ આપણે તપાસીએ. પ્રમુખે મ્યુનિસિપાલિટીના નોકરોને પોતાને ગજે માપીને એ નોકરોને અને ખાદીપ્રવૃત્તિને મોટો અન્યાય કર્યો છે. એ તો કોઈ સૂકલકડી રમણી થાક્યાપાક્યા આવેલા પોતાના મહેમાનોની ભૂખ પોતાની ભૂખથી માપે, અથવા કીડીને ત્યાં હાથી મહેમાન જાય અને કીડી હાથીભાઈને થોડા કણ દઈને ખૂબ મહેમાનગતિ કરવાનો દાવો કરે તેના જેવું થયું. એ બંને ગજ ખોટા થઈ પડે એ આપણે જાણીએ છીએ. હા; બંનેને ત્યાં પોતાના સરખા મહેમાન આવ્યા હોય તો જ તેમનું માપ સાચું પડે.

કરાંચીના દાખલામાં, પ્રમુખે જે ગજે મ્યુનિસિપલ નોકરોની જરૂરિયાત માપી તે ખોટો છે, કારણ શ્રી જમશેદ જેવી સુકુમાર રીતે ઊછર્યા છે તેવી રીતે પેલા નોકરો નથી ઊછર્યા. એ ગજ બે રીતે ખોટો છે; કારણ ભંગીઓને પ્રમુખસાહેબ જેવી ઝીણી ખાદી ન જોઈએ, અને કેળવાયેલા હિંદીઓને રાજકર્તાઓનું અનુકરણ કરીને ભય, અજ્ઞાન અથવા મોટા થવાની લાગણીને લીધે જે ઢબનો પોશાક જોઈએ છે તે ઢબનો પોશાક ગરીબ ભંગીઓને ન જોઈએ. મારી

Gandhi Heritage Portal

સૂચના છે કે મ્યુનિસિપાલિટીના સભ્યોએ સભ્યતાના પોતાના ખ્યાલમાં ફેરફાર કરી પોતાના નોકરોને દેશની આબોહવા અને રીતરિવાજોને અનુકૂળ થઈ પડે એવાં કપડાં પૂરાં પાડવાં જોઈએ. આ વિચાર તેઓ લક્ષમાં રાખશે તો જાડામાં જાડી ખાદી વાપરતાં તેમને ડર ન લાગે, અને તેમ કરીને તેઓ મ્યુનિસિપાલિટીના પૈસાનો બચાવ કરશે, તેમના નોકરોને વધારે સુખી કરશે, ખરી કળાને સજીવન કરશે, અને સાથે સાથે જ પોતાના દેશના ગરીબમાં ગરીબ માણસોની સેવા કરશે — જેમની સેવા તો ખાદી વાપરવા સિવાય બીજી એકે રીતે કરવી અશક્ય છે. પ્રમુખસાહેબ જરા આત્મૌપમ્ય દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરે, તો ઘડીક વાર પોતે પોતાને પેલા નોકરોની સ્થિતિમાં મૂકી જુએ. તેમ કરી જોશે તો તેમનો ગજ પણ ખોટો મટીને સાચો થશે.

પણ માની લઈએ કે મ્યુનિસિપલ નોકરોને મ્યુનિસિપાલિટીની ખોટી પ્રતિષ્ઠાને ખાતર અસ્વાભાવિક લેબાસ પહેરવો જ જોઈએ, તો આજે પૂરતી કિંમત ખર્ચે તો ઝીણી અને સરસ ખાદી ઢગલામોઢે મળી શકે એમ છે, અને ખાખી રંગની ખાદી પણ મેળવવી મુશ્કેલ નથી.

સસ્તામાં સસ્તી અને વધારેમાં વધારે દેશોપકારક રીત તો એ છે કે મ્યુનિસિપલ શાળાનાં બાળકો અને બાળાઓએ અને મ્યુનિસિપલ સભ્યોએ પોતે ઝીણું સૂતર કાંતતાં શીખવું ને તે કરાંચીમાં જ વણાવી લેવું. આટલું થાય તો શહેરના બીજા નાગરિકો તેમનાં દેશભક્તિ અને ઉદ્યમનું અનુકરણ કરશે, અને કરાંચીની વસ્તીનો ત્રીજો ભાગ પણ પરમાર્થે અથવા યજ્ઞાર્થે કાંતતો થઈ જશે તો મ્યુનિસિપાલિટીના નોકરોને જોઈએ તેના કરતાં વધારે ખાદી ઉત્પન્ન થઈ રહેશે.

આ પદ્ધતિ સ્વીકારવા વિરુદ્ધ એક યોગ્ય વાંધો લઈ શકાય એમ છે. તે એ કે આવી રીતે પેદા કરેલી ખાદી જે ગરીબોના હિતની ખાતર મ્યુનિસિપાલિટીઓને ખાદી વાપરવાની ભલામણ કરવામાં આવે છે તે ગરીબોને કશી મદદ નહીં કરે. આ વાંધો અમુક અંશે સાચો છે, છતાં આપણે એ ભૂલવું ન જોઈએ કે મેં સૂચવ્યું છે તેવી રીતે કોઈ પણ શહેર કાંતવાની પ્રવૃત્તિ ઉપાડી લે તો તે ગરીબ હિંદની એક પરોક્ષ છતાં ભારે સેવા થઈ પડશે, કારણ યજ્ઞાર્થે થતી આ કાંતણપ્રવૃત્તિથી આલસ્યરૂપી શત્રુનો નાશ થઈ કાંતવાનું વાતાવરણ ઉત્પન્ન થશે, અને આજે જે આમવર્ગ માથે હાથ દઈને બેસી રહ્યો છે તેને પોતાનાં પેટ ભરવા પૂરતી પણ નથી થઈ પડતી એવી કમાણીમાં કાંતીને બે પૈસા વધારવાનું ઉત્તેજન મળશે. જે દેશમાં રોજની સરાસરી આવક સાત પૈસા છે ત્યાં એ આવકમાં રોજનો એક પૈસો ઉમેરાય તે પણ ભયો ભયો થઈ પડશે.

પણ વ્યવહારકુશળ વેપારીબુદ્ધિ એ સૂચનાને સ્વપ્નવત્ ગણી હસી કાઢવાનો સંભવ છે. ગમે તેમ હોય તોપણ આદર્શ દ્રષ્ટા પ્રમુખસાહેબ તો મારી સૂચનાને એમ ઝટ ઝટ નહીં ઉડાવી દે એવી મારી ખાતરી છે. પણ જેઓ મેં સૂચવી છે તેવી રીતે ખૂબ વિચારપૂર્વક અને શાસ્ત્રીય રીતે ઘરેઘરમાં કંતાવવાની વ્યવસ્થા ન કરી શકે તેમને તો મારે જણાવવું જોઈએ કે ખાદી ઉપર ગમે તેટલું ખર્ચ થાય તે ખીચડીમાં ઘી ઢળ્યા બરાબર છે, અને ખાદીને લીધે ગમે તેટલી અગવડ પડે તે પણ વધારે પડતી નથી. કારણ એટલું લક્ષમાં રાખવું જોઈએ કે ખાદી ઉપર ખર્ચેલી પાઈએ પાઈ ગરીબના ગજવામાં જ સીધી ચાલી જાય છે, અને તેમાંથી પણ ૮૫ ટકા જેટલી રકમ તો અર્ધી ભૂખે મરતી કાંતનારીઓ અને એમના જેવી જ મજૂરી કરનારીઓના પેટમાં પહોંચે છે.

પણ પ્રમુખ સાહેબ કહે છે:

> આના કરતાં નોકરોને સ્વદેશી મિલનું કપડું આપીને ખાદી ઉપર થતા ખર્ચના ૬૦ ટકા શા સારુ ન બચાવી લેવા?

Gandhi Heritage Portal

આ દલીલની ગરબના મિત્ર ગણાતા શ્રી જમશેદ મહેતાની પાસે મેં બહુ ઓછી આશા રાખી હતી. જો દરેક મ્યુનિસિપાલિટી ખાદીને ૬૦ ટકા મદદ આપી શકતી હોય તો તે આપે તેમાં શું ખોટું છે?

અને મેં **નવજીવન**નાં પાનાંમાં અનેક વાર બતાવ્યું છે તેમ ખાદી અને મિલના કાપડની વચ્ચે કશી સરખામણી ન થઈ શકે, જેમ ઘરની બનેલી રોટલી ગમે તેટલી મોંઘી પડે અને બનાવવાની ગમે તેટલી કડાકૂટવાળી હોય તોપણ તે રોટલી અને બજારમાં સસ્તી મળી શકતી સંચાની બનેલી બિસ્કિટ વચ્ચે સરખામણી ન થઈ શકે. મિલનાં કપડાંને ખાદીની જેમ રક્ષણની અથવા લોકોના ઉત્તેજનની જરૂર નથી. જ્યારે ખાદી ગમે તેટલી કિંમત ખર્ચતાં ન મળી શકે, મિલના બનાવેલા કાપડ વિના ન જ ચાલી શકે એમ હોય, અને જ્યારે પરદેશી અને સ્વદેશી મિલના કાપડની વચ્ચે જ પસંદગી કરવાની હોય ત્યારે સહેજે સૌ દેશી મિલના કાપડને જ પસંદ કરશે, અને પસંદ કરવું જોઈએ. પણ જ્યારે પરદેશી કે સ્વદેશી મિલના કાપડ અને ખાદી વચ્ચે પસંદગી કરવાની હોય ત્યારે તો ખાદીને જ પસંદગી મળવી જોઈએ. મિલનાં કાપડની જેમ ખાદીની બજાર નક્કી થઈ ગયેલી નથી, અરે ખાદી બજારુ વસ્તુ જેવી સામાન્ય વસ્તુ જ હજી નથી થવા પામી. ખાદીની ઉપર જેટલા ખરચીએ તેમાંના ઓછામાં ઓછા ૮૫ ટકા દેશના ભૂખે મરતાંના પેટમાં પડે છે, જ્યારે મિલના કાપડ ઉપર જેટલા પૈસા ખરચીએ તેના ૨૫ ટકાથી પણ ઓછા મજૂરોને મળે છે, અને ૭૫ ટકાથી પણ વધારે મિલવાળાઓને મળે છે. આ મિલવાળાઓને કશી તંગી નથી; તેઓ પોતાની દરકાર બરોબર રાખી શકે એમ છે, અને તેમને કદી ભૂખે મરવાપણું નથી — જેમ ખાદી પેદા કરનારા કરોડો લોકોને ખાદી ન વપરાય તો ભૂખ્યા મરવાનું છે. મારી તો ખાતરી છે કે જે મ્યુનિસિપલ નોકરોને ખાદી પહેરતાં અગવડ પડે છે એમ માની લઈને શ્રી જમશેદ મહેતા દયાભાવને વશ થઈ પેલો ઠરાવ રજૂ કરવા પ્રેરાયા હતા તે નોકરોને ખાદીનું રાષ્ટ્રીય મહત્ત્વ સમજાવવામાં આવે તો સ્વદેશી મિલનું કાપડ પહેરવામાં ગમે તેટલું સગવડવાળું લાગે તોપણ તેઓ ખાદી વાપરવાનું જ પસંદ કરશે. મારા અભિપ્રાય પ્રમાણે જ્યાં સુધી ખાદીથી કરોડો ભૂખ્યાંને કામ મળે છે અને રોટલા મળે છે ત્યાં સુધી ગમે તે દામે પણ તે સસ્તી છે.

૨

શ્રી જમશેદ મહેતા જીવદયાપ્રચારક જ નહીં પણ નિરામિષાહારી પણ છે, અને પોતાના સિદ્ધાંતોને અંગે મિત્રોનો અણગમો વહોરવાનું તે પસંદ કરે છે. કોણ જાણે શા કારણે તેમણે અનુમાન કરી લીધું છે કે 'વેજિટેબલ ઘી' નામનો પદાર્થ, જે સાહસી પરદેશી વેપારીઓએ હિંદુસ્તાનની બજારમાં ઘુસાડ્યો છે તે બજારમાં મળતા સાચા ઘીના કરતાં વધારે પસંદ કરવા જેવો છે, કારણ એમના ધારવા પ્રમાણે એ સાચા કહેવાતા ઘીમાં ઘણુંખરું ચરબી ભેળવવામાં આવે છે. નિરામિષાહારને વિશેના પક્ષપાતમાં હું કોઈનાથી ઊતરું એમ નથી, અને બજારનું ઘી ખરીદવાનું છોડી દેવાનો મત ધરાવનારો છું, અને જો ડૉક્ટરો મને બકરીનું ઘી છોડી દેવાનું ઉત્તેજન આપે, અથવા એ છોડી દેવા જેટલી મારી હિંમત ચાલે તો તે વાપરવાનું સમૂળગું છોડી દઉં એમ છું, છતાં રાસાયણિક રીતે તૈયાર કરેલો જે વનસ્પતિ પદાર્થ ભોળા લોકોની પાસે ઘી તરીકે મૂકવામાં આવે છે તે તો હું ન જ વાપરું.

વૈદકના ગ્રંથો મેં જેટલા જોયા છે તે ઉપરથી જણાય છે કે ઘી અથવા પશુની ચરબીની ગરજ સારી શકે એવો એક પણ વનસ્પતિનો પદાર્થ નથી, કારણ એ ઘી અને ચરબીમાં માણસનું

Gandhi Heritage Portal

આરોગ્ય જાળવવાને અતિશય આવશ્યક એવું પ્રાણતત્ત્વ (વિટામિન એ) પુષ્કળ પ્રમાણમાં છે. એટલે નિરામિષાહારીઓની સામે એક દુઃખદ કોકડું ઊભું થાય છે, તે એ કે ભેળવાળું ઘી અન્નાહારની દૃષ્ટિએ તો દોષવાળું છે છતાં વૈદ્યકીય દૃષ્ટિએ નિર્દોષ છે. એટલે શ્રી જમશેદ મહેતા જેવા ઉત્સાહી આહારસુધારકોને માટે એક જ યોગ્ય ઉપાય એ હોય કે તેમણે શુદ્ધ ઘી જેટલું વધારે મળી શકે તેટલું મળતું કરવું, અને એ હેતુ માટે જો તેમની પાસે બીજો કોઈ વધારે સત્વર માર્ગ ન હોય તો તેમણે ગોસેવા સંઘમાં દાખલ થવું. કરાંચીમાં મ્યુનિસિપાલિટી દ્વારા જ બધું દૂધ અને ઘી મળતું થાય એવી વ્યવસ્થા તેઓ કરી શકે છે, અને તે માટે તેઓ એક સરસ મ્યુનિસિપલ દુગ્ધાલય ચલાવવાની ગોઠવણ કરી શકે છે. 'વેજિટેબલ ઘી'નો તો સદંતર અને કોઈ પણ ભોગે બહિષ્કાર થવો જ જોઈએ. કારણ તેમાં ઘણી વાર ભેળ આવે છે, અને રાસાયણિક રીતે બનવાને લીધે તે ઘણી વાર આરોગ્યને હાનિકર્તા છે, અને ખોરાક તરીકે તો તે તદ્દન નકામું જ છે. પણ આ આપણે ચરબીવાળા ઘીને વિશે નહીં કહી શકીએ. આ દેશમાં તેલવાળાં બીજો પુષ્કળ પેદા થાય છે, અને તેવાં તાજાં બીજોમાંથી કાઢવામાં આવેલું તેલ મુખ્યત્વે કરીને નાળિયેરમાંથી ઉત્પન્ન થયેલા વનસ્પતિના બનાવટી ઘીના કરતાં ઘણું ચડિયાતું છે. અને એવું તૈયાર વનસ્પતિનું ઘી લેવા કરતાં તો બજારમાંથી લીલું નાળિયેર લાવીને ઘેર જ તેનું ઘી બનાવી લેવું એ સૌને પોસાય એમ છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ४-१०-१९२८
ભાષાંતર : नवजीवन, ७-१०-१९२८

## ૩૭૦. પ્રાચીન ભારતમાં કાંતણ

કોઈમ્બતુરના શ્રી સી. બાલાજીરાવ ખૂબ ઉત્સાહી ખાદીપ્રેમી છે. ડૉ. શામશાસ્ત્રીએ કૌટિલ્યના અર્થશાસ્ત્ર (સમય, ઈ. સ. પૂર્વે ૩૨૧થી ૨૯૬)ના કરેલા વિદ્વત્તાપૂર્ણ ભાષાંતરમાંથી કેટલાક ઉતારા[૧] ભાઈ બાલાજીરાવે મારા પર મોકલ્યા છે. તે કાળના આપણા દેશબંધુઓના રીતરિવાજ વિશે ખૂબ ઉપયોગી માહિતી આપવા ઉપરાંત આ ઉતારાઓ એ પણ બતાવે છે કે કાંતણ રાજ્યને હસ્તક હતું. આજે પણ એમ જ હોવું જોઈએ. આપણા દેશમાં જે અપાર માનવશક્તિ વેડફાઈ રહી છે તે માત્ર સંગઠનને અભાવે જ બેકાર રહે છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ४-१०-१९२८

૧. અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

# ૩૭૧. એન. આર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો અગાઉનો પત્ર જડતો નથી. ગયા માસની ૨૭મીના તમારા પત્ર પરથી સમજાય છે કે મોડામાં મોડા આ માસની આખરે તમે રાહત કાર્યમાંથી ફારેગ થશો. તમારે માટે સિંધમાં કામ પડયું છે એ હું જાણું છું; એ પણ જાણું છું કે તમે જ્યાં પણ કામ કરતા હશો ત્યાં તમારી હાજરીની અસર પડવાની જ. પણ પ્રશ્ન એ છે કે તમારી આખરી પસંદગી કઈ હોવી ઘટે? અલબત્ત મેં તો મનમાં વિચારી રાખેલું કે આકાર લઈ રહેલી અખિલ ભારત દલિતવર્ગ સંસ્થાના તમને મંત્રી બનાવવા. પરંતુ આ બાબતમાં હું કશી દોરવણી ન આપી શકું. શ્રેષ્ઠ દોરવણી તો અંતરમાંથી જ મળી શકે. આખરે તો પસંદગી તમારે કરવાની છે, અને તેથી જે કામ તમને સૌથી વધારે ગમતું હોય અને જે માટેની ઉત્તમ યોગ્યતા તમારામાં છે એમ તમને લાગે તે જ પસંદ કરવું. સિંધને તમારી જરૂર હોય અને ત્યાં જ તમારે દટાઈ જવું હોય તો મને વાંધો નથી. માત્ર, તમે જે કંઈ નિર્ણય કરો તે, માણસ માટે શકય હોય તેટલી હદે, આખરી હોવો જોઈએ.

તમારી પુત્રી વિશે લખ્યું તે જાણ્યું. મને એ બહુ ગમ્યું તો નથી, પણ હાલના સંજોગોમાં બની શકે તે બધું તમે કર્યું હશે એની મને ખાતરી છે. રૂ. ૨,૦૦૦ના ખર્ચને તમે નજીવું ગણાવો તે વાતમાં કરુણતા ન હોત તો હું ખડખડાટ હસી પડત. આ નવા યુગના મારા જેવા ગરીબો તો ૧૦ રૂ.ને પણ થોડી મોટી રકમ ગણે. રામદાસનાં લગ્નમાં મને ઘણું કરીને એક જ રૂપિયાનો ખર્ચ થયેલો. તે આમ : એક બે નાળિયેર, વરકન્યા માટે બે તકલી, ગીતાની બે નકલો, અને બે નકલો આશ્રમ ભજનાવલીની. ૨,૦૦૦ રૂ. તો આશ્રમની બહારના ગુજરાતમાં પણ મોટો ખરચો ગણાય. બે વર્ષ પર કમળાનું લગ્ન થયું તેમાં જમનાલાલજીએ પણ ૨,૦૦૦ ખર્ચ્યા હોય એવું હું ધારતો નથી. પણ હું એ જાણું છું કે ગુજરાતના ગજથી કે નવા યુગના ગજથી હું સિંધને માપવા જાઉં તો તદ્દન ખોટો જ પડું. મને લાગે છે કે રૂ. ૨૦,૦૦૦ ને બદલે રૂ. ૨,૦૦૦ ખરચાયા એ જ તમારે માટે તો પ્રગતિશીલ પગલું ગણાય, અને રૂ. ૨,૦૦૦ પરથી રૂ. ૨૦ પર તમે પહોંચો તો તો કદાચ તમારાં સાસુને તમારે છોડવાં પડે અને પત્ની સાથે છૂટાછેડા લેવા પડે! આ દૃષ્ટિએ જોતાં રૂ. ૨,૦૦૦નો સોદો કદાચ ખોટો તો નથી.

તમે બધાં સારાં હશો.

તમારો સહૃદયી
**બાપુ**

શ્રી નારાયણદાસ મલકાની
હૈદરાબાદ, સિંધ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૮૮૮

Gandhi Heritage Portal

## ૩૭૨. ડી. બી. કૃષ્ણમ્માને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૪, ૧૯૨૮

પ્રિય બહેન કૃષ્ણમ્મા,

તમે મોકલેલાં આલબમ તથા ફ્રેમ મળ્યાં તેથી ખુશ થયો. કેટલીક નકલો તો એકદમ અદ્ભુત છે. મારે કોઈ વાર રાજમહેન્દ્રી આવવાનું થાય તો મૂળ ચિત્રો મને જરૂર બતાવજો.

તમે તદ્દન કુશળ હશો એવી આશા રાખું છું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રીમતી ડી. બી. કૃષ્ણમ્મા
રાજમહેન્દ્રી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૭૮૭

## ૩૭૩. લાહોરની વિદ્યાર્થી પરિષદને સંદેશો[1]

## ૩૭૪. એની બેસંટને તાર[2]

[ઑક્ટોબર ૫, ૧૯૨૮]

ડૉ. બેસંટ,

તાર મળ્યો. સ્વરાજ્યના ધ્યેય અર્થે થતા પ્રયત્નોને હાનિ કર્યા વિના આપી શકાય તેટલો ટેકો દેશ તરફથી ન મળવાને કારણે નેહરુ બંધારણ તૂટી પડે તો મહાઅનર્થ થાય એવી ખાતરી છે. બધા પક્ષો વચ્ચે અધિકતમ ઐક્ય હમેશ અતિઆવશ્યક નથી એવું સ્વીકારતા છતાં જેમાં

૧. ૭-૧૦-૧૯૨૮ના હિન્દુસ્તાન ટાઇમ્સમાં પ્રસિદ્ધ થયેલ આ સંદેશા માટે આગળ આવી ગયેલ પત્ર ૩૩૪, "ધન્વંતરિને પત્ર" જુઓ. બેવડાઈ જતો હોવાથી તે રદ કર્યો છે. આ પરિષદ લાહોરમાં ૬ઠ્ઠી ઑક્ટોબરે થવાની હતી.

૨. સાબરમતી ખાતે ઑક્ટોબરની ૫મીએ મળેલા એમના તારના જવાબમાં. તાર હતો : "શ્રીનિવાસ આયંગરે ફ્રી પ્રેસને આપેલી મુલાકાતમાં કૉંગ્રેસમૅનોને હાકલ કરી છે કે સર્વપક્ષીય પરિષદથી આઘા રહેવું, સબબ કે પરિષદના ઠરાવના મુસદ્દામાં પૂર્ણ સ્વરાજ્યનું ધ્યેય સ્વીકારેલું નથી. બધા રાજકીય પક્ષોની વધુમાં વધુ સંમતિ મેળવવાના પ્રયત્નમાં અશ્રદ્ધા બતાવે છે. મારું માનવું છે કે આ વિશે તમારું માર્ગદર્શન તાત્કાલિક પ્રસિદ્ધ થાય એ આપણી સફળતા માટે અતિઆવશ્યક છે. લખનૌ પરિષદની કારોબારીના હાથ મજબૂત કરવા જ આવતી કાલનું સંમેલન મળવાનું છે."

Gandhi Heritage Portal

કોઈ રાષ્ટ્રીય હિત જોખમાતું નથી તેવી આ તથા બીજી બાબતોમાં સર્વસંમતિ સાધવા યત્ન કરવો જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૭૦૦

## ૩૭૫. મોતીલાલ નેહરુને તાર[1]

આશ્રમ, સાબરમતી,
[ઑક્ટોબર ૬, ૧૯૨૮]

મોતીલાલ નેહરુ
આનંદ ભવન, અલ્લાહાબાદ

તાર મળ્યો. ડૉ. બેસંટનો પણ તાર હતો. કાલે જવાબ[2] વિગતે આપ્યો. બધું સમુંસૂતરું પાર ઊતરે એ આશા.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૭૦૨

## ૩૭૬. ટી. આર. ફૂકનને તાર[3]

આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૬, ૧૯૨૮

ટી. આર. ફૂકન
ગૌહત્તી

ખૂબ કામને કારણે જવાબ અશક્ય. સલાહ છે કે પૈસાદાર કૉંગ્રેસીઓ પાસે પહોંચી જાવ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૪૯

૧. એમના ૫ ઑક્ટોબરના તાર (એસ. એન. ૧૩૭૯૯)ના જવાબમાં તાર હતો: "સ્વાતંત્ર્યનો ઠરાવ નથી સ્વીકારાયો તેથી આવતી કાલે બેસંટે બોલાવેલી મદ્રાસ પ્રાંતની સર્વપક્ષીય પરિષદથી અળગા રહેવા કૉંગ્રેસમૅનોને સલાહ આપી શ્રીનિવાસ આયંગર અયોગ્ય ખલેલ કરે છે. લખનૌ ખાતે થયેલા ઠરાવોને બહાલી આપવા જ પરિષદ બોલાવેલી છે. વધુમાં વધુ સંમતિ મેળવવાથી કૉંગ્રેસને કોઈ હાનિ નથી. વધુમાં વધુ સંમતિ મેળવવાના પ્રયત્નોમાં શ્રીનિવાસને અશ્રદ્ધા. કૃપા કરી એમને તારથી રોકો. મેં અનસારીને તાર કર્યો છે. છાપામાં નિવેદન પણ આપું છું."

૨. જુઓ આ પહેલાંનો તાર.

૩. એમના તાર (એસ. એન. ૧૩૫૪૩)ના જવાબમાં; તાર હતો: "કૉંગ્રેસ પાસે લેણા નીકળતા રૂ. ૧૩,૫૦૦ માટે આપણી સામે હુકમનામું થયું છે એવું મેં આપને સિમલાથી લખ્યું હતું. છુટકારાનો ઉપાય સૂચવશો."

Gandhi Heritage Portal

# ૩૭૭. 'અમારે શું કરવું?'

ગોધરામાં[1] જે કરુણાજનક બનાવ બની ગયો, જેને અંગે ભાઈ પુરુષોત્તમદાસ શાહે વીરતાપૂર્વક મૃત્યુની ભેટ કરી તેને વિશે નોંધ લેતાં મેં 'ગોધરામાં હિંદુમુસલમાન વચ્ચે લડાઈ' એવું મથાળું આપ્યું. તે કેટલાક હિંદુ ભાઈઓને ન ગમ્યું ને તેમણે મારી ઉપર રોષભર્યા કાગળો લખ્યા ને મથાળું સુધારવાની માગણી કરી. હું મથાળું સુધારી ન શકયો. એકનું મરણ થાય કે અનેકનું, બે પક્ષો સામસામે લડે કે એક મારે ને બીજા મરે, તોપણ જો તે બધું લડાઈને અંગે બન્યું હોય, તો તેની ગણતરી લડાઈમાં જ આવે. ગોધરામાં શું કે બીજાં ગામોમાં, આજે હિંદુમુસલમાન વચ્ચે લડાઈ જ પ્રવર્તે છે. સારે નસીબે હજુ ગામડાં તેથી મુક્ત રહ્યાં છે, ને કેટલાંક જ મોટાં ગામો બાકી જતાં બધાં શહેરો ને ગામોમાં એકબીજા રૂપમાં લડાઈ ચાલી જ રહેલી છે. ગોધરામાં જે કંઈ થયું તે એ લડાઈમાંથી નીકળ્યું એ વિશે તો કોઈ ઇન્કાર કરતું જણાતું નથી એમ મારી પાસે આવેલા કાગળોમાંથી પણ જોઉં છું.

એટલે મથાળાની જ ફરિયાદથી મને લખનારા શાંત રહેત તો હું અહીં કંઈ ન લખત, ને તે તે ફરિયાદ કરનારને નોખા જવાબ આપીને શાંત રહેત.

પણ બીજા કાગળો આવ્યા છે તેમાં મારી ઉપરનો ક્રોધ બીજાં કારણોસર ફૂટી નીકળ્યો છે. એક સ્વયંસેવકે લાંબો કાગળ લખ્યો છે તેનો સાર આ છે:

> તમે લખો છો કે તમે હિંદુમુસલમાન લડાઈ વિશે મૌન લીધું છે. તમે ખિલાફતમાં અમને દોર્યા ત્યારે મૌન કાં ન લીધું? તમે અહિંસાની વાત કરતાં કાં મૌન ન લીધું? હવે જ્યારે બેઉ લડી રહ્યા છે ને હિંદુ કચરાઈ મરે છે ત્યારે મૌન ધારણ કરી બેઠા છો એ કયાંનો ન્યાય? એમાં અહિંસા કયાં આવી? બે કિસ્સાઓ તરફ તમારું ધ્યાન ખેંચું છું:
>
> એક હિંદુ વેપારીએ મને કહ્યું: "મારી દુકાને આવી મુસલમાનો ચોખાની ગૂણો લઈ જાય છે. તે પૈસા આપતા નથી, તેમ મારાથી મગાતા નથી; કારણ કે જો માગું તો મારી વખારો લૂંટે. એટલે મારે મહિને દશથી પંદર ગૂણો મફત આપવી પડે છે. એક ગૂણ એટલે પાંચ મણ." બીજાઓ કહે છે: "અમારા મહોલ્લામાં મુસલમાનો આવી અમારા દેખતાં અમારી સ્ત્રીઓનું અપમાન કરે છે ને અમારાથી એકે શબ્દ બોલાતો નથી. જો અમે કંઈ બોલીએ તો અમારા ભોગ મળ્યા. અમે આ બાબતની ફરિયાદ પણ નથી કરી શકતા."
>
> હવે તમે આવા કિસ્સાઓમાં શી સલાહ આપો? તમારો અહિંસાધર્મ કઈ રીતે ચલાવો? આનો જવાબ પણ મૌન ખાતે લખશો કે?

આવી જાતના કોયડાના જવાબ નવજીવનમાં અપાઈ ગયા છે. છતાં તે મુકાયા જ કરે છે એટલે ફરી ફરી તેનો ઉત્તર આપવો ઘટે છે.

અહિંસા બીકણનો કે નમાલાનો ધર્મ નથી. તે બહાદુર અને મરણિયાનો ધર્મ છે. તલવારે લડતાં જે મરે છે તે અવશ્ય બહાદુર છે, પણ જે માર્યા વિના ધીરજપૂર્વક ઊભો મરે છે તે વધારે બહાદુર છે. એટલે જે મારની બીકે ચોખાની ગૂણો મફત આપી દે છે તે બીકણ છે, અહિંસક નથી; તે અહિંસાનાં તત્ત્વો જાણતો નથી.

૧. જુઓ "નોંધ", ૨૦-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

મારની બીકે જે પોતાની સ્ત્રીઓનું અપમાન સહન કરે છે, તે મર્દ મટી નામર્દ બને છે. તે નથી લાયક પતિ થવા કે પિતા થવા કે ભાઈ થવા; આવા માણસોને ફરિયાદ કરવાનો અધિકાર નથી. જ્યાં નામર્દ વસે છે ત્યાં બદમાશ તો હોય જ.

આવા કિસ્સા હિંદુમુસલમાનના હાડવેરથી પર છે. જેમ મૂરખ હોય ત્યાં ઠગ હોય જ તેમ જ જ્યાં નામર્દ હોય ત્યાં ઢાંઢ હોવાના જ, પછી તે મુસલમાન હોય કે હિંદુ હોય. લડાઈ જામી તે પહેલાં પણ આવા કિસ્સા બનતા હતા. એટલે અહીં પ્રશ્ન અમુક કોમની સામે કેમ વેર લેવાય અથવા એને કેમ સારી બનાવાય એ નથી. પણ જે નામર્દ હોય તે કેમ મર્દ બને એ પ્રશ્ન છે. જે શાણા છે તે હિંદુમુસલમાન લડાઈની પાછળ રહેલી બંને કોમની દુર્બળતા, બંનેની મૂર્ખતા જોઈ જાય તો આપણે તેનો તુરત નિકાલ લાવી શકીએ. બંનેએ બળવાન બનવાનું રહ્યું છે; બંનેએ ડાહ્યા થવાનું રહ્યું છે. બંને અથવા એક સમજીને શાણા થાય તો તે અહિંસાનો માર્ગ થયો; બંને હારીને ડાહ્યા થશે તે હિંસાનો માર્ગ હશે. મનુષ્યસમાજમાં એટલે સ્વતંત્રતાને પૂજનારા સમાજમાં કાયરને સ્થાન નથી. સ્વરાજ કાયરને સારુ નથી.

એટલે મજકૂર કિસ્સાઓ ટાંકીને અહિંસાને વગોવવી અથવા મારી ઉપર ક્રોધ કરવો નિરર્થક સમજું છું. હું ૧૯૨૧[1]ની સાલમાં થયેલા બેતિયાના અનુભવ પછીથી જ કહેતો આવ્યો છું કે જે મરીને પોતાની કે પોતાનાંની રક્ષા ન કરી શકે તેને મારીને પોતાની ને પોતાનાંની રક્ષા કરવાનો અધિકાર છે, એ તેનો ધર્મ છે. એટલી શક્તિ જેનામાં ન હોય તે નપુંસક છે. તેને કુટુંબના વડીલ કે પાલક થવાનો અધિકાર નથી, તેણે અરણ્યનું સેવન કરવું જોઈએ અથવા તે હમેશાં લાચારની સ્થિતિમાં રહેશે, તેને રોજ કીડાની જેમ પેટે ચાલવાની તૈયારીમાં રહેવું જોઈશે.

મારી પાસે એકમાત્ર અહિંસાનો જ માર્ગ છે. મને હિંસાનો માર્ગ ગમતો નથી. તે શીખવવાની શક્તિ હું કેળવવા માગતો નથી. આજે વર્તી રહેલી કાયરતામાં અહિંસાના પ્રચારને સ્થાન નથી, તેથી હું ચાલુ લડાઈઓ વિશે મૌન ધારણ કરી બેસી રહ્યો છું. મારી આવી લાચારીનું પ્રદર્શન મને પ્રિય હોય નહીં. પણ આપણને પ્રિય હોય તે જ ઈશ્વર હમેશાં થવા દે અને અપ્રિય ન જ થવા દે એવો તેનો કાયદો નથી. વળી ઈશ્વર નિરાધારનો જ બેલી છે, રામ નિર્બળનું જ બળ છે, ગજરાજ હાર્યો ત્યારે જ ઈશ્વરે તેને સહાય કરી, એ બધું જાણું છું. તેથી મારી લાચારી સહન કરી રહ્યો છું, ને વિશ્વાસ રાખું છું કે મને કોઈક દિવસ ઈશ્વર એવો માર્ગ બતાવશે કે જે ગ્રહણ કરી લોકોને બતાવી શકીશ. હિંદુમુસલમાને કોઈક દિવસે મિત્ર થવું જ છે એ વિશ્વાસ હું મુદ્દલ ખોઈ બેઠો નથી. એ કઈ રીતે અને ક્યારે મિત્ર થશે એ આપણે કેમ જાણીએ? ભવિષ્યની સરદારીનો ઇજારો ઈશ્વરે પોતાને જ હાથ રાખ્યો છે. આપણને તેણે વિશ્વાસરૂપી નૌકા આપી છે તેમાં બેસીએ તો શંકારૂપી સમુદ્રને સુખેથી તરી જઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭-૧૦-૧૯૨૮

૧. જુઓ પુ. ૧૯, પા. ૧૦૨-૫.

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહાલય
અમદાવાદ-૧૩.

# ૩૭૮. અહિંસાનું કોકડું

વાછડા અને વાંદરાં વિશેનો લેખ[૧] લખીને મેં ટીકાકારોનો રોષ ઠીક વહોરી લીધો છે. કોઈ ગાળો કાઢીને પોતાની અહિંસા પ્રગટ કરી રહ્યા છે; કોઈ સખત ટીકા કરીને મારી અહિંસાની પરીક્ષા કરી રહ્યા છે; કોઈ વિવેકપૂર્વક પોતાની મૂંઝવણ પ્રગટ કરી રહ્યા છે. બધા લખનારને જવાબ આપવા જેટલો મને વખત નથી, જવાબ આપવાની જરૂર નથી. છેક ગાળોના લેખમાંથી તો મારી સહનશક્તિનું માપ કાઢવા ઉપરાંત કંઈ બીજું તારવણ થાય એમ નથી. બીજા બે પ્રકારના કાગળોમાંથી કેટલીક દલીલો તારવી એનો વિચાર કરવા ધારું છું.

પણ તે દલીલોમાં ઊતરતાં પહેલાં લખનારાને એક વિનંતી કરું. તેઓ મર્યાદા જાળવશે તો મને મારી ભૂલ હશે તો બતાવશે, ને તેમની ભૂલ થતી હશે તો તે જોશે. ખૂબ તટસ્થ રહેવાનો પ્રયત્ન કરતાં છતાં.

૧. અવિવેકથી ભર્યા પત્રોમાંથી હું બહુ નહીં શીખી શકું.

૨. સીસાપેનથી ખરાબ અક્ષરોથી લખાયેલા લેખો વાંચવાનું અશક્ય છે.

૩. લાંબા નિબંધો મને મોકલવા વ્યર્થ છે.

ટૂંકા સુંદર અક્ષરમાં શાહીથી લખાયેલા કાગળો હું વાંચવા, વિચારવા તૈયાર છું, ઉત્સુક છું. હું એક નમ્ર શોધક છું. નવજીવન ચલાવીને માત્ર શીખવવાનું જ કામ નથી કરતો, શીખવાનો પણ પ્રયાસ કરું છું.

લખનારાઓની મુખ્ય દલીલ અને શિખામણ આ છે :

૧. તમે હવે અહિંસાના ક્ષેત્રમાંથી રાજીનામું આપો.

૨. અહિંસાના તમારા વિચારો તમે પશ્ચિમમાંથી નથી લાવ્યા?

૩. તમારો અભિપ્રાય સાચો હોય તોપણ જ્યાં અનર્થ થવાનો અસંભવ હોય ત્યાં તમારે પ્રગટ કરવો ન જોઈએ.

૪. તમે કર્મને માનતા હોત તો વાછડાના પ્રાણ હરી કર્મના કાયદાની આડે આવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો છે.

૫. વાછડો સાજો નહીં જ થાય, નહીં જ જીવે એવું માની લેવાનો તમને શો અધિકાર હતો? શું તમે જાણતા નથી કે જેને વિશે મરવાની આણી ઉપર છે એમ દાક્તર-વૈદ્યોએ ભવિષ્ય ભાખ્યાં છે તે જીવ્યાં છે?

અહિંસા કે બીજા કોઈ ક્ષેત્રમાંથી રાજીનામું આપવું કે ન આપવું એ તો મારે જ વિચારવું રહ્યું છે. માણસ અધિકારમાંથી રાજીનામું આપી શકે, કર્તવ્યમાંથી રાજીનામું આપે તે કર્તવ્યભ્રષ્ટ થયો ગણાય. સાચું કહેનાર ને કરનારને ભાગે ઘણી વેળા લોકનિંદા હોય જ છે. એ સહન કરીને પણ પોતાને ખરું લાગે તે જો પ્રસ્તુત હોય તો પ્રગટ કરવાનો સત્યાગ્રહીનો ધર્મ છે એમ હું શીખ્યો છું. જ્યાં સુધી મને એમ જણાય કે અહિંસાને વિશે મેં જે કલ્પના કરી છે તે ખરી છે ત્યાં સુધી તે જો હું જાહેર ન કરું તો કર્તવ્યભ્રષ્ટ થાઉં.

૧. જુઓ લેખ ૩૫૪.

ગાંધી સ્મારક સંગ્રહાલય
13716
Gandhi Heritage Portal

વાછડા વિશેના મારા વિચારો પશ્ચિમની કેળવણીને આભારી હોય તો મારે સારુ કશી શરમની વાત નથી. પશ્ચિમમાંથી જ્ઞાન ન જ લેવાય અથવા પશ્ચિમમાં જેટલું થાય છે તે બધું ખોટું જ છે એવી મારી માન્યતા નથી. પશ્ચિમ પાસેથી હું ઘણુંયે શીખ્યો છું. અહિંસાનું કેટલુંક સ્વરૂપ ત્યાંથી શીખ્યો હોઉં તો તેમાં કંઈ આશ્ચર્ય ન હોય. મારા વિચારો કયા બહારના સ્પર્શથી આવ્યા તે હું જાણતો નથી. અત્યારે તો તે મારા અંતરાત્મામાંથી છે એમ હું જાણું છું.

મારો અભિપ્રાય સાચો છે તેમ માનવાથી જ પ્રગટ કરું છું એવું કંઈ નથી. પણ વાછડા વિશેના મારા વિચારોના મૂળમાં અહિંસા રહેલી છે તેથી તે કલ્યાણકર છે એમ માની મેં પ્રગટ કર્યા છે. વાંદરાં વિશે મારો ધર્મ હું જાણતો નથી તેથી જ્ઞાન મેળવવા ખાતર મેં ચર્ચા કરી છે. તે વિશે મને મદદગાર કાગળો મળ્યા છે. વાંદરાં વિશે એટલું કહી દઉં કે મારું કંઈ નહીં જ ચાલે તો જ પ્રાણહરણ લગી હું જઈશ. હું જાણું છું કે મારો ધર્મ તેમાંથી બચી જવાનો છે, તેમાંથી બચવાને અર્થે એ ચર્ચા છે.

કર્મને હું અવશ્ય માનું છું, પણ પુરુષાર્થને પણ માનું છું. કર્મનો સર્વથા ક્ષય કરી મોક્ષ મેળવવો એ પરમ પુરુષાર્થ છે. માંદાની સારવારમાં પણ કર્મની ગતિને રોકવાના ફોગટ પ્રયત્નની ગંધ આવે. છતાં જે માંદાની સેવા ન કરે, તેને દવા ન આપે તે ઘોર હિંસા કરે એમ આપણે માનીએ છીએ. દૈવ અને પુરુષાર્થના દ્વન્દ્વયુદ્ધમાં ભાગ ન લેતાં જે કંઈ સેવાકાર્ય થઈ શકે તે કરી છૂટવાનો ધર્મ હું જાણું છું ને પાળવા પ્રયત્ન કરું છું.

વાછડો સાજો નહીં જ થાય એવું નિશ્ચયાત્મક જ્ઞાન તો મને નહોતું. દાક્તરે હાથ ધોઈ નાખ્યા હોય એવા દરદીઓને સાજા થયેલા મેં જાણ્યા છે. મહાઅજ્ઞાનમાં પડેલો મનુષ્ય જ્યાં લગી ભવિષ્યને વિશે અનુમાન કરી શકે ત્યાં લગી કરે ને વર્તે. અસંખ્ય કર્મોને વિશે આપણે એમ જ વર્તીએ છીએ. પણ કોણ જાણે હિંદુ સંસારને શું થઈ આવ્યું છે કે મોતની વાત માત્રથી તે ભડકી ઊઠે છે. જોકે મોતનો ઓછામાં ઓછો ભય હિંદુને જ હોવો જોઈએ; કેમ કે તેમાં બાળકપણાથી આત્માના અમરત્વનું ને શરીરની ક્ષણભંગુરતાનું શિક્ષણ આપવામાં આવે છે. વાછડાને મારવામાં ભૂલ થઈ હશે તોયે હું જાણું છું કે તેના આત્માનું તો કુશળ જ છે. તેના દરદમાં ડૂબી રહેલા શરીરનો બે ઘડી વહેલો નાશ કરવામાં મેં ભાગ લીધો તેમાં ભૂલ થઈ હોય તો તેની સજા ભોગવવાની તૈયારી મારે રાખવી ઘટે. પણ વાછડાને તે દેહે બે ઘડી ઓછા શ્વાસ લેવાના મળ્યા તેથી પારાવાર દુઃખ મને નથી લાગતું. જે હું વાછડાને વિશે કહું છું તે જ પ્રિયજનને વિશે કહી શકું છું. કોણ જાણે છે કે આપણા આળપંપાળથી, આપણા મોહથી, આપણી ખોટી ચિકિત્સાથી આપણે કેટલાં સગાંના પ્રાણ તેમના કાળ કરતાં વહેલા જવામાં મદદગાર થયા હોઈશું? પ્રાણહરણની પાછળ અશ્રુપાત કરીને આપણે દયાધર્મનો પંથ છોડી જઈએ છીએ ને અહિંસાને લજવીએ છીએ એ મારો અભિપ્રાય મને મળતા કાગળો વધારે દૃઢ કરે છે. **મરણનો ભય અહિંસાને ઓળખવામાં મહા અંતરાયરૂપ છે.**

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૭–૧૦–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૩૭૯. જી. કે. દેવધરને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ દેવધર,

સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસનાં હાલ હયાત એવાં એકમાત્ર વિધવા બહેન શ્રીમતી ઊર્મિલાદેવીની ઓળખાણ આ પત્ર તમને આપશે. એમનો એકનો એક દીકરો પૂનાની ખેતીવાડીની કૉલેજમાં ભણે છે. પૂનામાં દીકરા સાથે રહેવા તથા તેની કેળવણીની દેખરેખ રાખવા માટે એમણે કલકત્તાનું ઘર કાઢી નાખ્યું છે અને પૂનામાં સ્થાયી થવા ચાહે છે. મેં સૂચવ્યું છે કે એ સેવાસદનમાં રહીને કંઈ કામ ઉપાડી લે તો સારું, જેથી એમની સેવાભાવના પણ સંતોષાય, અથવા તો કર્વે યુનિવર્સિટિમાં રહે. બેમાંથી જે શકય હોય ને એમને પસંદ હોય તે કરે. એટલે, મારી ઇચ્છા છે કે તમે ઊર્મિલાદેવી સાથે આ બાબત ચર્ચો, એમની સેવાનો કેવો ઉપયોગ થઈ શકે તે વિચારો અને ઘટતી સલાહ આપો. તમે નિયમ બહાર જઈને સેવાસદનમાં એમની વ્યવસ્થા કરો એવું એ અલબત્ત ઇચ્છતાં નથી. એ ત્યાં જ રહેવાનું નક્કી કરે તો સંસ્થાને પોતે ખરેખર ઉપયોગી થશે એ પ્રતીતિ થાય તો એમને ગમે.

પહેલાં મને વિચાર આવ્યો કે પ્રો. કર્વેને જુદો જ પત્ર લખું. પણ પછી આ પત્ર લખાવતી વખતે મને થયું કે માત્ર તમને જ પત્ર લખી, પ્રો. કર્વે સાથે ઊર્મિલાદેવીનો પરિચય કરાવવાનું તમારા પર છોડું. બંને સંસ્થાઓ એ ભલે જુએ, અને બેમાંથી એક પસંદ કરવાનો મોકો હોય, તો પોતે જ પસંદગી કરે. સ્વાભાવિક રીતે જ, સેવાસદન માટે મેં લખ્યું છે તે પ્રો. કર્વેની સંસ્થા માટે પણ એટલું જ સાચું છે.

ઊર્મિલાદેવીને હું ઘણાં વરસથી નિકટથી ઓળખું છું. કંઈક સેવા કરી છૂટવાની એમને કેવી તમન્ના છે તે પણ જાણું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૪૪

૧. ભારત સેવક સમાજવાળા.

Gandhi Heritage Portal

## ૩૮૦. રોલૅંડ જે. વાઇલ્ડને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૭, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર વાંચી આનંદ થયો. ખેદની વાત છે કે મિ. વિલ્સન સાબરમતી આવી શક્યા નથી. આજે રવિવાર હોવાથી હું આવતી કાલે તમારા પર નીચે પ્રમાણે તાર કરીશ :

"પત્ર મળ્યો. ગમે ત્યારે ભલે પધારો. બારડોલી જતાં પહેલાં અમદાવાદ આવવા સલાહ આપું. પત્ર આવે છે."

આ આખો મહિનો હું આશ્રમમાં જ છું. એટલે તમે જ્યારે ચાહો ત્યારે આવી શકો છો. કદાચ તમે જાણતા હશો કે દર સોમવારે હુ મૌન પાળું છું.

તમને આશ્રમમાં રહેવાનું ફાવશે કે કેમ તે એક સવાલ છે. તમે કદાચ જાણો છો કે અમે બહુ સામાન્ય ભોજન લઈએ છીએ અને સંભવ છે કે અહીંનું જીવન તમને વધુ પડતું સાદું લાગશે. પણ આશ્રમ જીવનમાં તમે ગોઠવાઈ શકો તો તો અલબત્ત અમને બધાંને તમારા અહીં આવવાથી આનંદ જ થશે.

બારડોલી જતાં પહેલાં અહીં આવવું સારું એવા તમારા મત સાથે હું પૂરેપૂરો મળતો છું.

તમારો સહૃદયી

રોલૅંડ જે. વાઇલ્ડ
સહાયક તંત્રી : પાયોનિયર, અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૪૬૩

## ૩૮૧. મીરાંબહેનને પત્ર

સોમવાર, ઑક્ટોબર ૮, ૧૯૨૮

ચિ. મીરાં,

તારા પત્રો નિયમિત મળ્યા કરે છે. પત્ર લાંબો થઈ જાય તેથી ડરવું નહીં. તારે વિશે તથા તારા કામ વિશે મારે બધું જ જાણવું છે. તું સમી સાજી અને સુખી રહે છે તથા અનુભવ મેળવતી જાય છે જાણીને હું ઘણો રાજી થાઉં છું. જેઠાલાલ સાથે કડકાઈથી વાત કરી તે સારું કર્યું. એ પોતાનું વચન પાળે તો તો ઘણું સારું.

આશ્રમમાં થયેલા નવા ફેરફારો હવે થાળે પડવા માંડ્યા છે. જોકે હાલ કંઈ ભવિષ્ય ભાખવું કવખતનું ગણાય. આજથી બે પ્રકારની રસોઈ થવા લાગી છે : મસાલાવાળી અને મસાલા વિનાની. આ બે વર્ગોમાં કોણ કોણ છે તે હું જાણતો નથી.

વાદળાં વેરાવાથી દિવસે હવે ઘણો તાપ લાગે છે.

Gandhi Heritage Portal

પેલાં ઑસ્ટ્રિયન મિત્રો[1] હવે પીંજણ શીખી ગયાં છે, અને પોતે તૈયાર કરેલી બધી પૂણીઓ મને જ બતાવવાનો આગ્રહ રાખે છે. પરિણામે મારું કામ પાછું ખૂબ વધી ગયું છે. છોટેલાલને મલેરિયા તાવ આવી ગયો. હવે એને સારું છે ને થોડું થોડું કામ કરવાની રજા પણ મળી છે. વિમળાને ફરી તાવ આવ્યો છે.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૨

## ૩૮૨. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૮, ૧૯૨૮

ચિ. મીરાં,

તને આલમોડા પત્ર[2] લખી રહ્યો પછી તારો તાર મળ્યો. છતાં એ પત્રને તો હું તે જ સરનામે જવા દઉં છું. પત્ર ઠીક ઠીક લાંબો છે, પણ એમાં વિશેષ કાંઈ નથી.

મલેરિયા હજી અમને છોડતો નથી. છોટેલાલની બેકરી તૈયાર થઈ ગઈ છે. એ પ્રયોગો કરવામાં પડયા છે.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૧; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૧

૧. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટેન્ડેનેથ.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

## ૩૮૩. વી. એ. સુન્દરમને પત્ર

ઑક્ટોબર ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ સુન્દરમ,

મા મરી જાય એ તો કોઈનેય ન ગમે, છતાં હું તમને આશ્વાસન આપવાનો નથી. પોતે સારાં અને આજ્ઞાંકિત બાળકો પેદા કર્યાં છે, અને ભક્તિમય જીવન ગાળ્યું છે એ વિચારથી એમનો અંતકાળ સુખદ બન્યો હતો. આવું મૃત્યુ તો અદેખાઈ કરવા જેવું ગણાય. આશા છે કે તમે બંને સાજાંસમાં હશો.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રજી]

છબી પરથી : જી. એન. ૩૨૦૮

## ૩૮૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

ઑક્ટોબર ૮, ૧૯૨૮

ફરી વાંચ્યો નથી

પ્રિય સતીશબાબુ,

હું થાકયો છું ને કામનો બોજો બહુ છે. બાકી રહેતું કામ વધ્યા કરે છે, ને તેની મને ચિંતા રહે છે. આથી જવાબ લખવામાં ઢીલ થઈ છે.

હેમપ્રભાદેવી તથા તારિણીનું શું કરવું તે હું વિચારી રહ્યો હતો. આ દરમિયાન એમને માટેની વ્યવસ્થાનો તમારો કાગળ મળ્યો. એમને આશ્રમમાં રાખવાની મારી ઈચ્છા નહોતી. કારણ કે હેમપ્રભાદેવીને ગઈ વખતે અહીં ફાવ્યું નહોતું તે હું જાણું છું; ને બીજી કોઈ જગા મને સૂઝતી નહોતી. તારિણીને પણ વર્ધામાં ખાસ ગોઠતું નહોતું. બંગાળમાં જ અગર તો બંગાળની પાસેનું કોઈ સ્થળ શોધી કાઢવું જોઈએ. આજે પણ મને કંઈ નવું સૂઝતું નથી.

એ બંને કોમિલ્લા જઈ શકે તો મને કેટલી બધી ખુશી થાય! પ્રતિષ્ઠાનને નુકસાન થાય કે બંધ પડે તોપણ અભય આશ્રમનો તમે કબજો લઈ લો એવું હું ઈચ્છું. એટલું જ કે આ નુકસાન તથા વિનાશ યંત્રવત્ કે પરાણે લાદેલાં નહીં પણ સ્વેચ્છાએ સભાનપણે વહોરેલાં હોવાં જોઈએ. તમે ઉત્કલ વિશે લખ્યું છે તે વાંચીને મને આવો વિચાર આવ્યો. મને તો એવું દેખાય છે કે ખાદીની જેમ જેમ પ્રગતિ થશે તેમ તેમ અનેક જાતની સંસ્થાઓ ઊભી થશે. આ તો એવા વિકાસની એક પૂર્વશરત જ છે. પરંતુ મધ્યસ્થ કે પ્રાંતની મુખ્ય સંસ્થાએ તો એવી રીતે વર્તવું જોઈએ કે ચારિત્ર્યબળ અને કુશળતાને કારણે તે લોકોમાં આદર પામે અને તેમનું ધ્યાન ખેંચે. પ્રતિષ્ઠાનની એક મુશ્કેલી એ છે કે ત્યાં સ્વાર્થત્યાગી સ્વયંસેવકો બહુ નથી. આનું કારણ તો તમારો પોતાનો ઉછેર છે. તમારો પોતાનો આત્મભોગ અપૂર્વ હતો, અને તેથી તમારા

Gandhi Heritage Portal

રસાયણિક કારખાનામાં તમે સરજેલા વાતાવરણમાંથી થોડાકને તમે સાથે લઈ શક્યા. તમારા જીવનમાં એકાએક આવેલો આ પલટો ઊંડાં મૂળ ઘાલે અને વૃક્ષરૂપે ફાલે પછી જ નાના નાના છોડવાને આશ્રય આપી શકે. આ કામ તમે છેક હવે શરૂ કર્યું. અતરાઈમાં આપણે થયેલી વાતચીત મને યાદ આવે છે. ત્યારે તમે મને કહેલું કે સ્વયંસેવકોને છૂટા કરી તેમને બદલે પગારદાર માણસો રોકી તમે દુષ્કાળ રાહતનું સફળ સંચાલન કર્યું હતું. જો તમારી કેળવણી જુદા પ્રકારની હોત તો તમે સ્વયંસેવકો મારફતે જ સફળ કામ લઈ શકત. સ્વયંસેવકોના સફળ સંચાલન પર જ અહિંસાની સફળતાનો આધાર છે. અને ખાદી એ વિશાળ પાયા પર અહિંસાને સ્થાપવાનો પ્રયત્ન છે. આપણામાં પૂરતી ધીરજ અને તપસ્યા હશે તો વિજય આપણો જ છે.

આશા છે કે હું શું કહેવા માગું છું તે તમે બરોબર સમજો છો. આ પત્ર વાંચી અકળાવાની કે હતાશ થવાની જરૂર નથી. ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓ માટે આ પત્રથી તમને હું સજ્જ કરી રહ્યો છું. તમને ચાનક લાગે માટે જ આ પત્ર લખ્યો છે. પત્ર શરૂ કર્યો ત્યારે મને કલ્પના જ નહોતી કે એ આટલો લાંબો થઈ જશે કે એમાં આ બધી વાત લખાવાની છે.

ઉત્કલ દ્વારા આપણે એ પાઠ શીખી લઈએ કે કોઈ નિશ્ચિત કાર્યક્રમમાં ડૉ. રાયને લેવા નહીં. ખાદી માટે એ સતત પ્રયત્ન કરતા રહે એવી એમની પાસેથી આશા રાખવી તે સાચે જ વધારે પડતું છે. ડૉ. રાય માથે ઘણી જવાબદારીઓ છે, રાત થોડી ને વેશ ઝાઝા જેવું છે; ઉપરાંત, એ હવે જુવાન પણ રહ્યા નથી. હજી પણ પ્રવાસ વગેરે માટે એ કામમાં આવે છે એ જ મોટું આશ્ચર્ય છે.

હેમપ્રભાદેવી તથા તારિણીને ફરી ગિરિડીહ જ કેમ ન મોકલવાં? એમને કોઈ હવા ખાવાના સ્થળે જ મોકલવાં જોઈએ.

સસ્નેહ,

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૭૦૧

## ૩૮૫. છોટાલાલ તેજપાળને પત્ર

ઑક્ટોબર ૯, ૧૯૨૮

ભાઈશ્રી ૫ છોટાલાલ,

તમારો કાગળ મળ્યો. તમારી ચોપડી નથી મળી. મળેથી જોઈ જઈશ. મિ. કલેટનને પ્રાગજી દેસાઈ (બૉક્સ નં. ૫૩૯૦, જોહાનિસબર્ગ) ઠેકાણું મોકલજો. એટલે મારે લખવાપણું ન રહે.

**મોહનદાસના**
વંદે માતરમ્

શ્રી સી. તેજપાલ
આર્ટિસ્ટ, રાજકોટ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૫૮૭

Gandhi Heritage Portal

## ૩૮૬. રૈહાનાબહેન તૈયબજીને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૦, ૧૯૨૮

પ્રિય બહેન રૈહાના,

તારો પત્ર[1] મળ્યો. પશાભાઈએ પણ એ વિશે લખ્યું છે. મને લાગે છે કે આ વાત એટલી નજીવી છે કે એની તારે ચિંતા કરવાની હોય નહીં. એને મનમાંથી તદ્દન કાઢી જ નાખજે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૯૬૧૦

## ૩૮૭. ગિરધારીલાલને પત્ર[2]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૦, ૧૯૨૮

ભાઈશ્રી લાલા ગિરધારીલાલ,

તમને આ બાઈ વિશે કંઈ ખબર છે?

તમારો સહૃદયી

લાલા ગિરધારીલાલ
લાહોર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૮૦

૧. ૫ ઑક્ટોબરનો. અબ્બાસ તૈયબજીનાં દીકરી રૈહાનાબહેને વડોદરામાં એક યુવકસંઘ સ્થાપ્યો હતો. પ્રમુખ તરીકે બીજાં કોઈ બહેન હતાં. થોડા વખત પછી પ્રમુખના અમુક પગલાનો બધા સભ્યોએ વિરોધ કર્યો ને સભ્યતાપૂર્વક પ્રમુખ પાસે ખુલાસો માગ્યો. પેલાં બહેન ચિડાયાં ને ગાળાગાળી કરવા લાગ્યાં. એમને કેટલાક સભ્યો છાપે ચડાવવા માગતા હતા પણ રૈહાનાબહેનને સંકોચ થતો હતો ને તેથી ગાંધીજીની સલાહ માગી હતી. (એસ. એન. ૧૩૫૪૨)

૨. આ પત્રની સાથે કેથરિન નામની લેખિકાએ લખેલી ધ વિડો નામની વાર્તા, જે, કોઈ સામયિકમાં પ્રસિદ્ધ થયેલી તે બીડી હતી. ૧૯૨૧માં વિદેશી કાપડના બહિષ્કારની ચળવળ ચાલતી હતી તે દરમિયાન સીતા નામની એક ગરીબ વિધવાને એવી ડરાવી દેવામાં આવી હતી કે તું આ વિદેશી સાડી પહેરીશ તો તને રક્તપિત્તનો રોગ થશે. બિચારી બાઈ પાસે એક જ સાડી હતી. પરિણામે, સાડી પહેરે તો રોગ લાગુ પડે, ન પહેરે તો નગ્ન રહેવું પડે, એ દ્વિધામાં એટલી બધી મૂંઝાઈ કે એણે ગળે ફાંસો ખાધો.

Gandhi Heritage Portal

# ૩૮૮. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

ઑક્ટોબર ૧૦, ૧૯૨૮

ભાઈ બનારસીદાસ,

તમારા બે પત્ર મારી પાસે પડ્યા છે.

ચૉકલેટ[1] નામના પુસ્તક વિશેનો પત્ર મારી નોંધ સાથે યંગ ઇન્ડિયા માટે મોકલી આપ્યો છે. પુસ્તક તો વાંચ્યું નહોતું. તમારા પત્રને આધારે જ મારી નોંધ લખી હતી. મને થયું કે આવી રીતે ટીકા કરવી યોગ્ય નથી, પુસ્તક વાંચવું જોઈએ. એ આજે જ પૂરું કર્યું. એની અસર તમારા પર થઈ એવી મારા પર નથી થઈ. મને પુસ્તકનો હેતુ શુદ્ધ લાગે છે. એની અસર સારી પડે છે કે નઠારી તે તો હું નથી જાણતો. લેખકે તો અમાનુષી વ્યવહાર પ્રત્યે ઘૃણા જ પેદા કરી છે. તમારા પત્રનું કંપોઝ હવે છોડાવી દઈશ.

મહારાજ કુંવરસિંગજી[2] વિશે તો શું લખું? બહુ વિચાર આવે છે. માત્ર લખવાથી કંઈ નહીં વળે. શાસ્ત્રીજી પ્રયત્ન કરી રહ્યા છે. હું પણ સાવધાન છું.

પરભુસિંગની બાબતમાં બિહાર સરકાર કંઈ કરે તો બને. બાકી તો શું થાય? આ બાબતમાં મારે જરાયે પડવું નથી.

તમારો
**મોહનદાસ**

શ્રીયુત બનારસીદાસ ચતુર્વેદી
૯૧, અપર સર્ક્યુલર રોડ
કલકત્તા

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૫૨૧

૧. "ઉગ્ર" (પાન્ડેય બેચન શર્મા)ની ટૂંકી હિંદી વાર્તાઓનો સંગ્રહ. સદરહુ પુસ્તક અશ્લીલ છે એમ કહી બનારસીદાસે વખોડી કાઢેલું તેથી હિંદી સાહિત્ય જગતમાં ચર્ચા જાગી હતી. પાછળથી એમણે પોતાનો આરોપ પાછો ખેંચ્યો હતો, અને પુસ્તકની બીજી આવૃત્તિમાં ગાંધીજીના પત્રમાંથી ઉતારા આપ્યા હતા.

૨. સ્પષ્ટ છે કે ગાંધીજીના મનમાં કુંવર મહારાજસિંગ છે. એમનું તથા કૂર્મા વિ. રેડ્ડીનું નામ દક્ષિણ આફ્રિકાના એજન્ટ જનરલના હોદ્દા પર વી. એસ. શાસ્ત્રીના અનુગામી તરીકે બોલાતું હતું.

Gandhi Heritage Portal

## ૩૮૯. ઈશ્વર છે

ઘણા પત્ર લખનારા મને ઈશ્વર સંબંધી પ્રશ્નો પૂછે છે, અને આ પાનાં દ્વારા એના જવાબ માગે છે. એક અંગ્રેજ મિત્રના કહેવા પ્રમાણે યંગ ઇન્ડિયામાં ભગવાનનું જે ધતિંગ હું ચલાવું છું, તેનો આ દંડ મારે ભોગવવો પડે છે. આ સાપ્તાહિકમાં આવા બધા પ્રશ્નોના જવાબ આપવાનું તો શક્ય નથી, છતાં નીચેના પત્રનો ઉત્તર આપ્યા વિના છૂટકો નથી :

૧૨–૫–૧૯૨૭નું યંગ ઇન્ડિયા મેં વાંચ્યું. એમાં ૧૪૯મા પાના પર તમે લખો છો, "આ સત્યરૂપી જગતમાં જ્યાં, ઈશ્વર કહો કે સત્ય કહો, તે સિવાય બીજું કંઈ જ નિશ્ચિત નથી, ત્યાં નિશ્ચિતપણાનો ખ્યાલ કરવો એ જ દોષમય લાગે છે."[૧]

૧૫૨મા પાના પર લખ્યું છે, "ઈશ્વરની સહનશીલતાનો પાર નથી. એની ધીરજ અખૂટ છે. તે જુલમગારને પોતાને જ એનો ખાડો ખોદવા દે છે. પોતે માત્ર વખતોવખત ગંભીર ચેતવણીઓ મોકલતો રહે છે."[૨]

હું નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ભગવાન છે જ એવું નક્કી નથી. એ હોય તો એનું ધ્યેય સત્યનો ચોપાસ ફેલાવો કરવાનું હોવું જોઈએ. ત્યારે દુનિયામાં જાતજાતના દુષ્ટ લોકોને એ શા માટે રહેવા દે છે? ચારે તરફ નિર્લજ્જ દુષ્ટ લોકો ફાલતા દેખાય છે, અને એમની દુષ્ટતાનો ચેપ સર્વત્ર ફેલાવી ભવિષ્યની પ્રજાને અનીતિ તથા અપ્રામાણિકતા વારસામાં આપતા જાય છે.

સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એવા ભગવાનને નિજી સર્વજ્ઞતાથી શું ખબર ન પડે કે દુષ્ટતા ક્યાં છે? અને પોતાની સર્વ શક્તિમત્તાથી દુષ્ટતાને ત્યાં જ, તત્ક્ષણ મારી નાખી બધા પ્રકારની લુચ્ચાઈને ઊગતી જ ન ડામી શકે? દુષ્ટ લોકોને મહાલતા અટકાવી ન શકે?

ભગવાને શા માટે અતિસહિષ્ણુ અને ધૈર્યવાન હોવું જોઈએ? એ એવો જ હોય તો એનો પ્રભાવ કેટલો પડે? દુષ્ટતા, શઠતા અને જુલમથી ભરેલો આ સંસાર તો ચાલ્યા જ કરે છે.

જુલમગારને એની પોતાની ઘોર ખોદવા દેવાને બદલે એ જુલમગાર ગરીબ લોકો પર જુલમ ગુજારે તે પહેલાં જ ભગવાન એને કેમ ટૂંપી નાખતો નથી? શા માટે પહેલાં જુલમને છૂટો દોર આપવો અને જુલમીના ત્રાસથી હજારો ભ્રષ્ટ થઈ ખુવાર થઈ જાય પછી એ જુલમગારને એની ઘોરમાં જવા દેવો?

દુનિયા તો જેવી પાપમય હતી તેવી ને તેવી જ આજે પણ છે. જે ઈશ્વર પોતાની શક્તિથી આવી દુનિયાને સુધારી એને સદાચારી અને સત્યનિષ્ઠ મનુષ્યોની ન બનાવી શકે તેવા ઈશ્વરમાં શા માટે શ્રદ્ધા રાખવી?

અનેક દુર્ગુણોથી ભરેલા પાપી માણસોને પણ લાંબું અને નિરામય જીવન ગાળતા હું જોઉં છું. આવા પાપી માણસો પોતાનાં પાપને કારણે વહેલા કેમ મરતા નથી?

૧. જુઓ આત્મકથા ભાગ ૩, પ્રકરણ ૨૩.
૨. જુઓ પુસ્તક ૩૩, પા. ૨૯૪–૫.

Gandhi Heritage Portal

ભગવાનમાં માનવાનું મને મન થાય છે, પણ એવી શ્રદ્ધાને માટે કોઈ પાયો જ મળતો નથી. કૃપા કરીને યંગ इन्डिया દ્વારા મારા મનનું સમાધાન કરો અને મારી અશ્રદ્ધાને શ્રદ્ધામાં પલટાવી આપો.

આ બધી દલીલો આદમ જેટલી જૂની છે. મારી પાસે એનો કોઈ નવો જવાબ નથી. પરંતુ હું પોતે ભગવાનમાં શા માટે માનું છું તેટલું જ કહી જાઉં. મારી માન્યતામાં તથા મારા કાર્યમાં ઘણા જુવાનિયા રસ લઈ રહ્યા છે તે હું જાણું છું. એટલે જ આ લખવા પ્રેરાયો છું.[1]

દરેકેદરેક પદાર્થમાં વ્યાપી રહેલી કોઈક ગૂઢ સત્તા છે, જેનું શબ્દોથી વર્ણન કે વ્યાખ્યા થઈ શકતી નથી. હું તેને જોઈ શકતો નથી. છતાં તેનો અનુભવ મને થયા કરે છે. આ અદૃશ્ય સત્તાનો અનુભવ થાય છે ખરો પણ તેની સાબિતી આપી શકાતી નથી. કેમ કે મારી ઈન્દ્રિયો વડે જે જે પદાર્થોનું જ્ઞાન મને થાય છે તે સર્વેથી તે સત્તા તદ્દન જુદી જાતની છે. તે ઈન્દ્રિયોથી પર છે.

છતાં અમુક હદ સુધી ઈશ્વરની હસ્તી તર્કથી સમજી અથવા સમજાવી શકાય એવું છે. દુનિયાના સામાન્ય વહેવારમાં પણ આપણે જોઈએ છીએ કે પોતાના પર કોણ શાસન ચલાવે છે, શા સારુ શાસન ચલાવે છે અથવા કેવી રીતે શાસન ચલાવે છે તે લોકો જાણતા નથી, અને છતાં એક સત્તાની હયાતી છે ને તે અચૂક શાસન ચલાવે છે એટલું તેઓ જાણે છે. મૈસૂરના મારા ગઈ સાલના પ્રવાસમાં મારે ગામડાના ઘણા ગરીબ લોકોને મળવાનું થયેલું અને તેમને પૂછતાં મૈસૂરમાં કોનું રાજ્ય ચાલે છે તે પોતે જાણતા નથી એમ તેમણે મને કહેલું. કોઈક દેવનું રાજ ચાલે છે એટલી વાત માત્ર તેમણે કહેલી. હવે, પોતાના પર શાસન ચલાવનાર રાજા વિશે આ ગરીબ લોકોનું જ્ઞાન આવું ઓછું છે, અને તે લોકો પોતાના શાસકના કરતાં જેટલા અલ્પ છે તેને હિસાબે હું ઈશ્વરના કરતાં ક્યાંયે વધારે અલ્પ છું. તો પછી રાજાઓનો પણ જે રાજા એવા ઈશ્વરની હાજરીનો મને અનુભવ ન થતો હોય તેની શી નવાઈ? આમ છતાંય ગરીબ ગામલોકોને મૈસૂરની બાબતમાં લાગતું હતું તેમ વિશ્વની બાબતમાં મને લાગે છે કે તેમાં વ્યવસ્થા છે, તેમાં હયાત એવા દરેક પદાર્થને અને જીવનારા જીવને ચલાવનારો કોઈક અફર કાનૂન છે. અને એ કોઈ આંધળો કાનૂન નથી કેમ કે તેવો કાનૂન જીવતાં પ્રાણીઓના આચારને તાબે ન રાખી શકે. વળી, હવે સર જગદીશચંદ્ર બોઝની અદ્‌ભુત શોધોને આધારે સાબિત થાય છે કે જડ પદાર્થો પણ ચેતન છે. તેથી જેને તાબે રહીને જીવન માત્ર નભે છે ને ચાલે છે તે કાનૂન ઈશ્વર છે, અહીં કાનૂન અને તે કાનૂનનો ઘડનારો બંને એક છે. એ કાનૂન અને તેના ઘડનાર વિશે મને નહીં જેવું જ્ઞાન હોય તેટલા જ કારણે મારાથી તે કાનૂનનો કે તેના ઘડનારનો ઈન્કાર ન થાય. કોઈક દુન્યવી સત્તાની હયાતીનો હું ઈન્કાર કરું અથવા તેનું મને જ્ઞાન ન હોય તેથી જેમ મારો કશો અર્થ સરતો નથી, તેવી જ રીતે ઈશ્વરના અને તેના કાનૂનના ઈન્કારથી તેના શાસનમાંથી હું મુક્ત થઈ શકતો નથી. એથી ઊલટું, દુન્યવી સત્તાના સ્વીકારથી તેના અમલ નીચે જીવનવ્યવહાર સરળ બને છે તેમ ઈશ્વરી સત્તાનો મૂંગા રહીને ખામોશથી નમ્રપણે સ્વીકાર કરવાથી જિંદગીની સફર સરળ બને છે.

૧. હવે પછીનું આખું લખાણ, તેના છેલ્લા વાક્ય અને ન્યૂમનના કાવ્યને બાદ કરતાં, લંડનની કોલમ્બિયા બ્રોડકાસ્ટિંગ કંપની તરફથી, ગાંધીજી કિંગ્સલી હૉલમાં રહેતા તે દરમિયાન રેકર્ડ કરી લેવામાં આવ્યું હતું. એ લખાણનું ભાષાંતર सत्य ए ज ईश्वर छे માંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

મારી આસપાસની સકળ સૃષ્ટિ હમેશ પલટાયા કરે છે, હમેશ નાશ પામે છે છતાં એ બધાયે વિકાર ને પલટાઓની પાછળ એક અવિકારી સ્થિર, સર્વને ધારણ કરવાવાળી, સર્વનું સર્જન કરવાવાળી, સર્વનો વિલય કરવાવાળી અને સર્વનું ફરી સર્જન કરવાવાળી એક ચેતન સત્તા રહેલી છે એવી મને આછી આછી ઝાંખી થયા કરે છે. સર્વને વ્યાપીને રહેલી એ સત્તા અથવા આત્મા તે જ ઈશ્વર છે. અને કેવળ ઇન્દ્રિયો દ્વારા જેનું મને જ્ઞાન થાય છે તે બધુંયે ટકવાવાળું નથી અથવા ટકવાનું સામર્થ્ય ધરાવતું નથી તેથી તે જ એક છે. એકમાત્ર તેની જ હયાતી છે.

અને આ સત્તા પ્રેમાળ છે કે ડંખીલી છે? શુભ છે કે અશુભ છે? હું અનુભવું છું કે તે કેવળ પ્રેમમય છે, કેવળ શુભ છે. કારણ, હું હરપળે જોઉં છું કે મૃત્યુની વચ્ચે જીવન કાયમ ટકી રહેલું છે, અસત્યની વચ્ચે સત્ય ટકી રહેલું છે અને અંધકારની વચ્ચે પ્રકાશ ટકી રહેલો છે. એથી હું સમજું છું કે ઈશ્વર જીવન છે, સત્ય છે, પ્રકાશ છે. તે જ પ્રેમ છે. તે જ પરમ કલ્યાણ છે.

પણ જેનાથી ખરેખર થતું હોય તોયે કેવળ બુદ્ધિનું સમાધાન થાય તે ઈશ્વર નથી. ઈશ્વરનું ઈશ્વરત્વ તેની હૃદય પર ચાલતી હકૂમતમાં અને હૃદયનું પરિવર્તન કરવાના તેના સામર્થ્યમાં રહેલું છે. પોતાના ભક્તના નાનામાં નાના કાર્યમાં તે વ્યક્ત થવો જોઈએ, થાય છે. પાંચે ઇન્દ્રિયો મળીને જે જ્ઞાન કરાવે તેના કરતાંયે વધારે સાચા, સાક્ષાત્ અને સ્પષ્ટ અનુભવથી જ એ બની શકે. ઇન્દ્રિયોથી થતાં જ્ઞાન આપણને ગમે તેટલાં સાચાં ભાસતાં હોય તોયે જૂઠાં તેમ જ ભ્રામક હોવાનો સંભવ છે અને ઘણી વાર હોય છેય ખરાં. ઇન્દ્રિયોથી પર જે સાક્ષાત્કાર થાય તે જ અચૂક સાચો અને આધાર રાખવા જેવો હોય છે. કોઈ બહારના પુરાવાથી નહીં પણ જેમણે અંતરમાં ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ કર્યો હોય તેમના પરિવર્તન પામેલા આચાર અને ચારિત્ર્યથી તેની સાચી સાબિતી મળે છે.

બધાયે દેશો ને પ્રદેશોમાં થઈ ગયેલા પેગંબરોની અને સંતોની અતૂટ પરંપરાના અનુભવોમાંથી એવી સાબિતી મળી રહે છે.

દૃઢ શ્રદ્ધા આવા અનુભવની પુરોગામી હોય છે. જેને પોતાની જાતમાં ઈશ્વરની હયાતીની હકીકતનું પારખું લેવું હોય તે જીવંત શ્રદ્ધાને જોરે તેમ કરે. અને ખુદ શ્રદ્ધાની સાબિતી બહારથી મળી શકતી નથી એટલે સલામતમાં સલામત રસ્તો દુનિયાના નૈતિક શાસનમાં અને તેથી નીતિના કાનૂનમાં એટલે કે સત્ય અને પ્રેમના કાનૂનમાં શ્રદ્ધા રાખવાનો છે. સત્યથી અને પ્રેમથી વિરોધી જે કંઈ હોય તેનો તાબડતોબ ત્યાગ કરવાનો ચોખ્ખો નિરધાર હોય ત્યાં શ્રદ્ધાનો અમલ સહેલો અને સલામતમાં સલામત હોય છે.

પરંતુ ઉપર કહેલી વાતોમાં પત્રલેખકના તર્કનો જવાબ નથી.[૧] તર્ક અથવા બુદ્ધિની કોઈ રીતથી અશુભની હસ્તી હું સમજાવી શકું એમ નથી. [૨]શ્રદ્ધા બુદ્ધિથી પર છે. પત્રલેખકને તો હું એટલી જ સલાહ આપી શકું કે જે અસંભવ છે તેને માટે તે પ્રયત્ન ન કરે. પાપના અસ્તિત્વ માટે હું કોઈ તર્કસંગત કારણ ન આપી શકું.[૩] એમ કરવાના પ્રયાસમાં ઈશ્વરની સમાન થવાપણું છે. તેથી અશુભને અશુભ તરીકે ઓળખવા જેટલો હું નમ્ર છું. અને ઈશ્વર પોતે દુનિયામાં અશુભ અથવા પાપીને નભાવી લે છે તેથી જ હું તેને અપાર ક્ષમાવાન અને

૧. આ વાક્ય યંગ ઇન્ડિયા પ્રમાણે લીધું છે.
૨. અને ૩. વચ્ચેનાં વાક્યો યંગ ઇન્ડિયા પ્રમાણે લીધાં છે.

Gandhi Heritage Portal

ખામોશવાળો માનું છું. તેનામાં કશું અશુભ નથી તે હું જાણું છું. તેનો સર્જક તે પોતે હોવા છતાં તેનાથી બિલકુલ અસ્પૃષ્ટ છે, તેનાથી જરાયે લેપાતો નથી.

અને હું એવું પણ સમજું છું કે અશુભની સાથે અને તેની સામે ખુદ જીવનને જોખમે પણ ઝઘડતો ન રહું તો હું ઈશ્વરને કદી પામવાનો નથી. મારા નમ્ર અને મર્યાદિત અનુભવને આધારે મારી આ માન્યતામાં હું દૃઢ રહું છું. જેટલા પ્રમાણમાં હું શુદ્ધ થવાની અને અશુભથી અળગો રહેવાની કોશિશ કરું છું તેટલા પ્રમાણમાં હું ઈશ્વરની વધારે નજીક પહોંચું છું એવું મને લાગે છે. તો મારી શ્રદ્ધા જે આજે કેવળ નામ પૂરતી છે તે હિમાલય જેવી સ્થિર અને તેનાં શિખરો પર ઝળહળતા હિમ જેવી શુભ્ર ને તેજસ્વી હોય તો હું ઈશ્વરની કેટલો બધો વધારે નજીક પહોંચી જાઉં? દરમિયાન મારા પર પત્ર લખનાર ભાઈને જેમણે પોતાના અનુભવમાંથી ગાયું છે તે કાર્ડિનલ ન્યૂમન સાથે પ્રાર્થના કરવાને ભલામણ કરું છું કે,

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવનપંથ ઉજાળ.
દૂર પડયો નિજ ધામથી હું ને
ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં,
નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ.
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ११–१०–१९२८
ભાષાંતર : सत्य ए ज ईश्वर छे, પા. ७–१०

Gandhi Heritage Portal

## ૩૯૦. ખુરશેદબહેન નવરોજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૧, ૧૯૨૮

તમારો લાંબો પત્ર મળ્યો છે. તમે આટલું લંબાણથી લખ્યું તે મને ગમ્યું. નિરાશ થવાનું કંઈ જ કારણ નથી. તમારું કામ નવું જ છે તેથી કદાચ વખત તો લાગશે. પણ બની શકે તો તમે સાધેલી કળાઓમાં ભારતીય સંગીતને પણ ઉમેરો એમ હું અવશ્ય ઇચ્છું.

ફરી જરૂર આવો અને મારી સાથે આશ્રમમાં થોડા દિવસ ગાળો. તમે આશ્રમજીવનમાં ગોઠવાઈ જાઓ એથી રૂડું શું? પણ તમારે માટે એ ઘણું મુશ્કેલ છે એ હું જાણું છું.

હાલ આશ્રમમાં એક ઑસ્ટ્રિયન દંપતી રહે છે. પત્ની કંઠ્ય તેમ જ વાદ્ય બંને સંગીત જાણે છે. ઘણાં સિદ્ધ જણાય છે. એ અંગ્રેજી તો ભાગ્યુંતૂટ્યું બોલે છે. એમને ભજનનો બહુ શોખ છે. તમે આ બહેનને મળી શકો ને એમનું સંગીત સાંભળી શકો તો કેવું સારું!

મિસ ખુરશેદ નવરોજી
નેપિયન સી રોડ, મલબાર હિલ્સ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૪૬

## ૩૯૧. જુગલકિશોરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ જુગલકિશોર,

તમારો પત્ર મારી ફાઈલમાં બહુ દિવસથી પડી રહ્યો છે, પણ હું લાચાર થઈ ગયો છું. ચડી ગયેલા પત્રવ્યવહારને છેક આજે, જ્યારે બધાં કાંતવામાં પડ્યાં છે ને મારે પણ રોજ કરતાં વધારે સમય કાંતવાનું છે ત્યારે હાથમાં લેવાનો વખત મળ્યો છે.

તમારી યોજના તો સારી છે પણ વધારે પડતી આદર્શઘેલી જણાય છે. તમે પરણેલાઓને રૂ. ૭૫ ને કુંવારાઓને રૂ. ૩૦ આપવા ધારો છો. મને લાગે છે કે આ ભેદ કાઢી નાખી બંનેને સરખી રકમ આપવી જોઈએ. તમે એમ કહી શકો કે પરણેલાઓની બાબતમાં તેમની લાયકાત મુજબ આપવામાં આવશે. આ લોકોની પત્નીઓ પણ ગ્રામસેવામાં જોડાવા તૈયાર હોય તો તમે વેતન વધારી શકો. વળી તમારે બધાં પાસે ખાદી, અસ્પૃશ્યતા, મદ્યનિષેધ ઇત્યાદિની પ્રતિજ્ઞા લેવડાવવી જ જોઈએ. તેમ જ હિંદી આવડે તો સારું એવું કહેવાને બદલે તમારે હિંદીને ફરજિયાત જ બનાવવી જોઈએ. મને લાગે છે કે જેમને સારું હિંદી ન આવડતું હોય તેમને લેવાની તમારે ચોખ્ખી ના પાડી દેવી જોઈએ. તમારું કાર્યક્ષેત્ર સંયુક્ત પ્રાંત રહેશે એવું તમારું કહેવું તદ્દન વાજબી છે, તેથી જેને સારું હિંદી ન આવડતું હોય એવા વિદ્યાર્થીને તમારે શા સારુ વેંઢારવો?

Gandhi Heritage Portal

હાલ તુરત હું તમારી યોજના પ્રસિદ્ધ કરતો નથી. ગમે તેમ તમે એવી આશા તો નહીં જ રાખતા હો કે આખી યોજના હું પૂરેપૂરી છાપું. યોજના મંજૂર થઈ ગઈ હોય ને ચાલુ થઈ ગઈ હોય તો મને લખજો; હું ખુશીથી યંગ ઇન્ડિયામાં એની નોંધ લઈશ.

આશા છે કે બંને કુશળ હશો ને બંનેનું કામ સારું ચાલતું હશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૭૦૩

## ૩૯૨. મોતીલાલ નેહરુને તાર

ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

મોતીલાલ નેહરુ,
અલ્લાહાબાદ

તમારા તાવના સમાચારથી દિલગીર. તમારી તેમ જ કમલાની હાલતનો તાર કરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
હસ્તલિખિત મુસદ્દા પરથી : એસ. એન. ૨૪૫૬

## ૩૯૩. વલ્લભભાઈ પટેલને તાર

ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

વલ્લભભાઈ પટેલ
સ્વરાજ આશ્રમ, બારડોલી

ધારતા હતા એવો જ કાગળ આવ્યો છે. કોઈ પણ પ્રકારની સમજૂતીનો ધરાર ઇનકાર. આગળનાં પગલાં વિચારવા અહીં આવો તો સારું.

બાપુ

[મૂળ અંગ્રેજી]
હસ્તલિખિત મુસદ્દા પરથી : એસ. એન. ૨૪૫૬

Gandhi Heritage Portal

## ૩૯૪. મેરઠની રાજકીય પરિષદને તાર

ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

સેક્રેટરી રાજકીય પરિષદ
મેરઠ

દિલગીર; હાજર નહીં રહેવાય. પરિષદને દરેક પ્રકારે ફતેહ ઇચ્છું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
હસ્તલિખિત મુસદ્દા પરથી : એસ. એન. ૨૪૫૬

## ૩૯૫. ઇલિઝાબેથ નૂડસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

પ્રિય મિસ નૂડસન,

આટલા બધા લાંબા સમય પછી તમારો પત્ર મળવાથી આનંદ થયો. ગુલાબનાં ફૂલ અંગેના તમારા ઠપકાને મારો ટેકો છે. દેખાય છે કે સ્ત્રીઓની ઉન્નતિ માટે હિંદુસ્તાનમાં આજકાલ ચાલી રહેલી જોરદાર ચળવળથી તમે વાકેફ નથી.

આશા છે કે તમે ક્ષેમકુશળ હશો.

તમારો સહૃદયી

મિસ. ઈ. નૂડસન
ખ્રિસ્તી યુવતી સંઘ બિલ્ડિંગ, કરાંચી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૪૮

Gandhi Heritage Portal

## ૩૯૬. સર એમ. વી. જોશીને પત્ર[1]

ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને ગઈ કાલે જ મળ્યો. શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઈ મારફત મને અગાઉ પૂછવામાં આવેલું ત્યારે જ મેં જણાવી દીધેલું તે મુજબ તમારી કમિટી સમક્ષ હું જુબાની આપી શકીશ નહીં તેથી ખેદ થાય છે. આશા છે કે આ બદલ માફ કરશો.

તમારો સહૃદયી

સર એમ. વી. જોશી
એઈજ ઑફ કન્સેન્ટ કમિટી, કૅમ્પ, અમદાવાદ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૫૦

## ૩૯૭. રૂપનારાયણ શ્રીવાસ્તવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો; આભાર. એ તો સાફ જ છે કે એક જ વાતને બે વિરોધી દૃષ્ટિબિંદુથી આપણે જોઈએ છીએ. તમે એવું માનો છો કે સ્વબચાવ માટે હત્યા થાય તો તે હિંસા ન કહેવાય, પણ વાછડાને એના પોતાના હિત ખાતર મારી નાખવામાં આવે તોપણ તે હિંસા જ છે, પછી ભલેને એ માની લીધેલું હિત પાછળથી ખોટું માલૂમ પડે. આમ આપણો મેળ ખાય એવું દેખાતું નથી. મારે મન તો સાપની હત્યા પણ હિંસા જ છે. સાપના ડરને કારણે સાપની હત્યા મારે ન છૂટકે કરવી પડે એ જુદી વાત છે; એથી આ હત્યા ઓછી હિંસક ઠરતી નથી.

તમારો સહૃદયી

શ્રી રૂપનારાયણ શ્રીવાસ્તવ
શ્રી જમનાદાસ એમ. એલ. એ.ને ત્યાં
જબલપુર (મ. પ્ર.)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૫૧

૧. ૯ ઑક્ટોબરના એમના પત્ર (એસ. એન. ૧૩૫૪૫)ના જવાબમાં. પત્રમાં ગાંધીજીને વિનંતી કરવામાં આવી હતી કે ઑક્ટોબરની ૧૫મીથી ૧૯મી દરમિયાન એઈજ ઑફ કન્સેન્ટ કમિટી અમદાવાદ આવે ત્યારે પોતાની સગવડે તેઓએ જુબાની આપવી. મધ્યસ્થ ધારાસભામાં દાખલ કરાયેલા બાળલગ્ન પ્રતિબંધક ખરડાની ચર્ચા બાદ સરકારે આ વિષયની તપાસ કરી રિપોર્ટ કરવા આ કમિટી નીમી હતી.

Gandhi Heritage Portal

## ૩૯૮. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારો બહુ આગ્રહ હોવાથી હું ચંપલ ને ધોતી મોકલું છું. તમારા દાનમાંથી ટપાલનું ખર્ચ કાપી લીધું છે.

વધારે સારી સાડીઓ ને સારાં ધોતિયાં જોઈતાં હોય તો મુંબઈમાં પ્રિન્સેસ સ્ટ્રીટમાં આવેલા ખાદી ભંડારમાંથી મળી શકશે. મલાયામાં કોઈ પણ પ્રકારની વી. પી.ની વ્યવસ્થા હોય એમ હું ધારતો નથી. એટલે એ લોકો પર તમે રોકડા પૈસા મોકલશો પછી જ માલ રવાના કરી શકશે.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. સુબ્રહ્મણ્યમ્
ગવર્નમેન્ટ ઇંગ્લિશ સ્કૂલ, સેગામટ, જોહોર, મલાયા

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૫૨

## ૩૯૯. આઇઝક સંત્રાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો; આભાર. તમે મોકલેલી પુસ્તિકા મને મળશે એટલે હું જરૂર વાંચી જઈશ. પણ આવાં કામ મારી પોતાની રીતે કરવાનું મને વધારે ગમે છે. આજકાલ તો સામ્રાજ્યને લગતા કોઈ પણ કામમાં જોડાવા હું નારાજ છું કારણ મને સામ્રાજ્ય પ્રત્યે જ અવિશ્વાસ છે.

તમારો સહૃદયી

આઇઝક સંત્રા એસ્ક્વાયર
ઑફિસર-ઇન-ચાર્જ, લેપ્રસી સર્વે
પોસ્ટ માસ્તરને ત્યાં, જામનેર, પૂર્વ ખાનદેશ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૫૩

Gandhi Heritage Portal

## ૪૦૦. મીરાંબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

પ્રભુદાસને ઘેર પહોંચ્યા પહેલાં તારો કાગળ મળી ગયો. તને પ્રવાસમાં ખૂબ મજા પડે છે ને તે વિશે તું આટલા ઉત્સાહથી લખે છે તે જોઈ મારું હૈયું હરખાય છે. તું પાછી ફરે ત્યારે સ્ફૂર્તિથી ઊભરાતી હોય ને આનંદથી છલકાતી હોય એવું ઈચ્છું છું.

શિયાળો આવી રહ્યો છે તેની નિશાનીઓ આશ્રમમાં વરતાય છે. હવે રાતે ખૂબ ઠંડી રહે છે અને સારી પેઠે ઓઢવું પડે છે. આશ્રમમાં મલેરિયા વધી રહ્યો છે. રાજકિશોરી તાવે પડી છે અને શારદાનું પણ એમ જ છે. ચિમનલાલ અને નાની શારદા તો છેલ્લા ત્રણ દિવસથી પટકાયેલાં હતાં.

આપણા રિવાજ મુજબ બધા આશ્રમવાસીઓ તથા મજૂરોએ ભેગાં મળી ગઈ કાલે ફળાહાર કર્યો હતો. ત્રણસોથી પણ કંઈક વધુ અમારી સંખ્યા હતી. ફળાહારમાં ખજૂર, મગફળી, કેળાં અને સૂકી દ્રાક્ષ હતી.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૩; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૩

## ૪૦૧. એચ. એસ. એલ. પોલાકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો ઠપકાનો પત્ર મળ્યો. ઠપકો યોગ્ય જ હતો. પણ એમાં ગણેસનની માત્ર સરતચૂક હતી. મોકલનાર આશ્રમ નહોતો. પ્રકાશક ગણેસન છે, અને સાધારણ રીતે એ ઘણી કાળજી રાખે છે. પણ કોણ જાણે કેમ એ એક નકલ[1] તમને મોકલવાનું ભૂલી જ ગયા. ઍન્ડ્રૂઝને એક કે વધારે નકલો મળી, કારણ એમણે તાર કર્યો હતો.

ગૅબ્રિયલ આઈઝકનું નામ રહી ગયું છે એ બાબતના તમારા ઠપકા અંગે કહેવાનું કે આ નામ રહી ગયાનું હું જાણતો જ નથી; અંગ્રેજી ભાષાંતરની સૂચિ હું હમણાં જ જોઈ ગયો. આ સૂચિમાં તો એ નામ ન મળ્યું. પણ એથી એમ તો સાબિત ન થાય કે ઈતિહાસ[2]માં પણ એ નામ નથી. પણ માનો કે આ નામ રહી ગયું છે. તોપણ એવું ઈરાદાપૂર્વક નથી જ થયું. એમને વિશે તથા એમણે કરેલા ત્યાગ વિશે મેં આશ્રમવાસીઓને ઘણી વાર કહ્યું છે. એ પોતે તથા એમની સુજનતા અને સાદાઈ મને ઘણી વાર યાદ આવે છે. પણ જો એમનું નામ રહી જ ગયું હોય તો એ કેવી રીતે બન્યું એનો ખુલાસો મારી પાસે નથી. એ કહેવાની હું ધૃષ્ટતા કરું છું કે બીજાં કેટલાંક પ્રિયજનોનાં નામ પણ તદ્દન અજાણતાં રહી જ ગયાં છે.

૧. ૨. दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास.

Gandhi Heritage Portal

જેલો બાબત થયેલી ગરબડની મને બહુ ફિકર નથી થતી. અનેક ઘટનાઓથી ભરપૂર ભૂતકાળવાળો માણસ આજથી દશ વર્ષ પર બની ગયેલા બનાવો યાદ કરીને આજે લખવા બેસે, ત્યારે આવી નાની નાની ભૂલો તો જડી આવે જ. આખા ઇતિહાસનું સારતત્ત્વ તદ્દન સાચું છે તેમ જ તટસ્થ છે એટલું પૂરતું નથી? જેણે જેણે પુસ્તક વાંચ્યું છે તે બધા આવી સાક્ષી પૂરી રહ્યા છે. અને હું ચોક્કસ માનું છું કે તમે પણ એવું જ પ્રમાણપત્ર આપવાના.

મગનલાલની સ્મૃતિમાં કેવું સ્મારક રચાવાનું છે એની હવે તો તમને કદાચ જાણ થઈ હશે. પરંતુ યંગ ઇન્ડિયાનો એ અંક[1] વાંચવાનું તમે ચૂકી ગયા હો તો હું કહી દઉં કે મગનલાલના ખાદીપ્રેમ તથા હુન્નરજ્ઞાનને શોભે એવું એક ખાદી સંગ્રહસ્થાન તે માટે ખાસ ઊભા કરેલા મકાનમાં ગોઠવવાનું છે. વચમાં બારડોલીની લડત આવી પડી એટલે મગનલાલ સ્મારક ફાળા માટે ઉદાર હાથે મદદ કરી શકે એવાં બધાંનું ધ્યાન સહેજે બારડોલીમાં પરોવાઈ ગયું. અને પરિણામે સ્મારક માટેનો ફાળો બહુ આસ્તે આસ્તે ભરાઈ રહ્યો છે. પણ જે થયું તે યોગ્ય જ હતું.

તમે મોકલેલું સુંદર ડચ પોસ્ટકાર્ડ મળ્યું છે.

આશ્રમમાં બધું ઠીક છે. હાલ અહીં ઘણા ફેરફાર થઈ રહ્યા છે. આ બધું પૂરેપૂરું પતી જશે પછી યંગ ઇન્ડિયા દ્વારા તમને ફેરફારોની બધી ખબર પડશે. જે પ્રદેશમાં કાંતણકામ ચાલી રહ્યું છે ત્યાં મીરાં પ્રવાસે ગઈ છે. પોતે જે જે ગામમાં જાય છે તે ગામના લોકો સાથે એ એવી તો સરસ ભળી જાય છે કે નવાઈ લાગે. શીખી લીધેલું હિંદી એને ઠીક ખપમાં આવે છે.

અત્યારે એક ઑસ્ટ્રિયન યુગલ અહીં રહે છે. બંને બહુ સરસ છે. ગ્રાઝની મેડિકલ કૉલેજમાં પતિ પ્રોફેસર છે, અને પત્ની સારી ગાયિકા, અને તેથીયે વધારે સારી ફિલસૂફ છે. લગ્નની શરૂઆતથી જ બંને બ્રહ્મચર્ય પાળે છે. આનો બધો જશ પત્નીને જાય છે. એ કહે છે કે પોતે કામવાસના જાણી જ નથી. અનેક રીતે આ જોડું અનોખું છે.

રામદાસ બારડોલી છે; દેવદાસ દિલ્હીમાં. છગનલાલ અહીં છે, ને મહાદેવ, પ્યારેલાલ, સુબૈયા તથા બીજા બધા તો ખરા જ.

બધા તરફથી સસ્નેહ,

તમારો સહૃદયી

એચ. એસ. એલ. પોલાક, એસ્ક્વાયર
૪૨, ૪૭, અને ૪૮ ક્વેન્સ ઈન હાઉસ
૨૬૫, સ્ટ્રાન્ડ, લંડન ડબ્લ્યુ. સી. ૨

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૯૪

૧. ૧૭–૫–૧૯૨૮નો, જુઓ પુસ્તક ૩૬, પા. ૩૨૧–૨૨.

Gandhi Heritage Portal

## ૪૦૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ ચાર્લી,

તમારા પત્રો મળ્યા છે. યંગ ઇન્ડિયાની તમારી નકલ તમને મળે ત્યારે તેમાં છપાયેલો તમારો લેખ "ધ લૅન્ડ ઑફ ઋષિઝ"[1] તમને જોવા મળશે.

શાસ્ત્રીના અનુગામીનો પ્રશ્ન ઘણું પજવી રહ્યો છે. હિંદ સરકાર શું કરે છે તે રામ જાણે. પણ મને મનમાં અંદેશો રહે છે. શાસ્ત્રીની જગા પૂરવાનું અઘરું છે અને સરકાર જો પોતાના જ માણસને આ સ્થાને ગોઠવી દેશે તો શાસ્ત્રીએ કરેલું મહાન કાર્ય સહેજમાં ધોવાઈ જશે.

આશ્રમમાં બધું સમુંસુતરું છે; માત્ર અત્યારે મલેરિયાની ઋતુ છે અને તે ચાલે છે ત્યાં સુધી તો તેનો ત્રાસ રહેવાનો જ.

**મોહન**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૪૦૯

## ૪૦૩. સરોજિની નાયડુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

પ્રિય મીરાં,

તમારો પત્ર મળ્યો. મારા કાગળનો પદ્મજાએ[2] આપેલો જવાબ આ સાથે બીડયો છે. સૅનિટોરિયમ ન છોડવા દાક્તરો જ એને સલાહ આપે છે, ત્યારે હવે હું શું કરું? હું એને ફરી કાગળ લખીશ, એટલું જ નહીં પણ વખતોવખત કાગળ લખી એના સંપર્કમાં રહીશ. મનમાં કશી ચિંતા રાખ્યા વિના તમારે તો કર્તવ્યકર્મ કરતાં રહેવું. હું ને તમે એની સંભાળ લઈ શકીએ એના કરતાં પરમાત્મા વધારે સારી સંભાળ રાખશે અને એની ઇચ્છા મુજબ આપણને એનાં નિમિત્ત બનાવશે.

પ્રવાસ દરમિયાન તબિયત સાચવશો એવી આશા છે. અવારનવાર તમારા કાગળ મળતા રહેશે એવી આશા રાખું છું.

૧. જુઓ "ઋષિનો આશ્રમ", ૨૧-૧૦-૧૯૨૮.
૨. સરોજિનીનાં પુત્રી.



Gandhi Heritage Portal

હાલનું રાજકીય વાતાવરણ કંઈ બહુ શાંત નથી કે બહુ સ્પષ્ટ નથી. બિચારા મોતીલાલજીનુ કામ તો નક્કી થઈ ગયું છે.

શ્રીમતી સરોજિની નાયડુ
ટૉમસ કૂક ઍન્ડ સન્સ ન્યૂ યૉર્ક, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૪૧૦

## ૪૦૪. એસ્થર મેનનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૨, ૧૯૨૮

વહાલી દીકરી,

ઘણા લાંબે ગાળે તારો પત્ર મળ્યો. અને તેથી જ બેવડો મીઠો લાગ્યો. આશા રાખું છું કે આ પત્ર તારા હાથમાં આવશે ત્યારે તારી તબિયત સારી હશે, અને ઑપરેશન કરાવવું જ પડયું હોય તો સફળ થયું હશે અને એની કશી ખરાબ અસર નહીં રહી ગઈ હોય.

હાલ આશ્રમમાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે. યંગ ઇન્ડિયામાં આ ફેરફારો વિશે યોગ્ય સમયે લખાણ આવશે તે જોજે. વર્ષના આ દિવસોમાં મલેરિયાનો વાવર ચાલે છે, તે બાદ કરતાં અહીં બધું બરાબર છે.

મેનનને કાગળ લખે ત્યારે મારી યાદ આપજે.

શ્રીમતી એસ્થર મેનન

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૪૧૧

## ૪૦૫. ઘાતકી રિવાજ

એક કાઠિયાવાડી લખે છે :[૧]

હિંદુ સંસારમાં આ અગવડ ખરેખરી છે અને તે માત્ર કાઠિયાવાડમાં જ નહીં. જે જુવાન પતિને પોતાના ધર્મનું ભાન આવ્યું છે તેણે જો બચી જવું હોય તો પોતાનો માર્ગ શોધી કાઢવો જોઈએ. માબાપને વિનયપૂર્વક સમજાવી વિવાહનો ખરો અર્થ સિદ્ધ કરે. માબાપને સમજાવવામાં અડચણ આવે તો જ્યાં લગી સ્વતંત્ર ન થઈ શકે ત્યાં સુધી સ્ત્રીની સાથે રહેવાનો આગ્રહપૂર્વક ઇનકાર કરે. જ્યાં ઇચ્છા છે ત્યાં ઉપાય છે જ. મુશ્કેલીઓમાંથી નીકળી જવામાં મનુષ્ય પોતાને શોભાવી શકે છે અને પોતાનું મનુષ્યત્વ ઘડી શકે છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૪-૧૦-૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકની ફરિયાદ હતી કે કાઠિયાવાડમાં સંયુક્ત કુટુંબમાં રહેતાં પતિપત્નીને દિવસ દરમિયાન મળવાનું થતું નથી. આ સંજોગોમાં પતિપત્નીના વિચારોની આપ-લે કેવી રીતે થાય, અને બ્રહ્મચર્ય માટે પતિ પત્નીની સંમતિ કેવી રીતે મેળવી શકે એ એમનો પ્રશ્ન હતો.

Gandhi Heritage Portal

## ૪૦૬. બારડોલીની ગાય

બારડોલી તાલુકાના એક વણિક ગૃહસ્થ લખે છે :[1]

જો મજકૂર હકીકત ખરી હોય તો હાલ જે રચનાત્મક કાર્ય બારડાલીમાં થઈ રહ્યું છે તેમાં આ પણ અવશ્ય ઉમેરવાલાયક છે. આખલાને ખસી ન કરવાથી કેટલું બધું નુકસાન થાય છે એ નવજીવનમાં અનેક વાર બતાવવામાં આવ્યું છે. ભેંસની પાસેથી મળે છે તેટલું જ દૂધ લગભગ ગાયની પાસેથી લઈ શકાય એ વિશે શંકા નથી, પણ ગાયની સંભાળ શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે લેવાય તો જ એ પરિણામ આવે. એકંદરે જો આપણે પાડાના વધમાંથી બચવું હોય તો ગોવંશની ઉન્નતિ તરફ સંપૂર્ણ ધ્યાન વાળવું જોઈએ. ગોવંશ જેટલો ઉપયોગી છે તેટલો ભેંસનો વંશ કદી નથી એ સહેજે સિદ્ધ થઈ શકે એવી વાત છે. ગમે તે આખલાને ગાય દેખાડવાથી ગોવંશ ઉત્તરોત્તર નબળો થતો જાય છે એના તરફ આપણે ધ્યાન દીધું જ નથી. બારડોલીમાં થઈ રહેલી ભારે જાગૃતિને પરિણામે જો ગાયનો પ્રશ્ન ઉકેલી શકાય તો બારડોલીના લોકોએ પોતાના સત્યાગ્રહથી જે સેવા કરી છે તેમાં તેઓ મોટો ઉમેરો કરશે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૪–૧૦–૧૯૨૮

## ૪૦૭. બેહાલ

એક નવયુવક લખે છે :[2]

આ જુવાને પોતાનું નામ આપ્યું છે. અને તેમ છતાં તેના જ જેવા બીજાઓ ઘણા છે. તેથી નવજીવન મારફતે ઉપાય ઇચ્છે છે. મારી પાસે રામબાણ દવા નથી. આને હું એક જાતનો રોગ ગણું છું. ઘણા એથી પીડાય છે એ હું જાણું છું. જેથી કેટલાકને ફાયદો થયો છે એ બતાવી જાઉં.

આમાં મુખ્ય વસ્તુ ઈશ્વર ઉપરની શ્રદ્ધા છે. અને જેને શ્રદ્ધા છે તે પોતાની દુર્બળ સ્થિતિમાં ઈશ્વરની સહાય માગે છે અને તે મળી રહે છે. પ્રાર્થના કોને કરવી, ઈશ્વર એમ સહાય કરવા ક્યાં નવરો બેઠો છે, જો નવરો બેઠો હોય તો એ અંતર્યામી હોઈ પ્રાર્થના કર્યા પહેલાં જ કેમ દરદ સમજી નિવારણ કરતો નથી, આવી જાતની દલીલના પ્રપંચમાં ન પડતાં ઈશ્વરની ગતિને ગહન ગણી બીજાઓ જે તેનું શરણ લઈ તરી ગયા છે તેનો દાખલો લઈ શ્રદ્ધા લાવી હૃદયપૂર્વક યાચના કરવી.

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જણાવ્યું હતું કે બારડોલીમાં તેમ જ બીજા તાલુકાઓમાં રાનીપરજ લોકો જ ઘણુંખરુ ગાયો પાળતા હતા. ઊંચ કોમના લોકો ભેંસો પાળવાનું પસંદ કરતા. આ લોકો ધાર્મિક લાગણીના માર્યા વાછડાને ખસી કરાવતા નહીં અને ગામમાં નાના ને નબળા વાછડાને રખડવા દેતા તથા ગાયો ઉપર જવા દેતા. આવા ખોટા લાગણીવેડાને પરિણામે ગાયની ઓલાદ ઉત્તરોત્તર બગડતી જતી હતી.

૨. પત્ર અહીં આપ્યો નથી. પત્ર લખનાર ૧૯ વર્ષનો પરણેલો જુવાન હતો. દિનપ્રતિદિન એનું હીર ચૂસી લેનાર હસ્તદોષની કુટેવમાંથી એ છૂટી શકતો ન હતો.

Gandhi Heritage Portal

જેટલી પ્રાર્થનાની જરૂર છે તેટલી જ પુરુષાર્થની જરૂર છે. પ્રયત્ન વિનાની પ્રાર્થના એ આડંબર બની જાય છે. શુષ્ક તો છે જ. જેમાં હૃદય નથી એવું માત્ર યાંત્રિક ઉચ્ચારણ નિરર્થક છે. અને પ્રયત્ન કરનારને તુરત આત્મવિશ્વાસ આવે છે. પ્રયત્નમાં સતત શારીરિક ઉદ્યમ આવશ્યક છે. ઉદ્યમ ગમે તેવો હળવો હોય તેની ફિકર નથી. વાચન પવિત્રતાને પોષક હોય એવું જ રાખવું જોઈએ. એકાંતનું સેવન મુદ્લ નહીં કરવું. પત્નીનો સહવાસ છોડવો અનિવાર્ય છે. આટલા ઉપાયો યોજ્યા પછી રોગ ભૂલી જ જવો, અને સતત ઉદ્યમ રાખ્યો હશે તો તે યાદ પણ નહીં આવે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૪–૧૦–૧૯૨૮

## ૪૦૮. એક કોયડો

વાછડા પ્રકરણ[૧] ઝટ પૂરું થાય તેમ નથી. અહિંસાને નામે હિંસા કરવાવાળા ભાઈઓ હજુ ટપાલ ખાતાને ખટાવી રહ્યા છે. કેટલાક માને છે કે સાઠમું વર્ષ બેઠું એટલે મારી બુદ્ધિનો નાશ થયો છે. સાસૂન ઇસ્પિતાલ[૨]માં મારો રોગ અસાધ્ય ગણીને દાક્તરોએ કે મિત્રોએ ઝેરની પિચકારી આપી હોત તો ગરીબ વાછરડો ઝેરની પિચકારીથી બચત અને વાંદરાંની ઉપર જે મૃત્યુદંડ હું ઉગામી રહ્યો છું તેનો ભય આ હનુમાનના વંશજોને ન રહેત. આ સિવાય બીજા પણ આવા 'અહિંસક' ઉદ્‌ગારોવાળા પત્રો આવ્યા કરે છે. અને જેમ જેમ એવા પત્રો આવે છે તેમ તેમ મેં આ વિષયને નવજીવનમાં ચર્ચ્યો એ ઠીક કર્યું એમ લાગ્યા કરે છે. લખનારાઓ સમજતા નથી કે અહિંસાધર્મને જાણવાનો અને માનવાનો દાવો કરવા છતાં તેઓ આવા કાગળ લખી હિંસા કરી રહ્યા છે. પણ આવા કાગળોમાં અપવાદરૂપે બેચાર બીજા પ્રકારના કાગળો પણ આવેલા છે તેમાંથી એક તારવી કાઢું છું. એ કાગળ લખનાર જણાવે છે :

> વાછરડા પ્રકરણથી કેટલાક સંશય દૂર થયા. અહિંસાની મર્યાદા ઉપર તમે ખૂબ પ્રકાશ પાડયો છે, પણ તેની જ સાથે તમે એક નવી ગૂંચવણ પેદા કરી છે. તે આ છે : કોઈ મનુષ્ય કે મનુષ્યનો સમુદાય લોકોના મોટા ભાગને પીડા કરી રહેલ હોય, તેનું બીજી રીતે નિવારણ ન થતું હોય અને તેનો નાશ કરીએ તો અનિવાર્ય ગણાઈ અહિંસામાં નહીં લેખાય? વાછરડા પ્રકરણમાં તમે ભાવનાને પ્રાધાન્ય આપ્યું છે તો આ સ્થળે પણ પાપી પીડા કરનારનો વધ કરવામાં ભાવના ઊંચી છે તેથી એ વધ અહિંસક ન ગણાય? પાકનો નાશ કરનાર જીવોના નાશને તમે હિંસા નથી ગણી તેમ જ માનવસમાજનો નાશ કરનાર માણસના નાશને તમે અહિંસા ન ગણો?

આ પત્રમાં મારા લેખનો અનર્થ થયો છે એમ વિવેકી વાંચનાર તો જોઈ જ ગયા હશે. અહિંસાની જે વ્યાખ્યા મેં આપેલી છે તેમાં ઉપર પ્રમાણે મનુષ્યવધનો સમાસ થઈ જ શકતો નથી. ખેડૂત જે અનિવાર્ય નાશ કરે છે તેને મેં અહિંસામાં કદી ગણાવેલ નથી. એ વધ

૧. જુઓ "પાવકની જ્વાળા", ૩૦–૯–૧૯૨૮.
૨. જ્યાં એમના પર ૧૯૨૪ના જાન્યુઆરીમાં ઍપેન્ડીસાઈટિસનું ઑપરેશન કરવામાં આવ્યું હતું. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૯૦–૧.

Gandhi Heritage Portal

અનિવાર્ય હોઈ ભલે ક્ષમ્ય ગણાય, પણ તે અહિંસા તો નથી જ. ખેડતની હિંસામાં અથવા લેખકે જે દૃષ્ટાંત આપ્યું છે તેમાં રહેલી હિંસામાં સમાજનો સ્વાર્થ રહેલો છે. અહિંસામાં સ્વાર્થને સ્થાન નથી. વાછરડાના પ્રાણહરણમાં કેવળ વાછરડાના ભલાનો જ વિચાર હતો. નહોતો તેમાં ખેતીની રક્ષાનો કે કોઈની રક્ષાનો સવાલ; નહોતો તેમાં મારી કે કોઈ બીજાની સગવડનો પ્રશ્ન. દુઃખથી પીડાતા અને જેની બીજી કોઈ પણ પ્રકારની સેવા અશકય થઈ પડી હતી એવા વાછરડા પ્રત્યે જે કર્તવ્ય હતું તેનો જ પ્રશ્ન હતો. મજકૂર લેખકના પ્રશ્નને વાંદરાંનાં પ્રશ્નની સાથે જરૂર સરખાવી શકાય, પણ તેમાંયે ઘણો ભેદ રહ્યો છે. વાંદરાંનું હૃદયપરિવર્તન કરવાનો કોઈ સામાજિક ઉપાય આપણી પાસે નથી તેથી તેનું પ્રાણહરણ કદાચ ક્ષમ્ય ગણાય, પણ પાપીમાં પાપી પીડા કરનાર મનુષ્યનું હૃદયપરિવર્તન હમેશાં શકય છે. એવા પરિવર્તનના ઈલાજો પણ સમાજે યોજેલા છે. તેથી અહિંસાપ્રકરણમાં સ્વાર્થી મનુષ્યવધને કદી સ્થાન મળી ન શકે. મનુષ્યવધ અનિવાર્ય હોય એમ મને નથી સૂઝી શકતું. વાછરડાની સ્થિતિમાં પડેલા મનુષ્યને વિશે મેં જે કલ્પના કરેલી છે એને અહીં કશો સંબંધ નથી એ યાદ રાખવાની આવશ્યકતા છે.

હવે રહી ભાવનાની વાત. ભાવનાને મેં પ્રાધાન્ય આપ્યું છે એ યથાર્થ છે, પણ એકલી ભાવનાથી અહિંસા સિદ્ધ ન થઈ શકે. અહિંસાની પરીક્ષા અંતે ભાવનાથી થાય છે એ સાચું છે. પણ કોરી ભાવનાથી અહિંસા ન અંકાય એ પણ એટલું જ સાચું છે. ભાવનાની આંકણી પણ કાર્ય ઉપરથી સિદ્ધ કરવી પડે છે. અને જ્યાં સ્વાર્થને વશ થઈને હિંસા થયેલી છે ત્યાં ભાવના ગમે એવી ઊંચી હોય તોપણ સ્વાર્થમય હિંસા તે હિંસા જ રહેવાની. એથી ઊલટું જે મનુષ્ય મનમાં વેરભાવ રાખે છે પણ લાચારીથી તેને પરિણામમાં નથી લાવી શકતો, એ વેરીના પ્રત્યે અહિંસક છે એમ નહીં કહી શકાય. કેમ કે તેની ભાવનામાં વેર રહેલું છે. તેથી અહિંસાની આંકણીમાં ભાવના અને કાર્ય બંનેને તપાસવાનાં હોય છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૧૪–૧૦–૧૯૨૮

## ૪૦૯. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

આસો સુદ ૧ [ઑક્ટોબર ૧૪, ૧૯૨૮][1]

સુજ્ઞ ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો છે.

માંદગીને ખાટલે પડેલાને રેંટિયો ચલાવવાપણું હોય નહીં. તમારી પ્રતિજ્ઞામાંયે માંદગીનો અપવાદ તો હતો. તમે આળસ કે કામના બોજાને બહાને રેંટિયાને છોડો તો જરૂર કડવાં વેણ સંભળાવવાપણું રહે, કદાચ સત્યાગ્રહ કરવા જેટલો તમારા પ્રત્યે પ્રેમ હોય તો સત્યાગ્રહ કરવાનો પણ સમય આવે. તમારી માંદગીમાં રેંટિયો તમે ચલાવો એવી નાદાન માગણી હું ન કરું અને લેડી પટ્ટણી જો ભાવપૂર્વક હવે ચલાવતાં હોય તો મારે મન તો તમે ચલાવ્યા બરાબર જ છે.

૧. પત્રમાં ડેરી અંગે યંગ ઇન્ડિયામાં છપાયેલા લેખોનો ઉલ્લેખ છે એટલે ૨૭–૯–૧૯૨૮ અને ૧૧–૧૦–૧૯૨૮ના યંગ ઇન્ડિયામાં એક ડેરી ચલાવવા સંબંધી લેખ આવેલા તે પરથી અનુમાન કરી સાલ તારવી છે.

Gandhi Heritage Portal

ખરા ભાવને વિશે મને શંકા છે. તમારું પ્રમાણપત્ર હું પક્ષપાતી ગણું એટલે ભાવની પરીક્ષા મારે નજરે કરવી રહી. વળી તમે જ લખો છો કે પાણકોરું નિત્ય નથી પહેરતાં. જેને ભાવ છે તેને કંઈ અપવાદ હોય? પાણકોરું તો આપણા ઘરનો શબ્દ. પણ પાણકોરું જેવું પાંખું જોઈએ તેવું પહેરે. પાણકોરું એટલે જાડું જ કપડું એવો અર્થ હું નથી કરતો. આપણી બહેનો દીકરીઓ જેવું કાંતી આપે તેનું કપડું તે પાણકોરું. ઝીણું કંતાવવું તો તમારા હાથમાં છે. આ કાગળ તો રમાબહેનને સારુ થયો.

હવે તમારી પાસેની આશાઓમાંની થોડી આ રહી. તમારા સ્ટેટમાં થતી પેદાશના ખર્ચને સારુ મહેસૂલની જેમ તમારા બજેટમાં સારી જગ્યા રાખો. અત્યારે તો તે ખર્ચ હું ઉપાડું છું. ને હવે મારી શક્તિ ક્યાં છે?

તમારા રાજ્યમાં દારૂનિષેધના કાયદાનું જે પરિણામ આવ્યું હોય તેનો રિપોર્ટ મારે સારુ છાપવા કે મને જાણ કરવા તૈયાર કરીને મોકલશો.

સરકારી દુગ્ધાલય વિષયના જે જે લેખ યંગ ઇન્ડિયામાં છપાયા છે તે પ્રમાણે તમે આદર્શ ડેરી રાજ્ય તરફથી ચલાવો. તેમાં તમને નુકસાન છેવટે થાય જ નહીં.

આટલાનો આરંભ તો તમે ખાટલે રહ્યા પણ કરી શકો છો. આટલું કરો પછી વળી બીજું પૂછજો.

પણ એક તો કહી જ દઉં. ખાટલેથી ઊઠો. આ કામ તમે અઘરું ગણશો, હું પણ અઘરું ગણું છું. પણ તેને અર્થે દાક્તરોની સાથે સાથે થોડા ઊંટવૈદોને પૂછો. એવા એક તો કુવલયાનંદ છે. તમે તેને ઓળખતા જણાઓ છો. હુ હજુ તેનું માપ કાઢી નથી શકયો. એવા ઊંટવૈદ બીજા પણ છે. તે યોગનું નામ નથી જાણતા પણ પાણીના ઉપચારો કરે છે. એવાને ભેળા કરવા હોય તો હું શોધ કરું તે જ. ને સાંભળતાં જેની ઉપર નજર ઠરે તેના નિર્દોષ લાગતા ઉપચાર કરો. ખાટલે પડયા રહેવાનું કાંઈ જ કારણ નથી. ઊંટવૈદોમાં હું પણ એક છું ના ખરો, પણ, હું અત્યારે નકામો થઈ પડયો છું. સૌથી મોટો વૈદ્ય રામ તો છે જ. મેં જો તેમાં ઓળખ કરી લીધી હોત તો તમારી તરફ મોકલી દેત. પણ ઐસા દિન કહાં સોનિયાકે પાંવમેં મુતિયાં હો.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: સી. ડબ્લ્યુ. ૩૨૧૭; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૪૧૦. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર

મૌનવાર, ઑક્ટોબર ૧૫, ૧૯૨૮

ભાઈ હરિભાઉ,

તમારો કાગળ મળ્યો છે. ભાઈ જેઠાલાલના કાર્યની અપૂર્ણતા વિશે મીરાંબહેને મને સવિસ્તર લખ્યું છે. તે લખે છે કે જેઠાલાલે ભૂલ સુધારવાનું કબૂલ કર્યું છે. તમે જેઠાલાલને પ્રેર્યા કરજો.

તમારું સરવૈયું સમજ્યો છું. અસત્યના વિભાગ ન પાડવા મારી ભલામણ છે. અતિશયોક્તિ, અર્ધ સત્ય, અસત્ય પ્રત્યે આંખમીંચામણી અસત્ય જ છે. આપણે આપણી પોતાની તરફ બહુ ઉદાર ભાવથી વરતીએ છીએ. જ્યારે પોતાની તરફ આપણે કૃપણ થવું જોઈએ. પોતાના રાઈ જેવડા દોષ આપણે પર્વત જેવડા જોવા ઘટે છે.

બ્રહ્મચર્યને વિશે પણ હું કંઈક એવું જોઈ ગયો છું. જેને આપણે સૂક્ષ્મ બ્રહ્મચર્યનો ભંગ સમજી દરગુજર કરીએ છીએ તે ઘણી વેળા સ્થૂળ બ્રહ્મચર્ય જ હોય છે. જેમ કે મલિન સ્પર્શમાત્ર સ્થૂલ બ્રહ્મચર્યનો ભંગ છે. તેમ જ સ્પર્શ વિનાનો મલિન વિનોદ. મલિન એટલે વિકારી.

આ તમને કહેવાની જરૂર ન હોય. પણ હાલમાં આશ્રમમાં આ વસ્તુ સમજાવવાની જરૂર પડેલી છે. મારા જીવનનું અવલોકન કરતાં પણ હું આ મોળાપણું જોઈ શકયો છું તેથી તમને સાવધાન કરું છું. વાત સાચી એ છે કે પવિત્ર જીવન નવો જન્મ છે. તે ઈશ્વરપ્રસાદી વિના નથી મળતો.

[1]જબલગ ગજબલ અપનો વર્ત્યો
નેક સરો નહીં કામ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૬૦૬૨; શ્રી હરિભાઉ ઉપાધ્યાયના સૌજન્યથી

૧. અહીં ગજેન્દ્રમોક્ષની વાતનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

## ૪૧૧. વિપિનબિહારી વર્માને પત્ર

ઑક્ટોબર ૧૫, ૧૯૨૮

ભાઈ વિપિન,

તમારો પત્ર મળ્યો. મારે આવવાનું કે બીજા કોઈને મોકલવાનું લગભગ અશક્ય છે. છેક મોતીહારી સુધી આવવા સાધુ વાસવાણીને[1] લલચાવી શક્યા છો એ બદલ તમને બધાને શાબાશી આપું છું. જીવનની પવિત્રતા વધારવામાં અને તે માટે સાદા તેમ જ સરળ થવામાં જ સાચી વિદ્વત્તા રહેલી છે, એ બિહારના વિદ્યાર્થીઓને કહેવાની જરૂર નથી.

તમારો
**મોહનદાસ**

શ્રી વિપિનબિહારી
સ્વાગત સમિતિ, છાત્ર સંમેલન
મોતીહારી, બિહાર

[મૂળ હિંદી]
**પત્રની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૯૧૨૮**

## ૪૧૨. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

ઑક્ટોબર ૧૫, ૧૯૨૮

ભાઈ રામેશ્વરદાસ,

તમારા પત્રો તો મળ્યા કરે છે. તમારાં ધર્મપત્નીને હવે તો પૂરો આરામ થઈ ગયો હશે. ચિત્તશાંતિનો એક જ ઉપાય છે — રામનામને હૃદયમાં અંકિત કરવું.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
**પત્રની છબી પરથી : જી. એન. ૧૯૬**

૧. ટી. એલ. વાસવાણી

Gandhi Heritage Portal

## ૪૧૩. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

ઑક્ટોબર ૧૫, ૧૯૨૮

ચિ. બ્રજકૃષ્ણ,

તારો પત્ર મળ્યો છે. તારા જેવી શંકા ઘણા કાગળોમાં ઉઠાવવામાં આવી છે. એનો જવાબ નવજીવન[1]માં આપ્યો છે, એટલે આમાં કંઈ લખતો નથી. તારી તબિયત સારી હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૩૬૦

## ૪૧૪. કરીમ ગુલામઅલીને પત્ર[2]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારી હાલત અમારા વૈષ્ણવો જેવી છે. હું પોતે આ સંપ્રદાયમાં જન્મેલો છું. આવાં સાંપ્રદાયિક દૂષણો તો તે તે સંપ્રદાયના લોકો જ દૂર કરી શકે. સતત મંડ્યા રહેવા સિવાય અને લોકમતને ઘડવા સિવાય સુધારાનો કોઈ રાજમાર્ગ મને દેખાતો નથી.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

કરીમ ગુલામઅલી, એસ્ક્વાયર
ખારાધાર, કરાંચી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૨૩૩

૧. જુઓ "પાવકની જ્વાળા", ૩૦–૯–૧૯૨૮. આ લેખ હિન્દી નવજીવનના ૪–૧૦–૧૯૨૮ના અંકમાં પ્રગટ થયો હતો.

૨. આ પત્રની ટાઇપ કરેલી ઑફિસ કૉપી (એસ. એન. ૧૩૫૫૬)માં આવી નોંધ છે: "ખોજા કોમ વિશે તથા નામદાર આગાખાન દ્વારા યુરોપમાં ખરચાતાં અઢળક નાણાં બાબત (પત્રનો નાશ કર્યો છે)."

Gandhi Heritage Portal

## ૪૧૫. ડૉ. સી. મુથુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૬, ૧૯૨૮

ભાઈશ્રી ડૉ. મુથુ,

તમારો પત્ર મળ્યો. મહેરબાની કરીને કોઈ અપીલ પર સહી કરવાનું મને ન કહેજો. તમે જોયું હશે કે મેં પોતે આરંભેલાં કામની અપીલો સિવાય બીજી કોઈ અપીલમાં મારું નામ હોતું નથી. કારણ એટલું જ છે કે એકમાં સહી આપું તો અનેકમાં આપવી પડે, અને આ મને પસંદ નથી. પણ આશા રાખું છું કે તમે થોડા જ વખતમાં સૅનેટોરિયમનું કામ પૂરું કરી શકશો અને તમારી મહત્ત્વાકાંક્ષા મૂર્તિમંત થતી જોશો.

તમારો સહૃદયી

ડૉ. સી. મુથુ
૯, મોન્ટીથ રોડ, ઇગમોર, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૫૫

## ૪૧૬. રૉય હૉપકિન્સને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૬, ૧૯૨૮

ભાઈશ્રી,

'શાંતિ' વિશે હું તમને એક નાનો લેખ મોકલું તે માટે તમે બીડેલા પાંચ પાઉંડના ચેક સાથેના તમારા પત્ર બદલ આભાર. પણ મને હાલ ઘડીની પણ ફુરસદ નથી. મારી પોતાની જવાબદારીઓ અદા કરવામાં જ મારો બધો વખત જાય છે. વળી જે શાંતિ માટે દુનિયા ઝંખી રહી છે તે કેમ અને ક્યાંથી મળે તે બાબત મારી પાસેથી કંઈ જાણવા એ રાહ જોઈ રહી છે, એવું ન માની લેવા જેટલી નમ્રતા તો મારામાં છે ખરી.

તમે જે ચેક મોકલવાની મહેરબાની કરી છે તે હું પરત કરું છું. કદાચ હું લેખ લખું તો પણ પુરસ્કાર માટે ન લખું; એ માટે કદી લખ્યું નથી. કોઈ કોઈ પત્રોમાં લેખ લખવા માટે મને કેટલીક વાર પૈસા મળ્યા છે, પણ આ બધી રકમ જે જાહેર પ્રવૃત્તિઓ સાથે હું સંકળાયેલો છું તેના લાભાર્થે ફાળવવામાં આવી છે. મારી પાસેથી લેખ વવાનું સહેલું નથી, કારણ કોઈ

Gandhi Heritage Portal

પણ વ્યક્તિ કે પત્ર માટે લેખ લખી આપવામાં હું બહુ કૃપણ છું. એટલે, ચેક પરત કરવા બદલ તથા લેખ લખી મોકલવાની અશક્તિ બદલ માફી આપશો.

તમારો સહૃદયી

રૉય હૉપકિન્સ, એસ્ક્વાયર
મૅનેજિંગ ડિરેક્ટર, લંડન જનરલ પ્રેસ
૮ બુવરીઝ સ્ટ્રીટ, લંડન, ઈ. સી. ૪

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૮૮

## ૪૧૭. રુકિમણીબહેન ગાંધીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ઑક્ટોબર ૧૬, ૧૯૨૮

ચિ. રૂખી,

ઝટ ઝટ જવાબ મોકલી દઉં એ જ સારું ને? બળદને વિશે તેં મૌન ધારણ કર્યું એ ઠીક થયું. ત્યાં તારી તબિયત સરસ રહે છે અને તું સરસ કામ કરી રહેલી છે એટલે મને તને અહીં બોલાવવાનો જરાયે લોભ થતો નથી. “સુતર આવે ત્યમ તું રહે જયમ ત્યમ કરીને હરિને લહે.”

કેશુ ઠીક ગોઠવાઈ ગયો ગણાય. રાધાને વિશે હજુ કંઈ ન જાણું. હાલ મલેરિયાનું પ્રદર્શન ઠીક જામ્યું છે.

બાપુના આશીર્વાદ

ચિ. રુકિમણી
ખુશાલભાઈ ગાંધીને ત્યાં
મિડલ સ્કૂલ સામે
નવાપુરા, રાજકોટ

[મૂળ ગુજરાતી]
પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૮૭૬૧; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

Gandhi Heritage Portal

# ૪૧૮. શાસ્ત્રીનું કાર્ય

દક્ષિણ આફ્રિકાનાં છાપાંને ભરી દેતી ક્લાર્કસડૉર્પની પેલી નામીચી ઘટનાનું આબેહૂબ વર્ણન કરતો એક પત્ર આ ઘટના નજરે જોનાર તરફથી ગયે અઠવાડિયે મળ્યો છે. યુનિયન સરકારે ખુલ્લા દિલે, કશી પણ મનચોરી વિના, બિનશરતી માફી માગ્યા પછી રાજકીય દૃષ્ટિએ કશું કહેવાનું રહેતું નથી; કહેવાની જરૂર પણ નથી. પરંતુ જીવલેણ બની જાત એવા કાવતરાના પ્રસંગે પણ શ્રી શાસ્ત્રીએ જે ઔદાર્ય તથા શૌર્ય બતાવ્યાં, તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે. મારા પરનો કાગળ જણાવે છે કે, શ્રી શાસ્ત્રી જે સભામાં બોલી રહ્યા હતા તે સભાને તોડવાના ઉદ્દેશથી ડેપ્યુટી મેયરની આગેવાની નીચે આવેલા ટોળાએ જ્યારે બત્તીઓ બુઝાવી નાખી, ત્યારે પણ ભારતના આ સાચા સપૂત અને પ્રતિનિધિ જરા પણ ગભરાયા વિના અચળ ઊભા રહ્યા હતા. અને પછી કોઈ સ્ફોટક પદાર્થ ફૂટવાથી આખો હૉલ ધુમાડાથી ભરાઈ ગયો અને શ્રોતાવર્ગને ગૂંગળામણ થવા લાગી, ત્યારે શ્રી શાસ્ત્રી બહાર આવ્યા અને જાણે કશું જ બૂરું કે ગંભીર બન્યું ન હોય એ રીતે પોતાનું ભાષણ પૂરું કર્યું, તથા આ દુર્ઘટનાનો ઉલ્લેખ પણ ન કર્યો. આ બનાવ બન્યા પહેલાં પણ શ્રી શાસ્ત્રી દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં લોકપ્રિય બન્યા જ હતા, ને હવે, આ પ્રસંગે એમણે બતાવેલી ઠંડી તાકાત તથા ઉમદા વર્તણૂકથી વિશેષ આદરપાત્ર બન્યા.

એમને પોતાને પ્રતિષ્ઠાની પડી ન હોવાથી (પ્રતિષ્ઠાથી દૂર ભાગનાર શાસ્ત્રી જેટલા શરમાળ માણસો બીજા ભાગ્યે જ મળે), એમણે પોતાની લોકપ્રિયતાનો ઉપયોગ, પોતે અનોખી કુશળતા તથા સફળતાથી જે ઉદ્દેશની રજૂઆત કરતા હતા, તેને આગળ વધારવા માટે કર્યો. દક્ષિણ આફ્રિકાના એમના ઘણા ટૂંકા નિવાસ દરમિયાન દુનિયાના એ ભાગમાં એમણે આપણા દેશબંધુઓની પ્રતિષ્ઠા ખૂબ વધારી છે. આપણે આશા રાખીએ કે આપણા આ ભાઈઓ પોતાના આદર્શ આચરણથી શાસ્ત્રીજીને જશ અપાવશે.

પરંતુ દક્ષિણ આફ્રિકાના નાજુક અને મુશ્કેલ એવા પ્રશ્નને ઉકેલવામાં શાસ્ત્રીજીએ આપેલો ફાળો માત્ર ઉપર્યુક્ત પ્રસંગ પર નિર્ભર નથી. એ પ્રસંગ આખરે તો એક અકસ્માત હતો. એલચી કચેરીમાં અંદરખાને શું ચાલી રહ્યું હોય છે એની આપણને તો પરિણામથી ખબર પડે તે જ. પણ શાસ્ત્રીજીને તો અહીં પોતાની મુત્સદ્દીગીરી સોળે કળાએ બતાવવાની હતી. પોતાના ઉદ્દેશની સચ્ચાઈમાં જેને દૃઢ નિષ્ઠા છે, અને હરેક પ્રકારના અન્યાય, કુટિલતા તથા નીચતા તરફ જેને નફરત છે, તે જ આ કરી શકે. આપણે એ ખસૂસ જાણીએ છીએ કે કુદરત તરફથી એમને છૂટે હાથે મળેલ વાક્પટુતા, અંગ્રેજી તેમ જ સંસ્કૃતની વિદ્વત્તા, તેમ જ વિશાળ અને વિવિધ જ્ઞાનનો પોતાના ઉદ્દેશ અર્થે ઉપયોગ કરવામાં એમણે પાછું વાળીને જોયું નથી. યુરોપિયનોના વિશાળ અને ચુનંદા શ્રોતાવર્ગ સમક્ષ ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ વિશે તેઓ ભાષણો કરતા રહ્યા છે. પરિણામે, જે પૂર્વગ્રહને કારણે સાધારણ યુરોપિયન સમાજને ભારતના લોકોમાં કશું સ્તુતિપાત્ર દેખાતું નહોતું તે પૂર્વગ્રહનું કાચલું નરમ પડયું છે, અને યુરોપિયનો વિચાર કરતા થઈ ગયા છે. દક્ષિણ આફ્રિકા ખાતેના ભારતના ધ્યેય માટેનો શાસ્ત્રીજીનો મોટામાં મોટો અને કાયમનો ફાળો તે કદાચ આ વ્યાખ્યાનો છે.

Gandhi Heritage Portal

ભારત સરકાર માટે શાસ્ત્રીના અનુગામીને પસંદ કરવાનું કામ કપરું બનવાનું. હજી વધારે વખત એમને દક્ષિણ આફ્રિકામાં રહેવા થતા દબાણનો એમણે સતત વિરોધ કર્યો છે. શાસ્ત્રીજીની નિકટ આવતી વિદાયથી આપણા લોકો કેટલા ગભરાય છે તે દક્ષિણ આફ્રિકાથી આવતા પત્રોમાં દેખાય છે. શાસ્ત્રીએ સફળતાપૂર્વક શરૂ કરેલું અને નિભાવેલું આ પવિત્ર કામ આગળ ચલાવે એવો યોગ્ય અનુગામી ન મળે તો આફત જ થવાની. દક્ષિણ આફ્રિકા ખાતે ભારતીય એલચી નીમવાની બાબતમાં સરકાર અને લોકપક્ષ સાથે મળીને ચાલે એવી પરંપરા નામદાર વાઇસરૉયની કચેરીમાં સ્થપાઈ છે એવી મને આશા છે. આપણે આશા રાખીએ કે જે અનુગામીની પસંદગી થાય તે સરકાર તથા પ્રજા બંનેને સરખી સ્વીકાર્ય હશે, અને તે માત્ર સરકારનો જ નહીં પણ પ્રજાનો પણ સાચો પ્રતિનિધિ હશે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १८–१०–१९२८

## ૪૧૯. નૃ. ચિં. કેળકરને તાર[1]

ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

અન્ય કારણો ઉપરાંત, આવી પરિષદની સફળતા માટે પણ મને [પ્રમુખપદથી] મુક્ત રાખવો ઘટે.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : ૧૭૭૦૫

## ૪૨૦. પેરીનબહેન કૅપ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

તમારા બંને પત્ર મળ્યા. તમે જરૂર મારી સાથે કલકત્તા આવો અને જે કંઈ માલ વેચવો હોય તે વેચજો, પણ પ્રદર્શનમાં નહીં.

હું નાગપુર ગયેલો ત્યારે શ્રીમતી પી. બહેરામજી મને મળેલાં ખરાં. એમણે ઘણી ખાદી ખરીદી હતી. બસ; આથી વિશેષ હું કશું કહી શકું તેમ નથી. બસ એ જ. રોકડેથી જ વેચવાનો આપણો નિયમ છે, પછી વિશ્વાસ મૂકવાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે?

૧. ૧૭ ઑક્ટોબરે પૂનાથી એમણે કરેલા તારના જવાબમાં. કેળકરના તારમાં હતું: "સાઇમન કમિશન ઊપડી જાય તે પહેલાં નેહરુ રિપૉર્ટ અને લખનૌના ઠરાવોને ટેકો તથા પ્રસિદ્ધિ આપવા મુંબઈ ઇલાકાની સર્વપક્ષીય પરિષદ ૨૭મી ને શનિવારે પૂના ખાતે એક દિવસ માટે ભરવાનું અમે ઠરાવીએ તો આપ પ્રમુખ થશો? આપનો તાર મળ્યા બાદ આખરી નિર્ણય જણાવીશ."

Gandhi Heritage Portal

કાકાસાહેબ સાથે મારે વાત થઈ છે. તમારા તરફથી વિદ્યાપીઠમાં પોતે ખાદી વેચી શકશે એવું તમને કહ્યાનું કે બીજું કંઈ વચન આપ્યાનું એમને યાદ નથી. ભરત ભરેલી ખાદી માટે એમને ઘરાક મળે જ નહીં. પોતે કોઈ ભંડાર ચલાવે છે એવું એમણે કહ્યું હતું?

મારી તબિયત તદ્દન સારી છે.

મિસિસ પેરીન કૅપ્ટન

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૫૯

## ૪૨૧. એલ. વી. પટનાયકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. 'કર્મભૂમિ' એટલે મારે મન ભોગભૂમિ નહીં, પણ યજ્ઞાર્થે કર્મ કરવાની આનંદભૂમિ.

ઇતિહાસ આપણને કહે છે કે સીતાના સમયમાં પ્રત્યેક ઘરમાં રેંટિયો ચાલતો હતો. આ હકીકતને પ્રમાણભૂત ગણી મેં કહ્યું હતું કે સીતાજી કાંતતાં હતાં. સીતાનો ગૃહસ્થાશ્રમ બીજાથી ભિન્ન હતો એવું માનવાને કોઈ કારણ નથી.

તમારો સહૃદયી

શ્રી એલ. વી. પટનાયક
પોસ્ટ દિગપાહંડી (ગંજામ)

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૬૦

Gandhi Heritage Portal

## ૪૨૨. યજ્ઞેશ્વરપ્રસાદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો; આભાર.

જેને ક્ષય થયો છે એ છોકરાની બાબતમાં લખવાનું કે પોતાને માટે નિર્ણય કરી શકે એવડો પુખ્ત એ હોય, તો મને લાગે છે કે, એણે પોતાની વિવેકબુદ્ધિ વાપરી, ધાર્મિક દૃષ્ટિએ જે અગ્રાહ્ય ન હોય તે બધું લેવું જોઈએ. પણ એ એટલો નાનો હોય કે જાતે નિર્ણય ન લઈ શકે તો તો પિતાની ઇચ્છાને વશ થાય એ જ યોગ્ય ગણાય.

તમારો સહૃદયી

શ્રી યજ્ઞેશ્વરપ્રસાદ
૭૯૦, નઈ બસ્તી, ક્વીન્સ રોડ, દિલ્હી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૬૧

## ૪૨૩. વીણાબહેન દાસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો છે; પત્ર આવ્યે થોડો વખત થઈ ગયો. મેં કોઈ ઠેકાણે શારીરિક બળ વાપરવાની હિમાયત કરી નથી; સ્વરક્ષણ માટે પણ નહીં. મેં તો એટલું જ કહ્યું છે કે કાયરતા કરતાં શારીરિક બળ વાપરવું સારું; અર્થાત્ બળ વાપરવાનું આપણને મન હોય છતાં મૃત્યુના ભયને કારણે ન વાપરીએ તે ખોટું છે. હું તો હિમાયત કરું છું મોતને ભેટવાની હિંમતની; પછી એ મોત સ્વરક્ષણ માટે હોય કે સ્વદેશ માટે હોય.

તમારો સહૃદયી

શ્રીમતી વીણા દાસ
૭, રામમોહન રાય રોડ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૬૨

Gandhi Heritage Portal

## ૪૨૪. ઊર્મિલાદેવીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

તમારા પત્ર મળ્યો છે. લાગે છે કે ચિંતાઓ તમારો છાલ છોડતી નથી. છતાં આશા રાખું છું કે ધીરેન હવે પૂરેપૂરો તંદુરસ્ત થઈ ગયો હશે.

દેવધર કાં તો પોતાને ઘેર મળે, કાં તો સેવાસદનમાં. એ પૂનામાં હોય ત્યારે રોજ સેવાસદન જાય છે એવો મારો ખ્યાલ છે.

હાલ આશ્રમમાં મલેરિયાના ઘણા દરદીઓ છે, પણ એની નવાઈ નથી, કારણ આ ઋતુ જ મલેરિયાની છે. પરંતુ અમને એની ચિંતા નથી, કારણ એનો એક જ ઈલાજ છે: તાવ દરમિયાન ઉપવાસ, અને એક જુલાબ આપ્યા બાદ કિવનીન.

શ્રીમતી ઊર્મિલાદેવી
જાહ્નવી વિલા, પોસ્ટ ડેક્કન જિમખાના, પૂના

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૬૩

## ૪૨૫. ટી. આર. ફૂકનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. તમારે સાથે લઈ જવા માટે હું કેવી અપીલ કાઢું? મેં તો એવું સૂચવ્યું છે કે પૈસાદાર કૉંગ્રેસીઓ પાસે તમારે જાતે જ જવું, અને આ મુશ્કેલીમાંથી[1] બહાર કાઢવા એમને કહેવું. તમારે માટે મને આ જ એક યોગ્ય માર્ગ લાગે છે. મને એવું પણ લાગે છે કે જે કૉંગ્રેસીઓ પાસે પૈસા છે તેમણે આ ભાર ઉઠાવી લેવો જોઈએ. એમની પાસે જાઓ ત્યારે ઑડિટ કરાયેલા હિસાબ સાથે લેતા જજો.

કૉંગ્રેસીઓ પાસે પહોંચો ત્યારે આ કાગળનો જે ઉપયોગ કરવો હોય તે કરવાની તમને છૂટ છે.

તમારો સહૃદયી

શ્રી. ટી. આર. ફૂકન
ગૌહત્તી, આસામ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૬૪

૧. જુઓ "ટી. આર. ફૂકનને તાર", ૯-૧૦-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૪૨૬. નાભાના મહારાજાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર[1] મળ્યો. શ્રી ગણેસન પણ મને મળી ગયા. દિલગીર છું કે તમને મદદ કરી શકતો નથી. મદદ ન કરી શકવાનાં કારણો મેં તમને જણાવ્યાં છે, ને તમારા તરફથી આવેલા મિત્રોને પણ કહ્યાં છે.

તમારો સહૃદયી

નામદાર નાભાના મહારાજા
ધ ઑબ્ઝર્વેટરી, કોડાઈ કૅનાલ, દક્ષિણ હિંદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૬૫

## ૪૨૭. મોતીલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૧૮, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

તમારા બંને પત્રો મળ્યા છે.

કલકત્તાની કૉંગ્રેસમાં હું હાજર રહું એવી તમારી ઈચ્છાનું હું અવશ્ય પાલન કરીશ.

તમે વચમાં પડો એટલા ખાતર મેં પ્રદર્શનના પ્રસંગનો ઉલ્લેખ નહોતો કર્યો.[2] સ્થાનિક કાર્યકર્તાઓના વિવેકપૂર્ણ નિર્ણયમાં કોઈ પણ પ્રકારે દખલ કરવાનું મને ન ગમે. મેં તો માત્ર મારી મુશ્કેલી તમને જણાવી હતી. યંત્રમાત્રનો મેં કદી વિરોધ કર્યો નથી. દેશી મિલ કાપડને પ્રદર્શનમાં મૂકવા સામે મારો વિરોધ હતો, અને છે. યંત્રો બાબત મારી દલીલ એવી છે કે આપણે ગમે તે યંત્ર પ્રદર્શનમાં ન મૂકવાં, પણ જે યંત્રો ખેડૂતોને ઉપયોગી છે એવું આપણે જાણતા હોઈએ, અને જે દેશમાં હજી પ્રચલિત ન થયાં હોય તેવાં યંત્રો બેશક મૂકવાં.

હુલ્લડો છતાં પણ આપણું રાજકીય કાર્ય તો ચાલુ રહેવું જોઈએ એવા તમારા મત સાથે હું પૂરેપૂરો મળતો છું.

કમલાની તથા તમારી તબિયત અંગે મને નચિંત કરતો તમારો તાર મળ્યો હતો.

૧. પદભ્રષ્ટ થયેલા નાભાના મહારાજા ગુરુચરણસિંગે ૧૯મી સપ્ટેમ્બરના પોતાના પત્રમાં ગાંધીજીને વિનંતી કરી હતી કે સરકાર પાસેથી ન્યાય મેળવવામાં તથા તેનાથી અલગ થવામાં મને મદદ કરો.

૨. જુઓ "મોતીલાલ નેહરુને પત્ર", ૩૦-૯-૧૯૨૮.



Gandhi Heritage Portal

કલકત્તા આવો ત્યારે એકદમ તાજામાજા થઈને આવવું જોશે, કેમ કે ત્યાં વધારે પડતું કામ રહેશે.

તમારો સહૃદયી

પંડિત મોતીલાલ નેહરુ
આનંદભવન, અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૭૦૭

## ૪૨૮. મીરાંબહેનને પત્ર

ઑક્ટોબર ૧૯, ૧૯૨૮

ચિ. મીરાં,

તારા અણિશુદ્ધ પત્રો મળ્યા કરે છે. વાંચીને મારી બધી ચિંતા દૂર થાય છે ને હું રાજી થાઉં છું. હમણાં તો હું નિયમિત કે લાંબા પત્રો ન લખું તો ચલાવી લેજે. પ્રભુદાસ બાબત છગનલાલ તાર મૂકશે.

પ્યાર,

બાપુ

મીરાંબહેન
જામિયા મિલિયા, કરોલ બાગ, દિલ્હી

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૪; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૪

## ૪૨૯. મીરાંબહેનને તાર

ઑક્ટોબર ૧૯, ૧૯૨૮

મીરાંબહેન,
દેવદાસને ત્યાં
કરોલ બાગ, દિલ્હી

પ્રભુદાસ બાબત તારી પોતાની વિવેકબુદ્ધિ વાપર અને શ્રેષ્ઠ લાગે તે કર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ તાર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૫; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૫

Gandhi Heritage Portal

## ૪૩૦. બી. જી. હૉર્નિમનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પહેલો પત્ર મળ્યો હતો, પરંતુ તે મારા હાથમાં આવ્યો તે દરમિયાન તમે આપેલો સમય પૂરો થઈ જવાથી હું મૂગો રહેલો. તમારો બીજો પત્ર કાલે મળ્યો, ને તે ને તે વખતે એની પહોંચ સ્વીકારવાનો મને સમય નહોતો. તમે જો મારી સાથે આશ્રમમાં ૨૪ કલાક ગાળો તો, સો શબ્દોનો તો જવા દો, પણ પાંચ શબ્દોનો લેખ પણ તમે મારી પાસે ન માગો. હાલ જે કામ મારા હાથમાં છે તે ઉપરાંત બીજું કાંઈ જ કરવાની મારામાં શક્તિ પણ નથી તેમ એ માટે મને સમય પણ નથી. તેથી તમને નિરાશ કરવા બદલ ક્ષમા કરશો.

તમારો સહૃદયી

બી. જી. હૉર્નિમન, એસ્ક્વાયર
મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૯૬

## ૪૩૧. "ઋષિઓનું આશ્રમ"

આ મથાળા નીચે દીનબંધુ ઍન્ડ્રૂઝે યુરોપથી એક લેખ મોકલ્યો છે. તે યંગ ઇન્ડિયામાં[1] પ્રગટ થયો છે.

જર્મનીમાં આવેલા માર્બર્ગ નામના શહેરમાં એક વિદ્યાપીઠ છે, તેને ઋષિઓના આશ્રમને નામે, એ લેખમાં દીનબંધુએ ઓળખાવી છે. તેમાં ઋષિજીવન ગાળતા એક બુઝુર્ગ અધ્યાપકનું વર્ણન છે એ જાણવા જેવું છે. માર્બર્ગની વિદ્યાપીઠમાં વૈદિક અભ્યાસ મોટા પાયા ઉપર કરવામાં આવે છે. અને એવો અભ્યાસ કરનારા અધ્યાપકોનાં જીવન ઉપર વેદોએ એટલી બધી ઊંડી છાપ પાડેલી જણાય છે કે તેઓ પોતે ઋષિના જેવા આચાર પાળે છે. આવા અધ્યાપકોમાં અધ્યાપક ઑટો પ્રધાનપદ ભોગવતા લાગે છે. આ રહ્યું તેમનું વર્ણન :

> થોડા સમયને સારુ પણ અધ્યાપક ઑટોનો હું અતિથિ થયો તેથી મને બહુ આનંદ થયો. અધ્યાપક ઑટો બાલબ્રહ્મચારી છે; પરણ્યા જ નથી. પોતાનું આખું જીવન તેમણે વેદાભ્યાસમાં જ ગાળેલું છે. તેમના વાળ સફેદ થઈ ગયા છે. તેમની બહેન, જે લગભગ તેમની ઉંમરની છે એ તેમનું ઘર ચલાવે છે. મને તો તે મા સમાન લાગ્યાં. કેમ કે તેમણે માના હેતથી મારી બધા પ્રકારની સારવાર કરી. અધ્યાપક ઑટો હિંદુસ્તાનમાં ઘણી વાર આવી ગયા છે. અને તેમને મળતાં જ્યારે જ્યારે તેમણે હિંદુસ્તાન વિશે વાત કરી ત્યારે ત્યારે તેમના ચહેરા ઉપર આનંદ છવાઈ જતો હતો, તે ઉપરથી હું હિંદુસ્તાન પ્રત્યેનો તેમનો પ્રેમ જોઈ શક્યો; જોકે હિંદુસ્તાનમાં મલેરિયા તેમની પૂઠે વળગ્યો તે હજુ નાબૂદ થયો

૧. ૧૧-૧૦-૧૯૨૮નું.

Gandhi Heritage Portal

નથી. અને ગયે વર્ષે તે હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે એવી સખત માંદગીમાં સપડાયા અને એટલા બધા દહાડા સુધી પથારીવશ રહેવું પડયું તે હજી સાજા નથી થયા. એમ છતાં તેમને હિંદુસ્તાનનાં સ્વપ્નાં તો આવ્યા જ કરે છે. હિંદુસ્તાનની સભ્યતાનો અભ્યાસ તેમણે અતિશય ઝીણવટથી કર્યો છે. તેમણે હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવાને સારુ વેદઉપનિષદ અને ગીતાજી વાંચ્યાં છે, એટલું જ નહીં પણ પુરાણો વાંચ્યાં છે, અને હિંદુ ધર્મની આધુનિક સ્થિતિ પણ તપાસી છે. હિંદુસ્તાનની સૂક્ષ્મ વસ્તુઓનું તેમનું જ્ઞાન જોઈ હું આશ્ચર્યચકિત થયો. અને આનું કારણ તો એ છે કે કોઈ ને કોઈ રીતે તેમણે પોતાની આખી જિંદગી સંશોધનમાં ગાળી છે. સંસ્કૃત તેમને માતૃભાષા સમ છે, અને જરૂર જણાય ત્યારે સંસ્કૃતમાં વાતચીત કરી શકે છે.

આ તો મેં એક જ ઋષિના ચિત્રનો અનુવાદ આપ્યો. મને લાગે છે કે આપણે શરમની સાથે કબૂલ કરવું જોઈએ કે યુરોપમાં અને મુખ્યત્વે જર્મનીમાં રહેલા કેટલાક વિદ્વાનો જે ભાવથી, જે ખંતથી, જે સત્યશીલતાથી વેદાદિ ગ્રંથોનો અભ્યાસ કરે છે તે આજે અહીં લગભગ લોપ થઈ ગયા જેવું છે. ઋષિજીવનનું અનુકરણ તો ઘણું ઓછું જ જોવામાં આવે છે, અને કેવળ અભ્યાસને જ ખાતર આડંબર વિના સહેજે બ્રહ્મચર્યનું પાલન આજે અહીં કયાં જોવામાં આવે છે? અથવા પોતાના ભાઈને સાથ દેવાને સારુ બહેન કુમારિકા રહે અને તેનું ઘર સાચવે એ કેવી હર્ષ ઉપજાવનારી અને પવિત્ર વાતાવરણ પેદા કરનારી વાત છે? કેટલાક દિવસ પહેલાં અમેરિકાના એક અધ્યાપકે મુંબઈના ટાઇમ્સમાં પોતાનો અનુભવ વર્ણવ્યો હતો. એ પણ સંસ્કૃતના અભ્યાસી છે. તે લખે છે કે હિંદુસ્તાન હું બહુ આશાભર્યો આવેલો, પણ હિંદુસ્તાનમાં આવ્યા પછી, અનુભવ લીધા પછી, સંસ્કૃત પંડિતોને મળ્યા પછી મને નિરાશા થઈ. એમના લેખમાં અતિશયોક્તિ છે; ઉતાવળે બાંધેલા વિચારો છે; હિંદુસ્તાનમાં વસતા યુરોપનિવાસીઓના વાતાવરણનો સ્પર્શ છે; એ બધું બાદ કરતાં જે રહે છે તેમાં હું સત્યાંશ જોઈ શકયો છું અને શરમાયો છું. આપણામાં ખરી ધર્મજાગૃતિ હોય, પ્રાચીન સંસ્કૃતિમાં જેટલું સત્ય, શિવ અને સુંદર છે તેનો સંગ્રહ કરવાની ધગશ હોય તો આપણી સ્થિતિ આજે જુદી જ હોય. ઋષિઓ નિર્ભયપણે અરણ્યમાં રહી શકતા. બ્રહ્મચર્ય તેમને સારુ સહજ વસ્તુ હતી. આજે આપણે શહેરોમાંયે નિર્ભયપણે નથી રહી શકતા. બ્રહ્મચર્ય અદ્‌ભુત જેવી વસ્તુ લાગે છે, અને પરિશ્રમે ગોતતાં કોઈક જ શુદ્ધ બ્રહ્મચારી મળી આવશે. બ્રહ્મચારિણીઓ તો મળે જ કયાંથી? એટલે ઘડીભર મનમાં એમ થઈ જાય કે આ જે એક વેળા ઋષિનું સ્થાન હતું, તે મટીને યુરોપના છૂટાછવાયા ખૂણામાં ઋષિઓ વસવા મંડયા છે.

આ લેખનો હેતુ એ નથી કે તે વાંચીને કોઈ પણ જર્મની કે બીજે સ્થળે જઈ ઋષિ બની જવાનો પ્રયત્ન કરે. એ કરે તોપણ નિષ્ફળ જાય. હિંદુસ્તાની કોઈ જર્મની જઈને ઋષિ થઈ શકે એ મારી કલ્પનામાં આવી શકતું નથી. હિંદુસ્તાનીએ તો અધ્યાપક ઑટો જેવાના ગુણોનું અનુકરણ હિંદુસ્તાનમાં કરીને ઋષિઓની સંસ્થાઓનો પુનરુદ્ધાર કરવો રહ્યો છે. આ દિશામાં આર્યસમાજે ભગીરથ પ્રયત્ન કર્યો છે એમ કહી શકાય. પણ એ પ્રયત્ન સમુદ્રમાં હિંદુસ્તાનને સારુ બિંદુ સમ છે. એવા ઘણા મૌલિક પ્રયત્નો થાય ત્યારે જ આપણને પ્રાચીન સભ્યતાની ખોવાઈ ગયેલી ચાવી હાથમાં આવે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૦–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૪૩૨. ભોળા મજૂરો

પંચમહાલથી કાગળ આવ્યો છે તે ઉપરથી જણાય છે કે નીતિહીન અને પૈસાના લાલચુ દલાલો આસામના ચાના બગીચાને સારુ ભોળા રજપૂતો વગેરેને ફોસલાવીને લઈ જાય છે. આ પ્રમાણે બાર મજૂરો વિશેનાં સોગનનામાં મારી પાસે આવ્યાં છે. તે ઉપરથી જણાય છે કે જુવાન સ્ત્રીપુરુષોને વડોદરાની નજીક મજૂરી અપાવવાને બહાને આ દલાલો છેક આસામ સુધી લઈ ગયા.

આસામમાં તેમને સુખ છે કે દુ:ખ એ સવાલ નથી. પણ છેતરીને એટલે દૂર કોઈ પણ માણસને કેમ લઈ જવાય? સોગનનામાં કરનાર જણાવે છે કે અમારે અમારાં ખેતર મૂકીને જવું પડયું હતું. આ બિચારા નજીકમાં સારી મજૂરી મળવાની આશાએ નીકળેલા ને સગાંસાંઈને વિમાસણમાં મૂકી ફસાઈ ગયા.

આ સ્થિતિ અટકાવવાનો એક જ ઈલાજ છે. દલાલો પોતાના કમિશન ખાતર મજૂરવર્ગને ભોળવે છે ને ખોટી લાલચો આપે છે. આ દલાલી તદ્દન બંધ થાય તો કોઈને ભોળવવાપણું ન રહે. આસામના ચાના બગીચાવાળાઓને યોગ્ય રીતે યોગ્ય શરતો કરીને મજૂરો મેળવવાનો અધિકાર છે. ભલે તેઓ સાચી જાહેર ખબર કાઢે. પણ દલાલો મારફત મજૂરો મેળવવાની પ્રથા બંધ થવી જોઈએ. મજૂરદીઠ દલાલોને કમિશન મળે છે. સાંભળવા પ્રમાણે માથાદીઠ દસ રૂપિયા મળે છે. એટલે દર માસે ત્રીસ મજૂરને ભોળવી શકે તે દલાલ ત્રણસેં રૂપિયા કમાય. આ લાલચ જેવીતેવી નથી. એટલે માલિકો દલાલોને ગમે તેવી સાવચેતી આપે તોયે તેઓ સાચુંજૂઠું કર્યા વિના ન જ રહે.

ખરું જોતાં જો નોકરી માલવાળી, લલચાવનારી હોય તો દલાલની દરમિયાનગીરીની જરૂર ન જ હોવી જોઈએ. અનુભવ બતાવે છે કે જ્યારે જ્યારે નોકરી સખત હોય છે, પગાર ટૂંકા હોય છે, મજૂરી ઘરબારથી દૂર હોય છે ત્યારે જ દલાલોની દરમિયાનગીરી હોય છે. નોકરી દૂર હોય તે અનિવાર્ય છે. પણ પગાર વગેરેની શરતો લલચાવનારી હોય તો મજૂરો પોતાની મેળે ચાલ્યા જાય એને વિશે શંકા નથી. જેટલો પૈસો દલાલો વગેરેમાં ખર્ચવામાં આવે છે તે બધો મજૂરોને સારી શરતે આપવામાં આવે તો જે હાડમારીના કિસ્સા બન્યાનો પુરાવો પેલાં સોગનનામાં છે તે હાડમારી બંધ થાય.

પણ માલિકો દલાલોને ખેંચે યા ન ખેંચે. લોકસેવકો જેમને હાડમારીઓની ખબર પડે તેમણે લોકોમાં ખરી હકીકતનો પ્રચાર કરવો જોઈએ, ને દલાલોના પંજામાં ન ફસાવાની ચેતવણી તેમને આપવી જોઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧-૧૦-૧૯૨૮

Gandhi Heritage Portal

# ૪૩૩. નોંધ

## સજા ક્યારે કરાય?

વિનયમંદિરના એક શિક્ષક પૂછે છે:[1]

મારો અભિપ્રાય તો એવો છે કે કોઈ પણ પ્રકારની શિક્ષા વિદ્યાર્થીઓને કરવી એ અયોગ્ય જ છે. વિદ્યાર્થીઓના પ્રત્યે શિક્ષકોના મનમાં જે માન અને શુદ્ધ પ્રેમ હોવાં જોઈએ તેમાં એમ કરવાથી ન્યૂનતા આવે છે. દંડ દઈને વિદ્યાર્થીઓને શીખવવાની પદ્ધતિનો દિવસે દિવસે ત્યાગ થતો જાય છે. હું જાણું છું કે કેટલાક પ્રસંગો એવા બની જાય છે કે જ્યારે ભારેમાં ભારે શિક્ષકથી પણ દંડ દીધા વિના રહેવાતું નથી. પણ એ અપવાદરૂપે હોય, અને તેનું કોઈ પણ રીતે સમર્થન ન થવું જોઈએ. તેને મારવું પડે એટલી એ ભારે શિક્ષકની પણ કળાની ન્યૂનતા ગણાવી જોઈએ. સ્પેન્સર જેવાએ જોકે શિક્ષામાત્રને અયોગ્ય ગણી છે. પોતાના સિદ્ધાંતનો તે હમેશાં અમલ નથી કરી શક્યો. મેં આવો જવાબ આપ્યા પછી જે પ્રશ્નો પુછાયા છે તેનો વિગતવાર જવાબ આપવાપણું રહેતું નથી.

શિક્ષાનો મેળ અહિંસાની સાથે સામાન્ય રીતે તો ન થઈ શકે. એવા દાખલા હું અવશ્ય ઘડી શકું છું કે જેમાં શિક્ષાને શિક્ષા ન ગણાય. પણ એ દાખલાઓ શિક્ષકોને સારુ નિરર્થક ગણાવા જોઈએ. જેમ કે કોઈ બાપ અતિશય દુ:ખી થયો હોય અને દુ:ખમાં પોતાના દીકરાને સજા કરે એ પ્રેમની સજા છે. દીકરો પણ એને હિંસા નહીં ગણે. અથવા સન્નિપાતમાં બકવાદ કરતા દરદીને કેટલીક વેળા સારવાર કરનારને લપડાક મારવી પડે છે એમાં હિંસા નથી પણ અહિંસા છે. પણ આ દાખલા શિક્ષકને સારુ તદ્દન નિરુપયોગી છે. માર માર્યા વિના વિદ્યાર્થીઓને ભણાવવાની અને તેમને નિયમમાં રાખવાની કળા તેણે સાધવી રહી છે. એવા શિક્ષકોના દાખલા મોજૂદ છે કે જેમણે કોઈ દિવસ પોતાના વિદ્યાર્થીઓને માર્યા નથી. શરીરદંડ સિવાયની શિક્ષા વિદ્યાર્થીને ઉતારી પાડવો, તેની પાસે ઊઠબેસ કરાવવી, અંગૂઠા પકડાવવા, તેને ગાળ દેવી, વગેરે છે. આ બધી શિક્ષાને હું વર્જ્ય ગણું છું.

વિદ્યાર્થીઓને સુધારવા ખાતર શિક્ષા કરવી અને પછી પશ્ચાત્તાપ કરવો એ પશ્ચાત્તાપ નથી. અને શિક્ષાથી સુધારી શકાય એવી માન્યતા વિદ્યાર્થીમાં પેદા કરવાથી અને શિક્ષકે રાખવાથી છેવટે એ માન્યતા સમાજમાં ઘર કરે છે અને તેથી જ હિંસાબળથી સુધારા કરવાની ખોટી ભ્રમણા પેદા થયેલી છે. જે રાષ્ટ્રીય શિક્ષક ઇરાદાપૂર્વક શિક્ષાનો ઉપયોગ કરે છે એ જરૂર પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે એવો મારો અભિપ્રાય છે.

## બૉલ્શેવિઝમ

વિદ્યાપીઠમાં પુછાયેલા પ્રશ્નો પૈકીના કેટલાક હજુ બાકી રહેલા છે તેને સ્થળસંકોચને લીધે મેં મુલતવી રાખ્યા હતા. તેમાંનો એક આજે લઈ શકું છું તે આ છે:

૧. પત્ર અહીં આપ્યો નથી. આ શિક્ષકે પૂછ્યું હતું કે વિદ્યાર્થીઓને ખાસ કરીને રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓને, કોઈ નૈતિક ભૂલ માટે કે સ્વાધ્યાય ન કરવા માટે શારીરિક શિક્ષા કરવી જોઈએ?

Gandhi Heritage Portal

બૉલ્શેવિઝમમાં સમાજની આર્થિક રચના વિશે જે વિચારો રહેલા છે તે વિશે આપ શું ધારો છો? તે વિચારો ભવિષ્યમાં આપણા દેશે કેટલે અંશે સ્વીકારવા જેવા છે?

મારે કબૂલ કરવું જોઈએ કે આજ લગી બૉલ્શેવિઝમનો અર્થ હું પૂરો જાણી નથી શક્યો. પણ જે હું જાણું છું તે પ્રમાણે એમ છે કે ખાનગી મિલકત કોઈને હોય નહીં, પ્રાચીન ભાષામાં વ્યક્તિગત પરિગ્રહ ન હોય. આ વસ્તુ જો સહુ પોતાની ઇચ્છાએ કરે તો એના જેવું રૂડું કંઈ જ નથી. પણ બૉલ્શેવિઝમમાં બળાત્કારને સારુ સ્થાન હોય એમ જોવામાં આવે છે. બળાત્કારથી ખાનગી મિલકત જપ્ત કરવામાં આવી છે ને હજુ બળાત્કારે તેનો કબજો સંસ્થાન રાખે છે.

જો આ હકીકત બરાબર હોય તો મારો દૃઢ વિશ્વાસ છે કે આ બળાત્કારે સધાયેલો વ્યક્તિગત અપરિગ્રહ દીર્ઘકાળ સુધી નભવાનો નથી. બળાત્કારથી સધાયેલી એક પણ વસ્તુ આજ લગી લાંબો કાળ નભી નથી શકી ને નભવાની નથી. એટલે મારો અભિપ્રાય એ થયો કે જે પ્રમાણે બૉલ્શેવિઝમને મેં જાણ્યું છે તે લાંબી મુદત નહીં નભે.

જે હોય તે. બૉલ્શેવિઝમ સાધવાની પાછળ અસંખ્ય માણસોએ પોતાનાં બલિદાન આપ્યાં છે. લેનિન જેવા પ્રૌઢ આત્માએ પોતાનું સર્વસ્વ જેની પાછળ રેડયું હતું તે મહાત્યાગ વ્યર્થ નહીં જાય, ને તે ત્યાગની સ્તુતિ અવિચળ ગવાશે.

## સ્વ. દલસુખભાઈ શાહ

ગોધરાના વકીલ શ્રી દલસુખભાઈ શાહનું અવસાન ગયે અઠવાડિયે થયું તે વિશે ખબર આપતાં મામાસાહેબ નીચે પ્રમાણે લખે છે:[1]

સ્વ. દલસુખભાઈનો મને જાતે પરિચય થયો હતો. એમની સારમાણસાઈ હું બરોબર જાણતો હતો. શ્રી પુરુષોત્તમદાસ શાહના અવસાન પછી આ ઉપરાઉપર બીજી ખોટ પંચમહાલને થયેલી છે એ અસહ્ય જ ગણાય. આ બંને ભાઈઓ પંચમહાલના જીવનને દીપાવતા હતા, પ્રજાના સાચા સેવક હતા. પણ કાળે કે અકાળે સૌને મરણભેટ તો કરવાની છે જ. મામાસાહેબ લખે છે એ પ્રમાણે એવી ખોટને સહ્ય કરાવવાનું કામ જુવાન વર્ગનું છે. સ્વર્ગસ્થના મોટા પુત્ર ચિ. નગીનદાસ વળી વિદ્યાપીઠના સ્નાતક છે એટલે તેમની ઉપર તો બેવડી ફરજ આવી પડી છે. પુત્ર તરીકે પિતાનું નામ શોભાવવું અને ચારિત્રનો જે વારસો તે મૂકી ગયા છે તેમાં વૃદ્ધિ કરવી. વિદ્યાપીઠના સ્નાતક તરીકે પંચમહાલમાં સેવકોની ખાલી પડેલી જગા પૂરીને વિદ્યાપીઠને શોભાવવી એ તેમનું વિશેષ કર્તવ્ય થયું. એનું પાલન કરવાની ઈશ્વર એમને શક્તિ આપો, અને સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ઈશ્વર ધીરજ આપો, સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૦–૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. મામાસાહેબે લખ્યું હતું કે સદ્ગત એક આદર્શ વકીલ હતા ને પ્રામાણિકતાથી આજીવિકા મેળવતા હતા. અસહકારના દિવસોમાં એમણે વકીલાત છોડી દીધી હતી, અને પોતાને જરૂરની ખાદી જાતે કાંતી લેતા હતા.

Gandhi Heritage Portal

# ૪૩૩(૧). લીલોતરી કેમ ખાવી?[1]

કલકત્તાથી એક ભાઈ લખે છે:

'જીવતી દાંટીનો અનાદર'વાળા લેખમાં આપે જણાવ્યું છે કે કાચી લીલોતરીમાં 'વિટામિન' છે, અને તેને રાંધવાથી 'વિટામિન'નો નાશ થાય છે અને તેમ થવાથી આરોગ્ય બગડે છે. હવે જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ, પાકાં ફળો સિવાય કાચી વનસ્પતિ સજીવ વસ્તુ છે. અને તે અસંખ્યાત હોઈને તેમાં અમુક ક્રિયાવિક્રિયા થયા કરે છે, તેમાં અમુક રોગો પણ હોઈ શકે છે, તેથી આરોગ્યદૃષ્ટિએ પણ રાંધવાલાયક છે. જૈન સાધુઓ કાચું પાણી પીતા નથી. આ બંને બાબતો સરેડે ચડતી નથી તેથી આપ તેનો ખુલાસો બની શકે તો નવજીવન દ્વારા કરશો એવી આશા રાખું છું.

આ વિષય ઉપર મારો અભિપ્રાય હું નવજીવનમાં[2] પ્રગટ કરી ચૂક્યો છું. જો પાકાં ફળ રાંધ્યા વગર ખવાય તો, બધી લીલોતરી રાંધ્યા વગર જો પચી શકે તો ખાવામાં બાધ ન હોવો જોઈએ. જે લીલોતરીને નામે ઓળખાય છે તે પણ ફળ જ છે, જેમ કે કાકડી, કોળું, ચીભડું, ગલકું, તૂરિયું વગેરે. આ બધાં ફળો સાફ કરી જ્યાં છાલ ઉતારવાની આવશ્યકતા લાગે ત્યાં છાલ ઉતારી, ઘણા ઓછા પ્રમાણમાં કાચાં ખાવામાં આવે તો દાક્તરોના મત પ્રમાણે રાંધેલાં કરતાં વધારે લાભદાયી છે. ઘણાંની હોજરી વધુ પકવેલાં અનાજ બહુ પ્રમાણમાં ખાવાથી બગડી ગઈ હોય છે, ને તેથી વગર રાંધેલી વનસ્પતિ ન પચે એ જુદી વાત છે. મારો અનુભવ તો એવો છે કે તોલો કે બે તોલા કાચી વનસ્પતિ બરોબર ચાવીને ખવાય તો સહુને પચી જાય. આપણે જેટલો જેટલો ખોરાક સામાન્ય રીતે ખાઈએ છીએ તેનાથી ચોથો ભાગ બરોબર ચાવીને ખાઈએ તો વધારે શક્તિ મેળવી શકીએ. પકાવેલું શાક જ્યારે અચ્છેર ખવાઈ જાય ત્યારે તે જ શાક કાચું ખૂબ ચાવીને એક બે તોલા ખાધું હોય તો વધારે ગુણ અને સંતોષ આપે. અને મારી દૃષ્ટિએ તો તેમાં ઘણી ઓછી હિંસા છે. એટલે મને તો ધર્મ અને કર્મ બંને દૃષ્ટિએ કાચી લીલોતરી ખાવામાં કશી હાનિ જોવામાં નથી આવતી. લીલોતરી સડેલી, મેલી કે ઊતરી ગયેલી ન હોવી જોઈએ એ કહેવાપણું ન જ હોય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧-૧૦-૧૯૨૮

૧. આ જ વિષય પર એક નોંધ યંગ ઇન્ડિયા, ૧૫-૧૧-૧૯૨૮ના અંકમાં પ્રસિદ્ધ થઈ છે. અંગ્રેજી પુ. ૩૮માં એ લેખ ૯૩ "નોંધ"માં લીધી છે. નવજીવનમાં એ પહેલી છપાઈ હોવાથી એને તારીખ પ્રમાણે અહીં આ પુસ્તકમાં આપી છે.

૨. જુઓ લેખ ૨૯૫ "નોંધ".

Gandhi Heritage Portal

# ૪૩૪. જૈની અહિંસા?

એક જૈન મિત્ર, જેમણે જૈન દર્શનનું અને બીજાં દર્શનોનો અભ્યાસ કર્યો છે તે ચાલુ ચર્ચા વિશે લાંબો કાગળ લખે છે. તે વિચારવા યોગ્ય છે અને ઘણા વિનયવાળા અને શાંતિથી દલીલ કરનારા પત્રોમાંનો આ એક છે તેથી તેનો સારાંશ નીચે આપું છું. એ ભાઈ લખે છે:

> આપનો અહિંસાનો અર્થ લોકોને મૂંઝવણમાં નાખે છે. હિંસાનો સામાન્ય અર્થ કોઈ પણ જીવને દેહથી મુક્ત કરવો તે છે. તે ન કરવું તેનું નામ અહિંસા. કોઈ પણ જીવને પીડા પણ ન કરવી એ અહિંસા શબ્દનો અર્થવિકાસ છે. હવે અહિંસા શબ્દના અર્થમાં કોઈ પણ પ્રકારના પ્રાણહરણનો સમાવેશ થાય છે એ મને ગળે નથી ઊતરતું. આનો અર્થ એમ ન કરશો કે કોઈ પણ સંયોગોમાં કોઈ પણ પ્રાણહરણ ઉચિત ન ગણાય એમ હું માનું છું. વસ્તુતઃ નીતિનો કોઈ પણ નિયમ એકાંતે નિરપવાદ છે એમ મને નથી લાગતું. અહિંસા પરમો ધર્મઃ એ દિશાસૂચક મહાન ધર્મ છે, પણ અહિંસા એ જ પરમધર્મ એમ નથી. તેથી આપ જેને અહિંસક પ્રાણહરણ સમજાવો છો તે ધર્મ હોઈ શકે પણ તે અહિંસક ન ગણાય.

મારો તો એવો અભિપ્રાય છે કે જેમ જીવનનો વિકાસ થાય છે તેમ જ શબ્દોના અર્થનો વિકાસ પણ થાય છે. આવું અનેક દૃષ્ટાંતોથી પ્રત્યેક ધર્મમાં આપણે સિદ્ધ કરી શકીએ છીએ. હિંદુ ધર્મમાં આવો એક શબ્દ યજ્ઞ છે. શ્રી જગદીશ બોઝના પ્રયોગો શબ્દોના અર્થની ઊથલ-પાથલ કરી રહ્યા છે. એ જ પ્રમાણે જો આપણે અહિંસાની સાધના ઇચ્છતા હોઈએ તો અહિંસા શબ્દના અર્થસમુદ્રમાં ઝંપલાવ્યે જ છૂટકો છે. વડીલોએ મૂકેલી પૂંજીમાં વૃદ્ધિ કરવી એ આપણો ધર્મ છે. અહિંસા પરમો ધર્મઃ નામના સૂત્રને આપણે નહીં સુધારી શકીએ, પણ એ પૂંજીના વારસ રહેવા ઇચ્છતા હોઈએ તો એમાં રહેલી અમાપ શક્તિ આપણે શોધ્યા જ કરવી જોઈશે. છતાં હું શબ્દના ઝઘડામાં ઊતરવા નથી ઇચ્છતો. મેં વર્ણવેલી સ્થિતિમાં કરેલું પ્રાણહરણ અહિંસક ન ગણાય. અને ધર્મ્ય ગણાય તો તેની સામે હું વિરોધ કરવા ન ઇચ્છું.

આ મિત્રની બીજી શંકા આ છે:

> વળી જે પ્રસંગમાં[1] આપ દીકરીના પ્રાણહરણને અહિંસક માનો છો એ કોઈ રીતે સમજાતું નથી. એ પ્રસંગે આક્રમણ કરનારનો પ્રાણ લેવો ઉચિત હોઈ શકે, પણ દીકરીનો શો દોષ? આમ આક્રમણનો ભોગ બનતી દીકરી એવી અપવિત્ર થઈ જાય છે કે તેને પછી જીવવાનો પણ અધિકાર નથી રહેતો? આવા સંયોગોમાં દીકરી લોકાપવાદના ભયથી પ્રાણહરણ માગે તોપણ તેને તેથી વારવાનો ધર્મ આપણને પ્રાપ્ત થાય છે એમ આપને નથી લાગતું? જેની ઉપર બળાત્કાર થયો છે એવી દીકરી અને જેના બળાત્કારે હાથપગ કપાઈ ગયા છે તેની વચ્ચે મને અંશ માત્ર પણ તફાવત દેખાતો નથી.

દીકરી અપવિત્ર થઈ જશે એ ભયથી હું તેના પ્રાણહરણ ન કરું, પણ જો તે પોતાનો અભિપ્રાય જણાવી શકતી હોય તો તે એ જ વસ્તુ માગે એમ માનવાથી હું પ્રાણહરણ કરું.

૧. જુઓ "પાવકની જ્વાળા", ૩૦-૯-૧૯૨૬.

Gandhi Heritage Portal

લોકાપવાદથી ડરીને એવી યાચના કરે તો હું તેને અવશ્ય રોકું. પણ પોતે કોઈ વ્યભિચારીના બળાત્કારને વશ થવાનું પસંદ કરવાને બદલે મરણની ભેટ કરવાનું સ્વતંત્ર રીતે ઇચ્છે એમ હું માનું તેથી અને તો જ પ્રાણહરણ કરું. સીતા એવી યાચના સ્વતંત્ર રીતે કરે એવો મારો દૃઢ વિશ્વાસ છે. અમુક સંજોગોમાં વીર પુરુષ મરણને વધારે પસંદ કરે છે એમ આપણે જાણીએ છીએ. એમ કરવું યોગ્ય છે. હું અસત્યનું ઉચ્ચારણ કરું તેના કરતાં મૃત્યુ પસંદ કરું. વ્યભિચાર કરવા મંડી જાઉં તેના કરતાં મૃત્યુ પસંદ કરું. શાસ્ત્રની પણ એ જ આજ્ઞા છે એમ હું માનું છું. એવું મરણ હજારો અથવા લાખો માગે છે એવો મારો અનુભવ છે, અને એ વિચારનો બહોળો પ્રચાર કરવો હું આવશ્યક ગણું છું. શિયળભંગ અને બીજા અંગભંગની વચ્ચે કંઈ ભેદ નથી એ વસ્તુનો સ્વીકાર મારાથી નથી થઈ શકતો, પણ બીજા અંગભંગને વિશે પણ એવી વસ્તુસ્થિતિ કલ્પી શકાય છે જ્યારે મનુષ્ય તેના કરતાં મોતને વહાલું ગણશે.

ત્રીજી શંકા આ છે:

> અમુક સ્થિતિમાં વાંદરાંને મારી નાખવાનો અંતિમ ઉપાય વિચારવાને બદલે સાધારણ તીરથી બેપાંચને ઘાયલ કરવાનો ઉપાય, વિચાર, આપ કેમ અસહ્ય ગણો છો? અનેક આંધળાં, લૂલાં તેમ જ અસાધારણ દરદથી ઘેરાયેલાં પ્રાણીઓમાં પણ જીવવાની વૃત્તિ સૌથી વધારે પ્રબળ હોય છે એમ આપને નથી લાગતું? આપણે કોઈનું દુ:ખ જોઈ ન શકીએ તેથી તેને મારી નાખવાનો વિચાર કરીએ એમાં આપણી એકાંત સ્વાર્થબુદ્ધિ આપને નથી લાગતી?

બેપાંચ વાંદરાંને ઘાયલ કરવાનો વિચાર મને અસહ્ય લાગે છે; કેમ કે બીજાં પ્રાણીઓના અનુભવથી હું જાણું છું કે એ વાંદરાંને રિબાઈને મર્યે જ છૂટકો છે. અને મારે જો કોઈને પણ મારવું હું યોગ્ય ગણી શકું તો રિબાવીને મારવા કરતાં તત્ક્ષણ મારવાનું વધારે પસંદ કરું. વળી ઘાયલ કરેલાં વાંદરાંને સારુ ઇસ્પિતાલ ખોલવા હું તૈયાર ન હોઉં છતાં તેમને ઘાયલ કરવામાં ક્યાં દયાધર્મ આવે એ મારી સમજની બહાર છે. જે આંધળાં, લૂલાં ઇત્યાદિ જીવવાની વૃત્તિ રાખે છે તેમને એવું જ્ઞાન છે કે કોઈ ને કોઈ તેમને મદદ કરશે. પણ કોઈ આંધળાને આપણે વેરાન જંગલમાં મૂકી આવીએ, તેને વિશે નાસ્તિકતા કલ્પીએ, અને તેને કોઈની પણ મદદ મળવાની નથી એવું જ્ઞાન તેને વિશે આરોપીએ છતાં તે જીવવાને ઇચ્છે એવી મારી માન્યતા નથી. હરેક સંજોગોમાં પ્રાણીએ જીવવાની ઇચ્છાને પોષવી જ જોઈએ એવો ધર્મ હું સ્વીકારતો નથી.

ચોથી શંકા આ છે:

> જૈન ધર્મની અહિંસાનો વિચાર ત્રણ સિદ્ધાંતો ઉપર ચણાયેલો છે:
>
> ૧. એવો કોઈ પણ સંયોગ હોઈ જ ન શકે કે ગમે તેવી વેદના હોય તોપણ કોઈ પણ પ્રાણી સમજપૂર્વક જીવિતવ્યની આકાંક્ષા છોડી બીજાના હાથે મરણ માગે. માટે કોઈ પણ કાળે એવી રીતના પ્રાણહરણને ધર્મ્ય ન ગણવું.
>
> ૨. હિંસાથી ભરેલી અનેક પ્રવૃત્તિઓથી વ્યાપ્ત આ સંસારવ્યવહારમાં મુમુક્ષુ પ્રાણીએ પોતાની બને તેટલી ઓછી પ્રવૃત્તિઓના સૂત્રધાર બની અહિંસાધર્મ આચરવો.
>
> ૩. કેટલીક હિંસા સીધી હોય છે, કેટલીક હિંસા આડકતરી હોય છે. દાખલા તરીકે ખેતી કરવામાં સીધી હિંસા રહેલી છે, અનાજ ખાવામાં ખેતીને લગતી આડકતરી હિંસા રહેલી છે. જ્યાં આ બે પ્રકારમાંથી એક પણ હિંસામાંથી બચી શકાય તેમ ન હોય ત્યાં સીધી હિંસાથી બને તેટલું દૂર રહીને સુજ્ઞ જને અહિંસાધર્મનું અનુપાલન કરવું.

Gandhi Heritage Portal

આ ત્રણ સિદ્ધાંતોની આપ જરૂર ચર્ચા કરશો. કારણ કે જૈનોની અહિંસાદૃષ્ટિ અને આપની અહિંસાદૃષ્ટિમાં એક મહત્ત્વનો ભેદ એ નજરે પડે છે કે જૈનોની અહિંસાદૃષ્ટિ નિવૃત્તિ પર છે જ્યારે આપની અહિંસાદૃષ્ટિ પ્રવૃત્તિ પર છે. અત્યારનો કાળધર્મ કાર્યપરાયણ છે. તેથી જો અહિંસા એ દેશ અને કાળથી અબાધિત ધર્મ હોય તો અત્યાર સુધી અહિંસાનો વિચાર નિવૃત્તિ તરફ લઈ જવાના દૃષ્ટિબિંદુએ ચર્ચાયો છે તેનું કર્મપ્રધાન વર્તમાનયુગમાં શું સ્વરૂપ હોઈ શકે અને તેનો વ્યવહારુ અમલ કેવો થઈ શકે તે વિશે લોકોમાં વિચારજાગૃતિ કરવાની પરમ આવશ્યકતા છે એમ મને લાગે છે.

આવી સિદ્ધાંતની ચર્ચામાં ઊતરવું મને પ્રિય નથી. એવી ચર્ચા કરવામાં નુકસાન પણ હોય એ હું જાણું છું. પણ મેં કેટલેક અંશે તે ચર્ચા હાથે કરીને વહોરી લીધી છે એટલે આ મિત્રે માગેલી સિદ્ધાંતચર્ચા કરવાનો હું છેક ઇનકાર નથી કરી શકતો. પહેલા સિદ્ધાંત વિશે તો મારી નમ્ર માન્યતા આ જ લેખની અંદર રજૂ કરી ચૂક્યો છું. અને મારી તો એવી પણ માન્યતા છે કે ગમે તે સ્થિતિમાં જીવવાની આકાંક્ષા પ્રાણી છોડે જ નહીં એવા મનાયેલા સિદ્ધાંતની પાછળ આપણી ભીરુતા રહેલી છે અને તેને લીધે ઘણી હિંસા થઈ છે, થઈ રહી છે; અને એવા સિદ્ધાંતોનું પ્રતિપાદન થયા કરે તો હિંસા વધશે પણ ઘટશે નહીં. મને લાગે છે કે જે રીતે પહેલો સિદ્ધાંત અહીં મુકાયેલો છે તે જો ખરેખર રીતે સિદ્ધાંત હોય તો તે મોક્ષનો વિરોધી છે. જે મનુષ્ય નિરંતર મોક્ષની યાચના કર્યા જ કરે છે, તે હમેશાં બીજાના મરણને ભોગે પોતાનું દેહધારણ કદી નહીં ઇચ્છે. મુમુક્ષુ તો આ જગતમાં ઠીક સંખ્યામાં છે જ. એઓ જીવિતવ્યની આકાંક્ષા છોડી બેઠા છે એમ આપણે માન્યે જ છૂટકો. મિત્રે મૂકેલા સિદ્ધાંતનો આ મુમુક્ષુઓ ભંગ તો નહીં કરતા હોય? અથવા એ સિદ્ધાંત કદાચ આ રીતે મૂકવાને એ મિત્રે ઇચ્છયું ન હોય. જેમણે મોક્ષને બુદ્ધિથી પણ જાણ્યો નથી એવા મૂર્છામાં પડેલા પ્રાણીમાત્ર જીવવાની આકાંક્ષા છોડી શકતા નથી. તેવાની આકાંક્ષાની વચ્ચે જેણે આકાંક્ષા છોડેલી છે એવો મુમુક્ષુ પોતાનો સ્વાર્થ સાધવાને સારુ કે પોતાના દેહની રક્ષા કરવાને સારુ કેમ આવશે? આ મોક્ષપ્રકરણને હું છોડું અને સ્વદેશપ્રેમ કે કૌટુંબિક પ્રેમના ક્ષેત્રને વિચારું છું તોયે માલૂમ પડે છે કે જીવવાની આકાંક્ષા છોડીને બેઠેલા અનેક દેશપ્રેમી, કુટુંબપ્રેમી, જગતપ્રેમી પોતાના કર્તવ્ય વિશે પરાયણ રહે છે. આજે આ જગતમાં જીવિતવ્યની આકાંક્ષા છોડવાનું શિક્ષણ અપાઈ રહ્યું છે. હરેક સંજોગમાં જીવવાની આકાંક્ષાને વળગી રહેવું એમાં હું તો સ્વાર્થની પરાકાષ્ઠા જોઉં છું. મારા આ કથનનો કોઈ અનર્થ ન કરે. એ આકાંક્ષાનો ત્યાગ કોઈની પાસે બળાત્કારે કરાવી ન શકાય. અહીં તો માત્ર જીવિતવ્યની આકાંક્ષાના સિદ્ધાંતની સામે હું દૃષ્ટાંતો આપી રહ્યો છું. અને તે સિદ્ધાંતના ગર્ભમાં રહેલા અનર્થો બતાવી રહ્યો છું.

બીજો સિદ્ધાંત જો સિદ્ધાંત કહેવાવાને યોગ્ય હોય અથવા તે ગમે તે નામથી ઓળખાય; તેનો હું સ્વીકાર કરું છું.

ત્રીજો સિદ્ધાંત જે રીતે મિત્રે મૂકેલો છે તેમાં હું તો બહુ દોષ જોઈ રહ્યો છું. એ સિદ્ધાંતનું ભયંકર પરિણામ તો આ આવે છે કે જે ખેતી વિના મનુષ્ય જીવી જ ન શકે તે ખેતીનો અહિંસાધર્મીએ, તેની ઉપર પોતે જીવતો છતો, ત્યાગ જ કરવો રહ્યો. આવી સ્થિતિ મને અતિશય પરાધીનતાવાળી અને કરુણાજનક લાગે છે. ખેતી કરનારા અસંખ્ય મનુષ્યોએ અહિંસા-ધર્મથી વિમુખ રહેવું, અને ખેતી નહીં કરનારા મૂઠીભર મનુષ્યો જ અહિંસાને સિદ્ધ કરી શકે, એવી

Gandhi Heritage Portal

સ્થિતિ મને પરમધર્મને શોભાવનારી અથવા તો તેને સિદ્ધ કરનારી નથી લાગતી. એથી ઊલટું મને તો એમ ભાસે છે કે સુજ્ઞજનો સર્વવ્યાપક એવો ખેતીનો ઉદ્યોગ ન કરે ત્યાં લગી તેઓ કહેવાતા જ સુજ્ઞ છે, તેઓ અહિંસાની શક્તિનું ખરું માપ કાઢવા અસમર્થ છે. ખેતી જેવા વ્યાપક ઉદ્યોગમાં રોકાયેલા અસંખ્ય મનુષ્યોને ધર્મને માર્ગે દોરવા તેઓ લાયક નથી. જો આ ખરેખર સિદ્ધાંતમાં ગણાતી વસ્તુ હોય તો તેને વિશે અહિંસાના ઉપાસકે ફરી ફરીને વિચારવું રહ્યું છે. ખેતીના દૃષ્ટાંતને જરા લંબાવવા બેસીએ તો હાસ્યજનક પરિણામ નીપજે છે. સરપને માર્યા વિના ન જ ચાલતું હોય તો મજકૂર સિદ્ધાંત પ્રમાણે મારે બીજાની પાસે મરાવવો, ચોરને દંડ દઈને હાંકી કાઢવાનું અનિવાર્ય હોય તો મારે બીજાને રોકીને તેને દંડ દેવડાવવો, મારી રક્ષા તળે રહેલાં બાળકો અને બાળાઓનું રક્ષણ જુલમી માણસોથી કરવું અનિવાર્ય હોય તો તે મારે બીજાઓની પાસે કરાવવું અને 'અહિંસાધર્મનું અનુપાલન કરવું.' મારી દૃષ્ટિએ આ ધર્મ નથી, પણ અધર્મ છે; આ અહિંસા નથી, પણ હિંસા છે; જ્ઞાન નથી, મોહ છે. સાપની, ચોરની, જુલમગારની સીધી ભેટ જ્યાં સુધી ન કરું ત્યાં સુધી હું ભયમુક્ત થવાનો નથી, અને જ્યાં સુધી હું ભયમુક્ત થાઉં નહીં તો ત્યાં સુધી અહિંસાધર્મનું પાલન વંધ્યાપુત્રની હસ્તીના જેવું રહેશે. અને અહિંસાના પાલનનું એક મહાપરિણામ આવવું જોઈએ. એ તો કદી નહીં જ આવી શકે. અહિંસાને વિશે શાસ્ત્રોની શિક્ષા તો આ છે કે તેના સાન્નિધ્યમાં ચોર ચોરી છોડશે; હિંસક મનુષ્ય કે બીજાં પ્રાણી હિંસા છોડશે, જુલમગાર જુલમ છોડશે. આ શિક્ષણનું સત્ય યત્કિંચિત્ પાલનથી પણ હું અનુભવી શક્યો છું. એટલે મને તો લાગે છે કે ત્રીજો સિદ્ધાંત જે રીતે મુકાયેલો છે તે વિશે કંઈક ભૂલ થઈ છે. પણ ભૂલ ન થઈ હોય તો અને ખરેખર જૈની અહિંસાનો એ સિદ્ધાંત હોય તોયે મારી બુદ્ધિ કે મારું હૃદય તેનો સ્વીકાર કરી શકતાં નથી.

હવે રહ્યો પ્રવૃત્તિનિવૃત્તિનો ઝઘડો. હું નિવૃત્તિધર્મને માનું છું. પણ એ નિવૃત્તિ પ્રવૃત્તિમાં છૂપેલી હોવી જોઈએ. દેહમાત્ર પ્રવૃત્તિ વિના એક ક્ષણભર પણ ટકી શકે નહીં એ સ્વયંસિદ્ધ વસ્તુ છે. પ્રત્યેક શ્વાસ આપણે લઈએ છીએ એ પ્રવૃત્તિસૂચક છે, ત્યાં નિવૃત્તિનો અર્થ આ જ હોઈ શકે કે શરીર નિરંતર પ્રવૃત્ત રહેવા છતાં આત્મા નિવૃત્ત રહે એટલે કે તેને વિશે અનાસક્ત રહે. તેથી નિવૃત્તિપરાયણ મનુષ્ય કેવળ પરમાર્થને ખાતર જ પ્રવૃત્તિ કરે. એટલે મને તો એમ ભાસે છે કે નિવૃત્તિ એટલે અનાસક્તિપૂર્વક પરમાર્થે આચરેલી પ્રવૃત્તિ—પછી તે ખેતી હોય કે કાંતવાનું હોય કે ગમે તે પ્રવૃત્તિ, જે પરમાર્થના ચોકઠામાં બેસી શકતી હોય. એટલે આ જાતનો નિવૃત્તિધર્મ માનનારા મારા જેવાએ અહિંસાનું પાલન કઈ રીતે અને કેટલે અંશે દેહધારીથી થઈ શકે એ જાણવાનું અથવા શોધવાનું રહ્યું. આ વિચાર ગ્રામ્ય ભાષામાં જ હું મૂકી દઉં. ખેતી ઈત્યાદિ મનુષ્યજીવનને સારુ અનિવાર્ય એવો ઉદ્યોગ કરનારા અહિંસાધર્મને કઈ રીતે જાણે, કઈ રીતે પાળે, એ મારે તો જાણવું છે. ધર્મમાં સર્વવ્યાપક થવાની શક્તિ હોવી જોઈએ. એ જગતના સોમા હિસ્સાનો ઇજારો ન હોઈ શકે, ન હોવો જોઈએ. મારો દૃઢ વિશ્વાસ છે કે સત્ય અને અહિંસા એ જગદ્વ્યાપી ધર્મ છે. તેથી જ તેનો અર્થ શોધવામાં જીવનને ખપાવી દેતાં, હું રસને લૂંટી રહ્યો છું, અને એ રસ લૂંટવા બીજાઓને આમંત્રણ દઈ રહ્યો છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૦–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૪૩૫. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૧, ૧૯૨૮

તમારી અપીલ[1] હું પ્રસિદ્ધ કરું છું ખરો, પણ મને એથી સંતોષ નથી. અપીલ બહુ ભાંગીતૂટી ને ઢંગધડા વગરની છે. જે ભાગમાં દુકાળ પડ્યો છે ત્યાંની વસ્તીના આંકડા, અછત-ની આફત કેવા પ્રકારની છે, તથા રાહત માટે કેટલાં નાણાં જોઈશે વગેરે માહિતી તમારે આપવી જોઈતી હતી. તમે ઘડી છે એવી મોઘમ અપીલનો લોકો શો અને કેવો જવાબ આપે? એના પરથી સ્પષ્ટ દેખાય છે કે તમે થાક્યા છો, ઉતાવળમાં છો, ચિંતામાં છો અને તમારે માથે કામનો વધુ પડતો બોજો છે. ઉદાર જવાબની અપેક્ષા રાખતા હો તો તમને શોભે એવી અપીલ ઘડી મોકલશો.

હવે તમને કેમ રહે છે?

વાછડા સંબંધી ચાલતી ચર્ચામાંથી[2] ભલે કંઈ શીખવાનું ન મળે, પણ કંઈક રમૂજ તો તમને મળતી હશે એવી આશા છે. મારા પર આવતા બધા પત્રોને હું મહત્ત્વ આપવા માંડું તો તો મારે સાબરમતીમાં ડૂબી મરવું પડે. અત્યારે તો એમાંથી ગંમત અને જ્ઞાન બંને મળે છે.

તમારો સહૃદયી

ચ. રાજગોપાલાચારી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૬૭

## ૪૩૬. રામદાસ ગાંધીને પત્ર

આશ્રમ, સાબરમતી,
મૌનવાર, ઑક્ટોબર ૨૨,[3] ૧૯૨૮

ચિ. રામદાસ,

તારો કાગળ મળ્યો છે. બાને ઠીક છે. ચિંતાનું કશું કારણ નથી. નિમુ કાલે આવી ગઈ, ઠીક છે. આવી તેવી જ બાની સેવામાં લાગી ગઈ છે. બીજા માંદા સાજા થઈ જવા આવ્યા છે. સુશીલાને દીકરી આવ્યાના ખબર મળી ગયા હશે.

તેનું નામ તારથી નાનાભાઈએ ધૈર્યબાળા પાડ્યું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૯૮૫૪

૧. જુઓ "દક્ષિણમાં દુકાળ", ૨૫-૧૦-૧૯૨૮.
૨. જુઓ "પાવક જ્વાળા" ૩૦-૯-૧૯૨૮.
૩. મૂળમાં ૨૧મી છે. આ પછીના બે પત્રો પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૪૩૭. નાનાભાઈ ઇ. મશરૂવાળાને પત્ર

મૌનવાર [ઑક્ટોબર ૨૨, ૧૯૨૮][૧]

ભાઈ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો. અહીં પણ તાર હતો. તે તમને મોકલી દેવાનું તો મેં કહ્યું હતું. અહિંસા બાબત તમારો કાગળ વાંચીને હું રાજી થયો.

જવાબ આપવાની ઇચ્છા તો છે પણ ફુરસદ મળ્યે આપીશ.

કિશોરલાલ શુક્રવારે આવવા નીકળે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૬૬૭૭

## ૪૩૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૩, ૧૯૨૮

ચિ. મણિલાલ ને સુશીલા,

તમારો કાગળ પહોંચ્યો છે. તાર પણ પહોંચ્યો છે. સુશીલા આ કાગળ મળતાં હરતીફરતી થઈ ગઈ હશે. અને ધૈર્યબાળા હસતી થઈ ગઈ હશે. નામ અહીંથી મોકલ્યાનો નાનાભાઈનો કાગળ કાલે જ આવ્યો. આજે પણ જો હમણાં એટલે સવારના સાડા ત્રણ વાગ્યે તમારો કાગળ મને યાદ ન આવત તો રહી જ જાત. ગઈ મેલમાં એમ જ બન્યું. હમણાં કાગળ લખવાનો સમય ઘણો ઓછો રહે છે અને તેથી જ સવારના ત્રણ વાગ્યે અને કોઈ વાર બે વાગ્યે પણ ઊઠીને પડયો પડયો લખાવું છું.

રસિક, નવીન દિલ્હી ગયાનું હું લખી ગયો છું.[૨] રામદાસ હજુ બારડોલીમાં છે. નિમુ અહીં છે. બાની તબિયત કંઈક બગડી છે. ચિંતા કરવા જેવું કંઈ નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૭૪૪

૧. પત્રમાં જે તારનો ઉલ્લેખ છે તે મણિલાલ ગાંધી તરફથી આવ્યો હતો એમ દેખાય છે. સુશીલા ગાંધીએ પુત્રી પ્રસવ્યાના સમાચાર તારમાં હતા. આ પછીનો પત્ર પણ જુઓ.

૨. જુઓ, "મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર", ૩૧–૮–૧૯૨૮ પછી.

Gandhi Heritage Portal

## ૪૩૯. મીરાંબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૩, ૧૯૨૮

ચિ. મીરાં,

તારો તાર મળ્યો છે. આજકાલ તો આવા પ્રેમપત્રો લખવા સોમવારે મને મળે એ અશક્ય બની ગયું છે. એટલે મારા પત્રો નિયમિત ન આવે તો તારે ચલાવી લેવું પડશે. પણ મને તો તારા પત્રો નિયમિત મળવા જ જોઈએ.

અહીં બધું થાળે પડી ગયું છે એમ તો ન કહેવાય, પણ ઠીક ઠીક ચાલી રહ્યું છે.

તપાસના કામે મહાદેવ આજે બારડોલી જાય છે. એકાદ અઠવાડિયું કે કદાચ વધારે એ ત્યાં રોકાશે.

ભઠિયારાખાનું એકધારું આગળ વધી રહ્યું છે. ઘઉંની ધાણી બનાવવાની રીત પ્યારેલાલે શોધી કાઢી છે. બરોબર તૈયાર થાય પછી તને એક પડીકું મોકલવા ધારું છું.

ઍસોસિયેટેડ પ્રેસ તરફથી છાપામાં તારે અંગે સંદેશો હતો. તેં જે મીટિંગનો ઉલ્લેખ કર્યો છે તેનો જ કદાચ આ રિપોર્ટ હશે.

પ્યાર.

બાપુ

[તા. ક.]

ગ્રેગ અહીં છે એવું મેં તને લખ્યું હતું?

મીરાંબહેન

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૬; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૬

Gandhi Heritage Portal

## ૪૪૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૩, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમે તો ઘણો સદ્‌ભાવ રાખ્યો, ઘણી કૃપા બતાવી. નિયમિત આવતા તમારા પત્રોથી મને ઘણી રાહત રહી, અને હું લોકોની ફરિયાદોનો નિકાલ કરી શક્યો.

તમે અજબ કામ કરી બતાવ્યું છે. આ જગા પર વધારે વખત તમે ચાલુ રહો એવો આગ્રહ મારે ન કરવો એમ તમે કહ્યું છે. હું સચ્ચાઈપૂર્વક એવો આગ્રહ કરવાથી દૂર રહ્યો છું; એટલું જ નહીં, ત્યાંના લોકોને પણ એવી જ સલાહ આપી છે. પણ ભવિષ્યનો વિચાર આવતાં હું કંપી ઊઠું છું. અનેક પ્રકારની અમંગળ અફવાઓ સંભળાય છે. આ જગાએ કોઈ શ્રેષ્ઠ વ્યક્તિને મૂકવાને બદલે સરકાર જો કોઈ પોતાની માનીતી વ્યક્તિને મૂકશે તો પરિણામ દુ:ખદ આવશે. મને એવું કોઈ નામ સૂઝતું નથી જેને માટે લોકમત કેળવી શકાય. ઈશ્વર તમને દીર્ઘાયુ આપે એ પ્રાર્થના.

તમારો
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૧૯૯૪

## ૪૪૧. પેરીનબહેન કૅપ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૪, ૧૯૨૮

તમારું કહેવું હવે સમજાયું. મૃદુલાએ હજી પોતાના ભંડાર ખોલ્યો નથી. એ જો ભંડાર ખોલે, અને તમારી ખાદી વેચવા રાખે, તો એમાં કશો વાંધો ન હોઈ શકે. કાકાસાહેબ આમાં તમને શી મદદ આપે?

આંધ્રની મુશ્કેલી એ છે કે ત્યાંના ઘણા ઉત્પાદકો દગાખોર નીકળ્યા છે. એટલે જ વધુમાં વધુ તકેદારી રાખવાની જરૂર રહે છે.

શ્રીમતી પેરીન કૅપ્ટન
ઈસ્લામ કલબ બિલ્ડિંગ, ચોપાટી, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૬૯

Gandhi Heritage Portal

## ૪૪૨. પ્રતાપ દયાળદાસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારે તથા તમારાં પત્નીને તો ગર્ભપાત કરાવવો છે; સંતતિનિયમન નહીં. ગર્ભપાત હકીકતમાં અને કાયદા પ્રમાણે ગુનો છે. વળી એનાથી તમારાં પત્નીની તબિયતને કાયમનું નુકસાન થવા પણ સંભવ છે. એટલે તમને બંનેને આ વિચારથી પાછાં વળવા મારો સખત આગ્રહ છે. સંતતિનિયમન એટલે તો કૃત્રિમ સાધનો દ્વારા ગર્ભધારણ અટકાવવું તે. ગર્ભપાતથી આ વાત તદ્દન ભિન્ન છે. ગર્ભપાત એટલે તો જે ગર્ભધારણ થયો છે તેનો નાશ. એટલે તમને તો હું એ જ સલાહ આપી શકું કે સગર્ભાવસ્થા પૂરા દિવસ સુધી ટકવા દો અને બાળક જન્મે તેને પ્રેમપૂર્વક ઉછેરજો. ભવિષ્યમાં આવી બાબતથી બચવા માટે તમારે પત્ની સાથે એક જ ઓરડામાં કે એક જ પથારીમાં સૂવાનો દૃઢતાપૂર્વક ઇનકાર કરવો, અને પત્ની સાથે એકાંતમાં રહેવાનું પણ હમેશાં ટાળવું.

તમારો સહૃદયી

શ્રી પ્રતાપ દયાળદાસ
દયાળદાસ મૂળચંદને ત્યાં
મેઈન બઝાર, હૈદરાબાદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૭૧

## ૪૪૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૪, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારા બે કાગળોનો જવાબ આપવાનો બાકી છે. એ તો ખરી જ વાત છે કે ખેતરોમાં માત્ર અનાજ ઊગતું હોય તો વાંદરા હાલ જે ત્રાસ આપે છે તેટલો ન આપે. પરંતુ મારે આ પ્રશ્નનો એવો ઉકેલ શોધવાનો છે જે બીજાના કામમાં પણ આવે. લોકોને કહીએ કે માત્ર અનાજ જ ઉગાડો, તેથી કંઈ પ્રશ્ન ઊકલે નહીં. જો બીજાં કોઈ વૃક્ષ ઉગાડીએ જ નહીં તો એનું સીધુંસાદું પરિણામ એ આવે કે વરસાદ પડે નહીં ને ફળ પાકે નહીં. કૃષિક્ષેત્રે ભારતની મોટામાં મોટી જરૂરિયાત વધારે વૃક્ષો અને વધારે ફળાઉ વૃક્ષો ઉગાડવાની છે.

ઢોરોની બાબતમાં તો તેમના વગર ચલાવવું એ આદર્શ રસ્તો છે એવા તમારા મત સાથે હું પૂરેપૂરો મળતો થાઉં છું. એનો અર્થ વળી એવો થાય કે ખેતી વિના ચલાવવું. અને ખેતીની વાત કરીએ ત્યારે એકલાં ઢોરનો વિચાર કરવાનો નથી; બીજી પણ ઘણી અનિવાર્ય જીવહિંસા



Gandhi Heritage Portal

ખેતીમાં થતી હોય છે. ઓછામાં ઓછી જીવહિંસા થાય, અને સારું પશુપાલન થાય એટલો જ આદર્શ રાખી શકાય. તમે આની ફિકર છોડો એવું ઇચ્છું. અને હવે તમારા આગલા પત્ર પર આવું.

તમારી અહિંસાને સોળે કળાએ પ્રગટ થવાનું ક્ષેત્ર તો ખાદી છે, અને અહીં જ તમારે આ પ્રશ્ન ઉકેલવાનો છે. હું જાણું છું કે તમે કશું જડતાપૂર્વક કે ઉતાવળમાં નહીં કરો, અને બધું તેના સ્વાભાવિક ક્રમમાં અને યોગ્ય સમયે પતી જશે.

હેમપ્રભાદેવી જો આશ્રમમાં આવી શકે અને એમના સ્વાસ્થ્ય પ્રમાણે સંયુક્ત રસોડામાં તથા આશ્રમની બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લે તો મને ઘણું ગમે. મરજી થાય ત્યારે આવે.

પ્રદર્શન બાબતનો આપણો પરિપત્ર બધી સંબદ્ધ તથા સહાય મેળવતી સંસ્થાઓ પર ગયો છે.

કરાંચી મ્યુનિસિપાલિટી પર તમે ખાદીના નમૂના મોકલેલા તેનું શું થયું તે લખજો.

તમારો સહૃદયી

બાપુ

શ્રી સતીશચંદ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન, સોદપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૯૭

## ૪૪૪. "મરણ આરામ છે"[૧]

મરણ કોઈ અતિશય ભયાનક વસ્તુ છે એવી માન્યતા ઘણાનાં મગજમાં ઠસી ગઈ છે. તેથી મારી આગળ અહિંસા સંબંધી જે કાગળોનો ઢગલો થયો છે તેમાંના ઘણામાં હું અહિંસાનું શુદ્ધ નહીં પણ કંઈ વક્ર સ્વરૂપ જોઈ રહ્યો છું. તેવામાં મારે હાથ એક જૂનો કાગળ આવી ચડયો છે. તે સ્વ. મગનલાલના મૃત્યુને લગતો છે, પણ તેમાં ચીનાઈ તત્ત્વજ્ઞાની કૉન્ફ્યૂશિયસ અને તેમના શિષ્યની વચ્ચેનો મોત વિશે મધુર સંવાદ ટાંકયો છે. તે બોધપ્રદ હોવાથી અહીં આપું છું :

> ઝ્યુકુંગે પ્રણિપાત કરી સદ્ગુરુ કૉન્ફ્યૂશિયસને કહ્યું : 'ગુરુજી, હું હવે થાકયો છું; મારે શાંતિ જોઈએ છે.'
>
> ગુરુજીએ ઉત્તર વાળ્યો : 'આ જિંદગીમાં તો શાંતિ જેવી વસ્તુની આશા ન રાખતો.'
>
> ત્યારે શિષ્યે પૂછયું : 'મને કોઈ દહાડો શાંતિ નહીં મળે ?'
>
> કબરસ્તાન ભણી આંગળી ચીંધી ગુરુજી બોલ્યા : 'તને શાંતિ જરૂર મળશે. આ પેલી કબરો પડી છે તે તું જો; કેટલીક સુંદર છે. કેટલીક તુચ્છ છે. આવી એકમાં તને તારી શાંતિ મળશે.'
>
> શિષ્ય બોલ્યો : 'અહો! મૃત્યુમાં કેટલું આશ્ચર્ય ભર્યું છે! જ્ઞાની તેથી શાંતિ પામે છે, સંસારી તેથી ડૂબી જાય છે.'

૧. આ જ વિષય પર ગાંધીજીનો એક લેખ ૨૫-૧૦-૧૯૨૮ના યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયો છે. તેથી ક્રમ અંગ્રેજી પ્રમાણે રાખ્યો છે.

Gandhi Heritage Portal

ગુરુજી બોલ્યા : 'પુત્ર, તું મારું કહેવું સમજ્યો છે. ઘણા તો જિંદગીને કુદરતની એક મહાન બક્ષિસ માને છે; તેઓ સમજતા નથી કે એ તો એક મહાબંધન છે. ઘડપણને તેઓ દુર્બળતા માને છે; તેઓ સમજતા નથી કે ઘડપણ શાંતિનો કાળ છે. મૃત્યુને તેઓ એક મોટી આપત્તિ માને છે; તેઓ સમજતા નથી કે મૃત્યુ એટલે પરમ શાંતિ છે.'

યેન ઝચુ બોલી ઊઠ્યો : 'મૃત્યુ વિશેની આ પ્રાચીનોની કેવી ભવ્ય કલ્પના! પુણ્યવાન તેથી તરે, પાપી ડૂબે. મૃત્યુથી પ્રત્યેક જણ જ્યાંથી આવ્યા ત્યાં જાય છે. તેથી પ્રાચીનોએ મૃત્યુને ગૃહગમનની ઉપમા આપી, જિંદગીને ગૃહવિયોગની અને જે પોતાના વહાલા ઘરને ભૂલે છે તેનો દોકડો નીકળી જાય છે, ને તેના યુગમાં તેની અવગણના થાય છે.'

કોઈને મૃત્યુદંડ દેવાના સમર્થનને સારુ મેં આ સુંદર ઉતારો નથી ટાંક્યો. પણ હર હાલતમાં મૃત્યુ ભયંકર નથી એમ પ્રાચીન કાળથી બીજા દેશોમાંયે મનાયું છે એ બતાવવા આ ઉતારો લીધો છે. મજકૂર સંવાદમાં કંઈ સત્ય હોય તો આપણે સમજી શકીએ છીએ કે મૃત્યુ કેટલીક વેળા મુક્તિનું સ્વરૂપ પકડે છે, વિશેષે કરીને જ્યારે કોઈનું પ્રાણહરણ તેને દંડ દેવાને ખાતર નહીં પણ તેને શાંતિ દેવાને ખાતર કરવામાં આવે છે ત્યારે.

એક મહાન અંગ્રેજ કવિએ મૃત્યુ વિશે લખતાં કહ્યું છે કે તે આપણને ઘણી ઉપાધિઓનું આવશ્યક વિસ્મરણ કરાવે છે, ને તે એક મહાન શાંતિદાયક નિદ્રા છે. પુણ્યકર્મને ઉત્તેજન આપવા ખાતર પાપને સારુ મૃત્યુ પછી આવનાર રૌરવ નરકનો ભય બતાવવાની કે પુણ્યકર્મને સારુ સોનારૂપાના રત્નજડિત મહેલોમાં નાચગાન કરતી અપ્સરાઓનું પ્રલોભન આપવાની મુદ્દલ જરૂર નથી, ન હોવી જોઈએ. જો પુણ્યકર્મમાં પોતામાં જ કંઈ ચમત્કાર કે પ્રલોભન ન હોય તો તેને કચરાની ટોપલીમાં નાખી દેવું જોઈએ.

આપણે ધારીએ છીએ તેવી કુદરત નિર્દય નથી. જે નિર્દયતાની કલ્પના કુદરતને વિશે આપણે કરીએ છીએ તે આપણી પોતાની નિર્દયતાનો પડઘો છે. સ્વર્ગનરક બંને આપણામાં જ રહેલાં છે. મૃત્યુ પછી પણ જીવન છે જ, કેમ કે આત્મા અમર છે. પણ એ જીવન અને આ જીવનની વચ્ચે બહુ મોટો ભેદ નથી; મૃત્યુ પછીની સ્થિતિ આપણા આજના અનુભવથી એવી બધી ભિન્ન નથી કે જેથી આપણે કાં તો તેના વિચાર માત્રથી ભયભીત થઈ જવું ઘટે, અથવા હર્ષઘેલા થઈ જવું ઘટે. ગીતા તો કહે છે કે જે શુભાશુભથી ચલાયમાન નથી થતો તે જ જ્ઞાની છે. વળી કહે છે કે જેને મન જીવવું-મરવું એક જ વસ્તુ છે તે જ જ્ઞાની છે. જીવન-મરણ એક જ ત્રાજવાનાં બે પલ્લાં છે. ત્યાં હર્ષશોક શા?

આપણા ધર્મની અહિંસાની કલ્પના બીજાને દુ:ખ ન દેવાની દૃષ્ટિથી રચાયેલી છે. જ્યાં દુ:ખ દેવાનો લેશ પણ ખ્યાલ નથી ત્યાં ભૂલથી કે ઇચ્છાપૂર્વક કરેલા પ્રાણહરણને સારુ કોલાહલ શાને? એ કોલાહલની પાછળ જો મરણભય નથી તો બીજું શું છે? અને મરણભય મનુષ્યને માટે ન ઘટે. જ્યાં એ ભય છે ત્યાં અહિંસારૂપી પુરુષાર્થ અશક્ય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૪–૧૧–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૪૪૫. દક્ષિણમાં દુકાળ[1]

તામિલના સેલમ, કોઈમ્બતૂર અને બીજા પ્રદેશમાં આ વર્ષ ખરાબમાં ખરાબ નીવડયું છે. આ ભાગની ખેડૂત પ્રજા આ વિસ્તારના મધ્ય ભાગમાં પડતા અચોક્કસ વરસાદ પર આધાર રાખતી હોય છે. ગામડાની પ્રજામાં બેકારી ભારે વધી રહી છે એવા સમાચાર ખાદી કેન્દ્રો પરથી આવે છે. ઑકટોબર આવે એટલે ખેતીકામ સામાન્ય રીતે શરૂ થાય છે, અને ખેડૂત સ્ત્રીઓ પછીના ચાર મહિના ખાદી કેન્દ્રો માટે કાંતવાનું બંધ કરી દે છે. કેટલીક સ્ત્રીઓ વરસના બારે મહિના કાંતે છે, પણ ખેતરોમાં કામ કરી શકે એવી મોટા ભાગની સ્ત્રીઓ આ ઋતુ દરમિયાન ચરખો બંધ રાખે છે. પણ આ વરસે તો કાંતનારની સંખ્યા ઘટવાને બદલે ઘણી વધી છે અને અમારા ભંડારો પર પૂણીઓ માટે મોટો ધસારો થાય છે. . . .

વાંચનાર યાદ રાખે કે રોજના એક આનાની કમાણી માટે આ ધસારો હોય છે.

આપણે જે કપડાં પહેરીએ છીએ તે શરીર ઢાંકવાનું કે શણગારવાનું સાધન નથી પણ દેશની આર્થિક રચનાનું એક અગત્યનું અંગ છે, રાષ્ટ્રીય સંપત્તિના વિતરણનો માર્ગ છે, અને એ માર્ગ બંધ થઈ જાય તો પરિણામે વિનાશ જ છે એવું ભારતના બુદ્ધિજીવીઓ અને ધનિકો ક્યારે સમજશે? જ્યાં અમે ખાદીકેન્દ્રો ખોલી શક્યાં છીએ એવા પુદુપાલયમ્ અને બીજા દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકોને અમે સારી એવી રાહત આપી શકીએ એમ છીએ. પણ એ કેન્દ્રોમાં અમે પેદા કરેલી ખાદી ઝડપથી અને જથ્થાબંધ ખરીદીને જો લોકો અમને મદદ કરે તો જ એવી રાહત અમે આપી શકીએ. વપરાશ ઝડપી બને એટલે વધારે કાંતનારને કામ મળે અને ભૂખે મરતા લોકોને ખૂબ આવશ્યક એવી રાહત આપી શકાય. આ આપત્તિના સમયે પુદુપાલયમ્ વિસ્તારમાં કાંતણકામને ખૂબ વિસ્તારવા શ્રી સંતાનમ્ તાકે છે, અને જો અમને પ્રજાની સહાનુભૂતિ અને ટેકો મળે તો અનાજ તથા બી બાંધ્યા સસ્તા ભાવે વેચવાની વ્યવસ્થા કરવાનું પણ તે વિચારે છે. આ વેચાણમાં આવતી ખોટ, ઉઘરાવવામાં આવનાર દુષ્કાળ રાહત ફાળામાંથી પુરાશે. . . .

આ કામમાં જનતા આ રીતે મદદ કરી શકે :

(अ) ખાદીના મોટા ઑર્ડરો આપીને;

(ब) મફત અથવા ભૂખે મરતા લોકોને પરવડે એવા બાંધ્યા ભાવે અનાજ વેચવા માટે અથવા તો કાંતણ કેન્દ્રો, જેને શરૂ કરવા આગળથી મૂડી રોકવાની જરૂર પડશે, નભાવવા માટે દાન આપીને.

**ચ. રાજગોપાલાચારી**

હું આશા રાખું છું કે લોકો આ અપીલનો ઉદારતાથી જવાબ આપશે. અપીલ ઉતાવળમાં અને પૂરતી માહિતી મેળવ્યા પહેલાં લખાયેલી જણાય છે. પણ ભૂતકાળનો અનુભવ તો એવો છે કે આંકડાઓ સાથે આપેલા બયાન કરતાં આવું સામાન્ય વર્ણન આવી આપત્તિઓનું કંઈક ઓછું ભયંકર ચિત્ર ઉપસાવે છે. તેથી વાંચનાર વિગતવાર રિપોર્ટની રાહ ન જોતાં કોથળીનું મોં

૧. ચ. રાજગોપાલાચારીની અપીલમાંથી અહીં અમુક જ ભાગ આપ્યા છે.

Gandhi Heritage Portal

ઢીલું કરે. આ કાર્ય માટે શેની તથા કેટલી જરૂર પડશે તેનો આછો અંદાજ હું થોડા દિવસોમાં આપવા ધારું છું. વાંચનાર એ પણ યાદ રાખે કે મદદ કરવાનો શ્રેષ્ઠ રસ્તો તો જે ખાદી પેદા થઈ રહી છે અને ભવિષ્યમાં પેદા થશે તેનો જથ્થો ખલાસ કરવામાં મદદ કરવાનો છે. દેશમાં વરસાદની અછત તો રહ્યા જ કરવાની, પણ ખાદી ચાલુ થઈ જાય તો લોકોને ધર્માદાનું ખાવું પડે એવું સંકટ જરૂર ટાળી શકાય. હાથ કંતામણ માટે રાષ્ટ્રવ્યાપી સંગઠન થઈ રહ્યું છે તોપણ તાત્કાલિક મુશ્કેલીઓની રાહત માટે કેટલાક દાનની જરૂર રહેશે. કેમ કે બધા દુષ્કાળગ્રસ્ત લોકો કાંતવા તૈયાર નથી કે બધાને આવડતું પણ નથી; ને કાંતવા રાજી હોય તેવા લોકો માટે દેશે હજી ગામડે ગામડે પ્રબંધ કર્યો નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २५–१०–१९२८

## ૪૪૯. દિવાળી કેમ ઊજવવી?[1]

એક મિત્ર લખે છે:

> દિવાળી જેવા તહેવારોમાં લોકો પરદેશી ફટાકડામાં, આરોગ્યને નુકસાન પહોંચાડનારી મીઠાઈઓમાં ને તેટલું જ નુકસાન પહોંચાડનારી રોશનીમાં પૈસા નાખી દે છે તેના કરતાં કંઈક કલ્યાણમાર્ગે પોતાના પૈસાનો ઉપયોગ કરે એવું તમે નહીં લખો?

આ વિશે હું પૂર્વે લખી ચૂક્યો છું, છતાં જેમ તહેવારો એક જ વખત નહીં પણ નિયમસર પ્રતિવર્ષ આવ્યા કરે છે તેમ મારે પણ વખતોવખત આવે સમયે પૈસાના થતા દુરુપયોગ વિશે લખવું અનુચિત ન ગણાય. એમાં કંઈ શક નથી કે લાખો રૂપિયા ફટાકડા ઉપર લોકો ખર્ચે છે તેનો કશો અર્થ નથી. આમાંના ઘણા પૈસા બહાર જાય છે એ પણ ખરું છે. બહાર ન જતા હોય તોયે દારૂગોળામાં પૈસા નાખવાનો અર્થ નથી. એથી બાળકોને નિર્દોષ આનંદ મળે છે એવી દલીલ ઘણી વાર સાંભળી છે, પણ તેમાં કશું વજૂદ નથી. બાળકોને તો જે આનંદની ટેવ પાડીએ તે પાડી શકાય. આફ્રિકાના હબસીઓનાં બાળકોનો આનંદ ફટાકડા નથી, પણ સ્ત્રીઓનો અને પુરુષોનો નોખો નાચ છે. એ નાચમાં તેઓ એવા પરોવાઈ જાય છે કે તેમને તે વખતે બીજું સૂઝતું જ નથી. આ નાચની વચ્ચે ને યુરોપના કેટલાક બીભત્સ નાચની વચ્ચે કે આપણા નાયકાના નાચની વચ્ચે કશું સામ્ય નથી. મારા લખવાનો આશય તો એટલો જ છે કે બચ્ચાંને જેમ ઉછેરીએ તેમ ઉછેરાય. તેમને સારુ અનેક પ્રકારના નિર્દોષ આનંદો શોધાય.

દુકાનની મીઠાઈ ઘણી તો આજકાલ મુદ્દલ ખાવાને લાયક હોતી નથી. સારી રીતે બનાવેલી મીઠાઈઓમાંથી પણ ઘણી અપચો કરનારી હોય છે. એટલે બાળકોને સાત્ત્વિક આનંદ આપવો હોય તો તેમને સૂકો ને લીલો મેવો આપી અથવા ઘેર બનાવેલી કંઈ વસ્તુ બંધાવી ફરવા ને રમતગમત કરવા મોકલવાં જોઈએ. એવી ઘણી લાંબી કે ટૂંકી મુસાફરી ગોઠવી શકાય કે જેમાં તેમને ગમતની સાથે જ્ઞાન મળે.

હવે રહી રોશની. રોશની પણ ન સમજી શકાય એવી વસ્તુ છે. તેમાં નકામું ઘી તેલ બગડે છે ને આસપાસની હવા ઝેરી થાય છે. એક બત્તી માણસના જીવનને સારુ જરૂરી એવો

1. આ જ વિષય પર ગાંધીજીએ અંગ્રેજીમાં એક લેખ ૨૫–૧૦–૧૯૨૮ના यंग इन्डियामां લખ્યો હતો.

Gandhi Heritage Portal

પ્રાણવાયુ કેટલો ખાઈ જાય છે એની ખબર થોડા જ માણસોને હોય છે. રોશનીમાં પૈસા ફેંકી દઈ આપણે અનારોગ્ય વહોરી લઈએ છીએ.

ત્યારે આમ જે પૈસો બચે તેનું શું કરવું એ પ્રશ્ન હજુ વિચારવાનો રહે છે. કૃપણની જેમ એ પૈસો દાટી ન દેવાય. પણ તેનો બધો નહીં તો અમુક ભાગ લોકકલ્યાણને અર્થે વાપરવો જોઈએ. મારો અભિપ્રાય એક જ હોય. ખાદી સર્વવ્યાપક પ્રવૃત્તિ છે, તેમાં બીજી બધી વસ્તુ આવી જાય છે. એટલે તેને ઉત્તેજન આપવામાં એ પૈસાનો ઉપયોગ થવો જોઈએ. જે કંગાળ લોકોને પ્રતાપે આપણે પૈસો એકઠો કરીએ છીએ તેમને તહેવારોને દિવસે તો યાદ કરીએ! અને ખાદીની મારફત યાદ કરવા એ સારામાં સારો માર્ગ છે. ખાદીની મારફત તેમની સાથે તે દિવસોમાં આપણે સંબંધ બાંધીએ એ જેવું કલ્યાણકર છે તેવું જ શોભાપ્રદ છે. પણ જેને ખાદી અળખામણી હોય તે ભલે બીજી કોઈ શુભ પ્રવૃત્તિમાં પોતાનો બચેલો પૈસો વાપરે. અંત્યજ અને ગાય આપણે આંગણે રોજ પોકાર કરી રહ્યાં છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૧૦–૧૯૨૮

## ૪૪૭. આપણે હિંદુસ્તાન કેમ ખોયું?[૧]

દેશબંધુના અવસાનના થોડા દિવસ પહેલાં જ જલપાઈગુરીમાં ત્યાંના વેપારીઓએ આપેલા માનપત્રના જવાબમાં મેં તેમને કહેલું કે વેપારીઓને કારણે આપણે હિંદુસ્તાન ખોયું અને તે આપણે પાછું પણ તેમની મારફત જ મેળવવું રહ્યું. જો આ કથનની સત્યતા માટે દૃષ્ટાંતની જરૂર હોય તો તેવું સચોટ ઉદાહરણ એક વેપારીમંડળે તેવાં જ બીજાં મંડળોને મોકલેલો નીચેનો પરિપત્ર પૂરું પાડે છે.

> [૨]તમે જાણો છો કે માન્ચેસ્ટરના સૂતરનો ને તેના કાપડનો વેપાર હાલ મંદ થઈ ગયો છે, અને વધારે મંદ થતો જોવામાં આવે છે. આ વેપારમાં વેપારીઓ જે રસ પ્રથમ લેતા તે હાલ નથી લેતા. આ ઉદાસીનતાને લીધે આપણા લોકોને સારુ જે એક મોટા લાભની વસ્તુ હતી તે તેઓ ગુમાવતા જાય છે. તેઓ ધારે તો લેતા હતા તેટલો જ લાભ પાછો લઈ શકે છે. આ વેપારમાં બીજી કોમોની જેમ મારવાડી કોમનો મોટો હિસ્સો છે, તેથી મારી કમિટીએ એવો ઠરાવ કર્યો છે કે આ મંદીનાં કારણો બરાબર શોધી કાઢવાં અને અગત્યનો વેપાર પાછો સજીવન થાય એવા ઉપાય યોજવા. આ કામ બધાના લાભનું છે, તેથી મારી કમિટીનો ઇરાદો આ વેપારની સાથે સંબંધ ધરાવતાં જુદાં જુદાં વેપારી મંડળોના પ્રતિનિધિને મળવાનો છે. આમ કરવાથી સાથે મળીને પગલું ભરી શકાય છે કે નહીં એ જોઈ શકાશે. જો તમારી ચેમ્બરને આ સૂચના ગમે, અને મારી કમિટી આશા રાખે છે કે ગમશે જ, તો મારી કમિટી એક સંમેલન બનતી ઉતાવળે નોતરશે. જવાબ તુરત મોકલવા કૃપા કરશો.

૧. આ જ વિષય પર ૪–૧૧–૧૯૨૮ના નવજીવનમાં ગાંધીજીએ એક લેખ લખેલો. તે માટે જુઓ પુસ્તક ૩૮, લેખ ૧૮.

૨. આ પરિપત્ર ૪–૧૧–૧૯૨૮ના નવજીવનમાંથી આપ્યો છે.

Gandhi Heritage Portal

આ પરિપત્રની તારીખ ૧૯ જુલાઈ[૧], ૧૯૨૮ છે. એ પ્રયત્નનું પરિણામ શું આવ્યું તેની મને ખબર નથી. પણ હાલ તુરત આપણને તેના પરિણામ સાથે સંબંધ નથી. જ્યારે આખો દેશ તમામ પ્રકારના વિદેશી કાપડનો બહિષ્કાર કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે ત્યારે માન્ચેસ્ટરનાં કાપડ અને સૂતરનો વેપાર ચાલુ રહે તે માટે ઉપાયો યોજવામાં પડેલાં પ્રતિષ્ઠિત વેપારી મંડળો આપણી વચ્ચે હોય એ હકીકત જ એટલી ચોંકાવનારી છે કે પ્રત્યેક પ્રજાસેવકે તેની નોંધ લેવી ઘટે.

આ પત્રનાં પાનાંઓ પર વખતોવખત એ બતાવવામાં આવ્યું છે કે અંગ્રેજો પોતાના વેપારના કારણે જ હિંદુસ્તાનને વળગી રહ્યા છે અને આપણી વધારેમાં વધારે આયાત કાપડની છે. જ્યાં સુધી આપણે રાષ્ટ્રનું શોષણ થવા દઈશું ત્યાં સુધી કોઈ પણ ઉપાયે અંગ્રેજો હિંદને વળગી રહેશે એ સાબિત કરવા માટે સાચે જ કોઈ કમિટી કે કમિશનની જરૂર નથી. એટલે આપણી સૌ પ્રથમ જરૂરિયાત હિંદમાં વસેલા અંગ્રેજોનું કે અંગ્રેજ રાજકર્તાઓનું હૃદયપરિવર્તન કરવાની કે તેમને અહીંથી કાઢી મૂકવાની નહીં પણ પોતાના સ્વાર્થને ખાતર દેશને વેચી રહેલાં વેપારી મહાજનોનો ને તેમના આશ્રિતોનો હૃદયપલટો કરવાની છે.

દેશને ખાતર આપણાં વેપારી મહાજનોએ બરબાદ થવાની પણ જરૂર નથી. આપણે અત્યારે જે કાપડ અને સૂતર આયાત કરી રહ્યા છીએ તેની હિંદને જરૂર પડવાની જ. વેપારી મહાજનોએ તો કેવળ, જેને માટે બિલકુલ શંકા નથી એવી તેમની શક્તિ, એ બધો માલ હિંદનાં સાત લાખ ગામડાંઓમાં તૈયાર કરવા માટે કામે લગાડવાની છે. એમ કરવાથી સહેજે એમને પોતાને લાભ થશે. એટલું ખરું કે તેમણે વેપારી જુગાર, સટ્ટો અને આસપાસના વાતાવરણ સાથે જરાયે બંધ ન બેસતી તેમની મહેલાતો છોડવી પડશે અને તેમના ગ્રાહકોની સ્થિતિ સાથે થોડો મેળ રાખતી હોય એટલી આવકથી સંતોષ માનવો પડશે. બીજા શબ્દોમાં કહીએ તો હાલ જેમ તેઓ ગામડાંઓને ચૂસવામાં ભાગ લઈ રહ્યા છે તેમ કરવાને બદલે જેમના પર તેમની સમૃદ્ધિનો આધાર છે તેવાં આ ગામડાંઓને મોડો મોડોયે થોડો બદલો આપશે. પેટ અને બીજાં અંગોની વાત એક સનાતન વાત છે. કરોડો શ્રમજીવીઓ રાષ્ટ્રનું પેટ છે. વેપારી અને બીજાઓ રાષ્ટ્રનાં બાકીનાં અંગો છે. જો પેટ ભૂખે મરે તો બીજાં અંગો પણ ચીમળાઈ જાય. જેઓને આંખ છે તેઓ જોઈ શકે છે કે સારા એવા લાંબા સમયથી પેટને શરમજનક રીતે ભૂખે મારવામાં આવી રહ્યું છે એટલે રાષ્ટ્રનાં બીજાં અંગો ચીમળાયા વગર ન જ રહે એ દિવસ પછી રાત આવે તેના જેટલું જ સ્વાભાવિક છે. એટલે બહુ મોડું થાય તે પહેલાં આપણે પ્રાયશ્ચિત્ત કરીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५-१०-१९२८

૧. નવજીવનના લેખમાં આ તારીખ ૭ જુલાઈ છે.

Gandhi Heritage Portal

## ૪૪૮. इकनॉमिक्स ऑफ खद्दर

इकनॉमिक्स ऑफ खद्दर (खादीनुं अर्थशास्त्र)ના લેખક મિ. રિચાર્ડ બી. ગ્રેગ મહેનતુ અભ્યાસી છે. પોતાની મીમાંસાના સમર્થનમાં એમને બીજી વધારે સામગ્રી મળી છે, તથા એમના પુસ્તકમાંની કેટલીક છાપભૂલો એમને જડી છે. આ વધારાની માહિતી તથા ભૂલોનું શુદ્ધિપત્રક એમણે મારા પર મોકલ્યાં છે.[1] મિ. ગ્રેગના પુસ્તકના અભ્યાસીઓ વાસ્તે એ વધારા તથા શુદ્ધિઓ હું અહીં છાપું તો यंग इन्डियाના વાચકોને વાંધો નહીં હોય. ખાદીપ્રેમીઓને અધ્યયન તથા સંશોધનમાં સરળતા મળે તેટલા માટે મિ. ગ્રેગ એક વિગતવાર સૂચિ પણ તૈયાર કરી રહ્યા છે, એ જાણી વાચક રાજી થશે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, ૨૫–૧૦–૧૯૨૮

## ૪૪૯. નવમી ગુજરાતી સાહિત્ય પરિષદને સંદેશો

ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

જ્યાં આનંદશંકરભાઈ પ્રમુખ હોય ત્યાં સફળતા જ હોય. હું આશા રાખું છું કે સાહિત્ય-સેવકો ગુજરાતના ગરીબોને નહીં ભૂલે અને આનંદશંકરભાઈ નહીં ભૂલવા દે.

[મૂળ ગુજરાતી]
प्रजाबंधु, ૨૮–૧૦–૧૯૨૮

## ૪૫૦. સ્વેન્સ્કા કિર્કન્સને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

મેસર્સ સ્વેન્સ્કા કિર્કન્સ
ડાયકૉનિસ્ટિરેલ્સીમ, હૉકફૉર્લાગ, સ્ટૉકહોમ ૭ (સ્વીડન)
ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. મારો પત્ર[2] હજી તમને મળ્યો નથી જાણી આશ્ચર્ય થાય છે. પત્રનો સાર એ હતો કે આત્મકથાનું સ્વિડિશમાં ભાષાંતર કરવાની તમને છૂટ છે, અને એ અંગે જે કંઈ રકમ તમે મોકલશો તે કોઈ લોકસેવાના કાર્યમાં વપરાશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૨૭૮૩

૧. અહીં આપ્યાં નથી.
૨. ૮–૬–૧૯૨૮નો, જુઓ પુસ્તક ૩૬.

Gandhi Heritage Portal

## ૪૫૧. એફ. બી. ફિશરને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

હિંગહૅમથી લખેલો તમારો પત્ર મળ્યો હતો. અન્ડર્સ્ટૅન્ડિંગ ઇન્ડિયા (ભારતને સમજીએ) નામનું પુસ્તક પણ મળ્યું છે. એ વાંચવાનો વખત ક્યારે મળશે તે તો ખબર નથી, પણ જ્યારે મળશે ત્યારે તરત મિસિસ વિલિયમ્સનું પુસ્તક વાંચી જઈશ.

આવતી સાલ દરમિયાન આપણે કોઈ વાર મળશું એવી તમારી ઇચ્છાનો હું પડઘો પાડું છું.

તમારો સહૃદયી

રેવરન્ડ એફ. બી. ફિશર
મેથડિસ્ટ એપિસ્કોપલ ચર્ચ, ૩ મિડલટન સ્ટ્રીટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૦૯

## ૪૫૨. હૅરિયટ ઍશબ્રૂકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો; આભાર. મિસિસ વિલિયમ્સનું પુસ્તક પણ મળ્યું છે. મને વખત મળશે કે તરત જ હું એ પુસ્તક વાંચી જઈશ, અને મારો અભિપ્રાય તમને લખી જણાવીશ. પણ મારે માથે કામનો એટલો બોજો છે કે પુસ્તક વાંચવાનો સમય ક્યારે મળે તે કહેવાય નહીં.

તમારો સહૃદયી

હૅરિયટ ઍશબ્રૂક
કોવર્ડ મૅક્કૅન, ૪૨૫ ફોર્થ ઍવિન્યૂ, ન્યૂ યૉર્ક

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૯૦

૧. એમના ૭ સપ્ટેમ્બરના પત્રના જવાબમાં એમણે લખ્યું હતું: “મધર ઇન્ડિયા પુસ્તકે અમેરિકામાં ભયંકર સનસનાટી પેદા કરી છે. આ પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તે કળવું મુશ્કેલ બન્યું છે. . . . તાજેતરમાં ગર્ટ્રુડ માર્વિન વિલિયમ્સ કૃત પુસ્તક અન્ડરસ્ટૅન્ડિંગ ઇન્ડિયા પ્રસિદ્ધ થયું છે. મારું માનવું છે કે મિસ મેયોએ ઊભી કરેલી ખોટી છાપ ભૂંસવામાં આ પુસ્તક ઘણી મદદ કરશે.

Gandhi Heritage Portal

## ૪૫૩. હૉરેસ હૉલ્બીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

વર્લ્ડ યુનિટી (વિશ્વની એકતા) નામના માસિક સાથે મોકલેલો તમારો પત્ર મળ્યો છે. બદલામાં અમારું મુખપત્ર મોકલવા માટે તમારું નામ નોંધી લેવા મેં વ્યવસ્થાપકને સૂચના આપી છે.

યંગ ઇન્ડિયામાંથી તમને કંઈ ગમે તો તે ઉતારવાની તમને બેશક છૂટ છે, અને તમારા સામયિકમાંનું કોઈ લખાણ યંગ ઇન્ડિયાના વાચકો માટે મને અગત્યનું લાગશે, તો હું યોગ્ય ઋણસ્વીકાર સાથે એ છાપીશ.

તમારો સહૃદયી

હૉરેસ હૉલ્બી એસ્ક્વાયર
તંત્રી: વર્લ્ડ યુનિટી
૪ ઇસ્ટ ૧૨ સ્ટ્રીટ, ન્યૂ યૉર્ક

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૩૯૭

## ૪૫૪. જે. બી. પેનિંગ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર વાંચી આનંદ થયો. જે પુસ્તકનો તમે ઉલ્લેખ કર્યો છે તે વાંચી જવાનો સમય મળે તો કેવું સારું!

ગરીબીના પ્રશ્ન બાબત તો જણાવવાનું કે જે ભારતને હું ઓળખું છું તે જોવાની તક તમને પણ મળે એવું હું ઇચ્છું છું. મારી ખાતરી છે કે ભારતની ગરીબી અંગેનું તમારું મંતવ્ય[1] તરત જ બદલાશે; એનાં કારણોની વાત તો જવા દઈએ. તમારી આલોચના મેં પ્રો. વકીલને મોકલી આપી છે.

મને તો ખાતરી જ છે કે તમારે હજી ઘણાં વર્ષ જીવવાનું છે.

તમારો સહૃદયી

જે. બી. પેનિંગ્ટન, એસ્ક્વાયર
૩ વિક્ટોરિયા સ્ટ્રીટ, ૩ વેસ્ટ મિન્સ્ટર, [લંડન] એસ. ડબ્લ્યુ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૪૦૪

૧. હિંદુ વારસા કાયદાને પરિણામે જમીનોના ભાગલા પડી જાય છે એ હકીકત હિંદની ગરીબીનું મુખ્ય કારણ છે તે વાત સી. એન. વકીલ ચૂકી ગયા હતા એમ પેનિંગ્ટને લખ્યું હતું.

Gandhi Heritage Portal

## ૪૫૫. ડૅનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર

ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા પત્ર માટે આભાર. એની નકલ હું સર પુરુષોત્તમદાસ ઉપર મોકલું છું.

તમારો લેખ મેં યંગ ઇન્ડિયામાં છાપ્યો હતો, એ તમે જોયું હશે. ઘણા અર્થશાસ્ત્રી મિત્રોએ એમાં રસ લીધો છે. ઓછામાં ઓછી એક આલોચના તો આવશે જ, એવું હું ધારું છું.

તમારા લેખવાળા યંગ ઇન્ડિયાના અંકો તમને મળ્યા હશે એમ માનું છું.

તમારો સહૃદયી

સર ડૅનિયલ હૅમિલ્ટન
બાલમાઓરા, બાઈ કાઇલ, રૉસ શાયર, ઇંગ્લંડ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૪૧૮

## ૪૫૬. ડબ્લ્યુ. એચ. પિટને પત્ર

ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

ઘણા લાંબા સમયે અને જુદા સંજોગોમાં તમારો પત્ર મળવાથી આનંદ થયો.[1]

શ્રીકૃષ્ણ પિલ્લાઈના[2] મૃત્યુથી ઘણી ખોટ પડી છે એવા તમારા મત સાથે હું પૂરેપૂરો સંમત છું.

ત્રાવણકોરમાંનો અસ્પૃશ્યતાનો પ્રશ્ન હજી અણઊકલ્યો જ રહ્યો છે. પણ અસ્પૃશ્યતા તો બહુ ધીમે ધીમે પણ બેશક એકધારી ખતમ થઈ રહી છે.

તમે તથા તમારાં પત્ની બંને મઝામાં હશો.

તમારો સહૃદયી

ડબ્લ્યુ. એચ. પિટ એસ્ક્વાયર
લિડિંગ્ટન, સ્વિન્ડન, વિલ્ટ્સ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૪૨૩

૧. ૧૯૨૮ના એપ્રિલ સુધી મિ. પિટ ત્રાવણકોરના પોલીસ કમિશનર હતા. પોતાનો ૧૫મી જૂનનો પત્ર તેમણે આમ શરૂ કર્યો હતો : "પ્રિય મહાત્માજી, સરકારી રીતરસમથી મુક્ત એવો માત્ર સામાન્ય નાગરિક હવે હું બન્યો છું, ને તેથી આપને ખાલી મિ. ગાંધી તરીકે ન સંબોધતાં આપના આધ્યાત્મિક પદથી સંબોધી રહ્યો છું." (એસ. એન. ૧૪૪૨૨)

૨. ત્રાવણકોર દેવસ્વમના કમિશનર.

Gandhi Heritage Portal

## ૪૫૭. એસ. ગણેસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ગણેસન,

સ્પેનથી આવેલો પત્ર આ સાથે છે. એ ભાઈએ માગેલી માહિતી મોકલશો, અને ચોપડીઓ તો તમને પૈસા મળે પછી જ મોકલજો.

મિસ્ટર ગ્રેગ હાલમાં અહીં છે. એમની ફરિયાદ છે કે તમે કાગળ લખતા નથી. ધંધાર્થે કંઈ પૂછપરછ થઈ હોય તેનો પણ પત્ર નથી. બીજી ફરિયાદ એવી છે કે શાંતિનિકેતનવાળા શ્રી રૉયને પણ તમે પુસ્તક મોકલ્યું નથી. અહીંથી એક નકલ મેં હવે મોકલી છે. આવી બેકાળજી કેમ?

ભારતીનાં ગીતો વિશે તમે લખેલા પત્રના જવાબમાં મેં આજે તમને તાર[1] કર્યો છે.

થોડા દિવસ પર નાભાના મહારાજાને પણ મેં પત્ર[2] લખ્યો હતો.

તમારો સહૃદયી

શ્રી એસ. ગણેસન
૧૮ પાઇક્રૉફ્ટ્સ રોડ, ટ્રિપ્લીકેન, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૭૩

## ૪૫૮. મીઠુબહેન પિટીટને પત્ર

ઑક્ટોબર ૨૬, ૧૯૨૮

વહાલાં બહેન,

તમારો કાગળ મારે હાથ આજે જ આવ્યો છે. રામદાસે તો તેના પહેલાં તમારી આજ્ઞા સ્વીકારી લીધી છે એમ સમજ્યો છું. છતાં તમારો કાગળ તેને મોકલું છું.

તમે જંગી કામ ઉપાડયું છે પણ તમારા હાથને જશ છે એટલે બધું ઠીક જ થશે. તબિયત તો જાળવતાં જ હશો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૭૦૭

૧. મળતો નથી.
૨. જુઓ "નાભાના મહારાજાને પત્ર", ૧૮-૧૦-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૪૫૯. શ્રીમતી એસ. આર. દાસને તાર

[ઑક્ટોબર ૨૬ ૧૯૨૮, કે તે પછી][1]

શ્રીમતી એસ. આર. દાસ
કલકત્તા

તમને પડેલી ખોટમાં મારી ઊંડી સહાનુભૂતિ. આ ખોટમાં તમારા અનેક મિત્રો સહભાગી છે. હું પણ એમાંનો એક છું.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૮૫

## ૪૬૦. મીરાંબહેનને પત્ર

ફરી વાંચ્યો નથી

ઑક્ટોબર ૨૭, ૧૯૨૮

ચિ. મીરાં,

કુસુમને મલેરિયાનો તાવ આવ્યો હોવાથી રાત્રે અઢી વાગ્યાથી મેં લખવા માંડયું છે. કેટલાએ લોકો એ તાવમાં પડ્યા છે. છગનલાલ જોશીને ત્યાં બધાં તાવમાં સપડાયાં છે; નારણદાસને ફરીથી તાવ લાગુ પડ્યો છે. બા સારી પેઠે હેરાન થયાં, પ્યારેલાલ લોથપોથ થઈને પડ્યા છે, છોટેલાલજી પાછા પટકાશે એમ લાગે છે, અલમસ્ત સુરેન્દ્ર પણ બચી શક્યો નથી. બીજાંઓ પણ પડ્યાં છે; પણ કોનો ઉલ્લેખ કરું અને કોને રહેવા દઉં. સ્ટૅન્ડેનૅથને ભૂલવો ન ઘટે. એને બહુ સખત તાવ આવ્યો હતો. આ સ્થિતિમાં મારી શી વલે હશે એની કલ્પના કરી લેજે. મહાદેવ બારડોલી છે.

આટલાં બધાં તાવમાં સપડાયાં છે છતાં ઈશ્વર મારી પાસેથી કામ લેવા ચાહતો હોય એમ લાગે છે. અને મને ઠીક ઠીક તંદુરસ્ત રાખે છે. પણ કોને ખબર . . .?

બધું ધીમે ધીમે થાળે પડતું જાય છે. વાછરડા પ્રકરણે મારું લક્ષ સારી પેઠે રોકી લીધું. એણે લોકોને વિચાર કરતા કરી મૂકયા એ ઘણું સારું થયું.

(પ્રાર્થનામાં જવા માટે મારે અહીં અટકવું પડયું.)

મળસકે ૪–૧૫

૧. વાઇસરૉયની કારોબારી સમિતિના કાયદા સભ્ય શ્રી એસ. આર. દાસ ઑક્ટોબરની ૨૬મીએ મૃત્યુ પામ્યા હતા.

Gandhi Heritage Portal

હરજીવન કોટક શ્રીનગરથી સાથેનો તાર[1] મોકલે છે. તું નેપાળ ન જાય તો પાછી વળીને તું કાશ્મીર જાય એમ હું ઇચ્છું. એની ગિરિમાળાઓ તેમ જ તેના ખાદીકામ માટે તારે એ જોવું જોઈએ.

પંડિત મોતીલાલજી આજે અહીં આવ્યા છે.

નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં હું વર્ધા પહોંચવા ધારું છું.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૩૧૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૭

## ૪૬૧. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ સુબ્રહ્મણ્યમ્,

તમારો પત્ર મળ્યો. કાઉન્સિલના[2] સભ્યો સાથે વાત કર્યા વિના હું મુદ્દલ સલાહ આપી શકું નહીં. તોપણ મને લાગે છે કે પંડિત જવાહરલાલની વાત સાચી છે કે, બીજી ઘણી બાબતો એમનો વખત રોકતી હોવાથી પોતે એજન્સીનું કામ યોગ્ય રીતે ન બજાવી શકે.

તમે મોકલેલો જવાહરલાલનો પત્ર આ સાથે પરત કરું છું.

તમારો સહૃદયી

શ્રી કે. એસ. સુબ્રહ્મણ્યમ્
અખિલ હિંદ ચરખા સંઘ, અમદાવાદ
૩૯૫ કાલબાદેવી રોડ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૨૭૮૪

૧. ૨૭ ઑક્ટોબરના એ તારમાં હતું: "આપની રજા હોય અને શક્તિ હોય તો મીરાંબહેન કાશ્મીર આવે એવું ઇચ્છું છું." એ તાર પર ગાંધીજીએ લખ્યું હતું: "એમને સીધો જવાબ લખજે. સરનામું: હરજીવન કોટક, અખિલ હિંદ ચરખા સંઘ ભંડાર, શ્રીનગર" (સી. ડબ્લ્યુ. ૫૩૧૮).

૨. અખિલ હિંદ ચરખા સંઘની. સુબ્રહ્મણ્યમે સંઘ તરફથી મોકલવાના પરિપત્રનો મુસદ્દો મોકલ્યો હતો. આ પરિપત્રો દ્વારા બધાં ખાદી સંગઠનોને આદેશ આપવાનો હતો કે કલકત્તા કૉંગ્રેસ વખતે ભરાનાર પ્રદર્શનમાં કોઈએ ભાગ ન લેવો; કારણ કે મિલ કાપડને પ્રદર્શનમાં સ્થાન આપવું કે નહીં તે બાબત સંઘ અને કલકત્તાની સ્વાગત સમિતિ વચ્ચે મતભેદ પડ્યો હતો.

Gandhi Heritage Portal

## ૪૬૨. ડી. એન. બહાદુરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૨૭, ૧૯૨૮

ભાઈશ્રી,

બારડોલીના પ્રશ્નની તપાસ આવતા મહિનાથી શરૂ થવાની છે તે તમે જાણો છો. તપાસ સમિતિ સમક્ષ પ્રજાનો કેસ કોઈ શ્રેષ્ઠ વકીલ રજૂ કરે એવી મારી તીવ્ર ઝંખના છે. કેસનો અભ્યાસ કરવાનો તથા તપાસ શરૂ થાય ત્યારે દલીલો કરવાનો સમય તમને મળી શકશે? સમિતિની બધી બેઠકો વખતે તમે હાજર રહો એવી અપેક્ષા મને નથી. પણ તમને દિલ થાય અને સમય હોય તો ખેડૂતોના સલાહકારને સામાન્ય દોરવણી આપો, અને જરૂર પડ્યે સમિતિ સમક્ષ ઉપસ્થિત થાઓ તો મને ગમે.

આ ચિઠ્ઠી મહાદેવ જાતે તમને આપશે. આવી જ ચિઠ્ઠી ભૂલાભાઈને[1] પણ મોકલું છું.

તમારો સહૃદયી

ડી. એન. બહાદુરજી એસ્ક્વાયર
રિજ રોડ, મલબાર હિલ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૭૫

## ૪૬૩. કલ્યાણજી મહેતાને પત્ર

શનિવાર [ઑક્ટોબર ૨૭, ૧૯૨૮][2]

ભાઈશ્રી કલ્યાણજી,

હિન્દુના તંત્રીને બેડી પહેરાવે છે ને બીજો જુલમ કરે છે એવી ફરિયાદ છે તે વિશે જે જાણતા હો તે લખજો.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

કાંતિ હવે હરતોફરતો હશે.

ભાઈશ્રી ૫ કલ્યાણજી
પાટીદાર આશ્રમ, સુરત

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૬૮૦

૧. ભૂલાભાઈ દેસાઈ.
૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૪૬૪. રામદાસ ગાંધીને પત્ર

સાબરમતી,
શનિવાર [ઑક્ટોબર ૨૭, ૧૯૨૮][1]

ચિ. રામદાસ,

તારો કાગળ મળ્યો છે.

હવે શા કામમાં ગૂંથાઈ ગયો છે તે જણાવજે. મીઠુબહેનના મંડળમાં જોડાયો એ ઠીક કર્યું છે.

બા નિમુને ત્યાં મોકલવા અધીરી થઈ રહી છે. નિમુએ તો કંઈ જ માગણી નથી કરી, પણ આજે બા બહુ આગ્રહ કરવા લાગી તેથી આટલું લખું છું.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

આ કાગળ લખ્યા પછી સાથેનો કાગળ વાંચ્યો, પણ હવે તો મારે તને દોરવાપણું નથી. મીઠુબહેનની મીઠી નજર નીચે તને કંઈ અડચણ નહીં આવે.

બાપુ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૬૮૫૮

## ૪૬૫. દક્ષિણમાં દુષ્કાળ

દક્ષિણનાં દુઃખનો પાર નથી. એક તરફથી સેલમની આસપાસ સખત દુષ્કાળ વર્તે છે, ત્યારે બીજી તરફથી કાકીનાડાની આસપાસ જળપ્રલય થયાના ખબર આવે છે. જળપ્રલયથી નુકસાન કેટલું થયું છે એ તો હવે જણાશે. દરમિયાન સૂકા દુષ્કાળ વિશે શ્રી રાજગોપાલાચારીએ પોતાની અરજી બહાર પાડી છે તે યંગ ઇન્ડિયામાં[2] છપાઈ છે. તે ઉપરથી જોવામાં આવે છે કે પાણીની તંગીને લીધે પાક નથી થયો ને ખેડૂતો ચિંતામાં પડી ગયા છે. કાંતનારી બાઈઓનો દરોડો ચાલ્યો છે. ગયે વર્ષે સપ્ટેમ્બરમાં ગાંધી આશ્રમમાં ૨૪૭૩ બાઈઓ રૂ લેવા આવી હતી, ત્યારે આ વર્ષના સપ્ટેમ્બરમાં ૬૪૨૩ આવી. એ જ માસમાં ગયે વર્ષે ૪૭૮૫ રતલ સૂતર આવ્યું, આ વર્ષે ૧૨,૮૦૨ રતલ.

આ કામ દુષ્કાળપીડિતને શુદ્ધમાં શુદ્ધ મદદ છે, ને પાકે પાયે બેસી જાય તો દુષ્કાળ છતાં તેની પીડા લોકોને ન લાગે. અત્યારે દુષ્કાળ પીડે છે, કેમ કે ખેડૂતો કામ વિનાના એટલે કમાણી વિનાના થઈ જાય છે. જો તેમને સહાયક ધંધાની હૂંફ નિશ્ચયપૂર્વક મળ્યા જ કરે તો તેઓ ચિંતામુક્ત થઈ શકે. આ સમયે બે રીતે મદદ અપાય: એક તો આ દુષ્કાળમાં ઉત્પન્ન થયેલી

૧. ટપાલની છાપ પરથી.
૨. જુઓ, "દક્ષિણમાં દુકાળ", ૨૫-૧૦-૧૯૨૮.

Gandhi Heritage Portal

ખાદી ખરીદી લઈને, અને બીજી મદદ બિનશરતી દાન આપીને. દુષ્કાળના આંકડા વગેરે હવે પછી પ્રગટ કરવાની હું આશા રાખું છું. અત્યારે તો જેઓ આ દુ:ખમાં ભાગ લેવા ઇચ્છે તેઓ યથાશક્તિ દાન મોકલે અથવા ખાદી ખરીદે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૮-૧૦-૧૯૨૮

# ૪૬૬. ગૂજરાત વિદ્યાપીઠ

મહાવિદ્યાલય અને વિનય મંદિરમાં દિવાળીની રજા પડવાને દિવસે આચાર્યે જે નિવેદન તૈયાર કર્યું હતું ને વિસર્જનના મેળાવડા આગળ વાંચી સંભળાવવામાં આવ્યું હતું એ બહુ અગત્યનું હતું. તે લાંબું છતાં ટૂંકા જેવું હતું, કેમ કે તેમાં ક્યાંયે શણગાર કે પુનરુક્તિ નહોતાં. તેની વિશેષતા તેની નિર્મળ સત્યતામાં હતી. દોષને છુપાવવાનો કે તેને નજીવા ગણાવવાનો પ્રયત્ન સરખોયે નહોતો. એમ છતાં ૧૧૨ દિવસના આ સત્રનું વૃત્તાંત ઘણું આશાજનક ગણાય. નિવેદનમાં અનેક પ્રવૃત્તિનો ટૂંકો હેવાલ છે. તે ઉપરથી જોઈ શકાય છે કે ઝીણામાં ઝીણી બાબત પણ ધ્યાન બહાર નથી રહેલી. આમાં ખેતીવિભાગ અને ઉદ્યોગ ધ્યાન ખેંચ્યા વિના નથી રહેતાં. ખેતીમાં ફળઝાડો અને કપાસનું વાવેતર નવો જ પ્રયોગ છે. ઉદ્યોગમાં પીલવું, પીંજવું, કાંતવું, વણવું અને સુથારીકામ ખાસ ધ્યાન ખેંચે છે. ઉદ્યોગને ઓછામાં ઓછા બે કલાક રોજ અપાય છે. ઉદ્યોગને બરાબર પહોંચી વળવા સારુ વધારે સમય આપવાની જરૂર તો રહેશે જ. કેમ કે પૂરા મહાવરા વિના એક પણ ઉદ્યોગ હાથ ન થઈ શકે, કારીગરના હાથ પૂરા કામ વિના રીઢા ન થાય. ઉદ્યોગ માનસિક ક્રિયાની જેમ નથી વિકસી શકતો. થોડું વાચન મળ્યા પછી મન વગર વાચને વિકાસ પામી શકે, કેમ કે ગમે તે ક્રિયા કરતાં મન વિચારનું કામ કરી શકે છે. ઉદ્યોગ કેવળ શારીરિક કામ હોવાથી તે જેટલો સમય ચાલે તેટલો જ સમય તે પાકે, એથી તેને મહાવરાની પૂરી આવશ્યકતા રહે છે. વળી મધ્યમ વર્ગને ઉદ્યોગની ટેવ જ હોતી નથી તેથી તે ટેવ પાડવાને સારુ વિશેષ મહાવરાની જરૂર રહે.

નિવેદનમાં બીજી ધ્યાન ખેંચનારી વસ્તુ તૈયાર થઈ રહેલો જોડણીકોશ છે. અત્યારની જોડણીની અરાજકતા ભાષાની વૃદ્ધિને રોકી રહેલી છે. આ કોશ માર્ચ માસ લગીમાં તૈયાર થઈ જવાની કાકાસાહેબની આશા છે. આ કામ થઈ જાય તો એક મહત્ત્વનું કામ જે લટકી રહ્યું છે તે પાર પડશે. હિંદની બધી ભાષાઓમાં એક ગુજરાતી જ એવી ભાષા જોવામાં આવે છે કે જેની જોડણીને વિશે સ્વચ્છંદ શક્ય છે.

નિવેદનમાં નવો પ્રયોગ નોકરોની સાથે સખાભાવ સાધવાનો છે. જો નોકરો વિના ન ચાલે તો નોકરોને પોતાની જોડે જ મૂકી દેવા એ બીજો ઉપાય ઐક્ય સાધવાનો છે. આ ઐક્ય નોકરોને સારુ એક વર્ગ ચલાવીને સાધવાની આશા કાકાસાહેબ રાખે છે. વિદ્યાર્થીઓ આ કામ પ્રામાણિકપણે કરશે તો કાકાસાહેબનો શુભ હેતુ પાર પડશે.

આમ નવી પ્રવૃત્તિઓ ચાલતાં છતાં અક્ષરજ્ઞાનને અવગણવામાં નથી આવ્યું. એ વિભાગ ઉપર પણ પૂરતું ધ્યાન આપવામાં આવે છે એમ નિવેદન વાંચનારને સ્પષ્ટ જણાયા વિના ન રહે. મતલબમાં વિદ્યાપીઠમાં તૈયાર થતા વિદ્યાર્થીઓને ગ્રામસેવક બનાવવાને સારુ જે સામગ્રીની


Gandhi Heritage Portal

આવશ્યકતા છે તે તેમની આગળ કાળજીપૂર્વક મૂકવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. એ સામગ્રી તેઓ ઝીલશે કે નહીં તે વિદ્યાર્થીઓની હોંશ ઉપર આધાર રાખે છે. વિદ્યાર્થીઓની હોંશનો આધાર શિક્ષકોની કળા ઉપર છે.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૮-૧૦-૧૯૨૮

## ૪૬૭. વૌઠાનો મેળો

આ મેળો વૌઠામાં દર કાર્તિકી પૂનમે ભરાય છે. તેને વિશે જાહેરખબર શ્રી ડાહ્યાભાઈ પટેલે તાલુકા સમિતિની વતી કાઢી છે તે નીચે પ્રમાણે છે:[1]

આમાં બે માગણી છે: એક સ્વયંસેવકની અને બીજી દ્રવ્યની. બંને સહાય મળી રહેશે એવી મને ઉમેદ છે. આ જાહેરખબર મોકલતાં શ્રી ડાહ્યાભાઈ લખે છે કે પ્રાંતિક સમિતિ તરફથી તેમને રૂ. ૩૦૦ની મદદ મળી છે. બીજી મદદ માત્ર રૂ. ૩૧ની હજુ લગી મળી છે. ખર્ચ ઓછામાં ઓછું રૂ. ૧૧૦૦નું હોય છે. એટલે બાકીની જૂજ રકમ ભરાઈ જશે એવી હું ઉમેદ રાખું છું. એટલે ખર્ચે લોકોની સેવા થઈ શકે એ હું સરસ ગણું છું. આવે સમયે સેવાસમિતિઓ ઘણું દ્રવ્ય ખર્ચી નાખે છે એમ મેં જોયું છે.

આવા મેળામાં જાહેરખબરમાં જણાવ્યું છે તેમ લોકો નિર્દોષ આનંદ જ લૂંટે છે એમ હંમેશાં બનતું નથી. ડાહ્યાભાઈએ આદર્શનું વર્ણન આપ્યું છે. સેવકનું કામ એવા મેળામાં નિર્દોષતા સાચવવાનું છે. ઘણી વેળા જોવામાં આવે છે કે મેળાઓમાં

૧. મર્યાદા મુકાય છે;
૨. જૂગટાં રમાય છે;
૩. મારામારી થાય છે;
૪. પાખંડીઓ પોતાના પાખંડ પ્રવર્તાવે છે; અને
૫. અનેક ન ખાવાની ચીજો ખવાય છે, ન વેચવાની ચીજો વેચાય છે.

હજારોની મેદનીમાં આ બધું એકાએક અટકાવવું અશક્ય છે. પણ દર વખતે પ્રયત્ન કરવાથી સુધારા થઈ શકે છે. આવે સમયે પરદેશી કાપડવાળા પરદેશી કાપડ પણ પુષ્કળ વેચે છે. એને બદલે ખાદીનો પ્રચાર સારી રીતે થઈ શકે. પણ આ બધું જાળવવું હોય તો તૈયારી પહેલેથી થવી જોઈએ, ને સ્વયંસેવકો સારા, સમજુ તેમ જ ત્યાગી ને ઠીક સંખ્યામાં હોવા જોઈએ. આવી સામગ્રી હોય તો લોકકેળવણીને સારુ આવા મેળાઓ ખૂબ ઉપયોગી થાય.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૮-૧૦-૧૯૨૮

૧. અહીં આપી નથી. મેળા વખતે ભેગા થતા યાત્રાળુઓના મોટા સમુદાયની સેવા માટે આગળ આવવા તથા તેની વ્યવસ્થા માટે નાણાં મોકલવા લોકોને અપીલ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

# ૪૬૮. અહિંસા પ્રકરણ

૧

અક પત્રકાર લખે છે:

> આપનો "પાવકની જ્વાળા"[1] નામનો લેખ મેં વાંચ્યો. ફરી ફરી વાંચ્યો. ખૂબ સંતોષ થયો. પણ વાંદરાં વિશે વાંચીને હું હેબતાઈ ગયો. મારા મનમાં તો હતું કે સૂર્યચંદ્ર એમની ગતિ રોકે તો ભલે, પણ જેની નસેનસમાં અહિંસા ફેલાયેલી છે એવા આપ કદી ન કહો, 'હું હિંસા કરી આશ્રમની રક્ષા કરીશ.' એમ મેં માન્યું હતું, પણ મારી ધારણામાં હું ભૂલ્યો લાગું છું. વાંદરાં વિશેનો લેખ વાંચતાં મને ખૂબ આઘાત થયો. મનમાં ખિજાયો પણ હોઈશ. મારી મૂંઝવણ ઉકેલશો?

આવી જ જાતના બીજા કાગળો પણ આવેલા છે. હું જોઉં છું કે મારે વિશે ઘણા ભલા માણસોએ બહુ મોટી આશા રાખેલી જણાય છે. મેં અહિંસાદિની વ્યાખ્યાઓ આપી છે તે જ પ્રમાણે હું પૂર્ણતાએ અમલ કરી શકું છું એમ આ ભલા માણસો માનતા લાગે છે. વાછરડા અને વાંદરાં વિશે મારી મનોવૃત્તિ જણાવી તેથી ઉપરની ભ્રમણા ભાંગતી જાય છે એ મને ભારે સંતોષનું કારણ છે. મહાત્માના પદ કરતાં મને સત્ય અનંતગણું પ્રિય છે. હું મહાત્મા નથી એમ જાણું છું, અલ્પાત્મા છું એવું મને બરોબર ભાન છે, તેથી મહાત્માપદે મને કદી ભમાવ્યો કે ભુલાવ્યો નથી. મારે કબૂલ કરવું જોઈએ કે હું તો પ્રતિક્ષણ હિંસા કરીને જ શરીરને નિભાવું છું, અને તેથી જ તેને વિશેનો રાગ ક્ષીણ થતો જાય છે. આશ્રમની રક્ષા કરતાં પણ હિંસા કરી રહ્યો છું. પ્રત્યેક શ્વાસ લેતાં ઝીણા જંતુઓની હિંસા હું કરું છું. એમ જાણતો છતો શ્વાસને રૂંધતો નથી. વનસ્પતિઆહાર કરવામાં પણ હિંસા કરું છું છતાં આહારનો ત્યાગ કરતો નથી. મચ્છરાદિના કલેશથી બચવાને સારુ ઘાસલેટ ઇત્યાદિ વસ્તુઓનો ઉપયોગ કરતાં તેનો નાશ થાય છે એવું જાણતો છતો આ નાશક પદાર્થોનો ઉપયોગ છોડતો નથી. સર્પોના ઉપદ્રવમાંથી આશ્રમવાસીઓને બચાવવાને સારુ જ્યારે તેને માર્યા વિના દૂર ન કરી શકાય ત્યારે તેને મારવા દઉં છું. બળદોને ચલાવતાં આશ્રમના માણસો તેને પરોણા વતી મારે છે તે સહન કરી લઉં છું. આમ મારી હિંસાનો અંત જ નથી. અને હવે વાંદરાંનો ઉપદ્રવ મને મૂંઝવી રહેલ છે. વાંદરાંને મારી નાખવાનો નિશ્ચય હું કદી કરી શકીશ કે નહીં એની મને ખબર નથી. એવા નિશ્ચયથી હું દૂર ભાગતો જાઉં છું. અત્યારે તો કેટલીક ઉપયોગી સૂચનાઓથી મને મિત્રો મદદ કરી રહ્યા છે, પણ આશ્રમની ખેતી રહો વા ન રહો છતાં હું વાંદરાંનો કદી નાશ કરીશ જ નહીં એવી પ્રતિજ્ઞા કરવાની મારામાં આજ તો હિંમત નથી. એ મારી નમ્ર કબૂલાતથી મિત્રો મારો ત્યાગ કરે તો હું લાચાર થાઉં અને એ ત્યાગને હું સહન કરું, પણ અહિંસા વિશેની મારી નબળાઈ અથવા અપૂર્ણતાને છુપાવીને કોઈની મૈત્રી રાખવાની મને ઇચ્છા નથી. મારે વિશે હું એટલો જ દાવો કરી શકું કે અહિંસાદિ મહાવ્રતોને ઓળખવાં અને તેનું સંપૂર્ણ પાલન મનથી, વચનથી અને કાયાથી કરવાનો હું સતત પ્રયત્ન કરી રહ્યો છું. તે પ્રયત્નમાં થોડી અથવા ઘણી સફળતા

૧. ૩૦-૯-૧૯૨૮નો.

Gandhi Heritage Portal

પણ મળી છે, છતાં મારે હજુ એ દિશામાં બહુ લાંબો પંથ કાપવાનો છે એનું મને ભાન છે. એટલે મજકૂર પત્રકાર જો મારી અપૂર્ણતાને ક્ષમ્ય ન ગણે તો તેમની મૂંઝવણનો બીજી રીતે ઉકેલ કરવાનો મારી પાસે ઉપાય નથી.

૨

બીજા પત્રકાર પૂછે છે:

> ધારો કે મારો મોટો ભાઈ ભયંકર અસહ્ય રોગથી પીડાય છે. દાક્તરો જીવવાની આશા છોડી દે છે. હું પણ માનું છું કે તે જીવવાનો નથી. મારે તેના પ્રાણહરણ કરવા?

પ્રાણહરણ ન કરવા એવો મારા જવાબ છે. આ બાબતમાં જે જે પ્રશ્નો આવ્યા છે તે ઉપરથી જોઉં છું કે વાંચનારાઓએ મારું લખાણ સમજવાની તસ્દી જ નથી લીધી. જે સ્થિતિ વાછરડાની હતી તેવી જ સ્થિતિમાં આવી ગયેલ મનુષ્યના પ્રાણહરણનું પણ મેં સમર્થન કર્યું છે. આ સરખામણીને પત્રકારો પોતાની મૂંઝવણ રજૂ કરતાં ભૂલી જાય છે. વસ્તુત: વાછરડાના જેવી જ સ્થિતિમાં મનુષ્ય પ્રાણી ભાગ્યે જ મુકાય છે. એક તો તેનું કદ વાછરડાના કરતાં નાનકડું રહ્યું એટલે તેને આમતેમ ફેરવતાં મુશ્કેલી ન આવે. વળી તે વાછરડાની જેમ અવાચક નથી તેથી ઘણી વેળા તો પોતાની ઇચ્છા જણાવી શકે છે. અને કોઈના પણ પ્રાણહરણ તેની મરજી વિરુદ્ધ કરવામાં અહિંસા છે એવું વાછરડા પ્રકરણમાં મેં ક્યાંયે લખ્યું નથી. મનુષ્ય બેશુદ્ધ હોય ત્યારે પણ તેના જીવવાની આશા આપણે ઝટ છોડતા નથી. વળી આશા છૂટતાં છતાં સેવા કરવાની આશા અને સગવડ તો અસંખ્ય કેસોમાં રહેલી જ હોય છે. એટલે વાછરડાના જેવી જ સ્થિતિમાં મુકાયેલ મનુષ્ય ભાગ્યે જ મળે. મનુષ્યનું દૃષ્ટાંત તો મેં એટલા કારણસર આપ્યું કે મનુષ્ય અને વાછરડાની વચ્ચે અહિંસાની દૃષ્ટિએ ભેદ હોઈ શકે નહીં. જે ન્યાય વાછરડાને તે જ મનુષ્યને ઘટે. પણ મને આશા હતી કે મારી સરખામણીમાંથી બધા વાંચનાર મનુષ્ય-પ્રાણી અને વાછરડાની વચ્ચેનો સ્વાભાવિક ભેદ સમજી લેશે. પ્રાણહરણની શરતો ફરી હું જણાવી જાઉં:

૧. રોગ અસાધ્ય હોય.
૨. બધાએ રોગીના જીવવાની આશા છોડી હોય.
૩. તેની સેવા અશક્ય હોય.
૪. તેની ઇચ્છા જાણવી અશક્ય હોય.

આ ચાર સ્થિતિમાંથી એકનો પણ અભાવ હોય ત્યાં લગી પ્રાણહરણ ન કરાય.

૩

ત્રીજા પત્રકાર લખે છે:

> વાછરડાનું તો ઠીક, પણ તમારું જોઈને ગરીબ બિચારાં બકરાં વગેરેનો વધ દેવદેવીઓને ચડાવવાને ખાતર કરવામાં આવે છે તે પ્રથાને ઉત્તેજન મળશે એ તમે વિચાર્યું છે? બકરાંનો ભોગ ચડાવનારા બકરાંનું કલ્યાણ ઇચ્છનારા હોવાનો દાવો કરે છે એ તમે નથી જાણતા?

મારા કાર્યનો આવો દુરુપયોગ સાવ સંભવિત છે. એ થશે એમ પણ હું જાણતો નથી. પણ જ્યાં લગી પાખંડ અને મૂર્ખતા જગતમાં છે ત્યાં લગી આવા દુરુપયોગ તો થયા જ કરશે. કયા ધર્મને નામે હજુ લગી ધતિંગ અને અધર્મ નથી ફેલાયાં? એટલે દુરુપયોગના ડરથી જે

Gandhi Heritage Portal

યોગ્ય હોય તે કરતાં મનુષ્યે ડરવું ન જોઈએ એમ સામાન્ય નિયમ છે. બલિદાનરૂપે બકરાંનો વધ કરનારને મારા ટેકાની જરાયે જરૂર નથી. તેઓ પોતાનું કાર્ય શાસ્ત્રને નામે કરે છે. ખરો ભય તો આ છે: મારા કાર્યનો દાખલો રજૂ કરી પોતે માનતા દુશ્મનોનો વધ કરવાને પણ કેટલાક તૈયાર થવાના છે. તેઓ કહેશે: 'દુશ્મનને મારવામાં અમે લોકોનું અને તેનું એમ બેનું કલ્યાણ સાધીએ છીએ.' આવી દલીલ મેં ઘણી વાર સાંભળી છે. મારે સારુ તો આટલું બસ છે કે મારા દૃષ્ટાંતમાં ને મજકૂર કાર્યોમાં સામ્ય જ નથી. બકરાના કે દુશ્મનના વધમાં બેમાંથી એકેની સંમતિની તો વાત જ નથી. અને જો બકરાંનું ને દુશ્મનનું કલ્યાણ મનાયું છે તો તેટલો જ સ્વાર્થ વધ કરવામાં વધ કરનારનો પણ રહેલો છે. પણ જેને આંખ ઉઘાડીને જોવું જ નહીં હોય, એ તો આવો સ્પષ્ટ ભેદ પણ નથી જોઈ શકવાના. સરખામણી કરનારા સરખામણીના નિયમનો જ લોપ કરે તો તેને કોણ પહોંચે?

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૨૮-૧૦-૧૯૨૮

# ૪૬૯. વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિ[૧]

### ભવિષ્યની રચના

વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિમાંનો એક પ્રશ્ન આ છે:

> આપણા દેશની ભવિષ્યની આર્થિક રચના આપના વિચારો પ્રમાણે કયા ધોરણે અને કેવી થવી જોઈએ? તેમાં વીમા કંપનીઓ, બૅન્કો વગેરે ચાલુ જમાનાની ઔદ્યોગિક સંસ્થાઓનું શું સ્થાન હશે?

આનો ટૂંકો જવાબ આ છે: આ દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહીં, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને જો આવી સ્થિતિ આખા જગતને વિશે આપણે ઇચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક મનુષ્યની પોતાની પાસે રહેવાં જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાએ ધનસંપત્તિનો લોભ મુદ્લ રાખવો જ ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર સૌને સરખો હક છે અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઇજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢીની પાસે હોય એ ન્યાય નહીં પણ અન્યાય છે. આ મહાન સિદ્ધાંતોનો અમલમાં અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી થતો તેથી જ આ દેશમાં અને જગતમાંના બીજા ભાગમાં પણ ભૂખનું દુઃખ વર્ત્યા કરે છે. તેના નિવારણાર્થે રેંટિયા અને ખાદીની પ્રવૃત્તિ યોજાયેલી છે. મેં સૂચવ્યા પ્રમાણે આર્થિક રચના જ્યારે થઈ હશે ત્યારે પણ બૅન્કો અને કદાચ વીમા કંપનીઓ પણ હશે. પણ એ બધાનું રૂપાંતર થયું હશે. બૅન્કો આજ આ મુલકમાં તો ગરીબોને સારુ નથી જેવી છે. ઘણી બોજારૂપ છે. વીમા કંપનીઓનો તેમને ખપ જ નથી. મેં કલ્પેલી આદર્શ સ્થિતિમાં વીમા કંપનીઓ કયું સ્થાન ભોગવે એ સૂઝી શકતું નથી. બૅન્કો ગરીબોની યત્કિંચિત્ થાપણ સાચવનારી દેશહિતને અંગે રચાયેલી સંસ્થાઓ

૧. નવજીવનમાં આ પ્રશ્નાવલિ "નોંધ" નામના લેખમાં પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

હશે. સરકારે યોજેલી ઘણી સંસ્થાઓને વિશે મને કશો મોહ રહ્યો નથી, પણ તેની સેવિંગ્ઝ બૅન્ક ગરીબોને મદદ કરનારી સંસ્થા ગણી શકાય. છતાં એનો ઉપયોગ પણ મુખ્યત્વે શહેરોમાં વસનારાઓને જ મળે છે. અને જ્યાં લગી આપણો નાણાંનો ભંડાર સરકાર હિંદુસ્તાનની બહાર રાખે છે ત્યાં લગી સેવિંગ્ઝ બૅન્કને પણ હું સહીસલામત સંસ્થા નથી ગણતો. જે રાજ્યપદ્ધતિ લોકહિતને જ ખાતર ને તેની સંમતિથી નથી રચાયેલી તે આણીને વખતે વિશ્વાસપાત્ર ન ગણાય. દેશમાં લડાઈ ચાલે તો સરકારને ઓથે ચાલતી બધી બૅન્કો નકામી ગણાય. કેમ કે તેમાં રહેલાં લોકોનાં નાણાં લોકોની જ સામે વપરાય. આ ભલે અનિવાર્ય જોખમ ગણાઓ, પણ તે જોખમ ખેડીને જ સહુ પોતાનાં નાણાં સરકારી બૅન્કોમાં રાખે છે. તેથી એમ કહી શકાય કે જેઓ સરકારી બૅન્કોમાં નાણાં મૂકે છે તેઓ સરકારના પાયા મજબૂત કરે છે. આપણે આવાં કામો કરતાં છતાં તેનાં પરિણામો જાણીએ ને સમજીએ એ આવશ્યક છે.

## પરદેશી વિ. સ્વદેશી

વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિમાં એક બીજો પ્રશ્ન આ છે:

> કાપડ સિવાયની પરદેશથી આવતી બીજી ચીજોના વેપાર વિશે આપ શું ધારો છો? એ જાતનો કઈ ચીજોનો વેપાર તાત્કાલિક બંધ થવો જોઈએ એમ આપ ઇચ્છો છો? એ વેપાર ભવિષ્યમાં કેવો હોવો જોઈએ?

કાપડ સિવાયની બીજી પરદેશી ચીજો વિશે હું સામાન્ય રીતે તટસ્થ છું એમ કહેવાય. પરદેશી વાસ્તે જ ત્યાજ્ય એવું તો મારી ધર્મપોથીમાં ક્યાંયે લખ્યું જ નથી. મારી ધર્મપોથીમાં તો આ ઉલ્લેખ છે: સ્વદેશને જે હાનિકારક હોય તે બધું પરદેશી ત્યાજ્ય છે. એટલે દેશમાં જે વસ્તુ પૂરા પ્રમાણમાં આપણે પેદા કરી શકતા હોઈએ તે વસ્તુ પરદેશથી કદી ન મગાવીએ. જેમ કે ઘઉં. ઑસ્ટ્રેલિયાના ઘઉં વધારે સારા છે તેથી તે મગાવવા ને દેશના તજવા એ હું પાપ માનું. પણ જો ઓટમીલની અગત્ય સિદ્ધ થાય તો—કેમ કે આપણે ત્યાં ઓટમીલ થતા નથી તેથી—સ્કૉટલૅન્ડથી મગાવીને લેતાં મને મુદ્દલ સંકોચ ન થાય. એટલે કે દ્વૂષભાવે પરદેશી વસ્તુના ત્યાગના પક્ષનો હું નથી. આપણા દેશમાં પુષ્કળ ચામડું પેદા થાય છે, તે ભલે ઊતરતું ગણાય તોપણ તેના જોડા વાપરવા હું યોગ્ય ગણું. પરદેશી વધારે સારા કે વધારે સસ્તા મળતા હોય તે જોડા હું ત્યાજ્ય ગણું. હિંદુસ્તાનમાં સાકર કે ગોળ પુષ્કળ પેદા થતાં હોય તો પરદેશી ખાંડસાકરને દાખલ કરવાં એ હું દોષ ગણું. આ ઉપરથી જોઈ શકાશે કે પરદેશી એવી બધી ત્યાજ્ય વસ્તુની નોંધ દેવી મારે સારુ મુશ્કેલ છે. દરેક વસ્તુને વિશે ઉપર મેં જે સામાન્ય નિયમ આપ્યો છે તેમાંથી આપણું વર્તન ઘટાવી શકાય. જે પદ્ધતિનો પ્રચાર હું અત્યારે ઇચ્છું છું તે જ હું ભવિષ્યમાં પણ ઇચ્છું અને તે એવી કલ્પનાથી કે તે તે વસ્તુની પેદાશને વિશે આપણી સ્થિતિ આજના જેવી જ વર્તતી હોય.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २८-१०-१९२८

Gandhi Heritage Portal

## ૪૭૦. નવી ગુજરાતી શાળાના વાર્ષિક ઉત્સવમાં ભાષણ

ઑક્ટોબર ૨૮, ૧૯૨૮

આ શાળાની હસ્તીનું મૂળ ભાઈ ઈન્દુલાલ યાજ્ઞિક છે અને આ શાળા સાથે ભાઈ ઈન્દુલાલના નામનું સ્મરણ ન કરીએ તો ફરજ અદા કરવામાં ચૂકીએ અને ચોર ઠરીએ. ગુજરાતમાં રસ રેડવામાં અને તેની પ્રવૃત્તિઓમાં ભાઈ ઈન્દુલાલે મોટો ફાળો આપ્યો છે એ આપણે ભૂલતા નથી. આ શાળા તેમની પ્રવૃત્તિઓનું ફળ છે. શિક્ષકોએ તેને નભાવી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. શાળાના આચાર્યે વિદ્યાપીઠ સાથેના સંબંધનો ઉલ્લેખ કર્યો છે. શાળાનો કાર્યવાહક મંડળમાં સબંધ નથી, પણ વિદ્યાપીઠ અને એવાં બીજાં તંત્રોને સંકુચિત ન કરીએ તો તે સારાં ન ચાલે એવો મારો દુઃખદ અનુભવ છે અને વિદ્યાપીઠની હાલની સંકુચિતતા તેને આગળ વધારવા માટે છે, નહીં કે પાછા હઠાવવા. હું ખાતરી આપું છું કે જે શાળાઓ રાષ્ટ્રની સેવા કરતી હશે તેનો વાળ પણ વાંકો થવાનો નથી. વિદ્યાપીઠ ગુજરાતની અંદર ચાલતી કેળવણીની પ્રવૃત્તિઓને સિંચન કરવાને સારુ છે. તેનો અત્યારનો પ્રયાસ દરેક શાળાને સ્વાવલંબી કરવાનો અને તેમાંથી મંદતા અને આળસ દૂર કરવાનો છે. આ શાળા માટે મંદતા અને આળસનો ભય નથી અને એવો ભય હોત તો હું આજે આવત જ નહીં. અહીંના શિક્ષકો અને બાળકો પાસેથી હું વધારેની આશા રાખું છું.

### મરણપથારીએ પડવાનું છે

બલિદાનનો સુંદર સંવાદ તમે ભજવ્યો. લ્યૂથરે સ્વતંત્રતાને માટે પોતાનું બલિદાન આપ્યું. એ રીતે રાષ્ટ્રીય શાળાઓને માટે મરણપથારીએ પડવાની આવશ્યકતા રહેલી છે. ભલે પછી મૃત્યુ આવે કે ન આવે. આપણે આરંભે શૂરા છીએ. કરેલી પ્રતિજ્ઞા છોડી દેવા તૈયાર થઈએ છીએ કેમ કે આપણા કાર્યમાં આપણને અશ્રદ્ધા છે. જ્યાં સુધી આવી અશ્રદ્ધા હશે ત્યાં સુધી હિંદની જે પ્રતિષ્ઠા કાયમ આપણે કરવા માગીએ છીએ તે નહીં કરી શકાય.

સ્વતંત્રતાની દેવી તો કાળસ્વરૂપ છે. તે મોં ઉઘાડીને બેઠી છે, અને તેમાં પ્રવેશ કરવા નિમંત્રણ આપી રહેલી છે. તે માટેની તૈયારી નહીં હોય તો ઇચ્છેલી વસ્તુ નહીં મેળવી શકીએ. તમે ખેલો, કૂદો, શરીર અને મનને પુષ્ટ બનાવો એ ખરું, પરંતુ રાષ્ટ્રીય અને સરકારી શાળાની અંદર રહેલો ભેદ તમે ન ભૂલજો. ત્યાંનું શિક્ષણ ભલે સારું હોય પણ એક વસ્તુ તે નહીં આપે. હું તો આજે પણ પોકાર કરીને કહું છું કે એ શાળા આપણે સારુ ત્યાજ્ય છે. જે કળા અને શરીરસંપત્તિ આ શાળામાંથી મેળવો, તે માતાને ચરણે ધરવા નિશ્ચય કરજો. આ શાળામાંથી એટલો રાષ્ટ્રપ્રેમ વ્યાપવો જોઈએ કે દરેક વિદ્યાર્થી એવો નિશ્ચય કરે કે આપણે મોટા થઈશું ત્યારે હિંદની સેવા કરવાના છીએ. સત્ય અને અહિંસાને વળગી હિંદની સેવા કરશો તો તેમાં કુટુંબની સેવા આવી જશે. બાળકોને આશીર્વાદ આપું છું અને શિક્ષકોને કહું છું કે જે આદર્શો તમે કબૂલ કરેલા છે તે પૂરેપૂરા આચારમાં લાવજો અને તેમ નહીં કરો ત્યાં સુધી બાળકો તેને ઝીલી શકવાનાં નથી.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૪-૧૧-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૪૭૧. શાંતિકુમાર મોરારજીને પત્ર

મૌનવાર [ઑક્ટોબર ૨૯, ૧૯૨૮ કે તે પહેલાં][1]

ચિ. શાંતિકુમાર,

તમારો કાગળ મળ્યો છે. સ્વદેશી સંગઠન ખરડો વાંચીને નિરાશ થયો છું. એમાં મને કેવળ વેરવૃત્તિની જ બદબો આવી છે. પણ એક રીતે આ વસ્તુ ઠીક થઈ રહી છે. એ ખરડામાં મિલમાલિક જેવા છે તેવા દેખાઈ આવે છે. અને આપણે જેવા હોઈએ તેવા દેખાઈએ એના કરતાં બીજું શું સારું?

તમે તેનાથી અલિપ્ત રહી શકો તો રહો એ જ હું જરૂર ઇચ્છું. ભાઈ જેસુખલાલ આમાં પડ્યા છે એ મને આશ્ચર્ય પમાડે છે. તેને આ કાગળ દેખાડવો હોય તો દેખાડી શકો છો ને જે મારા ઉદ્‌ગાર સમજી શકે તેનેય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૪૭૦૬; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

## ૪૭૨. મીરાંબહેનને પત્ર

[ઑક્ટોબર ૨૯, ૧૯૨૮][2]

ચિ. મીરાં,

શાક સમારવાને માટે તૈયારી થાય[3] ત્યાં સુધીમાં થોડીક ક્ષણ મને મળે છે. હવે તું બિહારમાં છે, તો મલ્ખાચકવાળા તારા ખાદી કામનું તું શું કરીશ તેનો મને વિચાર આવે છે. કૃષ્ણદાસ ત્યાં જ રહે છે. તારો આત્મા તને કહે તે કરજે. હું તો ફક્ત તને જણાવું છું કે આમની વાત આમ છે. આ કેન્દ્રને અખિલ હિંદ ચરખા સંઘ સાથે કંઈ સંબંધ નથી એટલે રાજેન્દ્રબાબુ કદાચ તને એ જોવા લઈ જવાનું ન ઇચ્છે.

છોટેલાલજીની રોટી સારી પ્રગતિ કરી રહી છે, ને રાંધવાનું ઘણું સરળ બન્યું છે.[4] પણ તું આવે ત્યારે આ નજરે જ જોશે. દેવદાસ તથા જામિયા સાથે તું સંપર્ક રાખતી રહેજે.

પ્યાર.

બાપુ

૧. અને ૨. ટપાલની છાપ પરથી.

૩. બાપુઝ લેટર્સ ટુ મીરાંમાં મીરાંબહેન જણાવે છે, "સામાન્ય રસોડા માટે શાક છોલવા તથા સમારવામાં બાપુ ભાગ લેતા હતા."

૪. "છોટેલાલજીએ બરાબર કામ આપે એવી ઈંટની ભઠ્ઠી બનાવી હતી અને આથો નાખ્યા વિના ભઠિયારાના જેવી રોટી બનાવવાની કળા હાથ કરી હતી." (મીરાંબહેન).

Gandhi Heritage Portal

[તા. ક.]

મેં પોતે મારું પીંજી લેવાનું શરૂ કર્યું છે એ તને જણાવવાનું મારે ભૂલવું ન જોઈએ. મધ્યમ પીંજણથી પીંજવાનો મેં આરંભ કરેલ છે.

બાપુ

શ્રીમતી મીરાંબાઈ
ખાદી ડેપો
મુજફ્ફરપુર, બિહાર

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૧૯; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી તથા જી. એન. ૮૨૦૯

## ૪૭૩. મહાદેવ દેસાઈને પત્ર

મૌનવાર, ઑક્ટોબર ૨૯, ૧૯૨૮

ચિ. મહાદેવ,

તમારો કાગળ મળ્યો પણ આત્મકથા નથી મળી. કાલે મળશે એમ ખાતરી તો છે. છતાં પ્યારેલાલે તેનો તરજુમો તૈયાર કરી રાખવાનું માથે લીધું છે. તેને હવે ઠીક છે. કુસુમને પણ ઠીક તો છે છતાં હજુ ખાટલાવશ છે. મારું ગાડું તો ભગવાન ચલાવ્યા જ કરે છે ના? કોનું આજ લગી અટકાવ્યું છે? એટલે મારું ચાલ્યું છે તેમાં વિશેષતા પણ નથી.

ભૂલાભાઈએ તરત કબૂલ કરી લીધું[1] એ સારું થયું. જો ઍન્ડર્સન ઇત્યાદિના રિપોર્ટ રદ થયા ગણાય તો બોજો આપણી ઉપર નથી પણ વધારો સિદ્ધ કરવાનો બોજો સરકાર ઉપર છે.

આ સાથે તમારી ઉપરનો કાગળ તે મોકલું છું. મને સહી નથી ઊકલી. Bread and Breadmaking[2] વિશે ભૂલ્યા નહીં હો.

અંત્યજ સર્વસંગ્રહ વિશે પરીક્ષિતલાલ પુછાવે છે. તમે તેમને આપેલ છે?

બા ખાટલેથી ઊઠી છે, અશક્ત તો છે. ખૂબ લેવાઈ ગઈ ગણાય. રાધા ને સંતોક રાજકોટ ગયાં છે. દિવાળી બાદ પાછાં આવશે. મીરાંબહેન મુજફ્ફરપુર પહોંચી ગયાં છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

મોતીલાલજી કાલે આવી, આજે ગયા. વાતો તો કૉંગ્રેસની જ તો. જુગતરામને પ્રસ્તાવના નોખી જ મોકલું છું.

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૪૬

૧. જુઓ, "ડી. એન. બહાદુરજીને પત્ર", ૨૭-૧૦-૧૯૨૮.
૨. રોટી અને રોટી બનાવવા.

Gandhi Heritage Portal

## ૪૭૪. ઘનશ્યામદાસ બિરલાને તાર[1]

અમદાવાદ,
ઑક્ટોબર ૩૦, ૧૯૨૮

ઘનશ્યામદાસ બિરલા
બિરલા પાર્ક, કલકત્તા

મહાદેવ બારડોલી છે. દક્ષિણ આફ્રિકાના પત્રકારોને આમંત્રવાનું સામાન્ય રીતે જોતાં સલાહભર્યું છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તાર પરથી: સી. ડબ્લ્યુ. ૭૮૭૮; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૪૭૫. મીરાંબહેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ચિ. મીરાં,

તારા બે કાગળો એકી વખતે મળ્યા. એક આશ્રમ વિશે અને બીજો તારી મેરઠની મુલાકાત વર્ણવતો હતો. મુજફ્ફરપુરને સરનામે તને મેં બે કાગળ લખ્યા હતા; એક રવિવારે અને બીજો સોમવારે.

આશ્રમ વિશેના ખબર છાપાંમાં કેવી રીતે આવ્યા તેની મને ખબર નથી. એ ગમે તે હો પણ મોટે ભાગે એ ખોટા છે. કોઈ ભારે ફેરફાર કરવામાં આવ્યો હોત તો એ વિશે ખચીત મેં તને લખ્યું હોત. નામના ફેરફાર વિશે સુધ્ધાં મેં છાપામાં લખ્યું નથી કેમ કે એ ફેરફારની જાહેરાત પણ હું છાપાંમાં ન કરું એવો મહાદેવ તેમ જ બીજાંઓનો આગ્રહ છે. હવે બેશક મારે એમ કરવું પડશે. પણ ઉદ્યોગમંદિરની કમિટી બ્રહ્મચર્ય અંગેનો નિયમ શિથિલ નહીં કરે. એટલે બ્રહ્મચર્ય વિશેનો પાયાનો નિયમ અને બીજા બધા મૂળભૂત નિયમો જેમના તેમ રહે છે. એ જ રીતે આશ્રમનું રસોડું પણ કંઈ નહીં તો એક વરસ સુધી નિશ્ચિતપણે રહે છે. હવે તો જે અનુભવ મળ્યો હશે તે ધ્યાનમાં લઈને વરસની આખરે જ આશ્રમના રસોડાનો પ્રશ્ન ફરીથી વિચારી શકાશે. રસોડું સરસ ચાલે છે.

૧. ભારતીય સંસ્કૃતિનો યથાર્થ ખ્યાલ આપવા દક્ષિણ આફ્રિકાના કેટલાક પત્રકારોના એક જૂથને ભારતમાં આવવા આમંત્રણ આપવું એવા વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીના સૂચન બાબત ભારત સરકારે ઘનશ્યામદાસ બિરલાનો અભિપ્રાય માગ્યો હતો. ૨૭ ઑક્ટોબરે મહાદેવ દેસાઈ પર લખેલા પત્રમાં બિરલાએ મહાદેવભાઈ દ્વારા ગાંધીજીનો અભિપ્રાય મગાવ્યો હતો.

Gandhi Heritage Portal

મેરઠના ગાંધી આશ્રમવાળાઓ ૨૧મી નવેમ્બરે ભરાનારા મેળા વખતે પીંજવાનો અને બીજી પ્રક્રિયાઓનો પ્રયોગ બતાવવા માગે છે. તું નેપાળ ન જતી હોય તો પાછી ફરીને તું એ મેળામાં જાય અને તારાથી બને તે મદદ તેમને આપે અને પછી કાશ્મીર જાય તો ઠીક થાય. બીજી વાત અલગ રહી પણ તું કાશ્મીર જાય એવી મારી ઇચ્છા છે અને ત્યાં કંઈકે ખાદીકામ ચાલુ હોય ત્યારે જ તું જજે, અને એ પ્રયોગો બતાવવાની વ્યવસ્થા કરવામાં તું દેવદાસ, રસિક તથા નવીનની મદદ લઈ શકે છે. એમ થાય તો અહીંથી કોઈને મોકલવાની જરૂર નહીં રહે. અને હાલ અહીં માણસો બહુ જ ઓછા હોવાથી આશ્રમમાંથી કોઈને પણ મોકલવાનું મુશ્કેલ છે. આમ છતાં મેરઠવાળાઓને મદદ કરવાને હું ઇંતેજાર છું. મારા વિચારો જાણ્યા પછી તને અનુકૂળ આવે તેમ કરજે. મજમુદારને મેં કશી આશા આપી નથી. કાગળ એ ભાઈને લખવાનો છે.

પ્યાર,

બાપુ

શ્રીમતી મીરાંબહેન
ખાદી ડેપો, મુજફ્ફરપુર (બિહાર)

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૩૨૦; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી; તથા જી. એન. ૮૨૧૦

## ૪૭૬. આર. કૃષ્ણય્યરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

સુબૈયા પરનો તમારો પત્ર વાંચ્યો. વર્ધા જતાં હું મુંબઈ થઈને જાઉં તે શક્ય નથી. સૌથી સીધો અને સસ્તો રસ્તો બારડોલી થઈને જ છે. માટે તમે ઉઘરાવેલો ફાળો મને અહીં આશ્રમમાં જ મોકલો; મુંબઈ હું ક્યારે આવું તે કહેવાય નહીં.

તમારો સહૃદયી

શ્રી આર. કૃષ્ણય્યર
૮૨/૨૪, મિરાન્ડા બિલ્ડિંગ, દાદર

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૭૭

Gandhi Heritage Portal

## ૪૭૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. બિપિનબાબુનું દૃષ્ટિબિંદુ[1] હું સમજી શકું છું. પણ તેથી મારું વલણ બદલાતું નથી. દિન-પ્રતિદિન આ પ્રશ્ન મારા મનમાં વધારે સ્પષ્ટ થતો જાય છે; જીવન જ સર્વસ્વ છે અને મૃત્યુમાં કાંઈ જ નથી, એ ભૂલતાં આપણે શીખવાનું છે. બલકે, મૃત્યુને આનંદદાયક ગણતાં આપણે શીખવાનું છે.

તમારા લખવા મુજબનું પ્રદર્શન[2] ભરાવાનું હોય તો આપણે એથી દૂર જ સારા.

તમારા પત્રમાં તારિણીની તબિયત વિશે તો તમે કશું લખ્યું જ નથી!

તમારો સહૃદયી

શ્રી સતીશચંદ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન, સોદપુર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૭૮

## ૪૭૮. જે. યેસુથાસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તીવ્ર વેદનાના પ્રસંગોએ એ વેદના સહન કરવાની અથવા તો તેને જીતવાની કોઈ શક્તિ પોતાનામાં છે એવો અનુભવ બધાને નથી થતો; પણ કેટલાકને થાય છે એમાં શંકા નથી. જ્યારે વેદના અસહ્ય બની જાય છે ત્યારે જગતકર્તા મૃત્યુ દ્વારા વેદનાનો અંત આણે છે, એમ કહેવું તદ્દન સાચું છે. પણ સહનશક્તિની સ્થિતિની બાબતમાં માત્રાની ભિન્નતા રહેવાની જ. વળી કલ્પી શકાય એવા બધા સંજોગોમાં મૃત્યુને આપણે ભયાનક ન માનીએ, તો સુસ્પષ્ટ પરિસ્થિતિમાં અહિંસાનો ભંગ કર્યા વિના પણ આપણે મૃત્યુને વહેલું બોલાવી શકીએ.

તમારો સહૃદયી

જે. યેસુથાસન, એસ્ક્વાયર
બેલમૉન્ટ, કૂનૂર, નીલગિરિ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૫૭૯

૧. ઇંગ્લિશમૅનમાં આવેલા બિપિનચંદ્ર પાલના લેખની કાપલી સતીશબાબુએ પોતાના પત્ર સાથે બીડી હતી. સદરહુ લેખમાં વાછડા પ્રકરણ અંગેનાં ગાંધીજીનાં મંતવ્યોની ટીકા કરવામાં આવી હતી. સતીશબાબુના કહેવા પ્રમાણે બિપિનચંદ્રે પોતાની પ્રિય માન્યતા કે "જીવતા હોવાની હકીકતમાં જ આનંદ છે" ચર્ચી, તેની ફિલસૂફી વ્યક્ત કરી હતી.

૨. કલકત્તાની કૉંગ્રેસની સ્વાગત સમિતિએ એવો ઠરાવ કર્યો હતો કે આગામી બેઠક વખતે ભરાનાર પ્રદર્શનમાં દેશી મિલકાપડ તથા વિદેશી કપડાં પર કરેલું ભરતકામ પ્રદર્શનમાં મૂકી શકાશે.

Gandhi Heritage Portal

## ૪૭૯. ઈ. સી. ડેવિકને પત્ર

ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. ડિસેમ્બરમાં[1] મળનાર અધિવેશન વખતે તમને સૌને મળવા મને પૂરું મન હતું. પણ દેખાય છે કે એવું નિર્માણ નથી. હું છેક જ નંખાઈ ગયો છું, અને તેથી કૉંગ્રેસ સપ્તાહ દરમિયાન કલકત્તા જતાં પહેલાં આરામ માટે એક મહિનો વર્ધામાં રહેવાનું જમનાલાલજીનું આમંત્રણ મેં સ્વીકાર્યું છે. તમે મને માફ કરશો?

તમારો સહૃદયી

રેવરન્ડ ઈ. સી. ડેવિક
૫ રસેલ સ્ટ્રીટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૫૮૦

## ૪૮૦. એન. કે. એસ. નવલખાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

શંકરલાલજીએ તમારો પત્ર મારા પર મોકલ્યો છે. આજથી ત્રણેક મહિના પર તમારા પત્રનો મેં જવાબ આપેલો એવું મને સ્પષ્ટ યાદ છે. એમાં મેં જણાવેલું કે તમારી યોજના વિશે તમે સતીશબાબુને મળો એ જ ઉત્તમ છે, કારણ અહીં બેઠો બેઠો હું તમને કેવી રીતે સૂચના આપી શકું તે સમજાતું નથી. એ પત્ર સિવાય કોઈ બીજા કાગળની તમે વાત કરતા હો તો ચોખવટ કરજો, ને હું તપાસ કરીશ.

કુશળ હશો.

તમારો સહૃદયી

શ્રી એન. કે. એસ. નવલખા
નવલખા ભવન, આઝીમગંજ (બંગાળ)

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૮૫

૧. જુઓ "ઈ. સી. ડેવિકને પત્ર", ૨૧-૯-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૪૮૧. જેકબ સૉરિસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ઑક્ટોબર ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

સિલોનની મારી યાત્રા વખતે તમે થોડો ફાળો ઉઘરાવ્યો હતો એવું જાણવા મળ્યું છે. આ નાણાં અમદાવાદ પહોંચવાને બદલે અલ્લાહાબાદ ગયાં ને ત્યાંની ઑફિસે તમારા ઉપર પાછાં મોકલ્યાં ત્યારનાં તમારી પાસે જ પડી રહ્યાં છે. આ રકમ ખાદી માટે અંકિત થયેલી હોવાથી એ અન્યથા ન વાપરતાં ખાદીકામ માટે મારા પર જ મોકલી આપશો એવી આશા છે.

તમારો સહૃદયી

જેકબ સૉરિસ, એસ્ક્વાયર
મેસર્સ પૉલ સૉરિસ ઍન્ડ કંપની, બાદુલ્લા (સિલોન)

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૮૨

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## બારડોલીનો રિપોર્ટ

તેમનું નિવેદન તેમની શાંત નિષ્પક્ષ વિચારસરણીને છાજે એવું હતું. તેમાં નિરર્થક એક પણ વિગત નહોતી કે એક પણ વિશેષણ નહોતું. અને બની શકે તેટલું તે સંક્ષિપ્ત હતું. તેઓએ ચાર પ્રશ્નોનો વિચાર કર્યો: "એક, જમીનના માલિકો પોતાના ખેડૂતો પાસેથી જે ગણોત લે છે તેનો આધાર લઈને વધારો સૂચવાયેલો હોવાથી ખેડૂતોએ ભરેલાં ગણોતનાં જે પત્રકો તૈયાર થયાં છે તે આર્થિક દૃષ્ટિએ વાજબી દર ઠરાવવામાં મદદરૂપ થઈ પડે તેટલી કાળજીથી તૈયાર થયાં છે કે કેમ તે નક્કી કરવું અતિશય મહત્ત્વનું છે, અને જો એ પત્રકો ગંભીર ખામીવાળાં જણાય તો તે ઉપરથી દોરેલા બધા નિર્ણયો બિલકુલ નકામા ગણાવા જોઈએ; બીજો, ખુલ્લી હરીફાઈથી નક્કી થતાં ગણોતોને મહેસૂલના આધાર તરીકે ગણવાની નીતિ અખત્યાર કરતાં પહેલાં એટલું નક્કી કરવું આવશ્યક છે કે કુલ ખેડાણ જમીનનો કેટલામો ભાગ રોકડ ગણોત આપતા ખેડૂતોના હાથમાં છે; ત્રીજો પ્રશ્ન એ છે કે આકારણીની જૂની મુદત દરમ્યાન ગણોતના દરમાં જે વધઘટ થઈ હોય તે તપાસવામાં અપવાદરૂપ વર્ષોનાં ગણોતો બાદ કર્યાં છે કે નહીં; ચોથો મહેસૂલના નવા દર નક્કી કરવા માટે માત્ર ગણોત ઉપર જ આધાર રાખવાનું લૅન્ડ રેવન્યુ કોડ તથા સેટલમેન્ટ મૅન્યુઅલની રૂએ કેટલે દરજ્જે વાજબી ગણાઈ શકે એમ છે." કોડનો તથા મૅન્યુઅલનો અભ્યાસ કરીને તથા ઘણાં ગામોમાં પોતે પ્રત્યક્ષ તપાસ અને પૂછપરછ કરીને તેઓ નીચેના નિર્ણયો પર આવ્યા:

૧. ગણોતનાં પત્રકમાંથી વ્યાજનું ગણોતના દાખલા, સસ્તી વેચાણના દાખલા તથા પૂરાં વસૂલ નહીં થયેલાં ગણોતના દાખલા બાદ નહીં કરેલા હોવાથી, તેમ જ ખાતેદારે જાતે જમીનમાં જે સુધારા કર્યા તેને લીધે જે વધુ ગણોત ઊપજે તેમાંથી સુધારાને કારણે ઊપજનો વધારો લૅન્ડ રેવન્યુ કોડની ૧૦૭મી કલમ પ્રમાણે બાદ કરવો જોઈએ. તે પણ બાદ નહીં કરેલો હોવાથી ગણોતનાં પત્રકો ગંભીર ખામીવાળાં ગણાય.

૨. રોકડ ગણોતે અપાયેલી જમીન ૨૦ ટકાની આસપાસ ગણાય, અને સને ૧૮૯૫માં '૯૪ ટકા જમીન ખાતેદારો જાતે જ ખેડતા હતા', તે હકીકત ધ્યાનમાં લઈએ તો ગણોતે ખેડાતી જમીનનું આજનું પ્રમાણ ૩૦ ટકા ગણવું એ બહુ ગેરવાજબી રીતે મોટું પ્રમાણ છે.

૩. રેવન્યુ મેમ્બરે પોતે જ બહાર પાડેલી યાદી મુજબ ૧૯૧૮-૧૯થી ૧૯૨૪-૨૫નો ભાવના ઉછાળાનો સમય કોઈ પણ જાતની ગણતરીમાં નહીં લેવાવો જોઈએ.

૪. સેટલમેન્ટ કમિશનરે પોતાના 'એક માત્ર સાચા એંધાણ' તરીકે અપૂરતા અને આપ્યા વિનાના ગણોતના આંકડા ઉપર, પરોક્ષ તપાસનાં પરિણામો ઉપર અંકુશ તરીકે વાપરવા માટે નહીં પણ ખેતીના ખર્ચમાં જે વધારો થયો છે તે વિચારવું જ ન પડે, અને તે માટે કાંઈ બાદ ન કરવું પડે તે માટે આધાર રાખ્યો છે. વળી (સેટલમેન્ટ મૅન્યુઅલના શબ્દોમાં કહીએ તો) 'વધારો બહુ ભારે થઈ જતો અટકાવવા નહીં, પણ વધારો કરવા માટે જ તેણે આ આંકડાનો ઉપયોગ કર્યો છે.'

ઉપરના નિર્ણય ઉપર પોતે આવેલા હોવાથી શ્રી કુંઝરુ, વઝે અને ઠક્કર એ અભિપ્રાય ઉપર આવ્યા: 'ફરી તપાસની માગણી સંપૂર્ણ રીતે ન્યાયી છે,' અને 'વિરમગામ તાલુકાની થયેલી નવી આકારણીનો ફરી વિચાર કરવાનું સરકારે બહાર પાડયું છે એટલે બારડોલીની આકારણીનો પણ ફરી વિચાર કરવાનો કેસ જવાબ ન આપી શકાય એવો મજબૂત બને છે.'

શ્રી વઝેએ એક વિશેષ નોંધ પણ બહાર પાડી હતી, જેમાં તેમણે 'બારડોલીની વર્તમાન લડત શુદ્ધ આર્થિક લડત છે અને સામુદાયિક સવિનયભંગના એક અંગરૂપ નથી,' એ વસ્તુ ઉપર ખાસ

Gandhi Heritage Portal

ભાર મૂક્યો. 'મારી તપાસથી મને સંતોષ થયો છે કે આ પ્રવૃત્તિના સંચાલકો બારડોલીના ખેડૂતોને જે ક્રૂર અન્યાય થયેલો તેઓ સાચી રીતે માને છે તે દૂર કરવા માટે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવા ઉપરાંત બીજા કોઈ પણ હેતુથી આ લડત આગળ ચલાવવા પ્રેરાયા નથી. આ લડતમાં વ્યાપક રાજદ્વારી હેતુ બિલકુલ નથી, છતાં તેવા હેતુનું સરકાર આરોપણ કરે છે. તે અતિશય અયુક્ત અને અન્યાયી છે.'

આ નિવેદને જુદા જુદા રાજદ્વારી પક્ષના નેતાઓ ઉપર બહુ અસર કરી. હિંદી વર્તમાન પત્રોમાંથી થોડાંક ઢચુપચુ હતાં તેમની પણ સહાનુભૂતિ સત્યાગ્રહીઓ પ્રત્યે તથા લોકોની માગણીના વાજબીપણા વિશે તેમ જ ઓછામાં ઓછું અમુક તો તેમને મળવું જ જોઈએ એ વિશે વિનીતપક્ષ સુધ્ધાં બીજાં મંડળોનો મત સંગઠિત કરવામાં બીજી કોઈ પણ વસ્તુ કરતાં વિશેષ ફાળો આ નિવેદને આપ્યો.

[મૂળ ગુજરાતી]
બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ, પા. ૨૧૮-૨૦

# પરિશિષ્ટ ૨

## સમાધાનીનો પત્રવ્યવહાર

૧

પૂના
ઑગસ્ટ ૬, ૧૯૨૮

ના. મહેસૂલખાતાના સભ્ય જોગ,

સાહેબ,

અમને કહેવાને આનંદ થાય છે કે અમે સરકારને ખબર આપવાની સ્થિતિમાં છીએ કે નામદાર ગવર્નરે તેમના ૨૩મી જુલાઈના ભાષણમાં કહેલી શરતો પૂરી કરવામાં આવશે.

લિ. સ્નેહાધીન,
(સહી) એ. એમ. કે. દેહલવી
(,,) ભાસાહેબ (કેરવાડાના ઠાકોર)
(,,) દાઉદખાન સાલેભાઈ તૈયબજી
(,,) જે. બી. દેસાઈ
(,,) બી. આર. નાયક
(,,) એચ. બી. શિવદાસાની
(,,) એમ. કે. દીક્ષિત

૨

સરકારે નીચે પ્રમાણે તપાસ કમિટી જાહેર કરી હતી:

એક મહેસૂલી અધિકારી અને બીજા ન્યાયખાતાના અધિકારી. એમને તપાસ સોંપવામાં આવશે, બે વચ્ચે મતભેદના પ્રસંગે ન્યાયખાતાના અધિકારીનો મત નિર્ણયાત્મક ગણાશે; તપાસની શરતો નીચે પ્રમાણે રહેશે:

સદરહુ અમલદારોએ બારડોલી તાલુકાના અને વાલોડ મહાલના તથા ચોર્યાસી તાલુકાના લોકોની નીચેની ફરિયાદની તપાસ કરી રિપોર્ટ કરવો;

(क) એ તાલુકાઓમાં કરવામાં આવેલો મહેસૂલ વધારો લૅન્ડ રેવન્યુ કોડ પ્રમાણે વાજબી નથી;

(ख) સદરહુ તાલુકાઓ વિશે જે રિપોર્ટો બહાર પડેલા છે તેમાં સદરહુ વધારાને વાજબી ઠરાવવા પૂરતી હકીકત નથી, અને કેટલીક હકીકત ખોટી છે;

Gandhi Heritage Portal

અને જો એ અમલદારને સદરહુ ફરિયાદ વાજબી માલૂમ પડે તો જૂના મહેસૂલમાં કેટલો વધારો અથવા ઘટાડો થવો જોઈએ તે જણાવવું.

તપાસ સંપૂર્ણ, ખુલ્લી અને સ્વતંત્ર થનાર હોવાથી લોકોને તેમના પ્રતિનિધિઓની, કાયદાના સલાહકારો સુધ્ધાંની મદદથી જુબાનીઓ આપવાની ને તપાસવાની છૂટ રહેશે.

૩

ધારાસભાના સભ્યોએ મહેસૂલખાતાના સભ્યને નીચેનો પત્ર લખ્યો હતો:

પૂના, ઑગસ્ટ ૭, ૧૯૨૮

ના. મહેસૂલખાતાના સભ્ય જોગ,

સાહેબ,

બારડોલીના સવાલ વિશેના મુખ્ય મુદ્દાનો નિકાલ સંતોષકારક આવ્યો હોવાથી અમને આશા અને વિશ્વાસ છે કે સરકાર

(क) બધા સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકશે,

(ख) જપ્ત કરેલી બધી જમીનો પાછી સોંપશે,

(ग) રાજીનામાં આપનાર બધા પટેલ તલાટીઓને ફરી તેમની જગ્યાએ લેશે.

લિ. સ્નેહાધીન,
(સહી) એ. એમ. કે. દેહલવી
(,,) દાઉદખાન સાલેભાઈ તૈયબજી
(,,) ભાસાહેબ (કેરવાડાના ઠાકોર)
(,,) ભીમભાઈ આર. નાયક
(,,) એચ. બી. શિવદાસાની
(,,) જે. બી. દેસાઈ
(,,) એમ. કે. દીક્ષિત

૪

મહેસૂલખાતાના સભ્યે ઉપલા સભ્યોને નીચેનો ઉત્તર આપ્યો હતો:

સાહેબો,

તમારા તા. ૭મીના કાગળના સંબંધમાં જણાવવાનું કે સરકાર તેના ખાસ અધિકારની રૂએ બધા સત્યાગ્રહી કેદીઓને છૂટા કરશે અને ખુશીથી તમારી બીજી વિનંતી મંજૂર રાખનારા હુકમો કાઢશે. તલાટીઓ અને પટેલો ઘટતી રીતે અરજી કરશે તો તેમને માફી આપવામાં આવશે.

લિ. સ્નેહાધીન,
જે. એલ. રૂ.

[મૂળ ગુજરાતી]
बारडोली सत्याग्रहनो इतिहास, પા. ૩૮૪–૫



Gandhi Heritage Portal

## પરિશિષ્ટ–૩

## દક્ષિણ આફ્રિકાએ આપેલી માફી

### [ ૧. અરજીનું ફૉર્મ ]

(નામ) ... ... ... ભારતમાં પ્રચલિત નામ ... ...

સરનામું (યુનિયનમાં) ... ... ... ના, ધંધો ...

૧. અરજદારના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, કાયમી નિવાસનું સર્ટિફિકેટ અગર બીજા સર્ટિફિકેટનો નંબર ... ... ...

૨. અરજદારના જન્મસ્થળનું નામ: ગામ તથા દેશ ... ... ...

૩. અરજદારના પિતાનું નામ ... ... ... ...

૪. અરજદાર યુનિયનમાં પ્રથમ આવ્યા તે તારીખ અને સ્થળ ... ... ...

૫. પત્ની (હોય તો) નું નામ તથા હાલનું સરનામું ... ... ...

૬. બાળકો (હોય તો) ... ... ... ...

| માનું નામ | બાળકનું નામ | જાતિ | જન્મસ્થળ | ઉંમર | હાલનું સરનામું |
|---|---|---|---|---|---|
| ... | ... | ... | ... | ... | ... |

હું ... ... ... યોગ્ય તાકીદ મળ્યા બાદ, પૂરી ગંભીરતા અને સચ્ચાઈથી જણાવું છું કે ઉપરના બધા પ્રશ્નો મને ... ... ... સમજાવવામાં આવ્યા છે, અને એ હું સમજ્યો છું એવું આથી જાહેર કરુ છું ને જણાવું છું કે મેં તેમના સાચા જવાબ આપ્યા છે.

અરજદારની સહી (રોમન લિપિમાં; અથવા અંગૂઠાનું નિશાન)

... ... ...

પૂરુ સરનામું ... ... ...

મેં ભાષાંતર કરી સમજણ પાડી છે. ... ... ...

સહી ... ... ...

મારી સમક્ષ ... ... ...માં, આજ તારીખ ... ... ...ને રોજ કબૂલાત કરી.

અરજદારના અંગૂઠાનાં નિશાન:

ડાબો... જમણો...

મૅજિસ્ટ્રેટ, અથવા સોગંદ આપવા માટે નિમાયા હોય એવા ઇમિગ્રેશન ઑફિસર[1]

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૯–૮–૧૯૨૮

૧. અંગ્રેજી પુસ્તકમાં આપેલો આ પરિશિષ્ટનો હવે પછીનો ભાગ લેખ નંબર ૧૯૬ (૧) "દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માફીપત્ર"માં આવી જતો હોવાથી અહીં લીધો નથી.

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ–૪

## સાચી ગોરક્ષા

ગોરક્ષા વિશે અવારનવાર જે સવાલો પુછાતા આપણે સાંભળીએ છીએ તે બતાવે છે કે હજુ એ બાબતમાં ઘણો વિચારદોષ રહેલો છે. એક સવાલ તો હંમેશનો થઈ પડ્યો છે કે ગોરક્ષાનો ધર્મ પાળવો હોય તો ગાય મારનારને ઠાર કરીને પણ તેના હાથમાંથી ગાયને છોડાવવી જોઈએ કે નહીં? થોડા જ દિવસ પર એક મિત્રે મુંબઈના કેટલાક પરોપકારી શ્રીમંતો ગોરક્ષાનું ‘પુણ્ય’ મેળવવા કેવી પડાપડી કરે છે એનું રમૂજી વર્ણન આપ્યું હતું. આ પરગજુ શેઠિયાઓ મુંબઈનાં પરાંમાં આવેલાં કતલખાનાંમાં કસાઈને પૈસા આપીને તેના હાથમાંથી ગાયભેંસોને ‘બચાવવા’ પોતાના માણસોને મોકલે છે. એ માણસોને દૂબળાંમાં દૂબળાં અને નિર્માલ્ય ઢોરો જ શોધી કાઢવાની સૂચના આપેલી હોય છે, જેથી ઓછામાં ઓછે મૂલ્યે વધારેમાં વધારે પુણ્ય ખરીદી શકાય. પેલા મિત્રે વર્ણન સમાપ્ત કરતાં અર્ધું રમૂજમાં ને અર્ધું ગંભીરતાથી પૂછ્યું, ‘ગોરક્ષા તે આ જ ને!’ પણ ગોરક્ષાનો એક ઉપાય કોઈના ફળદ્રુપ ભેજામાંથી નીકળ્યો છે. તેની તોલે તો બીજો કોઈ નહીં આવે–એટલે કે એના બેહૂદાપણામાં એ મહાશયની સૂચના એવી છે કે હિંદુસ્તાનની તમામ ગાયોનાં શરીરમાં ડુક્કરની રસી દાખલ કરી દીધી હોય તો બધી ગાયો બચી જાય, કારણ મુસલમાન માત્રને તે હરામ થઈ પડે! આ મહાન શોધ કરનારે તો પોતાના મિત્રોને પેટ પકડીને હસાવવા ખાતર જ એ સૂચના કરી હશે. પણ આ બધાં દૃષ્ટાંતો બતાવે છે કે માણસો જ્યારે કોઈ સિદ્ધાંતના શુષ્ક અક્ષરાર્થને વળગીને તત્ત્વનું ટૂંપણું કરવા બેસે છે ત્યારે તેઓ કેવી ભુલભુલામણીમાં ફસાય છે.

ગોરક્ષાનો સવાલ અતિશય અટપટો છે. અંધશ્રદ્ધાળુઓ, જીવદયાવાળા અને અર્થશાસ્ત્રીઓ પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે તેનો જુદી જુદી રીતે વિચાર કરે છે. પણ ગોરક્ષાનો જે આદર્શ હિંદુ ધર્મે કલ્પેલો છે તે અંધશ્રદ્ધાળુની કલ્પનાથી સાવ જુદો છે અને જીવદયા તથા અર્થશાસ્ત્ર કરતાં વિશાળ છે. એક દાખલો લઈએ. આપણા આર્થિક જીવનમાં જે સ્થાન ગાયનું છે તે જ સ્થાન આરબ લોકોના જીવનમાં ઊંટનું અને ઘોડાનું છે. કોઈ પણ આરબ તેનાં આ સાથી–ઘોડો અને ઊંટ–પ્રત્યે બેવફા નીવડ્યો એવો આરોપ એનો કટ્ટામાં કટ્ટો દુશ્મન પણ એના પર નહીં મૂકે, છતાં અરબસ્તાનમાં ઊંટરક્ષા કે અશ્વરક્ષાનો આદર્શ કદી મનાયો નથી. બીજો દાખલો લઈએ. ગ્રીક લોકો પોતાના સિક્કાઓ પર બળદની છાપ મારતા. તેમને શું ખેતીમાં બળદ કેટલો ઉપયોગી છે એની ખબર નહીં હોય? છતાં પ્રાચીન ગ્રીક દેવતાઓની હારમાં બળદને સ્થાન કદી મળ્યું નથી. આપણા પોતાના જમાનાની વાત કરીએ. પશ્ચિમમાં પણ ગાય ‘ઋદ્ધિસિદ્ધિની જનની’નું પદ વધારે ને વધારે પ્રાપ્ત કરતી જાય છે, અને દુગ્ધાલયોનું એક મોટું શાસ્ત્ર ખીલવવામાં આવ્યું છે, છતાં આપણી પાસે જે જાતનો ગોરક્ષાનો આદર્શ છે તેવો આદર્શ પશ્ચિમના લોકોએ ગ્રહણ કર્યો નથી. પશ્ચિમના દુગ્ધાલયના આદર્શ કરતાં હિંદુ ધર્મે કલ્પેલો ગોરક્ષાનો આદર્શ જુદો છે, એટલું જ નહીં પણ ચડિયાતો છે. પશ્ચિમનો આદર્શ કેવળ આર્થિક સિદ્ધાંતો પર–લાભાલાભના વિચાર પર રચાયેલો છે. જ્યારે હિંદુ ધર્મનો આદર્શ ગોરક્ષાની આર્થિક બાજુનો પૂરતો સ્વીકાર કરે છે ખરો, પણ તે ભાર મૂકે છે ગોરક્ષાના ધાર્મિક પાસા ઉપર. આપણા પોતાના તપ અને બલિદાન દ્વારા નિર્દોષ ગાયને હત્યામાંથી છોડાવવી એ વિચાર હિંદુ ધર્મની ગોરક્ષાના મૂળમાં રહેલો છે. જ્યાં દુગ્ધાલયનો આદર્શ છે ત્યાં અમુક સાધન ધર્મ્ય છે કે નહીં એનો વિચાર કરવામાં નથી આવતો. સસ્તું દૂધ પૂરતું મળી શકે, અને આર્થિક દૃષ્ટિએ નકામાં લાગતાં અને વધારાનાં ઢોરોનો બોજો વધી ન પડે એટલા માટે ગોવધનો ઉપાય પણ લેવામાં આવે છે. એથી ઊલટું ધાર્મિક આદર્શમાં સાધન એ મુખ્ય વસ્તુ છે–સાચું જોતાં સાધન એ જ સર્વસ્વ છે. હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે ગોરક્ષાનું રહસ્ય ગાય દયાપાત્ર છે એટલા જ માટે તેને બચાવવાના કર્મમાં જ નથી સમાઈ જતું; પછી કોઈ પણ ઉપાયે બચાવવામાં તો ક્યાંથી જ હોય? પણ ગાયને બચાવવાની પાછળ

Gandhi Heritage Portal

જે આત્મશુદ્ધિ અને તપ રહેલું છે તેમાં ગોરક્ષાનું ખરું રહસ્ય રહેલું છે. કાલિદાસના રઘુવંશમાં નંદિની વરપ્રદાનની જે કથા છે તેમાં ગોરક્ષાનો આ મર્મ એટલો સ્પષ્ટ દેખાઈ આવે છે કે એ કથા અહીં આપવી અસ્થાને નહી ગણાય.

રઘુવંશ મહાકાવ્યને દીપાવનારાં આખ્યાનોમાં નંદિની ગાયે આપેલા વરદાનનું આખ્યાન જેટલું મનોહર તેટલું જ પવિત્ર કરનારું છે. દિલીપ રાજાને વૃદ્ધાવસ્થા છતાં સંતાન થયેલું ન હોવાથી રાજા રાણીને લઈ ને વસિષ્ઠ ગુરુની સલાહ પૂછવા તેમના આશ્રમે જાય છે. ઋષિ રાજાને યાદ દેવડાવે છે કે અજાણતાં સુરભિ કામધેનુની તારાથી એક વાર અવજ્ઞા થયેલી તે માટે મળેલા શાપનું તું ફળ ભોગવે છે, એ શાપ સુરભિની પુત્રી નંદિનીની સેવા કરીને ધોવાય એમ છે.

રાજા સેવાપરાયણ રહેવાની પ્રતિજ્ઞા કરે છે, અને પ્રભાતથી સુરભિની સેવામાં નિમગ્ન થાય છે, પોતાના વ્રતને અંગે અનુચરોને એ રજા આપે છે અને પોતે અને પત્ની વનવાસનું સંયમી જીવન ગાળી ગોસેવાપરાયણ થાય છે. એ સેવાની વિગત કવિ વર્ણવે છે:

आस्वादवद्भिः कवलैस्तृणानां कण्डूय नैर्दंशनिवारणैश्च ।
अव्याहतैः स्वैरगतैः स तस्याः सम्राट् समाराधनतत्परोऽभूत् ॥

મીઠા ઘાસના કોળિયા તેને ખવડાવતો, તેના શરીરને પંપાળતો, ડાંસ વગેરે ઉડાડતો, એને જ્યાં જવું હોય ત્યાં જવા દઈ, તેની જ ગતિને અનુકૂળ થઈ छायेव तां भूपतिरन्वगच्छत् તેની છાયાની પેઠે તેની સાથે રહી તેની આરાધના કરવા લાગ્યો. રાજાના તપનો પ્રભાવ એટલો હતો અને તેનો દયાભાવ એવો વિશ્વ-વિજયી હતો કે આખી વન્યસૃષ્ટિ મંત્રમુગ્ધ થઈ, અને अनेन सत्त्वेष्वधिको बबाधे तस्मिन्वनं गोप्तरि गाहमाने (એ રક્ષા કરનાર રાજાએ વનમાં પગ મૂક્યો કે તરત બળવાન પ્રાણીઓ પોતાનાથી ઓછા બળવાનોને કનડતાં અટકી ગયાં.)

રોજ પ્રાતઃકાળે ગાયને લઈ ને ચરાવવા રાજા નીકળે, તેને રાણી વળાવવા જાય, અને સાયંકાળે રાજા ગાયને લઈ ને પાછા વળે ત્યારે રાણી બંનેને લેવા જાય. બંને ગોસેવાપરાયણ પતિપત્નીનું અને એ ધન્ય ગોમાતાનું સાયંકાળે થતું મિલન કવિ વર્ણવે છે:

पुरस्कृता वर्त्मनि पार्थिवेन प्रत्युद्गता पार्थिवधर्मपत्न्या ।
तदन्तरे सा विरराज धेनुर्दिनक्षपामध्यगतेव सन्ध्या ॥

(રાજાની આગળ ચાલતી તે ગાય, તેને સામી મળવા આવેલી રાજાની ધર્મપત્ની અને રાજાની વચ્ચે જાણે દિન અને રજનીની મધ્યે આવતી સંધ્યા જેવી શોભતી.)

સંધ્યાકાળે તેનું પૂજન અર્ચન કરી, તેને દોહી, તેના સૂતા પછી સૂતો અને ઊઠતાં પહેલાં ઊઠતો. એ પ્રમાણે ૨૧ દિવસ વીત્યા.

પછી રાજાના ભક્તિભાવની કસોટી કરવા મુનિની હોમધેનુ ગંગાના એક ધોધ પાસે કુમળું ઘાસ જેમાં ઊગી નીકળ્યું હતું એવી પાસે આવેલી હિમાલયની ગુફામાં પેસી ગઈ. ગાય હિંસ્ર પશુઓથી સુરક્ષિત છે એમ માનીને રાજા પર્વતની શોભા નિહાળવામાં ગરકાવ થયેલો હતો તેવામાં એક સિંહે આવીને ગાય પર તરાપ મારી, એની રાજાને ખબર પડી નહીં. જ્યારે ગાયનો આર્તરવ સંભળાયો ત્યારે રાજાની નજર પાછી વળી, અને જુએ છે તો રાતી ગાય પર પંજો મૂકીને કેસરી ઊભો હતો. રાજા શરમાયો અને ભાથામાંથી બાણ કાઢીને સિંહ પર છોડવા જાય છે ત્યાં જ એનો જમણો હાથ રહી ગયો, અને જાણે મંત્રૌષધિથી એનું સર્વ બાહુબળ હણાઈ ગયેલું લાગ્યું. તેની આ લાચારી જોઈ સિંહ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, હે મહિપાલ, આ વૃથા શ્રમ શાને કરે છે? હું સામાન્ય સિંહ નથી, પણ મહાદેવનો કિંકર કુંભોદર છું. શિવજીના પાદસ્પર્શથી પવિત્ર થયેલા મારા શરીર પર તારાં અસ્ત્ર ચાલી શકવાનાં નથી. તેથી આ વ્યર્થ પ્રયત્ન છોડી દે અને ઘેર પાછો જા. તને સોંપેલું કામ તેં કર્યું છે. તારી ગુરુભક્તિ સાબિત થઈ ચૂકી છે. જેનું રક્ષણ શસ્ત્રથી કરવું અશક્ય છે તેને બચાવતાં નિષ્ફળ જવામાં શસ્ત્રધારી ક્ષત્રિયને કંઈ જ શરમાવાનું કારણ નથી. આ પછી સુંદર છટાદાર શબ્દચિત્રથી ભરેલી એક પછી એક પંક્તિમાં કવિએ રાજાના અંતરમાં ચાલતું સંશય અને શ્રદ્ધાનું, આશા અને નિરાશાનું તુમુલ યુદ્ધ વર્ણવ્યું

Gandhi Heritage Portal

છે. ગાયને બચાવવાના પહેલા જ પ્રયત્નમાં નિષ્ફળ ગયેલો રાજા દીન થઈને જવાબ આપે છે, હે મૃગેન્દ્ર, હું હાલીચાલી પણ શકતો નથી. એટલે મારું કહેવું તને હસવા જેવું ભલે લાગે, પણ

गुरोरपीदं धनमाहिताग्नेर्नश्यत्पुरस्तादनुपेक्षणीयम् ।

'પણ અગ્નિહોત્રી ગુરુની કામધેનુ–તેનું ધન–મારી આંખ આગળ નાશ પામતી મારાથી નહીં જોવાય. તેથી તું મારા પર કૃપા કરીને મારો દેહ લે, એનાથી તારી ભૂખ ભાંગ, અને મહર્ષિની આ ગાયને છોડી દે. સાંજ પડ્યે એનું નાનકડું વાછરડું બિચારું એની રાહ જોશે.'

સિંહ રાજાનો નિશ્ચય ફેરવવા તેને અનેક રીતે સમજાવે છે. સાર્વભૌમ રાજ્ય, જુવાની, સુંદર શરીર એ બધાનો વિચાર કરવાને કહે છે.

भूतानुकम्पा तव चेदियं गौरेका भवेत्स्वस्तिमती त्वदन्ते ।
जीवन्पुनः शश्वदुपप्लवेभ्यः प्रजाः प्रजानाथ पितेव पासि ।।

'તું જો ભૂતદયાથી પ્રેરાયો હોય, તો તારો દેહ આપીને તું આ એક જ ગાયને બચાવીશ. પણ જો તું જીવીશ તો હે પ્રજાનાથ! તું તારી પ્રજાને પિતાની જેમ હંમેશાં સંકટોમાંથી ઉગારી શકીશ.' આગળ ચાલતાં કહે છે: 'પણ જો તને તારા અપરાધથી કોપેલા અગ્નિ જેવા ગુરુનો ડર લાગતો હોય, તો તેમને તો તું ઘડા જેવા આંચળવાળી કરોડો ગાયો આપીને શાંત કરી શકીશ.' આ દલીલ પણ કામ લાગતી નથી. આમ સિંહ માનતો નથી, અને ગાયની દયામણી આંખ રાજાના દયાભાવ અને સેવાભાવને વધારતી જાય છે. સિંહને રાજા વધારે સમજાવે છે, પોતાનું ક્ષત્રિયપદ નિષ્ફળ થાય છે એમ કહીને વીનવે છે, પછી એક મધુરી દલીલ વાપરે છે. કહે છે કે, જેમ તું દેવદાર વૃક્ષની શિવની આજ્ઞાથી રક્ષા કરે છે, તેમ જ હું મારા ગુરુની આજ્ઞાથી આ ગાયની રક્ષા કરું છું –એટલે સેવા કરનારો તું મારો સેવાભાવ કેમ સમજતો નથી? આ પછી વળી એક ભવ્ય દલીલ કરે છે:

किमप्यहिंस्यस्तव चेन्मतोऽहं यशःशरीरे भव मे दयालुः ।
एकान्तविध्वंसिषु मद्विधानां पिण्डेष्वनास्था खलु भौतिकेषु ।।

(પણ તને એમ લાગે કે મારી હિંસા ન થઈ શકે, મારા ઉપર દયા આવતી હોય તો શા સારુ આ નશ્વર શરીર ઉપર દયા કરે છે? મારું જે યશઃશરીર –અમર યશરૂપી મારું જે શરીર છે તે ઉપર દયાળુ થા, અને આ નશ્વર દેહને ખાઈ તું ધરા. જે કેવળ નશ્વર પિંડ છે તેની ઉપર મારા જેવાને કશી આસ્થા કે સ્પૃહા નથી.) આ દલીલથી સિંહ માત થાય છે અને કહે છે, तथेति (તેમ થાઓ). એટલે રાજા સિંહની ક્ષુધાશાંતિને સારુ તેને ચરણે પોતાના દેહને 'માંસના ગોળાની જેમ' અર્પણ કરે છે. પણ શું આશ્ચર્ય! સિંહની ઉગ્ર તરાપને બદલે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ ઊંધે માથે સૂતેલા રાજા પર પડે છે, અને એક ધીમો અમૃત જેવો મીઠો અવાજ સંભળાય છે, 'હે વત્સ, ઊઠ.' રાજા ઊઠે છે, અને જુએ છે તો સામે પોતાની જનની જેવી પેલી ગોમાતા દૂધની ધાર છોડતી ઊભેલી છે અને સિંહ અદૃશ્ય થઈ ગયો છે!

રાજાની સત્ત્વપરીક્ષા પૂરી થાય છે. તેના પ્રચંડ આત્મબલિદાનનો વિજય થયો છે. નંદિની તેને કહે છે કે આ સિંહ તો મારી જ માયા હતો. એ માયા કરીને મેં તારી કસોટી કરી. ઋષિના પ્રભાવથી કાળ પોતે પણ મારા પર પ્રહાર કરવા અસમર્થ છે– मायां मयोद्भाव्य परीक्षितोऽसि। રાજાની ગુરુભક્તિથી, સેવાથી અને દયાથી પ્રસન્ન થયેલી ગાય સંતાનપ્રાપ્તિ માટે ઉત્સુક રાજાને તેનો માગેલો વર આપે છે, અને કહે છે,

भक्त्या गुरौ मय्यनुकम्पया च प्रीतास्मि ते पुत्र वरं वृणीष्व ।
न केवलानां पयसां प्रसूतिमवेहि मां कामदुघां प्रसन्नाम् ।।

'તારી ગુરુભક્તિ અને મારા ઉપરની દયાથી હું પ્રસન્ન થઈ છું. હે પુત્ર, તું વર માગ. હું એકલું દૂધ જ આપું છું એમ ન માનતો. હું કામધેનુ છું. પ્રસન્ન થાઉં તો ગમે તે આપી શકું છું.'

કવિએ અહીં દિલીપને સાક્ષાત્ પ્રેમમૂર્તિ ચીતર્યો છે. ગાયને બચાવવા પ્રાણાર્પણ કરવું કે કરોડો ગાયોના દાનનું પુણ્ય મેળવવું એ ધર્મસંકટમાં પસંદગી કરતાં તેને વાર લાગતી નથી. નિઃશંકપણે તે

Gandhi Heritage Portal

પ્રાણાર્પણ કરવાનું પસંદ કરે છે, અને એમ કરતાં અકલ્પિત રીતે દૈવી સત્ત્વને પ્રસન્ન કરે છે. સત્યની એની અવિરત શોધને પરિણામે તેને ગોરક્ષાનો સાચો માર્ગ– અહિંસાનો, સંપૂર્ણ પ્રેમનો માર્ગ જડયો છે, અને તે માર્ગ લેતાં એને બધી રિદ્ધિસિદ્ધિ મળી રહે છે.

જે અનુભવ દિલીપને થયો તે આજે આપણને પણ થઈ શકે છે. તેની સામે જે સવાલ હતો તે જ આપણી આગળ છે. જે ગાયની સેવા અને રક્ષાને હિંદુ ધર્મે પવિત્ર કર્તવ્યરૂપ માની છે, તે ગાય એટલે કેવળ એ નામનું પશુ જ સમજવાનું નથી. આપણા ધર્મગ્રંથોમાં દુ:ખપીડિત ધરણીને પણ ગાયરૂપે કલ્પેલી છે, ધરણીને જ ગો નામ આપેલું છે. જ્યારે જ્યારે પૃથ્વીરૂપી ગોમાતા પાપના ભારથી ત્રાસી જાય છે ત્યારે તે શ્રીવિષ્ણુ આગળ પોકાર કરવા દોડે છે. એ ગોમાતાની સેવા એટલે દુ:ખે પીડાતી સમસ્ત માનવજાતિની સેવા; 'જેઓની કાયા કામના બોજાથી ઘસાઈ જાય છે, જે અનેક વિટંબણાઓથી પિડાય છે, થાકી જાય છે, છતાં જેમને આરામ મળતો નથી,' એવાં બધાં માનવી ભાઈ-ભાંડુની સેવા, દરિદ્રનારાયણની સેવા –પછી એ દરિદ્રનારાયણ ભલે ઉત્કલનાં હાડપિંજરરૂપે અવતર્યાં હોય કે ઉજળિયાત કહેવાતા વર્ગોની તિરસ્કારભરી તુમાખીનો ભોગ થઈ પડેલા, અજ્ઞાન, ભૂખમરા અને હાડમારીઓથી ભરેલું હીન જીવન ભોગવતા દલિત અંત્યજોનાં શરીરોમાં અવતરી કષ્ટ અનુભવતાં હોય.

આ આપણો આદર્શ છે. એ સિદ્ધ કરવા માટે ગાયોની રસી મૂકવાની સોંઘી યુક્તિ કામ લાગે ખરી? અથવા, જે માણસ ગાયને મારવાનો છે તેને મારી નાખીને ગાય છોડાવવાનો કે પૈસાની છોળો-માંથી થોડા પૈસા ખરચી કતલખાનામાંથી ઢોર ખરીદી લેવાનો – આ પારકાના બલિદાનનો લાભ લેવાનો રસ્તો કામ આવે ખરો? એનો સાચો રસ્તો તો દિલીપે બતાવી મૂક્યો છે. એ માર્ગ છે સંપૂર્ણ પ્રેમનો, આપભોગનો અને આત્મશુદ્ધિનો. એવા પ્રેમ આગળ અરણ્યની કુદરત પણ નરમ થઈ જાય છે, અને આખી દુનિયા તેને વશ વર્તે છે. ગોરક્ષાના આ આધ્યાત્મિક આદર્શને હિંદુ ધર્મે ઊંચામાં ઊંચો ધર્મ માન્યો છે, અને એટલે જ વસિષ્ઠની નંદિનીએ વરદાન આપ્યું છે :

न केवलानां पयसां प्रसूतिमवेहि मां कामदुघां प्रसन्नाम्

'હું એકલું દૂધ જ આપી શકું છું એમ ન માનતો. હું કામધેનુ છું. પ્રસન્ન થાઉં તો ગમે તે આપી શકુ છું.'

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २०–९–१९२८
ભાષાંતર : नवजीवन, ३०–९–१९२८

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય

**इन्डियन रिव्यू :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી :** ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય, જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**नवजीवन :** ગાંધીજીના તંત્રીપદેથી અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**નેહરુ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલય, નવી દિલ્હી.**

**पांचमा पुत्रने बापुना आशीर्वाद** (ગુજરાતી) : સંપાદક : કાકા કાલેલકર, નવજીવન પ્રકાશન મંદિર (૧૯૫૭).

**प्रजाबंधु :** અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી દૈનિક.

**बापुना पत्रो–२ : सरदार वल्लभभाईने** (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

**बापुना पत्रो–४ : मणिबहेन पटेलने** (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૨.

**बापुना पत्रो–६ : गं. स्व. गंगाबहेनने** (ગુજરાતી) : સંપાદક : કાકા કાલેલકર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૦.

**बापुना पत्रो–७ : श्री छगनलाल जोशीने :** સંપાદક : છગનલાલ જોશી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૨.

**बापुनी प्रसादी** (ગુજરાતી) : મથુરાદાસ ત્રિકમજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮.

**बारडोली सत्याग्रहनो इतिहास :** મહાદેવ દેસાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

**बॉम्बे क्रॉनिकल :** મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**यंग इन्डिया :** ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી સાપ્તાહિક.

**संयम अने संततिनियमन :** ગાંધીજી : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૯.

**સાબરમતી સંગ્રહાલય :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**हिन्दु :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**हिन्दुस्तान टाइम्स :** નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## [ જુલાઈ ૧, ૧૯૨૮થી ઑક્ટોબર ૩૧, ૧૯૨૮ ]

**જુલાઈ ૧ :** ગાંધીજી અમદાવાદના સાબરમતી આશ્રમમાં.

**જુલાઈ ૬ :** હિન્દુની સુવર્ણ જયંતી પ્રસંગે સંદેશો મોકલ્યો.

**જુલાઈ ૧૩ :** પોતાના મૃતભાઈને ફરી જીવતો કરવાની વિનંતી કરનાર મિસ બાર્બરા બૉઆરને પત્રમાં લખ્યું : "બીજાં બધાં માનવપ્રાણીઓની જેમ તેમના જેવી જ નબળાઈઓ, અસરો આદિને આધીન હું પણ કેવળ એક મર્ત્ય માનવી છું. . . . મારામાં કોઈ પ્રકારની અલૌકિક શક્તિ નથી."

**જુલાઈ ૧૮ :** બારડોલીના ખેડૂતોના પ્રતિનિધિઓ તરીકે શ્રી વલ્લભભાઈ પટેલ, અબ્બાસ તૈયબજી વગેરે અને ગવર્નર વચ્ચે સુરત ખાતે કૉન્ફરન્સ થઈ તેમાં મતદારો પર "ખોટી હકીકતો ગણતરીમાં લેવાનો એ કહેવાતો આરોપ" હતો તેની તપાસ માટે કમિટી નીમવાની શરતો નક્કી થઈ.

**જુલાઈ ૧૯ :** **યંગ ઇન્ડિયા**માંના "નૉન કોઑપરેશન ઍન્ડ સિવિલ રિઝિસ્ટન્સ" (અસહકાર કે સવિનયભંગ)માં ગાંધીજીએ લખ્યું : "મારો હેતુ તો સ્વરાજપ્રાપ્તિ માટે કરાતા અસહકાર અને એક એક ચોક્કસ અન્યાયના નિવારણ માટે કરાતા બારડોલી જેવા સવિનયભંગ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી બતાવવાનો છે."

**જુલાઈ ૨૦ :** બારડોલીના પ્રશ્ન બાબત ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી.

**જુલાઈ ૨૨ :** **નવજીવન**ના "સરકારની કુબુદ્ધિ" નામના પોતાના લેખમાં ગાંધીજીએ બારડોલી સમાધાનની અનિવાર્ય શરતોની ચર્ચા કરી.

**જુલાઈ ૨૬ :** ગવર્નરના ભાષણના જવાબરૂપે બારડોલીના સવાલ પર એક નિવેદન **યંગ ઇન્ડિયા**માં પ્રસિદ્ધ કર્યું.

**ઑગસ્ટ ૨ :** ગાંધીજી બારડોલી પહોંચ્યા.

**ઑગસ્ટ ૪ :** સરભોણ વિસ્તારનાં ૨૫ ગામના પ્રતિનિધિઓ તથા પટેલો અને તલાટીઓ સમક્ષ સરભોણમાં ભાષણ.

**ઑગસ્ટ ૫ :** રાયમમાં શિસ્ત પર ભાષણ.

**ઑગસ્ટ ૬ :** પૂના ખાતે બારડોલી સમાધાન થયું. ગાંધીજીએ સરકાર તથા બારડોલીની પ્રજા બંનેને ધન્યવાદ આપ્યા.

**ઑગસ્ટ ૧૧ :** વાલોડ મુકામે સત્યાગ્રહનું શાસ્ત્ર સમજાવ્યું.

**ઑગસ્ટ ૧૨ :** બારડોલીમાં સ્વયંસેવકો સમક્ષ પ્રવચન. સુરતમાં બારડોલીના વિજયની ઉજવણી પ્રસંગે ભાષણ.

**ઑગસ્ટ ૧૩ :** સાબરમતી પહોંચ્યા.

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૧૯ : સર્વસંમતિ સાધી શકવા બદલ નેહરુ રિપોર્ટનું બહુમાન કર્યું.
બારડોલીના વિજયનું રહસ્ય સમજાવતાં અમદાવાદમાં બોલ્યા.

ઑગસ્ટ ૨૦ : બ્રહ્મોસમાજની શતાબ્દી પ્રસંગે ભાષણ.

ઑગસ્ટ ૨૮ : નેહરુ રિપોર્ટની વિચારણા કરવા લખનૌમાં સર્વપક્ષીય પરિષદ મળી.

ઑગસ્ટ ૩૦ : હિંદ માટે સાંસ્થાનિક સ્વરાજની નેહરુ રિપોર્ટની ભલામણને સર્વપક્ષ પરિષદે બહાલી આપી.

સપ્ટેમ્બર ૭ : અમદાવાદની બહેરાંમૂંગાંની શાળામાં ભાષણ.
મોતીલાલ નેહરુ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ ચૂંટાયા.

સપ્ટેમ્બર ૧૦ : ટૉલ્સ્ટૉયની જન્મશતાબ્દી દિને ગાંધીજીએ અમદાવાદમાં ભાષણ આપ્યું.

ઑક્ટોબર ૧ : એની બેસંટની જયંતી પ્રસંગે અમદાવાદમાં ભાષણ.

ઑક્ટોબર ૫ : લાહોરમાં ભરાનાર વિદ્યાર્થી પરિષદ માટે સંદેશો મોકલ્યો.

ઑક્ટોબર ૬ : ડૉ. બેસંટના પ્રમુખપદે મદ્રાસની સર્વપક્ષીય પરિષદ મળી.

ઑક્ટોબર ૧૧ : યંગ ઇન્ડિયાના "ઈશ્વર છે" લેખમાં લખ્યું : "મારી આસપાસની સકળ સૃષ્ટિ હમેશ પલટાયા કરે છે, હમેશ નાશ પામે છે. છતાં એ બધાયે વિકાર ને પલટાઓની પાછળ એક અવિકારી સ્થિર, સર્વને ધારણ કરવાવાળી એક ચેતન સત્તા રહેલી છે, એવી મને આછી આછી ઝાંખી થયા કરે છે. સર્વને વ્યાપીને રહેલી એ સત્તા અથવા આત્મા તે જ ઈશ્વર છે. અને કેવળ ઇન્દ્રિયો દ્વારા જેનું મને જ્ઞાન થાય છે તે બધુંયે ટકવાવાળું નથી અથવા ટકવાનું સામર્થ્ય ધરાવતું નથી. તેથી તે જ એક છે. એકમાત્ર તેની જ હયાતી છે . . . તર્ક અથવા બુદ્ધિની કોઈ રીતથી હું સમજાવી શકું એમ નથી. શ્રદ્ધા બુદ્ધિથી પર છે."

ઑક્ટોબર ૨૮ : નવી ગુજરાતી શાળામાં ભાષણ.

ઑક્ટોબર ૩૧ : લાહોરમાં પોલીસ અને નેશનાલિસ્ટો વચ્ચે થયેલી ઝપાઝપીમાં લજપતરાયને ઇજા થઈ.

BM6

ગ્રંથાલય. ૨૧૬-૧૩૦

Gandhi Heritage Portal

# સૂચિ


અકર્તે, જે. એસ. ૨૭૯
અખિલ હિંદ ગોરક્ષા સંઘ ૦અને તેનું બંધારણ, કાર્ય વગેરે ૪૧
અગ્રવાલ, મૂલચંદ ૧૩૪
અણે, એમ. એસ. ૧૭૧
અનસારી, ડૉ. એમ. એ. ૨૭, ૨૯, ૬૪, ૧૮૮, ૨૨૩, ૨૩૭, ૨૬૧, ૨૮૬, ૨૮૭, ૩૧૪ પા. ટી.
अन्डरस्टेन्डिंग इन्डिया ૩૭૭
અબુબકર ૨૭૪
અભય ૨૮૨
અભય આશ્રમ –ની પ્રવૃત્તિ ૨૯૧–૨
અમદાવાદ –ની સુધારણા ૨૬૨–૩
અમરનાથ –ની યાત્રા અને સ્વરાજ વચ્ચે ભેદ નહીં ૨૬૫–૬
અમીન, એચ. જે. ૮ પા. ટી.
અર્જુન ૧૨૯
अर्थशास्त्र ૩૧૧
અર્વીન, લૉર્ડ ૧૫૫
અલી, અમીર ૧૩૯
અલી ઇમામ, સર ૧૫૯, ૧૭૧, ૧૮૪, ૨૩૭
અલી શૌકત ૨૯, ૬૩, ૬૪ પા. ટી., ૧૧૪, ૨૮૬
અલ્લાહ ૧૫૮
અવારી, મંચેરશા ૩૯
અસહકાર ૦સવિનય પ્રતિકારથી ભિન્ન ૬૭
અસ્પૃશ્યતા –ની નાબૂદી અને સ્વરાજ ૧૫૮
અસ્પૃશ્યો –નો મંદિરપ્રવેશ ૮૬; ૦માટે વર્ધામાં લક્ષ્મીનારાયણ મંદિરમાં પ્રવેશની છૂટ ૧૮૦
અહિંસા ૪, ૫, ૩૦, ૩૧, ૧૭૧, ૨૧૦, ૨૨૪, ૨૪૮–૯, ૨૫૨–૬, ૩૭૦, ૩૭૧; ૦અને પ્રાણહરણ ૨૯૩–૫, ૩૬૧–૪, ૩૮૭–૯; ૦અને બારડોલી સત્યાગ્રહ ૨૩૭, ૨૩૮; ૦અને વાછરડાની હત્યા ૧૯૯, ૨૮૧, ૩૪૦–૧; ૦અને વ્યાઘ્રચર્મ તથા રેશમી કાપડનો ઉપયોગ ૫૩–૪, ૭૫ પા. ટી., ૦અને હિંદુમુસ્લિમ એકતા ૩૧૫–૬; –ની સામેની ટીકાનો પ્રત્યુત્તર ૩૧૭–૮; ૦શિક્ષણમાં ૨૧૬–૭
અંગ્રેજી ૦શિક્ષણના માધ્યમ તરીકે ૨૦–૧

આઇઝક, ગૅબ્રિયલ ૩૩૫
આગાખાન ૩૪૩ પા. ટી.
આણંદજી કલ્યાણજી ૨૬૨
आत्मकथा ૬૦, ૮૯, ૩૭૬, ૩૯૩; -નાં પ્રકાશનો અંગેના હક્કો ૨૨૬–૭
આત્મનિગ્રહ ૨૫૧, ૨૫૨; ૦શી રીતે પાળવો ? ૧૧૧-૨
આત્મસાક્ષાત્કાર ૩૦૦
આત્મા ૨૪૦
આનંદસ્વરૂપ ૨૭
આનંદ, સ્વામી ૧૨૫, ૨૭૫
આનંદશંકરભાઈ જુઓ ધ્રુવ આનંદશંકર
આયર, સી. એસ. વિશ્વનાથ ૬૧
આયંગર, એ. રંગસ્વામી ૨૪
આયંગર, એસ. શ્રીનિવાસ ૩૧૩ પા. ટી., ૩૧૪ પા. ટી.
આસર, લક્ષ્મીદાસ પુરુષોત્તમ ૫૭

इकॉनॉमिक्स ऑफ खद्दर ૩૭૬
इन्डियन ओपीनियन ૧૩૯, ૧૪૩
ઇન્દ્ર ૨૫૨
इंग्लिशमॅन ૩૯૬ પા. ટી.

ઈશ્વર ૪, ૩૩, ૮૯, ૧૩૧, ૧૫૪, ૧૬૦, ૧૮૪, ૧૮૫, ૩૧૬, ૩૨૫–૯, ૩૪૯; ૦અને સંગીત ૨; –ની સત્યાગ્રહમાં પ્રેરણા ૧૦૫, ૧૪૪–૫
ઈશુખ્રિસ્ત ૩૦૧

'ઉગ્ર,' જુઓ પાંડેય બેચન શર્મા
ઉપવાસ ૯૭
ઉપાધ્યાય, હરિભાઉ ૩૦, ૬૫, ૩૪૩

ઊર્દૂ ૦અને હિંદી ૩
ઊર્મિલાદેવી ૧૭૯, ૩૧૯, ૩૫૨

ઋષભદાસ ૩૩
ઋષ્યશૃંગ ૨૪૫

ઍન્ડર્સન ૪૧૬
ઍન્ડ્રૂઝ, સી. એફ ૧૭, ૮૯, ૯૯, ૧૦૦, ૧૦૬, ૧૬૭, ૧૯૨, ૨૨૬, ૨૨૭, ૨૭૫, ૩૩૫, ૩૩૭, ૩૫૫
ઍમર્સન ૨૪૯
ઍલેક્ઝાંડર, સી. એ. ૧૭૮
ઍશબ્રૂક, હૅરિયર ૩૭૭


Gandhi Heritage Portal

એશિયનો –નો વસવાટ ૧૧૩
ઍસોશિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા ૭૧
ઓગ્રા, યુ. કે. ૪૮–૯, ૧૧૦
ઑટો, અધ્યાપક ૩૫૫–૬
ઑલ્ડફીલ્ડ, ડૉ. જોસિયા ૪૪, ૧૯૧
કડકિયા, આર. એસ. ૨૮
કબીર ૨૦
કમળા ૩૧૨
કમાલકર ૬૫
कमिंग रिनेसां ૩૬
કરન્થ, કે. એસ. ૨૦૪
કર્ણાદ, કે સદાશિવરાવ ૨૨૯
કર્મ ૩૧૮
કર્વે, પ્રો. ૩૧૯
કાન્તિ ૩૦૪, ૩૦૫, ૩૮૩
કાલેલકર, કાકાસાહેબ ૭૫, ૯૬, ૧૬૬, ૧૮૩, ૨૦૦, ૨૧૯, ૨૨૦, ૨૩૪, ૨૩૯, ૨૪૦, ૨૬૪, ૨૭૯, ૩૫૦, ૩૬૯, ૩૮૫
કાસીમ, શાહ મહમદ ૧૧, ૩૫
કાંતણ ૨૦૨, ૨૭૧–૨; ૦દુષ્કાળ રાહત માટે ૩૮૪; ૦પ્રાચીન ભારતમાં ૩૧૧; ૦મૈસૂરમાં ૨૦૮–૯; ૦વરાડમાં ૨૧૦; વિદ્યાર્થીઓ અને બેકારો માટે ૧૯૭; ૦સાથે પિંજણ અને પૂણી બનાવવાની જરૂર ૧૨૬
કિચનર ૧૭૦
કિર્કિન્સ, સ્વેન્સકા ૩૭૬
क्रिंगडम ऑफ गॉड इज़ विथिन यु ૨૪૭
કુરેશી, શ્વેબ ૧૭૧, ૨૮૬
કુવલયાનંદ ૩૪૨
કુંઝરુ, હૃદયનાથ ૪૯ પા. ટી., ૫૫
કુંવરસિંગ, મહારાજ ૨૭૬
કૃપાલાની, જે. બી. ૩૦૨
કૃષ્ણદાસ ૨૪૪, ૨૭૫, ૨૭૮, ૩૯૨
કૃષ્ણભગવાન ૧૨૯, ૧૫૨
કૃષ્ણમૈયાદેવી ૧૩૬
કૃષ્ણમ્મા, ડી. બી. ૩૧૩
કૃષ્ણય્યર, આર. ૩૯૫
કૃષ્ણલાલ ૯૯
કે ૧૦૦
કેડિયા, વૈજનાથજી ૯૬
કેન્ના, એલ. ૪૪
કૅપ્ટન, પેરિનબહેન ૨૦૦, ૨૫૭, ૩૪૯, ૩૬૮
કૅમ્બિસ (મિસિસ) ૪૭
કૅલનબૅક ૨૩૦
કેલૉગ, ડૉ. ૧૯૪
કેળકર, ન. ચિ. ૩૪૯
કૉક્સ ૨૫૮
કોટક, હરજીવન ૨૬૫, ૩૮૨
કોઠારી, મણિલાલ વલ્લભજી ૯૬, ૧૪૯
कॉन्कवेस्ट ऑफ वायोलन्स ૧૯૧ પા. ટી.
કૉન્ફ્યૂશિયસ ૩૭૦
કૉમ્બર ૧૪૩
કોલ્ડસ્ટ્રીમ, ડબ્લ્યુ. ૪૭
કૉંગ્રેસ જુઓ હિંદી રાષ્ટ્રીય મહાસભા
કૌટિલ્ય ૩૧૧
કયૂમ, અબ્દુલ ૧૬૬
ક્લેટન ૩૨૩
ક્લેમન્ટ ૧૪૩
ખરે, નારાયણ મોરેશ્વર ૨૯૮
ખંભાતા, બહેરામજી ૧૪, ૧૮૭
ખાડિલકર, ચિંતામણિ બલવંત ૨૩૫
ખાદી ૪, ૧૫૮, ૨૭૩; ૦અને મિલનું કાપડ ૩૧૦; ૦ગાંધી આશ્રમની પ્રવૃત્તિને ટેકારૂપ ૯૮; ૦દુષ્કાળ રાહત માટે ૩૭૨, ૩૭૩; –ની ફેરી ૩૩; –ને માટે પ્રકાશનખાતું ૨૦૮; –નો આશય ૫૪; –નો ઓરિસ્સામાં નિકાલ ૩૧૨; –નો કરાંચી મ્યુનિસિપાલિટી દ્વારા ઉપયોગ ૩૦૭–૧૦; ૦શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ૨૧૦; ૦સ્વાવલંબી બનવા માટે ૨૮૩
खादी विजय ૨૩૪
ખાન, અજમલ ૨૬૧
ખાન, અલી અહમદ (કાબૂલના ગવર્નર) ૨૯
ખાન, એમ. એમ. અસલમ ૨૬
ખોરાક –ના પ્રયોગો ૨૪૦–૧
ખ્રિસ્તી મિશનરી –ઓની પ્રવૃત્તિ ૧૬–૭
ગજેન્દ્ર ૩૪૩ પા. ટી.
ગણેશ ૩
ગણેસન, એસ. ૨૯૦, ૩૩૫, ૩૫૩, ૩૮૦
ગલિક, શ્રી સિડની એલ. ૧૧૩ પા. ટી.
ગવર્નર ૦મુંબઈના ૯૧, ૧૪૫, ૧૫૩, ૧૬૧, ૧૭૦
ગંગા ૨૬૪, ૨૬૫
ગંગાધરરાવ ૨૩૪

Gandhi Heritage Portal

ગંગાબહેન ૧૯૩
ગામડાં ૦માટે શૈક્ષણિક પદ્ધતિ ૨; –માં રચનાત્મક કાર્ય ૨૧૮
ગાયકવાડ, જયરામ તાબાજી ૩૦૬
ગાર્ડિયન ૯૯
ગાંધી આશ્રમ –ની સેવા ૬૮
ગાંધી, કમળાબહેન ૧૯૩
ગાંધી, કસ્તૂરબા ૧૧૭, ૧૫૩, ૩૬૫, ૩૬૬, ૩૮૧, ૩૮૪, ૩૯૩
ગાંધી, કાશી ૫૯
ગાંધી, કેશુ ૧૦૮, ૧૯૮, ૨૫૮, ૩૪૭
ગાંધી, છગનલાલ ૫૯, ૯૯, ૧૨૦, ૩૩૬
ગાંધી, જમનાદાસ ૧૨
ગાંધી, દેવદાસ ૧૧૭, ૧૪૩, ૧૫૩, ૧૯૨, ૧૯૪, ૧૯૯, ૨૧૩, ૨૩૦, ૨૪૩, ૨૭૫, ૩૩૬, ૩૬૨, ૩૯૫
ગાંધી, નારણદાસ ૯૬, ૧૦૨, ૩૮૧
ગાંધી, નીમુ ૧૯૯, ૩૬૫, ૩૬૬, ૩૮૪
ગાંધી, પ્રભુદાસ ૧૨૫, ૩૦૫
ગાંધી, મગનલાલ ૧૪, ૨૪, ૧૫૧, ૩૩૬, ૩૭૦; –નું ગુજરાતીમાં જીવનચરિત્ર ૧૨૫; –નું સ્મારક ૧૪૦, ૧૪૯; –ને અંજલિ ૨૨
ગાંધી, મણિલાલ ૮, ૫૯, ૧૪૩, ૧૫૨, ૧૯૯, ૨૧૩, ૨૮૬, ૩૬૬ પા. ટી.
ગાંધી, મોહનદાસ કરમચંદ –ને ખિસ્સાકાતરુનો અનુભવ ૭૨; –ને પ્રભાવિત કરનાર વ્યક્તિઓ ૨૪૭; ૦પોતાના જન્મદિવસે અખંડ કાંતણ રાખવા અંગે ૨૮૬; ૦બીજા ધર્મોના ગુણ સ્વીકારવા અંગે ૨૧૫
ગાંધી, રસિક ૬૦, ૧૫૩, ૧૯૨, ૧૯૪, ૧૯૯, ૨૧૩, ૨૪૩, ૩૬૬, ૩૯૫
ગાંધી, રાધા ૧૦૮, ૩૪૭, ૩૯૩
ગાંધી, રામદાસ ૬૦, ૧૪૩, ૧૫૩, ૧૯૯, ૨૩૦, ૩૧૨, ૩૩૬, ૩૬૫, ૩૬૬, ૩૮૦, ૩૮૪
ગાંધી, રૂખી ૩૪૭
ગાંધી, સંતોક ૧૦૮
ગાંધી, સુશીલાબહેન ૮, ૫૯, ૧૫૨, ૧૯૯, ૨૧૩, ૨૮૬; ૩૬૫–૬
ગાંધી, હરિલાલ ૬૦, ૧૪૩
ગિદવાણી, ચોઇથરામ પી. ૨૭૭, ૨૮૮
ગિરધારીલાલ ૧૬૭
ગિરવરધર ૧૧૮
ગિરિરાજ ૨૪૪
ગીતાંજલી ૨૮૦
ગુજરાતી કોશ, જુઓ જોડણીકોશ
ગુપ્ત, પરમેશ્વરીપ્રસાદ ૯૬
ગુરુચરણસિંહ ૩૫૩ પા. ટી.
ગુલામઅલી, કરીમ ૩૪૫
ગુજરાત વિદ્યાપીઠ –નું રાષ્ટ્રીય ઉન્નતિમાં પ્રદાન ૧૪૯
ગેરીબાલ્ડી ૧૫૭
ગૅરેટ, (મેજર) આર. પી. ૨૧૦
ગોકુલભાઈ આચાર્ય ૨૮૫
ગોખલે, અવંતિકાબાઈ ૩૦૬
ગોખલે, ગોપાળકૃષ્ણ ૧૮૩
ગોખલે, બબન ૩૦૬
ગોપાલકૃષ્ણૈયા ૭૩
ગોપી ૨૧
ગોરક્ષા ૪૧, ૨૭૩, ૩૩૯
ગોરક્ષા સંઘ જુઓ ગોસેવા સંઘ
ગોવિંદજી જેઠાલાલ ૩૩, ૨૯૧
ગોસાંઈ, ગોવિંદ ૨૭૦
ગોસેવા સંઘ –નું ધ્યેય ૯૫–૬
ગ્રામસફાઈ ૦અને સ્વરાજ ૧૫૭–૮
ગ્રામસુધાર ૧૧૮ પા. ટી.
ગ્રેગ, રિચાર્ડ બી. ૧૬૬, ૧૯૨, ૨૨૭, ૩૭૬, ૩૮૦
ગ્લેડસ્ટન ૧૭૦

ઘોષ, ડૉ. પ્રફુલ્લચંદ્ર ૧૮, ૨૯૧
ઘોષ, ભૂપેન્દ્રનાથ ૧૧૬

ચતુર્વેદી, બનારસીદાસ ૪૯, ૧૧૦, ૩૨૫
ચરખા –નો ઇતિહાસ ૨૭૦–૨
ચંચળબહેન જુઓ પિટીટ મીઠુબહેન
ચારિત્ર્ય ૨૦૮, ૨૩૬, ૩૦૦
ચાંદીવાલા, બ્રજકૃષ્ણ ૨૨૧, ૨૫૩, ૩૪૫
ચિત્રકામ ૦બાળકોના શિક્ષણમાં ૨
ચિનાઈ ૨૬૯–૭૦
ચિમનલાલ ૩૩૫
ચૂનીલાલ ૭૯
ચૅટરજી, રામાનંદ ૨૮૦
ચેટ્ટી, સી. વી. રંગમ્ ૬૨
ચૅમ્બરલેન ૨૬૩
ચૈતન્ય ૨૦
ચોપરા, પ્યારેલાલ ૧૧૯
ચૌધરી, મુખતારસિંગ ૧૧૭

છત્રપતિ, મણિલાલ ૨૮૫
છૂટાછેડા ૪૫

Gandhi Heritage Portal

છોટાલાલ તેજપાળ ૩૨૩
છોટેલાલ ૧૨૮, ૧૩૦, ૧૩૫, ૨૯૨, ૩૨૧, ૩૮૧, ૩૯૨

જમુના ૨૬૪
જયકર, એમ. આર. ૨૭૬, ૩૦૬
જયરામદાસ દોલતરામ ૧૫, ૧૧૪, ૨૪૨
જલિયાંવાલા બાગ સ્મારક —માટેનો લેખ ૧
જાતમહેનત ૪, ૫
જાફરભાઈ, આબિદઅલી ૪૮
જામિયા મિલિયા —ના ફંડનો વહીવટ ૨૭, ૨૮, ૬૪
જામિયા મિલિયા સ્મારક ફંડ —સમિતિ ૧૦
જાહેરફંડ —નો દુર્વ્યય અને ગેરવહીવટ ૧૫૯
જુગતરામ ૩૯૩
જુગલકિશોર ૨૧૪, ૩૩૦
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૪, ૨૦૮, ૩૦૬
જેલો —માં કેદીઓની સ્થિતિ ૧૭૪–૫, ૨૬૮–૭૦
જેસુખલાલ ૩૯૨
જૈનો ૨૯૨; —ને સલાહ ૧૫૦–૧
જોડણીકોશ ૨૯૫, ૩૮૫
જોશી, એમ. વી. ૩૩૩
જોશી, છગનલાલ ૩૮, ૬૬, ૯૮, ૧૦૯, ૧૨૩, ૧૯૪ ૨૫૩, ૩૫૪, ૩૮૧
જોશી, જેઠાલાલ ૯૭, ૧૬૮, ૧૯૯, ૨૭૯, ૨૮૩, ૩૨૦, ૩૪૩

જ્ઞાતિ —નાં બંધનો ૨૮૫
ઝફરુલમુલ્ક ૨૩૧
ઝવેરી, ઉમર ૨૭૪
ઝવેરી, પન્નાલાલ બાબુભાઈ ૯૬
ઝવેરી, રેવાશંકર જગજીવન ૯૬
ઝાકીર હુસેન, ડૉ. ૨૭, ૨૮, ૨૯, ૬૪
ઝ્યુંકુંગ ૩૭૦

ટક્કર રેવ. બી. ડબ્લ્યુ. ૧૬, ૨૧૪
ટરટૅાર, એમી ૨૭૮
ટાઇમ્સ ૯૯
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ૧૯, ૧૫૬, ૨૫૮ પા ટી., ૩૫૬
ટાગોર, દેવેન્દ્રનાથ ૧૮૩–૪
ટાગોર, રવીન્દ્રનાથ ૧૮૪, ૨૪૪, ૨૬૩
ટિક્કૂ, વિષનાથ ૧૧૯
ટિળક, બી. જી. ૨૫૨
ટિળક સ્વરાજ ફંડ ૩૭ પા. ટી.

ટૉલ્સ્ટૉય ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧; —અને ગાંધીજી ૨૨૯; —ની જન્મશતાબ્દી ૨૪૬–૫૨
ટ્વીડલ બી. એમ. ૩૭

ઠક્કર, અમૃતલાલ ૬, ૫૫, ૨૭૪
ઠાકોરસાહેબ —કેરવાડાના ૮ પા. ટી.

ડાર્વિન ૨૩૬
ડાહીબહેન ૧૦૯
ડિઝરાયલી ૧૭૦
ડૅનફોર્થ, વિલિયમ એચ. ૧૯૩
ડેમોક્રેટ ૪૮ પા. ટી.
ડેવિડ ઈ. સી. ૨૪, ૨૭૬, ૩૯૭
ડેવિસ ૧૦૦
ડૉક, ઑલિવ ૧૪૩
ડૉક, જે. જે. ૧૪૩ પા. ટી.

તમાકુ ૨૧
તહેવારો —માં ખર્ચાતા પૈસા ગરીબો પાછળ ખર્ચવા જોઈએ ૨૬૬
તારિણી ૩૨૨–૩, ૩૯૬
તુલસીદાસ ૨૦, ૨૧૩, ૨૩૬
તૈયબજી, અબ્બાસ ૮ પા. ટી., ૭૧ પા. ટી., ૧૨૧, ૧૫૯, ૩૨૪ પા. ટી.
તૈયબજી, રૈહાનાબહેન ૧૨૧, ૧૩૩, ૩૨૪

થર્સ્ટન, વિલિયમ આર. ૨૮૮, ૨૯૭, ૨૯૮
થર્સ્ટન્સ ફિલૉસૉફી ઑફ મૅરિજ ૨૮૮, ૨૯૭ પા. ટી.

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ —અંગેના નિયમો ૧૭૦ —તરફથી બારડોલી સત્યાગ્રહમાં અપાતો ફાળો લેવાનો ઇનકાર ૧૭૩–૪, —ના સખત પરિશ્રમથી તેની પ્રગતિ ૧૫૭; —નો વસવાટ ૬૬, ૧૩૯, ૨૫૬
દક્ષિણામૂર્તિ ૧૩
દત્તા, ડૉ. પી. બી. ૨૧૦
દત્તાત્રેય ૨૪૭
દયાળદાસ પ્રતાપ ૩૬૯
દ લિગ્ટ, રેવ. બી. ૧૯૧, ૨૫૪, ૨૬૦
દલિતવર્ગો —ને માટે સભાગૃહ ૩૦૬
દહેલવી ૮ પા. ટી.
દાવર, મિસ ૪૨
દાસ, શ્રીમતી એસ. આર. ૩૮૧
દાસ, ગોપબંધુ ૬, ૭, ૧૯૨
દાસ, ચિત્તરંજન ૩૧૯, ૩૭૪
દાસ, મધુસૂદન ૨૮૪
દાસ, વીણાબહેન ૩૫૧

Gandhi Heritage Portal

દાસગુપ્તા, અનિલ ૮૯
દાસગુપ્તા, નિખિલ ૬૧, ૮૯, ૯૧
દાસગુપ્તા, સતીશચંદ્ર ૬૨, ૯૧, ૧૬૬, ૨૦૪, ૨૨૮, ૨૫૮, ૨૯૮, ૩૨૨, ૩૬૯, ૩૯૬, ૩૯૭
દાસગુપ્તા, હેમપ્રભાદેવી ૬૧, ૮૯, ૯૧, ૨૦૪, ૨૨૮, ૩૨૨, ૩૨૩, ૩૭૦
દિનકર ૨૬૯
દેવધર, જી. કે. ૩૧૯, ૩૫૨
દેવશર્માં ૧૪
દેશબંધુ જુઓ દાસ ચિત્તરંજન
દેશમુખ, આર. એમ. ૯
દેશસેવા ૦વિરુદ્ધ કૌટુંબિક ફરજ
દેસાઈ, કુસુમબહેન ૩૪, ૫૦, ૧૦૯, ૧૨૩, ૧૨૮, ૧૩૨, ૧૩૫, ૧૩૮, ૩૮૧, ૩૯૩
દેસાઈ, પ્રાગજી ૧૪૬, ૩૨૩
દેસાઈ, પ્રાણશંકર ૨૬૨
દેસાઈ, ભક્તિલક્ષ્મી ૭૧ પા. ટી.
દેસાઈ, ભૂલાભાઈ ૩૮૩, ૩૯૩
દેસાઈ, મહાદેવ ૧૪, ૪૨, ૪૯ પા. ટી., ૫૦, ૫૯, ૮૯, ૯૯, ૧૧૭, ૧૨૫, ૧૪૧ પા. ટી., ૧૫૩, ૧૭૬, પા. ટી., ૧૮૨ પા. ટી., ૨૦૦, ૨૧૬, ૨૨૭, ૨૩૩, ૨૪૩, ૨૫૮, ૨૭૫, ૨૭૬, ૨૮૬, ૨૮૭, ૨૯૯, ૩૩૬, ૩૬૭, ૩૮૧, ૩૮૩, ૩૯૩, ૩૯૪
દેસાઈ, યશવંતપ્રસાદ ૩૦૬
દેસાઈ, વાલજી ગોવિંદજી ૯૬, ૧૦૮
દેસાઈ, હરિઇચ્છાબહેન ૧૦૨
દેસાઈ, ડૉ. હરિપ્રસાદ ૨૩૧, ૨૪૭, ૨૪૯ પા. ટી., ૨૬૨, ૨૯૮
દેસાઈ, હરિલાલ ૮ પા. ટી.
દોરાઈસ્વામી, આર. ૨૦૨

ધન્વંતરી ૨૭૭
ધર્મ ૧૭૯, ૨૧૮–૯, ૨૪૦, ૨૬૫, ૨૬૬, ૨૮૧, ૩૦૦; ૦અને ઈશ્વર ૧૮૫; ૦અને ધાર્મિક માન્યતાઓ ૨૧૮–૯; ૦અને શિક્ષણ ૨૪૧–૨; ૦વિશે વિચાર ૨૧૫; ૦સ્વરાજ પ્રાપ્તિ અર્થે ૧૧૫
ધર્મકુમાર ૧૦૭
ધીરેન ૧૭૯, ૩૫૨
ધૂમ્રપાન –ની ગંદી ટેવ ૨૧
ધૈર્યબાળા ૩૬૫–૬
ધ્રુવ, આનંદશંકર ૧૮૦, ૩૭૬

નગીનદાસ અમુલખરાય ૧૪૯, ૨૬૪, –ની શૈક્ષણિક સંસ્થાઓને મદદ ૨૧૯–૨૦
નય્યર, પ્યારેલાલ ૧૧૭, ૧૫૩, ૨૭૫ પા. ટી., ૩૩૬, ૩૬૭, ૩૮૧, ૩૯૩
નરહરિભાઈ જુઓ પરીખ નરહરિ
નરીમાન, ખુરશેદબહેન એફ. ૮ પા. ટી., ૪૨, ૧૦૦
નરેન્દ્રદેવ ૪૪
નવજીવન ૩૧, ૩૨, ૩૬, ૫૨, ૫૭, ૭૧, ૭૨ પા. ટી., ૭૫, ૭૮, ૯૩ પા. ટી. ૧૨૬, ૧૮૭, ૧૯૫, ૧૯૭, ૨૧૫, ૨૪૬, ૨૯૬, ૩૧૫, ૩૧૭, ૩૩૯, ૩૪૦, ૩૪૫, ૩૬૦, ૩૭૪ પા. ટી., ૩૭૫ પા. ટી., ૩૮૯ પા. ટી.
નવરોજી, ખુરશેદ ૩૩૦
નવરોજી, દાદાભાઈ ૨૨૫
નવલખા, એન. કે. એસ. ૩૯૭
નવાબ –રામપુરના ૬૪
નવીન ૧૯૨, ૧૯૪, ૧૯૯, ૨૧૩, ૨૪૩, ૩૬૬, ૩૯૫
નંજપ્પા ૨૩૪
નંદા, ગુલઝારીલાલ ૮૦
નાગ, હરદયાળ ૨૧૨
નાથ ૧૭૬
નાનક, ગુરુ ૨૦
નાનકચંદ ૩૦૩
નાનીબહેન ૯૦, ૧૦૧
નાભાના મહારાજા જુઓ ગુરુચરણ
નાયડુ, પદ્મજા ૩૩૭
નાયડુ, સરોજિનીદેવી ૧૯૨, ૨૨૭, ૩૩૭; ૦અને બારડોલી સત્યાગ્રહ ૧૯૦; –ની મિસ મેયોની ટીકાનો પ્રત્યુત્તર આપવા અમેરિકાની મુલાકાત ૨૫૬–૭, ૨૬૩–૪
નિકલજે, રામચંદ્ર સાતવજી ૩૦૬
નિયોગી, એમ. બી. ૩૯
નૂડસન, ઇલિઝાબેથ ૩૩૨
નેહરુ, કમલા ૩૩૧, ૩૫૩
નેહરુ, કમિટી –એ ઘડેલું બંધારણ અને સર્વપક્ષી પરિષદ ૩૧૩–૪
નેહરુ, જવાહરલાલ ૨૨૩, ૨૩૮ ૩૮૨; –ને હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બનાવવાની દરખાસ્ત ૫૮, ૮૪
નેહરુ, મોતીલાલ ૫૮, ૬૩, ૬૪, ૬૫, ૧૭૫, ૧૮૬, ૧૮૭, ૨૧૧, ૨૧૨, ૨૨૩, ૨૩૭, ૩૧૪, ૩૩૧, ૩૩૮, ૩૫૩, ૩૮૨, ૩૯૩; ૦દ્વારા ભારત બંધારણ અંગેનો હેવાલ સુપરત ૧૭૧–૨; –ને હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદની ઑફર ૮૨–૪


Gandhi Heritage Portal

નેહરુ, મોતીલાલ સમિતિ ૦અને સર્વપક્ષી પરિષદ ૨૨૩-૪; ૦અને હિંદુ-મુસ્લિમ એકતા ૧૮૬-૭; ૦અંગે મિશ્ર પ્રત્યાઘાત ૧૮૮-૯; -નો હેવાલ ૨૩૧-૨
નૉર્થ અમેરિકન રિવ્યૂ ૩૦૦ પા. ટી.

પટનાયક, એલ. વી. ૩૫૦
પટનાયક, નિરંજન ૨૨૧, ૨૨૨, ૨૫૮
પટવર્ધન, એસ. પી. ૬૮
પટેલ, ગોકુળભાઈ ૮૮
પટેલ, ગોવર્ધનભાઈ ઈ. ૯, ૩૭
પટેલ, ડાહ્યાભાઈ ૧૦૯, ૩૮૬
પટેલ, વલ્લભભાઈ ૮ પા. ટી., ૪૨, ૫૭, ૫૮, ૬૦, ૬૭, ૭૨, ૭૬-૮, ૮૧-૫, ૯૧, ૯૯, ૧૦૦, ૧૦૪-૫, ૧૦૭, ૧૧૦-૧૨, ૧૧૪, ૧૧૭, ૧૨૪-૭, ૧૨૯-૩૨, ૧૩૮-૯, ૧૪૧ પા. ટી., ૧૪૪-૫, ૧૫૩-૪, ૧૫૬-૬૧, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૩, ૧૭૬-૭, ૧૮૧, ૧૮૫, ૧૯૦, ૧૯૨, ૨૦૧, ૨૧૨, ૨૧૮, ૨૩૭-૮, ૨૪૩, ૨૬૬-૭, ૨૭૫, ૨૭૭, ૨૮૮, ૩૩૧
પટેલ, વિઠ્ઠલભાઈ ૬૫, ૨૨૭, ૩૦૦
પટ્ટણી, પ્રભાશંકર ૫૦, ૧૩૧, ૩૪૧
પટ્ટણી, લેડી ૩૪૧
પડદા પ્રથા ૩૫; -ની બિહારમાં નાબૂદી ૮૭
પરભુસિંગ ૩૨૫
પરમાર, બહેચર ૧૨, ૧૩૩, ૧૬૯
પરશુરામ, જેઠાલાલ ૧૫
પરીક્ષિતલાલ ૩૯૩
પરીખ, નરહરિ ૧૫૫
પશ્ચિમી સંસ્કૃતિ -ની અસર ૧૯, ૨૦, ૨૫૧-૨, ૩૧૭
પંડિત, શ્રીમતી વસુમતીબહેન ૧૪, ૨૯, ૩૪, ૫૯, ૭૯, ૯૦, ૯૭, ૧૨૨, ૧૨૮, ૧૩૨, ૧૩૬, ૧૪૦, ૧૪૩, ૧૯૮, ૧૯૪, ૨૦૦, ૨૧૨
પાઠક, રામનારાયણ ૧૩
પાતંજલ યોગદર્શન ૨૫૨
પાયોનિયર ૭૭
પારનેરકર, યશવંત મહાદેવ ૯૬, ૧૦૮
પારેખ, કાન્તિ ૩૦૫
પાલ, બિપિનચંદ્ર ૩૯૬
પાંડ્ય, બેચન શર્મા ૩૨૫ પા. ટી.
પિટ, ડબ્લ્યુ. એચ. ૩૭૯
પિટ, મિસિસ ૩૭૯
પિટીટ, મીઠુબહેન ૭૨, ૨૦૦, ૨૩૮, ૨૩૯, ૩૮૦, ૩૮૪
પિલ્લાઈ, કૃષ્ણ ૩૭૯
પિલ્સના (આગબોટ) ૨૧૧
પુરુષોત્તમ ૨૫૩
પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, સર ૫૭, ૧૯૩, ૩૦૬, ૩૦૯
પૂજારી ૨૦૯
પૂર્વ આફ્રિકા -માંના હિંદી વસાહતીઓના પ્રશ્નો ૪૮ પા. ટી.
પૂવૈયા, રોહિણીબહેન ૨૦૫
પૂંજાભાઈ ૨૬૪
પેજ, કર્બી ૨૬૦
પૅનિંગ્ટન, જે. બી. ૩૭૮
પૈઠણ ૧૫૦, ૨૧૮
પોદ્દાર, મહાવીરપ્રસાદ ૯૬
પોદ્દાર, રામેશ્વરદાસ ૩૪૪
પોલાક, એચ. એસ. એલ. ૨૩૦, ૨૩૫
પોલાક, મિલી ૨૩૦
પોલાક, લિયોન ૨૩૦
પોલીસદમન ૦નિર્ભયતાથી સહેવું ૨૮૨
પૌર્વાત્ય સંસ્કૃતિ ૦અને ગાંધીજી ૧૯-૨૦
પ્રકાશમ્, ટી. ૩૮, ૭૦, ૧૯૮
પ્રતાપ ૨૦
પ્રધાન, જી. આર. ૧૭૧
પ્રભા ૧૦૨
પ્રભાવતીબહેન ૧૩૪, ૧૬૩
પ્રભુ, આર. ડી. ૨૩૩
પ્રભુદાસ ૧૫૩, ૩૩૫, ૩૫૪
પ્રાણજીવનદાસ મગનલાલ ૬૫
પ્રાણશંકર ૨૩૦-૧
પ્રાણી -ઓની હત્યા ૩૦, ૩૧
પ્રાથમિક શિક્ષણ જુઓ શિક્ષણ
પ્રાદેશિક ભાષાઓ ૦શિક્ષણના માધ્યમ તરીકે ૧૯, ૨૦, ૨૧
પ્રામાણિકતા ૦જાહેર સેવામાં ૭૦
પ્રાયમસ -થી ભય ૧૯૭
પ્રેમાનંદ ૧૫૨

ફરહાદ ૨૫૨
ફિશર, રેવ. એફ. બી. ૧૭ પા. ટી., ૩૭૭
ફૂકન, ટી. આર. ૬૯, ૩૧૪, ૩૫૨
ફૂલચંદભાઈ ૭૮, ૭૯, ૧૫૮, ૨૦૦
ફૂલસિંહ ૩૦૭
ફ્રેઝર, રૉબર્ટ ૧૪૨

Gandhi Heritage Portal

બજાજ, જમનાલાલ ૮ પા. ટી., ૨૭, ૪૧, ૮૬, ૯૫-૬, ૧૨૯, ૧૮૦, ૨૧૪, ૨૪૪, ૨૯૨, ૩૦૨ પા. ટી., ૩૦૬ ૩૧૨, ૩૯૭
બહાદુર, મસુદજંગ ૧૯
બહાદુરજી; ડી. એન. ૩૮૩
બહાદુરી ૧૬૧-૨
બહિષ્કાર ૦અને સત્યાગ્રહ ૧૪૫-૬; ૦અને હિંસા ૯૩; ૦યુવતીઓને પરણનાર વૃદ્ધોનો ૩૨, ૫૧-૨, ૧૪૯-૫૦, ૧૯૫-૬
બહેરામજી, શ્રીમતી પી. ૩૪૯
બહેરાંમૂંગાં ૦માટેનું શિક્ષણ ૨૩૦-૧
બળદો ૦પર અત્યાચાર ૨૦૯, ૨૧૦
બંધારણ ૨૩૧, ૨૩૨, ૨૩૭, ૨૩૮
બાઇબલ ૨૪૧
બાઉર, બાર્બરા ૪૩
बापुज़ लेटर्स टु मीरां ૩૯૨ પા. ટી.
બારડોલી સત્યાગ્રહ ૦અને સ્વરાજના ખુલ્લા દરવાજા જેવી લખનૌ કોંગ્રેસ ૨૩૭; ૦અહિંસામાંની શ્રદ્ધા ફરીથી દૃઢ કરવા અંગે ૨૩૭-૮; ૦અંગે ગવર્નરના પ્રવચનનો સરદારનો પ્રત્યુત્તર ૮૫; -એ કચવાતા મનનું સમાધાન નથી ૧૪૪; -ના સત્યાગ્રહીઓને સરકારને રચનાત્મક કાર્યમાં સહકાર આપવા સલાહ ૧૩૮-૯; ૧૪૫-૬, ૧૫૪-૬૨; -ની જરૂર ૧૨૬-૭; -નું સમાધાન ૧૩૮-૯; -નું સમાધાન એ શાંતિનો વિજય ૧૯૦; -ને માટે વિદેશોમાં પ્રચાર અને તે માટે દક્ષિણ આફ્રિકામાંથી ફંડ લેવા ઇન્કાર ૧૦૬, ૧૭૩-૪; -ને માટેનું ફંડ રચનાત્મક કાર્યમાં વાપરવું જોઈએ ૧૭૩; --ને વિદ્યાર્થીઓનો સહકાર ૩૧-૨, ૪૨; -નો પ્રશ્ન સવિનય કાનૂનભંગ નથી પણ મહેસૂલ અંગે ન્યાયી પુનર્વિચારણાનો કે ન્યાયયુક્ત બનાવવાનો છે ૮૫; -નો વિજય ઈશ્વરને લીધે ૧૪૪-૫, ૧૬૦; ૦પ્રત્યે સરકારી દમનનીતિ ૫૫-૬, ૭૬-૭, ૯૧-૨, ૧૦૦; ૦માટે શરતો ૭૧-૨, ૯૨; ૦મારફતે સહાનુભૂતિયુક્ત સહકાર બિનજરૂરી ૧૦૪-૫; -માંથી બોધપાઠ ૧૬૧-૨, ૬૭૦-૧; -માં સત્ય અને અહિંસાનો વિજય ૧૭૬-૭, ૧૮૧, ૧૯૨
बारडोली सत्याग्रहनो इतिहास ૭૧ પા. ટી.
બારદોલાઈ, એન. સી. ૨૦૧
બારોટ, મૂળજીભાઈ ૩૨
બાલાજીરાવ, સી. ૩૧૧
બાવાઝીર, ઇમામસાહેબ અબ્દુલ કાદર ૫૭
બાળકો -ને ગીતા અને અન્ય ગ્રંથોનું શિક્ષણ ૨૩૫-૭
બાળલગ્ન ૦અટકાવવા માટે બહિષ્કાર ૫
બાળવિધવા -નાં લગ્ન ૩૨-૩
બિયરમ ૨૫૮
બિયરમ, દંપતી ૨૦૭
બિરલા, ઘનશ્યામદાસ ૧૩, ૬૦, ૭૧, ૨૦૪, ૩૬૪
બિરલા, બી. એન. ૧૯૩
બિરલા, રામેશ્વર ૩૦૬
બિરલાબંધુઓ ૨૩
બિહારી, બિપિન ૩૪૪
બુશર, હ્યુગો ૨૪૩
બૅનરજી, ડૉ. એસ. જી. ૨૫૯
બૅનરજી, ડૉ. સુરેશચંદ્ર ૧૬૫, ૨૯૧
બેસંટ, ડૉ. ઍની ૨૨૩, ૨૩૭, ૩૦૧-૨, ૩૦૪, ૩૧૩-૪
બૅંકર, શંકરલાલ ૩૭ પા. ટી., ૬૨, ૭૦, ૧૯૮, ૨૨૧, ૩૯૭
બોઝ, સર જગદીશચંદ્ર ૩૨૭, ૩૬૧
બોઝ, સુભાષચંદ્ર ૬૨, ૮૨ પા. ટી., ૮૪ પા. ટી., ૧૬૫-૬, ૧૭૧
બોથા, જનરલ ૧૫૭
बॉम्बे क्रॉनिकल ૨૦૫
બૉલ્શેવિઝમ ૩૫૮-૯
બ્રજકિશોરપ્રસાદ ૮૭
બ્રહ્મચર્ય ૪૫, ૨૪૪-૫; ૦અને લગ્ન ૨૮૮-૯૦, ૨૯૭-૮; ૦પરિણિત લોકો માટે ૫૧, ૩૩૮
બ્રહ્મચારી, શ્રદ્ધા ચૈતન્ય ૨૩૨
બ્રહ્મા ૨૫૨
બ્રહ્મોસમાજ ૦અને હિંદુ ધર્મ ૧૮૩-૪
બ્રાહ્મણ ૨૦૪
બ્રિટિશ અમલ -નું અનિષ્ટ ૨૧
'બ્રેડ લેબર' ૨૫૦-૨
ભગત, અખો ૩, ૧૮૬, ૨૫૦
ભગવદ્ગીતા ૨૩, ૨૫, ૫૮, ૫૯, ૬૦, ૧૩૧, ૧૬૮, ૨૧૨ પા. ટી., ૨૩૫-૬, ૨૫૦, ૨૫૨, ૨૭૯, ૨૮૦, ૨૮૩, ૩૧૨, ૩૫૬, ૩૭૧; ૦અને અન્ય ધર્મગ્રંથોનું બાળકોને શિક્ષણ ૨૩૫-૭; -નો ગાંધીજી પર પ્રભાવ ૨૨૯
भजनावलि ૩૧૨
ભટ્ટ, ગોકુળભાઈ ૩૦૬
भागवत ૧૫૨, ૨૪૧
ભારત -ની ગરીબીનું મૂળ કારણ વિદેશી શોષણ ૨૨૫; ૦માટે ભાષાવાર રાજ્યો ૨૩૩
ભારતી, સુબ્રહ્મણ્ય ૩૮૦

Gandhi Heritage Portal

ભારતીય વહાણવટું ૦પરદેશી ઇજારાશાહીથી રક્ષવું અને વિકસવું જરૂરી ૧૦૬–૭
ભારતીય સનદી નોકરી ૦અને બારડોલી સત્યાગ્રહ ૧૭૦
ભાવે, બાલકૃષ્ણ ૨૪૪
ભાવે, વિનોબા ૯૬
ભિડે, કે. આર. ૩૬
ભૂપેન ૨૩
ભેસાનિયા બહેનો ૪૨
ભોગીલાલ ૨૮૧
ભોંસલે ૩૦૬

મગનકાકા જુઓ ગાંધી, મગનલાલ
મજમુદાર, પ્રતાપચંદ્ર ૧૮૩
મજૂરી ૮૦; ૦અને મૂડી ૫૯
મજૂરો -છેતરવા ૩૫૭
મથુરાદાસ ત્રિકમજી ૨૩, ૨૨૦
મથુરાપ્રસાદ ૧૨૦
મથુરાવાળા, ગોપાલલાલ ૨૬૩
મદ્યનિષેધ ૧૫૮
મદ્યપાન ૦અને સુરત જિલ્લામાં મદ્યનિષેધનું કાર્ય ૨૩૮–૯
મધર ઇન્ડિયા ૪૬, ૨૫૭ પા. ટી., ૩૭૭ પા. ટી.
મલકાની, નારાયણ ૧૫, ૩૩, ૩૧૨
મશરૂવાળા, કિશોરલાલ ૧૬૪, ૧૬૯, ૧૭૬, ૧૮૦, ૨૮૬, ૩૦૬, ૩૬૬
મશરૂવાળા, નાનાભાઈ ઇચ્છારામ ૧૬૩–૪, ૧૭૬, ૨૮૬, ૩૬૫–૬
મશરૂવાળા, નીલકંઠ ૧૬૪, ૧૭૬
મશરૂવાળા, બાલુભાઈ ઇચ્છારામ ૧૭૬, ૧૮૦, ૧૯૯
મહમદખાન ૨૬૧
મહાભારત ૧૨૨
મહાવીર ૧૫૦
મહેતા, કલ્યાણજી ૭૧ પા. ટી., ૭૨, ૩૦૪, ૩૦૫, ૩૮૩
મહેતા, સર ચૂનીલાલ ૮ પા. ટી.
મહેતા, જમશેદજી ૩૦૭, ૩૦૮, ૩૧૦, ૩૧૧
મહેતા, દીવાન એ. ૨૧૧
મહેતા, નરસિંહ ૧૫૨
મહેતા, શારદાબહેન ૭૧ પા. ટી.
મહેતા, ડૉ. સુમંત ૧૨૪
મહેફિલો (વરા) છોડવી જરૂરી ૯૩, ૨૮૫
મહેર, તુલસી ૧૬૯
મંગલસિંગ, સરદાર ૧૭૧
મંગળદાસ, શેઠ ૧૭૬, ૨૩૦ ૨૬૨
મંજુલા ૧૦૮
મંદિરપ્રવેશ ૦અને અસ્પૃશ્યો ૮૬
માધવન્, ટી. કે. ૧૨૧
માનવશ્રમ -નું ગૌરવ ૧૦૩–૪
માય એક્સપેરિમેન્ટ્સ વિથ ટ્રૂથ જુઓ સત્યના પ્રયોગો
માય રિલીજિયન ૪૬
માલવિયા, મદનમોહન ૧૦, ૧૮૦, ૨૨૩, ૨૩૭
માંસ ૦દવા તરીકે પણ ન લેવું જોઈએ ૬૧
મિલકાપડ -થી ભય ૧૧૪
મિશ્ર, ચિરંજીવલાલ ૧૧૫
મીરાંબહેન ૧૦૨, ૧૦૭, ૧૨૭, ૧૩૦, ૧૩૨, ૧૩૫–૭, ૧૪૧, ૨૭૫, ૨૯૨, ૩૦૫, ૩૨૦, ૩૨૧, ૩૩૫–૬, ૩૪૩, ૩૫૪, ૩૬૭, ૩૮૧, ૩૯૨–૪
મુકરજી, ધનગોપાળ ૨૨૯
મુથુ, ડૉ. સી. ૩૪૬
મુનશી ૯૯
મુલ્કરાજ ૧૦
મૂડી ૦અને મજૂરી ૫૪
મૃત્યુ ૧૯૯, ૩૧૮, ૩૭૦–૧
મૃદુલા ૩૬૮
મૅકક્લિલૅન્ડ, ડી. એફ. ૧૧૩
મૅકમિલન કંપની ૧૬૬ પા. ટી., ૨૨૬–૭
મૅડક, (કર્નલ) ૧૫૯
મૅનન ૩૩૮
મૅનન, એસ્થર ૩૩૮
મૅમસાહેબ ૩૬૧
મૅયો, કૅથરિન ૧૫૯, ૨૫૬, ૨૬૪, ૩૨૪ પા. ટી., ૩૭૭ પા. ટી.
મોક્ષ ૨૪૦, ૨૪૯
મૉડ, એલ્મર ૨૪૭
મોરારજી, શાંતિકુમાર ૩૯૨
મૉરિસ એચ. એન. ૪૬

યજ્ઞ ૨૫૦–૨
યજ્ઞેશ્વરપ્રસાદ ૩૫૨
યંગ ઇન્ડિયા ૧૧, ૧૯, ૨૨–૩, ૨૫, ૩૬, ૩૯, ૪૧ પા. ટી., ૪૬, ૬૩, ૭૨ પા. ટી., ૮૩, ૮૮, ૯૫, ૧૧૬, ૧૧૮ પા. ટી., ૧૪૦, ૧૬૫, ૧૭૨, ૧૮૬–૮, ૧૯૨, ૨૦૦, ૨૦૨, ૨૦૯, ૨૧૧, ૨૨૪ પા. ટી., ૨૨૭, ૨૨૯ પા. ટી., ૨૩૨, ૨૪૬–૭, ૨૫૯–૬૦, ૨૬૮, ૨૭૯, ૨૯૧, ૩૦૩, ૩૨૫, ૩૨૭, ૩૩૧, ૩૩૬–૮, ૩૪૨, ૩૫૫, ૩૭૮, ૩૭૯, ૩૮
યંત્રો ૧૫૧

13718

Gandhi Heritage Portal

યાજ્ઞિક, ઇન્દુલાલ ૩૯૧
યાત્રા ૦અમરનાથની અને સ્વરાજ બંને સરખાં ૨૬૫–૬
યુક્લિડ ૧૧૪
યુદ્ધ ૦પ્રત્યેનું વલણ ૨૫૪–૬
યુધિષ્ઠિર ૧૨૯
યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા –ના માલનો બહિષ્કાર અસ્વીકૃત ૧૪૨ પા. ટી.
યેસુથાસન જે. ૩૯૬

રજાઓ –નો વિદ્યાર્થીઓએ કેવો ઉપયોગ કરવો ૩૭૩–૪
રમાબહેન ૩૪૨
રસ્કિન ૦અને ગાંધીજી ૨૪૭
રાજકિશોરી ૧૦૨, ૧૨૩, ૩૩૫
રાજકુમાર ૦વેલ્સનો ૧૫૮
રાજગોપાલાચારી, ચક્રવર્તી ૯૮, ૧૦૪, ૧૨૧, ૧૯૮, ૨૪૩, ૨૫૮, ૩૬૫, ૩૭૨ પા. ટી., ૩૮૪
રાજગોપાલાચારી, ડી. સી. ૧૧૮
રાજચંદ્ર ૦અને ગાંધીજી ૨૪૭
રાજેન્દ્રપ્રસાદ ૭૫, ૮૭, ૧૭૮, ૨૭૮, ૩૯૨; –ની યુરોપયાત્રા વિદેશ જતા હિંદુઓ માટે ચેતવણીરૂપ ૨૦૫–૭
રાનડે, જસ્ટિસ ૨૪૮
રામ ૧૪૪–૫, ૧૫૩, ૧૫૮, ૩૪૨; ૦બધાના હૃદયમાં ઈશ્વરની પ્રતિમારૂપે ૨૪૯
રામચંદ્રન્ જી. ૧૧૭
રામદેવજી ૩૫, ૧૩૬, ૧૬૮
રામવિનોદ ૨૫૭, ૨૭૫, ૨૭૮
રામાયણ ૧૦૨, ૧૨૨, ૧૬૮, ૨૩૬, ૨૪૫ પા. ટી.
રાય, ડૉ. પી. સી. ૬૮, ૧૮૩, ૨૫૮, ૩૦૩, ૩૨૩
રાવ, જસ્ટિસ વેંકટસુબ્બા ૧૯૮
રાવ, પી. રામચંદ્ર ૨૫
રાવણ ૨૩૬, ૨૪૯, ૩૬૨
રાષ્ટ્રીય છાત્રાલયો –માં પંક્તિભેદ ૨૩૯–૪૦
રાષ્ટ્રીય વિદ્યાલયો ૨૮૪–૫, ૩૯૧; ૦અને હિંદુમુસ્લિમ એકતા ૨–૩
રાષ્ટ્રીય શિક્ષણ ૦પરના પ્રશ્નોના જવાબ ૧, ૨, ૩
રાષ્ટ્રીય સ્ત્રી સભા –ની સેવા ૨૫૭
રૂખીબહેન ૧૦૨
રેડ્ડી, કૂર્મા વી. ૩૨૫ પા. ટી.
રેશમ ૦અને તેનો અહિંસાની ભાવના વિરોધી ઉપયોગ ૫૩, ૭૫ પા. ટી.
રેંટિયા –નો ઇતિહાસ ૨૭૦–૨; –નો ખેતીપંચના અહેવાલમાં ઇરાદાપૂર્વક ઉલ્લેખ નહીં ૧૬૨
રૉઝેનથીન, એડા ૪૫
રૉબર્ટ્સ ૧૭૦
રોમાં, રોલાં ૨૦૭
રૉય ૩૮૦
રૉય, ડૉ. બી. સી. ૧૧૨, ૧૪૨
રૉય, રાજારામમોહન ૧૯, ૧૮૨–૪

લક્ષ્મી, એન. ૨૮૦
લક્ષ્મીદાસભાઈ ૧૫૮
લક્ષ્મીનારાયણ –નું મંદિર હરિજનો માટે ખુલ્લું મુકાયું ૮૫–૬
લખનૌ પરિષદ ૦અને બારડોલીની જીતથી સ્વરાજનો દરવાજો ખૂલ્યો ૨૩૭–૮
લગ્ન ૦અને બ્રહ્મચર્ય ૨૮૮–૯૦, ૨૯૭–૮; ૦આંતરજ્ઞાતીય આવકારદાયક ૧૫૦; ૦બાળવિધવાનું ૩૨–૩; ૦વૃદ્ધ બાળલગ્નોનો બહિષ્કાર જરૂરી ૩૨, ૫૧–૨, ૯૩–૪, ૧૫૦, ૧૯૫–૬
લજપતરાય ૭, ૩૪, ૧૪૦
લશ્કરશાહી ૩૦૧
લાલાજી જુઓ લજપતરાય
લેનિન ૩૫૯
લોકસ્વરાજ –થી ડરવું નહીં ૨૬૬
લ્યુથર ૩૯૧

વકીલ, પ્રો. સી. એન. ૪૧, ૨૨૪, પા. ટી., ૩૭૮
વઝે, એસ. જી. ૪૯, ૫૫
વરદાચારી ૨૦૨
વરાડ –માં હાથકાંતણ ૨૧૦
વર્મા, પી. એમ. એલ. ૩૬
વર્લ્ડ યુનિટી ૩૭૮
વસવાટ ૦એરિયનોનો ૧૧૩
વાઇલ્ડ, રોલૅંડ જે. ૩૨૦
વાઇસરૉય, જુઓ અર્વિન
વાડિયા, પી. એ. ૨૩૩
વાનર –નો ઉપદ્રવ અને અહિંસા ૩૦–૧
વામનરાવ ૨૯૯
વામનરાવ, મુકાદમ ૨૭૩
વાસવાણી, ટી. એલ. ૩૪૪
વિજયરાઘવાચારી, સર. ટી. ૧૮૯
વિદેશી શોષણ ૦ગરીબાઈનું પ્રથમ કારણ ૨૨૫
વિદ્યાપીઠ –માં જાતિભેદનો અભાવ ૨૩૯–૪૦
વિદ્યાબહેન ૧૮૨
વિદ્યાર્થીઓ ૦અને રાષ્ટ્રીય સેવા ૩૧–૨; ૦અને શારીરિક શિક્ષા ૩૫૮–૯; –એ ભય છોડી સ્વાતંત્ર્યની

Gandhi Heritage Portal

લડતમાં ઝંપલાવવું ૪૩; –એ મહેનતનું ગૌરવ સમજવું જોઈએ ૧૦૩–૪; –નું શિક્ષણ સ્વાવલંબી હોવું જરૂરી ૨૮૪–૫; –નો બારડોલી સત્યાગ્રહને ટેકો ૩૧; ૦સ્વાતંત્ર્ય માટે ૩
વિદ્યાવતીદેવી ૫૯, ૧૦૪, ૧૩૪, ૧૩૬, ૧૪૯, ૧૬૩, ૨૦૦, ૨૧૨
વિન્ટરટન ૯૧
વિમળા ૩૨૧
વિલિયમ્સ, મિસિસ ૩૭૭
વિલ્સન ૩૨૦
વિષ્ણુ ૨૫૨
વિશ્વનાથસિંગ ૧૧૫
'વેજિટેબલ ઘી' ૩૧૦
વેદો –નો યુરોપમાં અભ્યાસ ૩૫૫–૬
વેપારીઓ –ને દેશસેવા કરવા કહેવું જોઈએ ૩૭૪–૫
વેર્સ, મિ. ૧૬ પા. ટી.
વેલર, ચાર્લ્સ ફ્રેડરિક ૧૪૨
વેંકટપૈય્યા, કે. ૬૨
વૈદ્ય, ગંગાબહેન ૧૦૯, ૧૩૬
वॉट इज़ आर्ट २५१
વ્યાઘ્રચર્મ –નો અહિંસાની ભાવના વિરુદ્ધ ઉપયોગ ૫૩, ૭૫, પા. ટી.
વ્યાસ ૨૩૬
વ્યાસ, રવિશંકર ૨૯૯

શકૂર, હાફીજ મહમદ અબ્દુલ ૩૫
શરીરબળ ૩૫૧
શરીરશ્રમ જુઓ રોટીશ્રમ
શર્મા, પ્રમથનાથ તર્કભૂષણ ૧૮૦
શંકર ૨૫૨
શંકરન્ ૩૮, ૭૨
શામળદાસ, સર લલ્લુભાઈ ૧૬૨
શામશાસ્ત્રી, ડૉ. ૩૧૧
શારદા ૧૩૮
શાર્દૂલસિંહ ૧૦૪
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૬૫, ૧૫૨, ૨૧૩, ૨૭૪, ૨૭૬, ૩૨૫, ૩૩૭, ૩૪૮, ૩૪૯, ૩૬૮, ૩૯૪ પા. ટી.
શાસ્ત્રી, શિવનાથ ૧૮૩
શાહ, ચીમનલાલ નરસિંહદાસ ૯૬
શાહ, દલસુખભાઈ ૩૫૯
શાહ, પુરુષોત્તમદાસ ૨૭૩, ૩૧૫, ૩૫૯
શાહ, શિવલાલ મૂળચંદ ૯૬
શિક્ષકો ૦સમક્ષ ધ્યેય ૩
શિક્ષણ ૪૦, ૨૬૪–૫, ૦અને આત્મવિકાસ ૫; ૦અને ધર્મ ૨૪૧–૨; ૦ગામડાંની આબાદી માટે ૨; –ની પદ્ધતિમાં ચિત્રકલા ૨; –ની રાષ્ટ્રીય સંસ્થાઓ મારફતે ગામડાં માટે યોજના ૨૧૯–૨૦; ૦પ્રાદેશિક ભાષાઓ દ્વારા ૨૦-૨૧; ૦બહેરાં-મૂંગાં માટે ૨૩૦–૧; ૦બાળકો માટે ૨૩૫–૭; –માં સ્વાવલંબન ૧૦૩–૪; ૦ વ્યાવસાયિક તાલીમના ભાગરૂપે ૨૮૪; ૦સરકારી અને રાષ્ટ્રીય ૩; ૦સંગીત વિના અધૂરું ૨
શિરીન ૨૫૨
શિવજી ૨૧૩
શિવાજી ૨૦, ૩૯
શીખો ૦અને જલિયાંવાલા બાગ સ્મારક ફંડ સમિતિ ૧૦
શ્યામનારાયણ ૨૮૭
શ્રાદ્ધ ૨૪૬
શ્રીનિવાસન્, એમ. પી. ૨૫
શ્રીપ્રકાશ ૧૬, ૩૦૨
શ્રીવાસ્તવ, રૂપનારાયણ ૩૩૩
શ્લેશીન, સોન્જા ૬૦

સકલાતવાલા ૧૭૮
સતીશબાબુ જુઓ ગુપ્તા, સતીશચંદ્ર
સત્ય ૫૬, ૧૭૭, ૨૪૯, ૨૫૫–૬, ૨૯૩, ૩૧૭, ૩૬૪
સત્યદેવી ૧૦૭
सत्यना प्रयोगो २७
સત્યનારાયણ ૨૮૭ પા. ટી.
સત્યાગ્રહ ૫૫-૬, ૧૫૩; ૦અને બહિષ્કાર ૧૪૫–૬; ૦અને સ્વરાજ ૧૭૭; ૦એ ઈશ્વરની પ્રેરણા ૧૦૫; જુઓ બારડોલી સત્યાગ્રહ
સત્યાગ્રહ આશ્રમ –ની વ્યક્તિઓ પર અનધિકાર પ્રવેશના આરોપનો જવાબ ૭૪–૫, ૮૮; –માં જીવન ૨૫.
सत्याग्रह इन साउथ आफ्रिका –ની સૂચિ ૩૩૫
સત્યાગ્રહી ૫૬, ૭૭, ૧૨૬–૭, ૧૪૪–૫, ૧૫૩, ૧૭૪–૫
સન્ડરલૅન્ડ, ડૉ. ૨૮૦
સન્મુખલાલ ૨૯૯
સપ્રુ, સર તેજબહાદુર ૧૭૧, ૧૮૬, ૨૨૩
સભ્યતા ૦અને ધર્મ ૨૪૨; ૦પશ્ચિમ અને પૂર્વમાં ૧૯, ૨૦
સમન્દલાલ ૨૬
સરલાદેવી ૨૫૧
सर्चलाईट ८७
सर्वेन्ट ऑफ इन्डिया ४९ પા. ટી.

Gandhi Heritage Portal

સર્વિસ ઑફ મધરહુડ ૪૦
સવિનય પ્રતિકારથી ભિન્નતા ૬૭
સહસ્રબુદ્ધે, એસ. એ. ૩૯
સહિષ્ણુતા ૩૦૧
સંગીત ૦અને ઈશ્વર ૨; ૦શૈક્ષણિક પદ્ધતિમાં ૨
સંતતિનિયમન ૨૯૮, ૩૬૯
સંતાનમ્ ૩૭૨
સંતોક ૧૦૨, ૩૯૩
સંત્રા, આઇઝક ૩૩૪
સાઇમન સર જૉન ૨૭૫
સાધુઓ ૧૫૦; –નો ત્રાસ ૨૧૮–૯
સારાભાઈ, અનસૂયાબાઈ ૪૭
સારાભાઈ, સરલાદેવી અંબાલાલ ૩૩૩
સાહની, શિવદયાલ ૩૪
સિક્કા, મૂળજી ૧૪૦, ૧૪૯
સીતા ૩૨૪ પા. ટી.
સીતા, અયોધ્યાની ૩૫૦, ૩૬૨
સુદામા ૧૫૨
સુધીર ૧૭૯
સુબૈયા ૮૯, ૧૩૭, ૧૫૩, ૨૦૦, ૨૦૨, ૨૨૭, ૨૭૫, ૩૩૬, ૩૯૫
સુબ્બારાવ, જી. વી. ૭૩, ૯૦
સુબ્રહ્મણ્યમ્, એસ. ૩૩૪
સુબ્રહ્મણ્યમ્, કે. એસ. ૨૫૯, ૩૮૨
સુરેન્દ્ર ૯૬, ૧૧૭, ૧૩૫, ૧૮૧
સુંદરમ્, વી. એ. ૩૨૨
સેનગુપ્તા, જે. એમ. ૮૨ પા. ટી.,
સેવન મન્થ્સ વિથ મહાત્મા ગાંધી ૨૪૪ પા. ટી.
સૉરીસ, જેકબ ૩૯૮
સ્ટેટ્સમૅન ૭૭
સ્ટેન્ડેનેથ, ફ્રાન્સિસ્કા ૧૩ પા. ટી., ૩૨૧ પા. ટી.
સ્ટેન્ડેનેથ, ફ્રેડરિક ૧૩ પા. ટી., ૩૨૧ પા. ટી. ૩૮૧
સ્ટ્યૂડન્ટ વર્લ્ડ ૨૭૬
સ્ટૉક્સ, રેવરંડ ૧૬૭
સ્ત્રીઓ ૧૧૮; ૦અને કાંતણ ૩૮૪; –નું શિક્ષણ પ્રગતિ વગેરે ૮૭–૮; –ને તેમની સાડીથી આગનું જોખમ ૧૯૭
સ્પેન્સર ૩૫૮
સ્મટ્સ, જનરલ ૧૫૭
સ્મિથ, એમ. ઈ. ડી. ૪૦
સ્વદેશી ૦અને વિદેશી માલ ૩૯૦
સ્વરાજ ૧૨૪, ૨૦૩, ૨૪૭, ૨૬૬, ૨૭૧, ૩૦૨, ૩૧૫ ૩૮૯; ૦અને અમરનાથની યાત્રા ૨૯૫–૬; ૦અને અસ્પૃશ્યતાનિવારણ ૧૫૮; ૦અને રચનાત્મક કાર્ય ૧૫૭, ૧૫૯, ૧૬૧–૨; ૦અને સત્યાગ્રહ ૧૭૭; ૦ધર્મ મારફતે ૧૧૫; –નો દરવાજો બારડોલીની જીત તથા લખનૌ પરિષદે ખોલ્યો ૨૩૭–૮; ૦માટે વિદેશોમાં પ્રચારનું જોખમ ૨૦૭–૮
સ્વરાજ આશ્રમ –માં એક રહેવાસીનું મરણ ૧૪૧
સ્વાતંત્ર્ય ૦અહિંસા મારફતે ૨૨૩

હબીબુલ્લાહ, સર મહમદ ૨૬૪
હરિપ્રસાદ, ડૉ. જુઓ દેસાઈ ડૉ. હરિપ્રસાદ
હરિભાઈ ૧૦૧
હસન, સૅમ્યુઅલ એમ. ૪૬
હાજી, સારાભાઈ ૧૦૬, ૧૦૭
હાથકાંતણ જુઓ કાંતણ
હાર્કર, એમા ૨૦૧
હિગિનબૉટમ, એમ. ૪૧, ૨૨૪
હિન્દ સ્વરાજ ૨૧૬, ૨૭૧
હિન્દુ ૩૮૩; –ને તેની સુવર્ણજયંતી પ્રસંગે સંદેશ
હિન્દુસ્તાન ટાઇમ્સ ૨૬૩
હિન્દુસ્તાની વિદ્યાર્થી ૧૦૩
હિમાલય ૫૭, ૧૬૯
હિંદી ૦અને ઉર્દૂ વધારાની ભાષા તરીકે ૩, ૧૮૯
હિંદીઓ –નો દક્ષિણ આફ્રિકામાં પુનઃપ્રવેશ ૯૬, ૧૦૬–૭
હિંદી રાષ્ટ્રીય મહાસભા ૦અને કલકત્તા પ્રદર્શન ૬૨–૩; –ના પ્રમુખપદ માટે જવાહરલાલ નેહરુને ઑફર ૮૩, ૮૪; –ના પ્રમુખપદ માટે મોતીલાલ નેહરુને ઑફર ૮૩; ૦મિલનાં વસ્ત્રોના પ્રદર્શનમાં સંમત નહીં ૧૬૫–૬
હિંદુઓ ૦અને ક્રિયાકાંડનું મહત્ત્વ ૧૨૨
હિંદુ ધર્મ ૧૬૨ ૦અને તેની ઉદારતા ૨૪૧; ૦અને બ્રહ્મોસમાજ ૧૮૨–૫
હિંદુમુસ્લિમ એકતા ૩, ૧૫૮, ૧૬૧, ૨૭૩; ૦અને અહિંસા ૩૧૫–૬; ૦અને નેહરુ રિપોર્ટ ૧૮૬–૭; ૦અને બંધારણનું ઘડતર ૨૯૯, ૩૦૦; ૦માટેની જરૂર ૧૫૯
હિંસા ૦અને જીવહત્યા ૨૯૫–૬, ૩૩૩; જુઓ અહિંસા
હૃદયબળ ૧૭૧, ૩૫૧
હૅમિલ્ટન, સર ડૅનિયલ ૧૮૮, ૧૯૩, ૩૭૯
હેલનકેલર ૪૬
હૉપકિન્સ, રૉય ૩૪૬
હૉમ્સ, જૉન હેન્સ ૨૨૬–૭
હૉર્નિમન, બી. જી. ૨૦૩, ૩૫૫
હૉલ, ડબ્લ્યુ. ડબ્લ્યુ. ૩૦૦
હૉલ્બી, હૉરેસ ૩૭૮

13716
Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

અમદાવાદ-૧૩.

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal